# શ્રી સમેતશિખર મહાતીર્થ પ્રતિષ્ઠા-મુહૂર્ત સર્વોત્તમ છે

મુહૂર્ત પર આક્ષેપનો પરિહાસ કરતાં પૂ.ગણિવર શ્રી હંસસાગરજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી નરેન્દ્રસાગરજી મ. જણાવે છે કે ‘શ્રી સમેતશિખરજી તીર્થની અંજનશલાકા અને પ્રતિષ્ઠાનું સંવત ૨૦૧૭ના મહા વદ ૭નું મુહૂર્ત અમોએ કાઢી આપ્યા બાદ શ્રી સમેતશિખરજી જીર્ણોદ્ધાર કમિટીના સભ્યોને સાથે રાખીને સમર્થ વિદ્વાન જૈનાચાર્ય પાસે તેમજ અનેક ગામોના જ્યોતિષિઓ પાસે અમોએ તે મુહૂર્તમાંના સાધક બાધક તરીકેના ગુણદોષોનો અનેક દિવસો પર્યંત સુક્ષ્મપણે વિમર્શ કર્યા પછી જ તે મુહૂર્ત જાહેર થવા પામેલ છે.’

તે દિવસે સાડાદસ વાગ્યા સુધી દિનશુદ્ધિ નથી પરંતુ આખો દિવસ સિદ્ધિયોગ હોવાથી દિનશુદ્ધિ છે તેમજ સૂર્યોદય પછીથી શરૂ થતા પ્રતિષ્ઠાના ટાઈમ સુધીમાં મીન લગ્નમાં કન્યાનવમાંસ અને ધનનવમાંશ એમ બંને નવમાંશમાં નવમાંશ શુદ્ધિ મળતી આવે છે, અને તેમાં પણ કન્યાનવમાંશે તો આઠમા અંશે ષડવર્ગની ‘છ’એ વર્ગની પણ શુદ્ધિ છે.

આ.સિ.વિ. પાંચમાના **‘शनिस्त्रिकोणकेन्द्रस्थ०’** એ ૩૨માં શ્લોકથી થતા ભદ્રભંજનદોષ સંબંધમાં ખુલાસો એ છે કે આ.સિ.વિ. પાંચમાનો **‘लग्नात् क्रूरो न दोषाय निंद्यस्था न स्थितोपि सन् । दृष्टः केन्द्रत्रिकोणस्थैः सौम्य-जीवसितैर्यदि’** એ ૫૮મો શ્લોક અને તેની x x x **‘शनिस्त्रिकोणकेन्द्रस्थ’ इत्यादि** x x x **तेषां तेषां दोषाणामपवादोऽयम्** તે ટીકા ‘લગ્નથી નિંદ્યસ્થાનમાં રહેલા ક્રૂરગ્રહને જો કેન્દ્ર કે ત્રિકોણમાં રહેલાં બુધ-ગુરુ કે શુક્ર પૂર્ણદૃષ્ટિથી જોતા હોય તો તે ક્રૂરગ્રહ દોષકારક નથી.’ એ પ્રમાણે જણાવીને તે ભદ્રભંજનદોષનો સંપૂર્ણ નિષેધ કરે છે, ‘આઠમો ચંદ્રમાં’ હોવાના દોષ સંબંધી ખુલાસો એ છે કે - વિદ્યામાધવીયગ્રંથમાનાં **‘अष्टमराशि विनाशर्क्षभंगमाह-स्वकीयजन्माष्टमराशिपत्यो मैत्र्यां न जन्माष्टमराशिदोषः०’** એ શ્લોકની ટીકામાં **‘अयमेव जनन-लग्नाष्टमराशेरपि भंगः अष्टमचंद्रस्यापि’** એ પ્રમાણે ‘આઠમા ચંદ્રનો દોષ નથી’ એમ સ્પષ્ટ જણાવીને તે ઉપર **‘यत् गुरुःजन्मेशमृत्युराशीशा मिथो मित्रे यदा तदा । जन्माष्टमर्क्षचन्द्रस्य दोषो भगवत्मावृजेत् ॥ तयोरेकाधिपत्येऽपि दोषाभावः’** એમ જણાવીને બૃહસ્પતિની સાક્ષી પણ રજૂ કરેલ છે. આથી ‘આઠમો ચંદ્રમા’ હોવાનો દોષ ગણાવેલ છે તે સ્પષ્ટ ભ્રામક ઠરે છે. કુંડલીના તાત્કાલીક મૈત્રીસંબંધ વડે ગુરુ-શુક્ર બંને મિત્ર છે. એટલે કે લગ્નેશ ગુરુ અને અષ્ટમેશ શુક્ર એ બંને પરસ્પર મિત્ર છે અને એથી આઠમા સ્થાને રહેલ ચંદ્રના દોષનો સ્પષ્ટ તથા પરિહાર થાય જ છે, એટલે તે આઠમો ચંદ્ર, અધિક અનિષ્ટકારક તો નથી જ; પરંતુ અધિક લાભપ્રદ છે.



આ મુહૂર્ત પર આક્ષેપ કરનારની ‘આ અષ્ટમ સ્થાનમાં રહેલા ચંદ્રમા લગ્નમાં રહેલા શુક્રને વેધે છે. જેથી શુક્ર પણ નિર્બળ બની જાય છે.’ એ વાત એકાંગી છે, કેમકે આઠમા સ્થાને રહેલ ચંદ્રને ૧૧ મે સ્થાને રહેલ ગ્રહ, વામવેધથી વેધિત કરીને શુભ બનાવે છે તેથી પણ ચંદ્ર દોષકર્તા નથી.

ઉચ્ચસ્થાનમાં રહેલો, કેન્દ્રમાં રહેલો અને ગુરુભ્રષ્ટ એવા બળવત્તર શુક્રને લેખકે વેધથી હણાયેલ અને ભુવનદીપ ગ્રંથકારના મતે શત્રુગ્રહમાં રહેલા હોવાને કારણે નિર્બળ ગણેલ છે, અને સર્વસંમત એવા શત્રુગૃહમાં રહેલો ગુરુની પૂર્ણ દૃષ્ટિવાળો અને સાધ્ય દોષવાળા મંગળને નિર્બળ ગણવાને બદલે સબળ ગણેલ છે તે આશ્ચર્ય છે.

લેખને અંતે લેખકે-આ.સિ.વિ. ૨શ્લોક ૩૯ની ટીકાના નામે **‘अरिगृहाणि तूञ्चान्यपि’** પાઠ રજૂ કરીને જે શુક્રગૃહના ઘરમાં જે ગ્રહ ઊંચો હોય તે પ્રભાને આપે પણ અંદરથી સુખ દાયક થતો નથી. x x x એ વગેરે વાત કરેલ છે, તે વાત આરંભસિદ્ધિગ્રંથકારના મતની નથી, પરંતુ ગ્રહોના-શત્રુ, મિત્ર અને મધ્યસ્થ એમ ત્રણ પ્રકાર માનનાર મુહૂર્તમાર્તંડ-મુહૂર્ત ચિંતામણિ-બૃહજ્જાતક-વિદ્યા માધવીય આદિગ્રંથકારોને જે મત માન્યા નથી એવા (મધ્યસ્થને પણ શત્રુ માનીને ગ્રહોના એજ પ્રકાર માનનાર) ‘ભુવનદીપક’ ગ્રંથકારના મતની વાત છે.

આ સીધી વાતને દૂર રાખવા વડે લેખક કેવલ ભુવન દીપક ગ્રંથમાંના તે **‘अरिगृहाणि’** પાઠ પકડીને કુંડલીમાંના ઉચ્ચ સ્થાનીય શુક્રને માટે ‘અંદરથી સુખદાયક નથી’ એમ કહી તો શક્યા છે, પરંતુ તે ગ્રંથથી તે વાતમાં પણ તેઓ વાજબી નથી. કારણ કે ભુવનદીપકના હિસાબે લગ્નસ્થાનમાં રહેલો શુક્ર શત્રુના ઘરમાં હોવા છતાં પ્રતિષ્ઠાની પ્રસ્તુત કુંડલીમાનો વર્ગોત્તમી અને સ્વગૃહી થઈને કેન્દ્રમાં રહેલો ગુરુ, ‘નારદસહિતા’ ના **दुस्स्थास्यग्रहकृताः पापखेटसमुद्भवाः । ते दोषा विलयं यान्ति केन्द्रस्थाने बृहस्पतौ ॥१॥ लग्नलग्नांशसंभूतान्, बलवान् केन्द्रगो गुरुः भस्मीकरोति तान् दोषान् इन्धनानिव पावकः ॥२॥** ઈત્યાદિ

વચનોથી તેમણે શુક્રને માટે જણાવેલ દોષ હણાઈને ભસ્મસાત્ થઈ જાય છે. તદ્ઉપરાંત કુંડલીમાં ૧૧મા લાભસ્થાનસ્થિત સૂર્ય તો 'વિદ્યામાધવીય'ના '**ये वारदोषा यदि वास्तदोषा, ये ऋक्षदोषा यदि योगदोषाः । ये लग्न दोषास्त्वथ सर्वदोषान्निहन्ति तांस्तानपि चायगोऽर्कः ॥**' એ વચન મુજબ કુંડલીમાના જાણ્યા અજાણ્યા કોઈપણ દોષોને હણવા સમર્થ છે. અને કુંડલીમાં લાભસ્થાને રહેલો શુક્રનો મિત્ર એવો લાભાધિપતિ શનિ પણ તે શુક્રને પૂર્ણ દૃષ્ટિએ કરીને જોતો હોવાથી લેખકે લેખને અંતે જણાવેલી તે દિવસે મીન લગ્ન પણ અશુભ છે. એ વાત પૂર્વાપરના વિચાર વગરની ઠરીને ઉડી જાય છે.

● **ખાનદેશ :** અત્રે શ્રી રીખવચંદ હાથીચંદ શાસનના સુંદર કાર્ય કરી રહેલ છે. બંગવદ, હીનરા, વાંભોરી વગેરેમાં જીર્ણોદ્ધાર અને નવા મંદિરોની સ્થાપના સંબંધમાં સંઘોને સમજાવવાના, ફંડો કરાવવા આદિમાં ખૂબ મહેનત લઈ રહેલ છે. અમલનેરમાં પર્યુષણમાં એમની મહેનતથી કેશર, સુખડ, ઘી, પાઠશાળા વગેરેના ખર્ચની રૂા. ૩૫૦૦) ની રકમ ઉપજી. હીવરામાં નવા મંદિરમાં પ્રભુ પ્રવેશ વખતે એ તથા ભાઈ નેમિચંદજી કોઠારી અને અહમદનગરવાળા મોતીલાલજી મુથા ગયા હતા. સોનઈના પાઠશાળા બાળકો તથા બીજા ભાઈ-બેનો આવ્યા, પૂજામાં રીખવચંદજીભાઈની વિશિષ્ટ સમજાવટ-શૈલીથી ગામવાળાને પ્રભુપૂજાનો સારો રસ જાગ્યો. વાંબોરીમાં સેંકડો વર્ષ જૂનું મંદિર છે એના જીર્ણોદ્ધાર માટે કોતુલવાળા શા લીલાચંદ પીતાંબરને સમજાવતાં તે નક્કી થઈ ચાલુ થયો. ગભારાની સુધારણા જોતાં દેરાસરને મૂર્તિમાં નવું તેજ દેખાય છે.

● **અમદાવાદ :** અત્રે નાગજી ભુદરની પોળમાં શેઠશ્રી સાંકળચંદ રતનચંદ વકીલે ઉપાશ્રય માટે આપેલ મકાન ઉપરાંત એમના ટ્રસ્ટમાંથી રૂા. ૭૧ હજાર, તથા વોરા પુંજાભાઈના પત્ની ભૂરીબેને રૂા. ૪૪ હજાર, તથા શેઠશ્રી માણેકલાલ વોરાએ રૂા. ૨૨ હજાર, તથા શ્રી હિંમતલાલ વોરાએ રૂા. ૫ હજાર આપતાં પાયામાંથી ભવ્ય નવો ઉપાશ્રય તૈયાર થયો, તેની ઉદ્ઘાટન વિધિ શેઠશ્રી કસ્તુરભાઈના હસ્તે થતાં શેઠશ્રીએ ઉદ્બોધન કરતાં કહ્યું કે 'ધર્મથી વંચિત બનતા આજના યુવાન વર્ગને ધર્મ તરફ પાછો વાળવો જોઈએ. ધર્મથી ઉભગી જવાના કારણો શોધી કાઢી તેનું નિવારણ કરવું જોઈએ. માનવ જિંદગીમાં ધર્મ એ અમૂલ્ય વસ્તુ છે.' વગેરે ઉપાશ્રય સર્વ સમુદાય માટે ખુલ્લો જાહેર કરાયો. આ અંગે અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો.



## ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૯,અંક-૧૮,તા.૧૪-૧-૧૯૬૧

● **સિરોહી :** પૂ. ગુરુદેવ શ્રી આચાર્ય મહારાજ વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ** શિવગંજથી વિહાર કરતાં અત્રે પધાર્યા. વચમાં પોસાલિયા તથા પાલડીના સંઘમાં મતભેદ દૂર કરાવી ધજાદંડ અને પ્રતિષ્ઠાનું નક્કી કરાવ્યું. અત્રે શ્રી સંઘ તરફથી સારું સામૈયું થયું. શેઠ વનેચંદજી જગરૂપજીની આગ્રહભરી વિનંતીને માન આપી બીજે દિવસે વાજતે ગાજતે સંઘ સાથે એમના બંગલે પૂ. આચાર્યદેવ વિશાલ પરિવાર સાથે પધાર્યા. 'ધર્મ એ ઉત્કૃષ્ટ મંગળ છે' એ વિષય પર પૂ. પંન્યાસજી મહારાજનું હિંદીમાં રોચક વ્યાખ્યાન થયું. જૈન જૈનેતરોને છૂટે હાથે વનેચંદજી તરફથી પ્રભાવના થઈ. બપોરે શ્રી પંચકલ્યાણકની પૂજા ભણાવાઈ. સંગીત મંડળીએ ભક્તિરંગ સારો જમાવ્યો. શેઠશ્રીની વધતી ભાવનાથી પૂ. ગુરુદેવો બંગલે સંથારો કરેલ છે. પોતાની જન્મભૂમિ મંડારિયામાં પોતાના તરફથી પૂજ્યશ્રી નિશ્રામાં અઠ્ઠાઈ ઉત્સવ શાંતિસ્નાત્ર કરવાની ભાવના છે. પૂ. આચાર્યદેવ આદિ સીલદર તરફ વિહાર કરી ગયા છે. મહા સુ. ૨ ત્યાં પ્રવેશની વકી છે.

## ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૯,અંક-૧૯,તા.૨૧-૧-૧૯૬૧

● **મુંબઈ :** જૈન ધાર્મિક શિક્ષણ સંસ્થા દ્વારા તા. ૨૫-૧૨-૬૦ વાલકેશ્વર જૈન ઉપાશ્રયમાં પૂ.આ.શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મ.,પૂ. મુનિશ્રી ભુવનવિજયજી મ. (ડહેલાવાળા) પૂ. મુનિશ્રી યશોવિજયજી મ. આદિ મુનિવરોની શુભ નિશ્રામાં શ્રી વાલકેશ્વર સંઘ તરફથી ''ધાર્મિક શિક્ષણ સન્માન સમારંભ, અપૂર્વ ઉત્સાહ અને આનંદભર્યા વાતાવરણમાં ઉજવાયો.

પૂ. મુનિ મહારાજો, પૂ. સાધ્વીજી મહારાજો, ઉપધાનતપની આરાધના કરનાર તપસ્વી ભાઈ-બહેનો, મુંબઈ શહેર અને પરાઓની દરેક પાઠશાળાઓના કાર્યકરો, શિક્ષક-શિક્ષિકાઓ અને વિદ્યાર્થીઓ શિક્ષણસંઘના કાર્યકરો, સહાયક દાતાઓ અને પરીક્ષક મહાશયો, મુંબઈની જુદી જુદી સંસ્થાઓના કાર્યકરો અને શ્રી સંઘના અગ્રગણ્ય પ્રતિષ્ઠિત આગેવાનોએ તેમજ શિક્ષણપ્રેમી અન્ય ભાઈબહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

શ્રી કેશવલાલ મોહનલાલ શાહ અને તેમના સાથીઓએ વિવિધ વાજીંત્રો સાથે 'શ્રી નવકાર મહામંત્ર' નું ભવ્ય સંગીત રજૂ કર્યું હતું.

પ્રમુખ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ શાહનું લેખિત ભાષણ થયું. ઉપપ્રમુખ શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ, શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા. શ્રી મણિલાલ મોહનલાલ ઝવેરીએ પ્રેરણાત્મક પ્રવચનો કર્યા. સંસ્થાના ટ્રેઝરર શ્રી કેશવલાલ નગીનદાસ શાહે ''દિવાળી બોણીની યોજના'' નો ખ્યાલ આપ્યો હતો.

ત્યારબાદ શ્રી પોપટલાલભાઈ પાનાચંદ કોઠારીના શુભ હસ્તે દિવાળીબોણી એકઠી કરેલ ૨૮ પાઠશાળાઓને (તેઓએ ભેગી કરેલી રૂા. ૮૯૦૭-૭૫ ની રકમમાં સંસ્થા તરફથી ૧૫ ટકા મુજબ રૂા. ૧૩૨૦-૨૫ વધુ ઉમેરીને) કુલ રૂા. ૧૦૨૨૮) ચેક દ્વારા અર્પણ કરવામાં આવ્યા હતા. (આ રકમમાંથી ૫૦ ટકા પ્રમાણે રૂા. ૫૧૧૪) તે તે પાઠશાળાઓના શિક્ષક-શિક્ષિકાઓને આપવામાં આવેલ છે, અને ૨૫ ટકા રકમ પાઠશાળાના વિદ્યાર્થીઓને ઈનામ અને પ્રભાવના આપવા માટે તેમજ ૨૫ ટકા રકમ પાઠશાળાના માટે જરૂરી સાધનો વસાવવા માટે ઉપયોગ કરવામાં આવશે.) મૌખિક પરીક્ષા લેવા બદલ મહેસાણા શ્રી જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક મહાશયો શ્રી વાડીલાલ મગનલાલ શેઠ અને શ્રી ખીમચંદ મફતલાલ શાહ તથા લેખિત પરીક્ષાના પરીક્ષક મહાશયોનું પુસ્તકો ભેટ આપવા પૂર્વક બહુમાન કરવામાં આવ્યું હતું, તથા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળને રૂા. ૧૦૧) આપવામાં આવ્યા હતા, તેમજ સંસ્થાના કાર્યકર શ્રી ચીમનલાલ શાહ પાલીતાણાકરને રૂા. ૧૦૧) તથા બીજાઓને ભેટ અપાઈ.

ત્યારબાદ શ્રી પોપટલાલભાઈ પાનાચંદ કોઠારી અને પરીક્ષક શ્રી વાડીલાલ મગનલાલ શેઠે સુંદર પ્રવચનો કર્યા હતા. છેવટે પૂ. આચાર્યશ્રી, તથા પૂ. મુનિશ્રી યશોવિજયજી મ. શ્રીએ ''ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક શિક્ષક પ્રત્યે આપણી મનોવૃત્તિ કેવી હોવી જોઈએ'' એ વિષય પર અસરકારક પ્રવચનો કરી વિદ્વાન પંડિતો તૈયાર કરવા મુંબઈમાં એક મહાન વિદ્યાપીઠ ઉભી કરવા માટેના સૂચનો કર્યા હતા.

શ્રી પોપટલાલભાઈ પાનાચંદ કોઠારીએ રૂા. ૫૦૧) આપી સંસ્થાના પેટ્રન સભ્ય થયા હતા, તેમજ શ્રી મનુભાઈ હેમચંદ સંઘવી છે કે તેઓમાંના જેઓ સંઘો, સ્પેશ્યલો વગેરેથી સમુહરૂપમાં આવવાના હોય તેવી તરફથી પાઠશાળામાં નિયમિત હાજરી આપી, અભ્યાસ કરી શિક્ષણસંઘ દ્વારા લેવાયેલી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર મેટ્રીક અને કોલેજમાં ભણતાં અને ભણી ગયેલ વિદ્યાર્થીઓને વધુ પ્રોત્સાહન અર્થે ખાસ ઈનામ આપવા માટે રૂા. ૧૦૧) અને શ્રી હરશીભાઈ મેઘજી દેઢીયા તરફથી શિક્ષણપત્રિકા સહાયક ફંડમાં રૂા. ૫૧) આ પ્રસંગે સંસ્થાને મળ્યા હતા. આ પ્રસંગે વાલકેશ્વર જૈન સંઘ તરફથી ભોજનસમારંભ રાખવામાં આવ્યો હતો.



**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૯,અંક-૨૦,તા.૨૮-૧-૧૯૬૧**

• **કલકત્તા :** શ્રી સમેતશિખરજી તીર્થ જીર્ણોદ્ધાર સમિતિ લખી જણાવે છે કે તીર્થપ્રતિષ્ઠા મહાવદ ૭ નું મુહૂર્ત જન્મભૂમિ પ્રત્યક્ષ પંચાગના આધારે હોવાથી એ દિવસે સાતમ ૧૦ ઘડી ૭ પલ સુધી અને સ્વાતિનક્ષત્ર ૧૦ ઘડી ૫૫ પલ સુધી છે. મુહૂર્ત સમય એની અંદર જ છે. માટે કોઈએ ભ્રમમાં ન પડતાં પ્રતિષ્ઠામહોત્સવમાં અધિકાધિક સંખ્યામાં યોગદાન કરવું.

• **પોસાલિયા :** અત્રે મહા સુદ ૧૪ ધ્વજાદંડ ચઢાવવાના હોવાથી પૂ. આ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ સંઘના અતિઆગ્રહથી પધાર્યા છે.

• **છોટાઉદેપુર :** પૂ. આચાર્યશ્રી વિજયજંબૂસુરીશ્વરજી મ. આદિ ઠા. ૯ ની પુણ્ય નિશ્રામાં અત્રે માસ્તર શાન્તિલાલ ગુલાબચંદ તથા રસિકલાલ મોહનલાલ તરફથી મહા સુ. ૫ શુભ મુહૂર્તે શ્રી લક્ષ્મણજી તીર્થયાત્રાનો સંઘ નીકળ્યો છે.

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૯,અંક-૨૧,તા.૪-૨-૧૯૬૧**

## દિલ્હીમાં થયેલી પ્રશંસનીય કાર્યવાહી

અખિલ ભારતવર્ષીય ધાર્મિક ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિની રાહબરી નીચે ભારતવર્ષના તમામ જૈન સંઘોએ ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ-૧૯૬૦ સામે પોતાનો મક્કમ વિરોધ જાહેર કર્યો હતો અને 'આ બીલની હાલ જરૂર નથી, તેમ છતાં લાવવું હોય તો તે જૈનોને લાગુ ન પડવું જોઈએ' એ મતલબના સેંકડો તારો, ઠરાવો તથા હજારો વિરોધપત્રો દિલ્હી જોઈન્ટ સીલેક્ટ કમિટી પર મોકલાયા હતા. આ પ્રબળ પ્રતિકારનાં પરિણામે જોઈન્ટ સીલેક્ટ કમિટી પર એવી છાપ પડી હતી કે આ બીલ સામે સમસ્ત જૈન સમાજનો પ્રચંડ વિરોધ છે. માટે તેને સારી રીતે સાંભળવો જોઈએ. પરિણામે સમસ્ત ભારતવર્ષમાંથી નવ ડેપ્યુટેશનનોને જુબાની આપવા માટે આમંત્રણો અપાયાં, તેમાં ચાર ડેપ્યુટેશનો તો માત્ર જૈનોનાં જ હતાં. (જેમણે પોતાના મેમોરેન્ડમમાં કમિટી સમક્ષ હાજર થઈ જુબાની આપવાની ઈચ્છા દર્શાવી હતી, તેમાંથી આ પસંદગી થઈ હતી.)

જાન્યુઆરી માસની તા. ૨૩,૨૪ અને ૨૫ એ ત્રણ દિવસો જુબાની માટે નક્કી થયા હતા. તેમાં તા. ૨૩મીએ કલકત્તાના જૈનસંઘ તરફથી આવેલા પ્રતિનિધિઓની જુબાની લેવાની હતી. તે અંગે કલકત્તાથી શ્રી વિજયસિંહજી નહાર

(શ્વે.મૂ.), શ્રી લક્ષ્મીચંદજી જૈન (દિગમ્બર) અને શ્રી જશવંતસિંહજી લોઢા (સ્થાનકવાસી) તા. ૨૨મીએ દિલ્હી આવી ગયા હતા.

તા. ૨૪મી એ જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી આવેલા પ્રતિનિધિઓની જુબાની લેવાની હતી. તે અંગે કલકત્તાથી કોન્ફરન્સના પ્રમુખશ્રી નરેન્દ્રસિંહજી સિંઘી અને મુંબઈથી શ્રી મોતીલાલ વીરચંદ તથા શ્રી હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લો તા. ૨૨મી સુધીમાં દિલ્હી આવી ગયા હતા. કોન્ફરન્સના માજી પ્રમુક શ્રી મોહનલાલ લલ્લુભાઈનું નામ પણ પ્રતિનિધિઓમાં લખાયું હતું, પણ તેઓ દિલ્હી આવ્યા ન હતા.

તા. ૨૫મીએ શિરોહીના શેઠ કલ્યાણજી પરમાનંદ તરફથી આવેલા પ્રતિનિધિઓની જુબાની લેવાની હતી, તે અંગે મુંબઈથી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તા. ૧૯મીની સાંજે જ દિલ્હી આવી ગયા હતા, શ્રી અચલસિંહજી મોદી તા. ૨૨મીએ આવી ગયા હતા, અને શ્રી પુખરાજજી સિંધી તા. ૨૪મીની સવારે દિલ્હી પ્રવેશ કર્યો હતો.

આજ તારીખે ભારત મહામંડળના પ્રતિનિધિઓની જુબાની લેવાની હતી, તેમાં શ્રી રાજેન્દ્રકુમાર અને ડૉ. એસ.સી.કિશોર બંને દિલ્હીના જ વતની દિગમ્બર ભાઈઓ હતા અને પોપટલા રામચંદ્ર શાહ (શ્વે.મૂ.) તા. ૨૩મીએ પૂનાથી દિલ્હી આવી ગયા હતા.

તા. ૨૨મી રવિવાર બપોરના ચાર વાગતાં જૈનમિલના આશ્રયે કોન્સ્ટીટ્યુશન કલબ નવી દિલ્હી ખાતે દિલ્હીના બધા ફીરકાના જૈન આગેવાનોની એક સભા બોલાવવામાં આવી હતી અને તેમાં બહારગામથી આવેલા તમામ પ્રતિનિધિમંડળોને પણ હાજર રહેવાનું આમંત્રણ અપાયું હતું. આ સભામાં કેટલુંક વિવેચન થયા બાદ એ વસ્તુ નક્કી થઈ હતી કે જો આપણે સાથે મળીને એક જ અવાજ કાઢીશું તો જોઈતી વસ્તુ મેળવી શકીશું, માટે બધા પ્રતિનિધિઓએ સાથે મળીને વિચાર કરવો અને એ રીતે તે જ દિવસે રાત્રે ૮ વાગે શ્રી રાજેન્દ્રકુમારને ત્યાં મિટિંગ ગોઠવાઈ હતી.

આ મિટિંગે કેટલીક ચર્ચા-વિચારણા કર્યા બાદ મુખ્ય મુદ્દાઓ પર એક મતી સધાઈ હતી અને બધાએ સાથે મળીને તા.૨૪મીએ જુબાની આપવાની તેમજ શ્રી હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લો એ આપણી બધાની વતી બોલવું એવો નિર્ણય લેવાયો હતો અને તે મતલબની એક અરજી જોઈન્ટ સીલેક્ટ કમિટીના પ્રમુખ પર પાઠવવામાં આવી હતી, જે મંજૂર થઈ હતી.



તા.૨૪મી એ દશ વાગતાં બધા સભ્યો પાર્લામેન્ટ હાઉસ ખાતે આવી ગયા હતા અને દશ પર દશ મિનિટે જુબાની લેવાની શરૂઆત થઈ હતી.તે વખતે સીલેક્ટ કમિટીના ૪૫માંથી ૪૨ સભ્યો હાજર હતા. શ્રી દલાલે બધાની વતી બોલતાં એ વસ્તુ જાહેર કરી કે અમારો સમાજ આ બીલને જરૂરી માનતો નથી, છતાં સરકાર આ બીલ લાવવા માગતી જ હોય તો તેમાંથી જૈનોને બાકાત રાખવા જોઈએ. તે અંગે ૬૫ મિનિટ સુધી તેમણે પોતાની વાગધારા એક સરખી ચલાવી હતી. તેમાં સહુથી મોટો વાંધો સી-પ્રેનો સિદ્ધાંત જૈનોને લાગુ પડે તે સામે બતાવવામાં આવ્યો હતો અને જૈનધર્મની દેવદ્રવ્યની વ્યવસ્થા કેવા પ્રકારની છે તથા તેના હેતુઓ શાશ્વત હોઈ તેને સીપ્રેનો સિદ્ધાંત લાગુ પડી શકે જ નહિ એ વાત જોરદાર શબ્દોમાં જણાવી હતી. ત્યારબાદ કમિશનરોને આપવા ધારેલી સત્તાથી ધાર્મિક વહીવટમાં કેવી દખલગીરી થાય છે તે બતાવવામાં આવ્યું હતું અને જો બીલ લાવવું જ હોય તો તે માટે સર્વસત્તાવાળું માત્ર જૈનોનું જ બનેલું બોર્ડ હોવું જોઈએ અને કમીશ્નર તો માત્ર તેના એક રજિસ્ટ્રારનું જ કામ કરે એવી રચના પર ભાર મૂકાયો હતો. બાદ બજેટની અવ્યવહારુતા અને વહીવટી ખર્ચ માટે ૩ ટકાની ફી ઘણી વધારે પડતી હોવાનું મંતવ્ય પ્રકટ કરાયું હતું અને બીજી કલમો સામે પણ જે વાંધા હતા તે રજૂ કરાયા હતા.

આ ભાષણ થયા બાદ સીલેક્ટ કમિટીના લગભગ ૩૦ સભ્યોએ ૧૦૦થી ૧૨૫ જેટલા પ્રશ્નો પૂછ્યા હતા, તે બધાના વ્યવસ્થિત જવાબો શ્રી દલાલ તરફથી અપાયા હતા. બિહાર બોર્ડને લાગતા પ્રશ્નોના કેટલાક જવાબ શ્રી વિજયસિંહજી નાહર તરફથી અપાયા હતા અને હિસાબને લગતી બાબતનો જવાબ શ્રી જશવંતસિંહજી લોઢા કે જેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છે, તેમના તરફથી અપાયા હતા. બીજી જે જે બાબતો સૂચવવા જેવી લાગતી તે પ્રતિનિધિમંડળના સભ્યો ચિઠ્ઠી દ્વારા શ્રી દલાલને સૂચવતા હતા અને તેઓ એને ધ્યાનમાં લઈ પોતાના ઉત્તરોમાં યથાર્થ રીતે ગોઠવી દેતા હતા. આ રીતે બધા પ્રશ્નોના વ્યવસ્થિત અને સચોટ ઉત્તરો આપતા કમિટીના સભ્યો પર ભારે છાપ પડી હતી.

આ જુબાનીની શરૂઆતથી અંત સુધી નાયબ કાયદા પ્રધાન શ્રી હાજરનવીસ હાજર હતા અને જુબાની પૂર્ણ થયા બાદ તેમણે જણાવ્યું કે તમે અહીં જે વિચારો પ્રગટ કર્યા છે, તેથી અમારાં મનને મુંઝવતા કેટલાયે પ્રશ્નો પર સારો પ્રકાશ પાડ્યો છે અને તમે આ બીલમાં જે સુધારાઓ સૂચવવા માગતા હો તે સૂચવવાનું હું આમંત્રણ આપું છું. અમે તેના પર બરાબર વિચાર કરીશું.

બપોરના ૧-૪૫ વાગતા જુબાનીનું આ કાર્ય ખત્મ થયું હતું અને ઉઠ્યા

બાદ સીલેક્ટ કમિટીના ઘણા સભ્યોએ સરસ જુબાની આપવા માટે જૈન ડેપ્યુટેશનને ધન્યવાદ આપ્યા હતા.

દિલ્હીમાં જુબાની માટે ગયેલા સભ્યોએ દીર્ઘદૃષ્ટિ, કુનેહ તથા ધર્મની ધગશ બતાવી એક સાથે જુબાની આપી અને તેમાં જૈન શાસ્ત્રોની દૃષ્ટિને મુખ્ય રાખી દેવદ્રવ્યની વ્યવસ્થા કાયમ રહે એ રીતે પોતાનું દૃષ્ટિબિન્દુ જાહેર કર્યું, તે માટે અમે ત્યાં જનારા સહુને અભિનંદન આપીએ છીએ અને આ કાર્યમાં હવે પછી પણ આવું જ ઐક્ય દર્શાવી આ બીલ જૈનોને લાગુ ન પડે તે માટે પૂરતો પ્રયત્ન કરવાનો અનુરોધ કરીએ છીએ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૨૨,તા.૧૧-૨-૧૯૬૧

● **સીલદર** : પૂ. ગુરુદેવ શ્રી આચાર્ય ભગવાન **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની પવિત્ર અને પ્રભાવવંતી છાયામાં શેઠશ્રી રૂગનાથજી અને મોટાજી તરફથી ઉપધાન રંગેચંગે ચાલી રહ્યા છે. સવા ચારસો લગભગ આરાધકો છે. જીવો ભદ્રક હોઈ વ્યાખ્યાનની વચમાં વચમાં ઉઠીને અનેક પ્રકારના નિયમ-પચ્ચક્ખાણ લે છે. અઠ્ઠમો, પાંચ પાંચ ઉપવાસ, અઠ્ઠાઈ નવ ઉપવાસ વગેરે તપ થયા. કોઈને જીવનભર અમુક સમય માટે બિનજરૂરી બોલવું નહિ, અમુક અમુક વિગઈત્યાગ, આરંભ-સમારંભ ત્યાગ, ઉપધાનમાં પણ ઘી ત્યાગ, ગોળ-સાકર ત્યાગ, પાંચ વિગય ત્યાગ, ઓછામાં ઓછું આંબેલ, જીવનભર બ્રહ્મચર્ય, તિથિના બ્રહ્મચર્ય, ૫૦૦ આંબેલ અને નવ લાખ નવકાર ૨-૩-૫-૭-૮-૧૦ વર્ષમાં કરી આપવા, વગેરે વગેરે નિયમો લેવાયા. ઉપધાનના ૧૦૦ લોગસ્સના કાઉસ્સગ્ગ ઉપરાંત ૫૧ લોગસ્સ ૨૫-૨૦ વગેરે લોગસ્સના કાઉસ્સગ્ગ તથા રોજ ૨૦ ને બદલે ૪૦ બાંધી નવકારવાળી ગણવાના પણ નિયમો થયા. ઉપધાન કરાવનાર ભાગ્યશાળીઓ તરફથી સુંદર ભક્તિ થઈ રહી છે. પૂ. આચાર્યદેવશ્રીનો શાસનરાગ, પુણ્ય પ્રભાવ અને સંઘ વાત્સલ્ય અજબ છે. દિલ્હી સીલેક્ટ કમિટીની બેઠક વખતે મુનિઓમાં રોજ ઉત્કૃષ્ટ આંબેલ અને સાડાબાર હજાર જાપ શરૂ કરાવેલા. અત્રે ઉપધાનની માળા ફા.વ.૭ ના રોજે છે. પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજી મ. ના સંસારી પુત્ર બાબુભાઈ છોટાલાલ ઘીવાળા એમના નાના ભાઈ કુમારપાળ તથા બેન મંજુલાને દીક્ષા આપવા માટે પહેલા નંબરે મુંબઈ અને બીજા નંબરે વિસનગર પધારવા પૂ. આચાર્યદેવને ભારે આગ્રહભરી વિનંતી કરી ગયા છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૨૪,તા.૨૫-૨-૧૯૬૧

## 'નમસ્કાર સ્વાધ્યાય' (પ્રાકૃત) પ્રકાશન સમારંભની થયેલી ભવ્ય ઉજવણી.

● **મુંબઈ** : તા. ૫-૨-૬૧ ના રોજ સવારે નવ વાગે વાલકેશ્વર જૈન ઉપાશ્રય ખાતે પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજીની નિશ્રામાં શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ (વિલેપારલે) તરફથી તૈયાર થયેલ શ્રી **'નમસ્કાર સ્વાધ્યાય'** ગ્રંથ-પ્રકાશનનો એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો. જાણીતા જૈન આગેવાનો તથા સાહિત્યપ્રેમી ભાઈઓની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી.

પ્રારંભમાં શ્રી કેશવલાલ મોહનલાલ શાહની મંડળીએ શ્રી નમસ્કાર મહામંત્રને સંગીતના સાજ સાથે મધુર સ્વરોમાં ભાવવાહી રીતે રજૂ કર્યું હતું. ત્યારબાદ ગ્રંથના પ્રકાશક તરફથી શ્રી નવીનચંદ્ર અંબાલાલ શાહે 'નમસ્કાર સ્વાધ્યાય' ગ્રંથના પ્રાકૃત વિભાગનો ટૂંક પરિચય રજૂ કર્યો હતો. જેમાંથી ઉપયોગી ભાગ આ પત્રમાં અન્યત્ર આપવામાં આવ્યો છે.

ત્યારબાદ આ પ્રસંગે પૂ. આચાર્ય મહારાજો, મુનિમહારાજો તેમજ અન્ય પ્રતિષ્ઠિત સદ્ગૃહસ્થોના આવેલ સંદેશાઓ વાંચવામાં આવ્યા હતા.

તે પછી પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને સંસ્થા તરફથી પ્રસ્તુત ગ્રંથનું પ્રકાશન જાહેર કરવા માટે વિનંતી કરવામાં આવતાં તેઓશ્રીએ તે ગ્રંથનું મંગલ પ્રકાશન જાહેર કર્યું હતું. સંસ્થાના પ્રમુખ શેઠ શ્રી અમૃતલાલ કાલિદાસ દોશીએ પ્રસ્તુત ગ્રંથનુ પૂજન કરી પૂજ્ય આચાર્યશ્રીજીના આશીર્વાદ મેળવ્યા હતા.

ત્યારબાદ શેઠ શ્રી અમૃતલાલભાઈએ 'નમસ્કાર' મહાસૂત્ર ઉપરના અનેકવિધ સાહિત્યનો અભ્યાસ ચિંતન અને મનન કરતાં શ્રી મહાનિશીથ સૂત્રગત નમસ્કાર મંત્રનું વાણીરૂપે સ્વરૂપ કેવું છે તેના ઉચ્ચારણની શું પ્રક્રિયા છે ઇત્યાદિ વિષય ઉપર તેઓએ જે અધ્યયન કર્યું હતું તે સુંદર રીતે સમજાવ્યું હતું. એક કાર્યરત જૈન સદ્ગૃહસ્થની આ તાત્ત્વિક અને ધાર્મિક સંકલનાને સાંભળીને તેમના ગંભીર અધ્યયનની શ્રોતા વર્ગ ઉપર ઊંડી છાપ પડી હતી. શેઠશ્રીનું આ વક્તવ્ય આ જ અંકમાં અન્યત્ર પ્રસિદ્ધ કર્યું છે.

ત્યારબાદ શતાવધાની પ્રવર્તક પૂજ્ય મુનિરાજશ્રી જયાનંદવિજયજીએ પ્રસ્તુત પ્રસંગને અનુરૂપ અગિયાર શ્લોક નુ સુંદર ભાવવાહી કાવ્ય તેના અર્થ સાથે રજૂ કરીને શ્રોતાવર્ગને મુગ્ધ કર્યા હતા.

સભાના અતિથિવિશેષ તરીકે પધારેલા સ્મોલ કોજ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી પ્રસન્નમુખ સુરચંદ્ર બદામીએ નમસ્કાર મહામંત્ર ઉપર ટુંકમાં સુંદર વિવેચન કરીને ઘટી ગયેલી સમાજની જ્ઞાનરુચિને વધારવા માટે પ્રેરણા કરી હતી. શ્રીયુત ફતેહચંદ ઝવેરચંદભાઈએ 'નમસ્કાર સ્વાધ્યાય' ગ્રંથ અનેક વિષયોથી કેવો સભર છે અને સંસ્થાએ તથા સંસ્થાના પ્રમુખ શેઠશ્રી અમૃતલાલ કાલિદાસ દોશીએ તેની પાછળ કેવો પરિશ્રમ ઉઠાવ્યો છે તેની હકીકત રજૂ કરી હતી અને તેમની સેવાઓને અંજલી અર્પી હતી. અંતમાં પૂજ્ય મુનિશ્રી યશોવિજય મહારાજે શિક્ષણ સંઘના ઈનામી સમારંભ વખતે દશ લાખના ખર્ચે વિદ્વાનો તથા જૈન સાહિત્ય, જૈન કળાને રજૂ કરનારી જે યોજના મૂકી હતી તેને વેગ આપવા અનુરોધ કર્યો હતો.

ત્યારપછી શતાવધાની પંડિતશ્રી ધીરજલાલ ટોકરશી શાહે શ્રોતાઓને વાંચનની અભિરુચિ વધારવાનું જણાવ્યું હતું. સંસ્થાની તથા સંસ્થાના પ્રમુખશ્રીની સાહિત્યસેવાની પ્રશંસા કરીને ધન્યવાદ પાઠવ્યા હતા.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના સેક્રેટરી શ્રીયુત મોતીલાલ વીરચંદભાઈએ પ્રસ્તુત ગ્રંથને દરેક ભાઈઓને વસાવવા વિનંતી કરી હતી.

ત્યારબાદ પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજે જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વરસથી શ્રી પંચમંગલ મહાશ્રુત સ્કંધ અપરનામ નમસ્કાર મહાસૂત્ર કે નવકાર તંત્રની આરાધના અને ઉપાસનાની સુંદર હવા ઊભી થઈ છે. આ યુગને નવકાર મંત્રયુગ કહીએ તો અસ્થાને નથી. આ એક શુભ ચિહ્ન છે, અને આનાં ફળો એક દસકા પછી જરૂર જોવા મળશે. ઐતિહાસિક દૃષ્ટિએ જો વિચારીએ તો જે નમસ્કાર સૂત્રમંત્ર જૈન પાયા ઉપર સમગ્ર જૈનશાસનની ઇમારત ખડી છે. આરાધનાના તમામ ક્ષેત્રો અને કાર્યોમાં જેનું આદ્ય સ્થાન હોય છે, એ નવકાર મંત્રનો ધ્વનિ એક સમયે કાશ્મીરથી કન્યાકુમારી સુધી અને કલિંગથી કાબુલ અને કંદહારની ટેકરીઓને ગુફાઓ સુધી ગુંજતો હતો. આજે એનું ઉચ્ચારણ કરનારાઓની સંખ્યા કરોડોમાંથી લાખોએ આવી છે અને એના ધ્વનિનું ક્ષેત્ર પણ ઘટ્યું છે. જો આ ધ્વનિને ફરી તમારે ગાજતો કરવો હોય તો અને જૈન ધર્મની જ્યોત વધુ પ્રજ્વલિત કરવી હોય તો નમસ્કાર મહામંત્રના રચનાત્મક ઉત્સવની એક વિરાટ યોજના વિચારેલી છે. ભગવાન મહાવીરના નિર્વાણ કાલને સાર્ધદ્વિસહસ્રી એટલે ૨૫૦૦ વર્ષ પૂરા થવાને માત્ર તેર વરસ બાકી છે. ૨૫૦૦ વર્ષની ઉજવણી વખતે આ વિરાટ યોજના અમલમાં મુકાય. સાથે આ નમસ્કાર મંત્રનો ધ્વનિ ફરી પાછો ભારતના જૈનોમાં તો શું હજારો અજૈનોમાં ગુંજતો થશે. અને આ ઉજવણી પણ ભારતના સમગ્ર જૈનોને કરવી પડશે. ગીતા અને ગાયત્રીના પ્રમાણ માટે જેવો



પ્રયત્ન થઈ રહ્યો છે એથી પણ વિશેષ પ્રયત્ન વિશ્વના મહત્ત્વના ભાગનું ધ્યાન આ નવકાર મંત્ર તરફ જરૂર આકર્ષિત કરી શકીએ તેમ છીએ. આ યોજના કેવી છે તે કહેવાનો સમય નથી. હજુ તેર વરસ બાકી છે, શી ઉતાવળ છે એવું ન વિચારજો, ૨૫૦૦ વરસની ઉજવણી કરીને જૈનધર્મ, જૈનસંસ્કૃતિ, જૈનસાહિત્ય, જૈનઇતિહાસ, જૈનકળા અને જૈન શિલ્પ-સ્થાપત્ય આદિનું વિશાળ દર્શન જગતને કરાવવું હોય તો એની વિચારણા જૈન સંઘે વહેલી તકે કરવી જોઈએ, અને શેઠશ્રી ફતેહચંદભાઈએ 'વિદ્યાપીઠ' અંગે જે સૂચન કર્યું છે, તે ઉપર વિચાર કરજો. આટલું કહીને નમસ્કાર સ્વાધ્યાય ગ્રંથ કેટલો સમૃદ્ધ ને મૂલ્યવાન છે અને શેઠશ્રીએ આની પાછળ કેટલાં જર ને જહેમત ખરચ્યાં છે તે જણાવીને સંસ્થા આવા આવા ગ્રંથો જૈનસંઘને ચરણે ધરે, શેઠશ્રી આ માટે ખૂબ બળ અને શક્તિ પ્રાપ્ત કરે એવી શુભેચ્છા પાઠવી પ્રત્યેક ઘરે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ એમ જણાવી ગ્રંથરત્નને વસાવી લેવા અપીલ કરી હતી.

અંતમાં અધ્યક્ષ સ્થાનેથી પૂજ્યપાદ આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે સમય ખૂબજ થોડો છે. હું ટૂંકમાંજ નમસ્કાર-સૂત્ર ઉપર કહીશ. એમ જણાવી તેઓશ્રી નવકારમંત્ર કેવી રીતે અનાદિ અનંત છે. નવકાર મંત્ર કોઈ વ્યક્તિ વાચક નહિ પણ કેવી રીતે સમુદાયવાચક છે, એક પદમાં સમગ્ર ક્ષેત્રના અને સર્વકાળના અરિહંતાદિકને કેવી રીતે વંદન થાય છે તેનું સુંદર વિવચન કર્યું હતું અને શેઠશ્રીના અતિ સ્તુત્ય અને અનુમોદનીય કાર્યને ધન્યવાદ આપીને સૌ વિખરાયા હતા.

## નમસ્કાર સ્વાધ્યાય ટૂંક પરિચય

સાત વર્ષના સતત પરિશ્રમ પછી તૈયાર થયેલ **'નમસ્કાર સ્વાધ્યાય'** નો પ્રથમ **પ્રાકૃત વિભાગ** એક ઉત્કૃષ્ટ અને સમૃદ્ધ સંગ્રહ સૌથી પ્રથમ વાર રજૂ થાય છે. આ સંગ્રહ એકત્રિત કરવામાં સંસ્થા તરફથી કાશી, આરા, કલકત્તા, બિકાનેર, જયપુર, જોધપુર, પૂના, સુરત, વડોદરા, અમદાવાદ, જામનગર, લીંબડી, પાલીતાણા, પાટણ, ડભોઈ, રાધનપુર વગેરે અનેક શહેરોના ભંડારોની સેંકડો હસ્તપ્રતો ઉથલાવતાં નમસ્કાર વિષયક જેટલું સાહિત્ય હાથ લાગ્યું તેની ફોટોસ્ટેટિક નકલો કઢાવીને તથા ઘણીવાર તે જ સ્થળે ઉતારી લઈને અથવા હસ્તપ્રતો સંસ્થાના કાર્યાલયમાં મંગાવી લખાવી લઈને તે બધાનો વિસ્તૃત સંગ્રહ એકત્રિત કરવામાં આવ્યો હતો.

સંસ્થા તરફથી આ રીતે તૈયાર થયેલ વ્યવસ્થિત સંગ્રહ સિદ્ધાંતમહોદધિ પ. પૂ. આચાર્યશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી, પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી, પ. પૂ.

પંન્યાસ શ્રી ભાનુવિજયજી, પ. પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી, પ. પૂ. મુનિશ્રી જંબુવિજયજી, પ. પૂ. મુનિશ્રી યશોવિજયજી આદિ પૂજ્ય ગુરુવર્યોને બતાવવામાં આવ્યો. આવો અતિ સમૃદ્ધ અને મૂલ્યવાન સંગ્રહ જોઈ તે સર્વેએ સંસ્થાની આ પ્રવૃત્તિની તેઓએ ઘટિત પ્રશંસા કરી અને તેવી પ્રવૃત્તિને સતત પ્રેરણા તથા પ્રોત્સાહન આપવાનું સમુચિત લેખ્યું. શેઠ શ્રી અમૃતલાલની વિનંતીને માન આપીને પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી **'नमस्कार स्वाध्याय'** ના ત્રણે વિભાગના સંશોધનની કઠિન જવાબદારી પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજીને શિરે સોંપી. અમને જણાવતાં અતિ ઉમંગ થાય છે કે પ્રસ્તુત ગ્રંથના સંશોધક તરીકે પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજીએ અથાગ પરિશ્રમ કર્યો અને અતિ ચીવટ, ચોક્સાઈ તેમજ શોધનદૃષ્ટિથી આ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. સંશોધન દરમ્યાન અનુવાદના મહત્ત્વના કાર્યમાં પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી ઉપરાંત પૂ. પંન્યાસ શ્રી ધુરંધર-વિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિશ્રી જંબુવિજયજી તરફથી અતિ નોંધપાત્ર શુદ્ધિપત્રકના કાર્યમાં પૂ. મુનિશ્રી તત્વાનંદવિજયજી ઉપરાંત પૂ. મુનિશ્રી અભયસાગરજીએ પણ સારી સહાય અર્પી છે.

સૌથી વધુ પ્રેરણા આપવાનું માન પૂ. આચાર્ય ભગવંત ઉપરાંત **પૂજ્ય પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય** તથા પૂજ્ય **પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર્યને** ફાળે જાય છે. સંશોધનકાર્યમાં પણ આ ગુરુવર્યો તરફથી વારંવાર ઉપયોગી સૂચન મળ્યાં.

કેટલાક અનુવાદનું પુનઃમુદ્રણ કરવા જતાં કાગળ, ટાઈપ, આદિ અંગે સંપૂર્ણ એકવાક્યતા જાળવી શકાઈ નથી છતાં પાછળથી મૌજ પ્રિંટિંગ પ્રેસે આ કાર્ય હાથ પર લેતાં ઘણું ઝડપી અને સંતોષકારક કામ થઈ શક્યું છે. બાઈંડિંગ પણ મજબૂત તેમજ શ્રેષ્ઠ પ્રકારનું કરવામાં આવ્યું છે. ઉપરનું ત્રિરંગી કલામય જેકેટ હેતુલક્ષી છે તેમાં હાથીની અંબાડી પર પ્રસ્તુત ગ્રંથની પ્રતિષ્ઠા કરી છે અને જાણે આવા અમૂલ્ય ગ્રંથનું બહુમાન કરવા ચતુર્વિધ સંઘની રથયાત્રા નીકળી હોય એવી રમ્ય કલ્પના કરવામાં આવી છે.

ગ્રંથની અંતર્ગત સામગ્રીનો વિચાર કરતાં ઘણી બાબતો દૃષ્ટિ સમક્ષ તરવરી આવે છે. અનેક સ્તોત્રોથી સભરભર્યો આ ગ્રંથમંત્ર ધ્યાન અને યોગના અભ્યાસી માટે અનન્ય સામગ્રી પૂરી પાડે છે. તેના ત્રણ વિભાગ પૈકી આ પ્રથમ વિભાગમાં પ્રાકૃત ભાષામાં રચાયેલ નમસ્કારવિષયક ૪૫ સ્તોત્રો ગુજરાતી અનુવાદ સાથે રજૂ કરવામાં આવ્યાં છે, તે પૈકી અનેક સ્તોત્રો સૌથી પહેલીવાર પ્રકાશમાં આવે છે. શ્રીમહાનિશીથ સૂત્રમાંના નમસ્કારવિષયક સંદર્ભનું અતિ સુંદર છતાં સરળ



ગુજરાતી ભાષાન્તર સૌથી પ્રથમવાર રજૂ થાય છે. શ્રી મહાનિશીથસૂત્ર ઉપરાંત **'श्री चैत्यवंदनमहाभाष्य'**, **'उवहाणविहि'**, **'वद्धमाणविज्जाविही'**, **'अर्हन्नमस्कारावलिका'**, **'सिद्धनमस्कारावलिका'**, **'अरिहाणाइथुत्तं'**, **'नमुक्कारस्सथवणं'**, **'पणहगब्भं पंचपरमिट्ठिथवणं'**, **'चउव्विहज्झाणथुत्तं'**, **'कुवलयमाला'**, **'भत्तपरिन्ना'**, **'संबोधप्रकरण'**, **'चउसरणपयन्ना'** આદિ અનેક મહત્ત્વના નમસ્કારવિષયક સ્તોત્રોને તેમાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. આ બધાં સ્તોત્રોમાં નમસ્કારને લગતી ભિન્ન ભિન્ન વિગતો ચર્ચવામાં આવી છે. ઉપધાનવિધિમાં (**उवहाणविहिथुत्तं**) શ્રી ઉત્પત્તિ, નિક્ષેપ આદિ અગિયાર દ્વારથી તેની વિશદ વિચારણા કરવામાં આવી છે અને શ્રી બૃહન્નમસ્કારફલમાં (**पंचनमुक्कारफलथुत्तं**) નમસ્કાર મહામંત્રની વાચના લેવા માટેના ઉપધાનનો વ્યવસ્થિત આમ્નાય આપવામાં આવ્યો છે. તે મંત્રના ઉપાસકનું સ્થાન કેટલું ઊંચું છે એ સુંદર રીતે બતાવવામાં આવ્યું છે. શ્રી નમસ્કાર નિર્યુક્તિમાં (**णमोक्कारणिज्जुत्ती**) નમસ્કાર મહામંત્રનો સર્વાંગી મહિમા ગાવા ઉપરાંત તેની આરાધનાથી પ્રાપ્ત થતાં વિશિષ્ટ ફળોની વિસ્તૃત નોંધ લેવામાં આવી છે. **'ध्यानविचार'**, **'नवकारसारथवण'**, **'नमस्कार व्याख्यानटीका'** આદિ કૃતિઓ આ ગ્રંથની યશકલગીરૂપ છે. ધ્યાન, શૂન્ય, કલા, જ્યોતિ, બિન્દુ, નાદ, તારા વગેરે ધ્યાનના ચોવીશ માર્ગોનું વ્યવસ્થિત નિરૂપણ 'ધ્યાનવિચાર' સિવાય અન્ય કોઈ ગ્રંથમાં હજુ સુધી મળ્યું નથી. મંત્રગર્ભિત એવા **'अभिहाणाइथुत्तं'** માં તે પારિભાષિક શબ્દોનો એક જ ગાથામાં[૧] સમુચિત રીતે નામોલ્લેખ મળે છે, પણ તેનું યથાર્થ રહસ્ય તો **'ध्यानविचार'** માં જ સ્ફુટ થાય છે. **'नवकारसारथवण'** અને તેના પરની **'नमस्कारव्याख्यानटीका'** પણ અદ્ભુત કૃતિઓ છે. પરંતુ તેનું રહસ્ય પામવું **અતિ કઠિન લાગવાથી** હમણાં તેનું મૂળમાત્ર આપવામાં આવ્યું છે.

**१. एयं कवयमभेयं खाइयमत्थ परा भवणरक्खा ।**
**जोई सुन्नं बिंदु नाओ तारा लवो मत्ता ॥१२॥**

**नमस्कार स्वाध्याय (प्रा.वि. पृ. २०६)**

(**અર્થ :** આ પંચનમસ્કાર એ પરમ અભેદ્ય કવચ છે, પરમ ખાતિકા (ખાઈ, ખાડી) છે, પરમ અસ્ત્ર છે, પરમ ભવનરક્ષા છે, પરમ જ્યોતિ છે, પરમ શૂન્ય છે, પરમ બિન્દુ છે, પરમ નાદ છે, પરમ તારા છે, પરમ લવ છે અને પરમ માત્રા છે.)

આ પરમમંત્ર કેટલા અક્ષર પરિમાણનો છે; તેમાં નિર્દિષ્ટ આલાપક, સંપદા, સ્વર, વ્યંજન, વર્ણ, પદ, પદાક્ષર, માત્રા, બિંદુ વગેરે શું છે; પંચમંગલ એટલે શું; આ મહામંત્રમાં નમસ્કાર કોને કરવામાં આવે છે. કેવી રીતે કરવામાં આવે છે અને શા માટે કરવામાં આવે છે; તેનું વિનયોપધાન કઈ વિધિથી સિદ્ધ થઈ શકે; કયા લક્ષણો આરાધકની યોગ્યતા સૂચવે છે; કયા સમયે, કેવા સ્થળે કોની પાસેથી અને કેવી રીતે કરવું જોઈએ સર્વ જીવો પ્રતિ આત્મતુલ્યતાની દૃષ્ટિને **( अत्तसमदरिसितं )** શા માટે મહત્ત્વ આપવામાં આવ્યું છે; અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ શબ્દો શાના દ્યોતક છે; એ શબ્દો વ્યુત્પત્તિ અને વ્યાખ્યાની દૃષ્ટિએ કેટલી રીતે વિચારી શકાય; તેનો ગર્ભાર્થ એટલે પરમરહસ્યભૂત અર્થ શો છે; એ પાંચ પદોનો સમગ્ર વિશ્વ સાથે સંબંધ કેવી રીતે છે; બોધિલાભ શું છે અને તે કેવી રીતે સુલભ થાય; માંત્રિક, તાંત્રિક અને યૌગિક દૃષ્ટિએ આ મહામંત્રનું સ્થાન સર્વશ્રેષ્ઠ કેવી રીતે છે; તેનાથી કઈ સિદ્ધિઓ, રિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રાપ્ત થાય છે વગેરે અનેક પ્રશ્નોની સમાલોચના કરવા માટે આ ગ્રંથ અત્યંત અદ્ભુત માહિતી પ્રકાશમાં લાવે છે. એવા કેટલાએક નમસ્કારમંત્રો પણ તેમાં પ્રગટ કર્યા છે.

નિપુણ ચિત્રકારને ખાસ રોકીને ચિત્ર વિષયક ચિત્રો અને બ્લોકો તૈયાર કરાવવા પાછળ પણ દ્રવ્યનો છૂટે હાથે સદુપયોગ કર્યો છે.

ગ્રંથમાંથી સૂચિત થતાં ૧૭ યંત્રો, બીજાં ઉપયોગી ૧૧ યંત્ર-ચિત્રો, ૫ શિલ્પપ્રધાન ચિત્રો અને છૂટાંછવાયાં ત્રીશેક જેટલાં સુશોભન ચિત્રો પ્રસ્તુત વિભાગમાં રજૂ કરવામાં આવ્યાં છે.

સંસ્થાને શ્રદ્ધા છે કે જૈન સાહિત્યમાં ઉચ્ચ પ્રકારના સંસ્કારલક્ષી સ્વાધ્યાય માટે પ્રસ્તુત ગ્રંથ ઉત્કૃષ્ટ સામગ્રી પૂરી પાડશે અને તેનો સમજપૂર્વકનો સ્વાધ્યાય ભવ્ય જીવોને સિદ્ધમાર્ગ પ્રતિ અંગુલિનિર્દેષ કરશે. જો કે માનવજીવનનું સાર્થક્ય તો તે સ્વાધ્યાયને અમલમાં મૂકતી આરાધનામાં છે અને તેવી આરાધના માટે પણ આ ગ્રંથના પદેપદમાં અનન્ય પ્રેરણા સભર ભરી છે. ગ્રંથની કિં.રૂા. ૨૦/- રાખવામાં આવી છે. વહેલી તકે જિજ્ઞાસુએ ગ્રંથ મેળવી લેવો જોઈએ.

## શેઠશ્રી અમૃતલાલ કાલિદાસ દોશીએ રજૂ કરેલ મનનીય વક્તવ્ય.

શ્રી નમસ્કાર સ્વાધ્યાય (પ્રાકૃત વિભાગ)ના પ્રકાશન સમારંભના શુભ પ્રસંગે શ્રી પંચમંગલ મહાશ્રુતસ્કંધ અપરનામ શ્રી નમસ્કાર મહાસૂત્ર કે શ્રી નમસ્કાર મહામંત્રવિષયક મારા અભ્યાસનો આછો ખ્યાલ આપવો જોઈએ તે દૃષ્ટિથી બે બોલ આપ સમક્ષ રજૂ કરું છું.



જ્યારે કોઈપણ શબ્દનો આપણે વિચાર કરીએ ત્યારે તેના સ્વરૂપ, અભિધેય અને તાત્પર્યનો વિચાર કરવો જોઈએ અને તે પ્રમાણે કરીએ તો તે વિશે મહદ્ અંશે સંપૂર્ણ વિચાર કર્યો ગણાય. આ પ્રકાર ધ્યાનમાં રાખીને અમે શ્રી નમસ્કાર મહામંત્રનો વિચાર કેવી રીતે કર્યો તે જણાવીશું.

શ્રી નમસ્કાર મહાસૂત્ર કે મહામંત્રનું સ્વરૂપ વાણીના સ્વરૂપમાં સમાવિષ્ટ થાય છે તેથી વાણીનાં સ્વરૂપનો વિચાર શાસ્ત્રીય પદ્ધતિથી કર્યો અને તે નીચે પ્રમાણે.

વાણીના દ્રવ્ય અને ભાવ એમ બે ભાગ છે. દ્રવ્યવાણીના પણ દ્રવ્યાત્મિકા અને પર્યાયાત્મિકા એ પ્રમાણે બે પેટા વિભાગ છે. દ્રવ્યાત્મિકાવાણી શબ્દપુદ્ગલરૂપા છે, જે સંજ્ઞા અક્ષર છે અને પર્યાયાત્મિકા વાણી શ્રોત્રગ્રાહ્યપરિણામાપન્ના છે, જેને વ્યંજનાક્ષર અથવા વૈખરી કહેવાય છે. ભાવવાણી (લબ્ધિ અક્ષર)ના બે પેટાવિભાગ છે એક વ્યક્તિ (બોધ-પ્રયોગ) જે મધ્યમ કહેવાય છે અને બીજો શક્તિ (ક્ષયોપશમ શક્તિરૂપા) જેને પશ્યન્તી કહેવાય છે.

**દ્રવ્યાત્મિકા વાણી (સંજ્ઞા અક્ષર)** પ્રથમ નમસ્કાર મહામંત્ર વિશે દ્રવ્યાત્મિકા વાણીનો અમે વિચાર કર્યો, નમસ્કાર મહામંત્રનો શબ્દપુદ્ગલ રૂપ દેહ અથવા તેના સંજ્ઞા અક્ષરોનો વિચાર અથવા તેની લિપિનો વિચાર તે નમસ્કાર મહામંત્ર વિશે દ્રવ્યાત્મિકા વાણીનો વિચાર છે.

આ દૃષ્ટિએ શ્રી નમસ્કાર મહામંત્રનાં પાંચ અધ્યયન તથા ચૂલિકા રૂપે વિભાગ કરીને પદ, પદચ્છેદ, આલાપ અક્ષર, સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, વગેરેનો નમસ્કાર સ્વાધ્યાયના પૃષ્ઠ ૬૦ પર દર્શાવ્યા પ્રમાણે તથા સંપદા, ગુરુ અક્ષર, લઘુ અક્ષર, વગેરે ઉપર દર્શાવ્યા પ્રમાણે અભ્યાસ કરવાનો અત્રે પ્રયાસ કર્યો; પરંતુ તે વિશે સમજણમાં અમોને પૂરી સફળતા મળી નથી.

જે પ્રમાણે અમે સમજ્યા છીએ અને ગુરુપરંપરા તરફથી જે પ્રકાશ લાધ્યો છે તે અમે ઉપર દર્શાવેલા પૃષ્ઠો ઉપર રજૂ કર્યો છે. પરંતુ તેમાં વિશેષ વિચારને હજી અવકાશ છે. તેમ અમોને જણાયું છે.

**પર્યાયાત્મિકા વાણી (વ્યંજનાક્ષર)** નમસ્કાર મહામંત્ર વિશે અમે પર્યાયાત્મિકા વાણીનો જે વિચાર કર્યો તે દર્શાવીએ છીએ. નમસ્કાર મહામંત્રના ઉચ્ચારણ માટે-

(૧) યોગાખ્ય વીર્ય વડે શબ્દ પ્રયુક્ત થાય છે તેથી તેનો ઉદ્ભવ વાણીના યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરીને (તેઓનું ઉપાદાન કરીને) (૨) તે તે સ્થાને તેઓને વર્ણરૂપે પરિણમાવીને (૩) તેમનું આલંબન કરીને (૪) તેમને છોડવા પડે છે.

(વિસર્જન કરવાથી શબ્દ થાય છે.)

આ પ્રકાર વડે નમસ્કાર મહામંત્ર શ્રોત્રગ્રાહ્ય પરિણામને પ્રાપ્ત થાય છે. આવા પરિણામને પ્રાપ્ત થયેલો પાઠ વ્યંજનાક્ષર રૂપે પરિણત થયો કહેવાય છે અને તે પ્રસંગે વાણીની વર્ણોત્પાદક વૈખરી અવસ્થા હોય છે. આને માટે શાસ્ત્રમાં નિર્ણીત ઉચ્ચારણ પદ્ધતિ પ્રાપ્ત થાય છે. શ્રી મહાનિશીથ સૂત્રમાં ઉચ્ચારણ પદ્ધતિ નીચે પ્રમાણે મળે છે :

સ્વર, વ્યંજન, માત્રા, બિંદુ, પદ, તથા અક્ષર જરાપણ ન્યૂન ન આવે તેવી રીતે પદચ્છેદ, ઘોષબદ્ધતા, આનુપૂર્વી, પૂર્વાનુપૂર્વી તથા અનાનુપૂર્વીથી ખૂબ વિશુદ્ધ રીતે યોગ્ય સમયે એક એક અધ્યયન ભણવું અને તેને હૃદયમાં સ્થિર અને પરિચિત કરવું.

વૈદિક સ્વરપદ્ધતિ ચોક્કસ પ્રકારની છે અને તે બરાબર જળવાઈ રહે તે માટે નીચેના ક્રમને અનુસરવામાં આવે છે :

સંહિતાપાઠ, પદપાઠ, ક્રમપાઠની આઠ વિકૃતિઓ જેવી કે જટા, રેખા, શિખા, માલા, ધ્વજ, દંડ, રથ અને ઘંટ-આ વડે મંત્રો બોલાતા શિખવાય છે.

ઉપરાંત પાંચ સંધિ હોય છે. જેવી કે- ક્રમ, ઉત્ક્રમ, વ્યુત્ક્રમ, અભિક્રમ, અને સંક્રમ.

આવી કોઈ પદ્ધતિ જૈન શાસ્ત્રના ઉચ્ચારણ માટે અસ્તિત્વ ધરાવતી હોવી જોઈએ.

જૈન ધર્મનો પ્રથમ આચાર જ્ઞાનપ્રાપ્તિનો છે અને તેને માટે જે આઠ નિયમો ઘડવામાં આવ્યા છે તેના છઠ્ઠા નિયમમાં એવું સ્પષ્ટ પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે સૂત્રના દરેક વર્ણનો ઉચ્ચાર શુદ્ધ કરવો; તાત્પર્ય કે જેઓ સૂત્રપાઠ અશુદ્ધ બોલે છે તે જ્ઞાનાચારને યથાર્થ જાળવતા નથી અને તેથી દોષપાત્ર થાય છે.

સૂત્રજ્ઞાન આપવા માટેની પ્રક્રિયા જૈન શાસ્ત્રકારોએ ૬ અંગ માનેલા છે, આ પ્રમાણે છે :

(૧) **સંહિતા** એટલે તેનો ઉચ્ચારણવિધિ શીખવવો. (૨) **પદ** એટલે સૂત્રનાં પદો જુદાં પાડી બતાવવાં. (૩) **પદાર્થ** એટલે દરેક પદનો અર્થ શીખવવો. (૪) **પદવિગ્રહ** એટલે સામાયિક પદોને છૂટા પાડી બતાવવા. (૫) ચાલના એટલે અર્થ સંબંધી પ્રશ્ન ઊઠાવવો કે શંકા કરવી. (૬) **પ્રત્યવસ્થાન** એટલે તે પ્રશ્નનો ઉત્તર આપવો કે શંકાનું સમાધાન કરવું.

આ ઉપરથી વિદિત થશે કે જૈન સૂત્રો ગમે તેમ બોલી શકાતા નથી. તેના માટે ચોક્કસ નિયમો જરૂર છે.



અનુયોગદ્વારના પૃષ્ઠ ૨૪૧ પરના ૧૫૧માં સૂત્રમાં કહ્યું છે કે,-

**सुत्तउच्चारेअव्वं अक्खलिअं अमिलिअं अवच्चामेलियं पडिपुण्णं पडिपुण्णघोसं कंठोट्ठविप्पमुक्कं , गुरुवायणोवगयं ।**

**અર્થ :** સૂત્રનો ઉચ્ચાર અસ્ખલિત, અમિલિત, અવ્યત્યામ્રેડિત, પરિપૂર્ણ, પરિપૂર્ણ ઘોષયુક્ત, કંઠ અને ઓષ્ઠથી વિપ્રમુક્ત અને ગુરુવાચના પ્રમાણે કરવો.

આ નિયમોને અનુસરવામાં આવે તો શાસ્ત્રીય પાઠ બોલવાની પદ્ધતિ એક જ પ્રકારની રહે અને જ્યારે પણ આરાધના કે સાધના માટે સમુદાય એકઠો થાય ત્યારે બધા એકી સાથે સમાન ઉચ્ચારથી બોલી શકે; પરંતુ જૈન સંઘમાં ઉચ્ચારણની આ પદ્ધતિ જળવાઈ રહી હોય તેમ જણાતું નથી અને તેથી નમસ્કાર મહામંત્રનો ઉચ્ચાર જે શાસ્ત્રીય પદ્ધતિથી આપણે કરવો જોઈએ એ પ્રમાણે કરી શકતા નથી.

આ પ્રમાણે પ્રક્રિયાનું અસ્તિત્વ એક સમયે હતું તે ઉપરથી અમોને ખ્યાલ આવ્યો કે સમયજ્ઞતા, દૃઢ ચારિત્ર્ય વગેરે ગુણસંપદા સહિત ગુરુ શબ્દના અર્થ પ્રમાણે અનુષ્ઠાન કરવામાં બદ્ધલક્ષ્ય એવા અબાધિત ગુરુના મુખમાંથી વાચના માટે એક એક અધ્યયનના પાઠ જે સમયમાં ભણાવાતા હશે અને વિનય વગેરે બહુમાનપૂર્વક તેમના (ગુરુના) સંતોષ તથા કૃપાથી જે જ્ઞાન મેળવાતું હશે તે ખરેખર યથાર્થ ક્રિયાનુગત અને સદ્‌ભુત ગુણોના કીર્તનસ્વરૂપ તથા યથેચ્છ ફલપ્રસાધક, પરમસ્તુતિવાદરૂપ થાય તેમાં શું આશ્ચર્ય ?

શ્રદ્ધાસંવેગ જાગ્રત કરવાની આ એક નિયંત્રણા છે અને તે વિષે સમગ્ર પ્રણાલિકા અથવા આમ્નાય હાલ આપણે ત્યાં ક્યાંય અસ્તિત્વ ધરાવતો હોય તેમ જણાતું નથી.

ઉપર્યુક્ત વૈખરી અવસ્થા વર્ણોત્પાદક પ્રક્રિયાની ચોથી અવસ્થા છે. ત્રણ અવસ્થા તો આંતરિક છે અને તે ભાવવાણીરૂપ અથવા લબ્ધિ અક્ષરરૂપ છે. અને વ્યક્ત એટલે બોધ અથવા ઉપયોગરૂપ અને શક્તિ એટલે ક્ષયોપશમ શક્તિ સ્વરૂપ છે. આને અનુક્રમે 'મધ્યમા' તથા 'પશ્યન્તી' અવસ્થા કહે છે. 'મધ્યમા' અવસ્થા જ્ઞાનવાળી કૃતિ માટે છે અને 'પશ્યન્તી' અવસ્થા માનસિક ઈચ્છા છે.

'પરા' અવસ્થા શબ્દબ્રહ્મસ્વરૂપ છે અને તે આધ્યાત્મિક રાગ અથવા રસરૂપ છે.

આ સઘળું શ્રી મહાનિશીય સૂત્રમાં નિર્દેશ થયા પ્રમાણે અત્યંત દુષ્કર એવી વિનયોપધાનની મહાનિયંત્રણા દ્વારા પ્રાપ્ત કરવા અનુજ્ઞા છે અને તે સ્ફુટ તથા શંકારહિતપણે અવધારણ થાય તે માટે ભગીરથ પ્રયાસ કરવાની જરૂર છે.

શ્રીમહાનિશીથસૂત્રમાં જે વાચનાનું સ્વરૂપ જણાવ્યું છે અને જે રીતે અમે

અમારા ક્ષયોપશમ પ્રમાણે સમજ્યા છીએ તે રીતે અહીં રજૂ કરવામાં આવે છે. તેમાં પુષ્કળ સુધારણાને અવકાશ હોવા સંભવ છે.

**ભાવાત્મિકા વાણી (લબ્ધિ અક્ષર) :** વાણીની 'પરા' અવસ્થા ઉત્પન્ન કરવા માટે શ્રી મહાનિશીથસૂત્રમાં નીચે પ્રમાણે પ્રક્રિયા પ્રાપ્ત થાય છે.

આશંકારહિત, મહાઉલ્લસિત શુભ અધ્યવસાયથી, બહુમાન પૂર્વક, નિયાણા વિના તપ કરીને, ભક્તિથી સભર બનીને, નતમસ્તકે, પ્રફુલ્લિત અને વિકસિત વદને, પ્રશાંત દૃષ્ટિ રાખીને સંવેગપૂર્વક પ્રક્રિયા કરવી જોઈએ.

વાણીની 'પશ્યન્તી' અવસ્થા ઉત્પન્ન કરવા માટે તેમાં નીચે પ્રમાણે પ્રક્રિયા પ્રાપ્ત થાય છે :

અત્યંત, નિરંતર, અચિંત્ય, પરમશુભ પરિણામ વિશેષથી મનને સ્થિર કરીને, એકાગ્ર અધ્યવસાય કરીને પ્રક્રિયા કરવી જોઈએ.

વાણીની 'મધ્યમાં' અવસ્થા ઉત્પન્ન કરવા માટે તેમાં નીચે પ્રમાણે પ્રક્રિયા પ્રાપ્ત થાય છે.

વિશુદ્ધ, નિર્મળ, સ્થિર અને દૃઢ અંતઃકરણપૂર્વક, પંચાંગ પ્રણિપાતથી, અંજલિબદ્ધ થઈને, સંસારસમુદ્રમાં નૌકા સમાન, સકલ આગમોના સારરૂપ, મિથ્યાત્વદોષરહિત, વિશિષ્ટ બુદ્ધિથી કલ્પાયેલ, અઘટિત યુક્તિનો ધ્વંસ કરવા સમર્થ, પાંચ અધ્યયન અને એક ચૂલિકા સ્વરૂપ, પ્રવર પ્રવચન દેવોથી અધિષ્ઠિત, અનંતગમ અને પર્યાયનું પ્રસાધક, સર્વ મહામંત્ર અને પ્રવર વિદ્યાનું પરમબીજ પંચમંગલ-મહાશ્રુતસ્કંધના બોધિલાભ માટે વિનયોપધાનની મહાનિયંત્રણા સાધવી જોઈએ.

ઉપર પર્યાયાત્મિકા વાણી (વ્યંજનાક્ષર) વિષે સવિસ્તર ચર્ચા થયા પ્રમાણે સાધના કરવી જોઈએ.

અહીં સુધી આપણે નમસ્કાર મહામંત્રના સ્વરૂપ અંગે પ્રયત્નનું પરિણામ દર્શાવ્યું. હવે તેના અભિધેય વિશે પ્રયત્ન કરતાં જે કાંઈ સમજાયું તે દર્શાવીએ છીએ.

**અભિધેય :** પ્રથમ અધ્યયનના અભિધેય બાબત એટલે કે અર્થ બાબત નીચે પ્રમાણે આલાપક પ્રાપ્ત થાય છે :

અચિન્ત્ય, માપી ન શકાય, ઉપમા આપી ન શકાય, અનન્યસદૃશ, શ્રેષ્ઠ અને ઉત્તમોત્તમ એવા ગુણસમૂહથી અધિષ્ઠિત હોવાને લીધે ધર્મતીર્થંકર અરિહંત ભગવંતો ત્રણે લોકમાં મહાન માનસિક આનંદ ઉત્પન્ન કરનારા હોય છે. મહાપુણ્યના કારણે બાંધેલા તીર્થંકરનામ કર્મના ઉદયથી અરિહંત ભગવંતો ભવ્ય જીવોના સંતાપને શમાવનારા હોય છે. અનેક જન્મોમાં સંચિત કરેલા મહાન પુણ્યના અતિશયથી



જગતમાં કોઈને તોલે ન આવે એવા અતુલ બલ, વીર્ય, ઐશ્વર્ય, સત્ત્વ તથા પરાક્રમ તેમનામાં હોય છે.

એ જ રીતે અનેક અતિશય તેમજ ગુણસંપદા સહિત પૂર્વે કહેલા અર્થને સિદ્ધ કરનારા બીજા અધ્યયનનો અને અનુક્રમે બાકીના ત્રણ અધ્યયનોનો રહસ્યભૂત અર્થ અમે વિચાર્યો.

શ્રુતજ્ઞાનની ઉપાસના, વાચના આદિ સ્વાધ્યાયદ્વારા સૂત્ર અને અર્થના અનુરાગી મનવાળા અને શ્રદ્ધાસંવેગથી યુક્ત, ગુરુપરંપરા દ્વારા જળવાયેલી હોવાથી ચિંતન, અનુસ્મરણ અને એકાગ્ર મનથી ધ્યાન કરવા માટે જોઈતી નામસ્થાપના, વગેરેથી અનેક પ્રકારે થયેલી પાંચ પદની પ્રરૂપણા આપણને સાંપડે છે અને ચૂલિકાનો અર્થ તેના ત્રણ ઉદ્દેશો દ્વારા સંક્ષેપ અને વિસ્તારથી પણ આપણને સાંપડે છે. તેટલા પૂરતાં આપણાં સદ્ભાગ્ય છે, પરંતુ જે વ્યાખ્યા ખૂબ વિસ્તારથી અનંતગમ અને અનંત પર્યાયોથી પંચમંગલ મહાશ્રુતસ્કંધના સૂત્રથી પૃથક્ભૂત નિર્યુક્તિ, ભાષ્ય તથા ચૂર્ણિદ્વારા અનંતજ્ઞાનદર્શક તીર્થંકરોએ જેવી રીતે કરી હતી તેવી રીતે જ સંક્ષેપથી ચાલી આવતી હતી. તેનો વિચ્છેદ થયો છે અને ત્યારબાદ મહારિદ્ધિમાન પદાનુસારી લબ્ધિવાળા દ્વાદશઅંગ શ્રુતજ્ઞાનના ધારક આચાર્યશ્રી વજ્રસ્વામીએ વ્યાખ્યા કરી હતી કે તે પણ ખંડિત થઈ જવાથી ઘણાં પાનાં સડી ગયા હતા, પરંતુ તે અત્યંત મહાન અર્થાતિશયવાળા મહાનિશીથશ્રુતસ્કંધને સમગ્ર પ્રવચનના પરમ સારભૂત પરમતત્ત્વ તથા અર્થયુક્ત સમજીને સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજીએ તેનો ઉદ્ધાર કર્યો અને તે શ્રી મહાનિશીથસૂત્રમાં આપણને હાલ પ્રાપ્ત થાય છે. તે શ્રી મહાનિશીથસૂત્રના નમસ્કાર મહામંત્ર વિષય ભાગનું ભાષાંતર પ્રથમ પ્રકટ કરવાનું સદ્ભાગ્યે આજે અમોને પ્રાપ્ત થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના અર્થની પ્રરૂપણા આ પ્રમાણે વિશેષ પ્રકારે પ્રાપ્ત થતી હોવા છતાં આપણે જે અર્થો અવધારીએ છીએ તેના અવબોધનો આધાર આપણી ગ્રહણ કરવાની શક્તિ ઉપર રહે છે.

**તાત્પર્ય :** આવી શક્તિ પ્રાપ્ત કરવાના ઉપાયો શાસ્ત્રમાં દર્શાવવામાં આવ્યા છે, પરંતુ આપણે તે પ્રત્યે યોગ્ય લક્ષ્ય આપીએ તો જ સાંપડે.

શ્રી અમરચંદ્રસૂરિ પદ્માનંદમહાકાવ્યના મંગલાચરણમાં આવો એક ઉપાય આપણને તેની કાવ્યમયી ભાષામાં દર્શાવે છે તે આ પ્રમાણે છે.

**सर्वभावा यद्प्रभावादुद्रीर्यन्ते जिनैरपि ।**
**शब्दब्रह्मस्वरूपेयं जयति श्रुतदेवता ॥२८॥**

**અર્થ :** જેના પ્રભાવે જિનેશ્વરો પણ સર્વ ભાવોને કહેવા સમર્થ બને છે તે આ શબ્દબ્રહ્મસ્વરૂપ શ્રુતદેવતા (સરસ્વતી) જયવંતી વર્તે છે.

ઉપર્યુક્ત પ્રભાવ શબ્દબ્રહ્મનું કારણ અથવા પ્રધાન અવસ્થા રૂપ 'પર' શબ્દ છે. તેને યોગીઓ કુંડલિની કહે છે અને તેનો ઉલ્લેખ જૈનશાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન નામથી મળે છે તે નીચે પ્રમાણે-

| **નામ** | | **શાસ્ત્રકારો** |
|---|---|---|
| (૧) કુંડલિની | - | શ્રી બપ્પભટ્ટિસૂરિ, શ્રી સિંહતિલકસૂરિ<br>શ્રી નયસુંદરમુનિ |
| (૨) સાહ્લાદદેવતા | - | શ્રી સિંહતિલકસૂરિ |
| (૩) શુક્લધ્યાનમહઃ | - | શ્રી અમરચંદ્રસૂરિ |
| (૪) પ્રાણશક્તિ | - | શ્રી રત્નશેખરસૂરિ |
| (૫) કલા | - | શ્રી હેમચંદ્રાચાર્ય |

જ્યારે જુદા જુદા દર્શનોમાં તે પ્રભાવ અથવા શક્તિનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છે.

| **નામ** | **દર્શનો** |
|---|---|
| (૧) શક્તિ | શાક્તદર્શન |
| (૨) ચિતિ | શૈવદર્શન |
| (૩) પ્રકૃતિ | સાંખ્યદર્શન |
| (૪) બ્રહ્મ | વેદાન્તદર્શન |
| (૫) બુદ્ધિ | બૌદ્ધદર્શન |

આ પ્રકારે પારિભાષિક શબ્દોની જાળ તે શબ્દ આજુબાજુ જે રચાઈ ગઈ છે તેમાં જો આપણે પ્રવેશ કરીએ તો તીર્થંકર ભગવંતો તરફથી ત્રિપદીનું તત્ત્વ દર્શાવતાં ગણધર ભગવંતોને તે વિશે અર્થાતિશયવાળો બોધ તરત જ સાંપડે છે. તેનું રહસ્ય આપણને લાધે. આ વિષય વધારે સંશોધન માગે છે.

સર્વજ્ઞપ્રણીત પિસ્તાલીસ આગમો પૈકી એક આગમ શ્રી મહાનિશીથસૂત્રમાં નિર્દેશ કરાતો શ્રી પંચમગંલમહાશ્રુત સ્કંધનો ભાગ અતિ ઉપયોગી હોવાથી તે વિષય પરત્વે ઉદ્ભવતો વિચાર મુખ્યત્વે અમે રજૂ કર્યો છે. પરંતુ અહીં આજે પ્રગટ થતા 'નમસ્કાર સ્વાધ્યાય'ના પ્રથમ વિભાગમાં એકંદરે ૪૫ વિષયો છે તે તેના વિષયાનુક્રમને તપાસતાં માલૂમ પડશે અને તેમાં કેટલાય વિષયો સૌથી પ્રથમ-વાર પ્રકાશમાં આવે છે, જે માટે કંઈને કંઈ કહેવાનું જરૂર મન થાય છે. સમય



થોડો છે, અને બીજા વક્તાઓને પણ અનેક ઉપયોગી દૃષ્ટિબિન્દુઓ રજૂ કરવાની હોઈ અમે આજે માત્ર શ્રી મહાનિશીથસૂત્ર ઉપર જ વિચાર દર્શાવ્યા છે.

ટૂંકમાં, શ્રી નમસ્કાર મહામંત્રનો બોધિલાભ સુલભ થાય એ માટે તથા તેના સૂત્ર અને અર્થના આરાધકોનો શ્રદ્ધાસંવેગ પ્રદીપ્ત થાય એ માટે મહા પ્રયાસથી સારભૂત અર્થવાળા જે પિસ્તાલીશ પ્રાકૃત સ્તોત્રો ઉપલબ્ધ થયા તેનો સંગ્રહ પ્રસ્તુત ગ્રંથમાં પ્રકટ કરવામાં આવ્યો છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** **વર્ષ-૯,અંક-૨૫,તા.૪-૩-૧૯૬૧**

● **સીલદર :** પૂ. ગુરુદેવશ્રી **આચાર્યદેવ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની** નિશ્રામાં ઉપધાન તપની સુંદર આરાધના ચાલી રહી છે. જીવનભર પાળવા માટે વિગઈત્યાગ, પગરખા ત્યાગ, પાલીતાણા ધર્મશાળાએથી તળેટી વાહનમાં બેસીને ન જવું. રોજ અરિહંતનું ધ્યાન, વર્ષમાં અમુક અગર જીવનભર પોરિસી, સાઢપોરિસી, અષ્ટપ્રકારી પૂજા, પ્રભુની જાતે સંપૂર્ણ પૂજા, શીલવ્રત, ચારિત્ર માટે ત્યાગ વગેરે વગેરે નિયમો લેવાયા. ફા.સુ.૧૨ થી વદ ૮ સુધી માળાનો ઉત્સવ છે. વદ ૭ ની માળ છે. દરમિયાન પૂ. ગુરુદેવની નિશ્રામાં બાજુના સણપુર ગામમાં ધ્વજદંડ ઉત્સવ ઉજવાયો. સમસ્ત ગામ તથા આજુબાજુના ગામના જૈનજૈનેતરોને જમણ અપાયું. ત્યાં જ ખડકીવાળા બાબુભાઈના સ્વર્ગવાસ નિમિત્તે એમના ભાઈ શ્રી નથમલજી તરફથી બીજો અઠ્ઠાઈ ઉત્સવ, સિદ્ધચક્ર પૂજન વગેરે થયું. બીજા ઉપધાનની વિનંતી થઈ રહી છે. પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજને અવારનવાર તકલીફ થઈ આવે છે. અશક્તિ જણાય છે. સમતાથી સારું સહન કરે છે. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજને ગળામાં તકલીફના કારણે પાલણપુરમાં ટ્રીટમેન્ટ માટે રોકાયા છે. પૂ.મુનિરાજશ્રી ચંદનવિજયજીને માસક્ષમણનું પારણું સુખપૂર્વક થયું. તપસ્યામાં બધી ક્રિયા ઊભા ઊભા કરતા તથા આખો દિવસ આરાધનામાં મસ્ત રહેતા.

● **અમદાવાદ :** સુરદાસ શેઠની પોળમાં પૂ.આ.શ્રી વિજયોદયસૂરીશ્વરજી મ. આદિની પ્રેરણાથી સંઘને પોળના જિનમંદિરના જીર્ણોદ્ધારની ભાવના થઈ. અત્રેના સંસારી વતની પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવર્યના ઉપદેશથી જીર્ણોદ્ધાર માટે સારું ફંડ એકત્રિત થયું અને ઝડપી ઉદ્ધાર થઈ ભવ્ય મંદિર બન્યું. હવે પૂ.આ.શ્રી વિજય મહેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ શરૂ થયો છે. પોળનો ઉલ્લાસ ઘણો છે.

● **સીલદર :** પૂ. ગુરુદેવ શ્રી **આચાર્યદેવેશ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ની પવિત્ર નિશ્રામાં ઉપધાન તપ સુંદર ઉજવાયો. આરાધકોએ જીવનના કેટલાય વ્રત નિયમો કરીને માનવ ભવમાં વિશિષ્ટ પુણ્યના માર્ગ ખુલ્લા કર્યા. જીવનભર એકાંતરે આયંબિલ, પોરિસી-સાઢ પોરિસી, માસિક અમુક આયંબિલ, નવકારજાપ, રોજ અરિહંતનું ધ્યાન, આરંભાદિના ત્યાગ, હંમેશાં પ્રભુની સંપૂર્ણ પૂજા, બ્રહ્મચર્ય, વધારે પડતો ક્રોધ થાય તો ઘી ત્યાગ વગેરે કેઈ નિયમો લેવાયા. છેલ્લે છેલ્લે લગભગ ૯૦ જણાએ બાર વ્રત ઉચ્ચર્યા. ખુદ મોટાજી વગેરેએ પણ ચારિત્ર ન લેવાય ત્યાં સુધી અમુક અમુક ત્યાગના નિયમો કરશે.

ફા.સુ ૧૨ થી ઉપધાન તપનો સુંદર ઉત્સવ ઉજવાયો. હજારો માણસ એકત્રિત થયું. માળની ઉપજ પણ સારી થઈ. ફા સુ. ૭ માળારોપણ વખતે જનતાનો અપૂર્વ ઉત્સાહ હતો. ખુશાલીમાં રત્નાજી તથા મોટાજીના તરફથી ફા.વ. ૮ સીલદર અને આસપાસના ગામના કુલ જૈન-જૈનેતર ભાઈ બેનોને પણ જમણ (ફૂલે ચુંદડી) આપવામાં આવ્યું. જૈન ધર્મની મહાન પ્રભાવના થઈ. ગામડાંઓમાં રહી ધર્મમાં પછાત રહેલા અનેક જૈનોને આ ઉપધાન પ્રસંગથી નવું ધર્મ ચૈતન્ય પ્રગટ્યું. માળ પર પૂ.આ.શ્રી વિજય યશોદેવસરિજી મ. તથા પૂ. પંન્યાસજી મહારાજો શ્રી ભદ્રંકર વિ.મ.શ્રી ચિદાનંદ વિ.મ., શ્રી મલય વિ.મ.શ્રી સુદર્શન વિ.મ.,શ્રી હેમંત વિ.મ.શ્રી ત્રિલોચન વિ.મ.શ્રી હિમાંશુ વિ.મ.શ્રી ભાનુવિ. મ.તથા લગભગ ૬૦ મુનિરાજોની હાજરીથી ધર્મરંગમાં સુંદર જુવાળ આવ્યો. અમદાવાદથી શાસન સુભટ ચીમનલાલ કેશવલાલ કડિયા પણ પધારેલ. એમણે ઉછામણીમાં સુંદર પ્રોત્સાહન, માળારોપણમાં સુંદર વ્યવસ્થા તથા પ્રભુભક્તિમાં સારો રંગ જમાવ્યો. વિધિકારક ભાઈશ્રી રમણલાલ કેશવલાલના હાથે શાન્તિસ્નાત્રાદિ અનુષ્ઠાન ભાવભક્તિ અને વિધિસહિત થયા. પૂ. આચાર્યદેવને ચોમાસું કરાવવા પિંડવાડા સંઘની જોરદાર વિનંતી થઈ. અમદાવાદ, બિયાવર વગેરેની પણ વિનંતી થયેલી છે, એઓશ્રી વિહાર કરી પાલણપુર તરફ પધારે છે.

● **મહેસાણા જૈન પાઠશાળા :** અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ અને પાલીતાણા કાર્યાલયના કપૂરચંદભાઈ શિખરજી પ્રતિષ્ઠા પ્રસંગે ગયા હતા. યાત્રાઓ પણ સારી કરી. રાજગૃહી પાંચે પહાડની યાત્રા ઉલ્લાસથી કરી. ભાગલપુર ચંપાપુરી વગેરેની યાત્રા કરતાં કલકત્તા આવ્યા. શેઠ મણિલાલ વનમાળીદાસ, કેશવલાલ ધારશીભાઈ, દામોદરદાસ ઝીણાભાઈ, અંદરજી મોતીચંદ આદિ બંધુઓએ સારું સ્વાગત કર્યું, સારી પહેરામણી કરી. મણિભાઈએ મોટરોમાં બધે દર્શનાદિ કરાવ્યાં. યાત્રાઓમાં સ્નાત્ર મહોત્સવ વગેરે સુંદર ઉજવ્યું.



● **આદોની (આંધ્ર)** : શ્રમણ ઔષધાલયની મદ્રાસ આદોનીની સંસ્થાને ઈસ્માલપુરવાળા શ્રી નેમચંદ નવલમલજી, ચંદુલાલજીએ રૂા. ૩૧૦૦/-, ઇચલકંરજીના ચંદુભાઈ આદિ ત્રણે રૂા. ૯૫૦/-, બીજાપુરના બાબુભાઈ સંઘવીએ રૂા. ૫૦૦/- ચેનમલજી (નાબતવાડા) રૂા. ૬૦૦/- વિજયરાજજી (મુદબિહાલે) રૂા. ૨૦૦૦/-, સોલાપુર સંઘે રૂા. ૯૯૧/- શહાપુરના રીખવચંદજી તથા હિંમતમલજીએ રૂા. ૭૦૦ - અને એક વ્યક્તિએ રૂા. ૧૫૦૦/- દવાઓ માટે ભેટ કર્યા. એમાંથી સંસ્થા-ઓફિસમાંથી અને શ્રેયસ્કર મંડળ, સિદ્ધક્ષેત્ર ઔષધાલય, તથા આ.ક. દવાખાનામાંથી ૬૪૪૮ સાધુ-સાધ્વીજી મહારાજોને દવાઓ અપાઈ. મોટી રકમ ભેટ લેવામાં આવે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૨૮,તા.૧-૪-૧૯૬૧

● **પાલણપુર :** પૂ. ગુરુદેવ આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સીલદરમાં ઉપધાનની ભવ્ય આરાધના કરાવ્યા પછી, વિહાર કરતાં દાંતરાઈ પધાર્યા. દાંતરાઈમાં છેલ્લા કેટલાક વરસોથી સંઘમાં ત્રણ તડ પડ્યા હતા, ને દેવદ્રવ્યની રકમનું નુકસાન થયું હતું. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ.ની પ્રેરણાથી સમાધાન કરાવાયું, પક્ષો મટ્યા, અને દેવદ્રવ્યની ખોટ ભરપાઈ કરવા ઉપાય કાઢવામાં આવ્યો. સંઘ ઐક્યની ખુશાલી જીરાવલાજી તીર્થે ઉજવાઈ. મોટા ગામમાં મળેલી મારવાડના ૫૯ પંચોની મિટિંગ વખતે પૂ. ગુરુદેવની પ્રેરણાથી રાજસ્થાન ટ્રસ્ટો માટે એક કમિટી નીમાઈ અને સિરોહી મુકામે બીજી મિટિંગ કરી ફંડ, કાનુની બાબત, આવક તથા હિસાબી વ્યવસ્થા વગેરેનું બંધારણ નક્કી કરવાનું કર્યું. પૂ. ગુરુદેવ વિહાર કરી મંડાર પધાર્યા. જનતાએ સારો લાભ લીધો. ચતુર્થવ્રત વગેરે ઉચ્ચારાવ્યા. ત્યાંથી પૂ. આચાર્યદેવ ગેગોલ પધારતાં સંઘમાં ઐક્ય માટે નક્કી કરાવાયું ગામેગામ ધર્મભાવનાની વૃદ્ધિ કરાવતાં પૂ. ગુરુદેવનો ચૈ.સુ ૧૦ પાલણપુરમાં વિશાળ પરિવાર સાથે ભવ્ય સ્વાગત પૂર્વક પ્રવેશ થયો, માનવ મેદની ધાર્યા કરતાં ઘણી હતી. સામૈયું ઉપાશ્રયે આવતાં મોટા ઉપાશ્રયનો વિશાલ વ્યાખ્યાન હોલ પણ સાંકડો પડી ગયો એટલી મેદની ઉભરાઈ. અત્રે બોર્ડિંગ અને પાઠશાળામાં સુંદર ધાર્મિક શિક્ષણ અપાય છે. સંઘે સારા પગારે ધાર્મિક શિક્ષકો રોકેલા છે. બોર્ડિંગમાં નવા નિમાયેલા માસ્તર માનચંદભાઈએ છોકરાઓને એવા સુંદર કેળવ્યા છે કે દા.ત. છોકરાઓને પરીક્ષાનો સમય નજીક

છતાં ઓળીમાં રોજ એકવાર પ્રતિક્રમણ રાજીથી કરાવાય છે. હવે વેકેશનમાં બોર્ડિંગના અને શહેરના છોકરાઓને તત્ત્વજ્ઞાન અને ધાર્મિક સંસ્કરણ માટે વિશિષ્ટ યોજના વિચારાઈ રહી છે. એ સારુ સંઘના આગેવાનોની ધગશ અને પ્રયત્ન જોરદાર છે.

● **વરતેજ :** સિહોરનિવાસી બાલબ્રહ્મચારી કુમારી શ્રી મંજુલાબહેન દલીચંદ. સુભદ્રાબહેન ચુનીલાલે પૂ. સ્વ. આચાર્યદેવશ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિમહારાજશ્રી મંગળવિજયજી મ. ના વરદ હસ્તે ધામધૂમપૂર્વક ભાગવતી દીક્ષા અંગીકાર કરેલ છે. બંને દિવસોએ નવકારશીનું જમણ થયું હતું. તથા સંઘે પાંચ દિવસનો મહોત્સવ ઉજવ્યો હતો. શ્રી મંજુલાબહેનનું નામ શ્રી મૃગેન્દ્રજયાશ્રીજી (તેમના સંસારી માસી) શ્રી પ્રિયદર્શનાશ્રીજીના શિષ્યા બનાવવામાં આવેલ. જ્યારે શ્રી સુભદ્રાબહેનનું નામ શ્રી સુરેન્દ્રજયાશ્રીજી શ્રી ઈન્દ્રજયાશ્રીજીના શિષ્યા બનાવવામાં આવેલ.

ઉપરોક્ત મહોત્સવ સિહોરમાં જ ઉજવવા માટે ઘણી જ આકાંક્ષા સિહોર સંઘને હતી. પરંતુ દીક્ષાર્થી બહેનોને પૂજ્ય મહારાજ સાહેબના વરદ હસ્તે જ ચારિત્ર અંગીકાર કરવાની ભાવના હોઈ સિહોરથી વરતેજ ચારિત્ર લેવા ધામધૂમપૂર્વક વિદાય લઈને ગયા. સિહોરમાં તેમનો સન્માન સમારંભ યોજાયો, રાત્રિજગા અપાયા અને બહુમાનપૂર્વક સંઘે તેમને વિદાયગીરી આપી.

● **મહેસાણા :** શ્રી જૈન શ્રેયસ્કર મંડળની જનરલ વ્યવસ્થાપક સમિતિની એક મિટિંગ તા. ૨૩-૨-૬૧ના રોજ સવારે ૯ાા વાગે અમદાવાદ મુકામે શેઠ શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયાના નિવાસસ્થાને શ્રીમાન શેઠ શ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ લાલભાઈના પ્રમુખ સ્થાને મળી હતી તે પ્રસંગે સમિતિના સભ્યો (૧) શેઠ જીવતલાલ પ્રતાપશીભાઈ (૨) શેઠ રમેશચંદ્ર બકુભાઈ (૩) શેરદલાલ-રતિલાલ નાથાલાલ (૪) શેઠ મોહનલાલ જમનાદાસ (૫) શેઠ અમૃતલાલ દલસુખભાઈ હાજી (૬) શેઠ ચીમનલાલ કેશવલાલ કડીયા (૭) ડૉ. મગનલાલ લીલાચંદ (૮) શેઠ હીરાલાલ મણિલાલ (૯) શેઠ બાબુલાલ ગીરધરલાલ સંઘવી (૧૦) શેઠ પુનમચંદ વાડીલાલ.

તદુપરાંત સંસ્થાના મેનેજર કાન્તિલાલ વલ્લભદાસ અને પરીક્ષક વાડીલાલ મગનલાલ હાજર હતા. સંસ્થાના અનેકવિધ ખાતાઓની તલસ્પર્શી વિચારણા બાદ સંસ્થા પાસે રહેલ-જીર્ણોદ્ધારની રકમ જુદા જુદા શહેરો તથા ગામડાઓની આવેલ અરજીઓ મુજબ યોગ્ય મદદમાં આપવા મંજૂર કરેલ છે તેમ જ બાકીની રકમ જીર્ણોદ્ધારમાં વાપરવા નિર્ણય લેવાયો હતો. હળવદ નિવાસી ધર્મપ્રેમી શેઠ શ્રી ગુલાબચંદ ગફલભાઈ તરફથી રૂા. ૧૦,૦૦૦ દશ હજારના યુ. પી. બોન્ડની



રકમનો ભેટ તરીકે સ્વીકાર થયો. શ્રી અંતરીક્ષજી તીર્થ કમિટીની લેપ અંગેની અરજી આવતાં રૂા. ૬૦૦૦ સુધીનો સંપૂર્ણ ખર્ચ આપવા ઠરાવ કરવામાં આવેલ. ફાગણ સુ. ૧૩ના રોજ સંસ્થા તરફથી પાલીતાણામાં સિદ્ધવડ નજીક યાત્રિકોને ભાતું રૂા. ૭૦૦નું આપી સુંદર ભક્તિ કરવામાં આવી હતી. પાલીતાણા જૈન શ્રાવિકાશ્રમના આમંત્રણથી તા. ૪-૫-૩-૬૧ના રોજ ધાર્મિક પરીક્ષા સંસ્થાના પરીક્ષક વાડીલાલ મગનલાલ શેઠે ધાર્મિક કેળવણી અંગે યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું.

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૯,અંક-૨૯,તા.૮-૪-૧૯૬૧**

● **પાલનપુર :** પૂ. ગુરુદેવ આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ વિશાળ મુનિમંડળ સાથે અત્રે પધાર્યાથી સંઘમાં લાભ સારો લેવાઈ રહ્યો છે. સવારમાં પ્રૌઢોને તત્ત્વજ્ઞાન આપવાનો વર્ગ ચાલુ થયો છે. ચૈ.સુ.૧૩ મહાવીર પરમાત્માનું જન્મ કલ્યાણક હોઈ પ્રેરણા કરવામાં આવતા સંઘે મૂર્તિપૂજક અને સ્થાનકવાસી ભાઈઓના સહકાર સાથે કલ્યાણકનો વરઘોડો સુંદર કાઢ્યો. બપોરના **'મહાવીર પ્રભુનું જીવન રહસ્ય'** વિષય પર જાહેર વ્યાખ્યાન જીવનવાડીમાં યોજવામાં આવ્યું. બંને પ્રસંગની જાહેરપત્રિકા પ્રચારવામાં આવી હતી. આગેવાનોએ નહિ ધારેલો જન-ઉત્સાહ નિહાળ્યો. વ્યાખ્યાન વખતે જીવનવાડીના વિશાળ હોલમાં પણ મેદની સમાઈ શકી નહિ. પ્રભુએ જીવેલા સાધક જીવન પાછળનું રહસ્ય અને પ્રભુના ચરમ ભવના જીવન પ્રસંગો પાછળનું રહસ્ય ઇત્યાદિ અંગેનું પ્રવચન સાંભળવામાં એકતાન બનેલા શ્રોતાગણ પર સંવેગ, વૈરાગ્ય અને અર્હદ્‌ભક્તિની ગંભીર છાયા પ્રસરી ગઈ હતી. અત્રે પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજે કેન્સરની વધતી પીડામાં પણ ચાર ઉપવાસ સુખરૂપ કરી ચૈત્ર સુ.૧૫નું પારણું કર્યું છે.

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૯,અંક-૩૧,તા.૨૨-૪-૧૯૬૧**

● **છાણી :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ.ના સાનિધ્યમાં નૂતન જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન અમલનેરવાળા શ્રી નેમિચંદ કોઠારીના હસ્તે થયું. અમલનેરવાળા શ્રી રીખવચંદભાઈ, વડોદરાવાળા શ્રી સુંદરલાલ કાપડિયા (M.A) વગેરેના ભાષણ થયા. શા.શીવલાલ હીરાચંદે સાધર્મિક ભક્તિનો લાભ લીધો.

● **ભગુર :** (નાસિકથી ૧૦ માઈલ દૂર) જિનમંદિરનો જીર્ણોદ્ધાર થાય છે.

સંઘનું ફંડ અને પૂર્વની સિલિક મળી રૂા. ૫/- હજાર ખર્ચયેલ છે. રૂા. ૨૦/- હજારનો ખર્ચ છે. પ્રાચીન રમણીય તીર્થ હોઈ મદદ કરવા યોગ્ય છે.

● **ભિનમાલ :** પૂ.પં.શ્રી ચિદાનંદ વિજયજી મહારાજ આદિએ અત્રે સંઘના આગ્રહથી નવપદજીની ઓળી કરાવી. વ્યાખ્યાનાદિથી સંઘમાં ધર્મભાવના સારી વધી. જૈનોનાં ૮૦૦ ઘર અને ૬ જિનમંદિરો છે. પૂ. મુનિવરોએ વિચરવા યોગ્ય ક્ષેત્ર છે. પૂ. પંન્યાસજી નાકોડાજી કાપરડાજી વગેરે તરફ પધાર્યા છે.

● **પૂના :** જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ (૨૧૫ બુધવાર પેઠ) તરફથી ભગવાન 'શ્રી મહાવીર પ્રભુની ઉપદેશધારા' વિષય પર ફુલ્સકેપ ૫ પેજ જેટલો નિબંધ માગવામાં આવ્યો છે. ગુજરાતી, હિન્દી કે અંગ્રેજીમાં તા. ૧-૬-૬૧ સુધીમાં સ્વીકારશે. કુલ પાંચ ઈનામ રૂા. ૨૦૧-૧૫૧-૭૫-૫૧-૨૫ રખાયા છે. પ્રભુએ શ્રમણપ્રધાન સંસ્કૃતિ કાજે ત્રણે કાળના સ્વરૂપને નજર સામે રાખી આર્ય સંસ્કૃતિની રૂપરેખા શબ્દ ચિત્રમાં કેવી રીતે રજૂ કરી હતી તેનો જ ખાસ ઉલ્લેખ આ નિબંધમાં કરવાનો છે.

● **લુણાવા :** પૂ.ઉ.શ્રી ધર્મવિજયજી મહારાજની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મહારાજે સંઘને ઓળીની સુંદર આરાધના કરાવી. ૧૬૦૦ આંબેલ થયા. વ્યાખ્યાનની સરળ અને જીવનને જાગ્રત કરે તેવી ભાષાથી સારી અસર પડે છે. સંઘે ચોમાસાની વિનંતી પણ કરેલી છે, ચૈત્ર સુદ ૧૩ વીર જન્મ કલ્યાણકની ઉજવણી સરકારી સ્કૂલમાં ૪૦૦ વિદ્યાર્થીઓ અને શહેરના માનવ સમૂહની મોટી હાજરીમાં સારી થઈ.

● **પીપળગામ :** પૂ. મુનિરાજશ્રી રંગવિજયજી મહારાજની નિશ્રામાં ઓળી સુંદર ઉજવાઈ. બધો ખર્ચ સુમતિલાલ દીપચંદે કર્યો. અમલનેરથી ખાસ બોલાવેલા શ્રી રીખવચંદભાઈએ પૂજા ભાવનામાં રંગ જમાવ્યો.

● **સર્વોદયતીર્થ :** ટાકેદ (જિ. નાસિક) અમદાવાદ જીર્ણોદ્ધાર કમિટી તરફથી કામ ચાલુ છે. ઘોટીથી મોટર જાય છે. પ્રાચીન તીર્થ છે.

● **મેત્રાણા :** શેઠ મણિલાલ અમીચંદભાઈના આમંત્રણથી ચૈત્રી ઓળીની આરાધના અમદાવાદ સિદ્ધચક્ર સમાજના આશ્રયે થઈ. સમાજના કાર્યકર્તાઓ શેઠ સોમચંદ મંગળદાસ, નેમચંદભાઈ વગેરેની ખાસ વિનંતીથી પૂજ્ય મહારાજશ્રી ધર્મસાગરજી ગણિ વિદ્વાન મુનિવર્ય શ્રી અભયસાગરજી મહારાજ પધાર્યા હતા. ઉપરાંત વીસ દિવસની નવકાર મહામંત્રના એક લાખ જાપ પૂર્વકની આરાધના રાખી. સંખ્યાબંધ ભાઈ બહેનોએ લાભ લીધો. ૭૫ થી શરૂ થયેલ સંખ્યા ચૈત્ર સુદી



૭ ના દિવસે તો પાંચસોની સંખ્યા થઈ. દિન પ્રતિદિન શ્રી અભયસાગરજી મહારાજની સમજાવટ પૂર્વકની વિધિવિધાન આરાધના કરાવવાની શૈલીથી આરાધનામાં ઓર રંગ આવ્યો. ઠેઠ મુંબઈ સુધીના આરાધકો આવ્યા હતા. દરરોજ બંને વખત વ્યાખ્યાન, એકાસણાં, આયંબિલ, ઉપવાસની વિવિધ પ્રકારની તપશ્ચર્યા, સ્નાત્રપૂજા, અને અષ્ટ પ્રકારી પૂજાઓ તથા સુદ ૧૩ નો વરઘોડાએ તો જૈન જૈનેતરમાં અપૂર્વ આનંદ પ્રગટાવેલ. સુદ ૧૫ સિદ્ધચક્રપૂજન થયું. તીર્થમાં સાધારણ ખાતાની પણ આવક સારી થઈ.

ગામ મોટો ભાગ મેમણ મુસલમાન ભાઈઓનું હોવા છતાં તેઓ બહુજ પ્રેમ પૂર્વક યાત્રાળુઓને પોતાનું ઘર જગ્યા ખાલી કરી આપી ઉતારો ચાર હજાર માણસોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેવી રીતે અને દરેક પ્રકારની વ્યવસ્થા કરી આપી. આર્ય સંસ્કૃતિનો અતિથિ પ્રેમ સ્પષ્ટ રીતે તરી આવતો હતો.

એકમના સવારથી સાંજ સુધી જૈન ભાઈ બહેનોને તથા જૈનેતર દરેક કોમના ઘેરે મીઠાઈ પહોંચાડી. દરેક માનવમાત્ર અને મુંગા પ્રાણી સહિત જીવ માત્રને શાંતિ પહોંચે તે રીતે છૂટે હાથે ભક્તિ કરી દાનના પ્રવાહ સાથે શાંતિસ્નાત્ર ભણાવવામાં આવેલ. મણિલાલ અમીચંદભાઈને અમદાવાદ પાંચકુવા મહાજનના પ્રમુખ શેઠ અનુભાઈ ચીમનલાલના પ્રમુખપણા નીચે અભિનંદન આપી અનુમોદન કરાયેલ. ત્યાંથી ચતુર્વિધ સંઘે પગે ચાલી ચારૂપ તીર્થયાત્રા કરી.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૩૨,તા.૨૯-૪-૧૯૬૧

● **પાલનપુર :** પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન પૂ. તપસ્વી મુનિવર્ય શ્રી મણિપ્રભવિજયજી મહારાજ ૮૧-૮૨-૮૩-૮૪ મી ઓળી સાથે કરી ૩૩૦ આયંબિલનું પારણું સુખપૂર્વક થયું. તેમાં વિશેષતા એ હતી કે તપસ્વીએ લગભગ ૧૬૦ આયંબિલ તો માત્ર રોટલી અને પાણી ઉપર કર્યા હતા. ધન્ય છે નિર્દોષ જીવન જીવતા તપસ્વીને !

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૩૫,તા.૨૦-૫-૧૯૬૧

● **સિપોર :** વૈ.વદ ૨ ભાઈશ્રી બબલદાસની દીક્ષા પૂ.તપસ્વી મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજના વરદ હસ્તે ધામધૂમથી થઈ; નામ મુનિરાજશ્રી

બાહુબલવિજયજી રાખવામાં આવ્યું છે. એમના કુટુંબીઓ તથા શ્રી સંઘે અને આજુબાજુના ગામના સંઘોએ સારો લાભ લીધો, ૩ દિન પૂજા, રાત્રિજગો નવકારશી થયું. ભવ્ય વર્ષીદાન વરઘોડા વગેરેથી શાસન પ્રભાવના સારી થઈ. અમદાવાદ ગીરધરનગરવાળા માણેકલાલભાઈએ સહકુટુંબ આવી સારો લાભ લીધો.

● **ડીસા :** પૂ. આચાર્યદેવેશશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** રાજપુર ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ પ્રસંગે લાભ આપી અત્રે શ્રી સંઘના અતિ આગ્રહથી પધાર્યા છે. હાલ અત્રે સ્થિરતા છે. પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. પાલનપુરમાં બિરાજે છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૯,અંક-૩૮/૩૯,તા.૨૪-૬-૧૯૬૧**

● **મહેસાણા :** શ્રીમદ્ યશોવિજયજી પાઠશાળાના ૨૭ વિદ્યાર્થીઓ શ્રી રાજનગર ધાર્મિક પરીક્ષામાં બેઠેલા તેમાંથી ૨૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા. રૂા. ૧૭૯/- નાં ઇનામો મેળવ્યાં. વિદ્યાર્થીઓની વાર્ષિક ધાર્મિક, સંસ્કૃત વ્યાકરણ ન્યાય પ્રાકૃત વગેરેની પરીક્ષા વૈશાખ વદમાં જૈન વિદ્વાન પરીક્ષકો મારફત લેવરાવવામાં આવી હતી. સંસ્થાના પંડિતવર્ય શ્રી પુખરાજજી કોઠારીએ **"समास सुबोधिका"** નામની પુસ્તિકા તૈયાર કરી છપાવવા પાલીતાણા રવાના કરેલ છે. સંસ્થામાં તૈયાર થયેલ શ્રી રીખવચંદ ડુંગરશી સંગમનેર (મહારાષ્ટ્ર)માં શિક્ષક તરીકે રૂા. ૧૫૦ ના પગારથી જોડાયા છે. તેમજ વિદ્યાર્થી પ્રભુલાલ સોમચંદને સિકન્દ્રાબાદની પાઠશાળામાં રૂા. ૧૫૦/- ના પગારે મોકલવામાં આવેલ છે. વિદ્યાર્થી ધીરજલાલ રસીકલાલને બોરડી જૈન બોર્ડિંગમાં ધાર્મિક શિક્ષક તરીકે ગોઠવવા નિર્ણય થયો છે. કલકત્તાથી પધારેલ પંડિત પ્રભુદાસ બેચરદાસ પારેખ સંસ્થામાં પધારી સંસ્થાના વિકાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. ખંભાત નિવાસી શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ અત્રે પધારતાં કાર્યવાહકો સાથે પાઠશાળાના ઉત્કર્ષ અંગે વિચાર વિનિમય કર્યો હતો.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અરુણકુમાર શાન્તિલાલે આબુ દેલવાડા પરમ પૂજ્ય ધર્મસાગરજી ગણિવર્ય પાસે પારમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરેલ છે. નામ મુનિશ્રી અશોકસાગરજી મ. રાખ્યું છે.

સંસ્થા તરફથી પરીક્ષક કાન્તિલાલ ભાઈચંદ મહેતા તા. ૯-૯-૬૧ ના રોજ પરીક્ષા અંગે દક્ષિણ ગુજરાતના પ્રવાસે ઉપડશે.

મહેસાણા જૈન ધાર્મિક સેવાસંઘના નેતૃત્વ નીચે મહેસાણા પ્રાન્તના આસીસ્ટન્ટ



ન્યાયાધીશ શ્રીમાન અમૃતલાલ કાળીદાસને ભાવનગર બદલી થતાં વિદાયગિરી આપવાનો એક સમારંભ શેઠ બાબુલાલ મંગળદાસના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યો હતો તે પ્રસંગે ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો તથા વકીલોએ હાજરી આપી હતી.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૯,અંક-૪૦,તા.૮-૭-૧૯૬૧**

● **ડીસા :** અત્રે શ્રી સંઘના અતિઆગ્રહને માન આપી પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સપરિવાર પધાર્યા હતા. શ્રી સંઘે સારો લાભ લીધો, અત્રે પાઠશાળાની વિશિષ્ટ યોજનાની જરૂર હતી. પૂ. ગુરુદેવના ઉપદેશથી શ્રી સંઘે પંચવર્ષીય સભ્યોની યોજના કરી; વિશેષ પ્રેરણા કરતાં અને પાઠશાળામાં જ્ઞાનદાનનું મહત્ત્વ સમજાવતાં સભ્યોએ વાર્ષિક ૨૫-૨૫/- રૂા. ને બદલે રૂા. ૫૧-૫૧/- ની રકમ નક્કી કરી. જૂના ડીસાના સંઘની વિનંતીથી આચાર્ય ભગવંતે સપરિવાર પધાર્યા. રોજ બબ્બેવાર વ્યાખ્યાનમાં સંઘે ભરચક હાજરી આપી. પૂ. મહારાજશ્રીને વધુ રોકવા માટે શ્રી શંખેશ્વર ભગવાનના અટ્ઠમની સમૂહ આરાધના સંઘે નક્કી કરી. આવા ભર ઉનાળામાં પણ ૪૮ જણે અટ્ઠમથી, અને અનેકોએ આંબેલ-એકાસણાથી આરાધના કરી. ત્રણ દિવસ સ્નાત્ર, જાપ, ગીત, ધૂન, ભાવના વગેરેથી અર્હદ્ભક્તિની રમઝટ જામી. ત્રણ દિવસ ક્રમશઃ શ્રી પાર્શ્વપ્રભુના ૧૦ ભવ, શ્રી શંખેશ્વર પ્રભુનો અધિકાર તથા શ્રી પાર્શ્વપ્રભુની આરાધનામાંથી મુખ્ય ફળ રૂપે લેવા યોગ્ય **'સમાધિ'** પર વ્યાખ્યાન વરસ્યાં. પારણાના દિવસે શ્રી અષ્ટાપદજીપૂજા ભાવાર્થ સમજુતી સાથે ભણાવી. પાંચ કલાકની પૂજામાં લોકો કહે છે અષ્ટોતરી સ્નાત્રમાં પણ અમે આવી બહોળી અને અખંડ હાજરી જોઈ નથી. વડગામના ગવૈયા હરજીવનદાસની કંપનીએ ચારે દિવસ રંગરેલ રેલાવી. પૂ. ગુરુદેવ વિહાર કરી પિંડવાડા ચાતુર્માસ અર્થે પધારી રહ્યા છે.

● **નિપાણી :** અત્રે ઉત્સવ પ્રસંગે અમલનેરવાળા રીખવચંદભાઈએ પૂજામાં ખૂબ જમાવટ કરી. ૫૦૦/૬૦૦ ભાઈ બેનોએ બધાએ પૂજા વખતે એમને ચોમાસું રહેવા ખૂબ આગ્રહ કર્યો પરંતુ ચારે બાજુના શાસનના ઉપયોગી કાર્ય કરતા હોઈ પાંચ દિવસ રોકાવા કબૂલ થયા. રોજ ૯ થી ૧૧, ૧ થી ૫ અને રાત્રે ૮ થી ૧૧ એમ ૮/૯ કલાકનો ધાર્મિક કાર્યક્રમ થયો. યુવક વર્ગ તો બહુજ આકર્ષાયો. આ જોઈને કોલ્હાપુર શાહુપુરીવાળા પણ એમને ચોમાસું રોકવા ઝંખે છે. પૂજા વખતે

એ બોધક પદો તથા ધર્મોત્સાહ-પ્રેરક સમજુતી વિશિષ્ટ રીતે કહે છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૪૧,તા.૧૫-૭-૧૯૬૧

● **અમદાવાદ :** પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પાસે ચારિત્ર લેનાર ગીરધરનગરવાસી શ્રી હીરાલાલ દીપચંદને જૈન પ્રભાવક મંડળ તરફથી આદર્શ કન્યાવિદ્યાલયના પ્રિન્સિપાલ શ્રી વાડીલાલ હવચંદના પ્રમુખપદે માનપત્ર આપવાનો ભવ્ય મેળાવડો પાંજરાપોળે ઉજવાયો. મંડળના મુખ્ય કાર્યકર શ્રી રમણલાલ, મંડળ-પ્રમુખ દેવચંદભાઈ, વર્ધમાન જૈન સંસ્કારશાળા શિક્ષક શ્રી પ્રવિણચંદ્ર, શ્રી નેમિ જૈન પાઠશાળા અધ્યાપક શ્રી છોટાભાઈ, પ્રકાશ ગારીયાધરકર, વગેરેએ ત્યાગ ધર્મના સારા ગુણગીત ગાયા. પ્રમુખશ્રીએ મંડળના ઉત્કર્ષમાં રૂા. ૧૦૧/- ભેટ કર્યા. દીક્ષાર્થીને માનપત્ર અર્પણ કર્યું.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૪૨,તા.૨૨-૭-૧૯૬૧

● **પિંડવાડા :** સિદ્ધાન્તમહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** અત્રે સંઘના અતિ આગ્રહ અને ઉલ્લાસને માન આપી ચાતુર્માસાર્થે પધારતાં શ્રી સંઘ ભવ્ય પ્રવેશ સ્વાગત કરવા કમિટીઓ નીમી તડામાર તૈયારીઓ કરવા માંડી. પૂ. આચાર્યદેવ પિંડવાડામાંથી પ્રગટેલ રત્ન હોઈ નગરના બાળથી માંડી બુઢ્ઢા સુધીનાને ઉછરંગનો પાર નહોતો. પૂજ્યશ્રી ઝારોલી પધારતાં ત્યાંના સંઘે પણ અપૂર્વ લાભ લીધો. બબ્બેવાર વ્યાખ્યાન, પૂજાઓ, ઉપરાંત પ્રભુપૂજા વગેરે અનેક નિયમો સાથે સમસ્ત સંઘે હોટલત્યાગનો નિયમ કર્યો, અષાઢ સુદ ૧ પૂ. ગુરુદેવશ્રી સિરોહીરોડ સ્ટેશન ધર્મશાળાએ પધારતાં પિંડવાડા સંઘનો મહેરામણ ગુરુ દર્શનાર્થે ઉમટ્યો. બીજી બાજુ નગરમાં દરવાજાઓ ધજાઓ બોધક બોર્ડો વગેરેની શોભા કરી દેવામાં આવી. અષાઢ સુદ ૨ ના સવારે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મ., પૂ.પં. શ્રીમાનવિજયજી મ., પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મ., **પૂ.પં. શ્રી ભાનુવિજયજી મ., તથા વિશાળ મુનિમંડળની સાથે પૂ. ગચ્છપતિ આચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનો ભવ્ય સમારોહ સાથે ભવ્ય નગરપ્રવેશ થયો.** સ્વાગત ઉપર બહારના અનેક ગામનગરોથી વિશાળ સંખ્યામાં ભક્તવર્ગ ઉપસ્થિત થયો હતો. ગજરાજ, ઘોડાઓ, સાંબેલા, પાઠશાળા વિદ્યાર્થીઓની કોર, શિવગંજ



સંગીતમંડળી, સિરોહી મિલિટરી બેંડ, આબાલવૃદ્ધ વિશાળ સંખ્યામાં પૂ. શ્રમણગણ મહાન સાજન, પૂ.સાધ્વીજી મહારાજો ને શ્રાવિકા સમૂહથી વરઘોડો જૈન શાસનની જ્યોતિ ઝળકાવી રહ્યો હતો. માર્ગમાં જૈનેતરોને ગોળના પડિકાં વહેંચવામાં આવતાં. ધર્મશાળાએ આવી સંઘે સ્વાગતગીત ગાયાં, માંગળિક પ્રવચન સાંભળ્યું;ને અનેક ભાવિકોએ રોજ કાચું પાણી નહિ પીવાના સોગંદ લીધા. પૂ. આચાર્યદેવને શિવગંજ, વાલી, વિસલપુર, બેડા, સાદડી, ગઢસીવાણા, લાસ, કોશિલાવ, સિરોડી, ભારજા, નાણા, જાલોર; લુણાવા, વાંકલી, દાંતરાઈ, વગેરે અનેક મારવાડના સંઘોની ચોમાસા માટે આગ્રહભરી વિનંતી હોઈ મોટા ભાગને પૂ. મુનિવરો આપી સંતોષવામાં આવ્યા, કચ્છ, ગુજરાત સૌરાષ્ટ્ર, ખાનદેશ, દ. મહારાષ્ટ્ર દેશોમાં પણ પૂ. આચાર્યદેવશ્રીએ પૂ. આચાર્યદેવાદિ મુનિમહારાજાઓને ચોમાસાર્થે મોકલ્યા છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૪૫,તા.૫-૮-૧૯૬૧

● **પિંડવાડા :** પૂ. **આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબના અત્રે ચાતુર્માસથી નગર ધર્મપ્રવૃત્તિથી ગાજી રહ્યું છે. લગભગ બધા જૈનોએ હોટેલમાં જવાનું બંધ કર્યું. વ્યાખ્યાન સભા ચિકાર ભરાય છે. ઘણાઓએ મરણ પાછળ દિવસો સુધી રોવા-કૂટવાનો રિવાજ બંધ કર્યો. ચોમાસી નિયમો, બ્રહ્મચર્ય વગેરેના નિયમો લેવાતા જાય છે. વર્ધમાન તપના પાયા સામુદાયિક ચાલુ છે. હવે પછી એક વ્યક્તિ તરફથી ભક્તિ સાથે સમૂહ નવકાર તપ શરૂ થનાર છે. વ્યાખ્યાનમાં તહેસીલદાર પોલિસ સુપ્રીન્ટેન્ડન્ટ, ગ્રેજ્યુએટો પણ આવે છે. પૂ. મુનિરાજશ્રી રંજનવિજયજી મહારાજે અઠ્ઠાઈ શરૂ કરી છે. શક્તિ રહે તો મોટા તપની ભાવના છે. મુનિમંડળમાં તપ સ્વાધ્યાયની સુંદર પ્રવૃત્તિ ચાલી રહી છે. પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજને કેન્સર રોગની વૃદ્ધિ જેવું જણાય છે. ગભરામણ, ઉબકા, ઊલટી, પીઠમાં દુઃખાવો વગેરે થઈ આવે છે. માથાનો દુઃખાવો, મુખ પર આંચકા વગેરે ચાલુ છે. આમ છતાં સારું સહન કરવા સાથે જ્ઞાનધ્યાનમાં ઉજમાળ રહે છે.

● **જામનગર :** પૂ.પં. શાંતમૂર્તિ શ્રી જયંતવિજયજી મ.આદિનું ચોમાસું શાંતિભવનમાં ધર્મોદ્યોતક બની રહ્યું છે. બાપજીના તપસ્વી પૂ.મુનિવર શ્રી હેમેન્દ્ર વિ.મ.આદિ પાઠશાળામાં લાભ આપી રહ્યા છે. પૂ.આ.શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ. ના પ્રશિષ્યો પૂ.પ્ર.શ્રી કમળવિજયજી મ.શ્રી કલાપૂર્ણવિજયજી મ. આદિ પ્લોટમાં ધર્મસુવાસ ફેલાવી રહ્યા છે.

● **ગઢસીવાણા :** પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મ. આદિનું સંઘના અતિ આગ્રહથી ચોમાસું અત્રે થયું. પ્રવેશ સ્વાગત ધામધૂમથી થયું. વ્યાખ્યાનો સારા ચાલી રહ્યા છે.

● **બોરસદ :** પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ.સંઘના આગ્રહથી અત્રે ચોમાસા પર પધાર્યા છે. ધર્મદેશના સારી ચાલી રહી છે. પૂ. મુનિશ્રીને ૫૯ મી ઓળી ચાલે છે. વ્યાખ્યાન ઉપરાંત પ્રૌઢોને તત્ત્વજ્ઞાન આપવાનો વર્ગ શરૂ કર્યો છે.

● **કડી :** અત્રે જૈન વિદ્યાર્થી ભવનમાં ધાર્મિક માસ્તર દલપતભાઈ છોકરાઓને સારા સંસ્કાર નાખી રહ્યા છે. વેકેશનમાં ખાસ નવકાર પ્રથમ પદનો લાખ જાપ વિદ્યાર્થીઓને કરાવ્યો, સ્નાત્ર, પ્રતિક્રમણ, ભાવના આદિ સારા થતા. અનુમોદનાનો ભવ્ય સમારંભ અમદાવાદ ગીરધરનગરવાળા શેઠ શ્રી હીરાભાઈ મણિલાલના પ્રમુખપદે સારો ઉજવાયો.

● **મોઢેરા :** અત્રે બીજા જેઠ વદ ૫ રાત્રે બાર વાગે જિનમંદિરમાં વાજાં વાગવાં લાગ્યા. બહાર બેઠેલા પાટીદાર ભાઈઓએ આ સાંભળેલા, જૈનશાસનનો મહિમા વધ્યો તેથી સંઘે પૂજા ભણાવી.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૪૬,તા.૧૨-૮-૧૯૬૧

● **પિંડવાડા :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજને ચાલુ બિમારીમાં ફેફસા પર પ્લુરામાં સોજો આવી જવાથી ઘણી તકલીફ થઈ. ખાંસી ખવાય નહિ, શ્વાસ ઊંડો લેવાય નહિ. છતાં શાંતિથી સુંદર સહન કર્યું. હવે કંઈક ઠીક છે. પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં ભાઈ શ્રી સમરથમલજી રાયચંદ ચીમનાજી તરફથી શ્રી નવકાર મંત્રનો તપ વિશિષ્ટ આયોજન સાથે કરાવવાનું ઠર્યું છે. નગરમાં ધર્મની સુંદર ફોરમ ફેલાઈ ગઈ છે. કુટુંબના પ્રત્યેક માણસે રોજ સવારે પહેલો દાનધર્મ કરવાના સોગન લીધા.

● **લાસ :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી હર્ષવિજયજી મ.,પૂ.મુનિરાજશ્રી પ્રદ્યોતન વિ.મ. આદિ ઠા. ૪ ચોમાસુ છે. તેઓશ્રીની ત્યાગ-તપ-તત્વરસથી તરબોળ વાણીના પ્રભાવે શ્રીસંઘમાં અપૂર્વ ધર્મચૈતન્ય પ્રગટ્યું છે. ૧૧૧ આરાધકોએ આયંબિલના તપ સાથે અરિહંતપદનો જાપ કર્યો હતો. અ.સુ. ૧૩ થી લગભગ ૭૦ આરાધકોએ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના મંગલકારી અઠ્ઠમનો તપ ૧૨॥ હજારના જાપ સાથે આરાધ્યો હતો. જૈનેતરો પણ સારી સંખ્યામાં લાભ લે છે. પૂ. તપસ્વીજીના શિષ્ય



મુ. મલ્લિષેણ વિ.મ નું જન્મસ્થાન હોઈ લોકોમાં ઉત્સાહ ઘણો જ છે.

● **કોશેલાવ :** પૂ. મુનિરાજ કૈલાસપ્રભ વિ.મ. તથા મુ. જિનપ્રભ વિ.મ. આદિ ઠાણા-૩ અત્રે પધારેલ છે. પ્રવેશ વ્યાખ્યાનાદિ સારી રીતે થયેલ.

માંગલિક નિમિત્તે તે દિવસે ૧૭૫ લગભગ આયંબિલ થયેલ. સંઘમાં ચાર મહિના માટે આયંબિલ ભક્તિ ચાલુ થયેલ છે.

● **કલકત્તા :** પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી માણિક્યસાગરસૂરિજી મહારાજ તથા ગણિવર શ્રી ચિદાનન્દસાગરજી મ. આદિ ૨૦ સાધુ ભગવંતો સંઘની આગ્રહભરી વિનંતીથી ચાતુર્માસ બિરાજમાન છે. વ્યાખ્યાનમાં "શ્રી ધર્મરત્ન પ્રકરણ" તથા શ્રી યુગાદિ દેશના વંચાય છે. ચોમાસી ચૌદશની આરાધના સારી થઈ. અમદાવાદ મુકામે દીર્ઘતપસ્વી સાધ્વીશ્રી તીર્થશ્રીજી મહારાજના કાળધર્મ પામ્યાના સમાચાર આવતાં સાધ્વી સમુદાયે દેવવંદન કરેલ અને તે નિમિત્તે અત્રે આઠ પૂજાઓ રાખવામાં આવી.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૯,અંક-૪૮,તા.૨૬-૮-૧૯૬૧

● "તંત્રી નોંધ"

ટ્રસ્ટ બીલ પ્રતિકાર સમિતિ અને કૉન્ફરસ સંબંધમાં અમારા એક અગ્રલેખની વિરુદ્ધ લખાણ કૉન્ફરન્સના રબર-સ્ટેમ્પની છાપવાળું અને મંત્રીઓની સહી વિનાનું અમને મળેલું, તેથી અમે એના પર વજુદ નહોતું આપ્યું. સંભવ છે કે કૉન્ફરન્સના પગારદાર મંત્રી શ્રી મોદીની એ કાર્યવાહી હોય, કેમકે માનદ્ મંત્રીઓ સજ્જનતાથી એ કાર્ય ન કરે. પરંતુ 'સેવા સમાજ' અને 'જૈન' પત્રે જ્યારે એ વિરુદ્ધ લખાણ છાપ્યું છે, ત્યારે 'દિવ્ય-દર્શન' પત્ર પ્રત્યે શુભ લાગણીથી પ્રેરાઈ શતાવધાની પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે એક વિસ્તૃત ખુલાસો પ્રગટ કરવા અમારા પર મોકલ્યો છે. 'દિવ્ય-દર્શન' પત્રમાં મર્યાદિત જગા હોઈ એનો કેટલોક ભાગ અહીં પ્રગટ કરીએ છીએ-

તા. ૬-૮-૬૧ ના સેવાસમાજના અંકમાં 'ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ અને પ્રતિકાર સમિતિ અંગે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સનો ખુલાસો' અને જૈન પત્રના તા. ૧૨-૮-૬૧ ના અંકમાં 'સેવકોની શોચનીય મનોદશા'ના હેડીંગ નીચે શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સના મંત્રીઓનું તા. ૧-૮-૬૧નું એક નિવેદન છપાયું છે. તેના તરફ મારું ધ્યાન દોરાયું છે અને એ વાંચીને મને ઘણું આશ્ચર્ય તથા દુઃખ

થયું છે. કૉન્ફરન્સના મંત્રીઓએ આ નિવેદન કરતી વખતે પોતાનાં સ્થાનનો કે પોતાની જવાબદારીનો પૂરો ખ્યાલ કર્યો હોય એમ લાગતું નથી.

સમાજમાં ચાલી રહેલી સંસ્થાઓ કે પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરીને તેના પર પોતાનો મત પ્રકટ કરવાનો તથા જરૂરી સૂચનાઓ આપવાનો વર્તમાનપત્રોને અધિકાર છે. આ રીતે દિવ્ય-દર્શન પત્ર તા. ૨૪-૬-૬૧ના અંકમાં પ્રતિકાર સમિતિ કે કૉન્ફરન્સ અંગે કંઈ લખ્યું હોય તો તેણે પોતાની ફરજ બજાવી છે. એ લેખમાં જો કોઈ હકીકતો ખોટી રજૂ થઈ હોય તો કૉન્ફરન્સના મંત્રીઓ તેનો પ્રતિકાર કરી શકતા હતા અને તેને સુધરાવી શકતા હતા, પરંતુ તેમ કરવાને બદલે તેમણે આવું અઘટિત અને અનિચ્છનીય નિવેદન કેમ કર્યું ? તે બહુ વિચાર કરવા છતાંયે સમજાતું નથી, પરંતુ ઉક્ત બંને પત્રોમાં મંત્રીઓની સામાન્ય સહીથી એ નિવેદન પ્રકટ થયેલું છે, એટલે તે એમની જાણકારીથી તથા એમની સંમતિપૂર્વક જ પ્રકટ થયું હશે, એમ હું માની લઉં છું.

આ બે મંત્રીઓમાંથી શ્રી મોતીલાલ આ પ્રતિકાર સમિતિના કન્વીનર છે અને શ્રી પોપટલાલ સભ્ય છે. વળી પ્રતિકાર સમિતિએ આજ સુધીમાં જે કંઈ અગત્યની કાર્યવાહી કરી છે. તે આ બંને મહાનુભાવોની પૂરેપૂરી જાણકારી અને સૂચનાં-સલાહથી જ કરેલી છે. હવે તેઓ એ જ સમિતિને એકાએક ઊતારી પાડવા તૈયાર થયા છે, એમાં શું સમજવું ? કૉન્ફરન્સ પોતાની અને પ્રતિકાર સમિતિ પારકી તેથી આ પગલું ભર્યું હશે ?

કૉન્ફરન્સે ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ-૧૯૬૦ અંગે જે કાર્ય ઉપાડ્યું, તેને સારું માનીને પ્રતિકાર સમિતિએ આજ સુધી તેને ટેકો આપ્યા જ કર્યો છે અને હજી સુધી તે નીતિ ચાલુ છે. તેણે ધાર્યું હોત તો આ બીલ અંગે પોતાનું સ્વતંત્ર મેમોરેન્ડમ મોકલી શકત અને રામસ્વામી આયરના કમીશન આગળ સ્વતંત્ર જુબાની પણ આપી શકત, પરંતુ આવી બાબતમાં ઐક્ય જાળવવું એ ટ્રસ્ટ બીલ અંગેની લડતના હિતમાં છે. એમ માનીને તેણે સઘળો પ્રયત્ન એકતા જાળવવા માટે જ કર્યો છે અને જુદા પડવાનું ઈષ્ટ માન્યું નથી. રામસ્વામી આયરના કમીશન સમક્ષ મુંબઈની શ્વે.મૂ. જૈન સંસ્થાઓની એકત્ર જુબાની થાય એવો પ્રયાસ પણ સમિતિ તરફથી જ થયો હતો અને તેમાં એને સફળતા મળી હતી.

પ્રથમ કૉન્ફરન્સના પ્રમુખ શ્રી નરેન્દ્રસિંહજી સિંઘીનું વલણ એવું હતું કે આ બીલ અંગે દિલ્હીમાં સીલેક્ટ કમિટી સમક્ષ ઉપસ્થિત થવાનો પ્રસંગ આવે તો આગેવાની શેઠ કસ્તુરભાઈને સોંપવી અથવા તો તેમની સલાહ લઈને આગળ વધવું, પણ સિલેક્ટ કમિટી તરફથી આમંત્રણ મળ્યા પછી તેઓ શેઠ કસ્તુરભાઈને ભૂલી ગયા, પ્રતિકાર સમિતિને પણ ભૂલી ગયા અને તેમણે પોતે આ કાર્ય અંગે જે સમિતિ નીમી હતી, તેને પણ ભૂલી ગયા. તેમણે એ સમિતિની સભા બોલાવી તેની સલાહ લેવાનું પણ ઉચિત માન્યું નહીં અને પોતાની મુનસફીથી ચાર નામો લખી મોકલ્યાં. તેમનું આ વલણ એક લોકશાહી સંસ્થાના પ્રમુખને નહિ પણ સરમુખત્યારને શોભે તેવું હતું અને તેમણે ઘણાનાં મનમાં સખેદ આશ્ચર્ય ઉત્પન્ન કર્યું હતું.

આ વખતે પ્રતિકાર સમિતિને એમ લાગ્યું હતું કે આ પ્રસંગે આપણે શેઠ કસ્તુરભાઈને ભૂલવા ન જોઈએ, એટલે તેના પ્રતિનિધિઓ શેઠ કસ્તુરભાઈને મળ્યા હતા અને જુબાની અંગે માર્ગદર્શન માગ્યું હતું તથા તેમને પોતાને આ બાબતમાં પૂરો રસ લઈ લડતને સફળ બનાવવાની વિનંતી કરી હતી. શેઠ કસ્તુરભાઈએ આ વાતનો સ્વીકાર કર્યો હતો અને ત્યારબાદ તા. ૨૦-૩-૬૧ના રોજ દિલ્હીમાં તેમની જુબાની થઈ હતી. તેઓ આજે ટ્રસ્ટ બીલની બાબતમાં ઊંડો રસ લઈ રહ્યા છે અને તેનું પરિણામ અનુકુળ આવે તે માટે સચિંત તથા સક્રિય છે.

સિલેક્ટ કમિટી સમક્ષ એકંદર જુબાનીઓ સારી થઈ અને સરકાર તરફથી આપણી માગણી સંતોષાય એવાં ચિહ્નો જણાતાં પ્રતિકાર સમિતિએ કૉન્ફરન્સ કાર્યાલયમાં એક સભા બોલાવી હતી અને તેમાં સમિતિના આમંત્રણથી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ, સ્થાનકવાસી કૉન્ફરન્સ, જૈન શ્વે. તેરાપંથી મહાસભા, પ્રતિકાર સમિતિના સભ્યો તથા આગેવાન ટ્રસ્ટના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ સભામાં કૉન્ફરન્સના ઉક્ત મંત્રીઓ શ્રી મોતીલાલભાઈ તથા શ્રી પોપટભાઈ હાજર હતા અને બેરીસ્ટર દલાલ પણ હાજર હતા. પ્રમુખસ્થાને શેઠ જીવતલાલ પ્રતાપશી બિરાજ્યા હતા. તે વખતે આ બીલ અંગે આપણી માગણી કેવી હોવી જોઈએ, તેની સાધક બાધક ઘણી ચર્ચા થઈ હતી અને સામાન્ય અભિપ્રાય જેના માટે ખાસ ઘડાયેલા રિલિજિયસ ટ્રસ્ટ બીલની તરફેણનો મળ્યો હતો.

ત્યારપછી ગમે તે કારણે કૉન્ફરન્સના કાર્યવાહકોને સાથે મળીને કામ કરવાના વલણમાં પરિવર્તન થયું અને તેમણે તા. ૪-૫-૬૧ને રોજ સરક્યુલર બહાર પાડી પોતે જ આ સંબંધમાં બધી કાર્યવાહી કરવાના હોય અને એક સંમેલન બોલાવવાના હોય તેવો ખ્યાલ લોકોનાં મનમાં પેદા કર્યો.

'કૉન્ફરન્સે આજે પોતાનું વ્યાપક પ્રતિનિધિત્વ ગુમાવ્યું છે અને તેણે એક પ્રકારના મંડળનું રૂપ ધારણ કર્યું છે.'-એવી છાપ આજે જનતાના મનમાં ઊંડી રહી

છે. લુધિયાના અધિવેશનમાં ૭૫ પ્રતિનિધિઓએ હાજરી આપી અને ઓલ ઈન્ડિયા સ્ટેન્ડીંગ કમિટીના સભ્યોની ચૂંટણી થઈ શકી નહિ, એ જગા નિમણૂંકની ભરી લેવાનો નિર્ણય લેવાયો, તેણે આ છાપને વધારે મજબૂત બનાવી છે. આ સંયોગોમાં કૉન્ફરન્સના કાર્યકર્તાઓ એકલા હાથે આવી અગત્યની બાબતમાં નિર્ણય કરે તો એ ઈષ્ટ નથી એમ માનીને **દિવ્ય-દર્શન** પત્રે એવી સૂચના કરી હોય કે "જો કૉન્ફરન્સના કાર્યકર્તાઓ સમિતિથી અલગ પડીને આ બાબતની કાર્યવાહી કરશે તો જનતાનો સાથ ગુમાવશે અને ધારેલું પરિણામ આવી શકશે નહિ" તો એમાં ખોટું શું છે ? આ શબ્દોને ધમકીરૂપ માની લેવા અને તેના આધારે જે કાર્યકર્તાઓએ આ બીલ અંગે પોતાના સમયનો ભારે ભોગ આપી રાતદિવસ જોયા વિના કામ કર્યું છે, તેમને અપશબ્દોથી નવાજવા એ ઉચિત છે ? આવાં કાર્યો સંપ અને સંગઠનથી જ સિદ્ધ થઈ શકે છે, એ વાત કૉન્ફરન્સના મંત્રીઓએ ભૂલવી જોઈતી નથી.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૧૦,અંક-૧,તા.૨-૯-૧૯૬૧

## દશમા વર્ષના મંગલ પ્રારંભે

**'દિવ્ય-દર્શન'** પત્રે નવ વર્ષની મજલ પૂરી કરી છે અને આ અંકથી દશમા વર્ષમાં પ્રવેશ કરે છે. આ મંગલ પ્રસંગે અમારાં હૃદયમાં અવનવા ભાવો ઊઠે એ સ્વાભાવિક છે. ઈચ્છા તો એવી થાય છે કે આ સમગ્ર ભાવોનું યથાર્થ દર્શન કરાવીએ, પણ તે માટે જોઈતી વિશિષ્ટ વાણી ક્યાં ? અમારી પાસે તો વખરી વાણી છે અને તે પણ ઘણી મર્યાદિત. વળી સ્થાન પણ સંકીર્ણ છે, એટલે હૃદયગત બે-ત્રણ ભાવોનું આછું-પાતળું દર્શન કરાવીને જ સંતોષ માનીશું.

અમારાં હૃદયમાં પ્રથમભાવ તો એ આનંદનો ઉઠે છે કે અનેકવિધ વિષમ સંયોગોમાં પણ આ પત્ર પોતાની મજલ નિયમિતપણે કાપતું રહ્યું છે અને જે ભારતના શહેર નગર અને ગામોના હજારો વાંચકો તેની આતુર હૃદયે રાહ જોતા હોય છે, તેને સંતોષ આપતું રહ્યું છે.

સકલાગમ રહસ્યવેદી પૂ. સ્વ. આચાર્યદેવશ્રી **વિજયદાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન પ્રખર વ્યાખ્યાતા વૈરાગ્યરસવારિધિ પૂ. પંન્યાસ શ્રી **ભાનુવિજયજી ગણિવરના** પ્રવચનો અધ્યાત્મ રસથી ભરપૂર હોય છે, વિશિષ્ટ શૈલીનાં હોય છે અને સાંભળતાં જ શ્રોતાઓનાં હૃદયને સચોટ અસર કરે એવાં પ્રાણવાન



હોય છે. તેમનાં આ પ્રવચનો પત્રમાં નિયમિત રીતે અપાતાં રહ્યાં છે અને તેમાં છેલ્લા બે વર્ષથી સમરાદિત્ય કેવલિ-ચરિત્રના ચોથા ભવનું વર્ણન કરતાં અનેક ઉપયોગી વિષયો પર સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે. મનુષ્યનું મન કેવું ચંચળ છે ? તે પાપ કરવા કેવી રીતે પ્રેરાય છે ? તેનો પ્રતિકાર કેમ થઈ શકે ? સંસારની ઘટનાઓ કેવી વિચિત્ર છે ? વિધિ આગળ મનોરથો કેવી રીતે નિષ્ફળ જાય છે ? દુઃખમાં શાંતિ કેમ મળે ? માનવતા ક્યાં છે ? આત્મસ્વભાવ, જડસ્વભાવ, કાર્યકારણ-ભાવ, વૈરાગ્ય ક્યાં જોઈએ ? જીવન કર્તવ્ય શા ? એકાંત મતો ખોટા કેમ ? તીર્થંકર પ્રવચનની અનોખી વિશેષતાઓ, સાધ્ય-સાધનનો વિવેક, જૈન શાસનમાં સમાધિ, સાચું શાંતિકર્મ, વીતરાગની ભક્તિ, હૃદયપલટો કોને કહેવાય ? વગેરે વગેરે અનેક વિષયો એવા રજૂ થયા છે કે જે ફરી ફરીને વાંચવાનું મન થાય અને આત્માને અતિ જાગ્રત કરે. આવું ચિંતનપૂર્ણ નક્કર આધ્યાત્મિક વાંચન અન્યત્ર ભાગ્યે જ જોવા મળે છે, જ્યારે જગતને ભૌતિકવાદની ભયંકર નાગચૂડમાંથી બચાવી લઈ અધ્યાત્મના રસ્તે વાળવાની જરૂર છે, ત્યારે આ જાતનું સાહિત્ય રજૂ કરવું એ સમયસરની સાચી સેવા નથી શું ? જો એ સેવા માટે અમારું હૃદય કંઈક આનંદ હર્ષ અનુભવે તો એમાં અનુચિત્ત શું છે ?

દિવ્ય-દર્શનનાં પ્રથમ પાને પ્રકટ થતા અગ્રલેખોએ પણ જૈન સંઘ અને શાસનના વિવિધ પ્રશ્નો પર અદ્‌ભુત પ્રકાશ પાડ્યો છે અને તેણે વાંચકોની ઘણી ઘણી ચાહના મેળવી લીધી છે. ધી રિલિજિયસ ટ્રસ્ટ બીલ ૧૯૬૦ અંગે ખાસ વધારો પ્રકટ કરી એ બીલમાં રહેલી ભયંકરતાનો ખ્યાલ આપવામાં આવ્યો હતો, અને ત્યારબાદ એ બીલ અંગે જૈન જનતાનું કર્તવ્ય સમજાવતા તથા વખતો વખત ઉત્પન્ન થતી પરિસ્થિતિની સમાલોચના કરતાં અનેક લેખો પ્રકટ કરવામાં આવ્યા હતા. **'ઈતિહાસના અજવાળે'** નામની લેખમાળાએ જૈન ઈતિહાસનાં સોનેરી પૃષ્ઠો પાઠક સમક્ષ ભવ્ય રીતે રજૂ કર્યા હતાં, વળી જૈન સંસ્કારોને જાળવી રાખવા, ધાર્મિક શિક્ષણનો પ્રચારવા, ધાર્મિક ઉત્સવ-મહોત્સવો વધારે તેજસ્વી બનાવવા, સમાજનું નૈતિક ધોરણ ઊંચું રાખવા તથા સંપ અને સંગઠનની હિમાયત કરતા પણ અનેક લેખો પ્રકટ કરવામાં આવ્યા હતા. આ માટે અમે સંતોષની લાગણી અનુભવીએ છીએ.

જિનશાસનની ઉન્નતિના સમાચાર પણ આ પત્રમાં યથાવકાશ પ્રકટ થતા રહ્યા છે. પત્રની વર્તમાન મર્યાદા જોતાં તેનું પ્રમાણ હાલ વધારી શકાય એવું નથી. એ માટે અમે કંઈક સંકોચ અનુભવીએ છીએ.

હવે જેને માટે અમારા હૃદયમાં ચિંતાની લાગણી પ્રકટી રહી છે, તે પણ વાંચકોને જણાવીશું 'આ પત્ર હજી સુધી સ્વાશ્રયી થઈ શક્યું નથી. આજના વાર્ષિક

ખર્ચને પહોંચી વળવું મુશ્કેલ બને છે. આ સ્થિતિ દૂર કરવી જ જોઈએ અને તે વાચકોના હાથની વાત છે. જો આ પત્રનો દરેક વાચક-ગ્રાહક નવા પાંચ ગ્રાહકો બનાવીને મોકલી આપે તો પત્ર પગભર થઈ જાય અને તેનો વિકાસ કરવાના જે મનોરથો છે, તે પણ સિદ્ધ થાય. દશમા વર્ષના મંગલ પ્રારંભે કરેલી આ વિનંતી ગ્રાહકો લક્ષમાં લેશે એવી આશા છે.'

• • •

• **પિંડવાડા :** પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજને ભારે ગંભીર સ્થિતિ આવી હતી. પરંતુ રવિવાર બપોરથી તબીયતમાં સુધારો છે. શ્વાસ તથા ખાંસીની તકલીફ ઓછી થઈ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૨,તા.૯-૯-૧૯૬૧

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં ૪૦૦-૫૦૦ જણને નવકાર મંત્રના તપની સુંદર આરાધના થઈ. સાથે રોજ ૧૦ બાંધી નવકારવાળી ગણવાની હતી. તે માટે વ્યાખ્યાન હોલમાં નવકારમંત્રના નવા પટો લગાડવામાં આવ્યા હતા, તથા વાયોલીનના સૂર ચાલુ હતા. બધો ખર્ચ શા. સમરથમલજી રાયચંદ ચીમનાજી તરફથી કરવામાં આવ્યો હતો. ઉપરાંત એમના તરફથી પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઈ ઉત્સવ શાન્તિસ્નાત્ર સાધર્મિકવાત્સલ્ય કરવામાં આવ્યું. ત્યારબાદ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના અઠ્ઠમ તથા ૧૨૫૦૦ જાપ સહિત આરાધના સુંદર થઈ. ૫૦ ભાઈઓ તથા ૧૩૦ બેનો એમાં જોડાયા હતા. શા. લાલચંદજી છગનલાલ તરફથી અંતરપારણા તથા શા. સમરમથલજી રાયચંદ હંસાજી તરફથી ઉત્તરપારણા કરાવાયાં. નગરમાં ધર્મની ધામધૂમથી ચોથો આરો વર્તાઈ રહ્યાનું લોકો કહે છે.

• **પાલી :** પૂ. મુનિરાજો શ્રી જયપદ્મવિજયજી મ અને શ્રી તત્ત્વાનંદવિજયજી મ.ની નિશ્રામાં એકેક જણને એકાસણા સાથે ૧-૧ લાખ અરિહંતના જાપની સામુદાયિક આરાધના સુંદર થઈ. શ્રી તત્ત્વાનંદવિજયજી મહારાજ વ્યાખ્યાન ઉપરાંત તત્ત્વજ્ઞાનની વાચના પણ આપે છે.

• **વાલી :** પૂ. મુનિરાજો શ્રી જિતેન્દ્રવિજયજી મ. તથા શ્રી યોગીન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં રોજ સવારે બપોરે બે વાર વ્યાખ્યાન સુંદર ચાલી રહ્યા છે. ૪૦૦ જણાને શ્રી નવકાર મંત્ર તપની આરાધના શ્રા. વ. ૮ થી સુંદર ચાલી.



• **બ્યાવર :** પૂ. મુનિવર્યો શ્રી યશોભદ્રવિજયજી મ. તથા શ્રી રાજેન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં નવકારમંત્ર તપની સમૂહ આરાધના સારી ઉજવાઈ.

• **કોશેલાવ :** પૂ. મુનિવર શ્રી કૈલાસપ્રભવિજયજી મ. નું સ્વ વતનમાં ચોમાસું થવાથી સંઘમાં ધર્મનો જયજયકાર થઈ રહ્યો છે. પૂ.મુ.શ્રી જિનપ્રભવિજયજી મ. ભવ્ય ઉપદેશ આપે છે. વર્ધમાન તપના પાયા સારા નંખાયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૩,તા.૨૩-૯-૧૯૬૧

• **વડનગર :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી રાજવિજયજી મહારાજના ઉપદેશ અને આયંબિલ તપોમય જીવનથી અત્રે સંઘમાં ભવ્ય ધર્મસાધના થઈ રહી છે. પર્યુષણ પર્વની આરાધના શાસનપ્રભાવના સાથે સુંદર ઉજવાઈ. છેલ્લા ૨૫ વર્ષોમાં આવી આરાધના નહિ થઈ હોય એમ લોકો કહે છે. અઠ્ઠાઈઓ વગેરે તપસ્યા, પોષધો, પ્રભાવના, વરઘોડો વગેરે સુંદર થયું. વર્ધમાન આયંબિલ તપના નવા પાયા અને ઓળીઓનો સુંદર પ્રચાર થયો છે.

• **જુનાડીસા :** અત્રે પર્યુષણ પર્વ સારી રીતે ઉજવાયા. પાઠશાળા સારી ચાલે છે. પૂ. જયવર્ધનવિજયજી મહારાજે લોકોને સારા જોડ્યા છે.

• **મુંબઈ :** આવા વિકટ કાળમાં ગૃહસ્થાવાસમાં રહ્યા છતાં કેટલાક મહાનુભાવો આદર્શશ્રાવક તરીકે અને આધ્યાત્મિક ઉચ્ચ ભૂમિકા પર જીવન ગાળી રહ્યા હોય તેમજ જે સાહિત્યકારો સમ્યગ્દર્શન-સંપન્ન સમ્યક્ચારિત્રને ઉત્તેજન આપે તેવું સમ્યગ્જ્ઞાન સમાજને ચરણે ધરી શાસન પ્રભાવના કરતા હોય તેવા આત્માનું જાહેર સન્માન કરવાના ઉમદા ધ્યેયથી પ્રેરાઈ મુંબઈમાં **"સાધના સન્માન સમિતિ"** ની રચના થઈ છે. તેમાં મુખ્ય પ્રમુખ તરીકે દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલ, ઉપપ્રમુખ તરીકે શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ તથા દિગંબર સમાજના શેઠશ્રી સાહુ શ્રેયાંસપ્રસાદ જૈન, તથા મંત્રીઓ તરીકે (૧) શ્રી જયંતિલાલ રતનચંદ તથા (૨) શ્રી વસંતલાલ કાંતિલાલ ઈશ્વરલાલ નીમાયા છે.

ઓક્ટોબર માસના પ્રથમ અઠવાડિયામાં મુંબઈમાં પાયધુની ખાતે આવેલ શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં પૂ.આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં આ સમિતિ તરફથી (૧) જૈન સમાજના એક ઉચ્ચકોટિના સાધક અને તત્ત્વચિંતક મદ્રાસવાળા શ્રી ઋષભદાસજી જૈન (સ્વામીજી) તથા (૨) આધ્યાત્મિક નવલકથાકાર રાજકોટ નિવાસી વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુનીલાલ ધામીનું જાહેર બહુમાન કરવાનું નક્કી

થયું છે. અતિથિ વિશેષ તરીકે મહારાષ્ટ્ર રાજ્યના **રાજ્યપાલ** શ્રી પ્રકાશને આમંત્રણ અપાયું છે.

● **લુણાવા :** પૂ.ઉપા. શ્રી ધર્મવિજયજી ગણિવર સાહેબની નિશ્રામાં ચાતુર્માસની આરાધના ઘણી જ સુંદર રીતે થઈ રહેલ છે. પુણ્યોદયવિજયજી મહારાજનું વ્યાખ્યાન આજે દોઢ વરસથી એક જ સરખું અનેકનાં દિલને ધર્મશ્રદ્ધા-પ્રવૃત્તિ વધારનારું થઈ રહ્યું છે. વળી "નવકાર મંત્રની" આરાધના ચારસો ઉપર જણે કરી જેમાં બાળક-બાળિકા સાત વરસની વયનાં પણ ઘણાં આનંદથી ક્રિયા કરતા. પચરંગી તપ બહેનોમાં થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૦,અંક-૪,તા.૩૦-૯-૧૯૬૧**

● **અમદાવાદ :** પૂ.પં.શ્રી જયંતવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ.**મુનિરાજશ્રી ચંદ્રવિજયજી** જેઓ ઘણા વખતથી ઉંમર અને અશક્તિના કારણે અત્રે જ્ઞાનમંદિરમાં બિરાજમાન હતા તેમનો ભા.વ.૧ રાત્રીના ૮ વાગે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો. સદ્‌ગત મુનિશ્રી મૂળ સિનોરના વતની, વૈરાગ્ય પામી ચારિત્ર લીધુ અને ચારિત્ર જીવનમાં મોટી ઉંમરે પણ જ્ઞાનસાધના, તપસ્યા વગેરેની આરાધના સારી કરી ગયા. એમના આત્માને શાંતિ મળો. પૂ. મુનિરાજો શ્રી રત્નાકરવિજયજી મ. તથા શ્રી મિત્રાનંદવિજયજી મ. વગેરેએ એમને સારી નિર્યામણા કરાવી.

● **પિંડવાડા :** પૂ.પં.શ્રી પદ્મવિજયજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે ભવ્ય અટ્ઠાઈ મહોત્સવ ઉજવાઈ ગયો. કુંભસ્થાપના અને શાંતિસ્નાત્રના દિવસોએ પરગણા સહિત નગરનું સાધર્મિકવાત્સલ્ય થયું. જ્ઞાનમંદિરવાળા રમણભાઈએ ક્રિયા સારી ચોકખી કરાવી. પાલનપુર વડગામવાળાના ગવૈયા હરજીવનદાસે પૂજા તથા રાતના ભાવનામાં લોકોને સંગીતમય ભક્તિરંગમાં ખૂબ ડોલાવ્યા. અગ્નિ સંસ્કારની જગાએ સદ્‌ગતની સ્મારક દેરી તથા પટ કરાવવાની યોજના સંઘ વિચારી રહેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૦,અંક-૫,તા.૭-૧૦-૧૯૬૧**

● **અંજાર :** ખાતે પૂ.પાદ સુપ્રસિદ્ધવક્તા પંન્યાસજી મહારાજશ્રી કનકવિજયજી ગણિવરશ્રીની શુભ નિશ્રામાં પયુર્ષણપર્વની આરાધના સુંદર રીતે ઉજવાયેલી. તપશ્ચર્યા સારી થઈ. ૬૪ પ્રહરના પૌષધ ૬ વર્ષનાથી માંડી ૭૫ વર્ષ સુધીના આશરે ૬૫



ભાઈ-બહેનોએ કર્યા હતા. પર્યુષણા પર્વના કર્તવ્યો પર પૂ. મહારાજશ્રીનાં પ્રવચનો થયા હતા. ક્ષમાપના તથા સાધર્મિક ભાઈઓની ભક્તિ માટે પૂ.મહારાજશ્રી ખાસ ભાર મૂકતા હતા. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યની ઉપજ ૧૫૦૦ મણ થયેલ જે અંજાર સંઘમાં રેકર્ડ રૂપ ગણાય. જનરલ ટીપમાં રૂા. ૧૦૦૦ લગભગ થયેલ. રથયાત્રાનો શાનદાર વરઘોડો ચડેલ.

● **રાજપુર-ડીસા** શેઠ નાગરદાસ જેઠાભાઈ તરફથી પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** પધારતાં, અષ્ટોતરી સ્નાત્ર અટ્ઠાઈ મહોત્સવ વરઘોડો તથા નવકારશી ઉજવવામાં આવેલ તે વેળા સંઘે વિનંતી કરતાં આચાર્યદેવે પૂ.મહારાજ સાહેબે શ્રી મણિશેખરજી તથા શ્રી હર્ષસેન વિજયજીને ચાતુર્માસાર્થે મોકલેલ હતા. શ્રાવણ માસમાં નવકાર મંત્રના એકાસણાની સંખ્યા ૧૩૭ હતી. નાનાં બાળ-બાલિકાઓએ ઘણી સારી સંખ્યામાં ભાગ લીધો હતો. પૂ. આચાર્યદેવના પરમ શિષ્ય પૂ.પં. શ્રી પદ્મવિજયજી પિંડવાડા મુકામે કાળધર્મ પામતાં મોટી પૂજા ભણાવી.

પર્યુષણમાં ઝેનાળના ઠાકોર તલાજી ભેમાજીએ રાજપુરમાં આવી અટ્ઠાઈની તપસ્યા કરી.

● **ગઢસિવાણા** (મારવાડ) જયારથી શ્રી ચિદાનંદવિજયજી ગણિવર આદિ ઠાણા પધાર્યા ત્યારથી ધર્મની અનુપમ જાગ્રતિ આવી છે. શંખેશ્વર પાર્શ્વનાથના, ચંદનબાલાના અટ્ઠમ, અષ્ટામહાસિદ્ધિનો તપ, અક્ષયનિધિ તપ આદિ સારું થયું હતું. પંન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિવરના કાળધર્મના નિમિત્તે પૂજા પ્રભાવના રખાઈ. પર્યુષણાપર્વની આરાધનામાં નિયમિત વ્યાખ્યાનો પ્રભાવનાઓ, તપ, જપ આદિ સારું થયું. ૧૫-૮ આદિ ઉપવાસો સારી સંખ્યામાં થયા. ધર્મપ્રેમી માસ્તરજી વાડીલાલની દેખરેખ સારી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૦,અંક-૬,તા.૧૪-૧૦-૧૯૬૧**

● **કોશેલાવ :** પૂ. મુનિરાજશ્રી કૈલાસપ્રભ વિ. મહારાજની નિશ્રામાં મુનિરાજશ્રી જિનપ્રભ વિજયજી મહારાજના ઉપદેશથી નવ દિવસ નમસ્કાર મંત્રની આરાધના ૩૨૫ ભાઈ-બેનો, એક દિવસ ક્ષીરનું એકાસણું નવલાખ નવકારનો જાપ, ૩૫૦ ભાઈ બહેનો, પચરંગી તપમાં ૧૨૫ ભાઈબેનો, અક્ષયનિધિ તપમાં ૧૬૮ ભાઈ બહેનો થયેલ.

મુ. જિનપ્રભ વિ. મહારાજને ૫૦ મી ઓળીના પારણા નિમિત્તે સંઘમાં

છવ્વીસ હજાર આયંબિલ કરાવવાનું નક્કી થયેલ. ભા. વદ ૨ ના દિવસે નમો અરિહંતાણનો જાપ ક્ષીરનું એકાસણું તેમજ આયંબિલ ૨૩૦ લગભગ ભાઈ બહેનોએ કરેલ, ૭૦ લાખનો જાપ આશરે થયેલ, ૫૨ ચોસઠ પહોરી પૌષધ થયેલ, છ દિવસની નવકારશીઓ થયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૭,તા.૨૧-૧૦-૧૯૬૧

● **પાલીતાણા :** પૂ.પં. શ્રી પદ્‌મવિજયજી ગણિવરના સ્વર્ગવાસની માસિક તિથિ હોઈ ભા. વદ ૧૧ના રોજ અત્રે જૈન સોસાયટીમાં શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયા તરફથી પૂજા ભણાવાઈ અને લાખેણી આંગી રચાવાઈ હતી.

● **મુંબઈ :** લાલબાગમાં પૂ.પં. શ્રી પદ્મવિજયજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ સારો ઉજવાયો. મહાવીર જૈન સંયુક્ત મંડળે ભક્તિરંગ સુંદર જમાવ્યો. પૂ. ઉપા.શ્રી જયંતવિજયજી મ. તથા પૂ.પં. શ્રી વિક્રમવિજયજી મહારાજના સૂરીલા શાસ્ત્રીય સંગીતમય ધ્વનિએ પૂજાઓમાં ઠાઠ જામ્યો હતો.

● **દાદર :** જ્ઞાન-મંદિરમાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. ની. નિશ્રામાં શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.પં. શ્રી પદ્મવિજયજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાઈ ગયો.

● **ગઢસીવાણા :** પૂ.પં. શ્રી ચિદાનંદવિજયજી મ. ની નિશ્રામાં અઠ્ઠાઈ મહોત્સવ બલારીયાં શ્રી સંતોકચંદજીના થયેલ અવસાન નિમિત્તે એમના સંબંધીઓ તરફથી ભા.સુદ ૬ થી ૧૨ સારો ઉજવાયો. આઠ દિવસ આયંબિલો થયા. વદ ૧૪. પૂ.આ. શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મ. ની સ્વર્ગારોહણ તિથિ હોઈ બેનો તરફથી પૂજા ભણાવાઈ. સાધ્વીજી દેવાંગનાશ્રીજી મ. ને ૫૦૦ આયંબિલો ચાલે છે.

● **ડભોઈ :** પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શાસન પ્રભાવનાના કાર્યો અનેકવિધ થઈ રહ્યા છે. શ્રી પર્યુષણા મહાપર્વ સુંદર ઉજવાયા. વિવિધ તપશ્ચર્યાઓ સ્વપ્ન દેવદ્રવ્ય વગેરેની ઉપજ પણ સારા પ્રમાણમાં થઈ. ઠાઠ-માઠથી વરઘોડો ચઢ્યો. તપશ્ચર્યાઓને ઉપલક્ષમાં ભાદરવા સુદ ૫ થી અષ્ટાહ્નિકા, શાંતિસ્નાત્ર મહોત્સવ અનેરા ભક્તિભાવથી ચાલી રહ્યો છે. આર્ય જંબૂસ્વામી જૈન મુક્તાબાઈ આગમમંદિરની પચીશી ઉજવવા અંગેની તૈયારીઓ પણ ભવ્યતમ ચાલી રહી છે.



## યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા-મહેસાણા

પર્યુષણપર્વમાં ૧૭ ગામોમાં શિક્ષકો-વિદ્યાર્થીઓ આરાધના કરાવવા ગયા હતા. નીચેના ગામો તરફથી સંસ્થાને મદદ મળી.

૧૦૦૧/- અહમદનગર, ૧૦૧/- તલેગામ, ૧૦૦૧/- જીયાગંજ, ૬૩૭/- ગોધરા, ૧૦૧/- રાજકોટ, ૨૫૫/- મલાડ, ૪૦૮/- લાતુર, ૯૮/- ભીલવાડા, ૬૫૧/- રાજકોટ, ૧૮૩/- સિનોર, ૯૭/- બુરહાનપુર, ૫૦૧/- દમણ, ૧૨૪/- રણુંજ, ૧૮૦૧/- માટુંગા, ૪૦૦/- મહેસાણા, ૫૩૦/- બોટાદ. ૨૭૫/- ઘોટી.

બીજાપણ સંઘો તરફથી સંસ્થાને નાની મોટી રકમ ભેટ મળેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૧૨,તા.૯-૧૨-૧૯૬૧

● **ચંડીસર :** ચંડીસર સંઘ જણાવે છે કે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ અમારી આગ્રહભરી વિનંતીથી પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી મ. ને ચાતુર્માસ માટે મોકલી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો. તેઓશ્રીના ઉપદેશામૃત અને તપશ્ચર્યાના પ્રભાવે સંઘમાં અનુમોદનીય આરાધનાઓ થઈ. નાના ગામમાં આયંબિલ વર્ધમાન પાયા ૨૩, નવપદ એકાસણા ૬૦, ખીરના એકાસણા સહિત નવકારમંત્રનો જાપ ૫૦ હજાર, તથા સ્વ. પૂ.પં. પદ્મવિજયજી મ. ના પુણ્યાર્થે પૂજા, તથા જાપ ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાની ક્રિયા અને ૧૨ વ્રતો વગેરે આરાધના થઈ. બંને મહારાજ સાહેબોને ઓળીનું પારણું કરવા સંઘે વિનંતી કરેલ અને પારણું કરાવવા સારુ શ્રી સંઘમાંથી ભાગ્યશાળીઓએ ૫૦૦૦ આયંબિલ, ૩૫૦૦ એકાસણા, ૯૯ લાખ નવકાર ૧૦ વર્ષમાં ગણવાની તથા ૧૨ તિથિ બ્રહ્મચર્ય વગેરે ભાવના કરી પારણું કરાવેલ. સમગ્ર ચાતુર્માસમાં પૂ. મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી મહારાજશ્રીની મંગલકારી અમૃતમય વાણીના પ્રભાવે શ્રી ચંડીસર જૈન-જૈનેતરોમાં શાસનની સારી પ્રભાવના થઈ છે અને શ્રી સંઘમાં તો અપૂર્વ જાગૃતિ આવી છે.

**પૂ. આચાર્ય ભગવંત જ્યારે અત્રે પધાર્યા હતા તે વખતે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ સાહેબે વ્યાખ્યાનમાં આવવાની ટકોર કરેલી. કોણ જાણે પરંતુ પંન્યાસજી મહારાજશ્રીના શબ્દોની સંઘ ઉપર એવી સુંદર અસર થઈ કે જેને કારણે સંઘને વ્યાખ્યાનનો અપૂર્વ લાભ મળી શક્યો છે.** ચાતુર્માસ એક ભાગ્યશાળીના ત્યાં બદલેલ. ત્યાં પૂજા તથા સાધર્મિક ભક્તિ કરેલ. ત્યાં પૂજ્ય મુનિરાજોએ અમૃતમય

વાણીનો પ્રવાહ વહેવડાવતાં સંઘને ભાવોલ્લાસ વધતાં બે ભાગ્યશાળીઓએ નવીન પૌષધશાળા તથા તેની રૂમ બનાવી શ્રી સંઘને અર્પણ કરવાની ભાવના પ્રદર્શીત કરતા શ્રી સંઘે મંજૂરી આપી છે. પ.પૂ. આચાર્ય ભગવંતના પ્રયાસે ઘણા વર્ષે અમારા ગામમાં સાધુ ભગવંતોનું ચોમાસુ થતાં અપૂર્વ જાગૃતિ થઈ છે.

● **સિરોડી :** અત્રે પૂ. મુનિરાજશ્રી રત્નાંશુવિજયજી મ. નું ચોમાસું થતાં પ્રતિષ્ઠાની સારી તૈયારી થઈ. મા.સુ.૬ ના રોજ પ્રતિષ્ઠા હોઈ મહોત્સવ ચાલી રહ્યો છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૦,અંક-૧૩,તા.૧૬-૧૨-૧૯૬૧**

● **પિંડવાડા :** પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા** વિશાળ પરિવાર સાથે સિરોડી (જિ. સિરોહી) પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા છે. સિરોડીમાં શ્રી ગોડી પાર્શ્વનાથ ભગવાનના વિશાળ મનોહર પ્રાચીન બિંબની મા.સુ.૬ પ્રતિષ્ઠા છે. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ એઓશ્રીના સંસારી ભત્રીજીની દીક્ષા અંગે કુટુંબીઓનો અતિ આગ્રહ હોઈ પૂ. આચાર્યદેવશ્રીની આજ્ઞાથી મા. સુદ ૬ વિહાર કરી પાટણ પધારી રહ્યા છે. પૂ.પં.શ્રી માનવિજયજી મહારાજ મોતિયાના ઓપરેશન અંગે વિહાર કરી અમદાવાદ પધાર્યા છે. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મ. ને ટાઈફોઈડ તાવ આવતો હતો, તે અટકી હવે સુધારા પર છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૦,અંક-૧૫,તા.૨૯-૧૨-૧૯૬૦**

● **કલકત્તા :** શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વે. સોસાયટી ટ્રસ્ટ તરફથી ભવાનીપુર (કલકત્તા)માં એક સુંદર પ્લોટ ગયે વર્ષે ખરીદવામાં આવેલ. ભવાનીપુરમાં વસ્તી સારા પ્રમાણમાં વધતી હોવાથી ભવ્ય મંદિર ઉપાશ્રયની આવશ્યક્તા ઊભી થઈ. ગત કા. વ. ૧૧ને રવિવારે એ પ્લોટમાં નાજુક જિનાલય બનાવી એમાં ખંભાત સંઘવીની પોળના દેરાસરમાંથી પ્રાપ્ત કરેલ પ્રતિમાઓને ખૂબ ઠાઠમાઠથી શ્રીમતી તારાબેન કાંકરીયાના નિવાસસ્થાનેથી ભવ્ય વરઘોડો ચડાવી પ્રવેશ કરાવ્યો છે. નજીકના ભવિષ્યમાં નૂતન શિખરબંધી ભવ્ય જિનાલય બનશે જેમાં એ ભગવાનની પ્રતિષ્ઠા કરવામાં આવશે. મૂળ નાયક તરીકે પાર્શ્વનાથ ભગવાન છે. વરઘોડા અને અઢાર અભિષેક અંગેની બોલીઓમાં એક જ દિવસમાં લગભગ ચુંવાલીસ હજારની



ઉપજ થઈ છે. લોકોનો ઉત્સાહ સારો છે, અને સારા પ્રમાણમાં દર્શન પૂજાનો લાભ લે છે. ઉપરોક્ત ટ્રસ્ટના માનનીય ટ્રસ્ટી સેક્રેટરી શ્રી મણિલાલ વનમાળી તાજેતરમાં ખંભાતથી પ્રતિમાઓને લઈ આવ્યા હતા. મૂળનાયક ભગવાનને દોશી વ્રજલાલ ડાહ્યાભાઈએ, જમણી બાજુમાં ભગવાન મહાવીર સ્વામીને વોરા છોટાલાલ જયચંદે અને ડાબી બાજુમાં ભગવાન આદિનાથ સ્વામીને મહેતા અમૃતલાલ પ્રાણલાલે પધરાવેલ. દ્વારોદ્ઘાટન કચ્છનિવાસી શ્રી હરિલાલ લક્ષ્મીચંદે કરેલ.

● **સેવાડી :** મુનિરાજશ્રી કૈલાસપ્રભવિજયજી મ. ની નિશ્રામાં ૧૮૭ જણાંને ઉપધાન તપ ચાલી રહ્યો છે. શ્રી જિનપ્રભવિજયજી મ.ની વ્યાખ્યાન વાણીથી ઉત્સાહ સુંદર છે.

● **સમાલોચના :** શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ, (વિલાપારલા) તરફથી 'શ્રી તત્ત્વાનુશાસન' (કિ.રૂા. ૧) અને 'ધ્યાન વિચાર' ગુજરાતી અનુવાદ સહિત પ્રકાશિત કરવામાં આવ્યા છે. પહેલામાં ધ્યાનની પ્રક્રિયા, તત્ત્વ, રત્નત્રયી, ભિન્ન ભિન્ન ધ્યેય ધ્યાનભૂમિકા, મોક્ષ, સ્યાદ્વાદ વગેરેનું સુંદર નિરૂપણ છે. બીજામાં ધ્યાન, શૂન્ય, કલા, જ્યોતિ, બિંદુ, નાદ વગેરે બારના પર-અપર એમ ૨૪ વિષયોનું સુંદર નિરૂપણ છે. શ્રી જ્ઞાનોપાસક સમિતિ (બોટાદ) તરફથી પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરિજી મ. ની લખેલી **'नयगोचरं भ्रमनिवारणम्'** નામની સંસ્કૃત પુસ્તિકા પ્રકાશિત થઈ છે. આમાં પં. ઈશ્વરચંદ્રે લખેલ અને પૂ. મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજે **'नयानां ज्ञानात्मकं शब्दात्मकं च स्वरूपम्'** પુસ્તકનું 'નય-પ્રમાણમાં વિશેષ ભેદ નથી' વગેરે જૈનદર્શન વિરુદ્ધ વિચારોનું સુંદર ખંડન કરવામાં આવ્યું છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૦,અંક-૧૬,તા.૨-૧-૧૯૬૨**

● **મુંબઈ :** કચ્છ નિવાસી ગં. સ્વ. ઝવેરબાઈ, બા.બ્ર. અમ્રતભાઈ તથા બા.બ્ર. ઝવેરબાઈ પોષ વદી ૧ ના દીક્ષા લેવાના હોઈ તેમને અભિનંદન આપવાનો એક મેળાવડો કચ્છ લાયજા નિવાસી વીશા ઓશવાળ જૈન મહાજન, મુંબઈ તરફથી તા. ૨૮-૧૨-૬૧ને રોજ બપોરે ૨-૦ વાગતાં લાલવાડી જૈન ઉપાશ્રયમાં સાહિત્યવારિધિ શતાવધાની પંડિત શ્રીયુત્ ધીરજલાલ ટોકરશી શાહની અધ્યક્ષતામાં થયો હતો; જે વખતે નમસ્કાર મંત્રાદિનું સંગીતમય ગાન, પ્રવચનો તથા દીક્ષાની ભૂરિભૂરિ અનુમોદના થઈ હતી. અધ્યક્ષ મહાશયે દીક્ષાની પવિત્રતા તથા જવાબદારી

વિષે મનનીય પ્રવચન કર્યું હતું. લોકોની ઉપસ્થિતિ ઘણી સારી હતી.

તા. ૨૯-૧૨-૬૧ને રોજ આજ ચાર બહેનોને નાના આસંબિયા ઓશવાળ જૈન મહાજન તરફથી અભિનંદન આપવાનો મેળાવડો ચીંચપોકલી જૈન સ્થાનક ખાતે થયો હતો, જેમાં પ્રમુખસ્થાને શ્રી ખીમજી માંડણ ભૂજપૂરીયા તથા અતિથિ વિશેષ તરીકે શતાવધાની પંડિત શ્રી ધીરજલાલભાઈ હાજર રહ્યા હતા.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૧૮,તા.૨૦-૧-૧૯૬૨

● **જોધપુર** : પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી ગણિવર આદિ ઠાણા ૩ ગઢસિવાણાથી વિહાર કરીને મા.સુ. ૬ ના જોધપુર-ભેરૂબાગમાં પધારતાં જૈન જનતામાં આનંદ જાગ્યો હતો. શહેરની આગ્રહપૂર્વક વિનંતી થતાં મા.સુ. ૯ ના ધર્મક્રિયા ભવનમાં બિરાજેલા છે. દાન, દયા, વૈરાગ્ય આદિ વિષયો ઉપર વિશદ પ્રવચનો નિયમિત ચાલુ છે. સુશ્રાવક મૂલરાજ તરફથી તેમની વર્ધમાનતપની ૩૮ મી થી ૪૧ સુધીની સતત ઓળીની આરાધનાના કારણે તેમજ તેમના પિતાજીના સ્વર્ગવાસ નિમિત્તે પો.સુ. ૩ થી સુ. ૮ સુધીનો જિનેન્દ્રભક્તિ મહોત્સવ પૂ. પંન્યાસજી આદિની તારકનિશ્રામાં રાખવામાં આવેલ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૨૦/૨૧,તા.૧૦-૨-૧૯૬૨

● **પિંડવાડા** : શિહોરમાં વતની ભાઈશ્રી હીરાલાલ દલીચંદે પો. સ. ૧૨ અત્રે પૂ. આચાર્યદેવ **શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ**ના વરદ હસ્તે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. એમને પૂ. પં. શ્રી રવિવિજય મહારાજના શિષ્ય મુનિશ્રી હીરકલશવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષા નિમિત્તે શિહોરમાં ધામધૂમથી વરઘોડો, સાધર્મિવાત્સલ્ય, અભિનંદન મેળાવડો વગેરે કરવામાં આવ્યું હતું. તેમજ સાવરકુંડલામાં પણ મેળાવડો તથા જિનભક્તિ વગેરે પણ સારા કરવામાં આવ્યા હતા. દીક્ષાર્થી ભાઈએ સાવરકુંડલા, શિહોર અને પાલીતાણામાં ધાર્મિક ખાતાઓમાં સારી રકમનું દાન કર્યું હતું. પિંડવાડામાં એમના પિતાશ્રી ભાઈઓ વગેરે સ્નેહી-સગાઓએ આવી પૂજા ઉત્સવ કર્યો તથા વરઘોડો કાઢવામાં આવ્યો હતો.

● **રાજકોટ** : અત્રે શ્રીમાન જયંતિલાલ માણેકચંદના સુપુત્ર કનકરાજની દીક્ષા પૂ. પં. શ્રી જયંતવિજયજી મહારાજના વરદ હસ્તે પો. સુ. ૧૨ના રોજે ઉત્સવ



સાથે ધામધૂમથી કરવામાં આવી. વર્ષીદાનનો વરઘોડો અદ્ભુત નીકળ્યો હતો. નૂતન દીક્ષિતને પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી હર્ષચંદ્રવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

● **રાજસ્થાન** : અનેક સ્થળે અષ્ટગ્રહની યુતિનું નિમિત્ત પામી ઉત્સવ-શાંતિસ્નાત્રની યોજના થઈ છે. પિંડવાડામાં પો. વ. ૩ થી મહા સુ. ૪ સુધી મોટી સંખ્યામાં આંબેલ તથા જાપ ચાલી રહ્યા છે. શિવગંજમાં પો. વ. ૬ થી મોટો ઉત્સવ ચાલુ છે.

● **વાંકલી** : પૂ. પં. શ્રી મુક્તિવિજયમહારાજની શુભ નિશ્રામાં ઉપધાન તથા માળારોપણ પ્રસંગ સુંદર ઉજવાયા સંઘની વિનંતીથી શિવગંજ પધાર્યા છે. વ્યાખ્યાનમાં બહુ લોક લાભ લે છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૨૨,તા.૧૭-૨-૧૯૬૨

● **પિંડવાડા** : અષ્ટગ્રહના કારણે સકળસંઘને અમે વિશ્વને અશાંતિ ન થાય એ માટે પોષ વદ ૩ થી અત્રે મોટી સંખ્યામાં આયંબિલ તથા નવકારમંત્ર વગેરેનો જાપ ચાલુ છે. તેરસ ચૌદસ અને એકમના અઠ્ઠમ પણ ઠીક થયા. વદ ૧૨ થી સુદ ૫ સુધી અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ છે. સુદ ૫ ના શાંતિસ્નાત્ર છે. ૧૮ દિવસથી પ્રભુજીને અદ્ભુત અંગરચના થાય છે.

● **શીવગંજ** : સંઘમાં શાંતિ નિમિત્તે અત્રેના ઓસવાલ પોરવાલ બંને ધડા તરફથી સંયુક્ત અઠ્ઠાઈ મહોત્સવ દબદબાભરી ઉજવાયો, પ્રારંભમાં પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજના જોરદારના પ્રવચનો થયા. બાદમાં સેવાડીથી પૂ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ પધારતાં જનતામાં ઉત્સાહ સારો આવ્યો.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૨૩,તા.૨૪-૨-૧૯૬૨

● **પિંડવાડા** : અમદાવાદ શ્રી રતિલાલ નાથાભાઈ તરફથી યોજાતા અંજનશલાકા મહોત્સવ પર જવાનું નક્કી થયું હોવાથી પૂ. આચાર્યદેવેશશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ અત્રેથી પ્રાયઃ મહા વદ-૬ ના સવારે તે તરફ વિહાર કરશે.

● **પિંડવાડા :** સિદ્ધાંતમહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરિજી મ. આદિ પરિવાર સાથે વિહાર કરી પાલણપુર પધાર્યા છે. ત્યાં સુદ ૧૪ સુધી સ્થિરતા છે. શેરદલાલ શ્રી રતિલાલ નાથાલાલ તથા શ્રી મોહનલાલ જમનાદાસની વૈ.સુ. ૩ અંજનશલાકા તથા ઉજમણું અંગે અતિ આગ્રહભરી વિનંતી હોઈ પૂ. ગુરુદેવશ્રી અમદાવાદ પ્રાયઃ ચૈત્ર સુદમાં પધારવા વકી છે. પિંડવાડા સંઘની ચાતુર્માસ માટે ખાસ વિનંતી હોઈ કોઈ વિશેષ કારણ નહિ હોય તો ચોમાસું રહેવાની જય બોલાઈ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૨૬,તા.૧૭-૩-૧૯૬૨

● **પાલનપુર :** સિદ્ધાન્ત મહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજ સાહેબને મુંબઈથી ભાઈશ્રી જેઠાલાલ ચુનીલાલ, બાબુભાઈ છોટાલાલ તથા વિસનગરથી શ્રી વાડીલાલ છોટાલાલ વગેરે એમના ભાઈશ્રી કુમારપાળ તથા બેનશ્રી મંજુલાની દીક્ષા માટે વિનંતી કરવા આવ્યા હતા. વિસનગરમાં વૈશાખ વદ ૭ની દીક્ષા કરવા માટે પૂજ્યશ્રીને પધારવાનું નક્કી થયું છે. હાલ પૂજ્યશ્રી અમદાવાદ તરફ પધારવાના છે અને ચૈ. સુ. ૫ પહોંચવા વકી છે.

● **ખાનદેશ :** અત્રે અમલનેરવાળા શ્રી રીખવચંદભાઈના પ્રયત્નથી ધર્મના કાર્યો સારા થઈ રહ્યા છે. બારસીથી નેણશીભાઈ **કુંભોજ સંઘ** લઈ ગયા ત્યાં પૂજામાં ભક્તિરંગ જમાવ્યો અને તીર્થમાં ઉત્પન્ન માટે ટ્રસ્ટીઓ સાથે વિચારણા કરી. બીજાપુરવાળા ગણપતચંદ સંઘવી તરફના નિપાણીમાં અઠ્ઠાઈ ઉત્સવમાં લોકોને પ્રભુ ભક્તિમાં ઝીલાવ્યા. **આરગમાં** પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજના સદ્ઉપદેશથી બીજાપુરવાળા બાબુભાઈ સંઘવી, નિપાણીવાળા તારાચંદભાઈ તથા દત્તુભાઈ તપસ્વી, કોલ્હારપુરવાળા દલીચંદભાઈ સાથે મળીને મંદિરનું અધુરું કામ પૂર્ણ કરવા વિચારણા કરી. શ્રી દત્તુભાઈ તરફથી ભાવના ભણાવાઈ. **બોરકુંડ** દેરાસરનું કામ ધપાવવા વાત કરી. સીવની માળવા મંદિરમાં આરસની વ્યવસ્થા કરાવી. **ઈટારસી**માં મંદિર બનાવવા સંઘ સાથે વિચારણા થઈ. **દેવળગામમાં** ૫૦ વર્ષથી પ્રતિષ્ઠા અટકી હતી તે કરાવવા નક્કી કરાવ્યું.





● **મહેસાણા :** પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ,** પૂ.આ. શ્રી વિજયયશોદેવસૂરિજી આદિ વિશાળ પરિવાર સાથે અત્રે પધારતાં સંઘમાં ધર્મભાવનાની વૃદ્ધિ થઈ છે. પૂજ્યશ્રીને વિહારમાં ફરતા વાનો દુઃખાવો ઘણો રહ્યો તેથી વિહાર ધાર્યા પ્રમાણે ન થવાથી અમદાવાદ ચૈત્ર સુદ ૫ નો પ્રવેશ હવે થઈ શકે તેમ નથી. અસહ્ય દુઃખાવામાં પૂજ્યશ્રીની સમતા અને સહિષ્ણુતા પ્રાચીન મહર્ષિના સ્મરણ કરાવે તેવી હોય છે. હજી પણ દુઃખાવો ચાલુ છે છતાં બનતી ત્વરાએ પૂજ્ય ગુરુદેવ અમદાવાદ પહોંચવા ધારે છે. પૂ. પંન્યાસ શ્રી કાન્તિવિજયજી મ. તથા પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. આગળ વિહાર કરી અમદાવાદ તરફ પ્રયાણ લંબાવ્યું છે. અત્રે પૂ.પં. શ્રી મુક્તિવિજયજી મ.ના જોરદાર પ્રવચનો થવાથી સંઘમાં જાગૃતિ સારી આવી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૩૦,તા.૨૧-૪-૧૯૬૨

## અમદાવાદ, શ્રી અંજનશલાકા ઉદ્યાપન કાર્યાલય

● શેઠશ્રી રતિલાલ નાથાલાલ શેર દલાલ તથા શેઠ શ્રી મોહનલાલ જમનાદાસ તરફથી થનારા ઉપરોક્ત મહોત્સવનું કાર્યાલય જે માણેકચોક ખેતરપાળની પોળના નાકે રાખવામાં આવ્યું હતું તે તા. ૧૦-૦૪-'૬૨થી દિલ્હી દરવાજા બહાર શેઠશ્રી હઠીભાઈની વાડીએ મહોત્સવના સ્થળે કાર્યની અનુકૂળતા રહે તે માટે ફેરવવામાં આવશે.

મહોત્સવની ગોઠવણ કરનાર શ્રી ચીમનલાલ કડીયાને તા. ૨ એપ્રીલની રાતના હૃદય રોગનો હળવો હુમલો થવાથી પંદર દિવસ માટે તેઓ પથારીમાં રહેવાના છે પરંતુ મંડપો, મેરૂ, સમોવસરણ, રચના, વેદિકા, ઉદ્યાપનની માંડણી વગેરેના નકશાઓ તેમની સલાહ પ્રમાણે તૈયાર થઈ ગયેલા હોવાથી ગુજરાતની શોભાસમા શેઠ હઠીભાઈની વાડીના કળાપૂર્ણ શ્રી જિનમંદિરના ચોગાનમાં અને અંદર મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આના ઉપર શ્રી અનુભાઈ રતિલાલ અને શ્રી હસમુખલાલ મોહનલાલ ખડે પગે દેખરેખ રાખી રહ્યા છે.

● **કલોલ :** પૂ. **આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને મહેસાણામાં અમાસની રાત્રે છાતીમાં ફરતા 'વા'નો દુઃખાવો અસહ્ય રહ્યો. પરંતુ પૂજ્યશ્રીનું સમતાપૂર્વક સહવાનું અદ્ભૂત હતું. તે પછી દુઃખાવો ઓછો રહેતો.

૭૯ વર્ષની વયે આવા દુઃખાવાની વચ્ચે પણ પૂજ્યશ્રી ઉગ્ર વિહાર કરી રહ્યા છે. વિહારમાં દુઃખાવાથી શરીર અતિ શિથિલ બનતાં ક્યાંક ક્યાંક મુનિઓ ડાંડાનું સ્ટ્રેચર બનાવી પૂજ્યશ્રીને ઊંચકી લેવા મથતા તો માંડ સફળતા મળતી. અત્રે ચૈ. સુ. ૯ લગભગથી દુઃખાવાની શાંતિ થઈ છે. અને તબિયતને આરામ છે. અત્રેથી વિહાર કરી પૂ. ગુરુદેવ પ્રાયઃ ચૈ. વદ ૩ અમદાવાદમાં પ્રવેશ કરશે.

● **પાડગોલ :** શ્રી નવપદ આરાધક મંડળ અમદાવાદ તરફથી ત્રીસ વર્ષથી દર સાલ ચૈત્ર-આસો માસની શાશ્વતી ઓળીનું સામુદાયિક આરાધન યોજાય છે. ચાલુ સાલમાં ચૈત્ર માસનું આરાધન પાડગોલ મુકામે ઉત્સાહભર્યા વાતાવરણમાં ચાલુ થયું છે. આરાધકોની વિશાળ સંખ્યા જોડાઈ છે. આ પ્રસંગે પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાને આગ્રહભરી વિનંતી કરતા તેઓશ્રીએ પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ. મ. આદિ ઠા. ૪ને મોકલવા કૃપા કરી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૩૧,તા.૨૮-૪-૧૯૬૨

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. ગચ્છપતિ સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનો** અત્રે લગભગ ૭૫ ઠાણા સાથે બહુ ધામધૂમથી પ્રવેશ થયો. કલોલથી પૂ. ગુરુદેવશ્રી વિહાર કરી સેરીસા થઈ સાબરમતી પધાર્યા ત્યારે ભવ્ય સ્વાગત-સત્કાર કરવામાં સંઘનો ઉત્સાહ અમાપ હતો. એમાં વિશેષ કારણ એ બન્યું કે પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ. પણ ડભોઈથી વિહાર કરી સાબરમતી પધારી ગયા હતા. એઓશ્રીએ 'દુઃખનો દ્વેષ એ મોહનો અંધાપો છે એ મિટાવી પાપનો દ્વેષ કરવો' એ વિષય ઉપર બહુ રોચક શૈલીમાં પ્રવચન આપ્યું. ત્યાંથી પૂ. ગુરુદેવો સાંજે વિહાર કરી શ્રી કીકાભાઈ ભગુભાઈના અતિ આગ્રહથી ત્યાં પધાર્યા. સંઘે બંધાવેલ સ્પેશીયલ મંડપમાં ઉપરોક્ત વિષય ઉપર જ વ્યાખ્યાન થયું. શહેરમાંથી વિશાળ જનસંખ્યા ઉપસ્થિત થઈ હતી. ત્યાંથી સવારે વિહાર કરી શ્રી રમણલાલ વજેચંદના અતિ આગ્રહથી મારકીટમાં એમની પેઢીના મકાનમાં પૂ. આચાર્યદેવાદિ પધાર્યા. થોડો વખત ત્યાં સ્થિરતા કરી, પછી શહેરમાં પ્રવેશનો ભવ્ય સ્વાગત વરઘોડો ચઢ્યો. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી પોતાના વિશાલ પરિવારમાંથી ત્રણ આચાર્ય મહારાજો તથા તેર પંન્યાસ પ્રવરો અને ૮૦ ઉપર મુનિવરોના પરિવાર સાથે પ્રવેશ કરનાર હોઈ પ્રવેશ-સ્વાગત જોવાની એક દુર્લભ તક હતી. રાજનગર સંઘનો ઉછરંગ અદ્ભુત હતો. રાજમાર્ગ



ઉપર માનવનો મહેરામણ દૃશ્યમાન થતો. અંજનશલાકા ઉત્સવ ચૈ. વદ ૯થી માંડી વૈ.સુ.૪ સુધી હોઈ પૂ. ગચ્છપતિ આચાર્યદેવેશશ્રીની અત્રે સ્થિરતા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૩૫,તા.૨-૬-૧૯૬૨

## પૂ. સિદ્ધાંત મહોદધિ ગચ્છાધિપતિ આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સાધુ સમુદાયનું સંગઠન

ચાલુ વર્ષના ફાગણ વદિ અને ચૈત્ર સુદિના દિવસોમાં પૂ. સિદ્ધાંતમહોદધિ વયોવૃદ્ધ આચાર્ય ભગવાન શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનું શારીરિક સ્વાસ્થ્ય પાલનપુર, ઊંઝા અને મહેસાણા વગેરે સ્થળે વારંવાર વધારે પડતું બગડ્યું હતું. આ સમાચાર તેઓશ્રીના પટ્ટાલંકાર-પૂ. પરમ શાસન પ્રભાવક, વ્યાખ્યાન-વાચસ્પતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજને મળતાં, ખંભાતથી તરત વિહાર કરીને તેઓશ્રી સાબરમતી પોતાના પરમ ગુરુદેવશ્રીની સેવામાં ઉપસ્થિત થયા હતા. પૂ. આચાર્યશ્રી વિજયજમ્બૂસૂરીશ્વરજી મહારાજ વગેરે પણ આવી પહોંચ્યા હતા, સમુદાયના સંગઠન માટે આ અવસર અનુપમ છે એમ જાણીને શેઠ શ્રી રમણલાલ વજેચંદ ખંભાતવાળા, શેઠ શ્રી ચન્દ્રકાન્તભાઈ બકુભાઈ, શેઠ શ્રી રમેશભાઈ બકુભાઈ અને ભાઈ શ્રીકાન્તે એ માટેનો પ્રયાસ આદરતાં, તેમાં સફળતા મળી હતી. ચૈત્ર વદિ ૫, તા. ૨૫-૪-૬૨ બુધવારે બપોરે શુભ મુહૂર્તે આ સંગઠનની શુભ જાહેરાત કરવાનું નક્કી થતાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર અને પૌષધશાળામાં પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાની પવિત્ર નિશ્રામાં પૂ. આચાર્યાદિ મુનિવૃન્દ તથા આગેવાન શ્રાવકોનો સમૂહ એકઠો થયો હતો. એ વખતે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** તરફથી નીચે મુજબના નિવેદન દ્વારા પોતાના સાધુસમુદાયના સંગઠનની જાહેરાત કરવામાં આવી હતી.

## પરમ પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું નિવેદન

શાસન, શ્રી સંઘ, અને સમુદાયના હિતની દૃષ્ટિએ હું આજે ભૂતકાળ ભૂલી જઈને આખા સમુદાયનું સંગઠન જાહેર કરું છું. આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજી વગેરે સાથે પણ સમાધાન થઈ ગયું છે. જેથી હવેથી બધાઓએ પરસ્પરનો વહેવાર

બરાબર જાળવવાનો છે.

હવે આખા સમુદાય માટે એક બંધારણ નક્કી કરવામાં આવ્યું છે. અને દરેકે તેનું બરાબર પાલન કરવાનું છે. પછી હું હોઉં, આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજી હોય કે નાનામાં નાનો સાધુ હોય પણ બંધારણને બરાબર વળગી રહીને ચાલવાનું છે એટલે હવેથી કોઈ ભંગ ચલાવી લેવામાં આવશે નહિ તેમજ કડકપણે બંધારણનો અમલ કરવાનો છે. એ ખુશી થવા જેવું છે કે સાધુઓ ખાનદાન છે, વિદ્વાન છે, તેથી બંધારણનું અણિશુદ્ધ પાલન કરીને સમુદાયનું ગૌરવ વધારશે એવી મને આશા છે.

ગામ ગામના આગેવાનોને પણ હું ભલામણ કરવાનો છું કે બંધારણના પાલનમાં મુનિઓને તે જરૂર પ્રમાણે સહાયભૂત થાય.

તિથિ ચર્ચા બાબતમાં તિથિ આપણી જ સાચી છે તેમાં શંકા જ નથી, પરંતુ સકલ સંઘના ઐક્યની આવશ્યકતા સહુ કોઈ જાણે છે તેથી કોઈ વખતે કદાચ કાંઈ વિચાર કરવાનો પ્રસંગ ઊભો થાય તો તે વખતે હું આચાર્યશ્રી રામચંદ્રસૂરીશ્વરજીની સલાહ સંમતિથી કરવાનો છું.

મારા આ બંધારણમાં ઉપયોગી થવા માટે સુશ્રાવક તરીકે રમણલાલ વજેચંદ તથા રમેશભાઈ બકુભાઈને રાખવામાં આવેલા છે અને ભવિષ્યમાં સમુદાય બાબતમાં જરૂર પડે બંને જણા સેવા આપવા માટે સંમત થયા છે.

સંવત ૨૦૧૮ ના ચૈત્ર વદ ૫ બુધવાર તા. ૨૫-૪-૧૯૬૨ સમય બપોરના ક. ૨-૩૯ મી.

સ્થળ : **દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર**, કાલુપુર, **અમદાવાદ.**

આ નિવેદન વંચાયા બાદ વંદનવિધિ થયો હતો અને તે પછી પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી, પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી, પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર અને પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવરે પ્રાસંગિક વિવેચન સાથે આ સંગઠનનું અને આ સંગઠનના પ્રયાસનું અનુમોદન કર્યું હતું. ત્યારબાદ શેઠશ્રી ચન્દ્રકાન્તભાઈ અને શેઠશ્રી રમણભાઈએ આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજે ઉપર્યુક્ત સંગઠનના નિવેદનમાં જણાવેલ નૂતન બંધારણની અગિયારેય કલમો વાંચી સંભળાવી હતી, જે નીચે મુજબની છે :

## સમુદાયના શ્રમણોને પાળવા માટે જાહેર કરેલું બંધારણ

૧. સામાન્ય સંયોગોમાં સાધ્વીજી અથવા શ્રાવિકાએ વ્યાખ્યાનના સમય સિવાય



સાધુની વસતિમાં આવવું નહિ, એ માટે વ્યાખ્યાનાદિ પ્રસંગે નિષેધ કરવો, અને શક્ય પ્રબંધ કરાવવો.

અસાધારણ સંયોગોમાં, દાખલા તરીકે બહારગામથી કોઈ આવ્યા હોય અથવા આપણે નવા ગામમાં ગયા હોઈએ અને ત્યાં કોઈ આવે તો એકાદ વંદન પુરતા આવી જાય તો રોકવા નહીં.

જોગની ક્રિયાઓમાં પણ સાધ્વીજીએ બનતા સુધી શ્રાવિકાને સાથે લઈને આવવું તેમજ શ્રાવિકાએ ઉપધાનની ક્રિયા પ્રસંગે પુરુષને સાથે લઈને આવવું, સાધુની અકસ્માત બિમારી જેવા પ્રસંગમાં નિષેધ કરવો નહિ.

૨. સાધ્વીજી પાસે સાધુઓએ કાંઈપણ કામ કરાવવું નહીં, અને સાધુએ પોતાના કામો દા.ત. પાતરા રંગવા વગેરે શીખી લેવા, જ્યાં સુધી ન શિખાય ત્યાં સુધી ઓઘા, ઠવણી જેવા અશક્ય કામો મુખ્ય સ્પર્ધપતિએ સ્થાનિક પ્રૌઢ શ્રાવક દ્વારા સાધ્વીજી પાસે કરાવી લેવા, પણ સાધુઓએ સાધ્વીના સંપર્કમાં આવવું નહીં.

૩. સાધ્વીજીનું કાંઈ કામ હોય તો તે સીધુ સાધુને ન કહે પરંતુ પરંપરાએ પ્રૌઢ શ્રાવિકા શ્રાવક દ્વારા મુખ્ય સાધુને કહેવડાવે એ પદ્ધતિ જાળવવી. કાંઈ તાત્કાલિક અકસ્માત કાર્ય આવી પડ્યું હોય તો પૂછી લેવાય.

૪. સાધુએ જોઈતી વસ્તુ માટે ટુકડીના વડીલને કહેવું અને વડીલ તેની સગવડ કરી આપે.

૫. સામાન્ય સંયોગોમાં ૧૫ દિવસ પહેલાં કાપ કાઢવો નહીં, સિવાય લુંણા ઝોળી ખેળીયું જેવાં કપડાં.

૬. રેશમી કામળી-દસી-મુહપત્તિ વગેરે વાપરવા નહીં.

૭. દેશના વ્યવહાર પ્રધાન આપવી અને વ્યવહારમાં પ્રાણ પૂરવા માટે ભાવ સમજાવવો.

૮. એક સ્પર્ધકપતિની ટુકડીનો સાધુ બીજા સ્પર્ધકપતિની ટુકડીમાં ગચ્છાધિપતિની તથા જેની નિશ્રામાં હોય તેની આજ્ઞા સિવાય રહી શકે નહીં.

૯. માઇકમાં બોલવું નહીં.

૧૦. ફોટા પડાવવા નહીં.

૧૧. પોતાનું કે પોતાના વડીલના નામનું જ્ઞાનમંદિર પોતે ઊભું કરવું નહિ, તેમજ શ્રાવકો દ્વારા પણ ઊભા કરાતા જ્ઞાનમંદિર આદિમાં પોતાનું વર્ચસ્વ રાખવું નહીં.

ઉપરની કલમો અંગે જેમને કાંઈ પૂછવું હોય તેમણે ગચ્છાધિપતિને પૂછી લેવું.

| | |
|---|---|
| **શ્રી વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિર,** | વિ.સં. ૨૦૧૮ ચૈત્ર વદ-૫, |
| કાળુપુર, | બુધવાર તા. ૨૫-૪-૬૨, |
| અમદાવાદ | સમય બપોરે ૩ વાગે. |

• • •

## સારનો સાર

આપણા સૂરિપુંગવોએ આપણને વારંવાર એમ કહ્યું છે કે જિનશાસનનો સાર નવકાર છે, એટલે એ વાત આપણા મનમાં બરાબર ઠસી છે અને આપણે પ્રતિદિન પરમ શ્રદ્ધાથી તેની ગણના કરીએ છીએ, પણ નવકારનો સાર શો ? તે કદી વિચાર્યું છે ખરૂં ?

કેટલાક કહેશે કે-'સારનો સાર શો હોઈ શકે ? જો એ રીતે સારનો સાર શોધવા જઈશું તો તેનો છેડો નહિ આવે અને અવ્યવસ્થામાં અટવાઈ જઈશું, માટે નવકારનો સાર શોધવો રહેવા દો.' પરંતુ આ વાત અમને બરાબર લાગતી નથી, કારણ કે સારનો પણ સાર અને તેનો પણ સાર હોઈ શકે છે અને તે વસ્તુનું હાર્દ કે રહસ્ય સમજવામાં ઘણો ઉપયોગી નીવડે છે.

એક કવિએ કહ્યું છે કે-'કાવ્યનો સાર નાટક છે, નાટકનો સાર શાકુંતલ છે, શાકુંતલનો સાર તેનો ચોથો અંક છે અને ચોથા અંકનો સાર તેના ચાર શ્લોકો છે.'આમાં સારનો સાર અને તેનો સાર કાઢવામાં આવ્યો છે અને તેથી સમગ્ર કાવ્યસૃષ્ટિમાં કઈ વસ્તુ સહુથી અધિક સુંદર છે, તેનો ખ્યાલ આવી જાય છે.

'આપણા શરીરમાં સારભૂત વસ્તુ કઈ ?' એવો કોઈ પ્રશ્ન પૂછે તો તરત જ મસ્તક યાદ આવે છે અને 'મસ્તકમાં સારભૂત વસ્તુ કઈ ?' એવો પ્રશ્ન પૂછે તો તત્કાલ નાસિકાનું સ્મરણ થાય છે. વળી 'નાસિકામાં પણ સારભૂત વસ્તુ કઈ ?' એવો પ્રશ્ન પૂછે તો શીઘ્ર તેના ટેરવા ભણી ચિત્તવૃત્તિ દોડે છે. આથી નાકનું ટેરવું એ શરીરનો સહુથી સારભૂત ભાગ છે એ વાત આપણી સમજમાં આવે છે અને કોઈપણ ભોગે તેનું રક્ષણ કરવાને ઉદ્યત થઈએ છીએ.

નવકારમાં અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં આવે છે. તેમાં અરિહંત અને સિદ્ધ એ બે દેવ છે અને આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુ એ ત્રણ ગુરુ છે. એટલે દેવ અને ગુરુની અનન્ય મને ભક્તિ કરવી એ તેનો સાર છે.



કેટલાક નમસ્કારનો અર્થ માથું નમાવવું, બે હાથ જોડવા અથવા બે ઢીંચણ, બે હાથ અને પાંચમું મસ્તક-એ પાંચ અંગ ભેગા કરી વંદન કરવું, એમ સમજે છે. પણ તે અર્થ પર્યાપ્ત નથી. અહીં નમસ્કારથી વિનય, બહુમાન અને અંતરંગ ભક્તિનું સૂચન છે. એટલે દેવ અને ગુરુને નમસ્કાર કરવાનો અર્થ તેમના પ્રત્યે અંતરંગ ભક્તિ રાખવાનો છે.

જ્યાં અંતરંગ ભક્તિ હોય ત્યાં અવિનય, આશાતના કે અવર્ણવાદ તો હોય જ શાના ? તાત્પર્ય કે નવકાર મંત્રની નિત્ય ગણના કરનાર કદી પણ દેવગુરુની આશાતના થાય તેવું વર્તન કરે નહિ કે તેમનો અવર્ણવાદ બોલે નહિ.

સ્તુતિ, સ્તવના, ગુણાનુવાદ એ બધાં અંતરંગ ભક્તિમાંથી જ પ્રકટે છે, એટલે નવકાર મંત્રની નિત્ય ગણના કરનાર પંચપરમેષ્ઠિની સ્તુતિ કરે, સ્તવના કરે અને તેમનો ગુણાનુવાદ કરવામાં જ અનેરો આનંદ માને.

અહીં 'દેવગુરુની ભક્તિનો સાર શો છે ?' એવો પ્રશ્ન થવા સંભવ છે. તેનો ઉત્તર એ છે હૃદયમાં ગુણાનુરાગ હોય તો જ દેવ-ગુરુ પ્રત્યે વિનય-બહુમાન-ભક્તિ પ્રકટે છે, એટલે ગુણાનુરાગ એ દેવગુરુની ભક્તિનો સાર છે અને તેને અપનાવવામાં જ આપણું કલ્યાણ રહેલું છે.

ગુણાનુરાગ એ ગુણપ્રાપ્તિનો પાયો છે. જ્યાં ગુણાનુરાગ નથી, ત્યાં કોઈ ગુણની પ્રાપ્તિ નથી અને જ્યાં કોઈ ગુણની પ્રાપ્તિ નથી, ત્યાં વિકાસ કે અભ્યુદય અસંભવિત છે. જો આટલી વાત આપણાં મનમાં બરાબર ઠસી જાય તો આપણો ઉદ્ધાર હાથ-વેંતમાં છે.

• • •

• **લાકડિયા-(કચ્છ)** : અત્રે પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજ વૈ.સુ. ૧૨ ના કાળધર્મ પામ્યા. એઓશ્રીમાં દીર્ઘ ચારિત્ર-પર્યાય, સંયમની કાળજી, તથા શાસ્ત્રપરિશીલનનો રસ વગેરે અનુમોદનીય હતો. છપાયેલ ગ્રંથના પ્રાચીન પ્રત ઉપરથી સંશોધન પણ સારા કરેલા. શ્રીમદ્‌ના આત્માને શાંતિ પ્રાપ્ત થાઓ.

• **વિસનગર** : અત્રે પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ વિશાળ મુનિમંડળ સાથે પધાર્યા છે. પૂ. મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજ આદિ પણ પધાર્યા છે. પ્રવેશ સત્કાર બહુ ઠાઠથી થયો. દીક્ષા ઉત્સવ નિમિત્તે નગરને ધજા પતાકા બોર્ડોથી શણગારી દેવામાં આવ્યું છે. ગોકળ મૂળચંદની મોટી વાડીને વિશાળ મંડપથી સુશોભિત કરી નૂતન નિર્મિત પીઠિકા પર ત્રણ પ્રભુજી ભવ્ય સમોસરણ, તથા દસ રચનાઓ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. વદ

૭ ભાઈ-બેન શ્રી કુમારપાળ તથા મંજૂલાનો દીક્ષા પ્રસંગ છે.

• **આબુ :** અત્રે મુંબઈ શિક્ષણ નિયોજન સમિતિ તરફથી સ્કૂલ-કૉલેજના લગભગ ૮૦ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ-સંસ્કરણ આપવાનું સુંદર કાર્ય ચાલી રહ્યું છે.

• **કુંભણ (તા. પાલીતાણા) :** અત્રે પૂ.પં. શ્રી પ્રવીણવિજયજી મહારાજ તથા પૂ.પં. શ્રી મહિમાવિજયજી મ. ની નિશ્રામાં પ્રતિષ્ઠા-મહોત્સવ શાનદાર રીતે ઊજવાયો. જલયાત્રાના વરઘોડામાં પ્રભુજીના રથને જોડવા માટે હણોલના પટેલ રણછોડ નારણજીભાઈએ બે કિંમતી બળદ સંઘને અર્પિત કરી દીધા, જૈનેતરોમાં સારી શાસન પ્રભાવના થઈ. પૂજ્યશ્રીના ઉપદેશથી સાધારણ ખર્ચની રૂા. ૪૦૦૦)ની ટીપ થઈ. પૂજ્યશ્રીનું ચોમાસું લીંબડીનું નક્કી થયું છે.

• **વિસનગર :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે એઓશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજીના સંસારી પુત્ર-પુત્રી ભાઈ શ્રી કુમારપાળ તથા શ્રી મંજૂલાબેનનો દીક્ષા ઉત્સવ બહુ ધામધૂમથી ઊજવાયો. મુમુક્ષુના મોટાભાઈ શ્રી બાબુલાલ છોટાલાલ (B.C. માર્કાના ઘીના વેપારી) તરફથી પહેલાં મુંબઈમાં વર્ષીદાનનો વરઘોડો, પૂજા તથા સ્વામિવાત્સલ્ય સુંદર ઊજવાયા. રાતના શેઠ માણેકલાલ ચુનીલાલના પ્રમુખપદે દીક્ષાર્થીને અભિનંદન આપવાનો મેળાવડો ઊજવાયો હતો. સુખી ઘરમાંથી કઠોર ચારિત્રમાર્ગે પ્રયાણ કરનાર બંને દીક્ષાર્થીઓને જોઈ જોઈને ભાવુક હૃદયો ગદ્‌ગદ બની જતા. જ્ઞાતિ તરફથી પણ મેળાવડો થયેલો. સમયના અભાવે મેળાવડાની બીજી અનેક માગણીઓ સ્વીકારી શકાઈ નહિ.

શ્રી બાબુભાઈ તરફથી આ દીક્ષાની આમંત્રણ પત્રિકા ભારતભરમાં મોકલવામાં આવી હતી. વિસનગરમાં વૈ.સુદ ૧૪ થી ઉત્સવ શરૂ થયો. ગોકળભાઈ મૂળચંદની વિશાળ વાડીને મંડપ ધજાઓ વગેરેથી સુશોભિત કરવામાં આવી હતી. એમાં એક બાજુ સનત્કુમાર ચક્રવર્તીની દીક્ષા, મહાસતી સીતાની અગ્નિદિવ્ય કર્યા બાદ દીક્ષા, ભિખારીના અડધા દિવસના ચારિત્રમાંથી રાજા સંપ્રતિ થવું, વગેરે દશેક રચનાઓ કરવામાં આવી હતી. એને જોવા માટે જૈન-જૈનેતરોનો મોટો પ્રવાહ ચાલુ રહેતો. મંડપના બીજા ભાગમાં ખાસ પીઠિકા બનાવી ત્રણ પ્રભુજીને બિરાજમાન કરવામાં આવ્યા હતા, અને મુંબઈથી ખાસ આમંત્રેલા ભાઈશ્રી રમણિકલાલ મણિલાલ રોજ રોજ નવનવી વિશિષ્ટ અંગરચના કરતા હતા. પૂજા ભાવના માટે વડનગરના સંગીતકાર શ્રી રમણિકલાલ ભોજક, શ્રી રાજનગર સંયુક્ત મંડળ તથા



જૈન ધર્મ આરાધક મંડળ બોલાવાયેલ. બેનો માટે ખાસ અમદાવાદથી શ્રીમતી સુભીબેનની શામળાની પોળની ટોળીને બોલાવવામાં આવી હતી. પૂજા-ભાવના-ગાવાનું વગેરેએ લોકોને પ્રભુભક્તિમાં સુંદર ઝીલાવ્યા.

ભાઈશ્રી બાબુભાઈની ખાસ વિનંતીથી પૂ. આચાર્ય ભગવંત તથા પૂ.આ.શ્રી ભુવનસૂરિજી મ. તથા વયોવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજ, પૂ. શ્રી મેરુવિજયજી મહારાજ, પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ., પૂ.પં. શ્રી મલયવિજયજી મ., પૂ.પં. શ્રી હેમંત વિ.મ. વગેરે ૫૨ મુનિ ભગવંતો પધાર્યા હતા. વૈશાખ વદ ૬ ના સવારે ભારે દબદબાપૂર્વક જળયાત્રાનો વરઘોડો ચઢ્યો હતો. રથમાં સારથિ તરીકે ભાઈ કુમારપાળ અને અંદર પ્રભુજીને લઈને બેઠેલા મંજુલાબેન રાજકુમાર-કુમારી જેવા શોભતા હતા. બહારગામથી આવેલ તથા વિસનગરવાસીઓની લાંબી કતારથી રાજમાર્ગો સંકડાઈ ગયા હતા. માનવ મહેરામણ જોઈ, દીક્ષા માટે વાડીને બદલે નગર બહારની નૂતન વિદ્યાલયનું વિશાળ પટાંગણ પસંદ કરવામાં આવ્યું. છઠ બપોરના શાંતિસ્નાત્ર ઊજવાયું.

વદ સાતમના રોજ સવારે વર્ષીદાનનો વરઘોડો ચઢ્યો. આજે પણ દર્શનાર્થી જનતાનો ભારે ઘસારો હતો. દીક્ષાર્થીઓ બે જુદી મોટરોમાંથી જાણે **'લુચ્ચી લક્ષ્મીને ફેંકી દો ફેંકી દો'** એવું સૂચન કરતા પૈસાને વર્ષીદાનમાં ઉછાળી રહ્યા હતા. વરઘોડો નૂતન વિદ્યાલયમાં દાખલ થતા. લોકો પટાંગણમાં શણગારેલા મંડપ ઉપરાંત પડાળો તથા લીમડાઓની છાયા નીચે ગીચોગીચ બેસી ગયા. પૂ. આચાર્યદેવશ્રીએ નાણમાં પધરાવેલ પ્રભુજીની આગળ ઉપસ્થિત થઈ ગયેલ ભાઈ શ્રી કુમારપાળ તથા મંજુલાબેનને દીક્ષાની ક્રિયા શરૂ કરાવી, તે વખતે બંનેના હરખનો પાર નહોતો, અને રજોહરણ સ્વીકારતા તો તેઓ આનંદના ઉછાળામાં નાચી ઊઠ્યા. દીક્ષાર્થીઓ માટે ઓઘો એમનાં માતુશ્રી સમરથબેને તથા કાકા અમથાભાઈએ વહોરાવેલ. બાકી ઉપકરણો વહોરાવવાની ઉછામણીમાં રૂા. ૩૫૦૦) ઉપર થયા. મુંડન સ્નાન-વેશપરિવર્તન પછીની ક્રિયા બાદ ૧૨-૫૭ મિનિટે લોચ કરવામાં આવ્યો. સમ્યક્ત્વ તથા સર્વવિરતિ સામાયિક ઉચ્ચારવામાં આવ્યાં. પછીની ક્રિયા બાદ નામ સ્થાપનામાં ભાઈ શ્રી કુમારપાળનું નામ મુનિશ્રી વિશ્વધનવિજયજી રાખી મુનિરાજશ્રી મતિધનવિજયજીના શિષ્ય અને મંજુલાબેનનું નામ સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજી રાખી સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવ્યા. ત્યારબાદ **પૂ.પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યે** ટૂંકમાં પણ રોચક વૈરાગ્યવાહી હિતશિક્ષા આપી હતી.

ઉત્સવમાં બહારના મહેમાનોની રોજ ભક્તિ ઉપરાંત છઠ્ઠના સવાર સાંજની

તથા સાતમની સવારની નવકારશી કરવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવોના પ્રવેશ પર શ્રીફળની પ્રભાવના તથા પૂજાઓ દીક્ષા વગેરેમાં પ્રભાવનાઓ થતી. ઉત્સવમાં બાબુભાઈના મોટાભાઈ શ્રી વાડીલાલની આખી વ્યવસ્થામાં અથાગ મહેનત હતી. સાથે સ્થાનિક કાર્યકરોમાં ભાઈશ્રી શાંતિલાલ મોહનલાલ, શ્રી કાંતિલાલ રતનચંદ, શ્રી મફતલાલ અમથાલાલ, શેઠ શ્રી બિપિનભાઈ ચીમનલાલ, તથા શ્રી પોપટલાલ અમથાલાલ, શ્રી ચંદુલાલ ચીમનલાલ ધિણોજવાળા, શ્રી ચંદુલાલ મણિલાલ, માસ્તર શ્રી પાનાચંદભાઈ તથા અમલનેરવાળા રીખવચંદભાઈ વગેરેએ ઘણો સહકાર આપેલો. યુવક વોલંટિયરોએ વરઘોડા વગેરેમાં સારી વ્યવસ્થા જાળવેલી. છટ્ઠની રાતે મુંબઈવાળા શેઠ શ્રી જીવતલાલ પરતાપશીના પ્રમુખપદે વીસનગરના સંઘે દીક્ષાર્થીઓનો ભવ્ય મેળાવડો યોજી અભિનંદન આપેલા.

ઉપરોક્ત સમારોહમાં વિશેષ ધન્યવાદ દીક્ષાર્થીઓના માતાજી સમરથબેનને ઘટે છે કે જેમણે ૩૭ વર્ષની ઉંમરે પતિની સાથે બ્રહ્મચર્ય ઉચ્ચરેલું અને તે પછી બે જ વર્ષમાં પતિને પ્રવ્રજ્યા માર્ગે વિદાય દીધી, તથા આજે લાડકડા પુત્ર-પુત્રીને ચારિત્ર પંથે વિદાય દઈ રહ્યા છે.

ઉત્સવ પર બહારના અનેક ગામોમાંથી લોકો આવેલા હતા. તથા શેઠ શ્રી જીવાભાઈ પરતાપશી, શ્રી રમણલાલ વજેચંદ, શ્રી હીરાભાઈ મણિભાઈ, શ્રી કાન્તિલાલ ચુનીલાલ, શ્રી નરોતમદાસ રાણપુરવાળા, શ્રી સમરથમલજી રાયચંદજી વગેરે વગેરે અનેક સંઘના અગ્રણી સદ્‌ગૃહસ્થો આવેલા.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૩૮,તા.૨૩-૬-૧૯૬૨

• **પિંડવાડા :** અત્રે ચાતુર્માસાર્થે જે. સુ. ૧૩ પ્રભાતે સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ.**, પૂ. મુનિરાજશ્રી મંગળવિજયજી મહારાજ આદિ વિશાળ મુનિમંડળનો સંઘના સ્વાગતપૂર્વક સુંદર પ્રવેશ થયો. વિહારના મુકામોમાં ધર્મપ્રભાવના સારી થઈ. ત્રણ દીક્ષાઓ ધામધુમથી ઉજવાઈ. કલોલમાં ભાઈ શ્રી નવીનભાઈની દીક્ષા થતાં એમને પૂ.મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજીના શિષ્ય મુનિ શ્રી નંદીગુપ્તવિજયજી તરીકે, વિસનગરમાં ભાઈશ્રી કુમારપાળને પૂ. મુનિરાજશ્રી મતિધનવિજયજીના શિષ્ય મુનિશ્રી વિશ્વધનવિજયજી તરીકે, તથા ગોળામાં ભાઈ શ્રી ચન્દ્રકાન્તને પૂ. આચાર્યદેવશ્રીના શિષ્ય મુનિ શ્રી ચરણપ્રભવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.



## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૪૦,તા.૭-૭-૧૯૬૨

• **કરલી :** (વિસનગર) અત્રેના સ્વ. શેઠ કાલીદાસ ભાઈચંદના નિમિત્તે એમના પુત્ર મણિભાઈ તરફથી ઉત્સવ થયો. અમલનેરથી ભાઈ રીખવચંદને બોલાવ્યા. ગામમાં જૈનોના ઘર ૨, પરંતુ પૂ. આ. દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ને વિનંતી કરી. પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ.ને લઈ આવ્યા. નવકારશી થઈ. ત્રણ દિવસ રોજ વ્યાખ્યાન-પૂજા-ભાવનામાં પટેલોએ ખૂબ લાભ લીધો. ચિકાર હાજરી રહેતી. પૂજા ભાવનામાં રીખવચંદભાઈ ઉપદેશભર્યા પદો-દોહરાથી લોકોને ભક્તિ-વૈરાગ્યમાં ડોલાવી દેતા. એવું જ મલકાપુરમાં શાંતિસ્નાત્રમાં કર્યું. તેમજ પાલીતાણે રીખવચંદભાઈએ આરીસા ભવનમાં દેરાસરના અધુરા કામ પૂરું કરવા સારું માર્ગદર્શન કર્યું.

• **કેસરિયાજી :** અહીં પંડ્યાઓની જોહુકમી અનહદ છે. પ્રભુની આરતિ ઉતારનારને 'જય જય આરતી આદિ જિણંદા' બોલવા દેતા નથી, કોઈ બોલે તો આરતી ઝુંટવી લે છે. મંગળદીવો તો ઉતારવા જ દે નહિ. આરતીના પૈસા પંડ્યા ઉઠાવે, આંગીના પૈસામાંથી પણ ઉઠાવે. આંગી રચાવનાર જો પહેલેથી શરત કરે કે 'અમે આરતી મંગળદીવો ઉતારશું બોલશું, તમારે કબૂલ હોય તો તે ઉતાર્યા પછી આંગીના પૈસા આપશું,' તો પંડ્યા પક્કડમાં આવે. એવું કેટલાકોએ કરીને પાંચ આરતી ઉતારી છે. બીજુ ત્યાં બોલી બોલવી હિતાવહ નથી. વળી દૂધ વગેરેના પૈસા પંડ્યાઓને આપવા નિરર્થક છે કેમકે તેટલું દૂધ ચઢાવતા નથી.

વળી, ત્યાં બીજી અવિધિ-આશાતનાઓ ઘણી થાય છે; જેમકે, (૧) પ્રભુજીને વાળાકુંચી જોરથી ઘસે-ગોદા મારે છે. (૨) મુખકોશ વિના પૂજા કરે છે, (૩) બ્રાહ્મણ પૂજા વખતે યાત્રિક પાસેથી પૈસા પડાવે છે તેથી બીજાને ઊભા રહેવું પડે છે. (૪) આરતીના બદલે બીજા ત્રીજા દોહા બોલે છે. (૫) રાતના આંગી ઉતારી ચંદન વિલેપન કરી પ્રભુને ફુલની મેવાડી પાઘડી બાંધે છે. (૬) મંદિરના થાંભલાઓને કેસરના લપેડા, ઘી વગેરેથી મલિનતા બહુ. (૭) સ્નાન માટેનું પાણી ગળાતું નથી. (૮) ધર્મશાળામાં યાત્રી પંડ્યાને રાખે તો જ સગવડ મળે (૯) ધર્મશાળામાં ૨-૩ સ્કૂલો ઘૂસાડી છે, કેટલીક ઓરડીઓ ભાડે દીધી છે. (૧૦) યાત્રિકોના માલની ચોરીઓ થાય છે. મંદિરમાંથી પણ ચોરી થાય તો પૂછવાવાળું કોણ ? (૧૧) યાત્રિકો પાસેથી યેન કેન પ્રકારે પૈસા કઢાવવા નોકરો તંગ કરે છે (૧૨) પ્રભુપૂજાની પહેલી બોલીના પૈસા પંડ્યાઓ લઈ જાય છે.

આ પરિસ્થિતિમાં યાત્રિકોએ ત્યાં કોઈ બોલી બોલવી, પૈસા મૂકવા, પંડ્યા નોકરોને પૈસા દેવા, ચોપડા લખાવવા વગેરે ઉચિત નથી. માત્ર જાતે ભક્તિ બને તેટલી કરવી આ સંબંધમાં આપણી જૈન શ્વે. સંઘની પેઢીનો સંપર્ક કરવો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૪૧,તા.૧૪-૭-૧૯૬૨

• **મુંબઈ :** શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રચાર મંડળના ઉપક્રમે શ્રી ગોડીજી ઉપાશ્રયમાં પૂ.ઉ.શ્રી કૈલાસસાગરજી મ.ની નિશ્રામાં જેઠ સુ. ૩ના મળેલી સભામાં મંડળના નિવૃત્ત પ્રમુખ શ્રી ફતેહચંદ ઝવેરચંદ શાહના ધાર્મિક લેખો અને કાવ્યોના સંગ્રહરૂપે તૈયાર થયેલ ૪૦૦ પાનાનું 'સ્વાનુભવ-ચિંતન' નામનું પુસ્તક પ્રકાશિત કરવાનો સમારોહ ઉજવાયો. શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી વગેરે અનેક આગેવાનોની ઉપસ્થિત્તિ સારી હતી. પ્રકાશન દાનવીર શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલના શુભ હસ્તે થયું. એમણે શ્રી ફતેહચંદભાઈની સેવાના ઉત્સાહથી વૃદ્ધ વયે પણ યુવાની, શાંત સ્વભાવ જીવન ઘડતર, તાત્વિક ચિંતન, ધાર્મિક અભ્યાસ અને અનેક તાત્વિક આધ્યાત્મિક સુંદર લેખો કાવ્યો વગેરેને અંજલિ આપી હતી, પૂ.મહારાજશ્રી તથા શ્રી મનસુખલાલ તારાચંદ, શ્રી હીરાલાલ જુઠાભાઈ, શ્રી ધીરજલાલ ટોકરશી. શ્રી ભાયચંદભાઈ નગીનદાસ, શ્રી ગૌતમલાલ શાહ વગેરેએ પણ વક્તવ્ય કર્યા હતા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૪૨,તા.૨૧-૭-૧૯૬૨

• **ભુજ :** પ્રસિદ્ધવક્તા પૂ.પં.શ્રી કનકવિજયજી મહારાજ સપરિવાર કચ્છ પ્રદેશના ગામોમાં ધર્મરંગની પ્રભાવના કરતાં કરતાં ભુજ સંઘના અતિ આગ્રહથી અહીં ચોમાસું પધાર્યા છે. સ્વાગત સુંદર થયું. રોજ વ્યાખ્યાન જાહેરમાં થાય છે. બધા ગચ્છવાળા લાભ લે છે.

• **જોધપુર :** રાજસ્થાન ટ્રસ્ટ એક્ટ અમલમાં મૂકાયો છે, તે કેન્દ્રિય ટ્રસ્ટ બીલ કરતાં પણ ભયંકર છે. રૂા. દસ હજાર ઉપરની આવકવાળા ટ્રસ્ટો પર તો સરકારી મોટા ભાગે જૈનતરોની બનેલી કમિટીનો વહીવટહક્ક, બજેટ નક્કી કરવાનું નિયંત્રણ વગેરે ગંભીર દખલગીરીઓ છે. આ ભારતીય બંધારણે આપેલ ધર્મસ્વાતંત્ર્યની વિરુદ્ધ છે. પૂજ્યપાદ શ્રી ધર્મસાગરજી મહારાજ ખાસ આ અંગે અત્રે ચાતુર્માસ રહી આ ટ્રસ્ટ એક્ટને કાયદેસર લડત આપવા સારી મહેનત કરી રહ્યા છે. આ સંબંધમાં જોધપુરમાં તા. ૧૪ મી એ રાજસ્થાન સંઘોના પ્રતિનિધિઓની એક સભા નક્કી થઈ છે. આ પ્રશ્ન ભારત સંઘોનો છે; તેથી સૌએ તન-મન-ધનથી સમર્થન કરવાની જરૂર છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૪૪,તા.૪-૮-૧૯૬૨

• **બીજાપુર (કર્ણાટક) :** પૂ.પં. શુભંકરવિજયજી ગણિ અત્રે સસ્વાગત પધારતાં, સંઘવી ગણપતચંદજી તરફથી પોતાના માતુશ્રીના કાળધર્મ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો. પૂ. પંન્યાસજી મહારાજની ધર્મ પ્રભાવક વાણીથી સંઘમાં ઉલ્લાસ સારો છે.

• **સાવરકુંડલા :** પૂ. આચાર્યદેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજની અત્રે સપરિવાર ચાતુર્માસ સ્થિરતાથી નગર ધર્મરંગ અને ધર્મપ્રવૃત્તિથી ગાજતું થઈ ગયું છે. વ્યાખ્યાનમાં શ્રી ભગવતી સૂત્ર તથા શ્રી વાસુપૂજ્ય ચરિત્ર વંચાય છે. પૂ.પં.શ્રી રૈવતવિજયજી મહારાજને ૫૧ ઉપવાસની ભાવનાથી ઉપવાસ ચાલુ છે.

• **મહેસાણા :** અત્રેની રવિસાગરજી પાઠશાળા, કન્યાશાળા તથા બોર્ડિંગના ધાર્મિક શિક્ષક શા. અમૃતલાલ શિવલાલ, શિવગંજ શ્રી વર્ધમાન જૈન વિદ્યાલયના પ્રાધ્યાપક તરીકે જતા હોઈ એમનું જૈન સંઘના ટ્રસ્ટીઓ, આગેવાનો, વકીલો વગેરે તરફથી જાહેર માનપત્ર આપવામાં આવ્યું હતું. પાલીતાણાવાળા શામજી માસ્તર, પરીક્ષક વાડીલાલભાઈ, શેઠ ચંપકલાલ હરડે વગેરેએ સારા વક્તવ્ય કર્યા હતા. શેઠ ચંપકલાલ ભોગીલાલ બબલદાસે શ્રી રવિસાગરજી પાઠશાળાને રૂા. ૪૦૦૦/- ભેટ કર્યા હતા.

• **લીંબડી :** પૂ.પં.શ્રી મહિમાવિજયજી મ. ના સ્વર્ગવાસ નિમિત્તે અષાઢ વદ ૧૪ થી અઠ્ઠાઈ મહોત્સવ એમના ભક્ત વર્ગ તરફથી ભાદરવા વદમાં વિવિધ રચનાઓ સહિત ભવ્ય અષ્ટાન્હિકા મહોત્સવ થનાર છે. ભક્ત ગણનો વિચાર થતાં સ્વર્ગસ્થનું સ્મારક કરવા નવા દેરાસરમાં જગા સંઘે મંજૂર કરી છે. પૂ.પં.શ્રી પ્રવિણવિજયજી મ.ની નિશ્રામાં શ્રા. સુ. ૫-૬-૭ શ્રી સંઘમાં ૧૧ ક્રોડ અરિહંત જાપ કરાવાશે.

• **જાવાલ :** પૂ. આચાર્યદેવ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી સુશીલવિજયજી મ. નું અત્રે ચાતુર્માસ હોવાથી સંઘમાં ધર્મજાગૃતિ સારી આવી છે. પૂ. આચાર્યદેવ શ્રી ભગવતી સૂત્ર પર રોચક ભાવવાહી પ્રવચન કરે છે.

સૂત્રનો વરઘોડો ભવ્ય નીકળેલ. પ્રારંભમાં ૧। લાખ નવકાર જાપ-૮૧ આંબેલ થયાં. સાધ્વીજીની વડીદીક્ષા નિમિત્તે એક અઠ્ઠાઈ મહોત્સવ થયો; બીજો વદ એકમથી છે, તેમજ સામુદાયિક નવકાર તપ થશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૦,અંક-૪૬/૪૭/૪૮,તા.૨૫-૮-૧૯૬૨

• **વઢવાણ** : પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મ. ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી તત્ત્વાનંદવિજયજી મ. ની દોરવણી નીચે શ્રા. સુ. ૧૧ નાં અરિહંત પદનો દરેક આરાધકને ૫૦૦૦૦ નો જાપ કરવાનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો. ૨૭૫ની સંખ્યામાં આરાધકો જોડાયા હતા. યુવાન વર્ગ ધર્મમાં સારો જોડાયો છે.

• **પાડીવ** : અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી મ. ચાતુર્માસ પધારતા સંઘમાં અનેરો ઉત્સાહ છે. ૧૨ ઉપાંગના એકાસણા થતાં ૧૨૫ આરાધકો જોડાયા હતા અને જુદા જુદા ભાઈઓ તરફથી સાધર્મિક ભક્તિ થઈ હતી, તેમજ પચરંગી તપ થતાં ૧૫૧ આરાધકો થયા હતા.

• **ખુલાસો** : ગતાંકમાં અગ્રલેખમાં રાજસ્થાન ટ્રસ્ટ એક્ટ સામે કોઈ પ્રયત્ન ન કરતું હોવાનું લખાણ હતું તે લેખ વહેલો લખાયેલો, પણ છાપવાનું મોડું થયેલું. તેમાં એમજ ભૂલમાં છપાઈ ગયો, બાકી રાજસ્થાન જૈન સંઘ તેના પ્રયત્ન કરી રહેલ છે, ને તેના સમાચાર પૂર્વના અંકમાં પ્રસિદ્ધ થઈ ગયેલ છે તેની વાચકો નોંધ લે.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૧૧,અંક-૧,તા.૮-૯-૧૯૬૨

## નૂતન વર્ષના પ્રારંભે

'દિવ્ય-દર્શન' પત્રને આજકાલ કરતાં એક દસકાની આવરદા થઈ ગઈ. આ સપ્ટેમ્બર માસથી એ **અગીયારમા વર્ષમાં પ્રવેશ** કરે છે.

ગત વર્ષમાં અનેકવિધ મુદ્દાસરના વિષયો પર રોચક અગ્રલેખો ઉપરાંત મુખ્યતયા શ્રી સમરાદિત્ય કેવળી મહર્ષિના ચોથા ભવના પાછલા અંશ અને ત્યારબાદ વિવિધ વિષયો પરના પ્રવચનો આપવામાં આવ્યા હતા. અમુક વાચકોને સમરાદિત્યના ભવોનાં પ્રવચન ચાલુ રહે એ ઈષ્ટ હતું, પરંતુ આગળના ભવોનાં અવતરણ અમારી પાસે નહિ હોવાથી તેમ કરવું અશક્ય હતું. પરંતુ અન્ય વિષયોનાં પ્રવચનો જે પ્રકાશિત



થયા છે તેમાં આવેલી તત્ત્વ વિચારણા અને આરાધનાની પ્રેરણાએ જરૂર એમને સંતોષ આપ્યો હશે. વિશેષતઃ તો 'ચાર ચિંતા'ના અનેક અંકો સુધી ચાલેલ વિષયમાં જે માનવવૃત્તિઓનાં વિશ્લેષણ, માનવસુલભ ક્ષતિઓનો પરિચય, અને તેનાં નિવારણપૂર્વક આત્મોન્નતિ કરવાનાં અનેકવિધ માર્ગદર્શન અપાયાં છે, એ ખૂબ જ મનનીય છે, અને આ તકે વાચકોને અમે બંધુભાવે ખાસ નમ્ર ભલામણ કરીએ છીએ કે હવે તો એ બધા અંકો હાથ પર હોઈ એનું સળંગ વાંચન અને ચિંતન-અવધારણ કરશો. એથી જૈનધર્મનાં અનુપમ મર્મ અને વિષમ કાળે સર્જાતી કેટલીય કટુ સમસ્યાઓ તથા માનસિક અસમાધિ-વિહ્વળતાનાં નિરાકરણ અને માનસિક સ્વસ્થતા, સ્વચ્છતા તથા અભ્યુદયના અનુપમ લાભ મળશે.

ગત વર્ષનાં છેલ્લા સંયુક્ત અંકનો વાર્ષિક ૧૧ કર્તવ્યોનો વિષય અલબત્ત પર્યુષણા અંગેનો ગણાય. પરંતુ તે પણ રોજિંદા જીવનમાં ધર્મઝળક લાવવા માટે ફરીથી વાંચી મનન કરવા જેવો છે.

નવા વર્ષમાં હવે શ્રાવક ધર્મનાં બાહ્ય આભ્યન્તર વિકાસ અને એમાં આત્માના શક્ય ઉત્થાન પ્રયોગ અંગેનાં પ્રવચનોથી મંગળ પ્રારંભ થાય છે, સાથે શ્રેષ્ઠિપુત્ર રૂપસેન અને રાજકુમારી સુનંદાનું સંવેગ-વૈરાગ્યથી ઝળબોળ તથા તત્ત્વછણાવટથી દીપતું કથાનક આપવામાં આવશે. વાચકોને અનુભવ છે કે પૂ. પંન્યાસજી મહારાજના પ્રત્યેક વાક્ય અને શબ્દ સુદ્ધાં વાંચનમાં ગબડાવવા જેવા નહિ પરંતુ ખૂબ જ ચિંતનપૂર્ણ હોઈ ગંભીર મનન માગી લે છે. માટે તો કેટલાક વાચકો એકેક અંકનું અનેકવાર વાંચન મનન કરે છે. તો સૌ કોઈને અમારી આ વિનંતી છે કે વાંચન ઝડપી નહિ પણ ઠરીને ઊંડા વિચારભર્યું કરશો. વાંચનમાંથી મુદ્દા અને ખાસ વાક્યો નોંધી લઈ એ ડાયરીને વારંવાર વાંચતાં વિચારતાં વળી કોઈ અનેરો આનંદ અને લાભનો અનુભવ થશે.

પ્રાંતે એક વિનંતી-દિવ્ય-દર્શનના નિયમિત વાંચકો સમયસર અંક મળવાની ખાસ આતુરતાપૂર્વક રાહ જુએ છે, અને દરેક નવા અંકમાંથી નવી પ્રેરણા મેળવતાં અપૂર્વ આનંદ અનુભવે છે. તો એમને આ તકે જણાવવું પડે છે કે આજના પ્રકાશન ખર્ચ ભારે વધી ગયા છે, માટે દિવ્ય-દર્શનના પ્રકાશન ખર્ચને પહોંચી વળવા દિવ્ય-દર્શનના ગ્રાહકો વધારવાની ખાસ આવશ્યક્તા ઊભી થઈ છે, એટલે એકેક ગ્રાહક બીજા પાંચ ગ્રાહક ઊભા કરી આપે એવી અમારી ભારપૂર્વક નમ્ર વિનંતી છે. એથી આ મહાન આધ્યાત્મિક સાહિત્યના પ્રચારનો અને ભવ્યાત્માઓને અદ્ભુત ધર્મપ્રેરણા તથા સમાધિ અને શુભ ભાવોલ્લાસ જગાવવાનો અપૂર્વ લાભ પણ મળશે.

• • •

**• પિંડવાડા :** પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજની નિશ્રામાં સંઘમાં પર્યુષણની સુંદર આરાધના થઈ. પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ને ૧૬ ઉપવાસ, પૂ.મુ. શ્રી જગવલ્લભ વિ. મ. ને ૯ ઉપ.પૂ.મુ. શ્રી મણિભદ્રવિજયજી મ. ને ૪૨ મી વર્ધમાન આંબેલ ઓળી પર ચોવિહારી અઠ્ઠાઈ, પૂ. મુ. શ્રી જયશેખર વિ. મ. તથા શ્રી મહાબલ વિ. મ. ને અઠ્ઠાઈ તથા બીજા મુનિઓને તપસ્યાઓ સારી થઈ. શ્રાવક-શ્રાવિકામાં પણ શ્રી સમરથમલજી જ્ઞાનમંદિરવાળાને ૯ ઉપ. તથા અન્યોને ૧૬-૧૧ અઠ્ઠાઈ વગેરે સારાં તપ થયાં, સ્કૂલમાસ્ટરો શ્રી જસરાજજી સિંઘી M.A.B.Ed. તથા શ્રી મનોહરલાલજી સિંઘી M.A. પણ ઉપવાસ પૌષધ, રોજ બંને ટાઈમ પ્રતિક્રમણ વગેરેમાં સારા જોડાયા. સોજત સિટિના બ્રાહ્મણ સ્કૂલ માસ્ટર માંગીલાલજીએ પર્યુ. આરાધના માટે ખાસ અત્રે આવી ચોવિહારી અઠ્ઠાઈ સાથે ૬૪ પહોરી પોષધ કર્યા. અત્રે સાધુ-સાધ્વીને અધ્યયન અર્થે કાયમી પાઠશાળા ખોલવાની યોજના થઈ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"**    વર્ષ-૧૧,અંક-૨,તા.૧૫-૯-૧૯૬૨

**• સાવરકુંડલા :** પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. પં. રૈવતવિજયજી મહારાજે ૫૧ ઉપવાસની ભીષ્મ તપસ્યા સારી રીતે પૂર્ણ કરી. વિશેષતા એ હતી કે આવી મોટી તપસ્યામાં પણ રોજ સ્વાધ્યાય જાપ, વગેરે આરાધના સુંદર કરતાં હતા. પૂર્વે પણ એઓશ્રીએ ૪૫-૩૪-૧૬ ઉપ. બે માસખમણ આ રીતે પ્રમાદ વિના કરેલ. ધન્ય જૈનશાસનના તપસ્વી !

**• મેસાણા :** અત્રે પૂ. મુનિરાજો શ્રી ધર્મગુપ્તવિજયજી તથા શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા અદ્ભુત ઉજવાયા. તપસ્યાઓ સુંદર થઈ. એક ૧૦ વર્ષની બાળાએ હરતી ફરતી રહીને અઠ્ઠાઈ કરી હતી.

**• ઈડર :** પૂ. આ. શ્રી વિજય ભુવનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પર્યુષણા સુંદર આરાધનામાં ૧૩-૧૪ વર્ષની વયના છ છોકરાઓએ તો અઠ્ઠાઈ કરી હતી. ઉ. ૧૬ જણ ૫, ૧૩-૧, ૧૨/૨૯, ૧૧/૩, ૯/૨, ૪૨/૮, તપસ્યા સુંદર થઈ. પૂ. મુ. શ્રી આનંદઘનવિજયજી મ. ને સવાક્રોડ અરિહંતનો તથા ૯ લાખ નવકારના જાપ સાથે ૫૦૦ આંબેલનું સુખ પૂર્વક પારણ થયું.

**• પાલીતાણા :** શત્રુંજય વિહારમાં પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રોદયાશ્રીજી મ. ની નિશ્રામાં એમનાં પ્રશિષ્યા નાના સાધ્વીજી શ્રી જયાનંદાશ્રીજીએ ૩૧ મી વર્ધમાન



આંબેલ ઓળી પર માસખમણ તથા બીજા બે સાધ્વીજી મહારાજે પણ માસખમણ સુંદર કર્યાં.

**• શાહપુર (દક્ષિણ) :** પૂ. પં. શ્રી રંગવિજયજી મ. ની નિશ્રામાં ૩ માસખમણ ૧૬-૧૫, ૮-૩૩, તપસ્યા સુંદર થઈ. મંદિરમાં બે રાત દેવોએ ભક્તિ કર્યાનો અવાજ સંઘે સાંભળેલ.

**• પાદરલી :** પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા સુંદર ઉજવાયા. શ્રી સરદારમલજીએ ૮ ઉ. એમના ધર્મપત્નીએ ૧૬ ઉપવાસ તથા શ્રી તીકમચંદજી અને હજારીમલજીએ સજોડે ૮ ઉપ. બીજા પણ ૧૫-૧, ૧૧-૧, અઠ્ઠાઈઓ વગેરે તપસ્યા સુંદર થઈ.

**• બેડા :** પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજની નિશ્રામાં પર્વાધિરાજ સુંદર ઉજવાયા. ૭૬ અઠ્ઠાઈઓ વગેરે તપસ્યા સારી થઈ.

**• કલકત્તા :** સંઘમાં બે પક્ષ પડી ઝગડો કોર્ટ સુધી ચડેલો. કેટલાકે સમજુતીના પ્રયત્નો કરેલા પરંતુ નિવેડો નહોતો આવતો. પરંતુ વઢવાણ તથા ડભોઈમાં સંગઠ્ઠન કરાવવાનો યશ મેળવી ચૂકેલા શેઠ શ્રી જીવતલાલ પરતાપશીએ અત્રે શેઠ શ્રી મોહનભાઈ વગેરેના સહકારથી સુખદ સમાધાન કરાવ્યું. ઉપાશ્રયમાં બંને પક્ષને ધર્મક્રિયા કરવા વગેરે સરખા હક જેવો નિર્ણય થયો.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"**    વર્ષ-૧૧,અંક-૩,તા.૨૨-૯-૧૯૬૨

**• પાલીતાણા :** શત્રુજય વિહારમાં પૂ. સાધ્વીજી શ્રી ચંદ્રોદયાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વીજી શ્રી નયાનંદાશ્રીજી મહારાજે ચત્તારીઅઠ્ઠની તપસ્યા, તથા શ્રી જયાનંદાશ્રીજીએ માસખમણ તેમજ સાધ્વીજી શ્રી હીતપૂર્ણાશ્રીજી તથા ચંદ્રશીલાશ્રીજી મહારાજોએ પણ માસખમણ, તથા શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ. ૧૬ ઉપવાસ કરેલા. તપસ્યા નિમિત્તે ૨ વરઘોડા તથા અઠ્ઠાઈ મહોત્સવ થયેલ.

**• પાટણ :** સાધ્વીજી શ્રી મયૂરકલાશ્રીજી મ. માસખમણની ભવ્ય તપશ્ચર્યા કરેલી. કનાશાના પાડાના સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો.

**ખૂબ બોધપ્રદ**

આત્માનાં પરમ તત્ત્વનાં તેજ પાથરે એવો **'પરમતેજ'** ગ્રંથ જરૂર મંગાવી લો. એમાં નમુત્થુણં સૂત્ર પર ધુરંધર શાસ્ત્રકાર આચાર્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજની લલિત વિસ્તરા ટીકાનું વિશદ વિવેચન છે. અરિહંત ભગવાન અને

જિનશાસનની અદ્દ્ભુત વિશેષતાઓ તથા સાધના પર ભવ્ય પ્રકાશ પાથર્યો છે.વારંવાર વાંચવા જેવો. કિ. રૂા. ૬/- લખો દિ. દ. કાર્યાલયને

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪,તા.૨૯-૯-૧૯૬૨

● **પિંડવાડા** : અત્રે પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ની નિશ્રામાં લગભગ ૫૦૦ જણાએ અરિહંત પદની આરાધના ભા. વ. ૧૦ ના કરી હતી. દરેક જણને એકજ દિવસમાં પચાસ હજાર જાપ કરવાનો હતો. નાના નાના બાળકો પણ જોડાયા હતા. શેઠ સમરથમલજી રાયચંદજી ચીમનાજી તરફથી સૌને ખીરના એકાસના કરાવવામાં આવ્યા હતા વિશાળ બાવન જિનાલયમાં ભવ્ય અંગ રચના થઈ હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૫,તા.૬-૧૦-૧૯૬૨

● **અમદાવાદ** : વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજનું જ્ઞાનમંદિર ખાતે ચાતુર્માસ અંગત રીતે અનેકોને ધર્મપ્રવૃત્તિનું સારું પ્રેરક બન્યું છે. નમસ્કાર-જાપ અને વ્રતનિયમોની એઓશ્રી પ્રભાવના સારી કરી રહ્યા છે. પર્યુષણમાં એઓશ્રીના વ્યાખ્યાનો એવા દિલસ્પર્શી હતા કે એમાં સભા પ્રત્યે એમની અનહદ ધર્મલાગણી તરી આવતી હતી તેમજ જ્યાં ભગવાન શ્રી તીર્થંકર દેવનું નામ આવે કે એઓશ્રીની આંખ અશ્રુભીની દેખાતી. સંઘ પ્રત્યે વાત્સલ્યભાવ અનેરો ! પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી મહારાજના પંચસૂત્ર પર વ્યાખ્યાન ચાલુ છે. 'સભાની એકેક વ્યક્તિને કેમ તારી દઉં ! પ્રભુનું શાસન કેમ સૌના હૃદયમાં ઓતપ્રોત થઈ જાય !' એ એમની લગની સ્પષ્ટ જણાય છે. શૈલી એકાન્તે મમતાભરી અને મંડનાત્મક.

● **મંડવારિયા (રાજસ્થાન)** : પૂ. મુનિરાજશ્રી પુંડરિકવિજયજી મ. તથા શ્રી મણિશેખરવિજયજી મ. ના સદુપદેશથી આસો સુ. ૧૦ થી અત્રે ઉપધાન તપ શરૂ છે.

● **પિંડવાડા : પૂ. ગચ્છપતિ આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને રોહિડા સંઘ તરફથી અચલગઢ સંઘયાત્રામાં પધારવા, મંડવારિયા અને બેડા સંઘ તરફથી ઉપધાન માળ પ્રસંગ પૂર્વે પધારવા,** માટુંગાવાળા શેઠ શ્રી ગોવિંદજી ખોના તરફથી અંજનશલાકા અને ચતુર્થવ્રત ગ્રહણ અંગે પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીજી મહારાજ આદિ વિશાળ પરિવાર સાથે મુંબઈ પધારવા, આગ્રહભરી વિનંતીઓ



થઈ છે. અત્રે ચોમાસું ઉતર્યે એક માતા તથા પૂત્રની દીક્ષા ઉજવાવા સંભવ છે.

● **પાદરલી** : પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજ આદિનું ચોમાસું જ્વલંત થયું. અનેક પ્રકારના વ્રત-નિયમો અને તપસ્યાઓ તથા ધાર્મિક આવકનો સુંદર લાભ સંઘને મળ્યો. ભાઈ શ્રી હજારીમલજી અને એમની ધર્મપત્ની ચારિત્ર લેવા તૈયારી કરી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૬,તા.૧૩-૧૦-૧૯૬૨

● **સેવાડી** : અત્રે પૂ. મુનિરાજશ્રી જયવર્ધનવિજયજી મહારાજના ઉપદેશથી ધાર્મિક પાઠશાળા શરૂ થઈ. આસો સુ. ૮ ના 'અરિહંત' પદનો જાપ થતાં સંઘના ભાઈ-બહેનો તથા વિદ્યાર્થીઓએ સારી સંખ્યામાં જાપ કર્યો. નાના વિદ્યાર્થી (ઉ.૫) પ્રકાશચંદ્ર જીવરાજજીએ આયંબિલ કરીને જાપ કર્યો હતો.

● **વાલી** : અત્રે પં. શ્રી સુદર્શનવિજયજી મહારાજની નિશ્રામાં ધામધૂમથી પર્યુષણપર્વની આરાધના સારી થઈ હતી. ૯ લાખ નવકાર મંત્રનો જાપ થતાં ૨૦૦ આરાધકો જોડાયા હતા.

● **બેંગલોર** : ગાંધીનગર જૈનપાઠશાળાની વાર્ષિક ધાર્મિક પરીક્ષા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક વાડીભાઈ મગનલાલ તથા વસંતલાલે લીધેલ. તે નિમિત્તે મેળાવડો શ્રી રીખવદાસજી જૈન (સ્વામીજી)ના પ્રમુખપદે યોજાયો હતો. પાઠશાળામાં અભ્યાસ કરનાર શ્રાવિકા બહેનો તરફથી રૂા. ૧૫૧/- તથા પાઠશાળા તરફથી રૂા. ૧૦૧/- નું પારિતોષિક શિક્ષક પાનાચંદ ઝુંઝાભાઈને આપવામાં આવેલ.

● **સાંગલી** : પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં રતનચંદભાઈએ ૪૫ ઉપવાસ કર્યા હતા તેમજ સંઘમાં બીજી આરાધના સારી થયેલ. અત્રેની પાઠશાળાની ટીપમાં રૂા. ૩૦૦૦/- ભરાયા.

● **નવાડીસા** : પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજે વીસસ્થાનકની વીસમી ઓળી વીસ ઉપવાસથી કરેલ. તે નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ થયેલ. શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ આસો સુદ ૧-૨-૩ ના રાખેલ હતા.

● **મુંબઈ** : કાંદાવાડીના સ્થાનકમાં શ્રી રમણીકભાઈએ ને તેઓના ધર્મપત્ની શ્રીમતી મંગળાબહેને બીજા ૫૧ ભાઈ બહેનો સાથે, બ્રહ્મચર્ય વ્રતનો સ્વીકાર કર્યો. આ પ્રસંગેથી રમણભાઈએ ભાષણમાં કહ્યું, 'આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર માટે જગતની સર્વ સ્ત્રીઓ ઈશ્વરનું સ્વરૂપ છે. આજથી અમારો પતિ-

પત્નિ તરીકેનો સંબંધ પૂરો થાય છે. બંધનમાંથી અમો મુક્ત થઈએ છીએ અને આજથી જગતની સર્વ સ્ત્રીઓ અમારી બહેનો છે, માતાઓ છે જે રાગ અને મોહના માંડવડે અમે પંચની સાક્ષીએ છેડાછેડી બાંધી તે આજે વીતરાગના વૈરાગ્ય ભુવનમાં વીતરાગના માંડવડે મહાન વ્રતના મિંઢળ બાંધીને ચતુર્વિધ સંઘની સાક્ષીએ છોડી નાખીએ છીએ.'

જે માર્ગે અમે જઈ રહ્યા છીએ તે માર્ગ કાંટાળો છે, ખાંડાની ધાર જેવો છે, ધગધગતા અંગારા ઉપર ચાલવાનો છે. આ દૂધનો ઉભરો નથી પણ જીવનનો સંગ્રામ છે. આ માર્ગ કાચા પોચા કે કાયરનો નથી પણ મહાવીરનો માર્ગ છે, આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર ભાઈ-બહેનોએ મહાન વ્રત અંગીકાર કર્યા પહેલાં અને અંગીકાર કર્યા પછી જીવન પર્યંત (૧) રાત્રી ભોજનનો ત્યાગ બ્રહ્મચર્ય વ્રત પાલનમાં ખૂબજ અનુકૂળતા કરી આપે છે. (૨) ખોરાક ઈન્દ્રિઓને ઉત્તેજિત કરે તેવો નહિ હોવો જોઈએ. સાદો રસકસ વગરનો હોવો જોઈએ. (૩) પોષાક અને પહેરવેશ સાદો હોવો જોઈએ, જેથી કરીને આપણે કોઈના વિકારના નિમિત્ત ન બનીએ. જો ઝાડ ઉપર ફળો લટકતા હોય તો પક્ષીઓને ચાંચ મારવાની જરૂર ઈચ્છા થાય. (૪) વાંચન વિશુદ્ધ અને પવિત્ર હોવું જરૂરી છે. કારણ કે જો વિચારમાં પણ વિકાર આવે તો કોઈ વખતે વાણીમાં પણ આવશે અને વાણીમાંથી કોઈ વખતે વર્તનમાં આવશે અને આપણું પતન થશે. (૫) સંસારના પ્રત્યેક વૈભવ અને વિલાસના સાધનોથી પર રહેવું જોઈએ. આ છે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરનાર ભાઈ-બ્હેનોના પંચશીલના સિદ્ધાતો.

'મોક્ષ માર્ગના દરવાજામાં દાખલ થવા માટે ચાર પગથીઆ છે. દાન, શીયળ, તપ અને ભાવના. આ ચાર પગથીઆમાં પ્રથમ પગથીયું બ્રહ્મચર્ય છે, એક દિવસનું મન, વચન, ને કાયાની વિશુદ્ધતાથી નવ વાડ વિશુદ્ધ પાળેલું બ્રહ્મચર્ય વ્રત ૧૮૦ ઉપવાસની નિર્જરા કરે છે.

કોઈ પણ આત્મ ઉન્નતિનાં કામ કરવા માટે કાલના વાયદા હોઈ શકે નહિ. જ્યાં કાલ છે ત્યાં કચાશ છે. કાલ કાલ કરતાં કાળ સામો આવીને ઊભો રહેશે ત્યારે આત્મા અંદરથી પોકારશે કે કાલ કાલ કરીને દુનિયાને છેતરવાનો પ્રયાસ કર્યો પણ દુનિયા છેતરાઈ નથી, હું જ છેતરાઈ ગયો છું. એમ આત્મા જ્યારે એકરાર કરશે ત્યારે બહુજ મોડું થઈ ગયું હશે. ભગવાન મહાવીરે ગૌતમ ગણધરને કહ્યું કે **समयं गोयम ! मा पमायए** । આત્માની જ્યોતી જગાડવા માટે અમે આજીવન બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરીએ છીએ અને પ્રાર્થના કરીએ છીએ કે અનંતા સિદ્ધ કેવળી ભગવંતો અમને બધાને અમારા વ્રતમાં અડગ અને અવિચળ રાખજો'.





● **મુંબઈ :** આ. શ્રી વિજય વલ્લભસૂરીજીના સ્વર્ગારોહણ નિમિત્તે ભાયખલામાં સભા હતી. તે વખતે આમંત્રિત કોંગ્રેસ કાર્યકર શ્રી ભાનુશંકર યાજ્ઞિક એમ બોલ્યાનું જાણવા મળ્યું છે કે એક-બે કત્લખાના વધે કે ઘટે તેની બહુ ઝંઝટમાં ન ઉતરતાં તમારી આત્મશક્તિ કેળવવા તરફજ ધ્યાન રાખશો વગેરે. આ વસ્તુનું શ્રી ઘનશ્યામે ત્યાં જોરથી ખંડન કરતાં કહ્યું હતું કે હિંસાની સામે વિરોધ કરવો એ આપણું કર્તવ્ય છે. ગામે ગામ, અને લત્તે લત્તે સભા ભરીને તેનો વિરોધ કરવો જોઈએ. કોંગ્રેસ આપણે જ ઊભી કરી છે, તે નહિ માને તો તેનું પતન થશે. વગેરે.

● **નવસારી :** અત્રે પૂ. પં. શ્રી જયંતવિજયજી મહારાજની નિશ્રામાં આરાધના સુંદર થઈ રહી છે. ૧૧ ક્રોડ અરિહંતનો આંબેલ-ઉપવાસથી જાપ થયો. ૪૦૦ આરાધકો હતા. પૂ.પં. શ્રી મહિમાવિજયજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે અટ્ઠાઈ મહોત્સવ સુંદર થયો. શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ૧૧૦ અઠ્ઠમ થયા. નાના છોકરાઓએ પણ અઠ્ઠમ કર્યો હતો. પર્યુષણા સારા ઉજવાયા.

## ● સાવધાન ●

જાણવા મળે છે કે મુંબઈમાં દેવનાર કત્લખાના વિરોધ પ્રવૃત્તિના નાયકોએ હમણાં એક જાહેર નિવેદનમાં કહ્યું કે અમારો વિરોધ કત્લના યંત્ર સામે નથી પરંતુ વધારે પ્રમાણમાં ઢોરો કપાય એની સામે છે. આનો અર્થ એ કે જો કોઈ સરકારી અધિકારી એવું આશ્વાસન આપે કે તેમાં વધારે ઢોરો નહિ કપાય તો આ લડત સંકેલાઈ જાય અને આપણને કંઈક મળ્યું એવો દેખાવ થાય. પણ ખરી વાત એ છે કે કત્લનું કારખાનું થયા પછી વધારે નહિ કપાય એની ખાતરી શી ? માટે જીવદયા પ્રેમીઓએ સ્પષ્ટ માંગણી 'યાંત્રિક કત્લખાનું જોઈએ જ નહિ' એની જાહેર કરવી જોઈએ. અને મુંબઈવાળાઓએ જો ઉપર મુજબ જાહેર કર્યું હોય તો એનો પાકો વિરોધ જાહેર કરવો જોઈએ.

## 'અહિંસા એ ભારતની મહાન સંસ્કૃતિ છે. - તેને બચાવો -'

દેવનારમાં થનારા કતલખાના સંબંધી આંતરરાષ્ટ્રીય વ્યાપાર ખાતાના પ્રધાનશ્રી મનુભાઈ શાહના મંતવ્યો અમદાવાદથી પ્રસિદ્ધ થતા ''સંદેશ'' નામના દૈનિક પત્રના તા. ૨૩-૯-૬૨ ના અંકમાં પ્રગટ થયાં છે. તેમાંનો એક ફકરો નીચે મુજબ છે.

(પી.ટી.આઈ) **જામનગર** તા. ૨૨

"અત્રે યુવક કોંગ્રેસના કાર્યકરોને સંબોધતાં તેમણે (શ્રી મનુભાઈ શાહે) કહ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્યના દેવનાર ખાતે બંધાનારા સુચિત કતલખાના અંગે ગુજરાતના લોકોએ સખત વિરોધ દર્શાવ્યો છે. આ કતલખાનાની સ્થાપના સામે તેમને અને શ્રી મોરારજીભાઈને ૧૫ થી ૧૬ હજાર તાર મલ્યા છે.

તેમણે કહ્યું હતું કે, મહારાષ્ટ્રના લોકોએ તે અંગે વિરોધ કે અસંતોષ વ્યક્ત કર્યો નથી. જ્યારે ગુજરાતના લોકોએ તેમની બાબતમાં દરમ્યાનગિરિ કરી હોવાથી તેમને ખેદ થયો છે."

શ્રી મનુભાઈ શાહનું ઉપરનું મંતવ્ય સત્યથી તદ્દન વેગળું છે અને મહારાષ્ટ્રની પ્રજાને અન્યાય કરનારું છે. કારણ કે મહારાષ્ટ્રની પ્રજાએ દેવનારના કતલખાનાનો વિરોધ કર્યો છે, તે એક જગજાહેર અને નક્કર હકીકત રૂપ છે.

પંજાબ, બંગાળ અને મદ્રાસ પ્રાંતમાં જે કતલખાનું સ્થાપિત થઈ શક્યું નથી, તે કતલખાનું ગૌબ્રાહ્મણ પ્રતિપાળ છત્રપતિ શિવાજી અને અનેક સંતોની જે જન્મભૂમિ ગણાય છે, તે મહારાષ્ટ્રની પુણ્યભૂમિમાં (જેમાં પ્રતિદિન છ હજારથી પણ વધુ ગાયો, ભેંસો, બળદ, બકરાં, ઘેટાં, ડુક્કર વગેરે જીવોની કતલ થાય તેવું કતલખાનું) કદીપણ સ્થાપિત કરી શકાશે નહિ.

મહારાષ્ટ્રની પ્રજાએ આ કતલખાનાનો હજી પણ વધુમાં વધુ વિરોધી નોંધાવી સરકારને એ સાબિત કરી આપવું જોઈએ કે દેવનારમાં થનારા કતલખાનાના અમો સખતમાં સખત વિરોધી છીએ.

શહેર શહેર, ગામડે ગામડે, અને ઘેર ઘેર ફરી આ કતલખાનાનો સખત વિરોધ નોંધાવી સરકાર અને પેપરોને મોકલાવો અને નિર્દોષ મુંગા પશુઓના અનંત આશીર્વાદ મેળવો.

**લિ. શાહ નટવરલાલ પરસોતમદાસ, કોલ્હાપુર મહારાષ્ટ્ર.**

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૮,તા.૧૦-૧૧-૧૯૬૨

• **શાહપુર (મહારાષ્ટ્ર) :** પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયના પૂ. મુનિરાજશ્રી રંગવિજયજી મ. ના ચોમાસામાં ધર્મરંગબહુ જામ્યો. સુંદર તપસ્યાઓ વગેરે થયું. શા. ગોડીદાસ ચુનીલાલ રાઈસ મિલ્સવાળા તરફથી મિલના કંપાઉંડમાં વિશાલ મંડપમાં ઉજમણું ભવ્ય ઉજવાયું. અમલનેરવાળા ભાઈશ્રી રીખવચંદ હાથીચંદે મહિનાભર અદ્ભુત આયોજન કર્યું. ચાર રચના, ૧૧ દિવસ



સાધર્મિકવાત્સલ્ય, ૨ નવકારશી, પ્રભાવનાઓ, ઓળીઓ સાંબેલા, વરઘોડો વગેરે સુંદર થયું. મુંબઈથી શેઠ શ્રી જેઠાભાઈ ઘીવાળા, ચંદુલાલ ઝવેરી વગેરે લગભગ ૪૦ ગામોના મેમાન પધાર્યા હતા. મહાન જલસો છતાં કોઈનું કાંઈ ખોવાવાનું કે બિમારી યા વરસાદ વગેરે કાંઈ વિઘ્ન ન આવ્યું. ગોડીદાસભાઈએ ઉદારતા સુંદર દાખવી સ્થાનિક ઉપરાંત બહાર ગામોમાં ૮૦૦૦ લાડુ વહેંચ્યા ધર્મક્ષેત્રોમાં સારું આપ્યું. ઓળીવાળાને ખાસ પ્રભાવના, પારણાં કરાવ્યા. રીખવચંદભાઈની દોરવણી મુજબ ગુપ્તદાન પણ અનુમોદનીય કર્યું.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૯,તા.૧૭-૧૧-૧૯૬૨

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ જાવાલ પાસે મંડવાડિયા સંઘના અતિ આગ્રહને વશ થઈ ત્યાં ચાલી રહેલ ઉપધાનના માળ ઉત્સવ પર પધારવા અત્રેશ્રી કા.વ.૩ વિહાર કરશે. મા.શુ. ૩ માળારોપણ છે. વચમાં રોહિડા સંઘના અતિ આગ્રહથી કા.વ. ૫ આબૂ સંઘ યાત્રાના પ્રયાણમાં ઉપસ્થિત થશે.

• **સાંગલી :** અત્રે દેવદ્રવ્યથી બાંધેલી ઈમારતમાં ઉપાશ્રય તરીકે વપરાતા હોલના પાંચ વરસના ભાડાની રકમ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મ. ના સતત ઉપદેશથી ભરપાઈ થઈ. ઉપરાંત શેઠ શ્રી રતનશીભાઈ તરફથી વ્યાખ્યાન હોલ અને રૂમના રૂા. ૧૫૦૦૧/- આપવાનું જાહેર થયું.

• **જૂનાગઢ :** પૂ.પં.શ્રી માનતુંગવિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન ચાલે છે.

• **જોધપુર :** પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ.ની નિશ્રામાં ઉપધાન થવાનું નક્કી થયું છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૧૦,તા.૨૪-૧૧-૧૯૬૨

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ને વર્ષો જુનો છાતીના વાનો દુઃખાવો થોડા દિવસથી ચાલુ થઈ ગયેલો હોવા છતાં અને હવે શારીરિક શક્તિ પણ ઉંમરના હિસાબે ઘટી ગયેલી છતાં રોહિડા સંઘયાત્રા અને મંડવાડિયા ઉપધાન-માળ પર પધારવા માટે અતિ આગ્રહ હોઈ ખૂબ જ ઉપકાર-બુદ્ધિથી પૂજ્યશ્રી પિંડવાડાથી કા. વ. ૩ ના રોજે વિહાર કરી રોહિડા પધાર્યા.

પૂજ્યશ્રીની પુણ્ય છાયામાં અચલગઢ યાત્રાસંઘનું શાનદાર પ્રયાણ થયું. બાદ સાંજના પૂ. આચાર્ય ભગવંતે મંડવાડિયા તરફ પધારવા રોહિડા તરફથી વિહાર લંબાવ્યો. માઈલેક ચાલ્યા પછી છાતીનો દુઃખાવો શરૂ થઈ ગયો છતાં એક માઈલ વધુ ચાલ્યા. પણ પછી દુઃખાવો અસહ્ય અને ચાલવાની તદ્દન અશક્તિ થઈ જતાં રસ્તામાં જ અટકી પડ્યા, સ્વરૂપગંજથી ડાક્ટરે આવી ઉપચાર આપ્યા અને મુનિઓ પૂજ્યશ્રીને ડાંડાનું સ્ટ્રેચર બનાવી એમાં ઊંચકીને સરૂપગંજ લઈ આવ્યા. રાતના દુઃખાવો વધી ગયો; હાથ પગ ઠંડા પડી ગયા, નાડીના ધબકારા ઘટી ૫૪ જેટલા થઈ ગયા. શ્વાસ અને ગભરામણ વધી ગઈ. જીવનની આશા લગભગ મુકવા જેવું થઈ ગયું. પૂજ્યશ્રી ભારે દર્દ છતાં ખૂબ જ સમતા-સમાધિમાં મગ્ન હતા, અને ચિંતવતા હતા કે 'અહો ! વીરપ્રભુએ ગોશાળો તરફથી કેવું સહન કર્યું ! એણે પ્રભુનાં બે શિષ્યોને તેજોલેશ્યાથી બાળી નાખ્યા, અને પ્રભુ ઉપર પણ તેજોલેશ્યા મૂકી દાહની પીડા ઊભી કરી ! છતાં એ ગોશાળો સ્વયં પોતાની તેજોલેશ્યાથી બળતો નાઠો ત્યારે પ્રભુએ દયાથી એની નિર્યામણા કરાવવા માટે મુનિઓને મોકલ્યા. અહો પ્રભુની કેવી સહિષ્ણુતા ! કેવી દયા !...'

શ્રી સંઘના અહોભાગ્યે પૂ. આચાર્યદેવશ્રીની રાતના લગભગ બાર વાગે ગભરામણ ઓછી થઈ, હાથ પગમાં ગરમી આવી, સિરોહીથી સૌ.એમ.ઓ. અને ડૉ. બેનરજી, પિંડવાડાના સરકારી ડાક્ટર તથા સરૂપગંજના ડાક્ટરોના ઉપચાર સમયસર સફળ થયા. બે દિવસ ત્યાં સ્થિરતા થઈ. પછી મુનિઓ સ્ટ્રેચરમાં પૂ. આચાર્યદેવશ્રીને સુતા સુતા પિંડવાડા લઈ આવ્યા. પિંડવાડા સંઘ તો ઘણો ચિંતાતુર હતો અને વૈયાવચ્ચ માટે દોડાદોડ કરતો જ હતો એમાં પૂજ્યશ્રીને કા. વ. ૮ પિંડવાડા લઈ આવતાં ખૂબ હર્ષિત થયો. ખબર પડતાં અમદાવાદથી શેઠ શ્રી ચંદ્રકાંતભાઈ બકુભાઈ, શ્રી રમણલાલ વજેચંદ, શ્રી ચીમનલાલ કડિયા, શ્રીકાન્તભાઈ વગેરે ડૉ, કુસુમગર તથા ડૉ. ધીરજભાઈ, શ્રી જીવતલાલ પ્રતાપશી, શ્રી કેશવલાલ મોતીલાલ વગેરે આવ્યા. મુંબઈ અમદાવાદથી પિંડવાડાના શેઠિયા પણ આવી ગયા. પૂજ્યશ્રીને ન્યુમોનિયાની અસરનું પહેલા નિદાન થયું, ડૉક્ટરોની ખાસ સલાહ એ, કે એક મહિનો તો પૂરો આરામ લેવાનો, એથી પાછું સ્વાસ્થ્ય પ્રાપ્ત થવાની પૂરી આશા છે. પહેલાં કરતાં સુધારો હોવાથી ચિંતા કરવાની જરૂર નથી.





• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબના સ્વાસ્થ્યમાં સારો સુધારો થતો આવે છે. તાવ અટકી ગયો છે, દુઃખાવો બંધ છે, નિદ્રા પણ સારી આવે છે. હાર્ટ પરની અસર અને અશક્તિ ઘણી તેથી હજી સંથારાવશ છે, અને ૪-૬ સપ્તાહ બહુ આરામ લેવાનું ડૉક્ટરો કહે છે. મુંબઈથી સેવાભાવી ડૉ. હરિભાઈ પણ આવી ગયા. બહુ ઝીણવટથી તપાસી સુધારામાં સંતોષ વ્યક્ત કર્યો. બીજા પણ સૂચનો કર્યા. ચારે બાજુથી પૂ. મુનિ મહારાજો તથા ગૃહસ્થોના ચિંતા વ્યક્ત કરતા તાર અને પત્રો આવી રહ્યા છે. પરંતુ હવે પૂજ્યશ્રીના પુણ્યદેહે સુધારો હોઈ શાંતિ અનુભવશે. પૂ. ગુરુદેવશ્રી આવી બિમારીમાં પણ સુતાં સુતાં શ્રી ભગવતી સૂત્ર સાંભળી રહ્યા છે.

• **મુંબઈ :** પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ સંગૃહીત-અનુવાદિત કરેલ સુંદર તાત્ત્વિક આધ્યાત્મિક સાર રૂપ વચનોનો 'વીર વચનામૃત' ગ્રંથ પ્રકાશિત જાહેર કરવાનો ભવ્ય સમારોહ તા. ૧૮મી એ ભાયખલામાં ઉજવાયો. મુંબઈમાં બિરાજમાન પૂ. આચાર્ય મહારાજો, પૂ. મુનિવરો, તથા શેઠ શ્રી મેઘજી પેથરાજ, શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી કાન્તિલાલ ઈશ્વરલાલ વગેરે મુંબઈ સંઘના અગ્રણીઓ વગેરેથી સમારોહ એક અધિવેશન જેવો દીપ્યો. પ્રભુ શ્રીમહાવીર પરમાત્મા તથા જૈન શાસનના સુંદર ગુણાનુવાદ થયા. ધીરજલાલભાઈના પરિશ્રમને સારા અભિનંદન મળ્યા. ગ્રંથમાં ખાસ નવીનતામાં આજના અગ્રણી જૈનેતર વિદ્વાનોની ભગવાન મહાવીરદેવને વિશિષ્ટ અંજલિઓ વગેરે પ્રશંસનીય છે, ત્યાં જ બપોરના મુનિસંમેલન આગેવાન શ્રાવકોની હાજરીમાં ગોઠવાયું. શાસનની વિચારણાઓ થઈ. રાત્રીના કવિ સંમેલન થયું. એમાં પં. રુદ્રદેવશાસ્ત્રી, શ્રી કિશોર ટંડન, શ્રી કનૈયાલાલ દવે, શ્રી ગજાનન ભટ્ટ વગેરેએ કાવ્યની રંગરેલ કરી મહાવીર પ્રભુની ગુણસ્તુતિ સુંદર ગવાઈ.

• **બેડા :** પૂ. પં. શ્રી મુક્તિવિજયજી ગણિવરની નિશ્રામાં લગભગ પોણા ત્રણસો આરાધકો ઉપધાનમાં જોડાયા છે.

• **મંડવાડિયા :** પૂ. મુનિરાજશ્રી પુંડરિકવિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાનતપ માળારોપણનો મહોત્સવ સુંદર ઉજવાયો.

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબીયતમાં સુધારો ઠીક આવતો જાય છે. હવે જાતે બેઠા થઈ શકે છે, તેમજ પડિક્કમણું ટેકે બેસીને કરે છે. એઓશ્રીને મુનિ સ્ટ્રેચરમાં બેસાડી મંદિરે દર્શનાર્થે લઈ ગયા હતા. અત્રે માગશર વદ ૩ થી ઉપધાન શરૂ છે.

• • •

## માંસાહાર કે નાશાહાર ?

**લે. : એન.કે. ગાંધી**

જૈન ધર્મમાં તો અહિંસાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ શુદ્ધ અને સ્પષ્ટ રીતે બતાવેલું છે. અને ઠેકાણે ઠેકાણે લખેલ છે કે પંચેન્દ્રિયનો વધ કરનાર તથા માંસ ખાનાર નરકમાં જાય છે. બધા ધર્મોમાં પણ માંસાહારનો પ્રતિબંધ છે. જુઓ : એ

**મહાભારત :** 'યાવંતિવસુરોમણિ વસુગાત્રેણ ભારતઃ તાવદ્વર્ષ સહસ્રાણિ પચ્યતે નરકે નરઃ' અહીં બતાવ્યું છે કે પશુનો વધ કરનાર માંસાહારી પશુના રુવાટાથી હજાર ગણા વર્ષો સુધી નરકમાં મહાદુઃખ ભોગવે છે.

**મહાભારત** (પુરાણસાર) : 'તિલ સર્ષવ માત્રં તુ, યો માંસં ભક્ષતે નરઃ, તે યાંતિ નરકં ઘોરં યાવચ્ચંદ્ર દીવાકરો' તલ અને સરસવના દાણા જેટલું માંસ ખાનાર ચંદ્ર સૂર્ય રહે ત્યાં સુધી ઘોર નરકમાં રહે છે.

**શ્રી ભાગવત પુરાણ :** સ્કંધ ૪, અ. ૨૫, શ્લોક ૭-૮ માં નારદજી બર્હી રાજાને કહે છે કે હે રાજા તેં યજ્ઞમાં મારેલા હજારો પ્રાણીઓ તને મારવા માટે રાહ જોઈ રહ્યાં છે તે તું જોઈ લે.

**રાવજી**(લોટીઆ) વોરાના ધર્મ પુસ્તકમાં લખ્યું કે 'ફલા તજ અબૂલુતૂન કુમ મકાબરલે હયવાનાત્' એટલે તું પશુ પક્ષીઓની કબર તારા પેટમાં કરીશ નહિ.

**કુરાને સરીફ**ના સુરાઅવ-આમ-ની આયાત ૧૪૨માં અલ્લા તાલ્લાએ ફરમાવ્યું છે કે 'મિલન અન ઓમે હમૂ લતં વ ફસાં કુળુ મિમ્મા રાજક કુમુઢલાહે' તેનો ભાવાર્થ એ છે કે ભાર ઉપાડવા માટે અલ્લાએ પેદા કરેલા ચોપગાં જાનવરો માટે વનસ્પતિ અને અનાજ ઉગે છે તો તમારે વનસ્પતિ અને અનાજ ખાવા.

**કુરાન**માં સુરાહજની ૩૬મી આયાતમાં પણ લખ્યું છે કે માંસ અગર લોહી મને પહોંચશે નહિ પણ એક પરહેજગારી પહોંચશે. એમ અલ્લા તાલ્લા ફરમાવે



છે. કુરાન પણ એમ જ કહે છે. 'વમામિનં દાબ્બતિનૂ ફિલ અર્દેવલા તૈરૂન, યતીરોબંજ નાહીચ્યે ઈલ્લામમૂન અમ સલાકુમ્.'

**પેગંબર હઝરત મહંમદ** નબી સાહેબના ખલીફા હજરતઅલી સાહેબે ફરમાવ્યું છે કે 'તું પશુ કે પક્ષીની કબર તારા પેટમાં કરીશ નહિ.'

**પારસી** ભાઈઓના શાહનામા પુસ્તકમાં લખેલ છે કે બેત : 'નીસ્ત ઝંદ ખુરોને જાનવરજુ, ચનીન અસ્તદીને ઝર દુસ્તનેકુ' એટલે અમારો જસથોસ્તી ધર્મ એવો નેક છે કે પશુઓને મારી ખાવાં નહિ અને જનાવરોનો શિકાર કરવો નહિ.

**પારસી** ભાઈઓનાં ધર્મપુસ્તક ઈજરને મધ્યે કહ્યું કે જેઓ દુનિયાની પેદાશ ઉપર દયા લાવતા નથી તેઓ વગર દયાના દેવો તથા દોઝખી આદમીઓ છે.

**જરથોસ્થના**માં લખ્યું છે : 'બકુશતન નીયારંદ કસકુ દરેહ, ન આગુસફદા કે બાસદ બરેહ' અહીં નાનું બચ્ચું, મોટું કે વૃદ્ધ કોઈ પ્રકારના જીવતા પ્રાણીને મારવાની સાફ મનાઈ છે.

**બાઈબલ :** પ્રકરણ ૨૦માં કહેલું કે તું હત્યા કરતો ના. (ધાઉ શેલ્ટ નોટ કીલ) પ્રકરણ ૨૨માં કહેલું છે કે તું મારી તરફ પવિત્ર રહેજે. વગડાના પશુને મારી તેનું કોઈપણ જાતનું માંસ ખાતો નહિ. પહેલાં જેનીસીસમાં લખેલ છે કે પૃથ્વી ઉપર જે ભાજીપાલો તથા ફળ તને મેં આપેલા છે તેનો તું ખોરાક તરીકે ઉપયોગ કરજે.

**માંસાહારથી નુકસાન :** ડૉ. ટી.એલ. નીકોલ્સ એમ.ડી. કહે છે કે, માંસ ખોરાક કૃત્રિમ જુસ્સો ઉત્પન્ન કરે છે તેથી માણસ વિષય લુબ્ધ થઈ થાક પામે છે. થાક દૂર કરવા પાછો માંસ ખાય છે. આવી રીતે ઝેરી કુંડાળું ફર્યા કરે છે અને વિનાશનું કામ ચાલ્યા કરે છે.

માંસ ખાનારને પ્રાણીમાં રહેલા તમામ દરદો મળે છે. વળી તેને તામસી વૃત્તિ ઉપજે છે, જેથી નીતિભ્રષ્ટ થાય છે અને મરીને નરક ગતિમાં જાય છે. માંસનો ખોરાક બંધ થાય એટલે પ્રાણીઓ ઉપર દયા આવે તો મનુષ્ય જાતિ ઉપર દયા આવે જ અને બધાં વિશ્વયુદ્ધો અટકી જાય.

સંસારના વ્યવહારમાં સરકાર એ એક સૌથી વધારે પ્રતિષ્ઠિત સંસ્થા ગણાય. માંસનો વ્યાપાર ખાટકીનો વેપાર છે તે સૌથી હલકો વ્યાપાર ગણાય. માટે માંસનો વ્યાપાર સરકારથી થઈ શકે નહિ, લોકોમાં સરકાર પ્રત્યે ભયની દૃષ્ટિ ન હોવી જોઈએ પણ અંતરથી ખરા માનની દૃષ્ટિ હોવી જોઈએ અને તે દૃષ્ટિ રહે તે માટે સરકારે પ્રતિષ્ઠા સાચવવાની હોય. ખુશામત તો સ્વાર્થની દૃષ્ટિ છે. ખુશામતખોરો

વાસ્તવિક રીતે કૃતજ્ઞ હોતા નથી. તેનું પરિણામ સર્વત્ર નુકસાનકારક છે.

પ્રતિષ્ઠાવાળી મ્યુનિસિપાલીટીઓથી પણ માંસનો વ્યાપાર થઈ શકે નહિ. તેઓને ફક્ત બે બાબતથી સેનાટેશન ન બગડે તે જોવાનું છે.

માંસાહાર અને તેના દેશાંતર વ્યાપારથી દેશના પશુ રૂધીરનો છેવટે નાશ થાય છે તેથી ગ્રામ્ય ખેતીને નુકસાન પહોંચે છે અને ચોખ્ખા ઘી-દૂધથી મળતાં સત્ત્વો બંધ થવાથી અને બનાવટી ચીજો વાપરવાથી લોકોમાં અનેક જાતના રોગો થાય છે.

યંત્રોનો ઉપયોગ વધારવાથી મજૂર વર્ગને સામુહિક રીતે નુકસાન પહોંચે છે. એક યંત્ર ઘણા મજૂરોને કામમાંથી છૂટા કરે છે. અને તેમની રોજીને લૂંટી લે છે. યંત્રો લાવવા અને બનાવવામાં પરદેશીઓને પોષવા પડે છે તેટલી દેશને હાનિ થાય છે.

હિંદુસ્તાનમાં શાકાહારી સેન્ડા થઈ ગયા છે. દાળ, ભાત, રોટલી, શાકમાં જેટલા સત્ત્વો છે તેટલા માંસમાં નથી. તેથી લોકોના શરીરની હાની થાય છે અને રોગોની ઉત્પતિ થાય છે.

કુદરતમાં એકલા મનુષ્યો જ નથી, બીજા પ્રાણીઓ પણ છે, જો માણસો પ્રાણીઓને ખાવા માંડે તો કુદરતી રીતે કોઈ બીજો જ રસ્તો નીકળે કે જેથી મનુષ્યોની હાનિ થાય છે, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વિશ્વયુદ્ધ, ધરતીકંપ, ચેપીરોગ વગેરે કુદરતી કોપ છે. એવી જાતના પ્રાણીઓ ઉત્પન્ન થાય કે જે મનુષ્યોમાં હાનિ પહોંચાડે.

મનુષ્યના બધા અવયવો જોતાં તેનો ખોરાક વનસ્પતિ જ છે. ઘણી જાતના પશુઓનો ખોરાક પણ વનસ્પતિ જ છે. સિંહ આદિ માંસાહારી પ્રાણીઓ મુકાબલાની અપેક્ષાએ બહુ થોડાં છે એટલે વિશ્વનો કુદરતી ખોરાક વનસ્પતિ જ છે એમ કહીએ તો ચાલે. જરૂરીયાત પ્રમાણે વનસ્પતિ આહાર ઉપજે છે. તેથી મનુષ્ય માંસાહાર છોડી શાકાહારી થાય તો કુદરત તેનું કામ કરે જ.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૧,અંક-૧૩,તા.૨૨-૧૨-૧૯૬૨

● **સાંગલી :** પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મ.ના ઉપદેશથી શેઠ શ્રી રતનશી જેઠાભાઈએ ઉપાશ્રય હોલ અને બાજુની રૂમ માટે રૂા. ૧૫,૧૧૧ સંઘને અર્પણ કર્યા. શેઠ શ્રી રસિકલાલ બાલચંદે માધવનગરમાં લગભગ રૂા. ૨૦,૦૦૦



ની કિંમતની ઈમારત ઉપાશ્રયે માટે સંઘને ભેટ કરી.

● **પિંડવાડા :** પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વાસ્થ્યમાં સારો સુધારો છે. સપ્તાહ પછી મુકામમાં ચાલવાની ડૉક્ટરે હા પાડી છે. રાતનો પોતાનો જાપ વગેરે કાર્ય ચાલુ કર્યું છે. અત્રે ગામ પૂરતા ઉપધાનમાં લગભગ ૯૦ જણાએ પ્રવેશ કર્યો છે.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૧,અંક-૧૪,તા.૨૯-૧૨-૧૯૬૨

● **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.** સાહેબને સ્વાસ્થ્યમાં પ્રગતિ સારી છે. હવે મુકામમાં બે આટા ફરવાનું કર્યું છે. અઠવાડિયા પછી પગથિયાં ઉતરવાનું ડાક્ટરે કહ્યું છે. બેઠા હોય ત્યારે એઓશ્રીની સ્ફુર્તિ અને ભવ્ય મુદ્રા જોઈને એમ ન લાગે કે ગંભીર બિમારીમાંથી ઉઠ્યા હશે. શ્રીમદ્‌નો ૬૨ વર્ષનો સંયમ પ્રભાવ અજબ છે.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૧,અંક-૧૮,તા.૨-૨-૧૯૬૩

● **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબિયત સુધારા ઉપર છે. અમદાવાદથી ડૉક્ટરે કુસુમગર ફરીથી આવી કાર્ડિયોગ્રામ લઈ ગયા અને એમણે સુધારો થયો છે, એમ જણાવ્યું છે. છતાં હજી શ્રમ લઈ શકાય તેવી સ્થિતિ નથી થઈ. દેરાસરે તથા બહાર ઠલ્લે ધીમે ધીમે ચાલી પધારે છે. હજી એકાદ માસ અત્રે આરામ લેવો પડશે એમ લાગે છે. અત્રે ઉપધાન સારી રીતે ચાલી રહ્યા છે અને મહા સુદ ૧૦ માળારોપણ છે. મહા સુદ ૨થી ઉત્સવ શરૂ છે.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૧,અંક-૨૦,તા.૧૬-૨-૧૯૬૩

● **હળવદ :** પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરના વરદ હસ્તે અત્રે શ્રી સોમચંદ ડી. શાહના બંધુ મુમુક્ષુ છોટાલાલની દીક્ષા મહા સુદ ૧૦ના રોજે ખૂબ ધામધૂમથી થઈ. એમનું નામ મુનિશ્રી તીર્થચન્દ્રવિજયજી રાખી એમને પૂ. પંન્યાસજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. સાથે બીજી ચાર બેનોની પણ દીક્ષા થઈ, મહોત્સવ સુંદર ઉજવાયો. ઉપકરણોની ઉછામણી રૂા. ૪-૫ હજાર

ઉપરાંત બીજી પણ ઉછામણી સારી થઈ.

• **માંગરોળ :** સુરત જિલ્લાના આ ગામમાં પૂ.પં. શ્રી મૃગાંકવિજયજી મહારાજના વરદ હસ્તે મુમુક્ષુભાઈ શ્રી કાન્તિલાલની સહકુટુંબ દીક્ષા ભવ્ય ઉત્સાહપૂર્વક ઉજવાઈ, નૂતન દીક્ષિતનું નામ મુનિશ્રી કીર્તિભૂષણ વિજયજી રાખવામાં આવ્યું. એમની સાથે એમના પત્ની દીક્ષા વખતે વિશાળ જનમેદની ઉપસ્થિત થઈ હતી.

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની** નિશ્રામાં ઉપધાન તપ સુંદર રીતે આરાધાયો. ગામના લગભગ ૯૦ આરાધક અને ૬૦ માળવાળા હતા. ઉપધાનમાં આરાધનાનો વેગ ચઢતાં રંગે હતો. રોજ નવનવા નિયમો લેવાતા. વિશેષ રૂપે છઠ્ઠ અઠ્ઠમ વગેરે તપસ્યાઓ ય થઈ. માળારોપણની ઉછામણી પણ સારી થઈ અને અત્રે બાજુના બહુ પ્રાચીન સરસ્વતીના તીર્થ અજારી જિનમંદિરના મોટા જીર્ણોદ્ધાર માટે જરૂરી પણ હતી. પૂ. આચાર્યદેવશ્રી હાલ અત્રે બિરાજમાન છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૨૨,તા.૨-૩-૧૯૬૩

• **શીવની (માળવા) :** અહીં મૂર્તિપૂજક ભાઈઓના માત્ર ત્રણ જ ઘર અને ધર્મખાતાની એક રૂપિયાની ય મૂડીનો અભાવ છતાં ખાનદેશના ધર્મસુભટ અમલનેરવાળા રીખવચંદભાઈ વગેરેના પ્રયાસથી રૂા. ૪૦ હજારનું ભવ્ય જિનમંદિર બન્યું. એની પ્રતિષ્ઠા પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.ની નિશ્રામાં ભારે દબદબાથી ઉજવાઈ. હજારો માણસોનો મંડપ, જમણની અદ્‌ભુત વ્યવસ્થા, હાથી વગેરેનો વરઘોડાનો ઠાઠ. સારી ધર્મઉપજ, ઈત્યાદિ જોરદાર કામ થયું, સ્થાનકવાસી ભાઈઓ પણ જિનભક્તિમાં સારી હાજરી આપે છે. રીખવચંદભાઈ મારવાડી ભાષામાં પ્રભુપૂજાનાં ગીતોમાં એમને પણ સારા ઝીલાવતા.

• **પુના સિટિ :** સાધ્વીજી શ્રી સુમંગલાશ્રીજી તથા સ્વયંપ્રભાશ્રીજીનું અત્રે ચોમાસું થતા શ્રી નવકાર તપ કષાયજપ તપ વગેરે અનેક તપો થયા. ચોમાસા બાદ એમના ઉપદેશથી પ્રભુજીને ચંદ્રવા પુંઠિયા છોડો ૨૭ તૈયાર થયા. બેનોમાં સુંદર ધર્મ જાગૃતિ કરી.

• **બિલિમોરા :** શ્રી જડાઉબેને ૫૨૭ આંબેલ તપની સુંદર આરાધના પૂર્ણ કરી. વરઘોડો નીકળ્યો. સીહોરના નૂતન મુનિશ્રી હેતવિજયજી પ. પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. સાથે અત્રે પધારતાં સંઘમાં ધર્મભાવના વધી. તપસ્વી બેનને તપના ચમત્કારોનો અનુભવ થયો હતો.



• **પિંડવાડા :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને કેટલાક દિવસથી છાતીમાં વાનો જુનો દુખાવો શરૂ થયો છે. એથી અશક્તિ વધી છે થોડું થોડું ચાલવાનું કરેલું તે આરામની દૃષ્ટિએ હાલ બંધ કર્યું છે. મુનિમંડળે પૂજ્યશ્રીના આરોગ્યાર્થે શુદ્ધ આંબેલ જાપ શરૂ કરેલ છે. વાનો દુઃખાવો બંધ થતાં શક્તિ આવી જવા સંભવ છે. અત્રે સંઘના આગ્રહથી ચૈત્ર સુ. ૧૫ સ્થિરતા થવા વકી છે. પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજના સુંદર વ્યાખ્યાનો અત્રે ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૨૪,તા.૧૬-૩-૧૯૬૩

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને વાનો દુઃખાવો જે ચાલુ થયો હતો તે શાંત પડ્યો છે. બાકી અશક્તિ છે. મંદિરે જવા સિવાય બહાર જવું બંધ છે. આરામ રાખીને કર્મ-સાહિત્યનું એઓશ્રીની દોરવણી મુજબ મુનિઓ દ્વારા નવું તૈયાર થતું લખાણ તપાસે છે. ચૈત્ર ૧૫ અત્રે થવા સંભવ છે. શક્તિ આવ્યે વિહાર કરવાની ભાવના રાખે છે, એઓશ્રીના વરદ હસ્તે ફા.સુ. ૫ મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. ના નૂતન શિષ્ય મુનિરાજશ્રી નીતિગુપ્તવિજયજી મ. ની વડી દીક્ષા થઈ. રામસેનથી આબુજીના છરી પાળતા સંઘમાં પધારવા માટે શ્રી હંસાજી પૂનાવાળા પૂજ્યશ્રીને વિનંતી કરવા આવ્યા હતા. પૂ. પં. શ્રી મુક્તિવિજય મ. ને સંઘમાં જવા આદેશ આપ્યો છે. વૈશાખ સુદ ૧૦ના રોજ સંઘ પ્રયાણ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૨૬,તા.૬-૪-૧૯૬૩

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજનાં શરીર સ્વાસ્થ્યમાં સારો સુધારો હતો, વાનો દુઃખાવો તદ્દન શાંત હતો, શક્તિ પણ વધી છે. સ્ટેશન ૧ માઈલ સુધી ચાલીને જઈ શકે, પરંતુ હમણાં જરા વાનો દુઃખાવો શરૂ થયો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૨૭,તા.૧૩-૪-૧૯૬૩

• **પિંડવાડા : પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને જૂનો વાનો દુઃખાવો શરૂ થયા પછી અશક્તિ પણ રહે છે. એમાં લગભગ ચૈ. સુ.

૮ થી તાવ આવ્યા કરે છે. એમાં સુદ ૧૧ના ૧૦૪ ડીગ્રી તાવ, ધ્રુજારી વગેરે થઈ ગયું. સ્થાનિક ડૉક્ટરને ન્યુમોનિયાની અસર લાગી અને સલાહ માટે સિરોહીથી મોટા ડૉક્ટરો આવ્યા, તપાસી કહ્યું ન્યુમોનિયા નથી. સામાન્ય કફની અસર છે. ઉપચાર લેવાયા, તાવ નરમ પડ્યો. આજે સુદ ૧૩ વધીને ૯૯ાા સુધી થયો છે. ચિંતા જેવું નથી. આજે તા. ૯ મંગળવારે તાવ બહુ ઘટી ગયો છે. પરંતુ અશક્તિ થઈ ગઈ છે. પં. શ્રી ભાનુવિજયજી મ. ચૈ. વ. ૧૧ પછી આબૂ તરફ વિહાર કરવા સંભવ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૨૯,તા.૨૭-૪-૧૯૬૩

• **પિંડવાડા :** પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**ને તાવ આવી ગયા પછી અશક્તિ વિશેષ આવી છે. વડોદરાવાળા સુંદરભાઈ અને જૈન વૈદ્ય શાંતિભાઈ સેવાર્થે અત્રે આવી રોકાયા છે. ક્વીનાઈન વગેરેથી તાવ અટક્યો પણ અંદરમાં ઝીણી તાવની અસર રહ્યાનું કહે છે. ઉપચાર ચાલે છે. પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજને આબૂ વિદ્યાર્થી શિબિરનું પહેલાં નક્કી થઈ ગયું હોવાથી વિહાર કરવો પડ્યો છે. વૈશાખ સુદ ૩ દેલવાડા પહોંચવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૩૧,તા.૧૧-૫-૧૯૬૩

• **પિંડવાડા :** પૂં. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબીયમાં સુધારો છે, તાવ અટકીને શક્તિ આવતી થઈ છે. અત્રે સ્વ. શેઠશ્રી રાયચંદ હંસાજીના સુપુત્રો શ્રી સમરથમલજી, શ્રી કુંદનમલજી તથા શ્રી સાગરમલજીએ પોતાના પિતાના સ્મર્ણાર્થે પાંચ મજલાનું પાષાણનું એક ભવ્ય જ્ઞાન મંદિર બનાવ્યું. એનું ઉદ્ઘાટન વૈશાખ સુદ ૬ ના શુભ મુહૂર્તે શાસનપ્રેમી સંઘરત્ન મુંબઈ વાસી શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ ખંભાતવાળાને ખાસ નિમંત્રીને એઓશ્રીના શુભ હસ્તે કરાવ્યું. શ્રી રમણભાઈ પણ જ્ઞાનમંદિરની ભવ્યતા જોઈ તાજુબ થયા, અને એમણે આ સુકૃતની સુંદર શબ્દોમાં અનુમોદના કરી. જ્ઞાનમંદિરના યોજકોએ બપોરે પૂજા, પ્રભાવના વગેરે સુંદર કર્યું. પૂ. આચાર્યદેવશ્રીના પ્રશિષ્ય પૂ.પં. શ્રી માનવિજયજી મહારાજે પોતાનો વિશાલ આગમ શાસ્ત્ર સંગ્રહ જ્ઞાનમંદિરને સુપરત કરી દીધો છે.



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૩૨,તા.૧૮-૫-૧૯૬૩

## જૈન તત્ત્વજિજ્ઞાસુઓને અમુલ્ય તક

• **મહેસાણા :** શ્રી જૈન શ્રેયસ્કર મંડળ જણાવે છે કે તત્ત્વાર્થ કર્મગ્રંથાદિક **ધાર્મિક** તત્ત્વજ્ઞાન તેમજ સંસ્કૃત પ્રાકૃત વગેરેનો અભ્યાસ કરવા ઈચ્છનાર મેટ્રીક અગર તેથી વધુ અભ્યાસ કરેલ માત્ર દશ વિદ્યાર્થીઓ ત્રણ વર્ષની ગેરંટીથી દાખલ કરવામાં આવશે. રહેવા તથા ભોજન વગેરેની બધી સગવડો સંસ્થા તરફથી ચાર્જ વિના આપવામાં આવશે. તદુપરાંત પહેલા-બીજા અને ત્રીજા વર્ષમાં અનુક્રમે માસિક દસ-પંદર તથા વીસ રૂપિયા સ્કૉલરશીપ તરીકે આપવામાં આવશે.

ગુજરાતી અથવા હીંદી ભાષાના ઓછામાં ઓછાં પાંચ ધોરણ પાસ થયેલ તેમજ ઓછામાં ઓછી તેર વર્ષની ઉમ્મરવાળા વીશ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિના ઉપરની તમામ સગવડો સાથે દાખલ કરવામાં આવશે. માટે દાખલ થવા ઈચ્છનારે તા. ૩૧-૫-૬૩ સુધીમાં પ્રવેશ ફોર્મ મંગાવી ભરી મોકલવાં. વિશેષ હકીકત માટે મળો અગર લખો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૩૩,તા.૨૫-૫-૧૯૬૩

• **રામસેન :** (રાજસ્થાન) નિવાસી પૂનાવાળા શ્રી હંસરાજજી તારાજી પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાનું ૨૦૧૧ના પૂનાના ચોમાસામાં ધર્મભાવનામાં આગળ વધેલા અને ધર્મક્રિયામાં સારો ભાગ લીધેલો. એમને એના ફળસ્વરૂપે રામસેનથી આબુજી સુધીનો છ'રી' પાળતો સંઘ કાઢવાની ભાવના થઈ. તેથી પિંડવાડા આવી પૂ. આચાર્યદેવને તેમની નિશ્રામાં સંઘ કાઢવાની વિનંતી કરી. પરંતુ પૂ. આચાર્ય ભગવંતની તબીયત નરમ હતી તેથી પોતાના પ્રખર વ્યાખ્યાતા વિદ્વાન પ્રશિષ્ય પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ. આદિને મોકલવા મહાન કૃપા કરી. પૂ. પંન્યાસજી પિંડવાડાથી વિહાર કરી રામસેન તરફ પધારતા વિહારમાં જાવાલના સંઘની આગ્રહભરી વિનંતીથી ચૈત્રી ઓળીમાં જાવાલમાં રોકાયા... તેઓશ્રીના સચોટપ્રેરક વ્યાખ્યાનથી સંઘમાં સુંદર ધર્મ જાગ્રતિ વધી, બાદ તેઓશ્રી રામસેન પધાર્યા. અને ત્યાંથી વૈ. સુ. ૧૦ના સંઘ ભવ્ય સામગ્રી સાથે લગભગ ૫૦૦ સંઘયાત્રિકનું પ્રયાણ થયું. એમાં નગરના પંચમહાજન તથા ઠાકોરનો ખૂબ સહકાર મળ્યો. સંઘમાં સારી સંખ્યામાં રોજના બિઆસણાની તપશ્ચર્યાવાળા હતા.

પ્રથમ દિવસે સંઘ રામસેન ગામની બહાર જેનું નામ **'પ્રેમનગર'** રાખવામાં આવ્યું હતું એવા અનેક રંગબેરંગી તંબુઓના પડાવમાં રહ્યો હતો. ત્યાંથી બીજા દિવસના મંગલપ્રભાતે સંઘે પ્રયાણ કર્યું અને શ્રી **ગોડીજીતીર્થ,** તવરી, માંડોલી, દાંતરાઈ, જીરાવલાજી અણાદરા વગેરે મુકામે આગળ વધ્યો. સંઘમાં ભવ્ય ગજરાજ, ઘોડા, બેન્ડ આદિ સામગ્રી સુંદર હતી. ગામગામના સંઘોએ સુંદર સ્વાગત કર્યાં. સંઘ પ્રભાવના કરતાં કરતાં **દેલવાડા-** (આબુ) પધાર્યો. ત્યાં પેઢી તરફથી સામૈયું કરવામાં આવ્યું અને ચઢાવો બોલી સંઘવીજીને તિલક કરી હારતોરાથી વધાવ્યા. વૈ.વ. ૬ના મંગળ દિવસે માલારોપણનો સમારોહ પ.પૂ. પંન્યાસ શ્રી મુક્તિવિજયજી ગણિવર્યની પરમપાવન નિશ્રામાં ઉજવાયેલ. પાંચ તીર્થમાળ પહેરાવવાની ઉછામણી થઈ હતી. પૂ. મહારાજ સાહેબે તીર્થ અને તીર્થમાળનું મહત્વ બહુ સુંદર સમજાવતાં ઘણા યાત્રિકો વ્રત-નિયમોમાં જોડાયા. બીજે દિવસે સંઘ અચલગઢ તીર્થે પધાર્યો હતો. ત્યાં મેનેજર શ્રી ભગવતીલાલજીએ સુંદર વ્યવસ્થા કરી હતી. દેલવાડામાં ચાલતી આધ્યાત્મિક ગ્રીષ્મ શિબિરના વિદ્યાર્થીઓને ખાસ આમંત્રણ આપ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ વાંજીત્ર સહિત ભવ્ય સ્નાત્ર ભણાવ્યું હતું. આબુમાં સંઘ ૫ દિન રોકાયો. જુદા જુદા ભાઈઓ તરફથી નવકારશીઓ થઈ. શિબિરમાં તેમજ તંબુમાં સંઘવીને માનપત્ર આપવામાં આવ્યું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૧,અંક-૩૫,તા.૮-૬-૧૯૬૩**

● **દેલવાડા :** પૂ. પંન્યાસ **શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** અત્રેથી વિહાર કરી તા. ૬-૬-૧૯૬૩ જેઠ સુદ ૧૪ના પિંડવાડા પૂ. ગુરુદેવ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની સેવામાં પહોંચી જવા ધારણા છે.

તા. ૩૧મીએ કપડવંજના વકીલ તથા ધારાસભ્ય શ્રી નગીનભાઈના હાથે ઈનામ વિતરણનો સમારોહ પૂ. પંન્યાસજી મહારાજ તથા પૂ. મુ. શ્રી અભયસાગરજી મહારાજની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો, વિદ્યાર્થિઓએ ભાવભર્યાં વક્તવ્ય કર્યાં. રૂા. ૧૦૦૦ના ઈનામ વહેંચાયાં, એમાં કુલ પરીક્ષા અંકના હિસાબે કોલેજ વિભાગમાં શ્રી પ્રવીણચંદ્ર સી. શાહ બી.એસ.સી. અને સ્કૂલ વિભાગમાં શ્રી મુકેશ નવીનચંદ્ર શાહ (ઉં.વ. ૧૩) પ્રથમ નંબરે આવ્યા. લેખિક-મૌખિક પરીક્ષા, વક્તવ્ય પરીક્ષા તથા સદ્વર્તનના ઈનામોમાં આ દરેકને કુલ્લે રૂા. સવાસો સુધી અપાયાં. કુલ ૨૫ વિદ્યાર્થિઓ સુધી ઈનામ વિતરણ થયું. કેટલાક વિદ્યાર્થિઓને પોતાનાં વતન જવું પડ્યું હોવાથી પરીક્ષામાં સોએક વિદ્યાર્થી બેઠા, સફળતાનું પરિણામ ૭૩ ટકા આવ્યું.

પરીક્ષા અમુક અમુક વિદ્યાર્થીઓએ પ્રશ્નના ઉત્તરો સુંદર રૂપમાં લખ્યા છે, તેને આ પત્રમાં ક્રમશઃ પ્રગટ કરવા ધાર્યું છે, ત્રણ પ્રશ્નપત્રો પણ પ્રગટ કરવામાં આવશે.

● **પાલીતાણા :** આરિસા ભુવનમાં સ્વ. ભુરમલજી ગોહિલીવાળાની દેખરેખથી તૈયાર થયેલ પંચશિખરી જિનપ્રાસાદમાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા ઉત્સવ પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. વૈરાગ્યવારિધિ આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ., પૂ. પં. શ્રી ભક્તિવિજયજી ગણિવર્યાદિની નિશ્રામાં સુંદર રીતે ઉજવાયો. દેશદેશના યાત્રિકોએ જિનભક્તિના અદ્ભુત વિધાનો જોઈ અપૂર્વ આનંદ અનુભવ્યો હતો. વૈ.સુ. ૬ના શ્રી શાંતિનાથ પ્રભુ વગેરે ૩૩ જિનબિમ્બોની પ્રતિષ્ઠા થતાં દેવમંદિરનું દૃશ્ય ખૂબજ રમણીય બન્યું હતું. ઉપજ પણ સારી થઈ હતી. અત્રે બિરાજતાં પૂ. આચાર્ય ભગવંતો વગેરે પધાર્યા હતા. જિનભક્તિ તથા ભાવનામાં રસીકભાઈએ રમઝટ જમાવી હતી. હાલતી ચાલતી અનેક રચનાઓ થઈ હતી. મહોત્સવ પૂરા થયા બાદ શેઠ શ્રી ભુરમલજીના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્ર રીખવદાસજી તરફથી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો હતો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૧,અંક-૩૭,તા.૨૨-૬-૧૯૬૩**

● **પિંડવાડા :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની તબીયત હાલ ઠીક ચાલે છે, પણ સાવધાનીથી અને આરામથી કામ ચલાવવું પડે છે. માંહી માંહી બેઠા બેઠા પણ શ્વાસ ચઢી આવે છે, પાછો ઉતરી જાય છે. એઓશ્રીએ ચાતુર્માસ અર્થે જાવાલ સંઘના અતિ આગ્રહને લીધે જે. વ. ૭ જાવાલ તરફ વિહાર કર્યો છે. અષાઢ સુદ ૩ના જાવાલમાં પ્રવેશ મુહૂર્ત છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૧,અંક-૩૮,તા.૬-૭-૧૯૬૩**

● **જાવાલ :** પિંડવાડા સંઘની જોરદાર આગ્રહભરી વિનંતી હોવા છતાં અને તબિયતનું ખાસ કારણ હોવા છતાં પિંડવાડામાં બે ચાતુર્માસ થઈ ગયા હોવાથી સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યભગવંત **શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબે જાવાલ સંઘના અતિ આગ્રહને માન આપી જેઠ વદ ૭ ના રોજે પિંડવાડાથી જાવાલ

તરફ વિહાર કર્યો. પૂજ્યશ્રીને આમ તો હાલમાં શરીર ઠીક ચાલે છે. પરંતુ હાર્ટએટેકના દર્દ થયા પછી તબિયત નાજુક બની ગયેલ છે. તેમજ બેઠા બેઠા પણ વચમાં વચમાં શ્વાસ ચઢી આવે છે વળી શાંત પણ થઈ જાય છે. આવી નાજુક્તામાં શ્રમ લેવો જોખમી હોવાથી મુનિઓ દાંડાનું સ્ટ્રેચર બનાવી પૂજ્યશ્રીને એમાં ઊંચકીને વિહારમાં લઈ ચાલતા સિરોહીમાં પૂજ્યશ્રી ૪-૫ દિવસ રોકાયા. પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મહારાજના જોરદાર વ્યાખ્યાનોથી સંઘમાં જાગૃતિ સારી આવી. ત્યાંથી વિહાર કરી પૂ. આચાર્યદેવશ્રીએ અષાઢ સુદ ૩ જાવાલમાં સંઘના ભારે ઉત્સાહ વચ્ચે પ્રવેશ કર્યો. પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજશ્રી પણ પિંડવાડાથી અષાઢ સુદ ૧ ના વિહાર કરી પૂજ્ય આચાર્યભગવંત સાથે પ્રવેશ કર્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪૦,તા.૨૦-૭-૧૯૬૩

• જાવાલ : (સિરોહી) : પૂજ્યવાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબીયત હાલ ઠીક ચાલે છે. એઓશ્રીની નિશ્રામાં ૫૧ મુનિવરોમાં આગમ-ન્યાય-વ્યાકરણ-કાવ્ય-પ્રકરણોનો સુંદર સ્વાધ્યાય ચાલી રહ્યો છે. પૂ. મુનિરાજશ્રી મણિભદ્રવિજયજી મ.ને ૧૬, શ્રી દયાવિજયજી મ.ને ૧૧ ઉપવાસ-સુખપૂર્વક પૂર્ણ થયા, ત્રણ બાળ મુનિઓને ૩૨-૩૬-૨૧મી વર્ધમાન આંબેલ તપની ઓળીઓ તથા બીજા છ મુનિઓને પણ આંબેલ ઓળી ચાલે છે. બે મુનિઓએ ચત્તારિ અટ્ઠ અને સિદ્ધિતપ શરૂ કર્યા છે. શ્રાવક સંઘમાં વર્ધમાનતપના પાયા શરૂ થવાના છે. વ્યાખ્યાનમાં વિશેષ વ્રતનિયમો લેવાય છે. શ્રાવકોની અધ્યયન વર્ગ માટે માગણી છે.

• • •

## પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમુદાયના ચાતુર્માસ

### રાજસ્થાન

૧. **જાવાલ** (સિરોહી) : પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા તથા પૂજ્ય મુનિવર્ય શ્રી મંગલવિજય મહારાજ તથા પૂજ્ય મુનિવર્ય શ્રી મેરુવિજયજી મહારાજ તથા પૂજ્ય પં. શ્રી મલયવિજયજી ગણિવર તથા પૂજ્ય પં. શ્રી હેમંતવિજયજી ગણિવર તથા



પૂજ્ય પં. શ્રી મુક્તિવિજયજી ગણિવર તથા પૂજ્ય પં. શ્રી ભાનુવિજયજી ગણિવર આદિ ઠા. ૫૨.

૨. **લુણાવા** : ઉપાધ્યાયજી મહારાજશ્રી ધર્મવિજયજી ગણિવર આદિ ઠા. ૪.

૩. **પિંડવાડા** : મુનિરાજશ્રી અશોકવિજયજી મ. તથા ચિરંજયવિજયજી મ.

૪. **જયપુર** : મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ. આદિ. ઠા. ૩.

૫. **સાદડી** : મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. તથા ચરણપ્રભવિજયજી મ.

૬. **સેવાડી** : મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. આદિ ઠા. ૩.

૭. **બ્યાવર** : મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિ ઠા. ૩.

૮. **બીજાપુર** : મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી મ. તથા નંદિવર્ધનવિજયજી મ.

૯. **રોહીડા** : મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. તથા રત્નપાલવિજયજી મ.

૧૦. **મંડવારીયા** : મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજી મ. તથા ચંપકવિજયજી મ.

### ગુજરાતમાં

૧૧. **અમદાવાદ** (જ્ઞાનમંદિર) : પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ ઠા.

૧૨. **ગીરધરનગર** : પૂ. ૫. શ્રી માનવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી કાન્તિવિજયજી ગણિવરાદિ ઠા.

૧૩. **દશા પોરવાડ સોસાયટી** : પૂ. આ. શ્રી વિજય ભુવનસૂરિજી મ.

૧૪. **ઉસ્માનપુરા** : પૂ. મુનિવર્ય શ્રી રાજવિજયજી મહારાજ આદિ ઠા. ૨

૧૫. **વાડાસિનોર** : પૂ. આ. શ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી વર્ધમાનવિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી રેવતવિજય ગણિવરાદિ ઠા.

૧૬. ઉંઝા (ઉ.ગુ.) : પૂ. આ. શ્રી વિજયશોદેવસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. શ્રી ત્રિલોચનવિજયજી ગણિવરાદિ ઠા.

૧૭. **કીયોલ** (વાયા : કલોલ) : પૂ. પં. શ્રી કેવલવિજયજી ગણિવરાદિ ઠા.

૧૮. **ખંભાત** : પૂ. પં. શ્રી ચિદાનંદવિજયજી ગણિવરાદિ ઠા. ૪.

૧૯. **ઓસવાલનો ઉપાશ્રય(ખંભાત)** : પૂ. મુનિવર્યશ્રી હેમચંદ્રવિજયજી મ. આદિ. ઠા.૨.

૨૦. **મહેસાણા** : (ઉ.ગુ.) પૂ. પં. શ્રી મૃગાંકવિજયજી ગણિવર આદિ ઠા. ૨.

૨૧. **પાટણ** (ઉ. ગુ.) : પૂ. પં. શ્રી જયંતવિજયજી ગણિવર આદિ ઠા.

૨૨. **રાધનપુર** : પૂ. મુનિવર્ય શ્રી હર્ષવિજયજી મ. આદિ ઠા.

૨૩. **ચાણસ્મા** : પૂ. મુનિવર્ય શ્રી જયવિજયજી મ. આદિ ઠા.
૨૪. **સિનોર** : પૂ. મુનિવર્ય શ્રી પદ્માકરવિજયજી મ. આદિ ઠા. ૨.
૨૫. **શંખલપુર** : પૂ. મુનિવર્ય શ્રી મહાનંદવિજયજી મ. આદિ. ઠા. ૩
૨૬. **ચંડીસર** : પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મ. તથા બલભદ્ર વિ.મ.
૨૭. **છાણી** : પૂ. મુનિવર્ય શ્રી ગુણાનંદવિજયજી તથા ચંદ્રશેખરવિજયજી મ. આદિ ઠા.
૨૮. **બોરસદ** : પૂ. મુનિવર્ય શ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ ઠા. ૩
૨૯. **વડાવલી** (વાયા-ચાણસ્મા) : મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. આદિ ઠા.
૩૦. **ખેડા** : પૂ. પં. શ્રી સુદર્શનવિજયજી મ. આદિ
૩૧. **વાવ** : પૂ. મુનિવર્ય શ્રી ધનપાલવિજયજી મ. આદિ. ઠા.
૩૨. **ડીસા** : પૂ. મુનિવર્ય શ્રી કીર્તિસેનવિજયજી મ. આદિ ઠા. ૩.

### મહારાષ્ટ્રમાં

૩૩. **અંધેરી** (મુંબઈ) : પૂ. મુનિવર્ય શ્રી રંગવિજયજી મ. આદિ ઠા.
૩૪. **નાસિક** : પૂ. મુનિવર્ય શ્રી લલિતવિજયજી મ. આદિ ઠા.

### સૌરાષ્ટ્રમાં

૩૫. **પાલીતાણા** : પૂ. પં. શ્રી ભક્તિવિજયજી ગણિવરાદિ ઠા.
૩૬. **સુરેન્દ્રનગર** : પૂ.પં. શ્રી કનકવિજયજી ગણિવરાદિ ઠા.
૩૭. **મોટામાઢા** (હાલાર) : પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરાદિ ઠા.
૩૮. **લીંબડી** : પૂ. પં. શ્રી હિમાંશુવિજયજી ગણિવરાદિ ઠા.
૩૯. **ધ્રાંગધ્રા** : પૂ. પં. શ્રી રવિવિજયજી ગણિવરાદિ ઠા.
૪૦. **રાજકોટ** : પૂ. પં. શ્રી માનતુંગવિજયજી ગણિવરાદિ ઠા.
૪૧. **જામનગર** : પૂ. મુનિવર્ય શ્રી પ્રદ્યોતનવિજયજી મ. આદિ ઠા.
૪૨. **સાવરકુંડલા** : પૂ. મુનિવર્ય શ્રી ચંદ્રયશવિજયજી મ. આદિ. ઠા. ૨.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪૨,તા.૩-૮-૧૯૬૩

● **અમદાવાદ** : અત્રે નાગજી ભૂદરની પોળમાં પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મહારાજ ભગવતી સૂત્ર પર સુંદર વ્યાખ્યાન આપે છે. દર રવિવારે બપોરે પૂ. મુ. શ્રી અભયસાગરજી મ. જાહેર વ્યાખ્યાનો આપે છે. શ્રા.સુ. ૩ થી નવકારમંત્રની



વિશિષ્ટ આરાધના ખાસ સમજૂતીપૂર્વક વિધિવિધાન સાથે શરૂ કરાવવામાં આવી છે. નવકારના વિશિષ્ટ ભાવવાહી કલામય પટોની સુંદર રચના થઈ છે.

● **બોરસદ** : અત્રે પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ.ના પ્રયત્નથી સંઘમાં બે પક્ષ પડેલા તેનું સમાધાન થયું છે અને તે નિમિત્તે સામુહિક સંઘ જમણ રાખવામાં આવ્યું હતું તથા તપની પણ સમુહ આરાધના થઈ.

● **જાવાલ** : અત્રે સંઘમાં વર્ધમાન તપ પાયાની આરાધના ઉત્સાહપૂર્વક ચાલુ છે તથા નવકારમંત્રનો તપ પણ શરૂ થયો છે.

● **બીજાપુર** : (રાજસ્થાન) અત્રે ઘણા વર્ષે પૂ. મુનિરાજશ્રી ભદ્રસેનવિજયજી તથા પૂ. મુનિશ્રી નંદિવર્ધનવિજયજી મ.નું ચાતુર્માસ થયું છે. મહારાજશ્રીના સદુપદેશથી વિશાળ સંખ્યામાં ૧૧ અંગના એકાસણાનો તપ વગેરે આરાધના સુંદર થઈ રહી છે, હિન્દીમાં જાહેર વ્યાખ્યાનની માંગણી છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪૩,તા.૧૦-૮-૧૯૬૩

● **ખંભાત** : અત્રે સ્વ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મ.ના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી સુબાહુવિજયજી મ. માણેકચોકમાં ઓસવાલ સંઘના ઉપાશ્રયે ચોમાસુ બિરાજે છે. એમની નિશ્રામાં ૮૦૦ ઉપર જણાએ ખીરના એકાસણાથી દરેકે ૫૦ હજાર અરિહંતનો જાપ કર્યો. વાતાવરણ આખો દિવસ અરિહંતના ધ્વનિમય થઈ ગયું હતું. બાળકોએ પણ રાતના બે વાગ્યાથી ઉઠી જાપ શરૂ કરી દીધેલા તે રાત સુધી જાપ કરેલો. બધા સંઘોએ લાભ લીધો હતો.

● **રોહિડા** : પૂ. મુનિરાજશ્રી રત્નપાલવિજયજી આદિનું ચોમાસું છે. પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી (ધાણેરાવવાળા) ને વર્ધમાન આંબેલ તપની ૮૦ ઉપરની ઓળીઓ ચાલુ હોઈ એમની પ્રેરણાથી સંઘમાં વર્ધમાન પાયા ઓળી તથા બીજા તપ સારાં થાય છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪૫,તા.૧૭-૮-૧૯૬૩

● પિંડવાડા : અત્રે પૂ. આ. **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ સપરિવાર સુખશાતામાં બિરાજે છે. કેટલાકો બહારથી પૂછાવે છે કે ભીલોએ ઉપદ્રવ

કર્યો તે અંગે શી માહિતી છે ? પરંતુ અત્રે કોઈ તેવો ઉપદ્રવ થયો નથી. ભારજા મુકામે સ્વ. પૂ. આ. શ્રી ભક્તિસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ ઉપર ભીલો ઉપદ્રવ કરવા આવેલા, પરંતુ શ્રાવક સંઘની કુનેહથી મુનિમહારાજોને કાંઈ આંચ આવી નથી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪૭/૪૮,તા.૩૧-૮-૧૯૬૩

● **જાવાલ :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની નિશ્રામાં સંઘને પર્યુષણા પર્વની આરાધના અત્રે માટે અપૂર્વ થઈ. પૂ. મુનિરાજો શ્રી દયાવિજયજી મ.ને ૩૧ ઉપવાસ, શ્રી ચંદ્રકીર્તિ વિ. મ. તથા શ્રી મહાબલ વિ. મ.ને ૧૬, શ્રી વિમળસેન વિ. મ.ને ચત્તારિ અઠ્ઠ, શ્રી જગવલ્લભ વિ. મ.ને સિદ્ધિતપ, મુનિશ્રી મણિભદ્ર વિ. મ., શ્રી ગુણરત્નવિ. મ. શ્રી જયસોમ વિ. મ; અને શ્રી કલ્પતરુ વિ. મ.ને અઠ્ઠાઈ, શ્રી પુણ્યપાલ વિ. મ.ને ૫ ઉ., શ્રી જિનચંદ્ર વિ. મ.ને ૪ ઉ., સાધ્વીજીઓ શ્રી વિમલકીર્તિશ્રીજી મ.ને માસખમણ, શ્રી પદ્મલતાશ્રીજી મ.ને સિદ્ધિતપ, શ્રી મલયકીર્તિશ્રીજી મ.ને ચત્તારિ અઠ્ઠ તથા શ્રાવક શ્રાવિકામાં પણ અનેક તપસ્યાઓ મળી કુલ ઉ. ૩૧/૧, ૩૦/૧, ૨૩/૧, ૧૬/૨, ૧૫/૫, ૧૦/૩, ૯/૫, અઠ્ઠાઈ/૧૮, ૭/૧, ૬/૬, ૪/૭, અઠ્ઠમ/૭૭, છઠ્ઠ/૭૮, ચોસઠ પહોરી પોષધ/પુ.૪૨+સ્ત્રીઓ ૩૨, ચત્તારિ અઠ્ઠ સિદ્ધિતપ/૩-૨ થયા. જ્ઞાન ખાતામાં ઉપજ ઘણી સારી થઈ. બીજી પણ ઉપજો સારી થઈ. વ્યાખ્યાનો ૪-૪ કલાક સુધી સંઘે ખૂબ શાંતિથી સાંભળ્યા, પાઠશાળા ચાલુ કરવા પાંચ વર્ષ માટે વાર્ષિક ૧ તિથિના રૂા. ૧૦)ના હિસાબે ૨૬૦ ઉપર તિથિઓ નોંધાઈ ગઈ. મોટા પાયા પર ઉપધાન કરાવવા માટે પણ સંઘના બહુ ઉલ્લાસથી પ્રયત્ન ચાલુ છે. ૩૧ ઉપવાસવાળા મુનિને વહોરાવવાનો લાભ લેવા ૭-૮ જણાએ જીવનભર બ્રહ્મચર્ય, એક વર્ષભર ઉપવાસ પારણે બેસણાં, બેએ ચારિત્ર લેવાના નિર્ધાર વગેરેનાં અનેક નિયમો થયા. પાંચે ય મંદિરમાં પ્રભુજીને આઠેય દિવસ ભવ્ય અંગરચનાઓ થઈ. પૂ. આચાર્યદેવશ્રીએ હજી હાર્ટની નબળાઈ છતાં પર્યુષણમાં આંબેલ તથા ઉપવાસો કર્યા. એઆશ્રીને સ્વસ્થતા સારી છે. જોધપુર બાજુથી આવેલ બ્રાહ્મણ સ્કૂલ શિક્ષક ભાઈએ ચોવિહારી અઠ્ઠાઈથી ચોસઠ પહોરી પોષધ કર્યા. બાકી જોધપુર, મુંબઈ શીવગંજ વગેરેથી નિવૃત્ત માજિસ્ટ્રેટ શ્રી ગોરધનચંદજી આદિ અનેક નાના-મોટા ભાઈઓએ અત્રે આવી ચોસઠપહોરી પૌષધ વગેરે સુંદર



આરાધના કરી ! જાવાલ સંઘ તરફથી ભા.સુ. ૧, અને ભા.સુ. ૫ ના સ્વામિવાત્સલ્ય રાખ્યું હતું. તેમજ મુંબઈવાળા શેઠ બાવચંદ રામચંદ દુધવાળા તરફથી પૂ. સાધ્વીજી મ.ના માસખમણની ઉગ્ર તપસ્યા નિમિત્તે ભા.સુ. ૬ ના સ્વામિવાત્સલ્ય તેમજ પાંચે દેરાસરે ભવ્ય અંગરચના પૂજા રાખવામાં આવી હતી, જાવાલ સંઘનો ધર્મરંગ અનુમોદનીય છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૧,અંક-૪૭/૪૮,તા.૩૧-૮-૧૯૬૩

● **મંડવારીયા :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણભદ્રવિજયજી મ. તથા મુનિશ્રી ચંપકવિજયજી મ. ચાતુર્માસાર્થે પધારતા ચંદનબાળાના અઠ્ઠમ, પચરંગીતપ, પુદ્ગલ વોસિરાવવાની ક્રિયા, અરિહંતનો જાપ વગેરે વિવિધ તપમાં સંઘે સારો લાભ લીધો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૧,તા.૭-૯-૧૯૬૩

## નૂતન વર્ષના પ્રારંભે

'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્રને અગીયાર વર્ષ પૂર્ણ થઈ હવે **બારમું વર્ષ** થાય છે. નૂતન વર્ષના પ્રારંભે અમે 'દિવ્ય-દર્શન'ના સમર્થકો, વાચકો, પ્રચારકો અને શુભેચ્છકોને અમારા અંતરની આભાર અંજલિ, અર્પીએ છીએ.

ગત વર્ષમાં રાગ-દ્વેષના અનર્થ, રૂપસેન-સુનંદાનું હૃદયવેધી કથાનક, ભોગ-ઉપભોગના પરિમાણનાં વ્રતનું મહત્ત્વ, એના પ્રસંગમાં કષાયોનું સ્વરૂપ, સમ્યગ્દર્શનનું રહસ્ય, અભવ્યની વિરતિ કેમ નિષ્ફળ, ભવ્યને વિરતિની કેટલી જરૂર, બૌદ્ધ-ખ્રિસ્તી મત તથા કાનજીમતની મોટી ત્રુટિ, મહાસતી દેવસિકા તથા અમીચંદની અમીદૃષ્ટિનાં રોચક કથાનક સાથે પ્રાસંગિક માનવલાગણીનાં પૃથક્કરણ, આબુ વિદ્યાર્થી શિબિરના અહેવાલ તથા વિષયસૂચિ અને પ્રશ્નપત્ર દ્વારા ધાર્મિક શિક્ષણ-સંસ્કરણના વિષય તથા પદ્ધતિનું પ્રદર્શન, 'શ્રી પંચસૂત્ર' મહાશાસ્ત્ર પર પ્રવચનો, પર્યુષણાની આરાધનાઓમાં એક સૂત્ર ઉપશમ, વગેરે વિષયો અને દરેક અગ્રલેખમાં અન્યાન્ય રોચક-પ્રેરક વિષય પીરસવામાં આવ્યા હતા.

દિવ્ય-દર્શનના વાંચનની વાંચકો પર સચોટ અસર થવાનું એમના પત્ર વગેરે પરથી જાણવા મળે છે. 'દિવ્ય-દર્શન' વાંચ્યા બાદ કર્મતત્ત્વના વગર અભ્યાસે આત્માના જુદા જુદા ભાવો-અધ્યવસાયોના લાભો-અલાભો વગેરે અંગે સારી માહિતી

મળે છે. આત્માના વિધવિધ ભાવોનું પૃથક્કરણ(Analysis)ની શૈલી ઘણી જ સચોટ ને ઊંડા મનનમાંથી તેમ જ વિશાળ અનુભવોમાંથી જન્મેલી લાગે છે...'

આવા આવા તો કેટલાય સંવેદનો વાંચકો અનુભવે છે, કેટલાક તો દિવ્ય-દર્શનને ચાર-ચાર પાંચ પાંચવાર વાંચે છે, કેમકે દિવ્ય-દર્શનમાં અવતારેલ પ્રત્યેક વાક્ય શું શબ્દ શબ્દ ઉચ્ચ ચિંતનમાંથી ઉદ્ભવેલ હોય છે. વળી આત્મક્ષેત્રની ભૂમિકાશુદ્ધિ માટે તો જૈનેતર વાંચકો પણ હોંશથી આ પત્રનું વાંચન કરે છે. વકીલો અને ગ્રેજ્યુએટો પણ ચીવટપૂર્વક દિવ્ય-દર્શનનું વાંચન-મનન કરે છે.

આજના કાળે માણસની મતિ મુંઝાઈ જાય એવી જડવાદની હવા ચાલી પડી છે, એવા વિષમ બનાવો બને છે, એવી હાડમારીઓ વધી ગઈ છે, એવા કલેશ, કષ્ટ અને સંતાપ ભભૂકી રહ્યા છે. પરિસ્થિતિમાં મનને પ્રતિકાર પ્રેરણા અને માર્ગદર્શનની જરૂર છે, બહારનો સંયોગ, પરિસ્થિતિ તો માણસના પુણ્ય-પાપાનુસાર રહેવાના. પરંતુ જો મનનું ઘડતર સુંદર કરવામાં આવે, આત્માની દૃષ્ટિ નિર્મળ કરવામાં આવે અને હૃદયના ભાવ, અધ્યાત્મના આસમાનમાં વિહરતા કરી સુયોગ્ય માર્ગે જીવનનૈયા તરતી રાખવામાં આવે, તો કલેશ, સંતાપ, દીનતા ઉન્માદ વગેરેના ફાંસલામાંથી મુક્તિ મળે છે. **'દિવ્ય-દર્શન'** પત્ર આ માટે ખૂબ જ સહાયક બન્યું છે. એમાં શ્રી તીર્થંકર ભગવાનની વાણી અને એની વિશિષ્ટ રજુઆત, જવાબદાર છે. પત્રના અંકોનું સળંગ વાંચન કરવાથી પ્રતીતિ થાય છે.

માટે વાચકોને અમારો નમ્ર અનુરોધ છે કે 'દિવ્ય-દર્શન'નું વાંચન એક ઉઘડતી નજરનું યા મોજનું વાંચન ન બનાવતા. વાક્યે વાક્ય ખૂબ મનનપૂર્વક વાંચશો, ફરી ફરી વાંચશો, ખાસ મુદ્દા ડાયરીમાં ટપકાવી લઈ એની ધારણા મનન અને પુનર્રાવૃત્તિ કરશો. ઉપરાંત જો તમને 'દિવ્ય-દર્શન'થી જીવન-પરિવર્તન જીવન-ઉત્થાન અને જીવન વિકાસનો અનુભવ થયો હોય, થતો લાગતો હોય, તો બીજાઓમાં પણ આના વાંચનનો પ્રચાર કરશો. તેમજ પત્રના નવા ગ્રાહકો વધારી આપી, પત્રનો વિશેષ ફેલાવો કરવામાં અવશ્ય સહકાર આપશો, અને સહજ સુકૃતના ભાગી બનશો.

• • •

## 'ભાવભર્યા પ્રાચીન સ્તવન સજ્ઝાય'

• **આબૂ :** શિબિરમાં કોલેજિયન વિદ્યાર્થીઓને તત્ત્વજ્ઞાન વગેરેના વિષયોને રોજ કલાકો સુધી ભણવામાં રસ લગાડનાર ઉપરોક્ત પુસ્તકનાં સંગીતમય સ્તવનો



પણ હતાં. ખાસ એ માટે જ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું હતું. ઘણાં સ્તવનો ચાલુ પુસ્તકોમાં ના મળે તેવાં છે. તો આ પુસ્તક જલદી વસાવી લો. કિ. ૫૦ ન. પૈ. પોસ્ટેજ અલગ. પ્રાપ્તિસ્થાન-દિવ્ય-દર્શન કાર્યાલય, અથવા પુખરાજ ધરમચંદ પિંડવાડા (રાજસ્થાન)

• **ખંભાત :** અત્રે ઓસવાલના ઉપાશ્રયે ઘણા વરસો બાદ સ્વ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજના શિષ્ય પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.નું ચોમાસું થવાથી ઓસવાલ સંઘમાં ધર્મરંગનો અનેરો જુવાળ આવ્યો. સંઘે યોજેલ વિવિધ, અનુષ્ઠાનોમાં બીજાઓએ પણ સારો લાભ લીધો. પર્યુષણા પર્વ અપૂર્વ ઉજવાયાં ખંભાતના બીજા બધા સંઘોમાં અઠ્ઠાઈ અને ઉપરની તપસ્યાવાળા કુલ ૨૯ હતા, ત્યારે આ સો ઘરના નાના ઓસવાલ સંઘમાં એકલામાં કુલ ૩૯ થયા. કોઈ કોઈ ઘરમાં; તો ૩-૪-૫ અઠ્ઠાઈ ને ઉપરની તપસ્યાવાળા હતા. દેવદ્રવ્યાદિની ઉપજ પણ દર સાલ કરતાં ઘણી વધારે થઈ. સંઘવાળા કહે છે કે આવી ધર્મ-આરાધના જિંદગીમાં પહેલી વાર કરી.

• **વડાવલી :** પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ.ની નિશ્રામાં ચોમાસામાં સુંદર તપસ્યાઓ થઈ તથા પર્યુષણામાં અદ્ભુત આરાધનાઓ થઈ. નાના ગામમાં પણ ૧૩ અઠ્ઠાઈઓ થઈ. બાકી બીજી તપસ્યાઓ, ૬૪ પહોરી પોષધ, સ્વામિવાત્સલ્ય વ્યાખ્યાનો વગેરે સુંદર થયું. પૂ. મુનિશ્રીને વર્ધમાન આંબેલતપની ૬૦ ઉપરની ઓળી ચાલે છે. એમના શિષ્ય મુનિ શ્રી હરિષેણવિજયજી મહારાજે ૪૪ મી ઓળી પૂર્ણ કરી ત્રણ પારણાં બાદ અઠ્ઠાઈ કરેલી.

• **નાસિક :** પૂ.પં. શ્રી ભક્તિવિજયજી મ. ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મ. ના અત્રે ચાતુર્માસથી સારો ધર્મરંગ જામ્યો છે. પર્યુષણમાં ૫ થી ૧૬ ઉપવાસવાળા ૩૫ અને ચોસઠ પહોરી પોષધવાળા ૫૫ હતા. અષ્ટ મહાસિદ્ધિતપ ૨૦૦ જણે કર્યો. અત્રે બેડકીહાલવાળા શ્રાવકરત્ન ભાઈ શ્રી રતનચંદ ૬૨ ઉપવાસ કરવાની ભાવનાએ રહ્યા હતા, ૫૧ મો ઉપવાસ આવતાં શરીર ખૂબ જ અશક્ત થવાથી સંઘે પારણાં માટે ખૂબ આગ્રહ કર્યો છતાં તપસ્વીની બિલકુલ ભાવના નહિ પણ છેવટે મહારાજજીનો અભિપ્રાય પણ પારણાનો હોઈ ખેદ સાથે પારણ કરવું પડ્યું તેની બોલી રૂા. ૫૦૧/- બોલીને સુમતિલાલ ચંદુલાલે પારણું કરાવ્યું. પારણા પછી આઠ દિન તબિયત સારી રહી, પરંતુ પછી તબિયત બગડતાં ભા.સુ.૨ સમાધિપૂર્વક દેવલોક પામ્યા, સંઘમાં આવા ઉત્તમ આત્માની ખોટથી બહુ દુઃખ થયું.

• **ચાણસ્મા :** પૂ.મુ. શ્રી જયવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણા સારા ઉજવાયાં. પૂ.મુ.શ્રી રંજનવિજયજી મહારાજે એકાંતર ઉપવાસથી કરતા અઠ્ઠાઈ કરી. સાધ્વીજી બાલસેનાશ્રીજી મ.ને ૧૫ ઉપવાસ, જયપ્રભાશ્રીજી મ.ને અઠ્ઠાઈ, શ્રાવક શ્રાવિકામાં ૬ સોળભત્તાં, ૫૧ અઠ્ઠાઈ, ૪ નવ ઉપ. ૨ સાત ઉપ., સેકંડો ૪ ઉપ. અઠ્ઠમ વગેરે થયા.

• **જાવાલ :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબે સંઘોના આગ્રહે અત્રેથી માંડાણી, મંડવારિયા, લાસ, કાલિન્દ્રી, દેલદર, વરાડા, ઉડગોહિલી અને પાડિવ પૂ.પં. શ્રી મલયવિજયજી મ. પં. શ્રી મુક્તિવિજયજી મ. વગેરે મુનિઓને પર્યુષણા કરાવવા મોકલ્યા હતા. તેથી સંઘોમાં સુંદર આરાધના તથા ધર્મપ્રભાવના થઈ. બાકી પૂજ્યશ્રીની આજ્ઞાથી રાજસ્થાનમાં **રોહિડામાં** પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિ. મ., **બીજાપુરમાં** પૂ. મુ. શ્રી ભદ્રસેનવિ. મ., **સાદડીમાં** પૂ. મુ. શ્રી મણિપ્રભવિજયજી મ., **બ્યાવરમાં** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિ.મ., **સેવાડીમાં** પૂ.મુ. શ્રી ધર્મગુપ્તવિ. મ., **જયપુરમાં** પૂ. શ્રી જિનપ્રભવિ. મ., **લુણાવામાં** પૂ. ઉ. શ્રી ધર્મવિજયજી મ. ની નિશ્રામાં ચોમાસામાં તથા પર્યુષણમાં સંઘને સુંદર ધર્મસાધનાઓ થઈ.

## સંગઠનના પ્રભાવે

• **બોરસદ :** કાશીપુરા જૈન ઉપાશ્રયે સ્વ. પૂ.પં. શ્રી પદ્મવિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ.મ. આદિ ઠા. ૩ ચાતુર્માસ બિરાજે છે. તેઓના અથાગ પ્રયત્નથી બોરસદ સંઘમાં બંને પક્ષોમાં સમાધાન થતાં ઐક્ય થયું છે. ક્લેશમય વાતાવરણ સમી જવાથી ધર્મકાર્યોમાં અપૂર્વ ઉત્સાહ પ્રગટ્યો છે. પર્યુષણ પર્વમાં દરેક ખાતાની ટીપો સુંદર થઈ. ૪ થી માંડી ૧૬ ઉપવાસ સુધીની તપશ્ચર્યાઓ લગભગ ૫૦ ની સંખ્યામાં હતી. મધુર ધર્મ વાતાવરણના પ્રભાવે ભા. સુ. ૩ ના તથા ભા. સુ. ૫ ના વિજય મુહૂર્તે કાશીપુરા એરિયામાં જિનમંદિરો, ઉપાશ્રય તથા દરેક ઘરો પર કેશરનો વરસાદ થયો હતો. હજારો જૈન-જૈનેતરોએ આ વરસાદ નિહાળ્યો હતો. સકલ સંઘના પારણા, સાધર્મિકવાત્સલ્ય, શાનદાર વરઘોડો તથા સિદ્ધચક્ર-મહાપૂજન સાથે અઠ્ઠાઈ મહોત્સવ સકલસંઘની નવકારશી વગેરે ધર્મકાર્યો ઐતિહાસિક બની ગયા છે. અતિપ્રાચીન દેરાસરોના જીર્ણોદ્ધાર, જીર્ણ થયેલી ધર્મશાળાના નવનિર્માણ કરાવવાના કાર્યો આરંભાયા છે.

સકલસંઘના પારણા તથા સંઘની નવકારશીમાં બે સદ્‌ગૃહસ્થો તરફથી એંઠું નહિ મુકનારને ૫-૫ નયા પૈસા આપવાની જાહેરાત થતાં લગભગ એંઠું મુકાયું ન



હતું. કલ્પસૂત્ર પારણાના રાત્રિ જાગરણમાં નાસ્તો ચા-પાણીનો રીવાજ બંધ કરાયો હતો. દેરાસરોનાં વહીવટ. પૂ. આ. ભગવંતોને પુછાવી શાસ્ત્રીય પદ્ધતિમુજબ કરવા સંઘે નિર્ણય કર્યો છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૩,તા.૨૧-૯-૧૯૬૩

• **જાવાલ :** સિદ્ધાન્તમહોદધિ **પૂ. આચાર્યદેવશ્રીની** તબિયત સામાન્ય ઠીક ચાલે છે. શક્તિ પહેલાંની ગઈ. તિથિએ દર્શન કરવા ગામ બહાર પધારે છે, પણ કેવળ મનોબળથી. આવીને થાકી જાય. શ્વાસ ચઢે. આહાર અતિઅલ્પ થઈ ગયો છે. બાકી આખો દિવસ નવાં સર્જાતાં કર્મસાહિત્યનાં લખાણ તપાસે છે, લખનારને માર્ગદર્શન કરે છે. સમુદાયની ભારે કાળજી હજી પણ ભારે રાખી રહ્યા છે. ધન્ય યુગપુરુષ ! જામનગરથી શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી તથા મુંબઈથી શેઠ શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા વંદનાર્થે આવ્યા હતા. સંઘ-સમુદાયનાં હિતની વિચારણા થઈ. અમદાવાદથી શેઠ શ્રી રતીલાલ નાથાલાલ તથા શાસન ભડવીર શ્રી ચીમનલાલ કડિયા વંદનાર્થે આવી ગયા. બરલૂટ પ્રકરણ પર સિરોહીના વકીલ શ્રી પુખરાજજી સાથે વિચારણા કરી રાજસ્થાનમાં મુનિવિહાર બંધ ન પડી જાય અને જૈન સંઘો પર આફતો ન આવે એ માટે નક્કર યોજનાનો નકશો દોરાઈ ગયો. અત્રેના સંઘમાં શ્રી અરિહંત પદના દરેકને ૫૦ હજાર જાપની આરાધના થઈ. ખીરનાં એકાસણાનો પીંગળગામવાસી શેઠ શ્રી છોટાલાલ નગીનદાસ તરફથી લાભ લેવાયો.

• **મુંબઈ મલાડ :** લીંચનિવાસી ભાઈ શ્રી અમૃતલાલ શિવલાલ જેઓ ઉપધાન કર્યા બાદ તેર વર્ષથી સતત તપસ્યા કરે છે, અને વર્ધમાન આયંબિલ તપની ૪૮ ઓળી, દર પર્યુષણે અઠ્ઠાઈ, વર્ષીતપ, નવકારાદિ તપો કરેલ છે, તેમની તપસ્યા ધાર્મિક જ્ઞાન, અનેક પાઠશાળાઓમાં જ્ઞાનદાન, અનેક ભવ્ય જીવોને ધર્મ-પ્રેરણાદાન વગેરે ગુણોથી આકર્ષાઈ એમની શ્રી વીસસ્થાનક તપની ૧૯ મી ઓળીની પૂર્ણાહૂતિમાં શ્રી ચંદુલાલ જે. ઝવેરી વગેરે શ્રી પારલા સ્નાત્ર મંડળ તરફથી હી.બ. દેરાસરમાં પ્રભુજીને ભવ્ય આંગી પૂજા કરાવાયેલ. તથા ૨૦ મી ઓળી પૂર્ણ થતાં અત્રેના દેરાસરમાં શ્રી જયંતિલાલ છો. ઝવેરી વગેરે ભાઈઓ તરફથી ભા.વ.૫ ભવ્ય વીસસ્થાનકની પૂજા આંગી ઉજવાયેલ.

• **આખા ગામમાંથી સાત વ્યસનને દેશવટો-દાંતા (વાયા જામખંભાલિયા-જામનગરઃ** અત્રે પૂ. પંન્યાસજી ભદ્રંકરવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિવર્ય શ્રી

મહાસેનવિજયજી મ.ના સચોટ સદુપદેશ તથા રાધનપુરવાળા તપસ્વી શ્રાદ્ધરત્ન શ્રી જયંતિલાલ શુદ્ધ દિલના પ્રયત્નોથી આખા ગામે જુગાર-માંસાહાર-શિકાર-મદિરાપાન-ચોરી-પરસ્ત્રી અને વેશ્યા, એ સાત વ્યસનોને દેશવટો દીધો. લોકોને સમજાવવામાં આવ્યું કે દુષ્કાળ, હેલી, અકસ્માતો વગેરેનું મૂળ કારણ પાપનો ભરાવો છે, અને સાતવ્યસનો એ ભયંકર પાપ છે, પાપ ઘટાડો અને દયા, દાન, પરોપકાર, સત્ય-નીતિ વગેરે પુણ્ય કાર્યો વધારો તો આપત્તિ ટળે, તા. ૭-૮-૬૩ ની જાહેર સભામાં ગામના ક્ષત્રિય સરપંચ શ્રી કેશવજી પ્રાગજીએ પ્રમુખસ્થાનેથી **'સપ્તવ્યસન મુક્તિ દસ્તાવેજ'** વાંચી સંભળાવ્યો અને ત્યાં સર્વ કોમના ભાઈઓએ સદાને માટે સાત વ્યસનોનો ત્યાગ કર્યો. એની ખુશાલીમાં જિનમંદિરમાં મોટી પૂજા આંગી વગેરે થયું. બેંડવાજા કીર્તન મંડળી સહિત પ્રભુજીનો વરઘોડો ચઢ્યો. આખા ગામને પ્રદક્ષિણા દઈ જાણે સાત વ્યસનને ગામમાં પેસવા મનાઈ હુકમ દેવાઈ ગયો. પછી જમણ થયું. બધામાં સમગ્ર ગ્રામજનોએ ભાગ લીધો. જાહેર સભામાં શ્રી અનુભાઈ ભટ્ટે જણાવ્યું, કે મહાગુજરાતનાં આંગણે દાંતા ગામમાં આવું ભગીરથ કાર્ય પાર પડે છે તે જોઈ ગુજરાતની ભૂતકાળની ભવ્યતા, ધર્મપરાયણતા અને હેમયુગની મને સ્મૃતિ થઈ આવે છે. આપણા આજના પ્રસંગથી મહાગુજરાતની ગૌરવગાથામાં વધારો થશે એમ માનું છું.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૨,અંક-૪,તા.૭-૯-૧૯૬૩

● **જાવાલ :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબિયતમાં હવે સુધારો ઠીક જણાય છે. એઓશ્રી રોજ સવારે થોડું થોડું ચાલવાનું વધારે છે. ૧-૧॥ માઈલ સુધી જઈ આવવાનો અભ્યાસ પાડી રહ્યા છે. ચાતુર્માસ પૂર્ણ થયા પછી વિહાર કરી શકાય એવું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરવાના પ્રયત્નમાં છે. અત્રે મુંબઈથી શેઠ શ્રી શાન્તિલાલ ઉજમશી તથા અમદાવાદથી શેઠ શ્રી રમણલાલ વજેચંદ વંદનાર્થે આવેલા. નવા સર્જાતા વિશાલ કર્મસાહિત્યનાં પ્રકાશનાર્થે એમણે તથા પૂર્વે પધારેલ શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીએ ઉપયોગી વિચારણા આપી. આ સાહિત્યનાં લગભગ ૨૫ ચોપડા તૈયાર થવાની હાલ ગણતરી છે. કર્મસાહિત્ય પર વિસ્તૃત અને ગંભીર તથા યુક્તિ પુરસ્સર લખાણ થઈ રહ્યું છે.

● **બાલાસિનોર :** પૂ. આચાર્ય મહારાજશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ. સાહેબના અત્રે ચાતુર્માસથી સંઘમાં અપૂર્વ ધર્મચૈતન્ય પ્રગટ્યું છે. શ્રી ભગવતીસૂત્રનું એઓશ્રી ૧૩ મી વખત વ્યાખ્યાન આપી રહ્યા છે. એઓશ્રીના ઉપદેશથી સંઘમાં નવકાર તપ વગેરે અનેક તપો ઉપરાંત પર્યુષણામાં અઠ્ઠાઈ આદિ સુંદર તપસ્યાઓ થઈ. પૂ.પં.શ્રી વર્ધમાન વિ.મ.ને ૮, પૂ.શ્રી મહાશાલ વિ.મ.ને ૧૦ ઉપવાસ, પૂ.શ્રી દેવભદ્ર વિ.મ.ને એકાંતરે ૫૦૦ આયંબિલ, શ્રી મનોગુપ્ત વિ.મ.ને ૪૯ મી વર્ધમાન આયંબિલ ઓળી વગેરે થયું. પર્વારાધના નિમિત્તે આસો ૫ થી ૧૨ ભવ્ય ઉજમણું, શાન્તિસ્નાત્ર, શ્રી સિદ્ધચક્ર પૂજન, અઠ્ઠાઈ મહોત્સવ તથા ૮ નવકારશીઓ નક્કી થઈ છે. ધર્મરંગની રેલમછેલ ચાલી છે.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૨,અંક-૬,તા.૧૨-૧૦-૧૯૬૩

● **બ્યાવર :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં અત્રે ત્રણ દિવસનો શ્રી અર્હદ્ભક્તિનો ભવ્ય કાર્યક્રમ ઉજવાયો. કુલ ૧૭૫ લગભગ આરાધકો જોડાયા. એકાસણા સાથે બે દિવસ સ્નાત્ર-ગુણગાન-જાપ વગેરે પછી ત્રીજા દિવસે ઈંદ્રો અને દેવતાઓએ ઉજવેલ અરિહંત પ્રભુનો જન્મકલ્યાણક મહોત્સવની મોટી ધામધૂમથી ઉજવણી થઈ. મૂર્તિપૂજક ૧૫૦ ઘરના આ શહેરમાં ૩ થી ૪ હજાર માણસોએ આમાં લાભ લીધો. સ્થાનકવાસી ભાઈઓએ પણ મેરુ પર્વત પર આરસના ભવ્ય પ્રતિમાજીને સ્થાપનાઈંદ્રોએ ઉજવેલા અભિષેક જોઈ ખૂબ અનુમોદના કરી. ખરતર ગચ્છવાળા ભાઈઓએ પણ હાજર રહી સારી અનુમોદના કરી. કલ્યાણકની ઉજવણી વખતે જીવાભિગમ જંબૂદીવપન્નતિ વગેરેના પાઠો સંભળાવવામાં આવ્યા. જિનમૂર્તિની ભક્તિપૂજાનું મહત્ત્વ આ વિશિષ્ટ કાર્યક્રમ અને આગમપાઠ જોઈ એવું સમજાયું કે આવા ભક્તિ પ્રસંગો યોજાવા જોઈએ એમ સ્થાનકવાસી પણ બોલતા થયા.

● **અમદાવાદ-મહેસાણા :** જૈન પાઠશાળા તથા શ્રેયસ્કર મંડળની જનરલ મિટિંગ શેઠ શ્રી રમેશભાઈ બકુભાઈના બગલે શેઠ શ્રી શ્રેણીકભાઈ કસ્તૂરભાઈના પ્રમુખપદે યોજવામાં આવી. શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી, શ્રી રમેશભાઈ, શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીઆ, શ્રી રતિલાલ નાથાભાઈ, શ્રી ચીમનલાલ કડિયા, શ્રી ચીમનભાઈ વકીલ વગેરે સભ્યો ઉપરાંત પરીક્ષક શ્રી વાડીભાઈ તથા સંસ્થાના મેનેજર શ્રી કાન્તિલાલ ઉપસ્થિત હતા. ગત વર્ષનો ઓડિટ હિસાબ તપાસી પાસ કરવામાં આવ્યો, ભીલડિયાજીમાં લેપનો કુલ ખર્ચ રૂા. ૧૨૦૦/- આપવા મંજૂર થયા. સંસ્થાના વહીવટી અનેક ખાતાઓની સરળતા માટે યોગ્ય વહેંચણી કરવા કમિટી નીમાઈ. આગામી મિટિંગ નવેંબર લગભગ મહેસાણામાં યોજવા નક્કી થયું.

● **જાવાલ :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને વાનો જુનો દુઃખાવો શરૂ થયો છે. વચમાં ૨-૩ દિવસ ઓછો પણ થઈ જાય છે. મુનિઓએ આ દુઃખાવાની શાંતિ નિમિત્તે શુદ્ધ આયંબિલ અને ૧૨૫૦૦ જાપ શરૂ કરેલ છે. બરલૂટ અનોપમંડળના તોફાન પછી ગામવાળા જૈનેતર ભાઈઓ કેટલીયવાર ત્યાં બિરાજમાન પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. (ડેલાવાળા) પાસે તથા સિરોહી વકીલ શ્રી પુખરાજજી સિંઘી પાસે વારંવાર માફી માગવા માટે આવ્યા તેથી **શ્રી પુખરાજજી વગેરે કાર્યકરો પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સાહેબની સલાહ લેવા આવ્યા હતા. પૂજ્યશ્રીએ ભવિષ્યમાં નિર્ભયતા રહે, અને સરકાર તરફથી અનોપમંડળ ગેરકાયદેસર જાહેર થાય એ માટે ઘટતું કરવા સલાહ આપી હતી. તે પછી કાર્યકરોએ બરલૂટ જઈ ગામવાળા સાથે વાટાઘાટ કરી. ગામના ઠાકોર સહિત જૈનેતર આગેવાનોએ લેખિત માફીપત્ર આપ્યો. હવે સિરોહી જિલ્લા સંઘ તરફથી ડેપ્યુટેશનની મળવાની માંગણી થતાં રાજસ્થાન સરકારના મુખ્ય મંત્રીશ્રીએ તા. ૧૦-૧૦-૬૩ ના રોજ મળવાનું મંજૂર કર્યું છે.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૭,તા.૨૬-૧૦-૧૯૬૩

● **બોરસદ :** અત્રે સંઘને ઉપાશ્રયની ખૂબ અગવડ હોવાથી પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજના ઉપદેશથી શ્રી સંઘે જીર્ણ બનેલ વીસા ઓસવાળ જૈન શ્વે.મૂ. ધર્મશાળા ઉપાશ્રયને રૂા. ૧-૧। લાખ ખર્ચી નવેસરથી કરવાનો નિર્ણય કર્યો. તેનું ખાતમુહૂર્ત આ.સુ. ૧૧ ખંભાત નિવાસી શેઠ શ્રી રમણભાઈ દલસુખભાઈના શુભ હસ્તે ભવ્ય સમારોહપૂર્વક થયું. તે જ દિવસે દેરાસરની પેઢીની સ્થાપના થઈ. આ થયા બાદ અંતરિક્ષમાંથી કેશરના છાંટણા થયા હતાં.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૮,તા.૨-૧૧-૧૯૬૩

● **જાવાલ :** પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને ફરતા વાનો દુઃખાવો હાલ શાંત પડ્યો છે. તબિયત ઠીક ચાલે છે. કા. ૧૫ પછી અત્રે રોકાવા માટે શ્રી સંઘ બહુ આગ્રહભરી વિનંતી કરી હતી. પરંતુ આજુબાજુના ગામોવાળાની પૂજ્યશ્રીના પગલાં કરાવવાની ભાવના તેમજ શ્રી



પિંડવાડા સંઘે અત્રે આવી અતિ આગ્રહભરી વિનંતી પિંડવાડા પધારવાની કરી હોવાથી કા.વ.૭ અત્રેથી વિહાર થવાની સંભાવના છે.

● **વિશેષાવશ્યક-ભાષ્યની :** માંગણીના આવેલાપત્રો પૂ.પંન્યાસજી **શ્રી ભાનુવિજયજી મહારાજે** સમરથબાઈ જૈન શ્વે.મૂ.જ્ઞાનોદ્ધાર ટ્રસ્ટ, (શેઠ મનસુખભાઈની પોળ, કાળુપુર રોડ, અમદાવાદ) ઉપર મોકલી આપ્યા છે. ટ્રસ્ટના કાર્યકરોને બીજાં રોકાણોને લીધે ગ્રંથ મોકલવામાં વિલંબ થયો છે. હવે સગવડ પ્રમાણે ગ્રંથની વહેંચણી કરશે. હવેથી પૂછાવવું હોય એમણે અમદાવાદ પૂછાવવું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૯,તા.૯-૧૧-૧૯૬૩

● **જાવાલ : સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. બરલુટ, મંડવારિયા, પાડિવ વગેરેની વિનંતી હોઈ વદ ૭ વિહાર કરી આટલામાં વિચરવા સંભવ છે. મુંબઈ વીલેપારલાથી શેઠ શ્રી રતિલાલ નાણાવટી તથા અમદાવાદથી શેઠ શ્રી રતિલાલ કેશવલાલ વંદનાર્થે આવ્યા, અને પારલામાં નવા તૈયાર થતા ભવ્ય શિખરબંધી દેરાસરની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના વરદ હસ્તે કરાવવાની હાર્દિક ભાવના દર્શાવી, પૂજ્યશ્રીને પારલા પધારી ચોમાસું કરવા તથા ચોમાસા બાદ પ્રતિષ્ઠા કરવા વિનંતી કરી. પૂજ્યપાદ આચાર્યદેવશ્રીએ હાલ કાંઈ નક્કી ઉત્તર આપ્યો. નથી.** રાજસ્થાનના ક્ષેત્રોની પણ પૂજ્યશ્રીના ચોમાસા અર્થે ખૂબ ચાહના છે. અત્રેના શ્રી અંબાલાલ ચીમનાજીએ કાર્તિક પૂનમે પૂ. આચાર્યદેવશ્રીનું સપરિવાર ચોમાસું પોતાના ઘરે બદલાવ્યું હતું. પછી સંઘ સાથે ગામ બહાર વાડીના દેરાસરે પધારી શ્રી શત્રુંજય પટ જુહાર્યો હતો. ત્યાં પંચવર્ષીય યોજનાનુસાર લાડુનું ભાતું વહેંચવામાં આવ્યું હતું. આ વખતે પાસેના ગામોમાંથી પણ લોકો દર્શનાર્થે આવેલા, ચૈત્રી પૂનમ પણ ભાતું અને વૈ.સુ. ૩ સંઘ જમણની યોજનાય કરાયેલી છે. અત્રે પૂ. મુનિરાજશ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજને કરોડરજ્જુની તકલીફ અંગે મુંબઈથી સેવાભાવી ડૉ. હરીભાઈ આવેલા, અને ટ્રીટમેન્ટ લખી આપી છે અવરનવર શ્રી હરિભાઈ મુનિઓને ફી સેવા બહાર ગામ જઈને પણ આપે છે તે પ્રશંસાર્હ છે. **મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. ને ટાઈફોડ તાવ પછીની અશક્તિ હોઈ એમને લઈને પૂ.પં. શ્રી ભાનુવિજયજી મહારાજને હાલ જાવાલમાં રોકાવાનું છે.**

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૧૧,તા.૨૩-૧૧-૧૯૬૩

● **અમદાવાદ :** શાસન ભડવીર પ્રસિદ્ધ કાર્યકર શ્રી ચીમનલાલ કેશવલાલ કડિયાને પૂર્વે હાર્ટએટેક થયેલ, ત્યારબાદ જીભના છેડે કેન્સરની ગાંઠ થયેલ, પરંતુ સદ્ભાગ્યે ઉપચારથી રાહત આવી ગયેલી. તાજેતરમાં ફરીથી ગળામાં તકલીફ જણાતાં ડાક્ટરે ઊંડાણમાં કોઈ ટીશ્યુ રહી ગયાનું અને તેથી ગાંઠ થયાનું નિદાન કર્યું છે. ફરીથી કિરણો આપી શકાય નહિ માટે ઈન્જેક્શનો ચાલુ કર્યા છે. શ્રી કડિયા પોતે સુબુદ્ધ હોવાથી સમાધિ સારી રાખે છે. શાસનના આવા વિરલ અને ભડવીર કાર્યકરને શાસનદેવ જલ્દી આરોગ્ય બક્ષે અને એમની પાસે સંઘ-શાસનના મહાન કાર્યો ચિરકાળ કરાવે એવું ઇચ્છીએ છીએ. તાજેતરમાં એમના ખાસ પ્રયત્નથી દેવાસમાં રૂા. બે લાખના ખર્ચે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું ભવ્ય જિનાલય તૈયાર થઈ રહ્યું છે.

● **ધ્રાંગધ્રા :** પૂ. બાપજી મહારાજના સાધ્વીજીશ્રી વિજયાશ્રીજી મ. ના શિષ્યાઓ પૂ. સાધ્વીજી પદ્મરેખાશ્રીજી મ; શ્રી વિમલપ્રભાશ્રીજી મ; શ્રી પદ્મપ્રભાશ્રીજી મ. શ્રી સુદર્શનાશ્રીજી મ. તથા શ્રી જ્યોતિરેખાશ્રીજી મ. ને લાગટ ૫૦૦ આંબેલની તપસ્યા ચાલે છે. એમાંથી પૂ. પદ્મરેખાશ્રીજી મ. તથા શ્રી જ્યોતિરેખાશ્રીજી મ. ને પ્રથમ કા. વદ ૦)) નું વોરા ભાયચંદ જીવરાજ વગેરે તરફથી પંચકલ્યાણી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન, વરઘોડો વગેરે સુંદર ઉજવાયું.

● **જાવાલ :** અત્રે વિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબના વિશાળ મુનિગણના ત્યાગ, સ્વાધ્યાય, સાધુતાદિથી શ્રી સંઘને ધર્મભાવના ઘણી વધી. પૂજ્યશ્રીને રોકાવાની આગ્રહભરી વિનંતી છતાં, આજુબાજુ વિચરવા માટે પૂજ્યશ્રીએ કારતક વદ ૭ ના વિજય મુહૂર્તે વિશાલ મુનિ પરિવાર સાથે વિહાર કર્યો. વૃદ્ધાવસ્થા અને તબિયતના કારણે મુનિવરોએ ભક્તિથી પૂજ્યશ્રીને સ્ટ્રેચરમાં ઊંચકી લેવા માટે ઘણી મહેનત કરી પરંતુ પૂજ્યશ્રી આજે સ્વયં ચાલીને જ બે માઈલ ઉપર આવેલ બર્લુટ ગામે પધાર્યા હતા. જાવાલ સંઘ પણ સાથે જ હતો. બર્લુટના સંઘે વાજતે ગાજતે સામૈયું કર્યું. અહીંના બે ભવ્ય જિનાલયોમાં અલૌકિક જિનબિંબોના દર્શનાદિ કરીને પૂજ્યશ્રી ધર્મશાળામાં પધાર્યા. પૂ.પં. શ્રી મુક્તિવિજયજી મહારાજે સુંદર વ્યાખ્યાન આપ્યું. સંઘની સ્થિરતા કરવા ઘણી વિનંતી હતી. પરંતુ બીજા ગામોને લાભ આપવાનો હોવાથી અત્રે પૂજ્યશ્રી એક દિવસ રોકાયા. એક મુનિની તબિયતના કારણે વિશુદ્ધ દીર્ઘસંયમ પર્યાયધર વયોવૃદ્ધ પૂ. મુનિરાજશ્રી મંગળવિજયજી-મેરુવિજયજી મહારાજ



તથા પૂ.પં. શ્રી હેમંતવિજયજી ગણિવર આદિ રોકાયા. મંડવારિયા, વરાડા, માંડોલી આદિ સંઘો પોતાના ક્ષેત્રમાં લાભ આપવા વિનંતી કરવા અત્રે આવ્યા હતા. પૂ. આચાર્યદેવશ્રી અહીંથી બીજે દિવસ વિહાર કરી મંડવારિયા પધાર્યા. ડેલાવાળા પૂ.પં. શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ સાથે શ્રી સંઘ સામે આવેલ. ભવ્ય સ્વાગત થયું. અત્રે અઠ્ઠાઈ મહોત્સવ અને તે પછી આ બાજુ પ્રસિદ્ધ શ્રી ગોડીજી તીર્થનો સંઘ કાઢવાની ભાવના શ્રી સંઘે દર્શાવી. પૂજ્યશ્રીને રોકાવા આગ્રહપૂર્ણ વિનંતી કરી. પરંતુ આગળ સમણાતીર્થે જાવાલવાળા શેઠ શ્રી મૂળચંદજી તથા બીજા એક ભાઈ તરફથી પૂજા સાધર્મિક વાત્સલ્ય કરવાનું નક્કી થયું હોવાથી મંડવારિયા સંઘનો કાર્યક્રમ પાછા ફરતી વખતે રહે એમ વિચારણા થઈ. અહીંથી સાંજે દેલદર ગામે જવાનું હતું પરંતુ પૂ. આચાર્યદેવશ્રીની તબિયત શ્રમના કારણે કંઈક અસ્વસ્થ રહી. તેથી સવારે દેલદર પધાર્યા. અહીં જિનમંદિર આખુંય સંગેમરમરનું ભવ્ય બાંધણીવાળું છે. અત્રે બે વાર વ્યાખ્યાન થયું. અત્રે સિયાણા સંઘનું ડેપ્યુટેશન ત્યાં પધારવા પૂજ્યશ્રીને વિનંતી કરવા આવ્યું હતું સિયાણામાં શ્રી કુમારપાળ મહારાજાનું ભવ્ય જિનાલય છે. શ્રાવકોના ૪૦૦ ઘર છે. ત્યાં પધારવાનો નક્કી જવાબ સમણામાં આપવાનું ઠર્યું. સાંજના વિહાર કરી પૂજ્ય આચાર્યદેવશ્રીનાં પાવન પગલાં વરાડા ગામે થયાં. અહીં એક ભવ્ય જિનમંદિર ઉપરાંત બીજા દેવવિમાનશા સુઘડ સ્વચ્છ નૂતન જિનમંદિરની પ્રતિષ્ઠા ગઈ સાલ પૂ. આ. શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજે કરી હતી. એની ચારે બાજુ દહેરીઓ કરાવવી છે તેથી સંઘે પૂજ્યશ્રીને રોકાવા ખૂબ વિનંતી કરી. પરંતુ પૂર્વે નક્કી થયા મુજબ સમણા જવાનું હોઈ વળતી વખતે વિચાર રખાયો હતો. પૂ. આચાર્યદેવશ્રી પગે ચાલીને વિહાર કરે છે. મુનિઓને સ્ટ્રેચરની પણ ના પાડે છે. મુકામે આવ્યા પછી પણ સંઘ-શાસનહિતની ચિંતા સ્વાધ્યાય આદિમાં તત્પર રહે છે પ્રતિક્રમણ પણ ઊભા ઊભા કરે છે. મુનિગણને વિશુદ્ધ સંયમજીવન માટે ખૂબ પ્રેરણારૂપ છે.

કારતક વદ, ૧૧ ના વરાડાથી સવારે વિહાર કરીને પૂ. આચાર્યદેવશ્રી સમણા તીર્થે પધાર્યા. જાવાલથી ત્યાં આવી ગયેલ સેંકડો ભાઈ બહેનોએ વાજતે ગાજતે સામૈયું કર્યું. અહીં જૈનોનું એક પણ ઘર નથી પરંતુ જિનમંદિર અને યાત્રાળુઓ માટે ધર્મશાળા છે. આજે અહીં જાવાલ તથા બીજા ગામોના સેંકડો યાત્રાળુઓ આવ્યા હતા. બધાનું સાધર્મિક વાત્સલ્ય જાવાલવાળા મૂળચંદજી નવાજી, શંકરલાલ ભૂતાજી તથા ભભૂતમલ મંછાજી તરફથી રાખવામાં આવ્યું હતું. દેસુરી (રાજસ્થાન) વાળા શા. કેસરીમલ રૂપચંદજીને આ વર્ષે પોતાના ગામ દેસુરીમાં ઉપધાન કરાવવાના હોવાથી તે પ્રસંગે પૂજ્ય આચાર્યદેવશ્રીજીને વિશાળ મુનિ પરિવાર

સાથે લઈ જવા માટે મુંબઈથી આવી ને દેસુરી સંઘના ડેપ્યુટેશન સાથે અહીં આવી પૂજ્યશ્રીને ગમે તેમ કરીને પણ દેસુરી લઈ જવા માટે સતત ત્રણ કલાક સુધી આગ્રહપૂર્ણ ભાવભરી વિનંતી કરી પરંતુ પૂ. આચાર્યદેવશ્રીનો ૮૦ વર્ષની આ અવસ્થાએ નરમ તબિયતે પણ ડોળીમાં નહિ બેસવાનો નિર્ધાર હોવાથી અને વિહાર કરીને ત્યાં પહોંચવું દુઃશક્ય હોવાથી છેવટે આ વર્ષે રાજસ્થાનના પાટનગર જયપુરમાં ચાતુર્માસ સ્થિત મુનિરાજશ્રી જિનપ્રભવિ. મ., આદિઠાણા ૩ ને દેસુરી મોકલવાનુ નક્કી થયું હતું. દેસુરીથી આવેલ ડેપ્યુટેશને હમણાં ન બને તો છેવટે માળા પ્રસંગે પણ ત્યાં પધારવાની આચાર્યદેવશ્રીને હાર્દિક વિનંતી કરી છે. અત્રે સિયાણાનો સંઘ પણ આજે પાછો વિનંતી કરવા આવી પહોંચેલ. પૂ. આચાર્યદેવશ્રીની ઈચ્છા હવે અહીંથી આગળ જવાની ન હતી. પરંતુ સિયાણા સંઘના ત્રિસ્તુતિક સંઘના અત્યંત આગ્રહને લીધે ત્યાં સુધી વિહાર લંબાવવાનું નક્કી થયું. સાંજે પૂજ્યશ્રી રામપુરિયા પધાર્યા. અહીં મંદિર તથા મૂર્તિ મનોહર છતાં પૂજા પૂજારી જ કરી લે છે. પરંતુ પૂ. પંન્યાસ શ્રી મુક્તિવિ. મ.ના પ્રેરણાદાયી પ્રવચનથી લગભગ આખા ગામે દરરોજ પ્રભુ પૂજા કરવાનો નિયમ લીધો.

કારતક વદ ૧૩ સવારે વિહાર થયો. તે લગભગ ૯‌॥ વાગે સિયાણા પધાર્યા. આજે ૬ માઈલનો વિહાર હોવાથી પૂ. આચાર્યદેવશ્રીને પહેલેથી જ મુનિઓએ સ્ટ્રેચરમાં ઉંચકી લીધા હતા. અને લગભગ સિયાણા સુધી ઉલ્લાસપૂર્વક સ્ટ્રેચરમાં જ લઈ આવ્યા હતા. સિયાણામાં શ્રાવકોના ત્રિસ્તુતિક માન્યતાવાળા ૪૦૦ ઘર છે. પૂ. આચાર્યદેવશ્રીના અહીં પધારવાથી અહીં ઘણો લાભ થયો. સામૈયું પણ ભવ્ય થયું. લગભગ એક કલાક ગામમાં ફર્યું. ઘરે ઘરે પૂ. આચાર્યદેવશ્રીને ગહુંલીઓથી વધાવવામાં આવ્યા હતા. અહીં બે ભવ્ય અને વિશાળ જિનમંદિરોની યાત્રા કરી સૌએ આનંદ અનુભવ્યો.

સ્વાધ્યાય અને સંયમમાં મગ્ન બાલ, યુવાન અને વૃદ્ધ મુનિઓનાં આવા વિશાળ પરિવારના દર્શન આ બાજુની જનતાને પ્રથમ જ હોવાથી સૌ કોઈ મુક્તકંઠે અનુમોદના કરે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૧૨,તા.૩૦-૧૧-૧૯૬૩

• **સિયાણા (રાજસ્થાન)** : સિદ્ધાન્તમહોદધિ વિશાળ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ વિશાળ પરિવાર સાથે અત્રે પધારતાં સંઘમાં આનંદ આનંદ વર્તાઈ ગયો. આટલી વિશાળ સંખ્યામાં બાળ યુવાન મુનિઓને એક સાથે નિહાળવાનો આ અનેરો પ્રસંગ હતો. ગામ ત્રણ થોયવાળાના મતનું છે. પરંતુ ઉત્સાહ જબરો જાગ્યો. પ્રખર વ્યાખ્યાતા પૂ.પં. શ્રી મુક્તિવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોએ ભવ્ય ધર્મજાગૃતિ આણી. સભા ચિક્કાર ભરાતી. અત્રે ઉપધાન માળાની આવકમાંથી કેટલુંક દ્રવ્ય સામાજિક કાર્યોમાં પૂર્વે લઈ ગયેલા પરંતુ હજી બાકીની મોટી રકમ હવે વેડફાઈ ન જાય એ માટે પૂ. આચાર્ય ભગવંતે સમજૂતી આપી વ્યાખ્યાનમાં પણ ઉપદેશ અપાયો. અત્રે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ખુદના શુભ હસ્તે પ્રતિષ્ઠિત અને મહારાજા કુમારપાળે બંધાવેલ અદ્‌ભુત જિનમંદિર પર્વત પર શોભી રહ્યું છે. પ્રભુજીની મૂર્તિ અલૌકિક છે. આજુબાજુના નૈસર્ગિક સૌંદર્યે અદ્‌ભુત મંદિરની ભવ્યતામાં ઓર વધારો કર્યો છે. પરંતુ શિખર હવે જીર્ણ થયું છે એટલે એક પંથ દો કાજ, એ ન્યાયે પૂજ્યશ્રીએ સમજાવીને સંઘ પાસે ઠરાવ કરાવ્યો કે આનો જીર્ણોદ્ધાર કરાવવો અને ઉપધાનની રકમ આમાં ખર્ચવી. જુવાનિયાઓનો વિચાર સામાજિક કાર્યોમાં ખરચી નાખવાનો હતો પરંતુ બધા સમજ્યાં અને માળની રકમ દેવદ્રવ્યમાં જ ખર્ચવાનું તથા બીજી રકમ ઊભી કરવી પડે તે સાધારણ ખાતે ઊભી કરવાનું નક્કી કર્યું જેથી પૂર્વની વેડફાયેલી રકમ ભરપાઈ થઈ જાય અને સંઘ દેવદ્રવ્યમાંથી બચી જાય. એથી સંઘને ધન્યવાદ ઘટે છે. આ પરથી આજની નવી જૈન પ્રજાનું માનસ સમજી અને વિશ્વશ્રેષ્ઠ અને સર્વજીવ કલ્યાણકારી જૈનધર્મના તત્ત્વનું શિક્ષણ તથા આચારનું સંસ્કરણ આપવું કેટલુ બધું અતિ આવશ્યક અને પ્રથમ નંબરનું કાર્ય છે એ ખૂબ ધ્યાનમાં લેવા જેવું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૧૪,તા.૧૪-૧૨-૧૯૬૩

• **સાચી ક્ષમાપના :** બોરસદના શ્રી સંઘમાં ઘણા વર્ષોના વિખવાદને અંતે જે ઐક્ય થયું તથા દેવદ્રવ્યાદિ ખાતાઓની ચોખવટ થઈ તેના પ્રત્યક્ષ પ્રભાવમાં અનેકવાર કેશરના છાંટણાની નભોવૃષ્ટિ થઈ. ઐક્યની ખુશાલીના સંઘ મેળાવડા વખતે આગેવાને જાહેર કર્યું કે પ.પૂ. સંઘ શિરતાજ આચાર્ય ભગવંત શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજે** પોતાના મુનિઓ પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજે પણ ભારે પરિશ્રમ વેઠી શ્રી સંઘમાં શાંતિ, ઐક્ય, જ્ઞાનમંદિરની સજાવટ વગેરે શ્રી સંઘહિતના સુંદર કાર્યો કર્યા. જૂના વહીવટદાર ભાઈ શ્રી ચંદુલાલ મોહનલાલે જણાવ્યું કે 'પૂજ્ય શાસનશિરતાજ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની પરમ કૃપાથી આપણે ત્યાં ત્રણ પૂજ્ય મુનિરાજોના તથા પૂ. સાધ્વીમહારાજ ઠા. ૮ ના ચાતુર્માસનો પુણ્યલાભ મળ્યો. આ ચોમાસામાં શ્રી સંઘને

જે લાભ મળ્યો છે તે અવર્ણનીય છે.

અમારા પુણ્યોદયે અમને તીર્થંકર નામ ગોત્ર બંધાવે એવો જિનમંદિરાદિના ધર્મખાતાઓનો વહીવટ મળ્યો. તે એક દૃષ્ટિએ અમારું અહોભાગ્ય જ ગણાય. એ જવાબદારી ખૂબ તકેદારી પૂર્વક અદા કરવી જોઈએ. છતાં તેમાં કેટલોક પ્રમાદ થયો હોય તેવું સમજાય છે.

પૂજારીના પગાર તથા ચોખા બાબત ચોખવટ પૂજ્ય મહારાજશ્રી તથા અંબુભાઈ, જીવણભાઈ વગેરે સાથે મળીને થયો છે. દેરાસરનો ભંડાર કા. સુ. ૧ તથા શ્રાવણ સુ. ૧૦ ના ઘીની નોંધ વગેરે બાબતો અંગે પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ જે ખુલાસો તથા પ્રાયશ્ચિત્ત આપશે તે મને માન્ય છે અને આજ સુધીમાં મારો નાનો કે મોટો જે કાંઈ પ્રમાદ જાણે કે અજાણે થયો હોય તેની પૂજનીય ચતુર્વિધ સંઘ સમક્ષ મિચ્છામિ દુક્કડં માગું છું અને ચતુર્વિધ સંઘની મોક્ષમાં ન પહોચું ત્યાં સુધી કૃપા ચાહું છું.

● (તંત્રી નોંધ : જૈનશાસનમાં ક્ષમાપનાનું મૂલ્ય ઘણું ઊંચું છે. પ્રમાદ થવો સુલભ છે, પણ નિર્મળ હૃદયે સંકોચ વિના મિચ્છામિ દુક્કડં દેવો કઠિન છે. ભાઈ શ્રી ચંદુભાઈએ તે કર્યું તેથી તેમને ધન્યવાદ ઘટે છે.)

● **મુંબઈ :** અત્રે કોટમાં શ્રી જૈન પાઠશાળાનો ઈનામી સમારંભ તા. ૨૪-૧૧-૬૩ ના રોજ સુંદર ઉજવાયો. શેઠ શ્રી નવીનચંદ્ર કંપાણીના શુભ હસ્તે પરીક્ષામાં ઉત્તીર્ણોને રૂા. ૫૭૫/- ના ઈનામ વહેંચાયા. શિક્ષકો તથા પરીક્ષક શ્રી ચીમનલાલ પાલીતાણાકરને પણ પુરસ્કાર અપાયા. ઓનરરી સેક્રેટરી શ્રી હીરાલાલ સોમચંદે પાઠશાળાનો અહેવાલ રજૂ કર્યો. શ્રી કેશવલાલ મો. શાહ અને તેમના સાથીઓએ પ્રાર્થના સંગીત તથા બાળક બાળિકાઓએ ભાવવાહી ગીતો સારાં ગાયાં. પૂ. શ્રી ચિદાનંદમુનિજી વગેરે જુદા જુદા વક્તાઓ ધાર્મિક શિક્ષણ પર સારું બોલ્યા. સ્થાનકવાસી વગેરે પણ ઉપસ્થિત હતા.

● **પિંડવાડા :** સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ વિશાળ પરિવાર સાથે અત્રે પધાર્યા છે. પૂજ્યશ્રીને સિયાણામાં ફરતા ગેસનો છાતી અને પેટમાં જોરદાર દુઃખાવો ઉપડ્યો. આમ તો આ દુઃખાવો ૪૫ વરસનો જૂનો છે. એમાં ક્યારેક મહિનાઓ સુધી ન પણ હોય. પરંતુ આ વખતે ઉગ્રતા ઘણી શૂળની વેદના તો જાણે ચાકુથી કપાયા જેવી લાગે. છતાં એઓશ્રી જે શાંતિથી સતત દીર્ઘકાળ સહન કરી રહ્યા છે તે અદ્ભુત અને અનુકરણીય છે. અશક્તિ તો ભારે આવી ગઈ. મુનિઓએ સ્ટ્રેચરમાં ઊંચકી વિહાર કર્યો. ઊંચકવામાં ભક્તિવશ અનેક મુનિઓ વચ્ચે ખેંચાખેંચી થતી હતી તેથી ટૂકડીઓ પાડવામાં આવતી જેથી ક્રમસર જ ઊંચકે, આખા વિહારમાં દુઃખાવો અસહ્ય છતાં પાડીવ અને ગોહિલીમાં સંઘમાં મતભેદ ટાળવા પૂજ્ય આચાર્યદેવશે ખાસ પ્રયત્ન કર્યો અને મતભેદ મિટાવ્યો. **પાડીવમાં** ૪૦/- હજારનો પાષાણ લાવેલો વર્ષોથી એમ જ પડી રહેલ, અને 'દેરાસર ઉપર કરાવવું કે નીચે' એનો મતભેદ ચાલતો હતો. બંને પક્ષે પૂજ્યશ્રીને સોંપવાથી શ્રીમદે એવો ફેંસલો આપ્યો કે સંઘ પાસે પૂરા નાણાં છે નહિ, તેથી ચાલુ મંદિરમાં બને તેટલો પાષાણનો ઉપયોગ કરી બાકી પાષાણ તીર્થ વગેરેમાં આપી દેવો. **ગોહિલીમાં** ત્રણ તડાના ધાર્મિક ખાતાના જુદા હિસાબ વગેરે અંગે ઝઘડો હતો. તેમાં હવે આખા ગોહિલી સંઘ વતી એક કમિટી નીમાય અને તે વહીવટ કરે. તેમજ જૂના હિસાબ ફેંસલા મુજબ પતાવાય એવું નક્કી થયું. હાલ પિંડવાડામાં પ્રવેશ પછી બે દિવસથી દુઃખાવો ઓછો થઈ ગયો છે. પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ પણ ઉગ્ર વિહાર કરી અત્રે પધારી ગયા છે.



## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૧૫,તા.૨૧-૧૨-૧૯૬૩

● **પિંડવાડા :** પૂ. ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને ગેસના ભારી દુઃખાવામાં હાલ સારી રાહત છે. બાકી અશક્તિ વિશેષ છે. પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવર અત્રે પો.સુ. ૫ તથા વ્યા.વા.પૂ. આચાર્ય મહારાજશ્રી વિજયરામચંદ્રસૂરીજી મહારાજ અત્રે પો.સુ. ૧૩/૧૫ પધારવાના સમાચાર છે. વાપીથી આગેવાન શ્રાવક ભાઈ શ્રી છગનલાલ ઉ. સકુટુંબ અત્રે પૂજ્ય આચાર્યદેવેશને વંદનાદિ અર્થે આવેલ. એમણે પોતાના એક પુત્રને પૂ.પં.શ્રી મૃગાંકવિજયજી મહારાજ પાસે પૂર્વે દીક્ષા અપાવેલી તેમણે સિદ્ધ-હેમવ્યાકરણ કંઠસ્થ કર્યું છે. રોજ ૨૦૦૦ શ્લોકની આવૃત્તિ અને સંયમસેવા ભક્તિ આદિમાં મસ્ત રહે છે. હવે એમના સંસારી નાનાભાઈ પણ દીક્ષાર્થે ઉજમાળ બન્યા છે, અને શ્રી છગનભાઈએ પણ એને દીક્ષા અપાવવા નક્કી કર્યું છે. ધન્ય પિતા !

● **સુરેન્દ્રનગર :** શાંતમૂર્તિ પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિવરને લગભગ ત્રણ માસની વાની ભારે તકલીફ ઊભી થઈ છે. ઉપચાર કરતાં ઠીક લાગવાથી મહિના પહેલાં જરા ઊભા થઈના ચાલવાનો પ્રયત્ન કરવા જતાં પાછી તકલીફ વધી ગઈ. કડક સરી સાથે દેશી ઉપચાર ચાલુ છે. હાલ કાંઈક સુધારો જણાય છે. એઓશ્રી ખૂબ શાંતિપૂર્વક સહન કરે છે એ અનુમોદનીય છે. એઓશ્રીને જલ્દી આરોગ્ય પ્રાપ્ત થાઓ.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૬૩

● **દેસૂરી :** પૂ. જિનપ્રભવિજયજી મ. તથા મુ. મિત્ર વિજયજી તથા મુ. વારિષેણવિજયજી આદિ-ઠાણા ૩ જયપૂરથી પૂજ્યશ્રીની આજ્ઞાથી કા.વદ. ૭ ના વિહાર કરીને અત્રે મૌન એકાદશીએ ઉપધાનાર્થે પધારેલ છે. ઉપધાન શા. કેશરીમલ રૂપચંદ તરફથી ચાલુ છે. (પોષ વદ ૫) માગશર વદ ૫ ના ૨૭૭ બસોસત્તોતેર ભાઈ બેનોએ પ્રવેશ કરેલ છે. ઓસવાળ-પોરવાળ એક થવાથી ગામમાં ઉત્સાહ વધી ગયેલ છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૧૭,તા.૪-૧-૧૯૬૪

● **પિંડવાડા :** અત્રે પો.વ. ૧ મંગળવારના વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્ય મહારાજશ્રી વિજય રામચન્દ્રસૂરીજી મહારાજ અમદાવાદથી ઉગ્ર વિહાર કરી સંઘના આનંદોલ્લાસને વધારતાં સુખપૂર્વક પધારી ગયા છે. પ્રવેશ બાદ વ્યાખ્યાનપીઠ પર પૂ. ગચ્છાધિપતિ ગુરુદેવ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીજી મહારાજ બિરાજમાન થયા હતા. વિશાળ મુનિમંડળ તથા શ્રાવકસંઘની સભામાં પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલાચરણ થયા બાદ પૂ. આ. વિજયરામચન્દ્રસૂરીજી મહારાજે ‘વિષયસુખનો લોભ ધર્મમાં અટકાવનાર છે’ એ વિષય પર પ્રેરક પ્રવચન આપ્યું હતું !

● **પીસાંગન :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી તથા પૂ. મુનિ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિની નિશ્રામાં મહા સુદ ૩ ના પ્રતિષ્ઠા નક્કી થઈ છે અને આમંત્રણ પત્રિકાઓ પાઠવવામાં આવી છે. અત્રે જિર્ણોદ્ધાર થયેલ મંદિરમાં શ્રી શીતલનાથ ભગવાનનું સુંદર બિંબ છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૧૮,તા.૧૧-૧-૧૯૬૪

● **પિંડવાડા :** અત્રે પૂ.આ.શ્રી વિજયરામચન્દ્રસૂરિજી મહારાજ સાહેબના ચિંતનપૂર્ણ વ્યાખ્યાનોનો સંઘે સારો લાભ લીધો. પૂ. આચાર્ય મહારાજે અત્રેથી પો.વ. ૭ ના રોજ વિહાર કર્યો છે. અને રોહીડાથી દીયાણાજી તીર્થની સંઘયાત્રામાં પધારવાના છે. **ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**



**સાહેબને શિવગંજના નગરશેઠ તથા કોરટાજી સંઘ ૨૭ ગામના પંચવતી કોરટાજીમાં ફાગણ વદ ૭ ની મંદિર પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની પાવન નિશ્રામાં કરાવવા માટે પધારવાની ખૂબ આગ્રહપૂર્વક વિનંતી કરી, શારિરીક તબિયત કે શાસનનાં તેવા કોઈ ખાસ કારણ નહિ હોય તો પધારવાની વિનંતી માન્ય કરાઈ છે.** પૂ. શ્રીની આજ્ઞાથી આ. શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ આબુરોડની પાસે કીલોતરા સંઘની આગ્રહભરી વિનંતીથી મંદિર પ્રતિષ્ઠા મહા સુ. ૧૧ અંગે પધારવાનું નક્કી થયું છે. સાદડીવાલા શેઠ શ્રી પુખરાજજી તરફથી મારવાડ સિદ્ધચક્ર કમિટીના ઉપક્રમે રાણકપુરજી તીર્થમાં ચૈત્રી ઓળી પર પધારવા ખૂબ આગ્રહભરી વિનંતી કરી ગયા છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૨૦,તા.૨૫-૧-૧૯૬૪

● **પિંડવાડા :** અત્રે ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધી પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને છેલ્લા કેટલાક દિવસથી જૂનો વાયુનો દુઃખાવો અવરનવર આવ્યા કરે છે. પરંતુ તેવો કોઈ જોરમાં નથી. રવિવારથી તાવ આવે છે. વચમાં ઉતરી પણ જાય છે. છતાં ગચ્છની અને સંઘની ચિંતા કરવામાં સાવધાન છે. અત્રે મહા સુદ ૧૧ પિંડવાડાના બે ભાઈ શ્રી ઉત્તમચંદ અને શ્રી કુમારપાલ તથા ડીસાના ભાઈ શ્રી અશ્વિનભાઈની દીક્ષા નક્કી થઈ છે તે અંગે મહા સુદ ૭ થી ઉત્સવ ચાલુ છે.**

● **ડીસા :** પિંડવાડામાં દીક્ષા લેનાર શ્રી અશ્વિનભાઈના બંધુ શ્રી રાજારામ ભાઈચંદ તરફથી અત્રે મહા સુદ ૫ રવિવારે દીક્ષાર્થીનો વરસીદાનનો વરઘોડો કાઢ્યો. તેથી સંઘમાં ઘણો ઉત્સાહ વ્યાપી ગયો. જૈન-જૈનેતરો દીક્ષાની ખૂબ અનુમોદના કરતા હતા. ભવ્ય પૂજા પણ ભણાવવામાં આવી તથા રાત્રીના ભાવનાનો જલસો જામ્યો ડીસા સંઘે દીક્ષાર્થીનો સુંદર મેળાવડો કરી ભાગવતિ દીક્ષાના ખૂબ અભિનંદન આપ્યા.

● **પીસાંગન :** અત્રે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. તથા પૂ. મુનિ શ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ સારી રીતે ઉજવાયો. દેવદ્રવ્યની ૨૦/- હજારની ઉપજ થઈ. ઉત્સવમાં ફલોધીની સંગીતમંડળી અને પાલનપુરના હરજીવનદાસ ગવૈયાએ પ્રભુભક્તિમાં ખૂબ જ રમઝટ જમાવી હતી. દસ હાલતી રચનાઓ પણ જૈન-જૈનતરોને આકર્ષાવી રહી હતી. બ્યાવરના આગેવાન કાર્યકર શ્રી શંકરલાલજી મુણોત કે જે ભાઈ શ્રી ચિમનલાલ કડીયા જેવું આ પ્રદેશમાં કામ કરી રહ્યા છે. તેમની દોરવણીથી પ્રતિષ્ઠા મહોત્સવ બહુ દીપ્યો. મૂળનાયક

ભગવાનને રૂા. ૩૩૭૫/- ની બોલી બોલીને એક તરોપથી ભાઈએ બિરાજીત કર્યા અને ધજાદંડ રૂા. ૧૪૦૦/- બોલીને એક સ્થાનકવાસી ભાઈએ ચઢાવ્યો. આ પ્રસંગે સ્થાનકવાસી તરોપંથી ભાઈઓએ પણ સારો લાભ લીધો.

● **આણંદ :** અત્રેના શ્રી જિનમંદિરમાં ૧૩ વર્ષ પૂર્વે થયેલ પ્રતિષ્ઠા બાદ પ્રથમવારજ જિનેન્દ્રભક્તિ મહોત્સવ ઉજવાવવાનો પ્રસંગ બન્યો. બોરસદથી પૂ. મિત્રાનંદવિજયજી મ. શ્રી ને વિનંતી કરી, અત્રે પધાર્યા. રાત્રે તથા દિવસે વ્યાખ્યાન રહેતું. કેમકે વિહારનો માર્ગ સાધુઓ આવે જાય પણ સાંભળવાનો અવસર નહોતો આવ્યો. ઉજમણું ૭ છોડનું થયું. શ્રી સિદ્ધચક્રપૂજન અંગે શ્રી ચીનુભાઈ, શ્રી હીરાભાઈ તથા શ્રી કડીવાળા બાબુભાઈ આવેલા. પૂજન મોટી હાઈસ્કૂલના પ્રાર્થના હોલમાં રાખ્યું હતું. બહારથી ૧૫૦૦ માણસ આવેલા. નવપદના પૂજનમાં ૧૦-૧૨ વીંટીઓ, ૩ અછોડા, ૧૫૦૦/- રોકડા રૂપિયાની ઉપજ થઈ હતી. પૂજનમાં અનેરો રંગ આવ્યો. છ માઈલના ઘેરાવાવાળા આખા ગામને ધારાવાડી દેવાઈ. વ્યાખ્યાનમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના મહાન સાંયમાદિ ગુણોનો તથા પુણ્ય પ્રભાવનો પરિચય આપતા પૂ. આચાર્યદેવશ્રી પ્રત્યે સંઘને ખૂબ ભાવ જાગ્રત થયો. તેમજ ચોમાસા માટે આગ્રહ કર્યો. વ્યાખ્યાન અને સત્સંગથી એક સુખી ભાઈ પણ ખૂબ પ્રશ્નોત્તરી બાદ આત્માપરલોક વગેરેની સારી શ્રદ્ધાવાળા બન્યા. દક્ષિણથી વિહાર કરીને પાલીતાણા પૂ.પં. શ્રી ભક્તિવિજયજી મહારાજશ્રીની સેવામાં પધારતાં તેઓશ્રીની શિષ્ય મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજશ્રીનું પણ સુંદર વ્યાખ્યાન થયલું.

● **બોરસદ :** અત્રે સિદ્ધચક્રપૂજન તથા અઢાર અભિષેક હોવાથી પૂ. મિત્રાનંદવિજયજી મ. પધાર્યા છે. તેમના ઉપદેશથી લાયબ્રેરીમાં સુધારો થયો છે. તેથી જે યુવકો નોવેલો વગેરે કચરાપટ્ટી સાહિત્ય વાંચતા હતા તેના બદલે સારા ધાર્મિક પુસ્તકો વસાવવાથી તે વાંચતા થયા છે. પાસબુક સિસ્ટમથી કામ સારું ચાલે છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૨,અંક-૨૧,તા.૧-૨-૧૯૬૪**

● **પિંડવાડા :** અહીં આજે મહા સુદ ૧૨ ના રવિવારે સવારે ૯:૧૦ મિનિટે આ. વિજય યશોદેવસૂરીજી મ. ના તપસ્વી શિષ્ય મુનિરાજશ્રી રંજનવિજયજી મહારાજ નવકાર સાંભળતા સાંભળતા સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તેમની સંયમજીવનની ભવ્ય આરાધનાનો અહેવાલ આવતા અંકમાં અપાશે. (શ્રદ્ધાંજલિ)



● **મહેસાણા :** અત્રે મોટા દેરાસરનો શતાબ્દી મહોત્સવ મહા સુદ ૩ થી ૧૦ સુધીમાં ભવ્ય રીતે ઉજવાઈ ગયો. દેરાસર અને બહાર સુંદર ડેકોરેશન કરવામાં આવેલું. મુંબઈથી ગવૈયા શાંતિલાલ શાહ તથા પાલેજથી શ્રી ચંદુલાલ શાહને બોલાવેલા, પૂજા ભાવનામાં ભક્તિરંગની ભારે રમઝટ મચતી. પ્રભુજીને ભવ્ય અંગરચનાથી મૂળ અલૌકિક સંપ્રતિના બિંબનું તેજ અનેરૂં દીપતું હતું. આ પ્રસંગે કમઠપાર્શ્વનાથ, પ્રભુ મહાવીરને કાનમાં ખીલા ઠોકાવાનો પ્રસંગ, ખીલા કાઢવાનો પ્રસંગ તથા ચંડકૌશિકનો ઉપસર્ગ આની ચાલતી રચનાઓ કરવામાં આવી હતી.

● **કુંભોજ :** શેઠ ચતુરભાઈ નગીનદાસની અધ્યક્ષતામાં તા. ૧૨-૧-૬૪ તીર્થ કમિટી મળી. શ્રી ચીમનલાલ કડિયાની આ તીર્થમાં અનેકવિધ સેવાઓથી એ કમિટીના કાયમી સભ્ય નીમાયેલા હોઈ, પોતાની શારીરિક નાદુરસ્તીમાં પણ ખાસ માર્ગદર્શન આપવા ઉપસ્થિત હતા. આ તીર્થે દિનપ્રતિદિન યાત્રિકો વિશેષ પ્રમાણમાં આવે છે. ગત કા. ૧૫ હજારથી વધુ યાત્રિકો આવેલા. તળેટીએ વિશાળ ધર્મશાળામાં શ્રી શત્રુંજયની કાયમી રચના કરવાનું તથા પેઢી ખોલવાનું નક્કી થયું. યાત્રિકોની વિશેષે સગવડ માટે થાળી વાટકો-પવાલુંના સેટના રૂા. ૮/- લેખે મિટિંગમાં જ ૧૪૦ સેટ નોંધાયા, ભોજનશાળા ચાલુ છે, એમાં ખૂટતી રકમ માટે રૂા. ૨૦૧/- ની તિથિ તથા વાસણ સેટ નોંધાવવા સંઘને ભલામણ કરાઈ છે. ભોજનશાળામાં ૧૫-૨૦ થી અધિક યાત્રિક એક સાથે લાવનારે અગાઉથી સૂચના આપવા કમિટીનું સૂચન છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૨,અંક-૨૨,તા.૮-૩-૧૯૬૪**

● **પિંડવાડા :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને તાવ અટકી ગયો છે. ઇંજેક્શન પાકી જવાથી તાવ હતો. મુંબઈથી સેવાભાવી ડૉ. શ્રી હરિભાઈની પૂજ્યશ્રી પ્રત્યે ખૂબ લાગણી, તે ગત રવિવારે આવી પૂજ્યશ્રીની તબિયત તપાસી પાકેલી જગાએ નાનું નસ્તર મૂકી ખૂબ રસી કાઢી. હવે રોજ ડ્રેસિંગ થાય છે. પૂજ્યશ્રીને હજી ૧૫-૨૦ દિન ચાલી શકવાનું મુશ્કેલ છે. રુઝ આવતાં એટલો સમય લાગવા સંભવ છે. બાકી સ્ફુર્તિ ઠીક છે. અશક્તિ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૨૩,તા.૧૫-૨-૧૯૬૪

● **અમદાવાદ :** અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના શાંતમૂર્તિ શિષ્યરત્ન પૂ. **મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજ** ૩૧ વર્ષનો ચારિત્રપર્યાય પાળી માહ વદ ૯ રાતના કાળધર્મ પામ્યા, તેથી શ્રી સંઘે એક ઉત્તમ શ્રમણ ગુમાવ્યો તે ખેદજનક છે. સદ્ગત સંસારીપણે અત્રેની શામળાની પોળના વતની શ્રી કેશવલાલ ભગત તરીકે સુંદર શ્રાવક-જીવન જીવતા હતા. વર્ષ ૪૦-૪૨ જેવી વયે એમણે સજોડે બ્રહ્મચર્ય ઉચ્ચરેલુ દેવદર્શન-પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, વ્યાખ્યાનશ્રવણ, ત્યાગ, તપસ્યા વગેરે ધર્મસાધનામાં સારી તત્પરતા રાખતા ચારિત્ર લેવા માટે છ વિગઈત્યાગનો અભિગ્રહ લગભગ આઠ વર્ષ પાળ્યો. ચારિત્ર લીધા બાદ વર્ષીતપ તથા શક્તિ અનુસાર બીજી તપસ્યા તથા સૂત્ર-અધ્યયન કર્યું. વડિલોની વિનયભક્તિ ઉપરાંત સાધુ સમુદાયની ભક્તિ વૈયાવચ્ચ વૃદ્ધ ઉંમરે પણ એ સારી બજાવતા. અને બાકી સમયમાં જ્ઞાનધ્યાનમાં રક્ત રહેતા. એઓશ્રીને છેલ્લા બે વર્ષથી કેન્સરનું દર્દી ઉપડ્યું છતાં ચિત્તસમાધિ સુંદર રાખતા. એમાં ધીમે ધીમે અન્નનળી સકોચાવાથી શરીરને પોષણ પણ ઘટતું ગયું છતાં એકજ લેશ્યા કે 'મને નિર્યામણા સારી કરાવો.' આ માટે ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી પૂ. પં. શ્રી કાન્તવિજયજી ગણિવરે એઓશ્રીના તપસ્વી શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ગુણચંદ્ર વિજયજી મહારાજને એમની સેવા-નિર્યામણામાં રોક્યા. આ મુનિપુંગવની આદર્શ સેવાથી તથા સ્તવનો, સજ્ઝાયો આદિ અને છેલ્લા સમરાદિત્યનો રાસ સંભળાવવાથી શ્રી કલ્યાણવિજયજી મહારાજ સંવેગ-સમાધિમાં ખૂબ ઝીલતા. એમાં એમને લાગ્યું કે 'હવે જીવનદોરી ટૂંકાઈ જાય એમ લાગે છે માટે લાવને સાગાર અનશન કરૂં.' તેથી ૧-૧ ઉપવાસનું પચ્ચક્ખાણ કરતાં કરતાં ૭ દિવસ ખેંચ્યા. પછી અસહ્ય પીડા-અશક્તિ થતાં ૮મા દિનથી સહેજ પ્રવાહી શરૂ કર્યું. પરંતુ દસ્ત લાગી જવાથી વદ ૮ની રાત્રિ ભારે વેદના અને વદ ૯ના બપોરે ગળામાં કફ અટકી જવાથી અતિશય અકળામણ થઈ. એમાં મુનિશ્રીએ ઘણું સહ્યું. બીજી બાજુ મુનિઓએ નવકારના ઘોષ ચાલુ રાખ્યા. શહેરમાંથી શાતા પૂછવા લોકોનો પ્રવાહ ચાલ્યો. અંતે માહ વદ ૯ રાત્રિના ૯-૩૨ મિનિટે એમણે આ વિનશ્વર દેહનો ત્યાગ કર્યો. છેલ્લા દિવસોમાં તો એમણે પરિચિત વ્યક્તિઓ સાથે પણ લગભગ મૌન રાખેલું. એમનો નમ્ર મળતાવડો અને શાંત સ્વભાવ, બીજાનું કરી છૂટવું, અને કોઈને ય દુઃખ થાય એવો વર્તાવ ન કરવો, વગેરે ગુણોની સુવાસ મુકતા ગયા. એમના આત્માને પરમ શાંતિ મળો. એમના



સંસારી પત્ની તથા પુત્રી દીક્ષિત અવસ્થામાં આજે પણ સુંદર આરાધના કરી રહ્યા છે. એમના સુપુત્ર રમણભાઈ શાંતિસ્નાત્રાદિક્રિયાકારકે તો વર્ષો, ઠેઠ સુધી એમની સતત સેવા કરી. (શ્રદ્ધાંજલિ)

● **જેતારણ :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. તથા ભદ્રગુપ્તવિજયજી મ. પિસાંગણ ભવ્ય પ્રતિષ્ઠા પછી વિહાર કરતાં અત્રે પધાર્યા. વિહારમાં, **ગોવિંદગઢમાં** સુંદર દેરાસર છતાં જૈનો દેવદર્શનાદિ ભૂલેલા. બે પ્રવચન થવાથી ઉત્સાહ જાગ્યો. જીર્ણોદ્ધાર નક્કી થયો. ગામવાળાએ રૂપિયા ૧૦૦૦/- નક્કી કર્યા. બીજા રૂા. ૧૫૦૦/- થયા. કામ ૧૦થી ૧૫ હજારનું ઘણાઓએ દર્શનના નિયમ લીધા. બે સુખી ગૃહસ્થો પ્રભુપૂજા ઉપર ખૂબ શ્રદ્ધાવાળા બન્યા. આગળ **કૂડકી** ગામે આ પ્રદેશ પ્રસિદ્ધ કાર્યકર શ્રી શંકરલાલ મુણોતે આ. ક. પેઢી દ્વારા જીર્ણોદ્ધાર કરાવેલો તેની વૈશાખમાં પ્રતિષ્ઠા કરાવવા ધારે છે. આગળ ધનોરિયા, કેકીન વગેરે થઈ બુલન્દામાં સુંદર પાષાણમંદિર પણ ગભારો ઘુમટ જીર્ણોદ્ધાર કરાવેલો તેની વૈશાખમાં પ્રતિષ્ઠા કરાવવા ધારે છે. જેતારણના સુશ્રાવકોએ કરાવવાનું નક્કી કર્યું, મૂળ નાયક શ્યામવર્ણના આદીશ્વરપ્રભુનું મનોહર બિંબ છે. પ્રતિષ્ઠા માટે પણ આગ્રહ છે. એકંદરે આ પ્રદેશમાં દેવદર્શનાદિથી વંચિત લોકો પણ વ્યાખ્યાનાદિનો લાભ લે છે. નિયમો પણ સારા લે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૨૪,તા.૨૨-૨-૧૯૬૪

● **પિંડવાડા :** પૂ. સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને પગે ઈન્જેક્શન પાકેલું તેના પર ડ્રેસિંગ ચાલુ છે. હજી થોડી થોડી રસી આવે છે. સંપૂર્ણ રુઝ આવતાં સમય લેશે એમ લાગે છે. બાકી તબિયત ઠીક છે. પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ કીડોતરમાં પ્રતિષ્ઠા કરાવી અત્રે પધારી ગયા છે. પ્રતિષ્ઠા વખતે ગામના વિખવાદના કારણે ૧૫૦ માણસ વિઘ્ન કરવા ચઢી આવેલ. પરંતુ પૂ. આચાર્યદેવની નવકાર સાધના અને અટલ ધર્મશ્રદ્ધા તથા પૂ.પં. શ્રી ત્રિલોચનવિજયજી મ.ના એ ટોળા વચ્ચે જઈ ઉપદેશ-સમજુતી કરવાની હિંમતે શાન્તિ સારી થઈ અને એજ માણસોને સમજાવીને બીજે દિવસે આખા ગામ સહિત જમણ અપાયું. શાન્તિભર્યા પ્રયત્નોથી સદ્ભાવની લાગણી સારી સ્થપાઈ.

● **ભાંભણ (સૌરાષ્ટ્ર) :** અત્રે સ્વ. પૂ.પં. શ્રી પદ્મવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જયવર્ધનવિજયજી મ. તથા શ્રી વિદ્યાનંદવિજયજી મ. પધારતાં

ગામમાં એમણે દેરાસર રાખવાનો ઉપદેશ કર્યો. તેથી ગ્રામ પંચાયતના ઉપપ્રમુખ અને ધર્મની ધગશવાળા શ્રી વજુભાઈ વગેરેએ દેરાસર ન થાય ત્યાં સુધી દૂધ, કેરી, ઘી વગેરે ત્યાગના નિયમ કર્યા. પછી રાણપુરથી શ્રી નરોત્તમદાસ મોદીની મદદથી શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રાચીન બિંબ મેળવ્યા. ચાલીને પ્રભુજીને ગામમાં લાવી વાજિંત્રનાદ, ઉછરામણી, પૂજા, ૨૧ આયંબિલ વગેરે ઉલ્લાસપૂર્વક ઘર દેરાસરમાં પધરાવ્યા. પૂ. મહારાજશ્રીએ કીમ, અમીરગઢ વગેરેમાં પણ ઘર દેરાસરનું નક્કી કરાવેલું. હાલ એઓશ્રી વૃદ્ધ અશક્ત શરીરે પણ શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરી રહ્યા છે.

● **મહેસાણા :** અત્રે પાઠશાળામાં કર્મસાહિત્યાદિ નિષ્ણાત પંડિત પુખરાજજી, પરીક્ષક વાડીભાઈ, અને રતિલાલ દોશીએ સાધુ-સાધ્વીજી મહારાજાને પણ પંચસંગ્રહ, તર્કસંગ્રહ, વીતરાગ સ્તોત્ર ટીકા, સિદ્ધહેમ વ્યાકરણ બૃહદ્વૃત્તિ વગેરેનો સારો અભ્યાસ કરાવ્યો. વિદ્યાર્થી વસંતલાલ અને ધીરજલાલ કર્મગ્રંથાદિ તથા હેમવ્યાકરણ પૂર્ણ કરી હાલ એની બૃહદ્વૃત્તિનું પૃથક્કરણ પૂર્વક વાંચન કરી રહ્યા છે. અત્રેથી તૈયાર થયેલ વિદ્યાર્થીઓ કલકત્તા વગેરેમાં શિક્ષક તરીકે સારા પગારે ગોઠવાયેલ છે, બે વિદ્યાર્થીઓએ શંખેશ્વરજીમાં નવકારનો લક્ષજાપ કર્યો. મુંબઈવાળા શેઠ શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીઆના સોસાયટીમાં બંગલાના ઉદ્ઘાટન પ્રસંગે વિદ્યાર્થીઓએ રંગતથી પૂજા ભણાવી. શ્રી જેઠાભાઈએ પાઠશાળાને રૂા. ૫૦૧/- ભેટ કર્યા. પાઠ્યપુસ્તકોનું મુંબઈમાં વેચાણ પં. પૂનમચંદ કેવળચંદ દ્વારા ગોઠવાયેલું છે.

● **શિહોર :** અત્રેના શાહ છોટાલાલ ભાઈચંદના બાલ-બ્રહ્મચારિણી સુપુત્રી રમિલાબેનની મહા વદ ૧૧ સાધ્વીજી શ્રી નંદશ્રીજી મ. પાસે પાંચ દિવસના જિનેન્દ્રઉત્સવ પૂર્વક ધામધૂમથી દીક્ષા થઈ નામ શ્રી હંસકમલશ્રીજી રખાયું. વાયણાં, વર્ષીદાન વગેરેથી પ્રભાવના સારી થઈ. ભાઈ શ્રી જયંતીલાલ મો.ના સુપુત્રી ભારતીબેનની દીક્ષા ફા.વ. ૫ ની નક્કી થઈ છે. બોટાદમાં પણ બે બેનોની દીક્ષા સારી ઉજવાઈ. ત્યાગમાર્ગના પરાક્રમ બેનો સારી કરી રહેલ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૨૫,તા.૨૯-૨-૧૯૬૪

● **પિંડવાડા :** અત્રે પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબના પગે ઈંજેક્શન પાકવા પર રસી ચાલુ હતી તેથી ડૉક્ટરે વધુ કાપ મૂકી રસી કાઢી નાખી. ત્યારબાદ ક્રમશઃ હવે રસી બંધ થઈ છે,



ધીરે ધીરે રૂઝ પર છે. બીજી તબિયત ઠીક છે. અશક્તિ છે. આજે ચોમાસી ચૌદશે સ્ટ્રેચરમાં બહાર દેરાસર પધાર્યા હતા. પૂ.પં. શ્રી કાન્તિવિજયજી મ. તથા પં. શ્રી મુક્તિવિજયજી મહારાજ અત્રેથી ફા. વ. ૩ ગુજરાત તરફ વિહાર કરવાના છે.

● **મંડાર :** અત્રેના રહેવાસી ભાઈશ્રી સમરથમલજી ખુબાજી કેટલાય વખતથી ચારિત્ર લેવાની અભિલાષાવાળા હતા, તે કુટુંબની અનુકૂળતા થવાથી ફા. વ. ૩ ચારિત્ર લેવાનું નક્કી કર્યું. પિંડવાડાથી પૂ. આચાર્યદેવને વિનંતી કરી પૂ. પં. શ્રી મલયવિજયજી મહારાજ તથા પૂ. પં. શ્રી રવિવિજયજી મ. ને અત્રે લઈ આવ્યા ધામધૂમથી દીક્ષા થઈ. કુટુંબ તથા ગામનો ઉત્સાહ સુંદર અને જૈનેતરોમાં પણ શાસન પ્રભાવના સારી થઈ. દીક્ષા બાદ એમને પૂ. પં. શ્રી મલયવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રી સત્યવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૨૬,તા.૭-૩-૧૯૬૪

## પ્રાસંગિક નોંધ

ભગવાનની પૂજા કરનારના ધ્યાન બહાર કેવી આશાતના અને જીવહિંસા થાય છે અને એ કેમ ટળે એ અંગે દિવ્ય-દર્શનમાં ધ્યાન ખેંચવા મુંબઈથી એક ભાઈ જણાવે છે કે,

'પાષાણના પ્રતિમાજીને અથવા ધાતુની પરિકરવાળી પંચતીર્થીની પ્રતિમાજીને ભક્તિથી સુંદર અંગરચનાઓ કરવામાં આવે છે પણ તેજ પ્રતિમાજીના પાછળ તથા નીચેના ભાગમાં અને પોલાણવાળા છિદ્રોમાં પાણી અને ચીકાશ રહી જવાથી કેટલી લીલ-ફૂગ જામેલી હોય છે એ જો તપાસવામાં આવે તો સ્થિતિ કેટલી શોચનીય હોય છે. આગળના અંગને ચંદન, કેશર, વરખ, લગાડી સુગંધિત પુષ્પો ચઢાવી ભક્તિ કરનાર જો પ્રતિમાજીના પાછળના અને નીચેના ભાગને સ્વચ્છ કરવામાં ઉપેક્ષાવૃત્તિ સેવે તો એ આશાતના અને જીવહિંસાનો ભાંગી નથી ? બીજુ ચક્ષુટીકા ચોડવામાં ય વિવેકના અભાવે આશાતના થાય છે.'

આ અંગુલિનિર્દેશ કરવા સાથે સાથે એ ટાળવાના ઉપાય પણ બતાવવાની એટલી જ આવશ્યકતા છે.

(૧) પાષાણના પ્રતિમાજીઓને શ્રાવકોએ પોતે અથવા પોતાની દેખરેખ નીચે ખાટા દહીંમાં ખાટા લીંબુ નીચોવી તેનું મિશ્રણ પ્રતિમાજીને આગળ પાછળ નીચે સર્વત્ર લગાડવું. અડધા કલાક પછી ખાંડમાં એ લીંબુના છોતરાઓને દાબી એ

ખાંડભર્યા છોતરા પ્રતિમાના દરેક ભાગ ઉપર ધીમે ધીમે ઉપયોગપૂર્વક ઘસવા. આ પ્રમાણે કરવાથી પ્રતિમાજી ઉપરની પીળાશ, મેલ વગેરે સાફ થઈ જશે. પછી દૂધનો અને પાણીનો પ્રક્ષાલ કરી ત્રણ અંગલૂંછણા કરવાથી તદ્દન સફાઈ આવી જાય છે. દર મહિને આ ઉપયોગ કરવો જોઈએ.

(૨) ધાતુના પ્રતિમાજીને ફક્ત ખાટા લીંબુનો રસ લગાડી છોતરા જરાક ભાર દઈને ઘસવાથી પ્રતિમાજી પર ઓજસ આવે છે. લીબું લગાડી પછી ૫-૧૦ મિનિટમાં પાણીનો પખાળ કરી પછી. દૂધનો અને પછી પાણીનો પંખાળ કરવો.

(૩) ધાતુના પરિકરવાળા પ્રતિમાજીને કેટલાકો દહીં છાશથી સ્વચ્છ કરે છે, પણ છિદ્રોમાં એ દહીં-છાશ ભરાઈ જાય છે, તે બરાબર સાફ ન થવાથી લીલ-ફૂગ જામે છે. માટે એમ ન બને એનો ખાસ ઉપયોગ રાખવો જોઈએ.

બીજું પ્રતિમાજીને ચક્ષુ-ટીકા ચોડતી વખતે એની રાળને દીવા પર ગરમ કરી ભગવાન પર ગરમાગરમ ચોડે છે તેમ ડામ દેવા જેવું થાય છે. પણ ખરો ઉપાય આ મુજબ છે. જ્યારે ચક્ષુટીકા ચોડવા હોય ત્યારે પૂર્વે તૈયાર કરેલી રાળને જરા જરા ઘી લગાડી ગભારા નજીકમાં જાડા કંતાન પર રાખેલ પત્થરની પાટલી પર કુટવી. એથી એ નરમ થઈ જાય છે. એનાથી તરત ચક્ષુટીકા ચોડવાથી એ સારી રીતે ચોંટી જાય છે. આ બધી ખટપટ કોણ કરે ? એ આળસથી દીવા પર ઝટ ગરમ કરી ચોડવામાં આવે છે, પણ તેમાં ત્રિલોકનાથ પરમાત્માની કેવી આશાતના થાય ?

ભક્તિના નામે અવિવેક, ઉપેક્ષાવૃત્તિ કે આળસને લીધે ભકતોના હાથે જ ભગવાનની કમબખ્તી થાય એ જોઈ હૈયું કંપી ઊઠે છે...'

ભાઈશ્રીનું અંતર્દુઃખ અને ઉપાયનિર્દેશ ધ્યાન પર લેવા જેવા છે. ભગવાનના અંગ પર જ્યાં કેશર નથી ત્યાં પણ વાળાકુંચીના બિનજરૂરી ઘસડંપટ્ટા ચાલે અને પાછળના ભાગમાં ચીકાશ-લીલ-ફૂગ જોવાય જ નહિ એ ખોટું છે. એમ રાળના ડામ દેવા જેવું કરાય એય અજુગતું છે. ત્યારે પૂર્વ દિવસનું નિર્માણ ફૂલો તથા નમણ એવી જગાએ નખાય કે જ્યાં લીલફૂગના થર જામ્યા હોય, કીડી-કંચવા થતા હોય. એ પણ તદ્દન અનુચિત છે. 'આપણા ભગવાન તો તે છે કે જેમણે લીલફૂગમાં અનંતા જીવો બતાવ્યા છે, એની એને કીડી-કંથવાની દયા-અહિંસામાં જ ધર્મ બતાવ્યો છે, હિંસામાં નહિ; પછી એ જ ઉપદેશક ભગવાનની પૂજા ભક્તિ પાછળ એ જીવોનો કચ્ચરઘાણા નીકળે એવું કેમ કરાય ? ઉપયોગ ધર્મ, જયણામાં ધર્મ વીતરાગ ભગવાને કહ્યો છે, તો પૂજાભક્તિમાં વિશેષ કરીને જયણા જરૂરી છે, તેમ વીતરાગની આશાતનાનો ત્યાગ પણ તેવો જ જરૂરી છે.'



● **મુંબઈ :** આગામી મે વેકેશનમાં ધાર્મિક શિક્ષણ સંસ્કરણની આબૂ-અચલગઢ ઉપર નક્કી થયેલ શિબિરમાં પ્રવેશ માટે પ્રવેશપત્રો છપાઈ ગયા છે. તો મેસર્સ બંસીલાલ સોમચંદ, ૩૫૭ કાલબાદેવી, મુંબઈ-૨. સરનામેથી મંગાવી લેવા. ગઈ શિબિરના શિક્ષણની ઉપરના વિષયનું શિક્ષણ આપવાનું છે માટે ખાસ કરીને જૂના વિદ્યાર્થીઓ આ અમૂલ્ય લાભ લેવાનું ચૂકે નહિ. પ્રવેશ સંખ્યા મર્યાદિત છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૨,અંક-૨૯,તા.૪-૪-૧૯૬૪

● **પિંડવાડા :** અત્રે સિદ્ધાન્તમહોદધિ, પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબિયત હવે ઠીક છે. સ્ટેશન દેરાસરે માઈલ લગભગ ચાલીને પધારેલા. રાણકપુર ઓળી અંગે એઓશ્રી અત્રેથી સપરિવાર પ્ર.ચૈ.વ. ૪ વિહાર કરી પધારવાના છે. પૂજ્યશ્રીએ લુણાવામાં પૂ. ઉપા. ધર્મવિજયજી મહારાજની ગંભીર તબિયતના સમાચાર જાણી તરત પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ.ને સુદ ૧૨ એ તરફ વિહાર કરાવ્યો છે. પાછળથી સમાચાર મળ્યા છે કે હવે પૂ. ઉપાધ્યાયજી મહારાજને તબિયતમાં સારો સુધારો છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૨,અંક-૩૧,તા.૧૮-૪-૧૯૬૪

## શ્રી આબુ અચલગઢ મહાતીર્થ ઉપર વર્ષીતપનાં પારણાં

● વર્તમાન ઈતિહાસમાં પહેલી જ વાર અત્રે અક્ષયતૃતીયાએ વર્ષીતપનાં પારણાં કરાવવાનો એક ભવ્ય કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો છે. આ તીર્થ પૂર્ણ ચમત્કારિક અને અધ્યાત્મપ્રેરક હોઈ, અત્રેના શ્રી તીર્થાધિપતિ શ્રી આદીશ્વર ભગવાનની સાન્નિધ્યમાં પારણું કરનારને અચિન્ત્ય આત્મલાભ થશે.

આ પ્રસંગે ગચ્છાધિપતિ પૂજયપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીને પધારવા વિનંતી કરી છે અને પૂજ્યપાદના શિષ્યરત્ન પૂ.પં. મહારાજશ્રી **ભાનુવિજયજી ગણિવરાદિ** મુનિવૃન્દોની સાન્નિધ્યમાં પારણાં કરવાનો અમૂલ્ય લાભ મલશે.

અત્રેની પેઢીના ટ્રસ્ટીમંડળ તરફથી-તપસ્વીઓને પારણાર્થે સપરિવાર પધારવા આમંત્રણ છે.

વ્યક્તિગત વિશેષ આયોજન કરાવવું હોય, એમણે ચૈત્રી પૂનમ સુધીમાં શ્રી અચલગઢ પેઢીને ખબર આપવી.

• **પિંડવાડાથી-સાદડી : પ્રથમ ચૈત્ર વદ ૪ ઝારોલી : રાણકપુરજી મહાતીર્થે થનારા ચૈત્રી ઓળીના ભવ્ય પ્રસંગે પધારવા માટે આજે પ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા આદિ પિંડવાડાથી વિહાર કરી ઝારોલી પધાર્યા હતા. પિંડવાડાથી સેંકડો ભાઈબહેનો લાંબે સુધી વળાવવા આવેલ. ઓળી કરાવનાર સાદડીવાળા પુખરાજજીની આગ્રહ વિનંતીથી પ.પૂ.વિદ્વદ્વર્ય પં.શ્રી ભાનુ વિ.મ.આદિ મુનિઓ પૂ.શ્રીની આજ્ઞાથી જલદી સાદડી પહોંચવા** સાદરલા બાજુ પધાર્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોથી પૂ.આ.દેવશ્રીજી કર્મ સાહિત્યના નવસર્જનનું જે મહાભારત કાર્ય કરાવી રહ્યા છે, તેના બેત્રણ ગ્રંથોનું મુદ્રણકાર્ય ચાલુ હોઈ તે અંગે ૮-૧૦ મુનિવરોને પિંડવાડા જ રાખવામાં આવેલ.

**પ્ર. ચૈત્ર વદ ૫ સિવેરા :** ઝારોલીથી સવારે વિહાર કરી પૂ. આચાર્યદેવશ્રી આદિ અહીં પધાર્યા. અહીં જૈનોના બે-ત્રણ ઘર છે. પરંતુ પર્વતની તળેટીમાં આવેલું શાંતિનાથ ભ. નું શિખરબંધી જિનાલય તીર્થ જેવું છે. પિંડવાડાથી સેંકડો ભાઈ બેનો અહીં આવેલ. સંઘભક્તિ, પૂજા, પ્રભાવના આદિ થયેલ. નાણા, ચામુન્ડેરી, નાંદિયા...આદિ ગામોથી સંઘો દર્શન-વંદન અને વિનંતી માટે આવ્યા હતા.

ગઈ કાલે પૂ. આ. દેવશ્રીની તબિયત જરા નરમ થઈ હતી એટલે હવે આગળ વિહાર ન કરતા પાછા પિંડવાડા પધારવા માટે સંઘે હઠ લીધી હતી. ઘણી રકઝક થઈ. પરંતુ પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'આ વખતે તો વચન આપી દીધું છે એટલે ફેરફાર નહિ થાય. હવે ફરી વાર વિચાર કરશું.' પછી પિંડવાડામાં જ ચોમાસું કરવાની રકઝક ચાલી પરંતુ 'રાણકપુરજીમાં બીજા ઘણા ગામોના સંઘોને જવાબ આપવાનો છે, ત્યારે નિર્ણય થશે. હમણાં કાંઈ ન કહેવાય.' એમ પૂજ્યશ્રીજીએ જણાવ્યું હતું.

**પ્ર. ચૈત્ર. વદ ૬, માલુણ :** સિવેરાથી ૪ માઈલ વિહાર કરી અહીં પધાર્યા અહી જૈનોની વસ્તી નથી. પરંતુ સુંદર જિનમંદિર છે. નાણા અને ચામુન્ડેરીથી ઘણા ભાઈઓ આવેલ અને સંઘભક્તિ, પૂજા આદિ બંને ગામો તરફથી રાખવામાં આવેલ. આવતી કાલે ચામુન્ડેરી જવાનું નક્કી થયું.

**પ્ર. ચૈત્ર વદ ૭, ચામુન્ડેરી :** પૂ. આ. દેવશ્રીજી દોઢ બે વર્ષ પૂર્વે અહીં પધાર્યા હતા ત્યારે દેવદ્રવ્યનો હજારોનો ગોટાળો હતો. વ્યાજ સાથે લગભગ (૩૬૦૦૦) છત્રીસહજાર રૂપિયા થતા હતા પરંતુ પૂજ્યશ્રીજીના પુણ્યપ્રભાવ અને ઉપદેશથી એક જ દિવસમાં ગામમાંથી જ બધી રકમ પૂરી થઈ ગઈ હતી. એટલે પૂજ્યશ્રી પ્રત્યે વિશેષ ભક્તિ હોય તે સ્વાભાવિક છે. સામૈયું, પૂજા, પ્રભાવના અને બપોરે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજનું પ્રવચન થયું હતું.



**પ્ર. ચૈત્ર વદ ૮, નાણા :** નાણા મારવાડની નાની પંચતિર્થિમાં આવે છે. **"નાણા દિયાણા નાંદિયા જીવીત સ્વામિ વાંદિયા."** એ લોકોક્તિ પ્રસિદ્ધ છે, ચામુંડેરીથી અહીં પધારતાં વાજતેગાજતે સામૈયું થયું હતું. રસ્તાઓ ધજાપતાકાઓથી શણગારવામાં આવ્યા હતા. બપોરે વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના આદિ થયેલ.

**પ્ર. ચૈત્ર વદ ૯, ભન્દરમાં પણ સામૈયું વ્યાખ્યાનાદિ થયું.**

**પ્ર. ચૈત્ર વદ ૧૦, બેડા :** અત્રે સંઘના અમાપ ઉત્સાહને લીધે આખું ગામ ધજા-પતાકા-તોરણો અને કમાનોથી શણગાર્યું હતું. બેન્ડ અને સાજન સાથે સામૈયું લગભગ ૧ કલાક ફર્યું. સ્થળે સ્થળે ગહુંલીઓથી પૂજ્યશ્રીજીને વધાવવામાં આવ્યા હતા. પૂ.પં. શ્રી હેમંત વિ.મ. નું પ્રવચન થયા બાદ પ્રભાવના થઈ બધા વિખરાયા. બપોરે પૂજા, પ્રભાવના આદિ સારી રીતે થયેલ. અહીં સુશ્રાવક ઉમેદચંદભાઈ માસ્તર પાઠશાળા સુંદર રીતે ચલાવે છે.

**પ્ર. ચૈત્ર વદ ૧૧, દાદાજી તીર્થ :** વધુ ટાઈમ ન હોવા છતાં બેડાવાળા શ્રી ગણેશમલજીની ઉત્કટ ભાવના અને વિનંતીથી આજે અહીંનો પ્રોગ્રામ રખાયો હતો. જંગલમાં પહાડની તળેટીમાં આવેલું જિનમંદિર અને પાર્શ્વનાથ પ્રભુની શ્યામ પ્રતિમા એટલી મનોહર છે કે ન પૂછો વાત ! કહે છે કે જુનું બેડા પહેલા અહીં હતું. અને આ મંદિર ૨૦૦૦ વર્ષ જેટલું જુનું છે. નડીયાદના સંઘ તરફથી ૪ ભાઈઓ ચોમાસાની વિનંતી કરવા અહીં આવેલ.

**પ્ર. ચૈત્ર વદ ૧૨, વિજાપુર :** દાદાજીથી સવારે વિહાર કર્યો. વચ્ચે ભાટુન જવાનું ન હતું. પરંતુ ગામનો સંઘ બેન્ડ સાથે સામૈયું કરવા તૈયાર ઊભો હતો એટલે ગામમાં જવું પડ્યું. ત્યાં થોડી વાર રોકાઈ વિજાપુર પધાર્યા. અહીં પણ સંઘ બેન્ડ-સામૈયા સહિત તૈયાર હતો. સામૈયું ઉતર્યા બાદ પૂ.પં.શ્રી હેમંત વિ.મ.નું પ્રવચન થયું હતું અને સંઘના આગ્રહથી આવતી કાલે રાતામહાવીરજી-હત્થુંડી તીર્થ જવાનું નક્કી થયું.

**પ્ર. ચૈત્ર વદ ૧૩, હત્થુંડી :** હત્થુંડીથી સવારે અહીં પધાર્યા. તીર્થયાત્રા કરી. વીરપ્રભુની ઘણી પ્રાચીન સુંદર લાલ પ્રતિમા અને ભવ્ય જિનાલય આદિથી આ તીર્થ જંગલમાં મંગલ સમું શોભી રહ્યું છે. અહીંથી મળેલા પ્રાચીન શિલાલેખથી સિદ્ધ થયું છે કે અહીં પૂર્વે હસ્તીકૂડી નામની મોટી નગરી હતી. અને આ જિનાલય ૨૦૦૦ વર્ષ પ્રાચીન છે. પુરાતત્ત્વના વિદ્વાનોએ એ અહીંથી લઈ જઈ અજમેર મ્યુઝિયમમાં રાખેલો. અહીંનો શીલાલેખ રાજસ્થાનના પ્રાચીન શિલાલેખોમાં સૌથી મોટો છે. અને તે ધાર્મિક તથા રાજકિય ઈતિહાસ ઉપર ઘણો પ્રકાશ પાથરે છે.

આજે અહીં ભાટુન, વિજાપુરથી સેંકડો ભાઈ બહેનો આવેલ અને સંઘભક્તિ, પૂજા-આદિ થયા હતા. સાદડીથી પુખરાખજી, શિવગંજથી ઋષભદાસજી (મદ્રાસવાળા) તથા પિંડવાડા, જોધપુર આદિથી અનેક ભાગ્યશાળીઓ આવ્યા હતા.

**પ્ર. ચૈત્ર વદ ૧૪, સેવાડી :** હત્થુંડીથી વિહાર કરી અહીં પધારતાં સામૈયું થયેલ. બપોરે વ્યાખ્યાન પૂ.પં.શ્રી હેમંત વિ. મહારાજે આપ્યું હતું, અહીંનું બાવનજિનાલય અને જિનપ્રતિમાઓ ઘણી જ આકર્ષક છે.

**પ્ર. ચૈત્ર વદ અમાસ, લુણાવા :** સેવાડીથી વિહાર કરી અહીં પધારતાં બેન્ડ વાજા આદિ સાથે ભવ્ય સ્વાગત થયું, પૂ. ઉપા. શ્રી ધર્મ વિ.મ. ની નરમ તબિયતને લીધે પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી મ. આદિ અહીં થોડા દિવસ પૂર્વે આવી ગયેલ. અહીં પૂ.પં. શ્રી હેમંત વિ.મ.નું પ્રવચન થયા બાદ પ્રભાવનાદિ થયેલ. બપોરે પૂજા આદિ થયેલ. પૂ. ઉપા. શ્રી ધર્મવિજયજી મ.ની તબિયત હવે ઠીક છે. તેઓ પોતાની આરાધનામાં મગ્ન છે.

**દ્વિતિય ચૈત્ર સુ ૧ લાઠારા :** આજે પૂ. આચાર્યદેવશ્રીજી તથા પૂ.આ. શ્રી યશોદેવસૂરિજી મ. આદિ ઠાણા લુણાવાથી લાઠારા પધારતાં દેશી વાદ્યો તથા જૈનબેન્ડથી સામૈયું થયેલ. બપોરે વ્યાખ્યાન તથા બાબુભાઈ તરફથી પૂજા-પ્રભાવનાદિ થયેલ. આવતી કાલે સાદડી પ્રવેશ નક્કી થયેલ. રાણકપુરજીથી શાસનસુભટ ચીમનલાલ કે. કડીયા આદિ આવેલ. પૂ.આ. દેવશ્રીજીની હાર્ટની બીમારીને કારણે ચાલવાની ડૉક્ટરોની મનાઈ હોવાથી પિંડવાડાથી જ પૂજ્યશ્રીજીને બધા મુનિવરો સ્ટ્રેચરમાં ભક્તિપૂર્વક અહીં સુધી લાવ્યા હતા. નવાડીસાવાળા બાલ મુમુક્ષુ નવનીતભાઈ, પિંડવાડાના બાલ મુમુક્ષ જયંતિભાઈ તથા માંડવીના યુવાન મુમુક્ષુ વછરાજજી માસ્તર પણ વિહારમાં સાથે જ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૨,અંક-૩૬,તા.૯-૯-૧૯૬૪

● **રાધનપુર :** અત્રે પૂ.પં.શ્રી માનવિજયજી મહારાજ તથા તપસ્વી પૂ.પં.શ્રી કાંતિવિજયજી મહારાજ સાહેબ આદિઠાણા ચૈ.વ. ૧૦ના પધારતાં ભવ્ય સામૈયું થયું હતું. અત્રે તપસ્વીની શ્રી સરસ્વતિબેનને ૪-૪ ઉપવાસથી નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સરસ્વતિબેને જીવનમાં ૧૬-૧૧-૧૦-૯-૮ ઉપવાસો, ચોમાસી તપ, સિદ્ધિતપ, શ્રેણિતપ-ચત્તારિ અઠ્ઠ-તપ, ૪ વખત સમવસરણ તપ-વીશસ્થાનકતપ-૧૩ કાઠિયા તપ, અનેક છઠ્ઠ-અઠ્ઠમો ૨૪ ભગવાનના ઉપવાસ, ૩૧ વર્ધમાન તપની ઓળી વગેરે તપોથી અને ૩૨ વર્ષથી લાગટ વર્ષીતપની



(લગભગ ઠામ ચોવિહાર) આરાધનાથી જીવનને ઉજમાળ કર્યું છે. વૈ.સુ. ૨ના તંબોળી શેરી તરફથી રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. રોજ પૂજ્ય પંન્યાસજી કાન્તિવિજયજી મહારાજના સમ્યક્ત્વ ઉપર વ્યાખ્યાન થતાં લોકોની ભારે ભીડ રહેતી. શ્રી સંઘે આવતા ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતી કરી હતી. વૈ.સુ. ૩ના સુખપૂર્વક પારણું થયું હતું. અને તપસ્વીબેન યાવજ્જીવ વર્ષીતપ ચાલુ રાખવાની ભાવના રાખે છે. ધન્ય એમના તપ અને ભાવનાને. સાંજના પૂ.પં.શ્રી મ.શ્રીનો વિહાર થયો છે.

## તિથિની આરાધનાદિ અંગે પિંડવાડામાં થયેલા પટ્ટકની સત્તાવાર જાહેરાત

**પિંડવાડા, વિ.સં. ૨૦૨૦ પોષ વદિ ૫, તા. ૪-૧-૧૯૬૪, શનિવાર**
**સમય : સાંજે ૪-૪૫ વાગે.**

તિથિદિન અને પર્વારાધન બાબતમાં શ્રી સંઘમાન્ય પંચાંગમાં બતાવેલી સર્વ પર્વાપર્વ તિથિઓની ક્ષય-વૃદ્ધિ યથાવત માન્ય રાખીને આપણે જે રીતિએ ઉદયમ્મિ તથા ક્ષયે પૂર્વાના નિયમ અનુસાર તિથિદિન અને આરાધનાદિન નક્કી કરીએ છીએ, તે શાસ્ત્રાનુસારી છે તેમજ શાસ્ત્રમાન્ય પ્રાચીન પરંપરાનુસારી છે. લવાદી ચર્ચામાં તેવા પ્રકારનો નિર્ણય પણ આવી જ ગયેલો છે. આમ છતાં પણ, અભિયોગાદિ કારણે, અપવાદપદે, પટ્ટકરૂપે આપણે નિર્ણય કરીએ છીએ કે-**ભવિષ્યમાં સકળ શ્રી શ્રમણસંઘ એકમતે આ બાબતનો શાસ્ત્રીય સર્વમાન્ય નિર્ણય કરી તેને અમલી બનાવે નહિ ત્યાં સુધીને માટે, શ્રી સંઘમાન્ય પંચાંગમાં જ્યારે જ્યારે પૂનમ-અમાસની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તેરસની ક્ષય-વૃદ્ધિ કરવી કે જેથી સકલ શ્રીસંઘમાં ચૌદસ, પૂનમ અને અમાસની આરાધનાની ક્રિયા એક દિવસે થાય.**

આ એક આપવાદિક આચરણા છે, માટે શ્રી સંઘમાન્ય પંચાંગમાં જ્યારે જ્યારે ભાદરવી સુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે ક્ષય-વૃદ્ધિ કાયમ રાખીને જ પંચાંગની ઉદયાત્ ભાદરવા સુદિ ચોથે શ્રી સંવત્સરી કરવાની છે, અને તે જ પ્રમાણે બાકીની બાર પર્વી માંહેની તિથિઓ તથા કલ્યાણક આદિની સર્વ તિથિઓ પણ પંચાંગમાં બતાવ્યા મુજબ માન્ય રાખીને જ આરાધના કરવાની છે. આ પટ્ટક મુજબ આપણે તથા આપણા આજ્ઞાવર્તી સર્વ સાધુ-સાધ્વી ઉપર જણાવ્યા મુજબનો શ્રીસંઘનો નિર્ણય થાય નહિ ત્યાં સુધી આ પ્રમાણે જ વર્તવાનું છે.

આ.વિજયભદ્રસૂરિ દ્ર.વિજયઓંકારસૂરિ પં.મેરુવિજય(સ્વ.) પં.સુંદરવિજય પં. ચરણવિજય

| | | | | |
|---|---|---|---|---|
| વિજય પ્રેમસૂરિ | વિજયરામચન્દ્રસૂરિ | વિજયજમ્બૂસૂરિ | વિજયભુવનસૂરિ | વિજયયશોદેવસૂરિ |
| | ઉ. ધર્મવિજય ગણિ | ઉ. ચારિત્રવિજય | પં. પુષ્પવિજય | પં. કૈવલ્યવિજય |
| | પં. ભક્તિવિજય | પં. માનવિજય | પં. કનકવિજય | પં. કાન્તિવિજય |
| | પં. ભદ્રંકરવિજય | પં. વર્ધમાનવિજય | પં. ચિદાનંદવિજય | પં. મલયવિજય |
| | પં. મૃગાંકવિજય | પં. સુદર્શનવિજય | પં. જયંતવિજય | પં. રેવતવિજય |
| | પં. હેમંતવિજય | પં. મુક્તિવિજય | પં. ત્રિલોચનવિજય | પં. હિમાંશુવિજય |
| | પં. ભાનુવિજય | પં. રવિવિજય | પં. માનતુંગવિજય | |
| વિજયલક્ષ્મણસૂરિ | વિજયભુવનતિલકસૂરિ | ઉ. જયંતવિજય | પં. નવીનવિજય | પં. પ્રવીણવિજય |
| | પં. વિક્રમવિજય | પં. પદ્મવિજય | પં. ભદ્રંકરવિજય | પં. કીર્તિવિજય |
| વિજયમનોહરસૂરિ(સ્વ.) | પં. ભદ્રંકરવિજય | પં. વિબુધવિજય | | |
| પં. દીપવિજય | (વિજય દેવેદ્રસૂરિ) | | | |

**આ પટ્ટકનો અમલ વિ.સં. ૨૦૨૦ના જેઠ સુદિ ૪, તા. ૧૩મી જુન સને ૧૯૬૪ને શનિવારથી થાય છે.**

• વિ.સં. ૧૯૯૨ થી ચાલુ થયેલ નૂતન પરંપરાના સમાધાન માટેના પૂજ્યશ્રીના પ્રયત્નો ચાલુ જ હતા. વિ.સં. ૨૦૨૦ માં પિંડવાડામાં તેનું આંશિક પરિણામ આવ્યું. તેઓશ્રી સકલ સંઘની એકતાના હિમાયતી હતા.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૩૮,તા.૨૦-૬-૧૯૬૪

• **પિંડવાડા :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનો અત્રે ચાતુર્માસ અર્થે જેઠ સુદ ૪ના સપરિવાર સુખરૂપ પ્રવેશ થયો છે. તિથિ-પટ્ટક જાહેર થઈ ગયા મુજબ આગામી જેઠ સુદ ૧૪ બુધવારના રોજે આરાધવાની નક્કી થઈ છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૩૯,તા.૨૭-૬-૧૯૬૪

## શ્રી જિનેન્દ્રાય નમઃ

### પટ્ટકના અમલની મુદતમાં વધારો

તિથિદિન અને પર્વારાધનદિન બાબતના પટ્ટકનો અમલ ચાલુ વર્ષના જેઠ સુદિ ૪ ને શનિવારથી જાહેર કરાયો છે, પરંતુ કેટલાક આંતરિક કારણોસર અમો જાહેર કરીએ છીએ કે સં. ૨૦૨૦ના ભાદરવા સુદિ ૫, તા. ૧૧મી સપ્ટેમ્બર સને



૧૯૬૪ને શુક્રવારથી મજકુર પટ્ટકનો અમલ કરવાનો છે. આ પટ્ટકનો અમલ શરૂ કરવાની મુદતમાં હવે પછી કોઈ પણ કારણસર વધારો કરી શકાશે નહિ.

સં. ૨૦૨૦ના જેઠ સુદિ ૧૨, તા. ૨૨-૬-૬૪

લિ. : **વિજયભદ્રસૂરિ** દ.: વિજયઓંકારસૂરિ, વિજય પ્રેમસૂરિ, વિજય રામચંદ્રસૂરિ, વિજય લક્ષ્મણસૂરિ, વિજય દેવેન્દ્રસૂરિ (પં. દિપવિજયજી, પં. વિબુધવિજય).

**પૂ. ગુરુદેવોની આજ્ઞાથી : પ્રકાશકો :** શાહ રમણલાલ વજેચંદ ખંભાતવાળા, ઠે. ઝવેરીવાડ, અમદાવાદ.

શાહ ચીમનલાલ નાથાલાલ (શ્રીકાન્ત) ઠે. ટંકશાળ, અમદાવાદ.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૪૦,તા.૪-૭-૧૯૬૪

• **પાલનપુર :** અત્રે શ્રી જગદ્‌ગુરુ જૈન મિત્રમંડળ તરફથી તા. ૨૧-૨૨ જૈન બોર્ડિંગમાં બનાસકાંઠા જિલ્લાની ધા. પાઠશાળાઓના શિક્ષકોનું એક સંમેલન યોજવામાં આવેલું. ૧૩ થી ૧૫ પાઠશાળાના શિક્ષકો, કાર્યવાહકો, મુંબઈથી મિત્રમંડળના કાર્યવાહકો અને ધાર્મિક શિક્ષણ પ્રેમીઓ મળી ૫૦ થી ૬૦ ભાઈઓ એકત્રિત થયેલ. ધાર્મિક શિક્ષણનો પ્રચાર, શિક્ષકો અને કાર્યવાહકો ફરજ, શિક્ષણ-પદ્ધતિ, અભ્યાસક્રમ પાઠશાળાઓનું એકીકરણ, વગેરે અંગે સારી વિચારણા બાદ શ્રી જ. ગુ. મિત્રમંડળ સંચાલિત શ્રી બનાસકાંઠા ધાર્મિક શિક્ષણ સંઘની સ્થાપના થઈ. એમાં દરેક પાઠશાળાએ સભ્ય ફી ભરી જોડાઈ જવા કાર્યવાહકો સંમત થયા. હવેથી દર વર્ષે દરેક પાઠશાળાઓનું નિરીક્ષણ, અભ્યાસાદિની તપાસણી વગેરે થશે. બ. ધા. શિક્ષણ, સંઘની ઓફિસ પાલનપુર જૈન બોર્ડિંગ ખાતે રહેશે અને એની કાર્યવાહી સંભાળવા માટે બોર્ડિંગના ગૃહપતિ ભાઈ શ્રી માનચંદભાઈની નિમણુંક કરવામાં આવેલ છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૨,અંક-૪૩,તા.૧૮-૪-૧૯૬૪

## શિબિર બાદ ઘરે ગયેલા વિદ્યાર્થીઓના આવેલા કેટલાક પત્રોમાંથીઃ

• **મુંબઈ :** મેં જે શિબિરમાંથી મેળવ્યું છે, હું જે કંઈ બની શક્યો છું અને

જે બનીશ એ શિબિરને આભારી છે... હું શિબિર પહેલાં જે હતો તેવો આજે નથી. શિબિરથી મારામાં અવર્ણનીય ક્રાન્તિ થઈ છે. શિબિર સાચે જ માનવને મહામાનવ બનાવે છે. હર્ષદભાઈ મળ્યા હતા. સમૂહ યોગ્ય પ્રવૃત્તિ કરવાની યોજના છે.

તા. ૨૮મીએ મિટિંગ બોલાવેલ છે. હવે તો હું સવારના કાર્યો કરવા માટે ઘણો ઉત્સુક બન્યો છું...

તા. ૨૮મીએ એકત્ર થયા હતા. વિદ્યાર્થીઓએ પોતાના પર તથા કુટુંબીઓ પર કઈ કઈ અસરો પડી તે જણાવી હતી. (૧) સમૂહસ્નાત્ર અને ચર્ચા (૨) સમૂહ સામાયિક (૩) સમૂહ ગુરુવંદન-પ્રવચન યોજવા પ્રયત્ન કરીશું.

● **વડોદરા :** અહીં આવ્યા પછી દરરોજ સામાયિક, પૂજા, નવકારવાળી વગેરે ચાલુ છે... શિબિરમાંથી આવ્યા પછી મારા સગાવહાલા અને માતાપિતા ખુશ થઈ ગયા હતા. અને ધર્મક્રિયા જોઈ આનંદ પામ્યા હતા.

● **કચ્છભુજ :** શિબિરના સોનેરી દિવસો ખૂબ યાદ આવે છે. આશા રાખું છું કે ગુરુદેવોના દર્શન ક્યારે થાય અને અમૃત જેવી વાણી વડે જ્ઞાનને પ્રાપ્ત કરવાની અને આવતી શિબિરમાં પણ આવવાની તક મળે.

● **નિપાણી (બેલગામ) :** 'આર.ટી.શાહ શિબિરના સંસ્કાર અને બાધાઓ જોઈને બહુ રાજી થયા છે... શિબિરના મેગેઝીનો મોટો 'જીવન ધારા' લેખ લખ્યો છે... જૈન તત્ત્વજ્ઞાનની ૫ વરસની પત્રદ્વારા શિક્ષણ આપવાની યોજનાનું શું થયું ? અમો આ શિક્ષણ માટે આશાથી જોઈ રહ્યા છીએ.

● **કચ્છ-ભુજ :** શિબિરમાંથી જ્ઞાનમૃત ભોજન લઈ. મોટામાં મોટા પાપને ત્યજવા જે પ્રેરણા કરી... જે વીર્યોલ્લાસ જાગ્યો... તે બધાં સોનેરી સંસ્મરણો બિલકુલ વિસરાઈ શકે નહિ... જે કાંઈ ડગ ભર્યા છે તે પંથે આગળને આગળ ત્વરિત પંથ કપાય એ જ અંતરેચ્છા છે... શિબિરમાં જ દિશા પલટો થઈ ગયો છે. ધ્યેય નક્કી થઈ ચુકેલ છે. વ્યવહાર પણ તે રીતે બદલાઈ ગયેલ છે. વિચારો પણ તેમાં જ તલ્લીન છે.

● **મુંબઈ :** હિતકારી ઔષધ ભલે કડવું હોય પણ ગટગટાવી જવાનો પ્રયત્ન કરીશ. શિબિરમાંથી આવ્યા પછી મુલુંડ ગયો હતો. ત્યાં દ્વિતીય શિબિરમાં ૧ લાખ ૫ હજાર સામાયિક બોલનાર ભાઈશ્રી સૂર્યકાન્તે સામાયિકો કરાવી, કરનારને પૂજાની ડબ્બી પેન વગેરેની પ્રભાવનાનો સમારંભ હતો. આપની કૃપાથી થોડું વક્તવ્ય કર્યું હતું. શિબિર વિષે ખોટા ખ્યાલ તોડવા પ્રયત્ન કર્યો, સારી અસર



થઈ. જૈનેતર મિત્રોને પણ સ્કૂલમાં 'અખિલ બ્રહ્માંડ' કાવ્ય ચાલે છે. 'એક જ બ્રહ્મ છે-બધામાં પ્રતિબિંબ પડે છે, આ માન્યતાને ચંદ્ર અને તળાવના દૃષ્ટાન્તથી ખોટી પાડી હતી. ગુજરાતી શિક્ષકે કહ્યું 'તું સાચો'...'જગતકર્તા ઈશ્વર છે' અહીં પણ પચ્ચીસેક દલીલો દ્વારા સરને નિરુત્તર કર્યા. એ હવે તમે માનવા લાગ્યા છે મને કહ્યું 'તારી વાત બરાબર છે.' **આ બધો શિબિરનો પ્રતાપ છે...**

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૨,અંક-૪૫,તા.૮-૮-૧૯૬૪

## સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મ.ના સમુદાયની ચાતુર્માસ યાદી ૨૦૨૦

| ક્રમ | નામ | ગામ |
|---|---|---|
| ૧. | આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. | પિંડવાડા (રાજ.) |
| | આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ., પૂ. મુનિરાજશ્રી મંગલવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી મેરુવિજયજી મ., પં. શ્રી મલયવિજયજી ગણી, પં. શ્રી ત્રિલોચનવિજયજી ગણી, પં. શ્રી ભાનુવિજયજી આદિઠાણા ૫૦ | |
| ૨. | આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. આદિ | માટુંગા |
| ૩. | આ. શ્રી વિજયજંબૂસૂરિજી મ. આદિ | અમદાવાદ |
| ૪. | આ. શ્રી વિજયભુવનસૂરિજી મ. આદિ | વીલેપારલા |
| ૫. | ઉપા. શ્રી ધર્મવિજય ગણી આદિ | લુણાવા |
| ૬. | પં. ભક્તિવિજયજી ગણી આદિ | પાલીતાણા |
| ૭. | પં. શ્રી માનવિ. ગણી, પં. શ્રી કાંતિવિ. ગણી આદિ | જૈનશાળા ખંભાત |
| ૮. | પં. શ્રી કનકવિજયજી ગણી આદિ | પાટણ |
| ૯. | પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણી આદિ | (દિગ્વિજય પ્લોટ) જામનગર |
| ૧૦. | પં. શ્રી ચિદાનંદવિજયજી ગણી આદિ | સુરત |
| ૧૧. | પં. શ્રી જયંતવિજયજી ગણી આદિ | રાધનપુર |
| ૧૨. | પં. શ્રી હિમાંશુવિજયજી ગણી આદિ | નડીયાદ |
| ૧૩. | પં. શ્રી હેમંતવિજયજી ગણી આદિ | ગઢસીવાના |
| ૧૪. | પં. શ્રી મુક્તિવિજયજી ગણી આદિ | મહેસાણા |
| ૧૫. | પં. શ્રી સુદર્શનવિજયજી ગણી આદિ | મલાડ |
| ૧૬. | પં. શ્રી મૃગાંકવિજયજી ગણી આદિ | લાલબાગ મુંબઈ |

| | |
|---|---|
| ૧૭. પં. શ્રી રવિવિજયજી ગણી આદિ | અમલનેર (ખાનદેશ) |
| ૧૮. પં. શ્રી માનતુંગવિજયજી ગણી આદિ | વાંકાનેર |
| ૧૯. પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મ. આદિ | નવાડીસા |
| ૨૦. પૂ. મુનિરાજશ્રી પદ્મપ્રભવિજયજી આદિ | શાહપુર, અમદાવાદ |
| ૨૧. પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી આદિ | ઊંઝા |
| ૨૨. પૂ. મુનિરાજશ્રી અશોકવિજયજી આદિ | ઘાણેરાવ |
| ૨૩. પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ. | માણસા |
| ૨૪. પૂ. મુનિરાજશ્રી ધનપાલવિજયજી મ. | સિદ્ધપુર |
| ૨૫. પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. | વાડાસિનોર |
| ૨૬. પૂ. મુનિરાજશ્રી રંગવિજયજી મ. | શાહપુર, (મહારાષ્ટ્ર) |
| ૨૭. પૂ. મુનિરાજશ્રી કૈલાસપ્રભવિ. મ., શ્રી જિનભદ્રવિ. મ. | રાજપુર |
| ૨૮. પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મ. | ગોરેગામ |
| ૨૯. પૂ. મુનિરાજશ્રી કપૂરવિજયજી મ. | દાદર |
| ૩૦. પૂ. મુનિરાજશ્રી રત્નાશૃંવિજયજી મ. | રાણીગામ |
| ૩૧. પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ. | ઉદેપુર (મેવાડ) |
| ૩૨. પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. | સોજતસીટી |
| ૩૩. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. | પાલી |
| ૩૪. પૂ. મુનિરાજશ્રી માણેકવિજયજી મ. | સાદડી |
| ૩૫. પૂ. મુનિરાજશ્રી મહાનંદવિ. મ., શ્રી યોગીન્દ્રવિ. મ. | દાદાઈ |
| ૩૬. પૂ. મુનિરાજશ્રી મણીપ્રભવિજયજી મ. | રોહીડા |
| ૩૭. પૂ. મુનિરાજશ્રી હર્ષવિજયજી મ. | દશાપોરવાડ સોસાયટી-અમદાવાદ |
| ૩૮. પૂ. મુનિરાજશ્રી મિત્રવિ. મ., શ્રી ચરણપ્રભવિ. મ. | જોધપુર |
| ૩૯. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. | (ઓસવાલ ઉપાશ્રય) ખંભાત |
| ૪૦. પૂ. મુનિરાજશ્રી જયવર્ધનવિજયજી મ. | (મહારાષ્ટ્રભુવન) પાલીતાણા |
| ૪૧. પૂ. મુનિરાજશ્રી જયભદ્રવિજયજી મ. | લીંચ |
| ૪૨. પૂ. મુનિરાજશ્રી પ્રભાકરવિજયજી મ. | સીનોર |
| ૪૩. પૂ. મુનિરાજશ્રી પ્રકાશવિજયજી મ. | સાણંદ |
| ૪૪. પૂ. મુનિરાજશ્રી ધર્મરત્નવિજયજી મ. | નવાગામ (હાલાર) |
| ૪૫. પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મ. | શાંતિભુવન, જામનગર |





• **પાલી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ચાતુર્માસથી જૈનસંઘ ઉપરાંત સ્થાનકવાસી તેરાપંથી પણ વ્યાખ્યાનનો સુંદર લાભ ઊઠાવી રહ્યા છે; એ કહે છે કે મંદિરમાર્ગિઓના સંત ઉમદા આવ્યા છે. દર રવિવારે જાહેર વ્યાખ્યાનમાં ૧૨૦૦ થી ૧૫૦૦ લગભગની હાજરી રહે છે. સ્થા. તેરાપંથીઓમાં પણ ચોમાસા છે, છતાં અહીં લોક સારો એવો લાભ લે છે. અષાઢ વદ ૮-૯-૧૦ દરેકના નવકાર મંત્ર ૧૨૫૦૦ જાપનું ભવ્ય સમૂહ-અનુષ્ઠાન ઉજવાયું. જેથી સ્થા. તેરાપંથી ત્રણેય દિવસ ખીરના એકાસણા કરાવાયા. સ્વ. કાનમલજીના ધર્મપત્નીએ દરેકને ૧-૧ રૂા. ની પ્રભાવના કરી. આરાધકો તરફથી ઉપાશ્રયમાં ભવ્ય નવકારપટ કરાવી રાખવાનું નક્કી થયું. મુનિશ્રીએ ગોવિંદગઢ કે જ્યાં નવ મૂર્તિપૂજક બન્યા છે એની તથા સાથીન ગામીન ચોમાસા બાદ પ્રતિષ્ઠા માટે આગ્રહભરી વિનંતીઓ થઈ રહી છે.

• **સોજત :** અત્રે ઘણા વર્ષે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજનું ચોમાસું સંઘે બહુ આગ્રહ પૂર્વક કરાવ્યું છે. મહારાજશ્રીના અધ્યાત્મરસ ઝરતાં વ્યાખ્યાનો જોરદાર ચાલી રહ્યા છે. સંઘમાં સુંદર ધર્મસ્ફુર્તિ આવી ગઈ છે. ચોમાસાના વિવિધ નિયમો પ્રારંભેજ ઘણા માણસોએ સ્વીકાર્યા.

• **ખંભાત :** પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.ના. વ્યાખ્યાન ઓસવાલ ઉપાશ્રયે ચાલી રહ્યા છે. લોકો સારો લાભ લઈ રહ્યા છે. પૂ.પંન્યાસજી મહારાજની પ્રેરણાથી પૂર્વે ચોમાસામાં ૪૦૦-૫૦૦ વર્ધમાન આંયબિલ તપના પાયા નંખાયેલા. છતાં આ વખતે પણ લગભગ ૧૨૫-૧૫૦ જણ પાયા નાખી રહેલ છે. એમાં ૧૨-૧૩ વર્ષના છોકરા છોકરીઓ પણ છે. બીજા ઓળીવાળા પણ તેટલા છે. રવિવાર તા.૨-૮-૬૪ શાસન પર આવતા બાહ્ય આભ્યન્તર ઉપદ્રવોના નિવારણ અર્થે સમૂહ આરાધના રાખેલી તેમાં લગભગ ૮૦૦ આંબેલ થયા દરેકને 'નમો જિણાણં જિઅ ભયાણં'નો જાપ હતો. ગામમાં આયંબિલનું વાતાવરણ જામી પડ્યું છે.

• **દાદાઈ :** તપસ્વી મુનિરાજશ્રી મહાનંદવિજયજી મ. ઠા. ૨ ચોમાસું છે. પૂ.મુ. શ્રી યોગીન્દ્રવિજયજી મહારાજના વ્યાખ્યાનથી નાના ગામમાં પણ ધર્મનો ઉલ્લાસ સુંદર જાગ્યો છે. ચોમાસી ચૌદશે મોટી સંખ્યામાં પોષધ હતા. લગભગ ૩૦ જેટલાં વર્ધમાન આયંબિલ તપ પાયા ચાલુ છે. શા. કેસરીમલજી ચુનીલાલજી

સારો લાભ લઈ રહ્યા છે.

• **રાણી :** અત્રે પૂ. મુનિરાજ શ્રી રત્નાંશુવિજયજી મહારાજના અસરકારક વ્યાખ્યાનોથી સંઘમાં ધર્મજાગૃતિ સારી આવી છે. પ્રતિક્રમણમાં પણ સારી હાજરી હોય છે. ૩૦-૩૫ જણાએ ૯ લાખ નવકારની બાધાઓ કરી. ૪ મહિનાના બ્રહ્મચર્યના નિયમ ઠીક ઠીક લેવાયા. ૩ જણે જીવનભરનું બ્રહ્મચર્ય ઉચ્ચર્યું. ૨૫ થી ૩૦ અઠ્ઠમ થયાં. મુનિ શ્રી નંદીવર્ધનવિજયજી મ. પણ વ્યાખ્યાનમાં સમરાદિત્ય સારું વાંચે છે.

"દિવ્ય-દર્શન" - **"અગ્રલેખ"** વર્ષ-૧૩,અંક-૧,તા.૧૨-૯-૧૯૬૪

## ૧૩મા વર્ષના મંગળ પ્રારંભે

'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્ર બાર વર્ષની ઉજ્જવળ મજલ પૂર્ણ કરી તેરમા વર્ષની યાત્રામાં પદાર્પણ કરે છે. વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માના અચિંત્ય પ્રભાવથી પત્રે વાંચકોમાં અંતરાત્મદૃષ્ટિ જગાડવામાં સફળતા મેળવી છે એવું વાંચકોના મળતા અભિપ્રાય પરથી સ્પષ્ટ જણાય છે.

ગત વર્ષમાં શ્રી પંચસૂત્ર ઉપરનાં પ્રવચન પ્રકાશિત કરવામાં આવ્યા હતા. એમાં ય ખાસ કરીને મોક્ષ માર્ગના સાધકે છોડવા યોગ્ય ભવાભિનંદીના દુર્ગુણો ક્ષુદ્રતા, લોભરતિ વગેરે પર તલસ્પર્શી વિચારણા આપવામાં આવી હતી.

નવા વર્ષમાં એ જ વિવરણ આગળ ધપે છે. એમાંય સાથે રુક્મિ રાજાના પતન અને ઉત્થાનની કથા ઉમેરાય છે. આપણા આગમમાંની આ કથા જીવનમાં અનેક રીતે આધ્યાત્મિક માર્ગદર્શન કરાવી જાય છે. એમાં વળી પ્રવચનકાર પંન્યાસજી મહારાજની છણાવટ અને પ્રસંગ વિશ્લેષણ એટલે શું બાકી રહે ? માનવ ભવમાં મળેલી દુર્લભ અને મહા કિંમતી તકો, એનાથી સાધ્ય નક્કર સંગીન સચોટ આત્મવિકાસ અને સર્જાતી ભાવી દીર્ઘકાળની ઉજ્જવળ કારકિર્દી; ત્યારે એની આડે ઊભી થતી લાલચો અને આત્મા એમાં લોભાઈ જવાથી નીપજતાં ખતરનાક પરિણામ, આ બધામાં રાખવો જોઈતો કર્તવ્યનો વિવેક... ઇત્યાદિનું રોચક નિવેદન વિવેચન અત્રે ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે. ચાલેલી આ કથા સાથેનો ઉપદેશ જીવનને નવી ધર્મસ્ફૂર્તિ આપી જાય છે.

આજે એક બાજુ જડવાદ-નાસ્તિકવાદનો જોરદાર પ્રચાર ચાલી રહ્યો છે, ત્યારે બીજી બાજુ એની સામે ધર્મવાદ-આસ્તિકવાદની હવા ચાલે છે ખરી, પરંતુ



આજના આત્મ-રોગોને ડામનારી જૈન ધર્મની અગત્યની બાબતો પર દુર્લક્ષ યા અરુચિ રાખીને જ્યાં ધાર્મિકજ્ઞાન પણ પ્રચારવાનું કરવામાં આવે છે, એ કેટલે અંશે સફળ થશે એ વિચારણીય છે.

આજના રોગોમાં પહેલો રોગ તો જડ પદાર્થો અને એનાં વિજ્ઞાન-કેળવણી વગેરેનાં આકર્ષણ-મૂલ્યાંકન છે. એના પર જ મોટા યંત્ર ઉદ્યોગવાળા, મોટા ધનાઢ્યો, મોટા ડિગ્રીધરો વગેરેથી લોકો અંજાઈ જાય છે, એમને મહાન તરીકે લેખે છે, પોતાના સંતાનને એવા બનાવવા ધખે છે... આ રોગ પ્રવર્તતો હોય ત્યાં આત્મલક્ષી જૈન ધર્મનાં હૃદયવેધી આકર્ષણ મૂલ્યાંકન શી રીતે જામી શકે ?

જડમાં આકર્ષણ-મૂલ્યાંકન પાછળ જડ વિષયોના ભોગ-રંગ-રાગનો રોગ પણ આજે ભારે પગભર દેખાય છે. ઇન્દ્રિયો અને મન એમાં જ ખૂંચેલા હોય, એના રસવાળા હોય, અને ઉપરાંત એ બદલ કાંઈ અજુગતું અનુચિત ન લાગતું હોય, પછી ત્યાગ પ્રધાન જૈન ધર્મ શી રીતે મીઠા લાગે ? કદાચ જૈન તત્ત્વોની લાંબી પહોળી મોટી વાતો પણ કરવામાં આવે છતાં એ બધી ગળા ઉપરથી જ થતી હોય, નાભિમાંથી ઊઠતી નહિ; કેમકે નાભિમાં તો રસ જડના ઝગમગાટ અને ભોગનો તરવરે છે.

શાસનપતિ શ્રી મહાવીર પરમાત્માએ અંતિમ ભવમાં પણ પ્રખર ત્યાગ, તપસ્યા, ઇન્દ્રિય સંયમ, કપાય નિગ્રહ, પરીસહ સહન, પરાર્થકરણ, વગેરેની જ્વલંત સાધના કરીને જ ઠેઠ વીતરાગ સર્વજ્ઞ બનવા સુધીનું આત્મોર્ધ્વીકરણ કર્યું અને જગતને પણ એજ કલ્યાણરાહ બતાવ્યો. તો એનાથી જ આત્માના રોગો ઘટતા આત્મોર્ધ્વીકરણ કર્યું અને જગતને પણ એજ કલ્યાણરાહ બતાવ્યો. તો એનાથી જ આત્માના રોગો ઘટતા આવી સ્વચ્છ આરોગ્યના માર્ગે પ્રગતિ થઈ શકે. સમાજના રોગ પણ વ્યક્તિના રોગ પર જ નિર્ભર રહે છે. માટે વ્યક્તિશઃ રોગ નિવારણ અર્થે ચોક્કસ પ્રયત્ન આદરવા જેવા છે.

આજની ભૌતિક કેળવણી અને આજના યુગનાં છાપા-રેડિયો-સાહિત્ય-સિનેમા તથા મુક્તવિહાર-સ્વેચ્છા રાહના સ્પષ્ટ દેખાતા ભયંકર અનિષ્ટો લક્ષમાં લઈ પ્રભુ મહાવીરદેવે સ્વજીવનમાં આચરેલ અને જગતને ઉપદેશેલ ઉપરોક્ત માર્ગને જ નિજના જીવનમાં જીવંત કરવા સાથે નવો પ્રજામાં પણ પ્રચારવાની અનિવાર્ય અગત્ય છે, માર્ગ-આચરણ વિનાની ધર્મની વાતો કરવી, ને કોરા જ્ઞાન ફેલાવામાં સાચું કે સંતોષ માનવો, એ રોગિષ્ઠો ભરી હોસ્પીટલમાં દવા પ્રયોગ વિનાના લેકચર- જેવું થશે.

**'દિવ્ય-દર્શન'** નવા વર્ષના રોગ નિવારણાર્થે સંગીન ફાળો આપશે, એવી ઉમેદ રાખી છીએ.

• • •

**• પિંડવાડા :** પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને છાતીના વાનો દુઃખાવો થયો છે, અને તેથી કર્મસાહિત્ય લખાણ વાંચી-તપાસી રહ્યા છે. પૂ. મુનિશ્રી ચંદનવિજયજી મ.ને માસખમણના પારણાં પછી તબીયત સારી છે, તેથી ફરી લાંબી તપસ્યા કરવાની ભાવના રાખે છે.

**• ઉદેપુર :** પૂ. આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મહારાજ અત્રે ચોમાસું પધાર્યાં છે. સંઘમાં ઘણો ઉલ્લાસ વધી ગયો છે. વ્યાખ્યાનમાં રોજ ચિક્કાર માણસ ભરાય છે. રવિવારે બહાર જાહેર વ્યાખ્યાન થાય છે. હવે વ્યાખ્યાન બહાર મોટી જગામાં રાખવું પડશે એમ લાગે છે. અઠ્ઠમની આરાધનામાં ૩૦૦ નામ તો નોંધાઈ ગયા છે. બીજા ૨૦૦ વધવા આશા છે. વ્રત નિયમ તપ વગેરે સારા થઈ રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૨,તા.૧૯-૯-૧૯૬૪

**• ગઢસિવાના :** અત્રે પૂ.પં.શ્રી હેમંતવિજયજી ગણિવરાદિ ઠાણા ૫ ચાતુર્માસ પધારતાં સંઘમાં અનેરો ઉત્સાહ આવ્યો છે. મુનિઓને યોગોદ્વહન તથા સંઘમાં પંચરંગીતપ, શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમ, અક્ષયનિધિતપ, પર્યુષણમાં ૧૦ ઉપવાસથી લઈ ૬ ઉપવાસ આદિ તપ, ૬૪ પોહરી પૌષધો આદિ સારી સંખ્યામાં થયા હતા.

**• શાહપુર** (મહારાષ્ટ્ર) : અત્રે પૂ. રંગવિજયજી મ. શ્રીની નિશ્રામાં પર્યુષણા-પર્વની આરાધના બહુ સુંદર રીતે થઈ છે. તેમાં ઉપવાસ ૩૩-૧, ૩૦-૧, ૧૮-૧, ૧૬-૬, ૧૫-૧, ૧૧-૩, ૮-૧૧, ૭-૪, ૬-૨, ૬-૮ તપો સારી સંખ્યામાં થયા છે. ભાદરવા સુદ ૫ના ભવ્ય વરઘોડો તથા સંઘભક્તિ કરવામાં આવી હતી.

**• ખંભાત :** અત્રે પૂ.પં.શ્રી માનવિજયજી ગણિવર, તથા પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવર તથા પૂ.મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. આદિ ચાતુર્માસ પધારતા સંઘમાં અનેરો ભાવોલ્લાસ વૃદ્ધિ પામ્યો છે. ઓસવાળ ઉપાશ્રયે વ્યાખ્યાનો થતા સૌએ સારો લાભ લીધો. વર્ધમાન તપની પ્રેરણા થતાં ઘણા નવા ભાઈ-બહેનો, નાના બાળકો જોડાયા હતા. પર્યુષણપર્વમાં તપસ્યાઓ વિપુલ પ્રમાણમાં થઈ હતી.



યુવકવર્ગમાં ધર્મરંગ અનેરો વૃદ્ધિ પામ્યો છે. અત્રે પૂ. મુનિરાજશ્રી **રત્નાકરવિજયજી** મહારાજ ઘણા વખતથી બિમાર હતા. એઓશ્રીની સંઘે તથા મુનિગણે સારી વૈયાવચ્ચ કરી હતી. પૂ. પંન્યાસજી મ. ઘણી જ કાળજી સાથે અપૂર્વસમાધિબળ, પ્રેરણા આપતા તેઓશ્રીનો આત્મા ઘણો જ જાગ્રત રહેતો, સમભાવે સહતા સહતા અપૂર્વ નિર્યામણા સાથે ભાદરવા સુદ ૮ મે કાળધર્મ પામ્યા છે. સ્વર્ગસ્થનો આત્મા દીર્ઘચારિત્રી સારા સંયમી, શાંત, ગંભીરાદિ અનેક ગુણોથી અલંકૃત હતા. જ્યોતિષના સારા અનુભવી હતા. એમના જવાથી સમુદાયને એક ઉત્તમ મુનિરત્નની ખોટ પડી છે.

**• રાણીગામ :** અત્રે ઘણા વર્ષે પૂ. મુનિરાજશ્રી રત્નાશુંવિજયજી મ. નું ચાતુર્માસ થતાં સંઘમાં અનેરો ઉલ્લાસ આવ્યો છે. ધર્મ આરાધનામાં તથા વ્યાખ્યાનાદિમાં સૌએ સારો લાભ લેતા અનેક વ્રત નિયમો, વર્ધમાનતપ, તથા પર્યુષણમાં ૩૦-૧, ૧૫-૪, ૧૧-૬, ૧૦-૧, ૯-૫, ૮-૩૦, ૭-૧ છઠ્ઠ અઠ્ઠમાદિ સારા તપો થયા છે.

**• દાદાઈ :** અત્રે પૂ. મુનિરાજશ્રી મહાનંદવિજયજી આદિની નિશ્રામાં સંઘમાં ધર્મભાવના સારી પ્રવર્તી રહી છે. પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજીના વ્યાખ્યાનથી લોકોમાં તપસ્યા, પૌષધ, પ્રતિક્રમણ વગેરે ૩૦ ઘરના ગામના પ્રમાણમાં ઘણું સારું ચાલુ છે. પર્યુષણામાં ૪ ચોસઠ પહોરી ૧૫ ઉપવાસ એક, તથા છઠ્ઠ-અઠ્ઠમાદિ સારા પ્રમાણમાં થયા. પારણાનું ઘી ૧૧૫૧ મણ થયું. ભાદરવા સુદ ૫ થી ૧૩ સુધી નવકારશીઓ જુદી જુદી વ્યક્તિઓ તરફથી નક્કી થઈ. દેવદ્રવ્યની રકમ પૂર્વે સાધારણમાં લગાડેલી તે ભરપાઈ કરવા રૂા. ૮૫૦૦ની ટીપ થઈ.

**• ઉદેપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ.ના ત્યાગમય જીવન અને વૈરાગ્યભર્યા ઉપદેશથી અપૂર્વ ધર્મ પ્રભાવનાના શિખર પર પર્યુષણાની અદ્ભુત આરાધનાનો કળશ ચઢ્યો. ૬૪ પહોરી પૌષધ-૫૦, અઠ્ઠાઈ-૭૫, સિદ્ધિતપ-૨, સોળ-૨, દસ-૧, નવ-૧, અઠ્ઠમાદિ ઘણી તપસ્યાઓ થઈ. રોજ વ્યાખ્યાનમાં ૩ થી ૪ હજાર માણસો આવતા. સ્થાનકવાસીઓ પણ ઠીક ઠીક લાભ લેતા. સુદ-૧ થી ૫ થી ૬ હજાર માણસો થતાં. પૂ. મુનિશ્રીના ૫૫મી ઓળીના પારણા પ્રસંગે બે લાખ લગભગ સામાયિકની બોલીઓ થઈ. એ નિમિત્તે એક ભાઈ તરફથી સુદ ૮ થી અઠ્ઠાઈ મહોત્સવ છે. અત્રેથી ૨૦ માઈલ દૂર એક ગામમાં વીરસંવત ૧૩૦૦ની આસપાસના ૩ ભવ્ય પ્રતિમાજી નીકળ્યા છે. ત્યાં સ્થાનકવાસીના ૫-૭ ઘર છે. તેઓએ પૂજ્યશ્રી પાસે આવી પૂજા-દર્શનાદિનો નિયમ લીધો તથા મંદિર બનાવવા ટીપ થઈ રૂા. ૫ થી ૬ હજાર ભરાયા છે.

● **પિંડવાડા :** અત્રે બાજુ બાજુમાં સંઘોની આગ્રહભરી વિનંતીથી ચોમાસી પ્રતિક્રમણ કરેલા હિસાબે પર્યુષણા કરાવવા પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાએ કૃપા કરી **નાંદિયા**માં પૂ.પં.શ્રી મલયવિજયજી ગણિવરાદિને, **ઝાડોલી**માં પૂ.મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ. આદિને, **સ્વરૂપગંજ**માં પૂ. મુનિરાજશ્રી પુંડરીકવિજયજી મ. આદિને, **વાસા**માં પૂ. મુનિરાજશ્રી મહાબળ-વિજયજી આદિ તથા **રોહિડા**માં ઠેઠ ચોમાસીથી પૂ.તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભ-વિજયજી આદિ મુનિઓને મોકલતાં તેઓશ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના બહુ સુંદર રીતે થઈ છે. અઠ્ઠાઈ આદિ અનેક તપશ્ચર્યા, સ્વામીવાત્સલ્ય, વરઘોડો આદિ ધર્મ કાર્યો સુંદર થયા છે. **પેશ્વામાં** વિદ્યાર્થીઓની પાઠશાળા ભાદરવા સુદ ૫ થી શરૂ કરવામાં આવી છે. દરેક મહિનાના પગાર જુદી જુદી વ્યક્તિ તરફથી આપવાના નક્કી થયા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૩,તા.૨૬-૯-૧૯૬૪

● **પિંડવાડા :** પૂ. સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની તબીયત ઠીક ચાલે છે. પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. ને ટાઈફોડ, તાવ ઉતરી ગયો છે, હવે શક્તિ આવતી જાય છે. પર્યુષણમાં વાર્ષિક ૧૧ કર્તવ્યનું વર્ણન થતાં સઘ સમસ્તને આ કર્તવ્યનું પાલન થાય એ માટે ટીપ થઈ. એમાં ભાઈશ્રી સમરથમલજી આંબલીવાળાએ રૂા. ૮૦૦ ઉમેરી સંઘપૂજામાં વિશેષ લહાવો લીધો. સુદ ૧૧ બામણવાડાજી તીર્થયાત્રા આખા સંઘે ભારે ઉલ્લાસથી કરી. ચૈત્યપરિપાટીના બે સુંદર વરઘોડા નીકળ્યા. સુદ ૫ સ્વામીવાત્સલ્ય થયું. ભાઈશ્રી **તારાચંદજી ભભૂતમલજીએ** ગંભીર બિમારીમાં સુદ ૭ સ્વામીવાત્સલ્ય સંઘ પાસે માગી લીધેલું. એમાં પોતાની સ્થિતિ સુદ ૭ સવારે આખરી જેવી લાગતા પૂ. આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મ. પાસે **સંથારા દીક્ષા ઉચ્ચરી.** ૩ કલાક પછી કાળધર્મ પામ્યા એમને 'જે જે નંદા' કરતાં સ્મશાને લઈ જવામાં આવ્યા. કુટુંબે રોવા કુટવાનું ન કર્યું.

● **અમદાવાદ :** અત્રે કાળુશીની પોળે પૂ.પં.શ્રી કેવળવિજયજી મ. તથા પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મહારાજે પર્યુષણા આરાધના સારી કરાવી. ભવ્ય દેરાસરમાં રોજ આંગીઓ, વ્યાખ્યાનમાં પ્રભાવનાઓ, ઉછામણીઓ વગેરે સુંદર થયું. તપસ્યા પોષધ વગેરે પણ સારું થયું.



● **ભુજ :** પૂ. મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજની નિશ્રામાં અત્રે અભૂતપૂર્વ આરાધનાઓ થઈ રહી છે. પર્યુષણમાં ૧૧૪ અઠ્ઠાઈઓ ઉપરાંત બીજી અનેક તપસ્યાઓ, ૬૪ પહોરી પૌષધ, અદ્‌ભુત વ્યાખ્યાનો વગેરે સુંદર થયું.

● **ઘાણેરાવ :** અત્રે આચાર્ય ગુરુદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી પૂજ્ય શ્રી અશોકવિજયજી ઠાણા ૨ સંઘના અતિ આગ્રહથી અત્રે ચોમાસામાં પધારેલ છે. એમની નિશ્રામાં ગામમાં ઉપાશ્રયમાં રોજ વ્યાખ્યાનમાં ભરચક હાજરી પ્રતિક્રમણમાં પણ સારી સંખ્યા તથા નવ દિવસના એકાસણા સાથે નવકારના તપ વગેરે ધર્મ પ્રભાવના બહુ સુંદર થઈ. પર્યુષણની છેલા ૧૦-૧૫ વર્ષમાં નહીં થયેલી એવી ભારે ઉલ્લાસ ઉત્સાહભરી આરાધના થઈ. એણે શિખર ૫૨ કળશ ચઢાવ્યો. ભાઈશ્રી જવાનમલજી મહેતાએ અજોડ ૬૧ ઉપવાસ પૌષધ સહિત તપસ્યા સુખ શાંતિથી પૂર્ણ કરી. અઠાઈ ૨૯ તથા ૬-૫-૩ વગેરે તપસ્યાઓ ઘણી થઈ લગભગ ૮ વર્ષ બાદ આ વખતે સમસ્ત સંઘનો સ્વામીવાત્સલ્ય ભાઈશ્રી જસરાજજી અનોપચંદજી તરફથી થયેલ અને ગઈ સાલ ગામનો વરઘોડો બંધ થયેલ એ વરઘોડો આ વખતે ઘણો ભવ્ય નીકળેલ અને એમાં ખાસ કરી ભગવાનની પાલખી ઉત્સાહી યુવકોએ ઉપાડી હતી. ઉપાશ્રયે લગભગ ૧૯૦૦ મણની ઉપજ થઈ. ઉપરાંત ઉપાશ્રયના જિણોદ્ધાર માટે રૂા. ૨૦,૦૦૦ ફંડમાં ભરાયા. હજુ ટીપ ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૪,તા.૩-૧૦-૧૯૬૦

## મુંબઈ શ્રી સમેતશિખર તીર્થરક્ષાની જ્વલંત કાર્યવાહી

**(એક ખબરપત્રી તરફથી)**

મુંબઈના શ્રી ચતુર્વિધ શ્રી સંઘ દ્વારા સ્થપાયેલી શ્રી સમેતશિખર તીર્થરક્ષા સમિતિએ તા. ૧૦-૮-૬૪ થી પોતાનું કામ આરંભ્યું અને જરૂરી સાહિત્ય બહાર પાડી હિંદભરમાં તેનું વિતરણ કરતાં સારાયે જૈન સમાજમાં એક પ્રકારની ચેતના પ્રગટી નીકળી, સ્થળે સ્થળે સભાઓ ભરાવા લાગી, ઠરાવો થવા લાગ્યા અને તારોના દોરડાં રાત્રિ-દિવસ ઝણઝણતાજ રહ્યાં. દિલ્હીમાં શ્રી લાલબહાદુર શાસ્ત્રી, શ્રી નંદાજી તથા શ્રી એ.કે.સેન ઉપર તથા બિહારના મુખ્યમંત્રી શ્રી કૃષ્ણવલ્લભ સહાય ઉપર તારોની વર્ષા ચાલુ જ રહી.

કાર્યાલયનો સર્વભાર સમિતિના મંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ તથા શ્રી શાંતિલાલ સોમચંદ ચોક્સીએ ઉપાડ્યો અને નિયમિત ખંતભર્યું કામ કરીને તેના

સર્વ અંગોમાં પ્રાણ પૂરી દીધો. રોજ સેંકડો પત્ર લખાવા માંડ્યા અને આતુરતાભરી થઈ રહેલી પૂછપરછનો વ્યવસ્થિત જવાબ અપાવા લાગ્યો.

એવામાં દિલ્હી ખાતે ઓલ ઈંડીયા કોંગ્રેસ કમિટીની સભા મળી. સમિતિના ઉત્સાહી સભ્યો શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફની આગેવાની નીચે ત્યાં પહોંચ્યા અને અનેક આગેવાનોને મળી સમેતશિખરજી અંગેની સાચી પરિસ્થિતિથી તેમને વાકેફ કર્યાં. તેઓ ગૃહમંત્રી શ્રી નંદાજીને મળ્યા, રેલ્વેમંત્રી શ્રી એસ.કે.પાટીલને મળ્યા, બિહારના મુખ્યમંત્રી શ્રી કૃષ્ણવલ્લભ સહાય તથા શિક્ષણ મંત્રી શ્રી સત્યનારાયણસિંહાને મળ્યા. વિશેષમાં શ્રી કે.કે.શાહ. શ્રી રામસહાય પાંડે, શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી બાબુભાઈ ચીનાઈનો પણ સંપર્ક સાધ્યો. ધીમે ધીમે રાજદ્વારી તખ્તો ગોઠવાઈ ગયો અને શ્રી કે.કે.શાહના નિવાસસ્થાને મંત્રણા ગોઠવાઈ. તેમાં ભાગ લેવા માટે પટણાથી રેવન્યુ મંત્રી શ્રી એસ.કે.ચક્રવર્તી અને નાયબ રેવન્યુમંત્રી શ્રી જગન્નાથપ્રસાદ વિમાન મારફત આવી પહોંચ્યા.

ઘણા વિચારોની આપલે થયા પછી શ્રી કે.કે.શાહની દરમ્યાનગીરીથી સમાધાનની વાત ચાલી, પરંતુ સમેતશિખરના માલિકી અને કબજાથી ઓછું કંઈ પણ શ્રી સમેતશિખર તીર્થ રક્ષા સમિતિને ખપતું ન હતું. છેવટે એનો રસ્તો પણ નીકળ્યો અને ત્રણ યોજનાઓ તૈયાર થઈ. આ યોજનાઓના લખાણ પર બંને પક્ષના આગેવાનોએ સહી કરી, જેથી આગળ પર મંત્રણામાં કોઈ ગેરસમજુતી રહે નહિ. થોડા દિવસ બાદ પુનઃમંત્રણા કરવાનું નક્કી કરી સહુ છૂટા પડ્યા.

ઠરાવો, તારો, વગેરેનો મારો એક સરખો ચાલુ હતો અને મંત્રણાદ્વારા જો આ પ્રશ્નની પતાવટ ન થાય તો સત્યાગ્રહ કરીને જેલો ભરી દેવાની વાત પણ ઉચ્ચરાઈ હતી. એટલે બિહાર સરકાર આ પ્રશ્ન પર સહાનુભૂતિભર્યો વિચાર કરવા તૈયાર થઈ અને તા. ૧૪-૯-૬૪ થી ૧૭-૯-૬૪ સુધીમાં શેઠ આણંદજી કલ્યાણજી તથા મુંબઈની શ્રી સમેતશિખર તીર્થરક્ષા સમિતિના સભ્યોને તે માટે આવી જવાનું આમંત્રણ આપ્યું.

તા. ૧૨-૯-૬૪ ના રોજ શેઠ શ્રી માણેકલાલ ચુનીલાલની અધ્યક્ષતામાં શ્રી સમેતશિખર તીર્થરક્ષા સમિતિની સભા મળી, તે વખતે બધાનો જુસ્સો અનેરો હતો. સહુની એક જ તમન્ના હતી કે કોઈપણ ભોગે શ્રી સમેતશિખરજીના પહાડનો માલિકી કબજો પાછો મેળવવો જ જોઈએ.

મંત્રીગણ વતી શ્રી ધીરજલાલ શાહે પ્રતિકાર પ્રવૃત્તિનું પરિણામ જણાવ્યું. અત્યાર સુધીમાં ૯૦૦ ઉપરાંત સભાઓ થઈ. ૩૬૦૦ ઉપરાંત તારો ગયા, ૧૦૦૦૦ જેટલાં આયંબિલો થયા, હજારો કાર્ડ લખાયા ને મુંબઈમાંથી ૧૪૦૦૦ સહીઓ તથા



બહારગામની આશરે ૧૧૦૦૦ સહીઓ મળી કુલ ૨૫૦૦૦ વિરોધની સહીઓ થઈ. અનેક સ્થળેથી સમેતશિખર તીર્થરક્ષા સમિતિઓ સ્થપાઈ અને તે મુંબઈની મુખ્યસમિતિનો આદેશ ઝીલી લેવા માટે પોતાની તત્પરતા બતાવતી રહી.

જૈન સમાજને નાની-મોટી લડત લડવાનો પ્રસંગ આવ્યો છે. પણ આટલો વ્યાપક જુસ્સો ક્યારે પણ જોવામાં આવ્યો ન હતો. પૂ. આચાર્યો તથા મુનિવરોના આ પ્રવૃત્તિને આશીર્વાદ હતા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ પણ તેને ઉચિત પ્રવૃતિ તરીકે સ્વીકાર કર્યો હતો.

તા. ૧૨ મીની સભામાં શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફે દિલ્હીમાં ચર્ચાયેલી ત્રણ યોજનાની વિગત સમજાવી અને પટણા પ્રતિનિધિ મંડળ મોકલવાનો પ્રસ્તાવ રજૂ કર્યો સહુએ તેમને સંમતિ આપી. પણ તે સાથે એટલું પણ જણાવી દીધું કે જરાએ નમતું જોખશો નહિ. જરૂર પડ્યે સત્યાગ્રહ કરવા હજારો સ્વયંસેવકની ભરતી કરવા અમે તૈયાર છીએ. તે વખતે પટણા માટે નીચેના પ્રતિનિધિઓની નિમણુંક કરવામાં આવી.

૧. શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ
૨. શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશી
૩. શેઠ શ્રી રતિલાલ મણિલાલ નાણાવટી
૪. શેઠ શ્રી મોતીલાલ વીરચંદ શાહ
૫. શેઠ શ્રી જયંતિલાલ રતનચંદ શાહ
૬. શેઠ શ્રી મુક્તિલાલ વીરવાડીયા
૭. શેઠ શ્રી પન્નાલાલ બી. વોરા
૮. શેઠ શ્રી શાંતિલાલ સોમચંદ ચોક્સી (શ્રી ભાણાભાઈ)

બીજો પણ કેટલોક ઔપચારિક વિધિ થયો અને સભા બરખાસ્ત થઈ. પ્રતિનિધિ મંડળનાં કેટલાક સભ્યો દિલ્હી થઈને તો કેટલાક સભ્યો સીધા તા, ૧૫ મી પહેલાં પટણા પહોંચી ગયા. શ્રી રામસહાય પાંડે તથા શ્રી કે.કે.શાહે પણ ત્યાં હાજરી આપી અને પૂરા સમાધાનકારક વલણમાં તા. ૧૫ મી તથા ૧૬ મીએ ચર્ચાઓ આગળ વધી. આ પરિષદમાં ભાગ લેવા માટે અમદાવાદથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી વતી શ્રી ચંદ્રકાંત ગાંધી, શ્રી આત્મારામ ભોગીલાલ સુતરિયા તથા પેઢીના મેનેજર શ્રી શિવલાલભાઈ પણ આવી પહોચ્યા હતા.

આ સમાચાર લખાઈ રહ્યા છે, ત્યાં સુધી પટણાના નિશ્ચિત સમાચાર પ્રાપ્ત થયા નથી, પણ તે જૈન સમાજને આનંદ ઉપજાવે એવા હશે, એમાં કાંઈ શંકા નથી.

કાર્યાલય પોતાની નિયમિત ગતિએ કામ કરી રહ્યું છે અને જે પરિસ્થિતિ

ઉત્પન્ન થાય તેનો જવાબ વાળવા તૈયાર છે.

સમિતિ તરફથી સમેતશિખરજી અંગે દસ્તાવેજી પુરાવા સાથેની એક પુસ્તિકા તા. ૧૪-૯-૬૪ ના રોજ પ્રકટ કરવામાં આવી છે. તારીખ ૨૧-૯-૬૪

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૫,તા.૧૦-૧૦-૧૯૬૪

## પટ્ટક સ્વીકાર્યાનું નિવેદન

પિંડવાડામાં તિથિ બાબત ઘડાયેલા પટ્ટકમાં અમોએ **માર્ગ રક્ષાના હેતુથી જ** અત્યાર સુધી સહી કરી નહોતી પરંતુ પટ્ટક જાહેર થયા પછીથી જે વાતાવરણ પેદા થવા પામ્યું છે તે જોતાં પૂ. પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન-વાચસ્પતિ, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજની હાર્દિક ઇચ્છાને લક્ષ્યમાં રાખીને માર્ગ **રક્ષાના હેતુથી જ અમોએ મજકુર પટ્ટકનો સ્વીકાર કર્યો છે.**

• લિ. પૂ. **આચાર્ય વિજયઅમૃતસૂરિજી** મહારાજ, મુનિ જિનેન્દ્રવિજય.

વિ.સં. ૨૦૨૦ના શ્રાવણ વદ ૧૩ તા. ૪-૯-૬૪ શુક્રવાર, સંવેગી ઉપાશ્રય, વઢવાણ શહેર.

• દા. **આચાર્ય વિજયશાન્તિચન્દ્રસૂરિ** સહી દ. પોતે

સં. ૨૦૨૦ના શ્રાવણ વદ ૧૪ શનિવાર, બોરસદ.

પં. કંચનવિજય ગણી પં. ભુવનવિજય ગણી. પં. સોહનવિજય ગણી

પં. સુજ્ઞાનવિજય ગણી. પં. રંજનવિજય ગણી.

ઠે. ઝવેરીવાડ, અમદાવાદ. ઠે. ટંકશાળ, અમદાવાદ.

પૂ. ગુરુદેવોની આજ્ઞાથી પ્રકાશકો : **શાહ રમણલાલ વજેચંદ ખંભાતવાળા, શાહ ચીમનલાલ નાથાલાલ (શ્રીકાન્ત).**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૭,તા.૩૧-૧૦-૧૯૬૪

• **પિંડવાડા** : પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને પેટમાં ગેસની તકલીફ ઉપડેલી. મુંબઈથી સેવાભાવી ડૉ. હરિભાઈએ આવીને તપાસ્યુ અને પ્રોસ્ટેટ ગ્લેન્ડ વધ્યાનું કહ્યું. બીજા પણ ડૉક્ટરો એ જ કહે છે. વૈદ્યોનું પણ એ જ કહેવું છે, આજે અમદાવાદથી ગીરધરનગરવાળા



શ્રી હીરાભાઈ તથા હોમીયોપેથીક ડૉ. શાંતિભાઈ આવેલા. એમણે પણ એજ કહ્યું, કિન્તુ, એમનું તથા વૈદ્યોનું કહેવું છે કે ઓપરેશનની બીલકુલ જરૂર નથી અને સારું થઈ જશે. પૂજ્યશ્રીને હાલમાં તકલીફ ઓછી થઈ છે થોડી સ્ફૂર્તિ પણ આવી છે. પરંતુ અશક્તિ છે. અત્રે તેઓશ્રીના વરદ હસ્તે આસો વદ ૪નાં રોજે પાંચ નૂતન મુનિઓની વડી દીક્ષા થઈ અને નામ આ પ્રમાણે જાહેર થયા. (૧) પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજીનાં શિષ્ય મુનિશ્રી વીરરત્નવિજયજી (૨) પૂ. આચાર્યદેવશ્રીની શિષ્ય મુનિશ્રી અશ્વસેનવિજયજી (૩) પૂ. મુનિશ્રી જયઘોષવિજયજીના શિષ્ય મુનિશ્રી પુષ્પચંદ્રવિજયજી (૪) પૂ. મુનિશ્રી નયરત્નવિજયજીના શિષ્ય મુનિશ્રી જયરત્ન વિજયજી (૫) પૂ. મુનિશ્રી જીતેન્દ્રવિજયજીના શિષ્ય મુનિશ્રી ગુણવર્ધનવિજયજી.

અત્રે ભાઈશ્રી ખૂબચંદજીના માતુશ્રી નંદીબેનની ૫૦૦ આયંબિલાદી તપશ્ચર્યા નિમિત્તે સુંદર ઉદ્યાપન મહોત્સવ તથા નવપદજી ઓળી કરાવવામાં આવી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૮,તા.૭-૧૧-૧૯૬૪

• **પિંડવાડા** : સિદ્ધાંત મહોદધિ પૂ. આ. **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સા.**ની તબીયતમાં હવે સુધારો છે. મુંબઈથી શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી તથા ડૉ. મુકુંદ પરીખ આવેલા. એમણે પૂજ્યશ્રીને બરાબર તપાસીને કહ્યું કે પ્રોસ્ટેટ ગ્લેન્ડનું ઓપરેશન થઈ શકે એમ છે. બીજી દવાઓ લખી આપી તેથી રાહત રહેશે. હાલ વૈદ્યના ઉપચાર ચાલે છે તેથી ઠીક છે. અમદાવાદથી શેઠશ્રી રમણલાલ વજેચંદ ડૉ. ઝલૂનવાળાને લઈને આવનાર હતા પરંતુ અત્રે તબીયત ઠીક હોવાથી નિષેધ કરાતા રમણભાઈ તથા ચતુરભાઈ સુખશાતા પૂછવા આવ્યા હતા, અને તબીયત ઠીક જોઈ સંતોષ થયો હતો. જરૂર પડ્યે ડૉ. વૈદ્યની સગવડ સારી મળે તેથી પૂજ્ય આચાર્યદેવશ્રીને અમદાવાદ લઈ જવાની ઇચ્છા હતી, અમદાવાદ જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ શ્રી બબાશેઠ વગેરે જ્ઞાનમંદિર પધારવા ખૂબ આગ્રહભરી વિનંતી કરી ગયા, અને અત્રેથી કારતક વદ ૨ ના અમદાવાદ તરફ વિહાર કરવાનું નક્કી થયું છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૧૦,તા.૨૮-૧૧-૧૯૬૪

• **ઉદયપુર** : સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી અત્રે ચાતુર્માસાર્થે બિરાજમાન અખંડ ત્યાગના ઉપદેશક પૂ.

મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી તથા પૂ. મુ. શ્રી વારિષેણવિજયજી મહારાજની નિશ્રામાં આસો સુ. ૧૦ થી ઉપધાન તપની સુંદર આરાધના ચાલી રહી છે. આરાધકો ૧૫૩ ની સંખ્યામાં છે.

● **પિંડવાડા :** અત્રે ડીસાના સંઘ તરફથી શ્રી મફતભાઈ વગેરે ડીસા જિનમંદિર ઉપરના ભાગમાં માગસર સુદ ૧૦ પ્રભુજીના પ્રતિષ્ઠા અંગે પધારવા વિનંતી કરવા આવેલ. તે સાથે વેડંચાવાળા વૈદરાજ પ્રેમચંદભાઈ કે જેમની ટ્રીટમેન્ટ પૂજ્યશ્રીના દરદ પર ચાલી રહી છે, એમને પણ લઈ આવેલ. વૈદરાજે પૂજ્યશ્રીની તબીયત જોઈ ૫૦ ટકા સુધારો કહ્યો અને વિહારમાં વાંધો ન હોવાનું કહ્યું, તેથી ડીસા જવાનું નક્કી થયું છે. અત્રેથી કા. વ. ૧૧ના વિહાર છે. પાલણપુર પાસે સરોતરા ગામના સંઘના આગ્રહથી ત્યાં જિનમંદિરમાં પ્રતિષ્ઠા પર પધારવા પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂ. આ. વિજય યશોદેવસૂરિજી મહારાજ કા. વ. ૬ વિહાર કરશે. એઓશ્રીને દેવાસમા જિનમંદિરની પ્રતિષ્ઠા પર પધારવા દેવાસવાળા આગેવાન શ્રી નંદલાલભાઈ તથા શ્રી ચીમનલાલ કડિયાનો અત્યંત આગ્રહ હોઈ વિહારમાં જો શારીરિક અનુકૂળતા હશે તો દેવાસ પધારવા વકી છે.

● **ખંભાત :** અત્રે ઓસવાલ સંઘના ઉપાશ્રયે પૂ. સિ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાથી ચાતુર્માસ રહેલ પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજની દેશનાથી પ્રભાવિત થઈ શ્રી સંઘે ઉપધાન કરાવવાનું નક્કી કર્યું. પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન શરૂ છે. ૧૭૫ આરાધકોમાં ૧૨૫ માળ છે. ૧૪ થી ૧૬ વર્ષની વયના ૧૦-૧૨ છોકરાઓ પણ ઉપધાન વહી રહ્યા છે. બાકી યુવાનો ઘણા છે. યુવાનોમાં ધર્મજાગૃતિ સારી આવી છે. વદ ૧૧થી માળારોપણ મહોત્સવ અને માગશર સુદ ૫ માળ છે.

● **અમદાવાદ :** શ્રી યંગમેન્સ જૈન સોસાયટીની કાર્યવાહક સમિતિની મિટિંગ તા. ૧૪-૧૧-૬૪ને શનિવારે રાત્રે આઠ વાગે શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆના મકાને રીલીફરોડ શેખના પાડે મળી હતી. આ મિટિંગમાં સંસ્થાના માનદ્ મંત્રી શ્રી અમૃતલાલ જેસીંગભાઈના દુઃખદ અવસાન બદલ દિલગીરી દર્શાવતો નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો.

**ઠરાવ**

"આપણી સંસ્થાના માનદ્ સેક્રેટરી શ્રી અમૃતલાલ જેસીંગભાઈના ૨૦૨૧ના કાર્તિક સુદ ૮ તા. ૧૨-૧૧-૬૪ના રોજ મુંબઈ મુકામે થયેલા દુઃખદ અવસાનની આ સભા સખેદ નોંધ લે છે. સ્વ. અમૃતલાલભાઈએ ૨૨ વર્ષ સુધી સેક્રેટરી તરીકે સંસ્થાને કિંમતી સેવા આપી છે. સ્વ. ના જવાથી સંસ્થાને એક ઉમદા કાર્યકર્તાની ન પુરાય એવી ખોટ પડી છે અને તેઓના કુટુંબ ઉપર આવી પડેલા દુઃખમાં સમવેદના દર્શાવવા સાથે આ સભા સ્વ. શ્રી અમૃતલાલભાઈના આત્માની ચિર શાંતિ ઇચ્છે છે."



"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૧૨,તા.૧૨-૧૨-૧૯૬૪

● **ડીસા :** ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. **આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**નો વિશાળ પરિવાર સાથે માગશર સુદ ૫મે સંઘના ભવ્ય સ્વાગતપૂર્વક પ્રવેશ થયો. વિહારમાં સંઘોને સારો લાભ આપ્યો. અત્રે પ્રતિષ્ઠા મહોત્સવ ચાલુ છે. પૂજ્યશ્રીના પધારવાથી સંઘના હૈયાં ધર્મભાવનાથી વિશેષ પુલકિત બન્યાં. પ્રતિષ્ઠા ઉત્સવ સુંદર દીપાવવા સંઘે સુદ ૮-૯-૧૦ બજારમાં પાખી પાળવાનો નિર્ણય લીધો. વિહારમાં પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય આમ ઠીક રહ્યું; પણ શારીરિક શક્તિ હવે પહેલાં જેવી નહિ; તેથી મુનિઓ ટૂકડીબદ્ધ સ્ટ્રેચરમાં પૂજ્યશ્રીને સૂતા સૂતા લઈ ચાલતા. અત્રે વૈદની દેખરેખ નીચે ઉપચાર અર્થે થોડી સ્થિરતા થવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૧૩,તા.૧૯-૧૨-૧૯૬૪

● **ડીસા :** અત્રે સિદ્ધાન્તમહોદધિ પૂજ્યપાદ **આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પવિત્ર** સાનિધ્યમાં માગશર સુદ ૧૦ દેરાસરજીના ઉપરના ભાગમાં શ્રી નેમિનાથ ભગવાનની પ્રતિષ્ઠા થઈ. સાથે ઉપર અને નીચે બીજા પણ જિનબિંબો પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. સંઘનો ઉત્સાહ ભારે હતો. નોમ તથા દશમ બે દિવસ નવકારશી હતી. નોમના દિવસે રથયાત્રાનો તથા મુમુક્ષ સાંકળચંદજી મારવાડ-માંડવલાવાળાનો દીક્ષા વર્ષીદાનનો ભવ્ય વરઘોડો ચઢ્યો. અમદાવાદથી જીયા બેન્ડ, નવસારીથી ગવૈયા નટવરલાલ, પાટણથી ગવૈયા મનહરલાલ આવેલ. પૂજા-ભાવના તથા અષ્ટોત્તરી સ્નાત્રમાં રંગ આવ્યો. ક્રિયાકારક શ્રી કાંતિલાલ સ્વચંદના ચોકખા અને સ્ફુર્તિવાળા ક્રિયાવિધિપાલનથી બધું સમયસર અને ઉલ્લાસભેર સચવાતું. પ્રતિષ્ઠા બાદ તરત મુમુક્ષુ ભાઈશ્રી સાંકળચંદજીની દીક્ષાવિધિ વિશાળ રાજમાર્ગ-પરના મંડપમાં હજારો માનવીની મેદની વચ્ચે થઈ. એમનું નામ મુનિશ્રી વિશ્વરત્ન-વિજયજી રાખી મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ. ના શિષ્ય તરીકે જાહેર કરવામાં

આવ્યાં. એમના કુટુંબીઓ તરફથી દીક્ષાનાં ઉપકરણોની ઊછામણી સારી બોલવામાં આવી.

**● શંખેશ્વરજી :** અત્રે પાલનપુર પાસે માલણથી ભાઈશ્રી અમૃતલાલ ૪૦૦-૫૦૦ માણસોનો સંઘ લઈને આવ્યા. પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે તીર્થમાળારોપણ થયું. અમૃતલાલભાઈની ઉદારતાથી ઉજવણી ભવ્ય થઈ. શાંતિસ્નાત્ર પણ ભણાવવામાં આવ્યું. આ પ્રસંગે ભાઈશ્રી ફુલચંદભાઈની પૂ. આચાર્ય મહારાજના વરદહસ્તે દીક્ષા પણ ઠાઠથી ઉજવાઈ; અને એમને પૂ.પં.શ્રી વર્ધમાનવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી ભુવનકીર્તિવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

**● લીંચ :** અત્રેના વતની શ્રી અમૃતકુમાર કે જેઓ કેટલાક વખતથી પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજના સત્સંગમાં સારા વૈરાગી બનેલા તેમને માગશર સુદ ૫ના શુભ મુહૂર્તે સંઘના ઉલ્લાસ વચ્ચે દીક્ષા આપવામાં આવી; અને પૂ.પં.શ્રીના શિષ્ય પૂ. મુનિરાજશ્રી વિચક્ષણવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી અમરચંદ્રવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

**● ખંભાત :** પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મહારાજની નિશ્રામાં ચાલેલ ઉપધાનતપનો માળારોહણ ઉત્સવ અભૂતપૂર્વ ઉજવાયો. શ્રી શાન્તિલાલ ઉજમશી શ્રોફ તથા શ્રી કાન્તિલાલ ઉજમશી શ્રોફ અને ઓસવાલ સંઘના આગેવાન તરફથી પહેલી ત્રણ માળા લેવાઈ. માળની ઉપજની તરત જ વહેંચણી વ્યવસ્થા કરી નાખવાનો સમય યોગ્ય નિર્ણય લેવાયો હતો. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.ના ચાતુર્માસ અને વ્યાખ્યાનોથી ઓસવાલ સંઘમાં નવીન ધર્મજાગૃતિ આવી.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૧૬,તા.૯-૧-૧૯૬૫

**● ડીસા :** ગચ્છાધિપતિ પૂ. સિદ્ધાન્તમહોદધિ **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને અત્રે પ્રતિષ્ઠા બાદ ઋતુ ફરવાને કારણે તાવ-કફ-શરદીનો હુમલો થયેલ. તે શાંત થઈ તબીયત રાહ પર છે. અશક્તિ રહે છે. વૈદ્યનો દવાનો પ્રયોગ ચાલે છે. અત્રે અને જૂના ડીસામાં થઈ પંદરેક દિવસની સ્થિરતાનો સંભવ છે. રાધનપુર પધારવા ત્યાંના આગેવાનો ખાસ આગ્રહભરી વિનંતી કરી ગયા. પાટણ મંડપ સંઘ તરફથી મંત્રી વગેરેએ આવી આગામી ચોમાસુ કરવા ભારે આગ્રહ કર્યો. હાલ તો જો અમદાવાદ તરફ જવાનું થાય તો પાટણ



થઈને જવાનું માન્ય કરાયું છે.

**● ઉદયપુર :** પૂ.મુનિરાજશ્રી જિનપ્રભવિ.મ.ની નિશ્રામાં ઉપધાન તપ આસો સુદ ૧૦થી થયેલ. ૧૫૫ ભાઈ-બહેનોએ પ્રવેશ કરેલ. તેનો માળારોપણ મહોત્સવ કારતક વદ ૯થી ભવ્યરીતે ઉજવાયેલ. ફાલનાથી મંડળી આવેલ. માગશર સુદ ૧ના માળારોપણનો વરઘોડો સુંદર નીકળ્યો હતો જેમાં બે હાથી ૩ બેન્ડ તેમજ હજારો માણસોની હાજરી હતી. સુદ ૨ના માળારોપણની વિધિ થયેલ. જેમાં ૧લી માળાની બોલી ૨૧૫૧ મણ ઘી થયેલ. બધી મળીને ૯૭ માળાની બોલી ૨૧ હજાર આસપાસ થયેલ. માળારોપણ તથા વરઘોડામાં સ્થા. તથા તેરાપંથી ભાઈઓએ સારો લાભ લીધેલ. રાત્રિની ભાવનામાં સારો ઠાઠ જમાવ્યો હતો. સાયરાવાળા ભંવરલાલજીએ ૧૦ હજાર રૂપિયાની આયંબિલ ખાતામાં ભેટ કરેલ. જેના વ્યાજમાં ચૈત્રી આસો ઓળી કરાવવાનું નક્કી કરેલ. એજ દિવસે નાણ મંડાવેલ જેમાં ૪૧ ભાઈ-બહેનોએ ચોથુ વ્રત ઉચ્ચરેલ છે. તેમજ બીજા વ્રતો નિયમો ઘણા માણસોએ અંગીકાર કરેલ છે. મહારાજ સાહેબના ચાતુર્માસથી અત્રેના સંઘમાં ધર્મજાગૃતિ સારી થયેલી છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૧૭,તા.૧૬-૧-૧૯૬૫

**● સમોઉ :** (તા.વિજાપુર) અત્રે શ્રી નગીનદાસભાઈ ભાઈચંદભાઈના શ્રેયાર્થે તેમના સુપુત્રો શ્રી વાડીભાઈ તથા રમણભાઈ તરફથી અટ્ઠાઈ મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાયો. પૂ.મુ.શ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ પધાર્યા હતા. જૈનેતર લોકોએ પણ લાભ સારો લીધો.

**● દેવાસ :** શ્રી દેવાસ (માલવામાં) બંધાયેલ નૂતન ભવ્ય જિનાલયમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી આદિ ૧૯ ભવ્ય શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા આગામી મહા સુદ ૧૩ રવિવાર તા. ૧૪-૨-૬૫ના રોજ કરાવવાનો શ્રી સંઘે નિર્ણય કર્યો છે. સિદ્ધાન્ત મહોદધિ પૂ.પા.આ. દેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની આજ્ઞાથી પૂ.પા.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મ.શ્રી આદિ મુનિ પુંગવો ઉગ્ર વિહાર કરી ત્યાં પધારશે. તેઓશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ થશે.

**● ડીસા :** ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજની** તબીયત સાધારણ ઠીક છે. અત્રે પૂ. મુનિરાજશ્રી ચંદનવિજયજી મહારાજે ૩૧ ઉપવાસની ઉગ્ર તપસ્યા ચાલે છે. એનું પારણું પોષ

સુદ ૧૧ના દિવસે આવે છે. પારણું થયા બાદ પૂ. આચાર્યદેવશ્રી અત્રેથી વિહાર કરી સુદ ૧૪ના જુના ડીસા પધારવા વકી છે ત્યાં ૪-૫ દિવસ સ્થિરતા સંભવે છે પછી પાટણ તરફ પધારવા સંભવ છે, ઉક્ત તપસ્યા નિમિત્તે ડીસા સંઘ તરફથી પચંકલ્યાણી ઉત્સવ ચાલે છે.

પૂ.પં.શ્રી કનકવિજયજી મહારાજ તથા પૂ.પં.શ્રી જયંતવિજયજી મહારાજ પૂ. આચાર્યદેવશ્રીની સેવામાં અત્રે પધાર્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૧૯,તા.૩૦-૧-૧૯૬૫

• **ડીસા** : ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. અત્રે એઓશ્રીને ચાતુર્માસ કરવા શ્રી સંઘે ઘણો જ આગ્રહ કર્યો, પણ અનેક વિચારણાઓને લીધે હાલ ચોમાસું નક્કી થાય એમ હતું જ નહિ. છતાં ૩-૩ વાર સંઘ એકત્રિત થયો તેથી એ વસ્તુ સમજી શકનાર એક શ્રાવકે રસ્તો કઢાવ્યો કે બીજું કોઈપણ કારણ ન હોય તો પહેલો ચાન્સ ડીસાને આપવો; પરંતુ એ કારણનો તોલ પૂજ્યશ્રી પોતે જ બાંધે. અત્રે પોષવદ ૧૦ એક ભાઈની દીક્ષા છે. એ નિમિત્તે ઉત્સવ ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૨૦,તા.૬-૨-૧૯૬૫

• **ડીસા** : સિદ્ધાન્ત મહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને સેવાભાવી વેડંચાવાળા વૈદ્યના કાળજીભર્યા પ્રયોગથી હવે શક્તિ આવતી જાય છે. અત્રેથી પ્રાયઃ મહા સુદ ૩ જુના ડીસા સંઘની વારંવાર વિનંતી હોવાથી પધારશે અને પ્રાય સુદ ૧૩ સુધી સ્થિરતા કરવા સંભવ છે. પૂજ્યશ્રી હવે દેરાસર ચાલીને જાય છે. પૂજ્ય મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજને ઘણી અશક્તિ હોવા છતાં વર્ધમાન આંબેલ તપની ૯૬મી ઓળી ચાલુ છે. મહા સુદ ૬ પૂર્ણ થશે. બીજા મુનિઓને આંબેલ, ઓળીઓ અટ્ઠમને પારણે અટ્ઠમ વગેરે તપસ્યા ચાલુ છે. પોષ વદ ૧૦ અત્રેના વતની ભાઈશ્રી મગનલાલ અને એમના ધર્મપત્નીએ ગત માગશર સુદ ૧૦ના રોજે સંઘ વચ્ચે પોતાના ચિ. નવનીતકુમારને વહોરાવેલો. તેની ધામધૂમથી દીક્ષા કરાવી નામ મુનિશ્રી નયસેનવિજયજી રાખી એમના સંસારી મામા મુનિશ્રી અશ્વસેનવિજયજીના શિષ્ય તરીકે જાહેર કરાયા. દીક્ષાની આગલી



રાત્રે સંઘે માનપત્ર મેળાવડો કર્યો, તથા દીક્ષા દિવસે સાધર્મિક વાત્સલ્ય કર્યું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૨૧,તા.૧૩-૨-૧૯૬૫

## શ્રી સમ્મેતશિખરજી અંગે આનંદજનક સમાચાર

પટણાથી સમાચાર મળે છે કે ઘણા વખતથી જેની ભાંજગડ ચાલતી હતી તે શ્રી સમ્મેતશિખરજી અંગે બિહાર સરકાર અને આપણી વચ્ચેના દસ્તાવેજ ઉપર સરકારની સહીઓ થઈ ગઈ છે; અને બધું બરાબર બની આવ્યું છે. સરકાર તરફથી અનેક વાંધા કાઢવામાં આવતા હતા પણ શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ તથા શ્રી શાન્તિલાલ (ભાણાભાઈ) સોમચંદના ભગીરથ પ્રયત્નો પછી આ સુખદ પરિણામ આવ્યું છે. બંનેને અભિનંદન.

• **કોલ્હાપુર** : અત્રે શાહપુરીમાં શેઠ શ્રી ડાહ્યાલાલ ભાઈચંદ શાહે રૂા. ૧૫૫૫ પાઠશાળા ખાતે ભેટ કરવાની મહાન ઉદારતા કરી, તેથી શ્રી લક્ષ્મીબાઈ જૈન પાઠશાળા નામકરણનો તથા દાતારના બહુમાનનો બેલગામવાળા શેઠ શ્રી ચતુરદાસ નગીનદાસના અધ્યક્ષસ્થાને નિપાણીના શેઠ શ્રી સખારામ નેમચંદના હસ્તક નામોદ્ઘોષણા સાથે સુંદર મેળાવડો ઉજવાયો. પૂ. પં. નવીનવિજયજી મ. આદિ ખાસ આગ્રહથી આ પ્રસંગે અત્રે પધાર્યા હતા. ઉત્સાહી ધાર્મિક શિક્ષક શ્રી સુરેન્દ્રલાલના માર્ગદર્શન નીચે વિદ્યાર્થીઓના સંવાદ વગેરે સારું થયું. પાઠશાળાના કાર્યકર્તા શેઠ શ્રી દલીચંદભાઈનું પણ સંઘે બહુમાન કર્યું. આ પ્રસંગે સંઘમાંથી બીજી પણ રકમો નોંધાતાં રૂા. ૩૦ હજાર જેટલું ફંડ થયું.

• **જૂના ડીસા**-અત્રે નજીકમાં નેસડા ગામે પ્રતિષ્ઠા પ્રસંગે સંઘના ખૂબ આગ્રહથી પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને વિશાળ પરિવાર સાથે પધારવાનું નક્કી થયું છે. અત્રેથી સુદ ૯/૧૦ વિહાર થશે. ત્યાંથી ૧૪ પછી પાટણ તરફ વિહાર છે. પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સામાન્ય ઠીક ચાલે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૨૨,તા.૨૧-૨-૧૯૬૫

**સુધારો અને વિશેષ : ખંભાતના :** ઓસવાલ સંઘના ઉપધાનના સમાચારમાં પૂર્વે પહેલી માળ શેઠ શ્રી શાન્તિલાલ ઉજમશી તરફતી લેવાયાનું છપાયેલ, પરંતુ તેના બદલે તે સ્વ. શેઠ શ્રી શાન્તિલાલ મણિલાલ શ્રોફ તરફથી એમના સુપુત્રી

મૃદુલાબેનના ઉપધાન નિમિત્તે ભાઈશ્રી અશ્વીનકુમારે લીધેલી એમ સમજવું.

સ્વ.પં. શ્રી પદ્મવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. મૂળ ખંભાત ઓસવાલ જ્ઞાતિના તે એમણે ઓસવાલ સંઘના ઉપાશ્રયે બે ચાતુર્માસ કરી જ્ઞાતિનો સારો ઉદ્ધાર કર્યો. જ્ઞાતિ સાથે બીજા અનેક ખંભાતવાસીઓમાં ધર્મ પ્રભાવના સુંદર કરવાના પ્રતાપે ૧૭૩ જણના ઉપધાનમાં વિશેષ બાળ-યુવાન વર્ગ જોડાયેલો. એમાં વળી ત્યાં ચોમાસું રહેલ તપસ્વીરત્ન પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવર્યની નિશ્રા મળી એટલે ધર્મ રંગની રેલમછેલ ચાલી. ચોમાસામાં વર્ધમાન આંબેલ તપના પાયા પૂર્વે એમણે ૪૦૦-૫૦૦ જેવા નંખાવેલા તોય આ વખતે સંખ્યાબંધ નવા પાયા નખાયા. ઉપધાનમાળાનો ઉત્સવ ઓસવાલ ઉપાશ્રયે અદ્ભુત ઉજવાયો. સાથે નગરશેઠ શ્રી ચંદુલાલ બાપુલાલની સુપુત્રી કુમારી સૂર્યાબેન તથા શ્રી ચંદુલાલ કેશવલાલના સુપુત્રી કુમારી સરોજબેનનો ભવ્ય-દીક્ષા મહોત્સવ પણ ઉજવાયો. ઉપાશ્રયમાં શાન્તિનાથ દરબાર તેમજ બીજી રચનાઓ પણ સુંદર થયેલી. શનિ-રવિ અમદાવાદના પ્રસિદ્ધ જૈનધર્મ આરાધક મંડળે આવી પૂજા-ભાવનાની ખૂબ રમઝટ જમાવી. ઉપાશ્રયમાં દેવલોક ખડો થયા જેવું દૃશ્ય હતું. માળારોપણ અને દીક્ષા વર્ષીદાનનો વરઘોડો અનુપમ નીકળેલો. પ્રભુજીના બે રથમાંથી એક રથ તો ભાઈઓ ખેંચી રહ્યા હતા. ખંભાતની શેરીએ શેરીએ આ વરઘોડો ફરતાં લોકોના મુખમાંથી ઉદ્ગારો સરી પડતા કે આવો વરઘોડો અહીં પહેલી જ વાર જોવા મળ્યો ! બહેનોનું વર્ષીદાન ભારે ઉલ્લાસભર્યું. આ બે બહેનો ઉપરાંત ત્રીજા દીક્ષાર્થી સૂર્યાબેનને દીક્ષા-અભિનંદન આપવાનો મેળાવડો શેઠ શાન્તિલાલ (ભાણાભાઈ) સોમચંદના પ્રમુખપદે ઉજવાયો. સંઘની વિનંતીથી પધારેલ પૂ.આ.શ્રી વિજય શાંતિચંદ્રસૂરીશ્વરજી મ. ના વરદહસ્તે માળારોપણ તથા દીક્ષા થઈ. સૂર્યાબેન સાધ્વીજી શ્રી સૂર્યયશાશ્રીજી અને સરોજિનીબેન સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજી (જેઓ પૂ.મુ.શ્રી હેમચંદ્ર વિ.મ.ના સંસારીબેન થાય તેમના) શિષ્યા બન્યા. માળારોપણ પણ સુંદર ઉજવાયેલું.

● **નેસડા :** શ્રી ભીલડિયાજી પાસેના આ નાના ગામમાં પણ સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વજી મહારાજ સાહેબના પૂ.આ.શ્રી વિજય જંબુસૂરિજી મહારાજ આદિ વિશાલ પરિવાર સાથે પાવન પગલાં થવાથી પ્રતિષ્ઠા મહોત્સવ અદ્ભુત ઉજવાયો. દેરાસર મૂળ ત્રણ શિખરનું, પણ ભગવંત એક મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુજી જ હતા, તેથી કેટલાકો વિચાર કરતા હતા કે બે ધજાદંડ ઉતારી દઈએ. એમાં પોસ સુદ ૧૫ પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. ત્યાં દર્શનાર્થે પધારેલા અને બીજા બે ભગવાન લાવવાનો તથા નવકાર મહિમાનો ઉપદેશ આપ્યો તેમજ વ્યાખ્યાન વખતે શ્રાવકોએ પણ રોજની ૫-૫ બાંધી નવકારવાળી વગેરે ગણી ૯ લાખ નવકાર ગણવાની પ્રતિજ્ઞાઓ લીધી. ત્યાંના શ્રાવક કહેતા હતા કે અમે રાતના નવકારવાળી ગણી પંચમાં બેઠા અને બે પ્રભુજી લાવી એમની પ્રતિષ્ઠા તથા મૂળનાયક ભગવાનની બેઠક બરાબર નહિ હોઈ ઉત્થાપન કરી ફરી પ્રતિષ્ઠા ઉજવવાનું નક્કી કર્યું. પ્રતિષ્ઠા ખર્ચનો ફાળો સારો નક્કી થયો. નવ દિવસની સવાર-સાંજની નવકારશીઓ નોંધાઈ. એમાં છેલ્લા પ્રતિષ્ઠા દિવસ મહા સુદ ૧૩-૧૪ બે વારની નવકારશી અને ગામ કાંટો (આખા ગામને જમણ) ભાઈશ્રી પોપટલાલ અમરચંદ તરફથી, સુદ ૧૧ એમના ભાઈઓ શ્રી જેચંદ તથા ઈશ્વરલાલ તરફથી એમ બીજા પણ ભાઈઓ તરફથી યાવત્ નવ દિવસની નવકારશીઓ નક્કી થઈ ગઈ. બહારથી બે પ્રભુજીને લાવવામાં આવ્યાં. પ્રતિષ્ઠા અર્થે તપસ્વી પૂ. મુનિરાજશ્રી રાજવિજયજી મ. ને અગાઉથી મોકલેલા. મહોત્સવ શરૂ થયો. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી સહપરિવાર સુદ ૧૧ પધાર્યા. ગામનો ઉત્સાહ અમાપ હતો. સુદ ૧૨ જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. તે જૈનેતરોના આગ્રહથી આખા ગામને પ્રદક્ષિણા દઈ ફર્યો. વિધિકારક ભાઈશ્રી કાન્તિલાલ સવચંદ શ્રી રમણલાલ કેશવલાલ વગેરેના સુંદર વિધિવિધાનપૂર્વક સુદ ૧૩ પ્રતિષ્ઠા થઈ. મૂળનાયક પ્રભુજીને ભાઈશ્રી પોપટલાલ જેચંદે બંને બાજુમાં મુનિસુવ્રતસ્વામી તથા શ્રી શાન્તિનાથ પ્રભુને ભાઈશ્રી પીતાંબરદાસ કાળીદાસ અને ઈશ્વરલાલે પધરાવ્યા. શ્રી ચંદુલાલ નાનચંદે ધ્વજાદંડ ચડાવ્યો અને શાન્તિસ્નાત્ર બાદ શાન્તિકલશ કર્યો. અમૃતલાલ બાલુભાઈએ બીજે દિવસે દ્વારોદ્ઘાટનનો લાભ લીધો. ગામના પ્રમાણમાં અપૂર્વ સદ્વ્યય થયો. પૂ. આચાર્યદેવાદિ વિહાર કરી જૂના ડીસા પધાર્યા છે, અને પાટણ મહા વદ ૧૩ લગભગ પધારવા વકી છે. વિહાર બાદ ત્યાં પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય અનુકૂળ હશે તો આગળના વિહારની દિશા ત્યાં નક્કી થવા સંભવ છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૩,અંક-૨૪,તા.૧૩-૩-૧૯૬૫**

● **પાટણ :** સિદ્ધાન્તમહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબે અત્રેની મંડપ કમિટીના અતિ આગ્રહથી અત્રે પધારવા જૂના ડીસાથી પોતાના પટ્ટધર આ.શ્રી વિજયજંબુસૂરિજી મહારાજ આદિ વિશાળ પરિવાર સાથે મહા વદ ૮ વિહાર કર્યો. જુના ડીસાના સંઘે પૂજ્યશ્રીની કૃપાથી નવું ધર્મ

ચૈતન્ય અનુભવ્યું. પૂજ્યશ્રીને વિનંતી કરી કરી વધુ વધુ રોકતાં અંતે પૂજ્યશ્રીનો વિહાર થતાં દુઃખ અનુભવ્યું. વિશાળ મેદની વળાવવા લાંબે સુધી ગઈ.

ત્યાંથી પૂ. આચાર્યદેવશ્રી **આસેડા** પધાર્યા. અત્રે સુંદર જિનાલયમાં ચમત્કારિક આદીશ્વર ભગવાનનું નાજુક બિંબ છે. પ્રભુજીની દૃષ્ટિ મળતી નહિ હોવાથી ફરીથી પ્રતિષ્ઠા માટે અનેક મુનિરાજોએ સૂચવેલું, પણ વર્ષોથી બે પાર્ટી વચ્ચે ટીપમાં પહેલું નામ લખવા અંગે મતભેદ ચાલતો હોઈ કોકડું ઉકલતું નહોતું. પૂ. આચાર્યદેવશ્રી પધારતાં એઓશ્રીની હાજરીમાં સમાધાન માટે એમ સૂચવવામાં આવ્યું કે પહેલું નામ એનું લખાય જે વધુ ઉછામણી બોલે. એ પસંદ ન પડતાં બીજો ઉપાય એ દર્શાવાયો કે જે વધુમાં વધુ રકમ નોંધાવે એનું નામ પહેલું લખાય. એ પણ ધ્યાન ન થતાં અંતે એ સૂચવાયું કે કોઈ એક યા બે ધણી પૂજા-નવકારશીના ખર્ચ સિવાયનો પ્રતિષ્ઠાનો આખો ખર્ચ આપે, તો પછી ટીપ કરવાની જરૂર નહિ રહે. એ યોજના મંજુર થતાં બે આસામીએ ખર્ચ આપવા કબૂલ કર્યું. પછી જુદા જુદા ભાઈઓ તરફથી પૂજાઓ શાંતિસ્નાત્ર અને નવ દિવસની નવકારશીઓ નોંધાઈ ગઈ. આ રીતે વર્ષોનો ઝગડો સારો ઉકેલાયો.

આસેડાથી વિહાર કરી પૂજ્ય આચાર્યદેવશ્રીને ક્રમશઃ **દસાવાડા** પધારવાનું થયું. અત્રે જૈનોની વસ્તી નથી પરંતુ જૈનેતર માસ્ટર જોરાસિંહ દેસાઈ કે જેઓ આબુ ધાર્મિક શિબિરમાં રહી શિક્ષણ લઈ ગયેલા, એમના અથાગ પ્રયત્નથી ગામની મોટી પ્રજા રજપૂતો ને દેસાઈઓ ઉપરાંત ઠાકરો વગેરે જીવદયામાં સારા જોડાયા છે. એ બધાનો આગ્રહ હોઈ પૂજ્યશ્રી અત્રે પધાર્યા. આ નિમિત્તે માસ્ટરે બહાર ગામોથી ભાવિકોને આમંત્રેલા, તથા મેત્રાણાથી વાસણો-ગાદલા પણ મંગાવેલા. સામૈયામાં ભજન મંડળી અને રાસ રમનારાઓએ ગુરુભક્તિની ભારે રમઝટ મચાવી. લોકો નાચતા હતા. મુસલમાન પણ આ મહાન વિભૂતિરૂપ પૂજ્યશ્રીને આવકારતા હતા. વ્યાખ્યાન પણ સારી જિજ્ઞાસાથી સાંભળ્યું. જૈનધર્મના રંગાયેલા માસ્ટર જોરાભાઈની આ અને આસપાસની ભદ્રક પ્રજામાં હજી પણ અહિંસા ખૂબ વિકસાવી ભારે ક્રાન્તિ લાવવાની ભાવના છે.

દસાવાડાથી બીજે દિવસે વિહાર કરી-કલ્યાણ પાર્શ્વનાથના પ્રાચીન અદ્ભુત પ્રતિમાજીનાં દર્શન કરી સંઘનો અતિ આગ્રહ છતાં પાટણ જાહેર વ્યાખ્યાન વગેરેની જાહેરાત નક્કી થઈ હોવાથી મહા વદ ૧૧ના બોર્ડિંગમાં પધાર્યા. વિદ્યાર્થીઓ વગેરેએ ખૂબ ઉલ્લાસમાં સ્વાગત અને શિક્ષણની સાર્થકતા પર વ્યાખ્યાન શ્રવણ કર્યું. વદ ૧૨ સવારે અતિ અદ્ભુત સ્વાગત સાથે નગર પ્રવેશ થયો. પાટણ શહેરને ઠામ ઠામ ધજા-તોરણોથી શણગારી દીધું હતું. દોશીવટમાં તો કીનખાબ



વગેરેની સાડીઓ, પડદા, કમાનો, આદિથી લાંબો મંડપ ખડો કરવામાં આવેલો. જાણે દેવતાઈ મંડપ જોઈ લો. મુનિઓ ખભે સ્ટ્રેચર પર પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીને ઊંચકીને ચાલતા; તેથી નગર માર્ગો પર સામૈયાની ભીડા-ભીડમાં પણ સૌ કોઈ આ મહાત્યાગી-સંયમી પ્રભાવક પુણ્ય પુરુષનાં દર્શન કરી ગદ્ગદ બની જતા, પાટણના મુખ્ય રાજમાર્ગો પર સામૈયું ચિક્કાર મેદની સાથે ફરતું ફરતું નગીનદાસ પૌષધશાળા (મંડપ) આગળ આવી પહોંચ્યું. ઠેર ઠેર રસ્તામાં ગહુલીઓ લગભગ ૨૫૦ની સંખ્યામાં થઈ હશે. મંડપમાં પૂ.આ.શ્રી વિજયજંબુસૂરિજી મહારાજનું સુંદર પ્રવચન થયું. ૧૫૦૦ થી ૨૦૦૦ માણસ સમાય એવો મોટો હોલ પણ ખીચોખીચ ભરાઈ ગયો હતો. અંતે પતાસાની પ્રભાવના થઈ. પાટણના ઈતિહાસમાં આ સ્વાગત-સમારોહ એક રેકોર્ડરૂપ ઉજવાઈ ગયો ! બપોરે દોશીવટના મંડપમાં 'સંસ્કૃતિનો સંદેશ' એ વિષય પર જાહેર પ્રવચન થયાં. પૂજ્યશ્રી અત્રે થોડી સ્થિરતા કરશે.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૩,અંક-૨૬,તા.૩-૪-૧૯૬૫

● **પાટણ** : સિદ્ધાન્ત મહોદધિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને હાર્ટ એટેકનો ઉથલો આવી ગયા પછી સુધારા ઉપર હતું. પરંતુ ગત રવિવારે અચાનક એઓશ્રીને હાર્ટ ઉપર હળવો હુમલો આવી ગયો. દેવગુરુકૃપાએ ઉપચારથી એ થોડા વખતમાં શાંત થઈ ગયો. પૂજ્યશ્રી કર્મસાહિત્ય વાંચન આદિ પોતાની આરાધનામાં મશગૂલ રહે છે. બહારગામોથી ભાવિકજનો એઓશ્રીના દર્શન-વંદન સુખશાતા પૃચ્છા અર્થે આવ્યે જાય છે; એમને પૂજ્યશ્રીની શારીરિક નિર્બળતા જોઈ ગ્લાનિ થાય છે પૂજ્યશ્રી શીઘ્ર નીરોગી બની દીર્ઘાયુષ્ક રહો એ જ પ્રાર્થના.

### ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૩,અંક-૨૭,તા.૩-૪-૧૯૬૫

● **પાટણ** : સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને છેલ્લા અઠવાડિયાથી ઠીક ચાલે છે. અલબત અશક્તિ ભારે છે જ; પરંતુ પોતાના સ્વાધ્યાયાદિમાં વ્યગ્ર રહે છે. અત્રેની મંડપકમિટીએ પૂજ્યશ્રીને અત્રે ચોમાસું કરવા જોરદાર આગ્રહભરી વિનંતી કરી છે. ડૉ. અંબાલાલ પણ

પૂજ્યશ્રીની સેવામાં રોજ બે વખત હાજર થવા સાથે ચોમાસાનો ભારે આગ્રહ કરી રહ્યા છે, વૈ.સુ. ૬ સુધી અત્રે સ્થિરતા નક્કી છે. આગળ બને તે ખરું.

• **ડીસા** : સિદ્ધાન્તમહોદધિ ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને હાર્ટએટેકનો ઉથલો આવી ગયા પછી સુધારા ઉપર હતું. પરંતુ ગત રવિવારે અચાનક એઓશ્રીને હાર્ટ પર હળવો હુમલો આવી ગયો. દેવગુરુ કૃપાએ ઉપચારથી એ થોડા વખતમાં શાંત થઈ ગયો. પૂજ્યશ્રી કર્મસાહિત્ય વાંચન આદિ પોતાની આરાધનામાં મશગુલ રહે છે. બહારગામોથી ભાવિકજનો એઓશ્રીના દર્શન-વંદન સુખશાતા પૃચ્છા અર્થે આવ્યે જાય છે; એમને પૂજ્યશ્રીની શારીરિક નિર્બળતા જોઈ ગ્લાનિ થાય છે. પૂજ્યશ્રી શીઘ્ર નીરોગી બની દીર્ઘાયુષ્ક રહો એજ પ્રાર્થના.

## શ્રી આબુ-અચલગઢ મહાતીર્થ ઉપર વરસીતપ પારણાનો ભવ્ય મહોત્સવ

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ અહીંના તીર્થાધિપતિ શ્રી આદીશ્વર ભગવાનની સાન્નિધ્યતામાં વર્ષીતપના પારણા અક્ષયતૃતીયાના દિવસે તા. ૪-૫-૬૫ કરાવવાનો નિર્ણય કર્યો છે.

શ્રી સકલસંઘને વિનંતી છે કે આ તીર્થ પૂર્ણ ચમત્કારીક અધ્યાત્મપ્રેરક છે. આપ તપસ્વી મહાનુભાવો આ તીર્થની સાન્નિધ્યમાં વર્ષીતપનાં પારણાં કરીને અમૂલ્ય લાભ લેશો એવી ભાવભરી વિનંતી છે. આ અવસરે પ.પૂ.મુનિરાજ તથા સાધ્વીજી મહારાજને પધારવા માટે વિનંતી કરવામાં આવી છે.

**વિનીત શ્રી અચલગઢ મહાતીર્થ વ્યવસ્થાપક-કમિટી, રોહીડા (રાજસ્થાન)**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૨૮,તા.૧૭-૪-૧૯૬૫

• **પાટણ** : સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને અત્રેના સર્જન ડૉક્ટરે તપાસતાં પ્રોસ્ટેટ ગ્લેન્ડ સારી વધ્યાનું કહ્યું. અભિપ્રાય એ આપ્યો કે આ દરદના લીધે ઠલ્લે જતાં કે માત્રુ કરતાં અટકાયત થાય છે. દરદ મટાડવાનો બીજો ઉપાય નથી, ઓપરેશન કરાવી લેવું જોઈએ. પરંતુ શારીરિક શક્તિ આવ્યે થાય. તેમજ એની પૂરી સગવડ અમદાવાદમાં મળે. વૈશાખ સુદ ૫ સુધીમાં શક્તિ કેવી આવે છે તે પર વિચાર થાય. પૂજ્યશ્રીના હાર્ટના દરદ અંગે અત્રેના કાર્ડિયોગ્રામના સ્પેશિયાલીસ્ટ ડૉક્ટરે ફરીથી કાર્ડિયોગ્રામ લીધો. ૧ માસ પૂર્વના કાર્ડિયોગ્રામ કરતાં આમાં હાર્ટમાં અમુક સુધારો જણાયો. પરંતુ છાતીમાં તેવો સુધારો નહિ. હવે ૩ સપ્તાહ આરામ પછી તપાસવાનું છે. રવિવારે-સોમવારે પૂ. આચાર્યદેવને ૯૯ાા સુધી તાવ ચઢેલો. ઉપચાર આપવામાં આવ્યા. એઓશ્રીને હાલમાં દુઃખાવો જમણા પડખામાં રહ્યા કરે છે. આ બધામાંય એઓશ્રીને સમતા-સમાધિ અને આધાકર્મિકાદિ દોષ ન લગાડવા પ્રત્યે જાગૃતિ સતત રહે છે. આધ્યાત્મિક શ્રવણ કરે છે. અત્રે પૂ.આ.શ્રી વિજયજંબુસૂરિજી મહારાજ, પૂ.પં.શ્રી મલયવિજયજી મ., પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ., પ.પૂ.શ્રી હિમાંશુવિજયજી મ. સેવામાં સાથે છે. અમદાવાદથી પૂ.પં.શ્રી માનવિજયજી મ. તથા પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મહારાજ પણ અત્રે પધારી ગયેલ છે. પૂ.પં.શ્રી કનકવિજયજી મહારાજ પધારનાર હતા પરંતુ એઓશ્રીને શંખેશ્વરજીમાં પગે વા અને સોજો આવી જવાથી અટકી પડ્યા છે. એઓશ્રીની નિશ્રામાં ત્યાં મલાડ મંડળ અને જામનગર મંડળને અઠ્ઠમ સારા ઉજવાયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૨૯,તા.૨૪-૪-૧૯૬૫

• **પાટણ** : પૂ.સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબીયત તપાસવા માટે અમદાવાદથી શેઠ રમણલાલ વજેચંદ અને મુંબઈવાળા શેઠ શાન્તિલાલ ઉજમશીભાઈ સર્જન ડૉક્ટર ઝનુનવાળાને લઈને આવ્યા હતા. એમને જુના નવા કાર્ડિયોગ્રામ વગેરે તપાસી એવો અભિપ્રાય આપ્યો કે હજી હાર્ટની તકલીફ અંગે હજી પણ વધુ આરામની જરૂર છે. પૂર્ણ તાકાત આવ્યા વિના પોસ્ટેટનું ઓપરેશન થાય નહિ. એક મહિના બાદ કાર્ડિયોગ્રામ લેવરાવી એ જોઈને પછી વિહાર આદિનો અભિપ્રાય આપી શકાય. પૂ. આચાર્યદેવશ્રીને હાલમાં પડખાનો દુઃખાવો શાંત છે. તાવ પણ બંધ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૩૦,તા.૧-૫-૧૯૬૫

• **મેડતારોડ** : અત્રે ચૈત્રી ઓળી પ્રસંગે મળેલ રાજસ્થાન જૈન સંઘના અધિવેશનમાં નીચે મુજબ ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. (૧) શિખરજી અંગેની સરકાર સાથે થયેલ સમજૂતી સંતોષનો વિષય છે. હવે સરકાર જે નિવેદનથી

પહાડ પર કબજો કર્યો છે તેને પાછો ખેંચી પૂર્વવત્ સ્થિતિ કાયમ કરવી જોઈએ. (૨) રાજસ્થાન સરકારના ટ્રસ્ટ કાયદાની દરમિયાનગીરી ન થાય એ માટે ધાર્મિક ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પોતાના ટ્રસ્ટની સુવ્યવસ્થા કરે અને ગત ૩ વર્ષના આવક જાવકના જુદા હિસાબ જલ્દી પતાવે. (૩) ધાર્મિક સંસ્થાઓ પોતાનું વ્યવસ્થિત બંધારણ ઘડે. (૪) શ્રી કેસરિયાજી તીર્થમાં આશાતના મિટાવવા અને જીર્ણોદ્ધારાદિ કરાવવા પૂર્વની વ્યવસ્થાપક સમિતિને સરકાર પુનઃ સ્થાપિત કરે. (૫) રાજસ્થાન સરકારના આજ્ઞાપત્ર (F1. L.S.G. ૪૯ તા. ૧૪-૧-૬૦) અનુસાર કતલખાના બંધના દિવસોએ નગરપાલિકા-પંચાયતો એનું પાલન કરાવે. અને રાજસ્થાન જૈન સંઘના સભ્યો વગેરે લાગતાવળગતા અધિકારીઓ દ્વારા આજ્ઞાપત્ર પળાવવા એનો પ્રયત્ન કરે. (૬) રાજસ્થાનમાં ધાર્મિક-નૈતિક-આધ્યાત્મિક પ્રેરણા માટે યોગ્ય અધિકારી સાધુ-શ્રાવક પાસે સરળ હિંદી સુસાહિત્ય તૈયાર કરાવી પ્રચારાય તેમજ માસિક કે પાક્ષિક પત્ર ચલાવાય એ માટેના રાજ. જૈન સંઘના પ્રયત્નમાં સૌ આર્થિક ટેકો આપે. (૭) સરકારની નવા નવા કત્લખાના સ્થાપવાની યોજના ધૃણાસ્પદ છે, અને અલવરમાં તેની યોજના ચાલુ શીઘ્ર રદ કરે. (૮) રાજસ્થાનમાં જુદા જુદા ક્ષેત્રોમાં જૈન ધર્મ અને સંસ્કૃતિના પ્રચાર માટે પૂ. મુનિરાજોના પદ્ધતિસર વિહાર થાય એ માટે પ્રયત્ન કરવા સંઘ દ્વારા એક સમિતિ નીમાય.

● **પાટણ :** અત્રે મે વેકેશનની ધાર્મિક શિક્ષણ સંસ્કરણ શિબિરના કાર્યકરો ભાઈશ્રી ભાણાભાઈ (શાંતીલાલ સોમચંદ) તથા શ્રી કેશવલાલ મો. અને શ્રી કુમારપાળ વિ. આવી ગયા છે, તા.૨૯-૬-૬૫ થી શિબિર શરૂ થશે. ૧૭૫ વિદ્યાર્થીઓ લગભગનાં ફોર્મ ભરાઈ આવ્યા છે. સૂત્રોના ભાવ, તત્ત્વજ્ઞાન-જીવવિચાર આદિ ચાર પ્રકરણના પદાર્થ, વ્રત-વિધિ-ભક્ષ્યાભક્ષ્યાદિ, માર્ગાનુસારી જીવન-મોક્ષમાર્ગ આચાર અને જૈન ઈતિહાસ એ વિષયો શીખવવાના છે.

● **પાટણ :** અત્રે સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને તબીયત હાલ ઠીક ચાલે છે. ખાસ કોઈ તકલીફ નથી. અત્રે નવપદજીની ઓળી સુંદર ઉજવાઈ. નવપદના દરેકના રહસ્યને લઈને મનને સ્થિર, નિર્મળ અને સાત્ત્વિક કેમ બનાવાય એના પર સુંદર પ્રવચન થતાં હતાં. અત્રેના વતની ભાઈશ્રી જિતેન્દ્રલાલના ચિ.ગૌતમ (ઉં.વ.૩) કેટલા ય દિવસોથી માગણી કરીને પૂનમના ભાવથી આંબેલ કરેલું. એકમે સમતાપૂર્વક પારણું કર્યું. એ ૧૨ માસથી હંમેશાં થાળી ધોઈ પીએ છે. બે માસથી ચોવિહાર કરે છે. એ દોઢ વરસનો હતો ત્યારથી કાયમ પ્રભુપૂજા કરે છે. મુનિમહારાજોને જોતાં તેનું હૃદય હર્ષિત થઈ જાય છે. જિનશાસનની બલિહારી છે.



**‘‘દિવ્ય-દર્શન’’ - ‘‘સમાચાર’’ વર્ષ-૧૩,અંક-૩૨,તા.૨૨-૫-૧૯૬૫**

● **પાટણ :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને હાલ તબીયત ઠીક ચાલે છે. એઓશ્રીએ બોર્ડિંગમાં આઠેક દિવસ રોકાઈ ધાર્મિક શિક્ષણ શિબિરને સારો લાભ આપેલ. ચોમાસું પ્રાયઃ અત્રે થવા સંભવ છે. પૂ.પં.શ્રી કનકવિજયજી મ. ચોમાસા અર્થે રતલામ તરફ વિહાર કરી ગયા છે.

**‘‘દિવ્ય-દર્શન’’ - ‘‘સમાચાર’’ વર્ષ-૧૩,અંક-૩૫,તા.૧૨-૬-૧૯૬૫**

● **પાટણ :** પૂ.સિદ્ધાન્તમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબીયત હાલ ઠીક ચાલે છે. શિબિર વખતે પૂજ્યશ્રીને સ્ટ્રેચરમાં સૂતાં સુતાં પણ શહેર બહાર બોર્ડિંગમાં લઈ જતાં મુખ પર સોજા આવી ગયેલ, તેથી અમદાવાદ તરફ વિહાર જોખમી લાગ્યો, તેમજ અત્રેના મંડપ-સંઘનો અત્રે જ ચોમાસાનો આગ્રહ ઘણો જ; તેથી અત્રેની ચોમાસું-સ્થિરતાની જય બોલાઈ છે. ચારે બાજુથી સંઘોના ડેપ્યુટેશન ચાતુર્માસાર્થે મુનિઓને લઈ જવા આવી રહ્યા છે, પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતી કરી રહ્યા છે, પરંતુ જઈ શકે એવા મુનિઓની પરિમિતતાને લીધે થોડાને જ સંતોષ મળી શકશે એમ લાગે છે.

**‘‘દિવ્ય-દર્શન’’ - ‘‘સમાચાર’’ વર્ષ-૧૩,અંક-૩૯,તા.૧૦-૭-૧૯૬૫**

● **પાટણ :** પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ**શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની તબીયત હાલ ઠીક ચાલે છે. હવે પોતે દેરાસર ચાલીને પધારે છે. આખો દિવસ કર્મસાહિત્ય તપાસે છે. પૂ. તપસ્વી પં. શ્રી કાન્તિવિજયજી મહારાજ અત્રે પધારે છે. એઓશ્રીને ટી. બી. કેન્સર બંનેની વ્યાધિ હોવા છતાં સુંદર સમાધિ સાથે ૩૨ બત્રીશી જેવા મહા તાત્ત્વિક શાસ્ત્રાદિનાં સ્વાધ્યાય જાપ વગેરેમાં રક્ત રહે છે. અત્રે બોર્ડિંગના દસેક વિદ્યાર્થીઓએ શિબિરનો અનુભવ મેળવ્યો હોવાથી બીજાઓને પ્રેરણા કરી ૯-૧૦-૧૧ થી કલાસના લગભગ ૪૦ વિદ્યાર્થીઓ સાથે રોજ સાંજના ફરવાના સમયે ૬ાા થી ૭ા પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ હસ્તકના ધાર્મિક-તાત્ત્વિક અધ્યયન વર્ગમાં જોડાયા છે.

● **અમદાવાદ :** શાસનસુભટ શ્રી ચીમનભાઈ કડિયાને કેન્સર વ્યાધિ વધી રહ્યો છે. હવે મોંઢાની અંદર દરદ ફેલાતું જાય છે. જીભ ઉપર ચીરાડો પડી છે, તે જીભ જાડી થઈ ગઈ છે. મોંઢાની ઉપર ઠેઠ આંખ સુધી સોજો આવ્યો છે. ગળામાંથી અવાજ નીકળવો બંધ છે. જમણા હાથે દુઃખાવો સખત છે. કેન્સરની ગાંઠ ફાટી છે તેના પર ડ્રેસિંગ ચાલુ છે. આમ છતાં વર્ષો સુધી કરેલી કિંમતી શાસન સેવાનાં ફળ રૂપે સમાધિ સુંદર જાળવે છે. નવકાર સ્મરણ, ધાર્મિક વાંચન-શ્રવણાદિ ચાલુ છે. આત્માનંદ અનુભવે છે. શાસનદેવ એમને શીઘ્ર આરોગ્ય બક્ષો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૪૦,તા.૧૭-૭-૧૯૬૫

## પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.ના સમુદાયના વિ.સં. ૨૦૨૧ના ચોમાસાની યાદી.

૧. પૂજય ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. તથા પૂ.પં.શ્રીમાન વિ.ગ., પૂ.પં.શ્રી કાન્તિ વિ.ગ., પૂ.પં.શ્રી હેમન્ત વિ.ગ., પૂ.પં.શ્રી હિમાંશુ વિ. ગ., પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગ. આદિઠાણા ૪૪, નગીનદાસ મંડપ **(પાટણ)**
૨. પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ આદિઠાણા. ભૂલેશ્વર-લાલબાગ **(મુંબઈ)**
૩. પૂ.આ.શ્રી જંબુસૂરિજી મ. તથા પૂ.પં.શ્રી પુષ્પવિજયજી મ. તથા પૂ.પં.શ્રી વર્ધમાન વિ.ગ., તથા પૂ.પં.શ્રી રૈવતવિજયજી ગ., આદિઠાણા. દાનસૂરીશ્વરજી જ્ઞાન મંદિર **(અમદાવાદ)**
૪. પૂ.આ.શ્રી ભુવનસૂરિજી મ. આદિઠાણા ૫. **દાદર** (મુંબઈ)
૫. પૂ.આ.શ્રી યશોદેવસૂરિજી મ. તથા પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી ગણિવર આદિઠાણા. ૬ **નાસિક સીટી** (મહારાષ્ટ્ર)
૬. પૂ.ઉપા. શ્રી ધર્મવિજયજી ગ. આદિઠાણા. ૩ લુણાવા (રાજ.)
૭. પૂ.પં.શ્રી ભક્તિવિજયજી ગ. આદિઠાણા.આરીસાભુવન,પાલીતાણા (સૌ.)
૮. પૂ.પં.શ્રી કનકવિજયજી ગ. આદિઠાણા. ૪ રતલામ (મ.પ્ર.)
૯. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગ. આદિઠાણા. નવાગામ (જામનગર)
૧૦. પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી ગ. આદિઠાણા. ૩ છાપરીયા શેરી, (સુરત)
૧૧. પૂ.પં.શ્રી મલયવિજયજી ગ. આદિઠાણા. ૩ દાંતરાઈ (રાજ.)



૧૨. પૂ.પં.શ્રી જયંતવિજયજી ગ. આદિઠાણા. ૪ સુરેન્દ્રનગર
૧૩. પૂ.પં.શ્રી મૃગાંકવિજયજી ગ. આદિઠાણા. ૭ સાયન (મુંબઈ)
૧૪. પૂ.પં.શ્રી સુદર્શનવિજયજી ગ. આદિઠાણા. ૩ ભાયખલા (મુંબઈ)
૧૫. પૂ.પં.શ્રી મુક્તિવિજયજી ગ. આદિઠાણા. ૧૦ ખંભાત
૧૬. પૂ.પં.શ્રી કૈવલ્યવિજયજી ગ. તથા પૂ. તપસ્વી મુનિરાજશ્રી રાજવિજયજી મ. આદિઠાણા. ૧૨ શાંતિનગર (અમદાવાદ)
૧૭. પૂ.પં.શ્રી રવિવિજયજી મ. આદિઠાણા. ૨ ધુલીયા (ખાનદેશ)
૧૮. પૂ.પં.શ્રી માનતુંગવિજયજી મ. આદિઠાણા. જૈનપાઠશાળા-જામનગર
૧૯. પૂ.મુ.શ્રી હર્ષવિજયજી મ. આદિઠાણા. ૪ દિગ્વિજય પ્લોટ-જામનગર
૨૦. પૂ.મુ.શ્રી મહાભદ્રવિજયજી મ. આદિઠાણા. ૪ શાંતિભુવન-જામનગર
૨૧. પૂ.મુ.શ્રી પદ્માકરવિજયજી મ. આદિઠાણા. ૨ ઝીંઝુવાડા (સૌરાષ્ટ્ર)
૨૨. પૂ.મુ.શ્રી અશોકવિજયજી મ. આદિઠાણા. ૩ રાધનપુર (ઉ.ગુ.)
૨૩. પૂ.મુ.શ્રી રંગવિજયજી મ. આદિઠાણા. ૨ ભિવંડી (જિ. થાણા)
૨૪. પૂ.મુ.શ્રી મહાપ્રભવિજયજી મ. આદિઠાણા. ૨ વીરમગામ
૨૫. પૂ.મુ.શ્રી યશોભદ્રવિજયજી મ. આદિઠાણા. ૨ જુના ડીસા (બનાસકાંઠા)
૨૬. પૂ.મુ.શ્રી માણેકવિજયજી મ. આદિઠાણા. ૨ નવા ડીસા (બનાસકાંઠા)
૨૭. પૂ.મુ.શ્રી ધનપાલવિજયજી મ. આદિઠાણા. ૨ આણંદ (ગુજરાત)
૨૮. પૂ.મુ.શ્રી ધર્મગુપ્તવિ.મ. આદિઠાણા. ૪ દશાપોરવાડ સોસા.અમદાવાદ
૨૯. પૂ.મુ.શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિઠાણા. ૨ ફલોધિ (રાજ.)
૩૦. પૂ.મુ.શ્રી જિનપ્રભવિજયજી મ. આદિઠાણા. ૩ કોશેલાવ (રાજ.)
૩૧. પૂ.મુ.શ્રી ગુણાનંદવિજયજી મ. આદિઠાણા. ૩ મહેસાણા (ઉ.ગુજરાત)
૩૨. પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિઠાણા. ૪ ઊંઝા (ઉ.ગુજરાત)
૩૩. પૂ.મુ.શ્રી ચંદનવિજયજી મ. આદિઠાણા. ૨ ધીણોજ (મહેસાણા)
૩૪. પૂ.મુ.શ્રી મિત્રાનંદવિ. મ. આદિઠાણા. ૯ રાજકાવાડો-પાટણ
૩૫. પૂ.મુ.શ્રી ધર્મરત્નવિજયજી મ. આદિઠાણા. મોટામાંઢા (જામનગર)
૩૬. પૂ.મુ.શ્રી લલિતવિજયજી મ. આદિઠાણા. ૨ બીજાપુર (કર્ણાટક)
૩૭. પૂ.મુ.શ્રી અમરગુપ્તવિ. મ. આદિઠાણા. ૪ વિલેપારલે (મુંબઈ)
૩૮. પૂ.મુ.શ્રી યોગીન્દ્રવિ. મ. આદિઠાણા. ૫ પીંડવાડા (રાજ.)

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૪૧,તા.૨૪-૭-૧૯૬૫

● **પાટણ** : અત્રે પૂ.સાધ્વીજી શ્રી રોહિતાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સાધ્વીજી શ્રી મહારક્ષાશ્રીજી મહારાજને સતત ૫૫૫ આંબેલનું પારણું અસાડ સુદ ૧૦ના રોજ થયું તે નિમિત્તે એમના સંસારી પિતા શ્રી કાનજીભાઈ રતનશી મુંબઈ-દાદરથી કુટુંબીઓને લઈને આવેલા અને સવારે પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિ મંડળ સાથે ચૈત્ય-પરીપાટિ યોજી હતી. બપોરે શ્રી નવપદજીની પૂજા ઠાઠથી ભણાવડાવી. તથા શ્રી પંચાસરા પાર્શ્વપ્રભુજી અને આજુબાજુ શ્રી વીર પ્રભુજી તથા શ્રી ચંદ્રપ્રભસ્વામીજીને ભવ્ય આંગી રચાવેલી. વ્યાખ્યાન તથા પૂજામાં પ્રભાવના રાખેલ. તેમજ એ દિવસના સંઘના રસોડે ભાઈઓની જમણભક્તિ કરેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૪૪,તા.૧૪-૮-૧૯૬૫

● **પાટણ** : સિદ્ધાન્ત મહોદધિ પૂજ્ય આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને ગયા અઠવાડિયામાં શરદીનો હુમલો થવાથી ચાર પાંચ દિવસ તાવ રહ્યો, હવે તાવ ઉતર્યો છે. ત્યારે જુનો ફરતો વાનો દુઃખાવો શરૂ થયો છે. હાર્ટની સ્થિતિ ઠીક છે. અશક્તિ આવી ગઈ છે. છતાં દેરાસર ચાલીને પધારે છે. અત્રે શ્રાવણ સુદ ૧૪-૧૫-૧ના શ્રી ઋષભદેવ કેવળજ્ઞાન આરાધનાના અઠ્ઠમ શરૂ થયા છે. સવા બસો આરાધકો છે. શ્રાવણ સુદ ૧૫ અમદાવાદથી જૈનધર્મ આરાધક-મંડળ પાટણવાળાના ખાસ આગ્રહથી પધારી શ્રી અષ્ટાપદજીની ભવ્ય પૂજા ભણાવાશે.

પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મ. ની તબીયત વધારે ગંભીર થઈ ગઈ હતી પરંતુ હમણા બે ત્રણ દિવસથી દેશી ઉપચારથી ઠીક છે. ગેસની તકલીફ ઓછી છે. ટી.બી., કેન્સર અંગેનો દુઃખાવો ઉપડી આવે છે, પાછો શાંત પણ થાય છે. સ્ફુર્તિ સારી છે.

● **કોસેલાવ (રાજસ્થાન)** : પૂ.શ્રી જિનપ્રભવિજયજી મ.સા. ચાતુર્માસાર્થે પધારેલ હોઈ અસાડ સુદ ૧૪ના ૧૦૦ ઉપર ભાઈ-બહેનોના પોષધ થયેલ. શેઠશ્રી સરદારમલજી તરફથી રૂપિયાની પ્રભાવના કરવામાં આવેલ. શ્રી સેસમલજી પુનમચંદજી તથા શા. ભીકમચંદજી પુનમચંદજીએ શ્રી સમરાઈચ્ચ કહા તથા ધર્મસંગ્રહ



પૂ. શ્રીને વહોરાવેલ, બોલીના એક હજાર છત્રીસ રૂપિયા થયેલ. છ ભાઈ-બહેનોએ સાથે ચતુર્થ વ્રત ઉચ્ચરેલ. વ્યાખ્યાનમાં લોકો સારા પ્રમાણમાં લાભ લે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૪૫,તા.૨૧-૮-૧૯૬૫

● **ફલોધિ (રાજસ્થાન)** : અત્રે સંઘના અતિ આગ્રહ અને શા. સંપતલાલજીની મહેનતથી પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનુસાર પૂ.મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ચોમાસું પધાર્યા છે. જાહેર વ્યાખ્યાનોથી ધર્મની અદ્ભુત જાગૃતિ આવી છે. અઠ્ઠમતપની આરાધના થતા ૧૧૦ આરાધકો જોડાતા વાતાવરણ તપોમય બન્યું. ત્યાં વળી ખીરના નવ એકાસણા સાથે ૧ કરોડ નવકારમંત્રનો જાપ ઉદારદીલ શ્રી સંપતરાજજી તરફથી કરાવવાનું જાહેર થતાં નાના નાના બાળકો અને બાલિકાઓની જ સંખ્યા ૧૧૦ સુધી પહોંચી. તેમજ પુરુષો અને સ્ત્રીઓ બધા મળી ૪૦૦ આરાધકો જોડાયા. સારુંય ગામ નવકારમય વાતાવરણ બન્યું. વડગામવાળા હરજીવનદાસ ગવૈયા તથા જોધપુરવાળા વાયોલિન તથા કેરોનેટવાળા ભાઈઓની સંગીત મંડળીએ પૂજા તથા ભાવનામાં પ્રભુ ભક્તિની રમઝટ જમાવી. શ્રાવણ સુદ ૧૫ના દબદબાભર્યો વરઘોડો નીકળતાં ચાર કલાક ગામમાં ફર્યો, બધા આરાધકોને સવારે પારણાં તેમજ સાંજે સમસ્ત જૈનો (ત્રણે ફિરકાઓ સહિત)ની શ્રી સંપતરાજજી તરફથી નવકારશી થઈ. સંઘમાં પણ અઠ્ઠાઈઓ ૧૬ ઉપવાસ અને માસખમણની તપશ્ચર્યાઓ શરૂ થયેલ છે. ખરતરગચ્છવાળા પણ સારા જોડાયા છે, જે ફલોધિ ગામ ખરતર-તપા.ની ઝઘડા ભૂમિ ગણાતી હતી. ત્યાં સારાએ સંઘમાં એકી ભાવનાએ આવો લાભ ઉઠાવાયો છે તે ફલોધિ માટે અપૂર્વ પ્રસંગ લોકો માનવા લાગ્યા. આરાધનાની દૃષ્ટિએ ફલોધિમાં આવું ચોમાસુ કદી થયું નથી તેમ લોકો ગાવા લાગ્યા. પર્યુષણા મહાપર્વની તૈયારી ચાલે છે. આજુબાજુના ગામોવાળા લાભ લે તે માટે સુયોગ્ય વ્યવસ્થા રહેશે. વ્યાખ્યાનમાં રોજ લગભગ ૨૫૦ની સંખ્યા રહે છે. પૂ. મહારાજશ્રી પધાર્યા ત્યારથી લગભગ સતત અષ્ટાહ્નિકા મહોત્સવો ચાલુ છે. વરઘોડા પણ ઘણા નીકળ્યા ! શાસનનો જયજયકાર વર્તે છે.

● **રતલામ** : અત્રે સંઘના અત્યન્ત આગ્રહથી પૂ.પં.શ્રી કનકવિજયજી મહારાજ ચોમાસા અર્થે પધારતા સંઘનો ઉલ્લાસ ખૂબ જ. પૂં. પંન્યાસજી મહારાજને વર્ષીતપ ચાલુ છતાં ટૂંકા સમયમાં ગુજરાતથી ઉગ્ર વિહાર કરીને પધાર્યા. સૈલાના મુકામે શ્રી કેસરીમલજી હસ્તીમલજી તરફથી પૂજા સ્વામીવાત્સલ્ય હતું. પ્રવેશનું સ્વાગત અદ્ભુત

નગરશણગાર તથા ૨૭૫ ગહુંલીઓથી થયેલ; જે પ્રૌઢ કહેતા કે અપૂર્વ હતું. જૈનેતરોએ પણ દર્શનનો સારો લાભ લીધો. બહારથી લોક સારું આવેલું. વ્યાખ્યાન હિન્દીમાં ઘણું બોધક રોચક અને ધર્મપ્રેરક ચાલતું હોઈ ધર્મભાવનાની રેલમછેલ થઈ છે. બસો લગભગ સાધકોએ અઠ્ઠમની આરાધના કરી. એમાં બાળકો પણ હતા.

● **પાટણ :** સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને તાવ ફરી દેખાયો છે. ડૉક્ટરોએ જરૂર લાગતા પૂજ્યશ્રીનો કાર્ડિયોગ્રામ લીધો, પરંતુ એમાં હાર્ટ પર પૂર્વે કરતાં વિશેષ સુધારો દેખાતો નથી. વૈદ્યની સલાહથી ઉકાળા શરૂ કરાયા છે. પૂજ્યશ્રીનો વાંચન સ્વાધ્યાય આદિ ચાલુ છે. પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મહારાજને દેશી ઉકાળાથી કંઈક સુધારો જણાય છે. બાકી અશક્તિ ઘણી છે. અત્રે અમદાવાદથી આવેલ જૈ. ધ. આરાધક મંડળે અષ્ટાપદજીની પૂજા સુંદર ભણાવી. મોટો પણ હોલ ખીચોખીચ ભરાઈ ગયેલ. શ્રી અષ્ટાપદજીનું તથા ભગવાનનું એમ બે મોટા ચિત્રપટ્ટ વચ્ચે ત્રિગડામાં ૩ પ્રભુજી, આગળ ચાંદીની નાણ પર ૨૪ પ્રભુજી, વગેરેની ભાવવર્ધક યોજના કરાયેલ. અત્રે સંયમ-તપોમૂર્તિ પૂ. આચાર્યદેવનાં તથા વિશાળ મુનિ મંડળના દર્શનથી શ્રી પંચાસરજી દેરાસરના ભૈયાજીને માસખમણની ભાવનાથી ૧૬ ઉપવાસના પચ્ચક્ખાણ હતું તે ઉપર બીજા ૧૪ ઉપવાસનું પચ્ચક્ખાણ થયું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૩,અંક-૪૬/૪૭/૪૮,તા.૨૮-૮-૧૯૬૫

● **પાટણ :** સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ**-શ્રીની તબીયત અશક્ત ચાલે છે. દેરાસરજી સ્ટ્રેચરમાં પધારે છે. તાવ અટક્યો છે, બાકી ઊભા થતાં કે ડગલું મારતાં ધ્રુજારી જેવું લાગે તેથી એઓશ્રીને હાથનો ટેકો દેવો પડે છે. સુતા કે બેઠા સ્વાધ્યાયાદિમાં તત્પર રહે છે. પૂજ્યશ્રીના પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ. ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી વિશ્વરત્ન-વિજયજી મહારાજને માસખમણની તપસ્યા સુંદર રીતે ચાલે છે. દિવસના સુવાનું નહિ અને સ્વાધ્યાયાદિમાં રક્ત રહેવાનું કરે છે. સંવત્સરીએ તપ પૂર્ણ થશે.

● **રતલામ :** પૂ.પં.શ્રી કનકવિજયજી મહારાજના ઉપદેશથી ધર્મની જાહોજલાલી ચાલી રહી છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની આરાધનાના અઠ્ઠમ ૨૪૦ જણે કર્યા, ને બાવન પ્રભાવના થઈ. વ્યાખ્યાનમાં જૈનેતરોનું પણ બહુ આકર્ષણ છે. શ્રી સંઘને આવું ધર્મપ્રભાવક ચાતુર્માસ પહેલું જ લાગે છે.



● **પિંડવાડા :** પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મહારાજના અત્રે ચાતુર્માસ-વ્યાખ્યાનથી સંઘમાં ધર્મપ્રવૃત્તિમાં નવો વેગ આવ્યો છે. ૫૦ વર્ધમાન આંબેલ તપના પાયા નખાયા, બીજાઓને ઓળીઓ ચાલી, સો ઉપર અઠ્ઠમ થયા. લોકો વ્રત-નિયમમાં સારા જોડાયા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૧,તા.૧૧-૯-૧૯૬૫

## નૂતન વર્ષના પ્રારંભે

જણાવતાં હર્ષ થાય છે કે 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્ર આ સપ્ટેમ્બર મહિનાથી ૧૩ વર્ષની સફળ મજલ કાપી ૧૪ મા વર્ષમાં વિજયવંત પ્રવેશ કરી રહ્યું છે.

આજનો કાળ ભૌતિક અને આધ્યાત્મિક બંને પ્રકારની શાંતિની દૃષ્ટિએ કેટલો બધો કપરો છે એ આપણા સૌના અનુભવ બહાર નથી. ભૌતિક શાંતિ માટેના અજ્ઞાન પ્રયત્નો ઊલટી બેફામ અશાંતિ વધારી રહ્યા છે. પ્રજા સરકારને દોષિત લેખે છે અને સરકાર પ્રજાને અપરાધી ઠરાવે છે. વક્તા અને લેખકોનાં અરણ્ય-રુદનનો રાફડો ફાટ્યો છે. આ પરિસ્થિતિમાં વ્યક્તિગત આધ્યાત્મિક બળ જ એક સચોટ સદ્‌ઉપાય બની રહે છે.

એ તો નક્કી જ છે કે અનિવાર્ય સંયોગોમાં એકમાત્ર આધાર માણસને મન પર રાખ્યે જ છૂટકો છે. ''મનની જીતે જીતવું રે, મનની હારે હાર.' મન પર તો એટલો બધો આધાર છે કે દુશ્મનની કેદમાં ત્રાસ ભોગવતા રાષ્ટ્ર-વફાદાર સૈનિકો મનના સુખદ વળાંકે મસ્ત અણનમ રહે છે ! યોગીઓ ઉપદ્રવોની વચ્ચે ધ્યાનનાં સામ્રાજ્ય ભોગવે છે ! સુશીલ સદ્‌ગુણી કુલિન નારીરત્નો પતિ-સાસુના ત્રાસને ઉદાર-સહિષ્ણુ-સાત્ત્વિક મનથી અકિંચિત્કર કરી દે છે ! એટલે ચાલુ સંયોગોમાં, મનના એવા સંગીન સુંદર ઘડતરના બળે કેટલીય હૃદયવ્યથા, હૈયાભાર, ચિંતા-સંતાપ-દીનતા વગેરે ઓછી કરી શકાય છે. દુ:ખનાં રોદણા ને બદલે પ્રફુલ્લિત-શાંત-સ્વચ્છ વિચારસરણી પ્રવાહિત રહે છે.

આવું મનનું ઘડતર એકમાત્ર આધ્યાત્મિક વિકાસ પર થઈ શકે છે. જેટલા પ્રમાણમાં માણસનું આધ્યાત્મિક બળ વધતું જાય એટલા પ્રમાણમાં મનની સમાધાન-શક્તિ અને સુખદ સર્જનની શક્તિ વધે છે. 'દિવ્યદર્શન' પત્ર ગૌરવ અનુભવે છે કે પ્રારંભથી માંડીને આજસુધીમાં એણે વાંચકોમાં એક ધારી રીતે આધ્યાત્મિક બળ પૂરવામાં અદ્‌ભુત સફળતા મેળવી છે. વાંચકોના મળતા અનુભવ એમ કહી જાય છે કે વર્ષો થયા 'દિવ્યદર્શન' દરેક અંકે નવું ને નવું જ પીરસ્યે જાય છે ! તે પણ માત્ર હકીકત કહેનારું કે આસ્માનની આદર્શ વાતો કરનારું નહિ પણ જીવનમાં

નક્કર ઉતારી શકાય તેવું સક્રિય માર્ગદર્શન ૧-૨-૩-૪... એમ મુદ્દાવાર પીરસે છે. કેટલાકો એમ કહેતા મળ્યા છે કે અમારે કોઈ તાત્કાલિક મુંઝવણ ઊભી થઈ હોય અને દિવ્યદર્શન અંક હાથમાં આવતાં એ વાંચતા જાણે અમને ઉદ્દેશીને જ બહાર ન પડ્યો હોય એવું લાગે છે. એમાંથી સુંદર હુંફ-આશ્વાસન-પ્રેરણા મળે છે.

'દિવ્યદર્શન' પત્રના ૧૨માં વર્ષમાં અન્ય વિષયો ઉપરાંત 'અમીચંદની અમીદૃષ્ટિ'ની કથા એટલો બધો તત્ત્વબોધ અને ચાલુ જીવનમાં આત્મોત્થાનના માર્ગદર્શન આપવા સાથે ચાલી કે એ પૂર્ણ થતાં વાંચકોને આતુરતા રહી ગઈ કે હવે આવું અતિ આકર્ષક વાંચન શું મળશે ? કહેવાની જરૂર નથી કે શ્રી મહાનિશીથ સૂત્રમાં પ્રભુ શ્રી મહાવીરદેવના શ્રીમુખે કહેવાયેલી રાજા રુકમીની રોમાંચક કથા પરનાં વિવેચન તેરમાં વર્ષમાં 'દિવ્યદર્શન'માં પીરસવામાં આવતાં વાચકોને અનેરો રસ વહ્યો રહ્યો. આત્માના પતન ઉત્થાન અંગે કોઈ અપૂર્વ અદ્ભુત કોટિનો પ્રકાશ મળતો રહ્યો.

હવે સહેજે જિજ્ઞાસા રહે કે ૧૪માં વર્ષમાં શું એવું અદ્ભુત વાંચન મળશે. પણ જાણીને આનંદ થશે કે આ વર્ષમાં પૂજ્યપાદ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાટણમાં પૂજ્યપાદ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ આચાર્ય ભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાટણમાં પધારેલા. અને એઓશ્રીની નિશ્રામાં પ્રવચનકાર પૂજ્ય પંન્યાસજી મહારાજનાં **'આત્માનો વિકાસ અને મહાસતી સીતાજીના જીવન પ્રસંગ'** એ વિષય પર રોચક જાહેર વ્યાખ્યાનો થયેલાં. એના આધારે આત્મવિકાસ અર્થે મહાસતીના વિવિધ જીવન પ્રસંગ લઈને સમ્યગ્દૃષ્ટિ જીવે આદરણીય આ ઉપાયો પર દિવ્યદર્શનમાં પ્રેરક-બોધક-રોચક વાંચન આપવાનું ધાર્યું છે :-

- જીવનમાં સાત્ત્વિક નાથ માથે ધરવો.
- સાત્ત્વિક નાથની ઈચ્છાનું અનુવર્તન.
- શરીર સુખોની ઈચ્છા કરતાં સ્વામિભક્તિનો અનેરો રંગ.
- આકસ્મિક આપત્તિમાં ધીરતા.
- જેની સાથે હૈયાનો મુખ્ય સંબંધ, એ સલામત તો બીજા લેખાં શા ?
- વૈભવી ઉછેર છતાં ખડતલ સહિષ્ણુ મન.
- મર્યાદા બહારના અભખરાનો ત્યાગ.
- સ્વાર્થત્યાગ-પરાર્થકરણ.
- એકલવાયા જીવનનો કંટાળો નહિ.
- મહા આપત્તિ આવે છતાં પૂર્વ સુકૃતનો ખેદ નહિ.
- પરસ્ત્રી-પરપુરુષથી સાવધાની. શીલનાં શ્રેષ્ઠ મૂલ્ય.



- સાચો રાગ આત્મભોગ માગે છે.
- પ્રલોભનોની કોડીની કિંમત.
- ભયમાં મૃત્યુ પર અટલ વિશ્વાસ.
- યૌવનનાં તોફાનનો ખ્યાલ અને કડક નિયમન.
- મળેલ સંયોગ 'બરાબર' છે.
- નિકટ સ્નેહી તરફથી આપત્તિ છતાં ઉદાર મન.
- કર્મથી બહુ ઠગાયા, હવે એને જ ઠગો...

...વગેરે વગેરે વિષયો સાથે અન્ય પણ આત્મવિકાસની વિચારણાઓ અનેક રોમાંચક દૃષ્ટાંતો સાથે રજુ થશે. આમાં વિશેષતા એ છે કે લૌકિક પ્રસંગોમાંથી ભગવાન અરિહંત પરમાત્માના લોકોત્તર શાસનના તત્ત્વ-માર્ગની પ્રેરણા નીતરે છે.

પ્રાંતે 'દિવ્યદર્શન'ના પ્રેમી સભ્ય બંધુઓને એટલી અમારી વિનંતી છે કે આવા સુંદર વાંચનનો સ્વાત્મામાં અને સગા-સ્નેહી-પરિવારમાં સક્રિય આત્મલાભ હાંસલ કરવા સાથે, દરેક સભ્ય દિવ્યદર્શનના કમમાં કમ બે નવા ગ્રાહક નોંધાવી અમને જણાવશો. જેથી આધ્યાત્મિક પરોપકારનો મહાન લાભ થાય. અને પત્રના મોંઘવારી ખર્ચને ટેકો કરવાનો ભક્તિલાભ પણ મળે.

• **મુંબઈ :** અત્રે વ્યા. વાચસ્પતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ સાહેબના ઉપદેશથી લાલબાગ દેરાસર-ઉપાશ્રય સાધારણ ખર્ચ અંગેની ટીપ થતાં રૂ. સવા લાખ ભરાયા છે. હજી ટીપ ચાલુ છે. આથી શ્રી મોતીશા જૈન ટ્રસ્ટ (લાલબાગ)ના ટ્રસ્ટીઓએ સ્વપ્ન તથા વરઘોડા વગેરેની કુલ ઉપજ સંપૂર્ણતઃ દેવદ્રવ્ય ખાતે લઈ જવાનો ઠરાવ કર્યો છે. શ્રી વર્ધમાનતપ આંબેલ ખાતા માટે જુદા જુદા ઉપાશ્રયે ટીપ થતાં આ વખતે રૂા. ૫૬૦૦૦ ભરાયા છે. બંને કાર્યમાં કાર્યકર ભાઈ શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા સારો પરિશ્રમ ઉઠાવી રહેલ છે.

• **પાટણ :** પૂ.પં. શ્રી કાન્તિવિજયજી મહારાજની તબીયત વધુ નરમ અને અશક્ત થતી જાય છે. આરાધનાનું લક્ષ અને સમાધિ અપૂર્વ અદ્ભુત છે. જમણા ભાગમાં અસહ્ય દુઃખાવો ચાલુ રહે છે છતાં અરેકારા વિના સમભાવે સહન કરે છે. શરીર પર તો હવે હાડકાં પર ચામડી દેખાય છે. પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને પણ અશક્તિ ઘણી છે અને પ્રોસ્ટેટનો વ્યાધિ વધ્યો લાગે છે. પોષણ કમ થઈ ગયા છે.

• **પિંડવાડા :** પૂ. તપસ્વી મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સુંદર થઈ. વિશેષમાં ૫૦ નવયુવકોએ પર્યુષણ પર્વના અઠ્ઠમની આરાધના કરી હતી. કુલ ૨૦ અઠ્ઠાઈ, ૨૦૦ અઠ્ઠમ વગેરે તપસ્યા સારી થઈ તેમજ ૪૦ ભાવિકોએ ૫૦૦ આયંબીલ અને ૫૦ ભાવિકોએ ૯ લાખ

નવકાર મંત્ર જાપના અભિગ્રહ ધારણ કર્યા.

● **ઊંઝા :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. આદિ ઠા. ૪ અત્રે ચાતુર્માસાર્થે પધારેલ છે. પર્યુષણપર્વમાં સાધર્મિક ભક્તિ અંગે ટીપ થતાં બે વર્ષ માટે ૭ાા હજાર રૂ. થી અધિક ટીપ થઈ. દેવદ્રવ્યાદિ તથા આયંબિલ ખાતાની ટીપ સારી થઈ.

● **ફલોધિ :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ અત્રે પધાર્યા ત્યારથી ધર્મભાવના ઉછળી રહી છે. છેલ્લા ૧૦૦ વર્ષમાં ન થયેલ એવી અપૂર્વ આરાધના પર્યુષણમાં થઈ. ઘણી અઠ્ઠાઈઓ વગેરે થયું.

● **અમદાવાદ :** કાળુશીની પોળમાં આવેલ સંભવનાથ ભગવાનના દેરાસરની નીચે ભોંયરામાં પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી થઈ. દેવદ્રવ્યની ઉપજ સારી થઈ. પ્રતિમા ભવ્ય અને ચમત્કારી છે. પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના પણ સુંદર થઈ.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૩,તા.૨૫-૯-૧૯૬૫**

● **બોડેલી :** પૂ. મુનિરાજ શ્રી જિનભદ્રવિજયજી મહારાજશ્રી નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સારી થઈ હતી. વિદ્યાર્થીઓએ ઝાંખરપુરા, છાંણતલાવડા, ઝાંપા, સાલપુરા, લરૂણી, છાણતલાવડી, ખોડસણ વગેરે આજુબાજુના ગામોમાં જઈ આરાધના સુંદર કરાવેલ છે. અત્રેની સંસ્થા સારું કામ કરે છે.

● **અમલનેર :** સ્વ. પૂ.પં. શ્રી કાન્તિવિજયજી મ.સા. ના કાલધર્મના સમાચાર મળતાં સકળ સંઘ ભેગો થઇ દેવવંદન કર્યા. રીખવચંદભાઈએ સ્વર્ગસ્થના જીવન ચરિત્રની જાણ કરાવી. રવિવારે આયંબિલની તપશ્ચર્યા તથા પૂજા ભણાવી.

● **કોસેલાવ :** અત્રે પર્યુષણ પર્વની આરાધના સુંદર થઈ. અષ્ટ મહાસિદ્ધિતપમાં ૨૫૦ આરાધક જોડાયેલ. પૂ. મુનિ શ્રી જિનપ્રભવિજયજી મ.ને ૫૬મી વર્ધમાનતપની ઓળી નિમિત્તે ૨૬ હજાર આયંબીલ તથા ૬૦૦૦ સામાયિકની બોલી બોલાયેલ.

● **પાટણ :** ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની તબિયત સુધારા પર આવતી જાય છે. હવે મુનિઓના ટેકે મકાનમાં એક આટો ધીરે ધીરે ફરી આવે છે. સ્ટ્રેચરમાં મંદિરે પધારે છે. સ્વ. પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મ.ના ગુણાનુવાદ નિમિત્તે જાહેરસભા



રવિવારે મળેલી. એનો હેવાલ અને સ્વર્ગસ્થનું જીવન આવતા અંકે પ્રગટ થશે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૬,તા.૬-૧૧-૧૯૬૫**

● **પાટણ :** સિદ્ધાંતમહોદધિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. વચમાં એક વાર છાતીમાં મુંઝવણ-દુઃખાવો થયેલો, પરંતુ ઉપચાર અને આરામથી ઠીક થયું. પૂજ્યશ્રીને વંદનાર્થે અને સુખશાંતિ પૂછવા અનેક ગામ નગરોના ભાવિકો આવે છે. શ્રી નગીનદાસ મંડપ જૈન સંઘ સારી ભક્તિ કરે છે... કર્મસાહિત્યનું કાર્ય મુનિઓ અખંડ મહેનતથી કરી રહ્યા છે. હવે પૂ. આચાર્યદેવશ્રી અમદાવાદ તરફ પધારવા વકી છે. અત્રેથી કારતક વદ ૭ વિહારનું મુહૂર્ત છે. **પૂજ્યશ્રીની આજ્ઞા થવાથી પં.શ્રી ભાનુવિજયજી મ. આદિ ઠાણાં વદ ૪ અમદાવાદ તરફ વિહાર કરવાનું ઠર્યું છે. અત્રે સકલ સંઘના રિવાજ મુજબ કા. સુ. એકમથી ચોથ સુધીમાં પૂ. મુનિમહારાજો સાથે મંડપ સંઘે ચાર દિવસમાં લગભગ ૧૨૫ જિનમંદિર ભાવભક્તિ સાથે જુહાર્યા. અત્રે દિવાળી ધાર્મિક શિક્ષા શિબિરના સમાચાર આ અંકમાં અન્યત્ર આપ્યા છે.**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૭, તા.૬-૧૧-૧૯૬૫**

● **પાટણ :** સિદ્ધાંતમહોદધિ પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. વચમાં એક વાર છાતીમાં મુંઝવણ-દુખાવો થયેલો, પરંતુ ઉપચાર અને આરામથી ઠીક થયું. પૂજ્યશ્રીને વંદનાર્થે અને સુખશાંતિ પૂછવા અનેક ગામ નગરોના ભાવિકો આવે છે. શ્રી નગીનદાસ મંડપ જૈન સંઘ સારી ભક્તિ કરે છે... કર્મસાહિત્યનું કાર્ય મુનિઓ અખંડ મહેનતથી કરી રહ્યા છે. હવે પૂ. આચાર્યદેવશ્રી અમદાવાદ તરફ પધારવા વકી છે. અત્રેથી કારતક વદ ૭ વિહારનું મુહૂર્ત છે પૂજ્યશ્રીની આજ્ઞા થવાથી પં. શ્રી ભાનુવિજયજી મ. આદિ ઠાણાં વદ ૪ અમદાવાદ તરફ વિહાર કરવાનું ઠર્યું છે. અત્રે સકલ સંઘના રિવાજ મુજબ કા. સુ. એકમથી ચોથ સુધીમાં પૂ. મુનિમહારાજો સાથે મંડપ સંઘે ચાર દિવસમાં લગભગ ૧૨૫ જિનમંદિર ભાવ-ભક્તિ સાથે જુહાર્યા. અત્રે દિવાળી ધાર્મિક શિક્ષા શિબિરના સમાચાર આ અંકમાં અન્યત્ર આપ્યા છે.

## દિલગીરી

દિવાળીની રજાઓ તથા પ્રેસ-બદલીના કારણે પૂર્વે સૂચવ્યા ઉપરાંત એક વધુ શનિવાર અંક બંધ રહ્યો તે માટે અમે દિલગીરી અનુભવીએ છીએ. ગ્રાહક બંધુઓ, અમે જાણીએ છીએ કે, દિવ્ય-દર્શનના આધ્યાત્મિક વાંચન માટે બહુ આતુર હોય છે, અને અંક અણધાર્યો બંધ રહેતાં એમના દિલને આઘાત થાય છે. કોક પ્રસંગે આવું બનતાં અમને પણ ખેદ થવો સહજ છે. છતાં સંયોગની અગવડનો બચાવ ન કરતાં અમે માનવંતા ગ્રાહક ભાઈ-બેનોની ક્ષમા યાચીએ છીએ. મુદ્રણ એક પ્રેસમાંથી બીજા પ્રેસમાં બદલવા અંગે બંને સ્થળના કલેક્ટરોની સંમતિ, તથા જનરલ પોસ્ટ ઓફિસ તરફથી ગોઠવણ જેવા સરકારી કાર્ય ઉકેલતાં આજના કાળની મુશ્કેલી સૌ કોઈ સમજી શકે છે. ઉદાર ગ્રાહક બંધુઓ અમારી મુશ્કેલીમાં સહાનુભૂતિ રાખશે એવી આશા છે. તથા વિશેષમાં એના એજ રૂા. ૬)ના લવાજમમાં શિબિર શિક્ષણનાં પ્રસંગે વધુ બે પેજનું વાંચન મળ્યે જવાની કદર કરશે. વર્ષ ભરમાં ૪૮ અંક પૂરાઆપવાની અમારીપૂર્વ નીતિ ચાલુ જ રહેશે એ અમે નમ્રપણે જણાવીએ છીએ.

-તંત્રી

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૮,તા.૬-૧૧-૧૯૬૫

• **પાટણ :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવેશ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબનો વિહાર કા. વદ ૭ ને બદલે વદ ૪ શુક્રવારનો નક્કી થયો છે. પં.શ્રી ભાનુવિજયજી મ. પણ વદ ૪ વિહાર સાથે કરી, પછી વદ ૮-૯-૧૦ શંખેશ્વરજી કરવા વકી છે. માગશર સુદ ૩ લગભગ અમદાવાદ પધારવા સંભવ છે. પૂજ્યપાદ આચાર્યદેવશ્રી પણ અમદાવાદ મૌન એકાદશી પૂર્વે પધારવા સંભવ છે. અત્રે પાટણમાં કનાસાના પાડાવાળા તરફથી પૂજ્યશ્રીનું ચાતુર્માસ પરિવર્તન ઠાઠથી ઉજવાયું. નગરબહાર શત્રુંજય પટ યાત્રા, તથા મહોલ્લામાં વિશાળ મંડપમાં બે દિવસ વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના વગેરેથી ધર્મ-પ્રભાવના સારી થઈ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૯,તા.૨૦-૧૧-૧૯૬૫

• **ચાણસ્મા :** પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** પાટણથી વિહાર કરી અત્રેના બહુ આગ્રહથી કા.વ. ૫ ના પધાર્યા છે.



સંઘનો ઉલ્લાસ ઘણો. અત્રે અઢાર અભિષેકના પ્રસંગ પર સંઘના અતિ આગ્રહથી બીજે દિવસે પણ રોકાવાનું થયું. અહીંથી વિહાર કરી વદ ૧૦, ૧૧ પ્રાયઃ મહેસાણા થશે. એઓશ્રી અમદાવાદ માગશર સુદ ૫-૬ પધારે એવો સંભવ છે. વિહારમાં પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સારું રહ્યું. **પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ ચાણસ્માથી શંખેશ્વર પધાર્યા છે. શંખેશ્વરથી કા.વ. ૧૧ ના સાંજના વિહાર કરી પ્રાયઃ કા.વ. ૧૪ ભોયણી, કા.વ. ૦)) ખાવડ (કડી પાસે) અને માગશર સુદ ૩ અમદાવાદ પધારવા વકી છે.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૧૧,તા.૪-૧૨-૧૯૬૫

• **લીંચ : સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ સપરિવાર મહેસાણા થઈ અત્રે પધાર્યા. બંને સ્થળે ખૂબ ઉત્સાહથી સંઘે સ્વાગત-વ્યાખ્યાન શ્રવણાદિનો લાભ લીધો. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજીને તાવના કારણે અત્રે રોકાવાનું થયું. અત્રેથી સુદ ૧ વિહાર કરી સુદ ૩ પાનસર થઈ અમદાવાદ પધારવાની ધારણાં છે. પૂજ્યશ્રીના આદેશથી પં.શ્રી ભાનુવિજયજી મહારાજ પણ ખાવડ (કડી)થી વિહાર કરી પાનસર પૂજ્યશ્રીની સેવામાં પધારશે. વિહારમાં પૂજ્ય આચાર્યદેવેશની તબીયત ઠીક રહી.** જ્ઞાનમંદિરના ટ્રસ્ટીઓ શેઠ શ્રી રમેશભાઈ વગેરે તથા શેઠ શ્રી રમણલાલ વજેચંદ અને ઉસ્માનપુરા સોસાયટીવાળા પૂજ્યશ્રીને અમદાવાદ પધારી લાભ આપવા આગ્રહભરી વિનંતી કરી ગયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૧૨,તા.૧૧-૧૨-૧૯૬૫

• **અમદાવાદ :** સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** વિશાળ પરિવાર સાથે પાટણથી આ તરફ પધારતાં સાબરમતી પધાર્યા. સંઘે અગાઉથી જાહેરાત કરી હોવાથી અમદાવાદથી પણ ભાવિકો આવ્યા. બહુ ઠાઠથી સામૈયું થયું. વ્યાખ્યાનમાં વિશાળ હોલ પણ ચિકાર ભરાઈ ગયો. રવિવાર હોઈ બપોરે પણ વ્યાખ્યાન થયું. સંઘના અતિ આગ્રહથી સોમવારે પણ અત્રે જ રોકાણ થયું. સુદ ૭ પૂજ્યશ્રી સપરિવાર ગીરધરનગર સોસાયટી પધારી રહ્યા હતા. કુદરતી કેમ્પ વિભાગમાં શેઠ શ્રી અંબાલાલ સારાભાઈ કે જેઓને લકવાનું દર્દ છે એ બાબાગાડીમાં જઈ રહેલા તે એમણે પૂજ્યશ્રીને હાથ

જોડી ઊભા રાખ્યા. પૂ. આચાર્યદેવે માંગલિક સંભળાવ્યું પછી પૂજ્યશ્રી તો ચાલ્યા પરંતુ પાછા પૂજ્યશ્રીને ઊભા રખાવી શેઠશ્રીએ પાસે જઈ મસ્તકેથી પોતાના હાથે બાંધેલું કપડું કાઢી પૂજ્યશ્રીના હાથે વાસક્ષેપ નંખાવ્યો. એ વખતે એમની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં એ પછી ત્રીજે દિવસે પૂ. આચાર્યદેવશ્રીને એમણે પોતાના બંગલે ખાસ નિમંત્રીને અડધો કલાક સુધી વૈરાગ્યનો ઉપદેશ સાંભળ્યો. શેઠશ્રીના મોટા બેન અનસુયાબેન, ધર્મપત્ની સરલાદેવી, પુત્રી મૃદુલાબેન વગેરે પણ એ વખતે પણ ઉપસ્થિત હતા. સૌને આનંદ થયો પછી શેઠશ્રીએ જ્ઞાનપૂજન કર્યું. બધાએ પૂજ્યશ્રીને સામે લેવા તથા વળાવવા આવેલા. પૂ. આચાર્યદેવશ્રીનો પુણ્યપ્રભાવ અનેરો પ્રવર્તી રહ્યો છે. ગીરધરનગર પધારતા શેઠ શ્રી સુબોધચંદ્ર પોપટલાલને ત્યાં અતિ અશક્ત બેનના ખાસ આગ્રહથી પૂજ્યશ્રી પધાર્યા હતા. તેમજ શેઠશ્રી કીકાભાઈ ભગુભાઈની ખાસ વિનંતીથી એમના ગૃહમંદિરે પધારેલા, ગીરધરનગરમાં પ્રવેશ થતાં સંઘે ઉત્સાહભર્યું સ્વાગત કર્યું વ્યાખ્યાન-પ્રભાવનાદિ થયું. શેઠ શ્રી હીરાભાઈ મણિલાલ જેઓ પોતાના નવા બંગલામાં હજી સુધી સાધુ સાધ્વીને ચોમાસું તથા શેષકાળ સ્થિરતા કરાવી રહ્યા છે. એમણે પૂ. આચાર્યદેવશ્રીને પણ સપરિવાર એમાં પધરાવ્યા હતા. વ્યાખ્યાનમાં બંગલાવાસીઓએ મહિનાની મોટી તિથિઓએ ઘી અને બીજી વિગઈઓના ત્યાગનો અભિગ્રહ કર્યો, સુદ ૧૦ અમદાવાદ શહેરમાં પ્રવેશ ૧૦ વાગે હતો, તેથી મસ્કતી મારકિટના વેપારી શેઠ શ્રી લાલચંદ રાજમલ વગેરેની ખાસ વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર સવારે ત્યાં સ્વાગત સહિત પધાર્યા. ખાસ બાંધેલા મંડપમાં ૮॥ થી ૯॥ વ્યાખ્યાન થયું. અગાઉથી જાહેરાત કરેલ હોવાથી મેદની વિશાળ હતી. જીવની તુચ્છ ભોગના આનંદ માણવામાં અધમ કક્ષા, જીવન વ્યવહાર (૧) રૂપિયા-આના-પાઈના કાટલે, (૨) મમ્મણ-ભોજન પટ્ટીના કાટલે, (૩) આરામીના કાટલે અને (૪) ઇન્દ્રિયોની તુષ્ટિપુષ્ટિના કાટલે ચાલતો હોઈ પરમાત્મા, શાસન દેવગુરુ ભક્તિ વગેરેના ભૂલાતા મૂલ્યાંકન વગેરે પરિસ્થિતિ પર આત્માના કર્તવ્ય અંગે વ્યાખ્યાન થયું. અંતે શ્રીફળની પ્રભાવના થઈ. દસ વાગે પૂજ્ય આચાર્યદેવશ્રીનો વિશાળ પરિવાર સાથે પાંચકૂવા દરવાજે પ્રવેશ થયો, શહેરમાંથી પૂ. આચાર્ય વર્યશ્રી વિજય જંબુસૂરિજી મહારાજ પણ સપરિવાર પધાર્યા હતા. બજારનો સમય થતો હોવા છતાં સામૈયામાં ભારે મેદની હતી. જ્ઞાનમંદિરમાં પૂજ્યશ્રી પધાર્યા. વ્યાખ્યાન હોલ ચિકાર ભરાઈ ગયો. વ્યાખ્યાનમાં ધર્મની ઉત્કૃષ્ટ મંગળતા, સર્વ પુરુષાર્થમાં પ્રધાનતા નમસ્કારમંત્રનો પ્રભાવ વગેરે પર વિવેચન થયું. બીજે દિવસે મૌન એકાદશી હતી. સારા પ્રમાણમાં પોષધ થયા. શેઠશ્રી રમેશભાઈ, ચંદુભાઈ વગેરે ટ્રસ્ટીઓ પણ વ્યાખ્યાનમાં ઉપસ્થિત



હતા. સવા બે કલાક વ્યાખ્યાન ચાલ્યું. એમાં કલ્યાણકનું મહત્ત્વ ૧૫૦ કલ્યાણકોથી મૌન એકાદશીનું મહત્ત્વ, ભગવાન મલ્લીનાથનો પૂર્વ જન્મમાં મહા આરાધના, સીતાજીની ચારિત્ર સાધના, પ્રભુનો છ મિત્રો સાથે સંબંધ, છેલ્લો તીર્થંકરનો ભવ, સુવ્રત શેઠની મૌન એકાદશીની આરાધના વગેરે વિષય પર વિવેચન થયું. પૂજ્યશ્રી અત્રે માગશર વદ ૨ સુધી રોકાશે.

• **પાલી :** (રાજસ્થાન) અત્રેથી નજીકમાં આવેલા ગુંદોજ ગામે વસતા ભાઈથી પારસમલજી પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ. શ્રીના પરિચયમાં હતા. છેલ્લા છ આઠ માસથી એમની સાથે રહી ઉપદેશ પ્રેરણાના સમ્યક્જ્ઞાન પ્રાપ્ત કરીને વૈરાગ્ય-ભાવના ચારિત્ર લેવા તૈયાર થયા. એમના પિતાશ્રીએ પણ એમની દીક્ષાની વાત વધાવી લીધી. અને પૂજ્યશ્રીને વિનંતી કરીને પોતાને આંગણે આમંત્ર્યા. પૂજ્ય મહારાજશ્રી ફલોધિથી વિહાર કરી અત્રે પધાર્યા. ત્રીજના દિવસે ગુંદોજમાં પ્રવેશ કરેલો ૩-૪-૫ ત્રણ દિવસમાં મહોત્સવ થયો. ચોથ અને પાંચમે બે ભવ્ય વરઘોડા નીકળ્યા. વરઘોડામાં હાથી પણ આવેલો. પાંચમના દિવસે ધામધૂમથી દીક્ષા થઈ અને તે દિવસે પારસના પિતાજી તરફથી નવકારશી થઈ. આજુબાજુના ગામોમાંથી લગભગ છસો-સાતસો સ્ત્રી-પુરુષો આવેલા. બ્યાવરથી શ્રી શંકરલાલજી મુણોત. શ્રી શોરીલાલજી વગેરે આવેલા. જોધપુરથી શ્રી રણજીતમલજી મુન્સફ મેજીસ્ટ્રેટ, શ્રી મૂળરાજજી પણ આવેલા. દીક્ષાના ઉપકરણોમાંથી પાંચ ઉપકરણોની બોલી રૂા. ૩૦૦૦-ત્રણ હજારની થઈ. તેઓશ્રીનું નામ પૂ.મુ. શ્રી પ્રેમરત્નવિજયજી મ.શ્રી. રાખવામાં આવેલ.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** **વર્ષ-૧૪,અંક-૧૩,તા.૧૮-૧૨-૧૯૬૫**

• **અમદાવાદ :** સિદ્ધાંતમહોદધિ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે** લગભગ ૭૦ ઠાણા સાથે અત્રે માગશર સુદ ૧૦ પ્રવેશ કર્યો. જ્ઞાનમંદિરમાં પર્યુષણની જેમ જયજયકાર વર્ત્યો. વ્યાખ્યાનમાં દૂર દૂરથી પણ ભાવિકો રોજ આવતા. ટ્રસ્ટીઓ શેઠ રમેશભાઈ વગેરેએ અત્રે ચાતુર્માસ અર્થે જોરદાર વિનંતી કરી પરંતુ છેવટે પૂજ્યશ્રી તરફથી વૈશાખ સુદ ૮ પૂર્વે ચોમાસાનો બીજે ક્યાંયનો પણ નિર્ણય નહિ લેવાય એવું આશ્વાસન મળ્યું. શાન્તિનગર સોસાયટી અને ઉસ્માનપુરા સોસાયટી તરફથી પધારવા વિનંતી થઈ. પૂજ્યશ્રી હાલ માગસર વદ ૩ શાન્તિનગર સોસાયટીમાં પધાર્યા છે. વ્યાખ્યાન રોજ ૯ વાગે બેસે છે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. પૂ. આ. શ્રી વિજય જંબૂસરિજી મહારાજ અત્રેથી

માગશર વદ ૧ પાલીતાણા ૫ મુનિઓના વર્ષીતપ પારણાં અર્થે પધારવા વિહાર કરી ગયેલ છે. ધા.શિ. શિબિરના સંચાલક શ્રી કેશવલાલ મોહનલાલે પોતાના સુપુત્રના અત્રે લગ્ન પ્રસંગે રાત્રિભોજન બિલકુલ ન થાય એવો પ્રબંધ રાખી સુંદર ધડો બેસાડ્યો. લગ્ન પ્રસંગે એમણે સિદ્ધચક્ર પૂજન બહુ સુંદર ઉજવ્યું. તેમાં અગ્રણી શ્રીમંતોએ પણ લાભ લીધો. વળી એક ધા. શિક્ષક સંમેલન પણ યોજ્યું. સાંસારિક પ્રસંગને ધર્મપ્રસંગો અને જૈનાચારથી આંજી દીધો.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૧૪,તા.૨૫-૧૨-૧૯૬૫**

● **સાણંદ** : અમદાવાદથી વિહાર કરી આગમપ્રજ્ઞ પૂ. આ.શ્રી વિજયજંબૂસૂરિજી મ. અત્રેના આગેવાનોની વિનંતીથી વદ ૫ પધાર્યા. ઠાઠથી સામૈયું, વ્યાખ્યાન પ્રભાવનાદિ થયા. વચમાં દશાપોરવાડ તથા અશ્વિન સોસાયટીમાં ભાવિકોની વિનંતીથી સારો લાભ આપેલો. ખાવડ વિરમગામ સંઘોની વિનંતીથી પૂજ્ય શ્રી ત્યાં પધારશે. એઓશ્રી પાંચ મુનિઓનાં વર્ષીતપપારણાં અંગે શ્રી સિદ્ધગિરિજી જઈ રહ્યા છે.

● **અમદાવાદ** : સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવેશ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ શાંતિનગર સોસાયટી સંઘના અતિ આગ્રહથી શાંતિનગર પધાર્યા છે. વ્યાખ્યાનમાં લોકો સારો લાભ લે છે. રવિવારે બપોરે **'જીવનદૃષ્ટિ અને ગજસુકુમાળ'** પર જાહેર વ્યાખ્યાન થયું. સોમવારે પૂજ્યશ્રીની નિશ્રામાં રાજનગરના ઉપાશ્રયોમાં રહેલ શ્રમણ-આગેવાનોની સભા મળી હતી અને શ્રમણ સંઘે રાષ્ટ્રહિત જળવાય એ દૃષ્ટિએ પણ ધાર્મિક દ્રવ્યો શાસ્ત્રની મર્યાદા મુજબ ધર્મ સિવાયના કાર્યમાં ન વાપરી શકાય એવો નિર્ણય લીધો હતો. સભામાં પૂ.પં. મંગલવિજયજી મ. પૂ.પં. પરમપ્રભવિજયજી મ., પૂ.પં. શ્રી ભદ્રંકરવિજયજી મ., પૂ. ગણિવર્ય શ્રી ધર્મસાગરજી મ., પૂ. મુનિરાજશ્રી સુબોધસાગરજી મ., વગેરે ઉપસ્થિત હતા. ઉસ્માનપુરા વર્ધમાન જૈન સંઘે પૂ. આચાર્ય-દેવેશને શ્રીપાલનગર પધારી સારી સ્થિરતા કરી લાભ આપવા ખૂબ આગ્રહભરી વિનંતી કરી.

● **ગોધરા-વેજલપુર** : અત્રેના ભાઈશ્રી ભૂપેન્દ્રકુમારે વૈરાગ્યરંગમાં આગળ વધી પૂ. મુનિરાજશ્રી સૂર્યોદયવિજયજીની પાસે સારા ઉત્સવ સમારોહપૂર્વક શ્રી ભાગવતી દીક્ષા અંગીકાર કરી છે.



**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૧૫,તા.૧-૧-૧૯૬૬**

● **અમદાવાદ** : સિદ્ધાંતમહોદધિ પૂજ્ય આચાર્યદેવ **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ને અત્રે આવ્યા પછી લાગે છે કે શ્રમના લીધે પાંચ-સાતવાર છાતીમાં મુંઝવણ થઈ હતી. ડૉક્ટરે હાર્ટનો કાર્ડિયોગ્રામ લીધો અને એવો અભિપ્રાય આપ્યો કે હૃદયને પૂર્વે જે નુકસાન પહોંચ્યું હતું, તેમાં કાંઈ સુધારો થયો નથી. બોલવા-ચાલવાના શ્રમને લીધે આ મુંઝવણ થઈ હોય, તેથી હવે હમણાં પૂર્ણ આરામની જરૂર છે. પૂજ્યશ્રીએ પણ હાલ બોલવાનો પણ શ્રમ લગભગ બંધ કરેલ છે. બાકી તબીયત ઠીક છે.

● **ગોહીલી (સિરોહી)** : અત્રેના વતની ભાઈશ્રી ઝવેરચંદ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં મારવાડ-શીલદરમાં ચાલેલા ઉપધાન વખતે વ્યાખ્યાન શ્રવણથી વૈરાગ્ય વાસિત બન્યા હતા. તે પછી પૂજ્ય ગુરુદેવોના સંપર્ક તથા જિનવાણી શ્રવણના પ્રભાવે વૈરાગ્ય વધી જતા ચારિત્ર લેવાનો નિર્ધાર કર્યો અને પૂજ્ય આચાર્યદેવશ્રીને વિનંતી કરી પીંડવાડાથી પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી તથા પૂ.મુ. શ્રી જયશેખરવિજયજી આદિ મુનિરાજોને પોતાના આંગણે લઈ જઈ તેઓશ્રીના વરદ હસ્તે ઉત્સવપૂર્વક ધામધૂમથી સંઘના ઉલ્લાસ વચ્ચે મા.વ. ૩ ના ચારિત્ર લીધું. એમનું નામ મુનિશ્રી જિનશેખરવિજયજી રાખી, પૂજ્ય મુનિરાજશ્રી રત્નાંશુવિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા. દીક્ષા વખતે દીક્ષાના ઉપકરણની ઉછામણી લગભગ ત્રણ હજાર રૂા. થઈ હતી.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૧૬,તા.૮-૧-૧૯૬૬**

● **અમદાવાદ** : ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ અત્રે શાંતિનગર-સોસાયટી સંઘના અતિ આગ્રહથી શાંતિનગર-ઉપાશ્રયમાં બિરાજી રહ્યા છે. એઓશ્રીને હાર્ટ પર મુંઝવણો આવી ગયા પછી ડૉક્ટરી સલાહ મુજબ હાલ બોલવાનો પણ શ્રમ બંધ રાખ્યાથી સ્વાસ્થ્યમાં સુધારો જણાય છે. હાર્ટના સ્પેશિયાલિસ્ટ સર્જન ડૉ. પન્નાલાલ, તથા ડૉ. આર.સી. પરીખ એમ.ડી., સેવાભાવે તપાસી ગયા. સોમવારે શેઠ શ્રી રમણલાલ વજેચંદના પ્રયત્નની સર્જન ડા.ઝલુનવાળા જેમને શ્રી રમણભાઈ પાટણ પૂજ્યશ્રીના પ્રોસ્ટેટ ગ્લેન્ડના દર્દ અંગે લઈ આવેલ, એ પણ સેવાભાવે તપાસી ગયા. બધાનો

અભિપ્રાય પહેલાં કરતાં તબીયત સંતોષજનકનો પરંતુ પૂર્ણ આરામ લેવાનો છે. શ્રીપાલનગરવાળા શેઠશ્રી અમૃતલાલ વગેરેનો કે પૂજ્યશ્રીને ત્યાં પધારવાનો ઘણો આગ્રહ છતાં પૂ.શ્રીની તબીયતના કારણે લંબાવ્યું છે. પોસ વદ ૮ પછી ત્યાં પધારવા વકી છે. અત્રે પૂ.સાધ્વીજી શ્રી વલ્લભશ્રીજી મ.ના ઉપદેશથી સ્વ.શ્રી કાન્તિલાલ નગીનદાસના શ્રેયો નિમિત્તે એમના ધર્મપત્ની હીરાબેન તરફથી રવિવાર તા. ૨-૧-૬૬ પૂ.આચાર્યદેવશ્રીની નિશ્રામાં 'અરિહંત' પદના જાપનું ભવ્ય સમૂહ અનુષ્ઠાન ઉજવાયું. જાહેરાત સારી થઈ હોવાથી આજુબાજુ સોસાયટીઓમાંથી તથા શહેરમાંથી પણ આરાધકો આવ્યા હતા. દરેકને ૫૦,૦૦૦ જાપ કરવાનો હતો. કુલ ૩૭૫ જણાએ લાભ લીધો. ખીરના એકાશન સાથે સમૂહસ્નાત્ર-'અરિહંત' સ્વરૂપ શ્રવણ-ગુણગીત-જાપ વગેરે સુંદર ઉજવાયું. સ્નાત્ર પછી અરિહંતના અનન્યસ્વરૂપ અને અચિંત્ય પ્રભાવ ઉપર રોચક વ્યાખ્યાન થયું. બાદ જૈ.ધ.આરાધક મંડળના શ્રી ચતુરભાઈ, શ્રી રસિકભાઈ વગેરેએ અરિહંતપદની પૂજાઓ તથા 'જપો અરિહંત'ની ધૂન સુંદર ઝીલાવી. આ દિવસે શેઠશ્રી અમૃતલાલ દ.હાજીએ પૂજ્યશ્રીને સપરિવાર પોતાનાં બંગલે પધરાવી સારો લાભ લીધો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૨૧,તા.૧૨-૨-૧૯૬૬**

● **અમદાવાદ :** સિદ્ધાંતમહોદધિ પૂ.આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની શારીરિક સ્થિતિ ઠીક ચાલે છે. અત્રે ઉસ્માનપુરામાં એઓશ્રીની શુભ નિશ્રામાં પૂ.મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ.ના સંસારી બેન હાલ સાધ્વીજી શ્રી દિવ્યયશાશ્રીજી મ.ને લાગટ ૫૦૦ આંબેલનાં મહા સુદ ૧૦ ના રોજે પારણાં નિમિત્તે સુદ ૮ એમના સંસારી માતુશ્રી સોનુબેન, ભાઈ ચંપકલાલ તથા બોરસદવાળા ભાઈ તરફથી મહા સુદ ૮ શ્રી જૈન ધર્મ આરાધક મંડળે બાર વ્રતની પૂજા ભક્તિ સંગીત ભર્યા ઠાઠથી વ્યાખ્યાન શ્રવણ આદિનો લાભ લીધો. મહા સુદ ૧૪ વ્યાખ્યાન બાદ પૂજ્યશ્રી દશાપોરવાડ સોસાયટીના ઉપાશ્રયે પધાર્યા. અત્રેનો અને આજુબાજુનો લોક લાભ સારો લે છે. રવિવારે બપોરે પણ **'આત્માનું ઉત્થાન'** એ વિષય પર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. અત્રેથી પૂજ્યશ્રીનો વદ ૭ ઉસ્માનપુરા સંઘના બહુ આગ્રહથી પ્રતિષ્ઠા ઉત્સવ પર પધારવાનો તથા પછી ફા.સુ.૫ શેઠ શ્રી રમણલાલ વજેચંદના બંગલે ઘરમંદિરમાં પ્રભુજી પધરાવવાના તથા અષ્ટોત્તરી સ્નાત્ર ઉજવવાના પ્રસંગ પર પધારવાનો, અને બાદ ફા.સુ.૧૧ સુરદાસ શેઠની પોળના સંઘની વિનંતીથી સપરિવાર ત્યાં પધારવાનો કાર્યક્રમ નક્કી થયો છે. ત્યાં પૂ.ઉપા.શ્રી



ધર્મવિજયજી મ. તથા પૂ.પં.શ્રી કાન્તિવિજયજી મ. ના સ્વર્ગવાસ નિમિત્તે ભવ્ય ઉત્સવ છે.

સુદ ૯ બેનોની પૂજા અત્રેના મહિલા મંડળે ભણાવી. પૂ. આચાર્યદેવશ્રીની પ્રેરણાથી વ્યાખ્યાનમાં બાર વ્રતની પુસ્તિકા તથા સમજુતી અપાતાં શેઠ અમૃતલાલ હરગોવિંદદાસના બંગલા આગળના વ્યાખ્યાન-મંડપમાં શ્રી વર્ધમાન જૈન સંઘ તરફથી જાહેર પત્રિકાપૂર્વક મહા સુદ ૧૦ ના સવારે નાણ માંડવામાં આવી. સંઘના સેક્રેટરી શેઠ શ્રી ભીખાભાઈ તથા ચીમનભાઈ, તેમજ શેઠ શ્રી કાંતીલાલ અમૃતલાલ વગેરે ૩૫ જણાંએ બાર વ્રત વગેરે ઉચ્ચર્યા. અત્રે ફા.સુ. ૩ પ્રતિષ્ઠા સુધી રોકાવા પૂજ્ય આચાર્યદેવશ્રીને શ્રી સંઘ તરફથી બહુ આગ્રહ થયો, પરંતુ વચગાળે શેઠશ્રી ભોગીભાઈ સુતરિયા, શ્રી દશાપોરવાડ સંઘ વગેરેની ઘણાં વખતથી વિનંતી થતી હોઈ. પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર સુદ ૧૦ બપોર પછી ખુશાલભુવન પધાર્યા ત્યાં શ્રી સુતરિયા કુટુંબ શ્રી લાલભાઈ વકીલ વગેરે સારી સંખ્યામાં લોકોએ

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૨૨,તા.૧૯-૨-૧૯૬૬**

● **અમદાવાદ :** સિદ્ધાંતમહોદધિ પૂ.આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ દશાપોરવાડ સોસાયટી સંઘના અતિ આગ્રહથી માહ સુદ ૧૪ ના પધાર્યા, ત્યાંના તથા આજુબાજુના ભાવિકોએ વ્યાખ્યાન શ્રવણ આદિનો સારો લાભ લીધો. દશા-પોરવાડ સોસાયટીમાં આગામી ચોમાસું કરવા માટે શ્રી સંઘે બહુ આગ્રહભરી વિનંતી કરી. વૈશાખ સુદ ૮ પહેલાં નક્કી નહિ થવાનું પૂજ્યશ્રી તરફથી જણાવવામાં આવ્યું. ઉસમાનપુરા વર્ધમાન જૈન સંઘના ફા.સુ. ૩ પ્રતિષ્ઠાનો મહોત્સવ પર પધારવાના ભારે આગ્રહથી પૂ. આચાર્યદેવશ્રી મહા વદ ૭ ઉસમાનપુરા સંઘના ભારે સ્વાગત સાથે પધાર્યા. ઉત્સવનો આદેશ લેનાર શ્રી નટવરભાઈએ બે દિવસ સારો લાભ લીધો. અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ પણ સુસ્વાગત પધારી ગયા છે. બંને પૂ. આચાર્યદેવોના સાંનિધ્યમાં કુંભસ્થાપના અખંડ દીપક વગેરેની ભવ્ય ઉછામણી થઈ. સંઘમાં અનેરો ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે.

પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને કંઈક હાર્ટની તકલીફ, ગેસ, તથા જૂનો વાનો દુઃખાવો રહે છે. બે કન્સલ્ટીંગ ડૉ. પનાલાલ શાહ તથા મનુભાઈ શાહે તપાસી સ્થિરવાસની ખાસ સલાહ ભારપૂર્વક આપી છે. શેઠશ્રી જીવતલાલ પરતાપશી, શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠશ્રી મોતીલાલ વીરચંદ, શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી વંદન અર્થે આવ્યા હતા.

● **અમદાવાદ** : પૂ.સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ ઉસ્માનપુરા જૈન સંઘના અતિ આગ્રહથી શ્રી જિનમંદિરની પ્રતિષ્ઠા પ્રસંગ પર પધાર્યા છે અને મંદિર પાસેની કર્ણાવતી સોસાયટીમાં બિરાજે છે, એઓશ્રીને માહ વદ ૧૩ સાંજે એકાએક હાર્ટના ભાગમાં તકલીફ ઊભી થઈ. સેવાભાવી કન્સલ્ટીંગ ડૉક્ટરો શ્રી મનુભાઈ, શ્રી પરીખ, શ્રી સુમન શાહે કાર્ડિયોગ્રામ વગેરેથી તપાસ કરી, ઉપચારથી રાહત થઈ છે. છતાં વદ ૧૪, વદ ૦)) સાંજના ફરીથી થોડીક મુંઝવણ ઊભી થયેલી, ડૉક્ટરો ચકિત થાય છે કે પૂજ્યશ્રી આટલી હાર્ટની બિમારીમાં સુંદર સમાધિ-શાંતિ રાખી ટકી શકે છે; બાલબ્રહ્મચર્ય-સંયમ-તપોબળનો પ્રભાવ અદ્ભુત છે. વદ ૦)) સાંજના પણ તકલીફ થયેલી ઉપચારથી શાંતિ થઈ છે. ડૉક્ટરોની સલાહ અનુસાર પૂજ્યશ્રીને તદન આરામમાં રાખવામાં આવ્યા છે. પોતે પોતાના જાપ, સમાધિ-શ્રવણ માનસિક તીર્થદર્શન વગેરેમાં મગ્ન રહે છે. એઓશ્રી તથા વયોવૃદ્ધ શાંતમૂર્તિ પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અત્રે પ્રતિષ્ઠા મહોત્સવ સુંદર ચાલી રહ્યો છે. ઉછામણી અદ્ભુત થઈ. વૈશાખ માસમાં ખંભાત જિનશાળા-ઉદ્ઘાટન-મહોત્સવ તથા ઉજમણા અંગે પૂ. આચાર્યદેવશ્રી ખંભાત પધારવાના હિસાબે મે વેકેશનની ધાર્મિક શિક્ષણ-શિબિર ખંભાતમાં ભરાવાનું નક્કી થયું છે.

પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબજીને તાજેતરમાં હાર્ટની તકલીફ આવેલી છતાં અત્રે ફા.સુ. ૩ ઉસ્માનપુરા નૂતન ભવ્ય શિખરબંધી જિનપ્રાસાદમાં શ્રી સંભવનાથ આદિ પ્રભુજીની પ્રતિષ્ઠા સમયે પધાર્યા હતા. સવારે ડૉ. મનુભાઈ M.D. પૂજ્યશ્રીની તબીયત તપાસી સુધારો જોઈ ખુશ થયા; અને કહ્યું કે પ્રતિષ્ઠા વખતે બહુ આસ્તે આસ્તે સ્ટ્રેચરમાં લઈ જઈ શકશો. બાકી જેવા આરામ અહીં રખાય છે, તેવો ને તેવો ચાલુ રાખશો તો મને વિશ્વાસ છે કે નવા કાર્ડિયોગ્રાફમાં સારો સુધારો નોંધાશે. **પૂજ્યશ્રી અને પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પ્રતિષ્ઠા-મહોત્સવ અદ્ભુત ઉજવાયો.** ઉછામણીઓ ધારણા બહાર સારી થયેલી. હાલ બંને પૂજ્યશ્રી અત્રે બિરાજમાન છે, પૂ. આ. શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને બે એક દિવસે સહેજ મુંઝવણનો ચમકારો દેખાઈ આવે છે. પ્રોસ્ટેટ ગાંઠ વધી ગઈ છે. ઉપચાર ચાલુ છે. મોં પર સ્ફૂર્તિ સારી દેખાય છે. ફા.સુ. ૩ પૂજ્યશ્રીના વરદ્ હસ્તે ચતુર્વિધસંઘની હાજરીમાં પૂ. પં. શ્રી કેવળવિજયજી મહારાજને ઉપાધ્યાય પદે આરૂઢ કરવામાં આવ્યા. પૂ.



મુનિશ્રી રત્નાંશુવિજયજી અને પૂ.મુનિશ્રી ભદ્રગુપ્તવિજયજીના નૂતન શિષ્યોને વડીદીક્ષા આપવામાં આવી અને દિગ્બંધનમાં અનુક્રમે મુનિશ્રી જિતશેખરવિજયજી તથા શ્રી પદ્મરત્નવિજયજી નામ આપવામાં આવ્યું.



● **ખંભાત** : મહા વદ ૬ ને શુક્રવારે રાત્રે ૮-૦૦ વાગે શેઠના ડહેલામાં મુમુક્ષુ ભાઈ શ્રી નરેન્દ્રકુમાર મુંબઈ મુકામે દીક્ષા અંગીકાર કરવાના હોવાથી તેમને સન્માનવાનો એક સમારંભ જૈનરત્ન શેઠશ્રી રમણલાલ ડી. શ્રોફના પ્રમુખપણા નીચે યોજાયો હતો; જેમાં સૌ પ્રથમ પાઠશાળાના વિદ્યાર્થીઓએ મંગળાચરણ કર્યા બાદ શ્રી શાંતિભાઈ (ભાણાભાઈ) એ નવકારમંત્રની ધૂન ગવડાવી. ત્યારબાદ રમણલાલ પારેખ, નવીન જે. શાહ, રતિલાલ બી. શાહ, છબીલદાસ પંડિત, ચીમનલાલ દલાલ વગેરે વક્તાઓએ પ્રસંગને અનુરૂપ વક્તવ્યો રજૂ કર્યા હતા. વધુમાં જૈન ધાર્મિક શિક્ષણ શિબિરના અગ્રગણ્ય વિદ્યાર્થી શ્રી પ્રવિણચંદ્ર સી. શાહે જણાવ્યું કે સન્માન સમારંભ તો ઘણાય યોજાય છે; પણ કર્મ નિર્જરા અને શુભ અનુમોદનાના પરમ સાધનરૂપ આ દીક્ષા સન્માન સમારંભ વિશિષ્ટ કોટિનો છે. સાધુ જીવનનું ઊંચું મૂલ્ય આંકતા જણાવ્યું કે ઇતિહાસમાં થયેલા અનેક મહાપુરુષોના જીવન પલટામાં સન્માર્ગે વાળવામાં સાધુ ભગવંતોનો અનુપમ ફાળો છે. આ સમારંભ પ્રસંગે આપણે પણ એ માર્ગે વળવા મજબૂત તૈયારી કરતા રહીએ અને પરમ સુખની પ્રાપ્તિનું લક્ષ રાખી જીવનને ચારિત્રશીલ બનાવી ઉજ્જ્વળ બનાવીએ તો સમારંભની સફળતા સાર્થક ગણાય. દીક્ષાર્થીના જીવનની ઉજ્જ્વળતાને અને માતાપિતાને ધન્યવાદ આપ્યા હતા. ત્યારબાદ શ્રી શાંતિભાઈ (ભાણાભાઈ)એ જણાવ્યું કે "શિબિરમાંથી શું પ્રાપ્ત થાય છે ! તે અગાઉના વક્તા શ્રી પ્રવિણભાઈના વક્તવ્ય પરથી સમજી શકાશે" તેમ ઉલ્લેખ કરી દીક્ષાર્થી ભાઈને અભિનંદન આપ્યા હતા. ત્યાર બાદ પ્રમુખશ્રીએ દીક્ષાર્થી ભાઈને સંઘ તેમજ પાઠશાળા તરફથી સન્માન પત્રિકા અર્પણ કર્યા બાદ જણાવ્યું કે સંયમ માર્ગ લેવાનું મન ત્યારે જ થાય કે જ્યારે સારાયે જગતમાં પોતાનું જીવન જીવવામાં છકાયની હિંસા તેનાથી ન થાય તેવો ભાવ પ્રગટે ત્યારે તે સંસારથી કમકમી ઊઠે છે. કેટલાય મનોમંથન બાદ તે આત્મા નિર્ણય ઉપર આવે છે કે મારે ભગવાનના શાસનમાં રહીને જીવવું છે. આજે તે દિવસ તેમને માટે પ્રગટ થયો છે. તેમને અનુમોદનાની તક આપી તે બદલ તે

ભાઈનો ઉપકાર માન્યો હતો અને ઉપકારનો બદલો સંયમના ગુણગાન ગાઈને વ્યક્ત કરીએ. અંતમાં દીક્ષાર્થી ભાઈ તથા તેમના કુટુંબીજનોને ધન્યવાદ પાઠવ્યા હતા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૨૬,તા.૧૯-૩-૧૯૬૬**

● **અમદાવાદ :** સિદ્ધાંતમહોદધિ પૂ. ગચ્છપતિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ શેઠ શ્રી રમણલાલ વજેચંદની આગ્રહભરી વિનંતીથી જૈનનગરમાં ફા. વ. ૭ એમના બંગલે પધાર્યા. વદ ૬ રાત્રે શ્રી બબાશેઠના આગ્રહથી એમના બંગલે મુકામ રાખેલો, સવારે સામૈયામાં શહેરથી દૂર પણ અગ્રગણ્ય શેઠિયાઓ વગેરે સારા પ્રમાણમાં હાજર રહેલા એ અદ્ભુત હતું. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ પણ આજે અત્રે પધારી ગયેલ. એમણે મંગળ વ્યાખ્યાન સુંદર આપ્યું. બપોરે શ્રી જૈન ધર્મ આરાધક મંડળે અત્રે પૂજામાં ભારે ભક્તિરંગ જમાવ્યો. પૂજામાં પણ શહેર તથા સોસાયટીઓમાંથી સંભાવિત ગૃહસ્થો વગેરે મેદની સારી ઉલટેલી. પૂજ્ય આચાર્યદેવશ્રી હાલ અત્રે જ બિરાજમાન છે એઓશ્રીનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. માત્ર ફા. વ. ૯ સાંજના છાતીમાં મુંઝવણ ૦ા કલાક ચાલી ડૉક્ટરોએ કહ્યું હાર્ટએટેકની કોઈ જ અસર નથી. ઉપચારથી શાંતિ થઈ ગઈ, **અત્રેથી એઓશ્રીની આજ્ઞાથી પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ. નો વિહાર નડિયાદ તરફ ચૈ. સુ. ૧ થવા સંભવ છે. ચૈ. સુદ ૫ ત્યાં પહોંચવા ધારણા છે. પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજીની વર્ધમાન આંબેલતપ ૧૦૦મી ઓળીની એમના ભાઈ તરફથી શાશ્વતી ઓળી ઉજમણું વગેરેની ઉજવણી છે.**

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૪,અંક-૨૭,તા.૨૬-૩-૧૯૬૫**

પરમકૃપાળુ પ. પૂ. **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ** કે જેઓ સતત આગમ-પ્રકરણાદિ શાસ્ત્રોના વાંચનાદિ સાથે પોતાના લગભગ ૨૫૦ શ્રમણ રત્નોના પરિવારનાં સુંદર સાધુજીવન અને જ્ઞાનમગ્ન-જ્ઞાન ચિંતામાં ઓતપ્રોત રહે છે, તથા જેઓએ સ્વ-પર સમુદાયના અનેક મુનિઓને સુંદર અંતિમ સમાધિ આપી છે, વળી જેઓશ્રીએ પૂ. ઉપાધ્યાયજી મહારાજને પોતાની પાસે રાખવા કરેલું પણ અતિ અશક્તિવશ પૂ. ઉપા. મ. લુણાવાથી આવી શકેલા નહિ, તથા પૂ. આચાર્યદેવશ્રીએ પૂ. પં. શ્રી કાન્તિવિજયજી મ. ના કેન્સર દર્દને જાણીને એમને



ચોમાસા પૂર્વે અમદાવાદથી પાટણ ખાસ બોલાવી લઈ ઠેઠ અંત સુધી દ્રવ્યભાવ-સમાધિના ઉપચારો આપેલા હતા; એ પરમ-કૃપાળુ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ અત્રે પધારેલ હોઈ એઓશ્રીની પાવન નિશ્રામાં ધામધૂમ સાથે ફા.સુ. ૧૧ ગુરુવાર તા. ૩-૩-૬૬થી ભવ્ય બૃહદ્ અષ્ટોત્તરી-સ્નાત્ર-વિભૂષિત-જિનેન્દ્ર ભક્તિસહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનું નક્કી કર્યું છે. તે પ્રસંગે અમારી ભાવભીની વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી પોતાના વિશાળ પરિવાર સાથે અત્રે પધારવાની કૃપા કરશે.

ઉત્સવની ઉજવણી અર્થે દેરાસર આગળ ચાંદનીઓ ધજા-પતાકા તથા સુશોભિત લખાણના બોર્ડોથી પોળને શણગારી દેવામાં આવી હતી. દેરાસર તો તાજા જીર્ણોદ્ધારે આખું ય સંગેમરમરથી અરીસા જેવું દેદીપ્યમાન બની ગયું છે. શ્રી કુંથુનાથસ્વામી અને માળ ઉપર શ્રી શ્રેયાંસનાથસ્વામીની અલૌકિક મૂર્તિ પર રોજ નવનવી સુંદર અંગરચનાઓ ભવ્યાત્માના નેત્રોને સ્થિર કરી દેતી. સ્થાનિક ગવૈયા નવસારીવાળાં શ્રી નટવરલાલ તથા શ્રી જૈન ધર્મ આરાધક મંડળે પૂજાઓમાં ભક્તિરંગની રેલમછેલ કરેલી...મંડળની અષ્ટાપદની પૂજાની રમઝટે તો પોળવાળાને સ્તબ્ધ કરી દીધા. ફા. સુ. ૬ બૃહદ્ અષ્ટોત્તરીસ્નાત્ર વખતે શહેરમાંથી માનવમહેરામણ ઉલટ્યો હતો. એની બોલીઓની ઉપજ લગભગ રૂા. ૪૦૦૦) જેટલી થયેલી. દેરાસર આગળ ચોકમાં પૂ. પં. શ્રી ભાનુવિજયજી મહારાજનાં પ્રવચનો થતાં, જે સાંભળવા મોટી મેદની મળતી. પૂ. મહારાજશ્રીને મોટા પરિવાર સાથે લવારની પોળના ઉપાશ્રયના ટ્રસ્ટીઓના સૌજન્યથી ત્યાં ઉતારવામાં આવેલ. સુદ ૭ પોળના દેરાસરની વર્ષગાંઠ સારી ઉજવાઈ. એકંદરે શેઠ શ્રી મયાભાઈ, શ્રી નગીનભાઈ, શ્રી જયંતીલાલ વગેરેના અથાગ પ્રયત્નોએ આ ઉત્સવ પોળ માટે એક સંભારણું બની ગયું.

શ્રી વિશ્વનંદીકર જૈનસંઘના આગ્રહથી પૂ. આચાર્યદેવની આજ્ઞા થવાથી પૂ. પંન્યાસજી મહારાજ સુદ ૮ અરુણ સોસાયટી પધાર્યા. ત્યાં દેરાસર પાસે વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો. રોજ પ્રવચનમાં આજુબાજુથી ઘણા લોકો લાભ લેતા. રવિવારે જાહેર વ્યાખ્યાન-અષ્ટાપદની પૂજાએ રંગ રાખ્યો. સંઘના પ્રમુખ, સેક્રેટરી, તથા સોસાયટીના અગ્રણી વગેરેને ખૂબ આનંદ થયો અને જલ્દી ઉપાશ્રયનું નવનિર્માણ કરી પૂ. મુનિરાજોના સત્સંગ-ચાતુર્માસની ઉત્કંઠા વધી.

પૂ. આચાર્યદેવશ્રી શેઠ રમણલાલ વજેચંદના બંગલે સુખશાતામાં બિરાજે છે. એઓશ્રી અત્રેથી ચૈત્ર સુદ ૬ નડિયાદ તરફ પધારવા વકી છે. પૂ. પં. મહારાજ ચૈ.સુ. ૧ સાંજના નડિયાદ તરફ પધારશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૨૮,તા.૨-૪-૧૯૬૬

● **હિંમતનગર** : અત્રે ધાર્મિક અભ્યાસ કરતા ભાઈ-બહેનોનો તારંગા તીર્થયાત્રાના પ્રવાસ શ્રી મનહરલાલ પી. વખારીયાની દોરવણી નીચે શિક્ષક શ્રી અમૃતલાલ જૈન તથા સુશીલાબહેન ગાંધીએ ગોઠવેલ. બાળકોએ પૂજા તથા ભાવનામાં સૌને ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. શિક્ષકના માતુશ્રીનું વર્ધમાનતપની ઓળીનું પારણું સામાયિકની ઉછામણી બોલીને બાળકોએ કરાવ્યું હતું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૨૯,તા.૯-૪-૧૯૬૬

## મલાડમાં લગ્ન પ્રસંગે ધર્મ-ઉત્સવ

જૈન સમાજમાં આજે કેટલેક ઠેકાણે સામુદાયિક સાંસારિક લગ્નાદિ વહેવારો જૈનાચારની પ્રત્યક્ષ વિરુદ્ધ થયા છે. અભક્ષ્ય-અનંતકાયભક્ષણ, રાત્રિભોજન વગેરે શિષ્ટ અને ગૌરવરૂપ મનાવા લાગ્યા છે. એવા સંજોગોમાં દેપલા (સૌરાષ્ટ્ર)વાળા મુમુક્ષુ શ્રી દલીચંદ નાનચંદ દોશી (મુળજી જેઠા મારકીટના વેપારી) એ તેમના સુપુત્ર પ્રવિણચંદ્રના લગ્ન પ્રસંગે તા. ૧૩-૩-૬૬ રવિવારે મલાડમાં શેઠ દેવકરણ મુલજીની વાડીમાં નીચે મુજબના ધાર્મિક કાર્યક્રમો યોજ્યા હતા.

૧. સવારે ૮-૦૦ વાગે સામુદાયિક સામાયિક જેમાં ૨૫૦ બાળકોએ પૂ. પં. સુદર્શનવિજયજી મ. સાહેબના ઉપદેશનું શ્રવણ કર્યું હતું.

૨. ૯-૩૦ થી ૩-૩૦ થી બૃહદ્‌સિદ્ધચક્રપૂજન બહારથી સેંકડો માણસો આવ્યા હતા.

૩. સાંજ ૪-૦૦ વાગે બૃહદ્ મુંબઈના શિક્ષકોનું બહુમાન, જેમાં ૫૦ થી ૬૦ શિક્ષકો પધાર્યા હતા. શિબિર મંત્રી શ્રી કેશવલાલ શાહે આવા પ્રસંગને સુંદર પ્રકારનું સાધર્મિક વાત્સલ્ય વર્ણવી શિક્ષકોને ભગવાનના સમ્યગ્જ્ઞાનનિધાનના વિનિયોગની ખુમારી રાખી દીનતા દૂર કરવા તથા પોતાના જીવનમાં આચાર શુદ્ધિ સાધવા અનુરોધ કર્યો હતો. મલાડ સંઘના મંત્રીશ્રી બાબુભાઈ, મંત્રી અમૃતલાલ, શ્રી ચીમનલાલ પાલીતાણાકર વિ. ના પ્રવચનો બાદ પૂ. પં. સુદર્શનવિજયજી મ. સાહેબે બાળકોના ચારિત્ર્ય ઘડતર માટે માબાપો તથા શિક્ષકોએ પ્રથમ પોતાનું જીવન સુધારવા ઉપદેશ આપ્યો હતો. અંતે નવદંપતીના હસ્તે બધા શિક્ષક-શિક્ષિકાઓને દરેકને રૂપિયા બે તથા શ્રીફળ આપી ચાંલ્લો કરી બહુમાન કર્યું હતું.



દરેક જૈનનું અંતિમ ધ્યેય સર્વવિરતિનું જ હોય પણ તેના સ્વીકારની શક્તિના અભાવે ના છૂટકે કરવા પડતા સંસારના-વહેવારોમાં પણ જો ધર્મને પ્રધાન સ્થાન આપવામાં આવે તો તે મંગલ બની જાય.

શ્રી દલીચંદભાઈએ લગ્નોત્સવ પ્રસંગે ધર્મોત્સવ બજાવ્યો તે બદલ અભિનંદન ઘટે છે. જૈન સમાજના શ્રીમંત આગેવાનો અને ઓછામાં ઓછું ધર્મી ગણાતા શ્રાવકો આનું અનુકરણ કરી પોતાની શક્તિનો સદ્‌ઉપયોગ કરશે, એ જ આશા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૩૦,તા.૧૬-૪-૧૯૬૬

● **બોરસદ** : પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ વિશાળ પરિવાર સાથે **નડિયાદ**માં પધારી અપૂર્વ શાસન પ્રભાવના કરી આણંદ-બોરસદના સંઘોની અતિ આગ્રહભરી વિનંતીથી ચૈ.વ. ૩ લાંબા વિહારે પણ એ તરફ પધાર્યા; **નરસંડા**માં રાતના રણછોડજીના મોટા મંદિરમાં વ્યાખ્યાન થયું. ચાર સંજ્ઞાઓના પશુજીવનમાં ક્રાન્તિ કરી ધર્મ સાધવા દ્વારા જ માનવ તરીકેની સાર્થકતા કરવાનો ઉપદેશ ચિકાર માનવમેદનીએ સાંભળ્યો. **વડતાલ** સંઘના બહુ આગ્રહથી પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. સ્વામિનારાયણસંપ્રદાયના મહંતની વિનંતીથી જાહેર વ્યાખ્યાન થયું. બહુ લોકોએ લાભ લીધો. ત્યાંથી પૂ. આચાર્યદેવશ્રી **આણંદ** પધાર્યા. શેઠ મણિલાલ દોશીની આગેવાની નીચે સંઘે ઘણા વખતથી સેવેલી તીવ્ર ભાવના આજે સફળ થતી જોઈ અપૂર્વ ઉત્સાહથી સામૈયું કર્યું. લાંબા રસ્તે કમાનો તથા ધજાપતાકાથી શહેર શણગારેલું. અહીં સવારે બપોરે બે વ્યાખ્યાન થયાં. બીજે દિવસે હાઈસ્કૂલમાં જાહેર વ્યાખ્યાન થયું. અધ્યાપન મંદિરમાં શિક્ષણ લેતા માસ્તરો, શાળાના આચાર્ય વગેરે અધિકારીઓ સહિત અન્ય જૈનેતરો પણ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત હતા. વ્યાખ્યાન વખતે એક આફ્રિકાના ભાઈએ આવી અણધારી રીતે રૂા. ૪૦) હજારની શાળાને મદદ કરી તેથી શાળાના આચાર્ય આદિ પર પૂજ્યશ્રીના પગલાની પ્રભાવક અસર પડી. પૂ. આચાર્યદેવશ્રી **નાપાડ** સંઘની વિનંતીથી ત્યાં પધાર્યા. અહીં પણ જૈનેતરોએ મોટી સંખ્યામાં વ્યાખ્યાન શ્રવણ કર્યું. ચૈ.વ. ૬ પૂજ્યશ્રી **બોરસદ** પધાર્યા સંઘનો ઉત્સાહ અમાપ હતો અને સામૈયામાં ભરચક માનવમેદની, બે બેન્ડ, લાંબે સુધી આખા નગરને ધજા વાવટા કમાનોના શણગાર, ગહુંલીઓ વગેરેથી સ્પષ્ટ દેખાતું. વ્યાખ્યાનમાં વિશાળ મંડપ પણ ટૂંકો પડ્યો. અત્રે વદ ૭ પણ રોકાવાનું છે. ગામે ગામની ચોમાસાની વિનંતીઓ આગ્રહપૂર્વક થઈ રહી છે. પૂજ્યશ્રી ચૈ.વ. ૧૧ ખંભાત પધારવા વકી છે.

● (કાવી) : **માછીમારોની અહિંસા** : પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી ભાનુવિજયજી ગણિવર્યના શિષ્ય-પ્રશિષ્ય પૂ. મુનિરાજશ્રી **ધર્માનંદવિજયજી** મ. પૂ. મુનિરાજશ્રી **જયશેખરવિજયજી** મહારાજ આદિ ઠાણા ૬ વૈ. સુ. ૧૩ ના કાવી પધાર્યા હતા. કાવીમાં દર પુનમ અને અમાસે લાખો માછલા માછીમારો પકડે છે તેઓને આ બે દિવસ સંદતર જાળ ન નાખવાની પ્રતિજ્ઞા આપી હતી અને રોજ બે જીવોને છોડી દેવાની પ્રતિજ્ઞા કરાવી હતી.

રબારીઓને પણ પ્રવચનદ્વારા અહિંસાનો મર્મ સમજાવી કસાઈને બકરા નહિ વેચવાની પ્રતિજ્ઞા કરાવી હતી. પૂ. મુનિરાજ સુરત મુકામે વૃદ્ધ માતા સાધ્વીને સુખશાતા પૂછી પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**ની સેવામાં અમદાવાદ પધારશે.

● **ખંભાત** : વિરમગામ નિવાસી શા. ભીખાલાલ સોભાગચંદ્રના સુપુત્ર મુમુક્ષુ મનુભાઈ (ઉં.વ. ૨૭)ની ભાગવતી દીક્ષા તથા પૂ. સા. ચંદ્રશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. સુલોચનાશ્રીજીની વડીદીક્ષા ભવ્ય સમારોહપૂર્વક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ **વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજના વરદ્ હસ્તે થઈ હતી. દીક્ષાનો પ્રસંગ ઉજવવા મુમુક્ષુના માતા-પિતા વગેરે ૪૦ થી ૫૦ કુટુંબીજનો આવ્યા હતા. નૂતન મુનિનું નામ **મુનિશ્રી મલયચંદ્રવિજયજી** રાખી તેમન પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ. મ. ના શિષ્ય કર્યા હતા.

● **વડોદરા** : અત્રેના પ્રસિદ્ધ શ્રદ્ધાળુ લેખક અને ચિતક **શ્રી સુંદરભાઈ ચુનીલાલ કાપડિયા.** M.A. ની દીક્ષાના અભિનંદન મેળાવડા, વર્ષીદાન વરઘોડો તથા વૈ. સુ. ૪ દીક્ષા બહુ ભવ્યતાથી ઉજવાયેલ. પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ. ના શુભ હસ્તે દીક્ષા થઈ, નામ **પૂ. મુનિશ્રી ભુવનચંદ્રવિજયજી** રખાયું, વ્યા. વા. પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય બન્યા.

● **સિરોહી** : શ્રી તપગચ્છ જૈન ઉપાશ્રયના વિશાળ હોલમાં શ્રી અમૃતલાલ મોદી તરફથી તેમના સુપુત્ર સુરેન્દ્રકુમારના લગ્ન પ્રસંગે સિદ્ધચક્ર મહાપૂજન રાખવામાં આવેલ. અમદાવાદથી શ્રી હીરાલાલ મણિલાલ ક્રિયા કરાવવા માટે પધારેલ. રોહીડાવાલા મગનભાઈ તથા બાબુભાઈ વગેરેએ પણ પ્રસંગને સારો દીપાવ્યો.





## શ્રી મહેસાણાના આંગણે ભરાયેલ શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત-પાઠશાળાના ભુતપૂર્વ વિદ્યાર્થીઓ અને શુભેચ્છકોનું એક સંમેલન

તા. ૪/૫ જુન શનિ-રવિના રોજ જામનગર નિવાસી શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીના પ્રમુખ સ્થાને રાજમહેલ રોડ પર આવેલ સહકાર ભુવનના વિશાળ હોલમાં સંમેલનની ચાર બેઠકો યોજવામાં આવી હતી. ૪૦૦ જેટલા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શુભેચ્છકો બહાર ગામથી પધાર્યા હતા. મુંબઈથી રાવબહાદુર શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી સંઘવી, શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ શાહ ઘીવાળા, શેઠશ્રી ચંપકલાલ ભોગીલાલ, અમદાવાદથી શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી રતિલાલ નાથાલાલ શેરદલાલ, શેઠશ્રી અમૃતલાલ દલસુખભાઈ હાજી, શેઠશ્રી મોહનલાલ જમનાદાસ, રાજકોટથી પંડિતશ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ, શ્રી મોહનલાલ ચુ. ધામી, તેમજ ચાણસ્મા, ઊંઝા, વીસનગર, ખંભાત, બોરસદ, પાલીતાણા, ભાવનગર વગેરે ગામોના અગ્રગણ્ય નાગરિકો પધાર્યા હતા.

૪૦૦ જેટલા શુભેચ્છકના તાર સંદેશાઓ આવ્યા હતા. પ્રમુખશ્રી તથા સ્વાગત પ્રમુખના વકતવ્યો બાદ જુદા જુદા વકતાઓએ સંસ્થાને માર્ગદર્શન આપતાં પ્રવચનો કરેલ. બપોરની બેઠકમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી સંસ્થાને ૬૮ હજાર રૂ.ની થેલી અર્પણ કરવાની વિધિ થઈ હતી અને રાત્રીની બેઠકમાં સંસ્થાની ૩૮ વર્ષથી ઓનરરી સેવા આપનાર ડો. મગનલાલ લીલાચંદ શાહને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તરફથી સન્માનપત્ર અર્પણ થયેલ, રવિવારની સવારની બેઠકમાં સંસ્થા, શિક્ષક અને શિક્ષણ અંગેના વિકાસને લગતાં ભાષણો થયાં હતાં અને તેના વિકાસને મૂર્તરૂપ આપવા ૧૧ જણની એક સમિતિ નીમવામાં આવી હતી. હાર-તોરા તથા આભારવિધિ સાથે જૈનશાસનના જયનાદના બુલંદ અવાજો વચ્ચે સંમેલનની પૂર્ણાહુતિ થઇ હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૩૯,તા.૮-૭-૧૯૬૬

● **અમદાવાદ** : સિદ્ધાંત મહોદધિ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ પોતાના વિશાળ પરિવાર સાથે અત્રે જેઠ

વદ ૭ શુક્રવારે સંઘના સુંદર સ્વાગત સામૈયા સાથે પધાર્યા. ખંભાતમાં એઓશ્રીની નિશ્રામાં જૈનશાળા-ઉદ્ઘાટન, વર્ષીતપ પારણાં, બે વર્ધમાન આંબેલ તપ, ૧૦૦મી ઓળીની પૂર્ણાહુતિ, ૩ દીક્ષા, આધ્યાત્મિક ગ્રીષ્મ શિક્ષાયતન, વગેરેની ઉજવણીઓ અદ્ભુત ઉજવાઈ. પૂ. મુનિરાજશ્રી જયવર્ધનવિજયજી મહારાજને આંતરડામાં કેન્સરનું દર્દ ગંભીર થવાથી પૂજ્યશ્રીનું ત્યાં રોકાણ વધુ થયું. ખંભાત સંઘનો ઘણો આગ્રહ છતાં દર્દના આકસ્મિક હુમલા વખતે દાક્તરી સહાય સારા પ્રમાણમાં મળી રહે એ દૃષ્ટિથી અમદાવાદ દશાપોરવાડ સોસાયટી સંઘની ચોમાસું સ્થિરતાની વિનંતી માન્ય થયેલી. તેથી ગ્લાનમુનિને સ્ટ્રેચરમાં લઈ પૂજ્યશ્રીનો ખંભાતથી વિહાર થયો, અને અત્રે વદ સાતમે પધાર્યા, અત્રેથી અષાઢ સુદ ૩ દશાપોરવાડ સોસાયટીમાં પધારવાનું ઠર્યું છે.

● **પોસાલિયા :** અત્રેના વિદ્યાર્થીઓએ તા. ૧૧, ૧૨, ૧૩ એમ ત્રણ દિવસનું સંમેલન યોજી શ્રી અમૃતલાલ મોદી (M.A.) ને સિરોહીથી આમંત્ર્યા હતા. પ્રથમ દિવસે રાત્રે જાહેર સભામાં શ્રી મોદીજીએ વ્રત નિયમોની આવશ્યકતા અને બારવ્રતોની સમજ આપેલ. બીજા દિવસે પૂજાની વિધિ તેમજ ધાર્મિક સામાન્ય આચાર વિષે સમજાવેલ. તેમજ ત્રીજા દિવસે નવતત્ત્વ અને જીવવિચાર વગેરે પર સમજ આપેલ. બ્રહ્મચર્યવ્રત વિષે સમજણ આપેલ ત્યારે એક ભાઈએ જીંદગીભરના તેમજ તેમના જ પુત્રે ૧ વર્ષમાં ૬ માસ બ્રહ્મચર્ય પાળવાની પ્રતિજ્ઞા લીધેલ તથા બીજા ઘણા ભાઈઓએ ૫-૫ વર્ષના અને કેટલાકે ૧, ૨, કે ૩ વર્ષની પ્રતિજ્ઞા લીધેલ.

● સિદ્ધાંત મહોદધિ પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાદિને દશાપોરવાડ સોસાયટી જૈન સંઘ, ખંભાત જઈ ચાતુર્માસ અંગે આગ્રહભરી વિનંતી કરી ગયેલ, અને તે માન્ય કરાયેલી. તે અનુસાર અષાઢ સુદ ૩ ના રોજ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી સપરિવાર દશાપોરવાડ સોસાયટી પધારવાના છે.

● **જમખંડી (કર્ણાટક) :** પૂ. મુનિરાજશ્રી રંજનવિજયજી ગણિવરાદિની નિશ્રામાં અત્રે પ્રતિષ્ઠા મહોત્સવ સારો ઉજવાઈ ગયો. હંમેશાં પૂજા ભાવના આંગી વગેરે સુંદર થતું. જળયાત્રાના વરઘોડામાં જૈનેતરોની સંખ્યા વિશેષ હતી. દેવદ્રવ્યાદિની ઉપજ સારા પ્રમાણમાં થયેલ, ૩ દિવસ નવકારશી થઈ. મૂળનાયક શ્રી ધર્મનાથ સ્વામીને શા. પુનમચંદ કસ્તુરચંદે ગાદીનશીન કરેલ. કોલ્હાપુર, શાહુપુરી સંઘના પ્રમુખ શ્રી દલીચંદભાઈની દોરવણી નીચે કાર્યો સરસ થયા. વિધિકારકો શ્રી જયંતીભાઈ, ચંદુભાઈ, કરાડવાળા શ્રી ચન્દ્રકાન્તભાઈ હતા. સંગીતકાર શ્રી મનુભાઈ એમની મંડળી સાથે મુંબઈથી આવેલ. ખૂબ ભક્તિરંગ જમાવ્યો. 'મધુબિંદુ' વગેરે રચનાઓ થયેલી.



● **અમદાવાદ :** સ્વ. પૂ. પંન્યાસજી પદ્મવિજયજી ગણિવર્યના શિષ્યરત્ન **મુનિશ્રી જયવર્ધનવિજયજી** છેલ્લા કેટલાંક વર્ષથી આંતરડાના કેન્સરથી પિડાતા હતા. સમાધિ માટેની તેઓની ખાસ ઈચ્છાથી ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે ખંભાત પધારતા તેમને સાથે જ રાખ્યા હતા અને ત્યાંથી અત્રે સાથે જ લઈ આવેલા. અત્રે દશાપોરવાડ સોસાયટીમાં અ.સુ. ૪ના બપોર પછી ૪॥ વાગતાં નવકારમંત્રનું શ્રવણ કરતા કરતા કાળધર્મ પામ્યા છે. એમને ઠેઠ સુધી સમાધિ સારી જાળવી હતી. શારીરિક નબળાઈ હોવા છતાં મગજ સારું સ્વસ્થ હતું. મુનિઓ પણ વારાફરતી ૨૪ કલાક એમની સેવા શુશ્રૂષા કરી તથા નવકારમંત્ર વગેરેનું શ્રવણ કરાવતા. ખાસ કરીને એમના સંસારી પુત્ર હાલ પૂ. મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજે છેલ્લા ત્રણ વર્ષથી એમની સતત બિમારીમાં અખંડપણે ખૂબ સેવા બજાવેલી. સ્વર્ગસ્થને ચિરશાંતિ મળે એજ પ્રાર્થના.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૪,અંક-૪૦,તા.૯-૭-૧૯૬૬

## ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને એઓશ્રીના આજ્ઞાવર્તી મુનિમહારાજાના ચોમાસા

| | | |
|---|---|---|
| ૧. | પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મ.<br>તથા પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ. આદિ ઠા. ૩ | દશાપોરવાડ સોસાયટી, અમદાવાદ |
| ૨. | પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. આદિ ઠા. | ભૂલેશ્વર, લાલબાગ, મુંબઈ. |
| ૩. | પૂ. આ. શ્રી વિજય જંબુસૂરિજી મ. તથા<br>પૂ.પં. શ્રી ભક્તિ વિ.મ. આદિ ઠા. | પાલીતાણા આરીસાભુવન |
| ૪. | પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મ. આદિ ઠા. ૬ | માલેગામ. (મહારાષ્ટ્ર) |
| ૫. | પૂ. ઉપા. શ્રી કૈવલ્ય વિજયજી ગણિવર તથા<br>પૂ. ચંદ્રશેખરવિજયજી મ. આદિ ઠા. ૭ | શાંતિનગર, અમદાવાદ |
| ૬. | પૂ. પં. શ્રી પુષ્પવિજયજી ગણિવર તથા<br>પૂ. પં. શ્રી હેમંતવિજયજી આદિ ઠા. ૯ | જ્ઞાનમંદિર, અમદાવાદ |
| ૭. | પૂ. પં. શ્રી માનવિજયજી ગ. તથા<br>પૂ. પં. શ્રી રવિવિજયજી ગ. આદિ ઠા. ૧૦ | મોહનવિજય પાઠશાળા, જામનગર. |
| ૮. | પૂ. પં. શ્રી કનકવિજયજી ગણિવર્ય આદિ ઠા. ૪ | રાધનપુર. |
| ૯. | પૂ. પં. શ્રી ચિદાનંદ વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૩ | બાલાસિનોર. |
| ૧૦. | પૂ. પં. શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૬ | બેડા. (રાજ.) |
| ૧૧. | પૂ. પં. શ્રી મલય વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૨ | બારેજા. |
| ૧૨. | પૂ. પં. શ્રી મૃગાંક વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૫ | ઘાટકોપર. |

૧૩. પૂ. પં. શ્રી મુક્તિ વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૮ — વિરમગામ.
૧૪. પૂ. પં. શ્રી હિમાંશુ વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૪ — ગીરધરનગર, અમદાવાદ.
૧૫. પૂ. પં. શ્રી માનતુંગ વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૮ — -સોસાયટી પાલીતાણા
૧૬. પૂ. પં. શ્રી હર્ષ વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૮ — લાસ. (રાજ.)
૧૭. પૂ. પં. શ્રી રાજ વિજયજી ગણિવર્ય આદિ ઠા. ૪ — મહેસાણા. (ઉ.ગુ.)
૧૮. પૂ. મુનિરાજશ્રી પદ્મપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૨ — ખેડા
૧૯. પૂ. પં. શ્રી સુદર્શન વિજયજી ગણિવર આદિ ઠા. ૩ — અંધેરી, મુંબઈ
૨૦. પૂ. મુનિરાજશ્રી અશોક વિજયજી મ. આદિ ઠા. ૨ — હિંમતનગર.
૨૧. પૂ. મુનિરાજશ્રી રંગ વિજયજી મ. આદિ ઠા. ૨ — પીંપળગામ (નાસિક)
૨૨. પૂ. મુનિરાજશ્રી પદ્માકર વિજયજી મ. આદિ ઠા. ૨ — શાંતિભુવન-જામનગર.
૨૩. પૂ. મુનિરાજશ્રી પૂર્ણભદ્ર વિજયજી મ. આદિ ઠા. ૪ — કાલુશીની પોળ-અમદાવાદ.
૨૪. પૂ. મુનિરાજશ્રી પૂર્ણાનંદ વિજયજી મ. આદિ ઠા. ૨ — સરીયદ.
૨૫. પૂ. મુનિરાજશ્રી પૂણ્યોદય વિજયજી મ. આદિ ઠા. ૨ — પોસાલીયા (રાજ.)
૨૬. પૂ. મુનિરાજશ્રી મહાપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૨ — નડિયાદ.
૨૭. પૂ. મુનિરાજશ્રી પ્રદ્યોતન વિજયજી મ. આદિ ઠા. ૨ — લુણાવા.
૨૮. પૂ. મુનિરાજશ્રી મહાભદ્ર વિજયજી મ. આદિ ઠા. ૬ — ઝીંઝુવાડા.
૨૯. પૂ. મુનિરાજશ્રી ગુણાનંદ વિજયજી મ. આદિ ઠા. ૪ — ગોધરા-પંચમહાલ.
૩૦. પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદ વિજયજી મ. આદિ ઠા. ૨ — સાયન-મુંબઈ.
૩૧. પૂ. મુનિરાજશ્રી યશોભદ્ર વિજયજી મ. આદિ ઠા. ૨ — વાવ.
૩૨. પૂ. મુનિરાજશ્રી કલ્યાણપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૨ — સેવાડી (રાજ.)
૩૩. પૂ. મુનિરાજશ્રી ધનપાલ વિજયજી મ. આદિ ઠા. ૨ — છાપરીયાશેરી-સુરત.
૩૪. પૂ. મુનિરાજશ્રી જિનપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૩ — દેસુરી (રાજ.)
૩૫. પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મ. આદિ ઠા. ૩ — જૂનાગઢ.
૩૬. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મ. આદિ ઠા. ૪ — આણંદ.
૩૭. પૂ. મુનિરાજશ્રી મણિપ્રભ વિજયજી મ. આદિ ઠા. ૨ — સુરેન્દ્રનગર.
૩૮. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્ર વિજયજી મ. આદિ ઠા. ૫ — ખંભાત.
૩૯. પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્ર વિજયજી મ. આદિ ઠા. ૨ — નવા ડીસા.
૪૦. પૂ. મુનિરાજશ્રી લલિતશેખર વિજયજી મ. આદિ ઠા. ૨ — નવસારી.
૪૧. પૂ. મુનિરાજશ્રી જયભદ્ર વિજયજી મ. આદિ ઠા. ૨ — સાણંદ.
૪૨. પૂ. મુનિરાજશ્રી કીર્તિસેન વિજયજી મ. આદિ ઠા. ૩ — સિદ્ધપુર.
૪૩. પૂ. મુનિરાજશ્રી અમરગુપ્ત વિજયજી મ. આદિ ઠા. ૪ — પૂના કેમ્પ.
૪૪. પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મ. આદિ ઠા. ૩ — ભરૂચ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** — **વર્ષ-૧૪,અંક-૪૧,તા.૯-૭-૧૯૬૬**

● **સુરત :** અત્રે છાપરિયાશેરી ઉપાશ્રયે ભાઈશ્રી પ્રકાશચંદ્ર મણિલાલ વગેરેની



આગ્રહભરી વિનંતીથી પૂ. **આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાનુસાર એઓશ્રીના પટ્ટધર પૂ. આ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ.** ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ધનપાલવિજયજી મ. આદિ ચોમાસા અર્થે પધાર્યા છે. લોકો વ્યાખ્યાન આદિનો સારો લાભ લે છે.

● **આણંદ :** શ્રી સંઘના આગ્રહથી અત્રે પધારેલ પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજનાં પ્રભાવક વ્યાખ્યાન ચાલી રહ્યા છે. નવા નવા લોકો જોડાતા જાય છે. આગેવાનો સ્કૂલ-કોલેજોમાં પૂ. મહારાજશ્રીનાં વ્યાખ્યાનો ગોઠવવાનું વિચારી રહ્યા છે.

● **જુનાગઢ :** અત્રેના સંઘની ઘણી મહેનતથી ચોમાસા માટે પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ પધાર્યા છે. એમના અધ્યાત્મભર્યા વ્યાખ્યાન સારી મેદની સાંભળે છે. બાઉદ્દીન કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ શ્રી આર. મજમુદાર પણ અવરનવર સત્સંગનો લાભ લે છે.

● **અમદાવાદ :** અત્રે દશાપોરવાડ સોસાયટીમાં બિરાજમાન શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને બીજી તબીયત ઠીક છતાં જુનો વાનો દુઃખાવો શરૂ થયો છે દિવસના કવચિત હોય છે. રાત્રે રોજ ઉપડી આવે છે. વચમાં શમી પણ જાય છે. ઉપચાર ચાલે છે. અત્રે વદ ૫ શુક્રવારથી શ્રી ભગવતીજી સૂત્ર અને પ્રાકૃત 'શ્રી કુવલયમાળા' ચરિત્ર વાંચવાનું છે. તે નિમિત્તે વહોરાવવા વગેરેની ઉછામણી રૂા. ૨૫૦૦) લગભગ થઈ હતી. સૂત્રનો વરઘોડો શેઠશ્રી કલ્યાણરાવના બંગલેથી ચડનાર છે.

● **સુરેન્દ્રનગર :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્ર વિજયજી મ. તથા સો ઓળી પૂર્ણ કરનાર તપસ્વી મુનિવર શ્રી મણિપ્રભવિજયજી ચોમાસું બિરાજે છે. વ્યાખ્યાનમાં લોકોનું સારું આકર્ષણ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** — **વર્ષ-૧૪,અંક-૪૨,તા.૧૬-૭-૧૯૬૬**

## જૈનોની "ઘીની બોલી"ની આવક પર બે ટકાના ફાળામાંથી મુક્તિ આપતો ચુકાદો.

લેખક : **વકીલ કેસરીચંદ નેમચંદ શાહ** બી.એ., એલએલ.બી., પીપળાશેરી, **વડોદરા.**

(૧) "ઘીની બોલી"ની પ્રથા શાસનના સ્થાપના કાળથી પ્રચલિત છે. જૈન

દેરાસરો, ઉપાશ્રયો તથા ધાર્મિક કાર્યો કે ઉત્સવોમાં સાતક્ષેત્રની વૃદ્ધિ માટે, ઘીની બોલી બોલાવવામાં આવે છે, ને તેની આવક જે ખાતાંની બોલી હોય તે ખાતે આવક તરીકે જમે કરવામાં આવે છે. ખાસ કરીને દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યના ખાતાંઓને પુષ્ટિ મળે તે માટે ઘીની બોલી બોલાવવામાં આવે છે. ઘીની બોલી મુખ્યત્વે (૧) શ્રી દેવદ્રવ્ય ખાતે-પખાલ, પૂજા, ફૂલ ચઢાવવા, મુગટ ચઢાવવા, પર્યુષણમાં સ્વપ્નાની, પારણું ઘેર લઈ જવાનું તથા ઝુલાવવાનું, રથયાત્રાનું, તીર્થમાળ પહેરવાનું, ઉપધાન તપમાળ પહેરવાનું, ગુરુપૂજનનું વગેરે પ્રકારના ઘીની બોલી બોલાવી આવક ઊભી કરવામાં આવે છે. બીજો પ્રકાર (૨) શ્રી જ્ઞાનદ્રવ્ય ખાતે પ્રતિક્રમણમાં સૂત્રો બોલવાનું ઘી, કલ્પસૂત્ર લઈ વરઘોડામાં બેસવાનું ઘી, આગમ વહોરાવવાનું ઘી, શાસ્ત્રપૂજનનું ઘી... વગેરે પ્રકારના ઘીની બોલી બોલાવવામાં આવે છે.

(૨) ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ, મુંબઈ રાજય હતું ત્યારે, તા. ૨૧-૧-૧૯૫૨ થી અમલમાં આવ્યો. મુંબઈ રાજયનું વિભાજન થઈ મહારાષ્ટ્ર અને ગુજરાત સ્ટેટ તા. ૧-૫-૧૯૬૦ થી અમલમાં આવ્યા, તે વખતે બંને સ્ટેટોમાં ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટ જે હતો તેજ ચાલુ રહ્યો. કાયદાની કેટલીક ગૂંચને લીધે સૌરાષ્ટ્રમાં તા. ૧-૮-૧૯૬૧ થી અમલમાં આવ્યો છે.

(૩) "ઘીની બોલી"ની રકમ પ્રભુના ચરણમાં મૂકવામાં આવતી નથી તેમજ એ રકમનું ઘી પ્રભુને ચઢાવવામાં આવતું નથી; તેથી કાયદાની દૃષ્ટિએ ઘીની બોલી ઓફરીંગ (Offering) નથી. જો ઓફરીંગ માનવામાં આવે તો આવકની રકમ ઉપર બે ટકા જેટલી ફાળાની રકમ આપવી પડે. જો દાન માનવામાં આવે તો આવકની રકમ ઉપર બે ટકાની માફી આપવામાં આવે છે. કાયદો એવો છે કે કોઈ પણ સાધનો દ્વારા મળેલી દાનની રકમને માફી આપવામાં આવે છે ને તે બાબતનું જાહેરનામું નંબર ૨૪૩૩૦/ઈ તા. ૩-૧૨-૧૯૫૩ નું બહાર પાડવામાં આવેલું છે. ત્યારથી દાનની રકમને ફાળામાંથી માફી આપવામાં આવેલી છે.

(૪) તારંગા તીર્થનો વહીવટ શ્રી શેઠ આણંદજી કલ્યાણજી કરે છે ને ઘીની બોલીને દાન ગણવા માટે વાંધા અરજી નં. ૨૨/૧૯૫૭ ની કરેલી ને તે કામે તા. ૫-૧૨-૧૯૫૭ ના રોજ ડેપ્યુટી ચેરીટી કમિશનર, અમદાવાદ. ના એમ.એસ. આપ્ટેએ ઠરાવ્યું કે ઘીની બોલી દાન છે ને ફાળાની ભરેલી રકમ પરત આપવી; ત્યારપછી શ્રી ઝઘડીયા તીર્થના ટ્રસ્ટી તરીકે મેં ગુજરાત રાજયના ચેરીટી કમિશનરને રીવીઝન અરજી નં. ૨૧/૧૯૫૮ ની કરી તે કામે સુમંત સી. ભટ્ટ સાહેબે તા. ૧૦-૧૦-૬૦ નાં રોજ ઠરાવ્યું કે ઘીની બોલી એ દાન છે ને તેની આવકને



ફાળામાંથી માફી આપવામાં આવે છે; ત્યારપછી બીજા ટ્રસ્ટના રીવીઝન અરજી નં. ૩/૫૯ ના કામે એજ ભટ્ટ સાહેબે તા. ૨૩-૩-૧૯૬૧ ના રોજ ઠરાવ્યું કે ઘીની બોલી એ ઓફરીંગ છે ને તેની આવક ઉપર ફાળો લેવો જોઈએ. એ પ્રમાણે બંને કામોમાં એકજ સાહેબે, બે જુદા જુદા, એક બીજાથી વિરુદ્ધ ઠરાવ થવાથી, ઘીની બોલીનો પ્રશ્ન ચકડોળે ચઢ્યો. અમદાવાદના ડેપ્યુટી ચેરીટી કમિશનર સાહેબે વાંધા અરજી નંબર ૨૬/૧૯૬૪ ના કામે તા. ૧૦-૬-૬૫ ના રોજ ઠરાવ્યું કે ઘીની બોલી એ દાન નથી અને તેથી તેની આવક માફીને પાત્ર નથી. વડોદરાના આસિસ્ટન્ટ ચેરીટી કમિશનરે પણ તે મુજબ ઠરાવી ઘીની બોલી ઉપર બે ટકા ફાળાની રકમ લેવા હુકમ કર્યો; તે મુજબ રાજકોટના ડેપ્યુટી ચેરીટી કમીશનરે પણ તે મુજબ હુકમ કરી ઘીની બોલી પર બે ટકા લેવાના ઠરાવો કર્યા. આથી ઘીની બોલીનો પ્રશ્ન ખૂબ ચર્ચાસ્પદ બન્યો.

(૫) ભાવનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ અને ડોસાભાઈ અભેચંદ જૈન દેરાસરની સંવત ૨૦૧૭ ની ઘીની બોલીની આવક રૂા. ૧૦૬૩૯-૦૦ ઉપર બે ટકાની રકમ લેવા તા. ૨૧-૧૧-૧૯૬૩ ના રોજ હુકમ થયો ને રાજકોટના ડેપ્યુટી ચેરીટી કમીશનરે ઠરાવ્યું કે ઘીની બોલી એ ઓફરીંગ નથી પણ **દાન સિવાયની બીજી આવક છે;** ને દાન નથી તેથી બે ટકા ફાળો લેવો જોઈએ. કાયદાનો પ્રશ્ન એવો છે કે દાન સિવાયની બીજી આવક છે, તો તે કઈ આવક કહેવાય તેનું સ્પષ્ટીકરણ ઠરાવમાં નથી. એ પ્રમાણેનો ઠરાવ શ્રી સુરેન્દ્રનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘનો પણ તા. ૨૧-૧૧-૬૩ ના રોજ થયો, ને સંવત ૨૦૧૭ ની ઘીની બોલીની આવક રૂા. ૧૦૯૯૫-૦૦ ઉપર બે ટકા ફાળો લેવાનો હુકમ થયો એ પ્રમાણેનો જામવંથલની જૈન દેરાસરનો પણ હુકમ થયો એ બધા હુકમો સામે રીવીઝન અરજીઓ ગુજરાત રાજયના ચેરીટી કમિશનરે ત્યાં કરવામાં આવી. ભાવનગરની જૈનસંઘની ડોસાભાઈ અભેચંદ તરફથી હું વકીલ તરીકે રોકાયો અને સુરેન્દ્રનગર જૈનસંઘ તરફથી શ્રીયુત ચંદ્રકાંતભાઈ છોટાલાલ ગાંધી રોકાયા, અને અમો બંને જણે કેસની તૈયારી કરી. ઘીની બોલીનો પ્રશ્ન જૈન સમાજ માટે પ્રાણ પ્રશ્ન છે ને હજારો રૂપીયાની આવક ઉપર બે ટકા ખોટી રીતે લેવાય છે એવી દૃઢ માન્યતા છે ને તેથી કાયદાનો ઊંડો અભ્યાસ કરી આ કેસ તૈયાર કર્યો. નિવૃત્ત ચેરીટી કમીશનર શ્રીયુત સુમંત ભટ્ટ સાથે કાયદાના પ્રશ્નો ચર્ચવા કોન્સફરન્સ કરી. દાન કોને કહેવાય તે માટે કાયદાનો બારીક ને ઊંડો અભ્યાસ કરી કેસની સુણાવણી વખતે કેસની સચોટ રજુઆત કરી. દાનની વ્યાખ્યા ધી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટમાં પણ આપેલી નથી તેમજ 'ઈન્ડિયન ટ્રસ્ટ એક્ટમાં'

પણ આપેલી નથી. સામાન્ય ભાષામાં દાન અને બક્ષીસ એકજ ગણાય છે. “ઘીની બોલી” એટલે કોઈપણ ધાર્મિક ક્રિયા અગર હક્ક પ્રાપ્ત કરવા માટે જે વધારેમાં વધારે રકમ દાનમાં આપે તેને તે હક્ક મળે છે; અને “ઘીની બોલી” આધ્યાત્મિક લાભાર્થે બોલાવવામાં આવે છે, અને કોઈપણ જાતનો આર્થિક લાભ લેવામાં આવતો નથી ને તેવી બોલી સ્વેચ્છાથી બોલવામાં આવે છે. કાયદાના તમામ તત્ત્વો તથા હાઈકોર્ટના ફેંસલાઓનો તથા કામની હકીકતનો સમગ્રપણે વિચાર કરી ગુજરાત રાજ્યના ચેરીટી કમીશ્નર શ્રીયુત પી.એચ. પરીખે ચૂકાદો આપતાં ઠરાવ્યું કે ઘીની બોલીની આવક, ઘી બોમ્બે પબ્લીક ટ્રસ્ટ એક્ટની કલમ ૫૮ તથા બોમ્બે પબ્લીક ટ્રસ્ટ (ગુજરાત) રૂલ્સની કલમ ૩૨ (૩) (૩) મુજબ દાનની રકમ છે ને તેથી તે ફાળાને પાત્ર નથી. આ ચુકાદાથી સમસ્ત જૈન સમાજમાં હર્ષની લાગણી ફેલાઈ છે, અને જૈન ટ્રસ્ટોની વાર્ષિક ઘીની બોલીની હજારો રૂપિયાની આવક પર બે ટકાના ફાળાની માફી આપવામાં આવી છે. મજકુર ટ્રસ્ટોની ફાળાની લીધેલી રકમ પરત આપવા પણ હુકમ કર્યો છે.

(૬) આ ચુકાદો **ગુજરાત** રાજ્યમાં નોંધાયેલા ટ્રસ્ટોને લાગુ પડે છે. **મહારાષ્ટ્ર** રાજ્યમાં કલમ ૫૮ સુધારી છે ને તમામ પ્રકારની દાનની આવક ફાળાપાત્ર છે તેથી મહારાષ્ટ્ર રાજ્યના ટ્રસ્ટોની તમામ દાનની રકમ ઉપર જેમાં ઘીની બોલીનો સમાવેશ થઈ જાય છે તેની ઉપર બે ટકા લેવામાં આવે છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં એ પ્રમાણે ફેરફાર છે તેની જૈન ટ્રસ્ટોએ નોંધ લેવી.

### “દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૪,અંક-૪૩,તા.૨૩-૭-૧૯૬૬

● **નવાડીસા :** અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ. તપસ્વી મુનિરાજશ્રી **યોગીન્દ્રવિજયજી** મ. આદિ પધાર્યા છે. વ્યાખ્યાનમાં શ્રી ઉપદેશપ્રાસાદ તથા શ્રી પાર્શ્વનાથ ચરિત્ર વંચાય છે. શ્રી સંઘ વ્યાખ્યાનાદિનો સારો લાભ લે છે. પૂ. મહારાજશ્રીની અંગત પ્રેરણાની ધગશથી લોકો પ્રતિક્રમણ તપસ્યા વગેરેમાં સારું જોડાય છે.

● **રાજકોટ :** સંસારીપણે અત્રેના વતની પૂ. મુનિરાજશ્રી જયવર્ધનવિજય મહારાજના પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ. તથા પૂ. પં. પ્રવર શ્રી ભાનુવિજય મ. સા. ની પુનીત તારકનિશ્રામાં સ્વર્ગવાસ થયાના સમાચાર સાંભળી અમારા સંઘને ખૂબ દુઃખ થયું. તરત જ સંઘે આચાર્યદેવશ્રી ઉપર દીલગીરી



દર્શાવતો તાર કર્યો અને સંઘના બોર્ડ ઉપર આ દુઃખદ સમાચાર લખ્યા. પૂ. સ્વ. મહારાજશ્રીનાં સંસારી પુત્ર ઈશ્વરભાઈએ આયંબિલખાતાની તિથિમાં દેવદ્રવ્યમાં અને પાઠશાળાદિમાં અને સ્વ. મહારાજશ્રીની સ્મૃતિ નિમિત્તે રકમો ભરાવી અને સ્વ. પૂ. મહારાજશ્રીનાં શ્રેયાર્થે સકલસંઘને સવાલાખ નવકાર મંત્રનો જાપ આયંબિલ થયા હતા. તે દિવસે સ્નાત્રમહોત્સવ સાથે દેવાધિદેવોને સુંદર અંગરચના થઈ હતી.

રાજકોટ ગામના સુખી કુટુંબના વૃદ્ધવયે સંયમ લેવાનો પુરુષાર્થ કરનાર તે પૂજ્ય સાધુ ભગવંતને ધન્યવાદ ઘટે છે.

### “દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૪,અંક-૪૪,તા.૩૦-૭-૧૯૬૬

● **ઈડર :** અત્રેના ધર્મપ્રેમી અને તત્ત્વજ્ઞાનના અભ્યાસી શેઠ શ્રી હેમચંદભાઈ છગનલાલ માસ્તરનું ૮૪વર્ષની ઉંમરે અષાઢ વદ ૬ ના દુઃખદ અવસાન થયું છે. એથી શ્રી ઈડર સંઘમાં શોકની લાગણી છવાઈ હતી અને સકળ સંઘે પોતાની દુકાનો બંધ કરી સ્મશાનયાત્રામાં જોડાયા હતા. સદ્ગતે ઈડરના સુપ્રસિદ્ધ ગઢ દેરાસરના જીર્ણોદ્ધાર કાર્યમાં પોતાનું જીવન સમર્પણ કરેલ. છેલ્લા ત્રીસ વર્ષથી તેઓશ્રી ચાતુર્માસ પોષધમાં રહી સ્વકલ્યાણ સાથે બીજાઓને ધર્મ-તત્ત્વબોધ કરતા. દુષ્કાળ સમયે તેઓશ્રીએ દાનવીરોનો સંપર્ક સાધી સાંબરકાંઠા જીલ્લામાં જીવોની દયાનું સુંદર કાર્ય કરેલ. તેમના અંતિમ દિવસોમાં પણ તેઓશ્રીએ રાત્રે પાણી પણ ન લેવા મક્કમતા રાખેલ. નવકારમંત્ર-સ્તવન વગેરે આરાધના ઠેઠ સુધી ચાલુ હતી. શ્રી ઈડર જૈન સંઘે વયોવૃદ્ધ કેળવણીકાર શંકરલાલ રાવતના પ્રમુખપદે શોકસભા રાખી હતી.

● **ખંભાત :** અત્રે જૈનશાળામાં પૂ. મુ. શ્રી હેમચંદ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં અષાઢ વદ ૧૪ના આયંબિલના તપ સાથે નવલાખ નવકાર મંત્રના જાપનું સામુદાયિક ભવ્ય અનુષ્ઠાન યોજવામાં આવેલ. જેમાં ૪૫૦ નાના મોટા ભાઈ બહેનોએ લાભ લીધો હતો. સ્નાત્ર મહોત્સવ, વ્યાખ્યાન તથા નવકારમંત્રની ધૂન અને જાપમાં લોકોને ખૂબ ઉત્સાહ. બપોરે પણ ‘નવકારમંત્રનો પ્રભાવ’ એ વિષય પર વ્યાખ્યાન હતું. જૈનશાળાનો વિશાળ હોલ આખો દિવસ ભરચક હતો તેમજ ચોવીસે કલાકનો અખંડ જાપ પણ રખાયો હતો.

● **વાવ :** અત્રે ચાતુર્માસાર્થે પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજ આદિ ઠા. ૨ પધારતાં સંઘમાં ઉત્સાહ અનેરો આવેલ છે. પ્રતિક્રમણમાં દિનપ્રતિદિન

સંખ્યા વધે છે. પચરંગી તપ થતાં શા. વાઘજીભાઈ તરફથી પારણાં થયેલ. શ્રી પાર્શ્વનાથ ભગવંતના અઠ્ઠમની આરાધનામાં ૬૫ આરાધકો હતા. તેના પારણાં એક સદ્‌ગૃહસ્થભાઈ તરફથી થયેલ. અષાઢ વદ ૧૩ના પૂજ્ય સાધ્વીજી મહારાજ કે જેઓ છેલ્લા પાંચ વર્ષથી બીમાર હતા ને છેવટે ૧-૧ ઉપવાસના પચ્ચક્ખાણ કરતા હતા. તેઓશ્રી ૧૬ મા ઉપવાસે રાત્રે ૧૧॥ વાગે પોતાના સ્વમુખે જ પંચપરમેષ્ટિનું ત્રીજું પદ **'નમો આયરિયાણં' પદ બોલતાં બોલતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. ધન્ય એ તપસ્વીને !**

● **વાડાસિનોર :** અત્રે પૂ. પં. શ્રી ચિદાનંદ વિજયજી મ. શ્રી ની નિશ્રામાં 'અરિહંત' પદના ૧૨॥ લાખ જાપનું ભવ્ય અનુષ્ઠાન યોજાયું હતું. બાળકોના ધાર્મિક શિક્ષણ માટે મહેન્દ્રભાઈ સારી ઝહેમત લઈ રહ્યા છે.

● **અમદાવાદ :** સિદ્ધાંત મહોદધિ પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને હાલમાં જુનો વાનો દુબાવો શાંત પડી ગયો છે. એઓશ્રી આખો દિવસ કર્મસાહિત્યના સંશોધનનું કાર્ય કરે છે. અત્રે શ્રી ભગવતીસૂત્રનું વ્યાખ્યાન ચાલી રહ્યું છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૪૫,તા.૬-૮-૧૯૬૬

● **સરીયદ :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી અઠ્ઠમ તપની આરાધના, પ્ર. શ્રા. સુદ ૧-૨ ના શ્રી સીમંધર ભગવાનની આરાધના પણ ૮૧ આયંબિલ સહિત થયેલ બંને પ્રસંગ સુંદર ઉજવાયા.

● **નડીયાદ :** અત્રે પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ સાહેબના વ્યાખ્યાન રોજ ચાલે છે. દરરોજ સારી સંખ્યામાં જૈનો તથા જૈનેતરો સુંદર લાભ લે છે. તેમજ પ. પૂ. સાધ્વીશ્રી હંસકીર્તિશ્રીજી આદિ ઠા. ૫ ના ચાતુર્માસથી બેનોમાં ધર્મ પ્રત્યે ઘણો ઉત્સાહ વધ્યો છે. દરરોજ બપોરના ૩ થી ૪ બહેનોને તેમની સુંદર વાણીથી સંબોધે છે. તપમાં શત્રુંજયનો લાડવો તથા કોળીયા વ્રત કરાવતા સારી સંખ્યામાં બહેનોએ લાભ લીધો હતો.

● **અમદાવાદ :** ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલ્યું. આઠેક દિન બાદ વદ ૧૪ બે વખત છાતીમાં Spasm મુંઝવણ જેવું થયેલું. આ દર્દનો નિયમ નથી કે ક્યારે ઉપડી આવે. પરંતુ ઉપચારથી શાંત થઈ જાય છે. અત્રે દશા પોરવાડ



સોસાયટીમાં શ્રા. વદ ૩ થી વર્ધમાન આંબેલ તપના પાયા નખાવવાનું નક્કી થયું છે. સારી સંખ્યામાં નામો નોંધાઈ રહ્યા છે. તેમજ ભક્તિની ટીપ પણ સારી થઈ રહી છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૪૬,તા.૧૩-૮-૧૯૬૬

● **સુરેન્દ્રનગર :** પરમ પૂજ્ય સિદ્ધાંત મહોદધિ આચાર્ય ભગવંત વિજય પ્રેમસૂરીશ્વરનાં પ્રશિષ્ય મુનિ મહારાજશ્રી મણિપ્રભવિજયજી મહારાજશ્રી તથા મુનિ મહારાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજશ્રી અત્રે ચાતુર્માસ બિરાજી રહ્યા છે. વ્યાખ્યાનમાં શ્રી ઉપદેશપ્રાસાદ ગ્રંથ અને ભાવનાધિકારે શ્રી પરિશિષ્ટપર્વ ગ્રંથનું વાંચન ચાલે છે. સરળ અને સચોટ શૈલીથી અપાતાં બોધપ્રદ વ્યાખ્યાનના લાભ વિશાળ સંખ્યામાં ભાઈ બહેનો લઈ રહ્યાં છે. અચિંત્ય પ્રભાવી નમસ્કાર મહામંત્રના પ્રભાવનો અધિકાર આવતાં પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી પ્રથમ શ્રાવણ સુદિ ૭ થી નમસ્કાર મહામંત્રની આરાધના શરૂ થયેલ. જેમાં બાર વર્ષનાં બાલ-બાલિકાથી માંડી ૭૫ વર્ષના વૃદ્ધ ભાઈ બહેનો મળી લગભગ ૧૮૦ ભાઈબહેનો જોડાયાં હતા. નવે દિવસ આરાધકોને જુદા જુદા પ્રકારની મીઠાઈઓની પ્રભાવના આપી ભક્તિ કરવામાં આવતી હતી. હંમેશાં સવારમાં સામુદાયિક સ્નાત્ર મહોત્સવ ભણાવવામાં આવતો હતો તથા હંમેશાં પ્રભુજીની આત્મોલ્લાસ પ્રેરે તેવી ભવ્ય આંગી રચવામાં આવતી હતી. પ્ર. શ્રાવણ સુદિ ૧૪ રવિવારે ગાંધી છોટાલાલ સુખલાલ તરફથી શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી. પૂજા શ્રી વાસુપૂજ્ય જિન મિત્રમંડળે સુંદર રાગરાગીણીથી ભણાવી હતી તેમજ રાત્રે ભાવના ભાવવામાં આવી હતી. પ્રથમ શ્રાવણ સુદિ ૧૫ સોમવારે સવારે આરાધક ભાઈ બહેનો તરફથી તપનાં ઉજમણા નિમિત્તે રથયાત્રાનો વરઘોડો કાઢવામાં આવ્યો હતો. વરઘોડામાં નમસ્કાર મહામંત્રનાં એકેક પદનાં કમલદલ પત્રો, શ્રી સિદ્ધચક્રયંત્ર 'સમરોમંત્ર ભલો નવકાર'ના પડદા, સાંબેલા, ચાંદીના રથમાં પ્રભુજી વગેરેથી અને ચતુર્વિધ સંઘની મોટી હાજરીથી શોભા અપાર હતી. પૂજ્ય મુનિ મહારાજશ્રીના સદુપદેશની સ્પષ્ટ છાયા પ્રસરેલી જણાતી હતી.

પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજશ્રીના સંસારી ભાઈ શ્રી ચીમનલાલભાઈ તરફથી પ્ર. શ્રાવણ વદિ ૬ બપોરે વિશાળ ઉપાશ્રયમાં શ્રી અષ્ટાપદજીની પૂજા ભારે ઠાઠપૂર્વક ભણાવવામાં આવી હતી. શ્રી વાસુપૂજ્ય જિન મિત્રમંડળ તથા ભોજક દામોદરદાસે સુંદર રાગરાગીણીપૂર્વક પૂજા ભણાવી હતી.

જેથી હજારેક શ્રોતાજનો ભક્તિરસમાં તરબોળ બન્યા હતા. તેમના તરફથી સવારે વ્યાખ્યાનમાં પતાસાની, બપોરે પૂજામાં પેંડાની પ્રભાવના કરવામાં આવી હતી. પ્રભુજીને સુંદર આંગી તથા રાત્રે ભાવના થઈ. પૂજ્ય મુનિ મહારાજશ્રીના ઉપદેશથી બુધ-ગુરુ-શુક્ર એમ ત્રણ દિવસના તપ અને જાપથી નવલાખ નવકારનાં જાપ જપાવવામાં આવશે.

● **ભરૂચ :** અત્રે પ. પૂ. મુનિરાજશ્રી જયવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી સંઘમાં સારો ઉલ્લાસ આવ્યો છે. અટ્ઠમ તપની આરાધના પણ ખૂબ ધામધૂમપૂર્વક થઈ. ત્રણે દિવસ મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનને ભવ્ય આંગી રાખેલ.

● **અમદાવાદ :** અત્રે સિદ્ધાંત મહોદધિ પૂજ્ય **આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને ફરીથી ડૉ. રસિક પરીખે કાર્ડિયોગ્રામ લેતાં હાર્ટની સ્થિતિમાં સુધારો નથી એમ રીપોર્ટ આપ્યો અને તદ્દન આરામ માટે ખાસ ભલામણ કરી તેથી પૂજ્યશ્રીને અત્રેના 'મુક્તિદ્વાર' ઉપાશ્રયના ઉજા મજલે બિરાજમાન કરવામાં આવ્યા છે. પૂજ્યશ્રી આખો દિવસ કર્મસાહિત્ય-સંશોધન કરે છે. બોલવાનું બહુ ઓછું રાખ્યું છે. અત્રે વર્ધમાન તપના પાયાનો ઉપદેશ આપતાં ૬૭ જણાના પાયા અને ૩૭ ઓળી ચાલુ થઈ છે. આંબેલ કરાવવાની ટીપ થતાં રૂા. ૮૦૦૦) તથા પાઠશાળા ચાલુ કરવાની ટીપ થતાં રૂા. ૩૫૦૦) ભરાઈ ગયા છે. ટીપ આગળ ચાલુ છે. અત્રે કાયમી વર્ધમાન તપ ખાતું કરવાનું આગેવાનો વિચારી રહ્યા છે. શ્રી રાજનગર ઈનામી પરીક્ષા સંસ્થા તરફથી આજના જૈન વિદ્યાર્થીઓ ધાર્મિક શિક્ષણ તથા ક્રિયામાં રસ લેતા થાય એ માટે દર રવિવારે શિબિર જેવા ભવ્ય કાર્યક્રમ ગોઠવવાની વિચારણા થઈ રહી છે.

● **વડોદરા :** ગ્રીષ્મ ધાર્મિક શિક્ષાયતનનો અત્રેના વિદ્યાર્થીઓએ દાદા પાર્શ્વનાથ ભગવાનના દેરાસરે ભવ્ય આંગી રચાવી હતી જેથી વીતરાગ પ્રભુની વીતરાગતા પ્રત્યે અધિક આકર્ષણ ઊભું થયું. સાંજના બધાએ ત્યાં સમૂહ પ્રભુભક્તિ-ગુણગાન કરેલા.

● **જુનાગઢ :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. શ્રીની નિશ્રામાં 'અરિહંત' પદની આરાધના થતાં ૨૦૦ આરાધકો જોડાયા, ૩૦ લાખ જાપ થયો. વર્ધમાન તપના પાયા નખાયા તેમાં અંતરવાચણા પારણાં અને ૧૬ પ્રભાવનાઓ થઈ. વ્યાખ્યાનમાં લોક સારું આવે છે. યોગબિંદુની વાચના થઈ હવે યોગશાસ્ત્ર ટીકાની વાચના ચાલે છે. મુનિઓ તથા ૧૦-૧૨ શ્રાવકો લાભ લે છે. શ્રા. સુદ ૧૪થી ચૌદ પૂર્વનો તપ ચાલુ છે એમાં ૭૫ આરાધકો છે.



● **ઘોટી :** અત્રે પૂ. મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ. શ્રીની નિશ્રામાં ચંદનબાળાના અટ્ઠમ તપની આરાધના થઈ. સંઘમાં ઉલ્લાસ ઘણો છે. આયંબિલ ખાતું પાંચ મહિના માટે શરૂ કરેલ છે. વ્યાખ્યાનમાં રોજ પ્રભાવના થાય છે.

● **નવાડીસા :** પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. શ્રીના પ્રેરણાથી અટ્ઠમ તપમાં ૧૧૬ આરાધકો જોડાયા હતા. વર્ધમાન તપના પાયા નખાવવાની વિચારણા ચાલે છે. પૂ. મુનિશ્રી મિત્રવિજયજી મહારાજે ૬૨મી ઓળી ઉપર ૬૩મી ચાલુ કરેલ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૪,અંક-૪૮,તા.૨૭-૮-૧૯૬૬

● **અમદાવાદ :** સિદ્ધાંતમહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને ડાક્ટરી દવાઓથી ચાલુ કામ ચાલવા છતાં વિશેષ સુધારો ન જણાવવાને લીધે અત્રેના દેશી વૈદ્યની ટ્રીટમેન્ટ શરૂ કરવામાં આવી છે. પૂજ્યશ્રીને પહેલા જે કંઈક શક્તિ આવતી જણાતી હતી તે જુના વાના દુઃખાવા પછી અદશ્ય બની છે. અલબત હાલ એ દુઃખાવો નથી છતાં અશક્તિ ઊભી છે. પણ એઓશ્રી આખો દિવસ વાંચન, જાપ-ધ્યાન કરે છે.

● **સુરત :** શ્રા. વ. ૧૩ ને રવિવારે બપોરે સવા બે વાગે પૂ. **સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ** ખૂબ સમાધિપૂર્વક બેઠા બેઠા જ શ્રી નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં ૮૨ વર્ષની ઉંમરે કાલધર્મ પામ્યા છે. એમણે દેવ દુર્લભ મનુષ્યભવ પામી સર્વ વિરતિની સુંદર આરાધના કરી સાચી સફલતા કરી ગયા. એમની અનુમોદનીય સુંદર આરાધના જાગૃતિ જોનાર સમસ્ત સુરત સંઘને એટલો જ આનંદનો વિષય બની છે. એમની સંસારી સુપુત્રીઓ સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી તથા શ્રી ઉમંગશ્રીજી મહારાજે સ્વશિષ્યા પરિવાર સાથે ઠેઠ સુધી સુંદર વેયાવચ્ચ નિયમિણા કરી હતી.

● **આણંદ :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. શ્રી આદિ અત્રે ચાતુર્માસ પધારેલ ત્યારથી સંઘમાં ધર્મોલ્લાસ વધતો ને વધતો છે. નવ દિવસ વિધિપૂર્વક શ્રી નવકારમંત્રનો સમુહ જાપ ખીરના એકાસણાથી થયો. એકંદર પંદર લાખનો જાપ થયો. સંગીતકાર હરજીવનદાસની મંડળીએ સારી જમાવટ કરી. જોધપુરથી વાયોલીનવાદક અને કલોરોનેટવાદક પણ જાપ વખતે સૂરાવલિ છેડતા ને સહુ જાપમાં મસ્ત બની જતાં. જૈનેતર ભાઈઓ પણ સારા જોડાયા છે. પૂ. મુનિરાજશ્રી

પદ્મરત્નવિજયજી મ. શ્રીની ૧૫ ઉપવાસની તપશ્ચર્યા નિમિત્તે બાર વ્રતની પૂજા ભણાવતાં રસિકલાલ રાજકોટવાળાએ ભક્તિરસમાં તરબોળ કર્યા હતા. મંગળવારના રોજ વલ્લભવિદ્યાનગરમાં રામકૃષ્ણમિશનના ઉપક્રમે **'સંત પરમહિતકારી'** એ વિષય પર વ્યાખ્યાન થયું. રવિવારના જાહેર વ્યાખ્યાનોમાં પ્રોફેસરો, ડૉક્ટરો ઉપરાંત શિક્ષીતવર્ગ મોટી સંખ્યામાં આવે છે. કાયમી આયંબિલ ખાતુ ખોલવાની યોજનામાં એક જ વ્યક્તિએ ૧૨૫૦૦) ની રકમ નોંધાવેલ છે. નવા ઉપાશ્રય માટે પણ સારી રકમોનાં વચન મળ્યાં છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૫,અંક-૧,તા.૩-૯-૧૯૬૬**

## નૂતન વર્ષના પ્રારંભે...

જગતદયાળુ શ્રી મહાવીર પરમાત્માની કૃપાએ 'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્રે શ્રી જિનેન્દ્રભગવાનની વાણીને રહી જનતાને આધ્યાત્મિક તત્ત્વોનાં દિવ્ય-દર્શન કરાવવાની મજલમાં ગયા ઓગસ્ટ માસમાં ૧૪ વર્ષની મજલ પૂરી કરી હવે આ સપ્ટેમ્બર માસથી **૧૫માં વર્ષમાં પ્રવેશ** કરે છે.

ગત વર્ષમાં મહાસતી સીતાજીના જીવન પ્રસંગો લઈને કરાયેલ આત્મ-વિકાસના અનેકાનેક ઉપાયો ને રોચક અને પ્રેરક ઉપદેશ આપણને મળ્યો. એ વિવિધ પ્રસંગોમાં આપણને કલ્પના નહિ તેવાં રહસ્યો અને તેમાંથી ફલિત થતા કર્તવ્યોનું સુંદર માર્ગદર્શન મળ્યું. એમાં પ્રાસંગિક ૧-૨-૩-૪ એમ ગણતરી બંધ કેટલીય જીવન-ઉત્થાનની ચાવીઓ તો એવી મળી કે જેને નોટમાં ટાંકી એની ધારણા કરી લીધાથી જીવનમાં એન અમલ સુકર બને અને તે આ માનવજીવનમાં સુંદર હૃદય પરિવર્તન કરવામાં સાધનભૂત બની જાય. એ બધામાં વણાઈ ગયેલ જૈન તત્ત્વજ્ઞાન ખરેખર જૈન દર્શનની અપ્રતિમ વિશિષ્ટતાનો પ્રકાશ પાથરી રહ્યું છે. હજી પણ આ બધાનો વિશેષ વિશેષ ખ્યાલ તો એના સળંગ વાંચન પરથી આવી શકે. તે માટે અમે ઇચ્છીએ છીએ કે કોઈ એક યા અનેક સખી ગૃહસ્થની ઉદારતાથી આ પ્રવચનોનું એક અખંડ પુસ્તક મુદ્રિત થાય.

**'દિવ્ય-દર્શન'** ૧૧માં વર્ષના અંકોમાં ક્રમશઃ પ્રગટ થયેલ 'અમીચંદની અમિદંષ્ટિ'ની તત્ત્વમાર્ગોપદેશભરી જીવન-સ્પર્શી રસિક કથા અંગે આવું જ બન્યું. જૈન સંઘમાં સુપ્રસિદ્ધ 'કલ્યાણ' માસિકના માનદ સંપાદક અને ટ્રસ્ટી મંડળને એનો જૈનોના ઘર ઘર પ્રચાર કરવા જેવો લાગ્યો, કેમકે એ સામાજિક જેવી કથા હોવા છતાં એમાં જૈનધર્મનાં તત્ત્વો ભરપૂર ગૂંથી લેવામાં આવ્યા હતા, તેથી એમણે



'કલ્યાણ'ના લગભગ ૬૦૦૦ ગ્રાહકોને એ ભેટપુસ્તક તરીકે છપાવીને વહેંચી.

જનતા કામ-કષાયાદિવિકાર-શામક સંસ્કારી આધ્યાત્મિક આવા સાહિત્યને કેવી હાર્દિક ભાવભરી લાગણીથી અપનાવે છે, એ તો આના હજારો વાચકોનાં હૃદય બોલી રહ્યા છે ! પણ મળેલામાંથી કેટલાક અભિપ્રાય નીચે મુજબ છે,-

**'અમીચંદની અમીદષ્ટિ'** માનવતાના મહામંગલરૂપ ગુણોનો વિકાસ કરવા માટેના માર્ગમાં પ્રેરક, ઉદ્બોધક ને અનેક રીતે ઉપકારક સાહિત્યથી સમૃદ્ધ સર્વાંગ સુંદર પ્રકાશ છે...ગાગરમાં સાહરની જેમ સંસાર સમસ્તનાં મંગલતત્ત્વો ને અમંગલ-તત્ત્વોની યુદ્ધગાથાને આલેખતું, અંતે મંગલતત્ત્વોનો સૌજન્યનો ને ધર્મ તથા અધર્મના શાશ્વતા સંઘર્ષમાં ધર્મનો વિજયધ્વજ ફરકાવતું પ્રસ્તુત પ્રકાશન સાહિત્ય જગતમાં યશોજ્જવલ ચિરંજીવી કૃતિ અતિશયોક્તિ વિના કહેવું જોઈએ કે કોઈ અત્યદ્ભુત અસર સહૃદયી આધ્યાત્મિક વાંચનના રસિક વાંચકોના હૃદયમાં પાડી જાય છે. વિષયની સંયોજના, શૈલી, નિરૂપણ પદ્ધતિ તેટલી જ સચોટ સરળ ભાવવાહી અને સર્વાંગસુંદર છે.' **- પ.પૂ.પં.શ્રી કનકવિજયજી ગણિવર**

'અમીચંદની અમીદષ્ટિ' પુસ્તક વાંચ્યું. ઘણો જ આશ્ચર્ય મુગ્ધ બની ગયો અને હૃદય ઘણું ભીનું બની ગયું. તપનો પ્રભાવ અને હૃદયની એકમેકતા તેમજ શ્રી જિનશાસનની ભાવિત થયેલી બુદ્ધિનો પ્રકાશ આ પુસ્તકમાં નજરે નિહાળાય છે. જે અનેક જીવોને સદાચારની રસ્તે દોરે તે સહજન છે.

**- પ.પૂ.મુનિરાજશ્રી ગુણચંદ્રવિજયજી મ.**

'અમીચંદની અમીદંષ્ટિ' મહાન હતી કરોડો વાર એવા મહાપુરુષોને ધન્યવાદ!

**- શ્રી ત્રીકમલાલ શાહ, ધિણોજ.**

'અમીચંદની અમીદંષ્ટિ'માં આત્માની અમીરાતની જે છૂટે હાથે લહાણી કરી છે, તેનો આસ્વાદ અનિર્વચનીય આનંદ ઉપજાવે છે. અમીચંદ અને જિનમતિ જેવા ધર્મપ્રેમી પાત્રો પ્રત્યક્ષી કરવાની ભાવનાને સફળ શ્રી સંઘનો સહયોગ સાંપડો ! પુસ્તકની અનુમોદના કરતાં અમાપ હર્ષ થાય છે.' **- શ્રી મફતલાલ સંઘવી**

'કલ્યાણ' માસિક તરફથી 'અમિદંષ્ટિ'ની આખા હિંદુસ્તાનમાં ભારે વર્ષા વરસી રહી છે, જેમાં હું પણ તણાઈ ગયો, અરે ! ડૂબી જ ગયો.' **-બી.એમ.શાહ**

● બીજા પણ અનેક લેખિત તથા મૌખિક અભિપ્રાયો મળેલ છે. 'દિવ્ય-દર્શન' ૧૪-૧૪ વર્ષથી આવું તત્ત્વપૂર્ણ આધ્યાત્મિક વાંચન પીરસી કૃતાર્થતા અનુભવતું હવે પંદરમાં વર્ષમાં આશાભેર પ્રવેશ કરે છે. સાથે, માનવંતા સભ્યો અને વાંચકોને નવા સભ્યો-વાંચકો વધારવા સપ્રેમ આગ્રહ કરે છે.

આજના દુન્યવી સંયોગો અસમાધિ અને આર્તધ્યાનના હુતાશન સળગાવી રહેલ છે. ખાધે પીધે સુખીને પણ સુખશાન્તિ નથી, સ્વસ્થતા નથી. ત્યારે બીજાઓને આવક-ખર્ચના ટાટિયા મેળવતાં મહા મુંઝવણ છે. પાછું આ સંયોગો અબાધ્ય બની ગયા છે. એવા અવસરે અનુપમ આશ્વાસન, સુંદર સમાધિ અને શુભ ધ્યાનની લહેરીઓનો અમૃત આસ્વાદ શાથી મળે ? હૃદયને અસર કરનારા તર્કપૂર્ણ દૃષ્ટાન્તથી સમર્થિત ઉચ્ચ આધ્યાત્મિક શ્રવણ-વાંચનમથી એ મળે. 'દિવ્ય-દર્શન' ભાવિકોને ઘેર બેઠા દર સપ્તાહે આ આપી રહ્યું છે, એ મહદ્ અહોભાગ્ય છે.

સીતાજીનો અધિકાર ૨-૪ અંકોમાં સમાપ્ત થશે. પછી જાહેર વ્યાખ્યાનો શ્રી ભગવતીજી સૂત્ર, શ્રી કુવલયમાળા વગેરેમાંથી કોઈ પ્રવચનો પ્રગટ કરાશે.

• • •

• **ખંભાત :** પૂ.મુનિરાજશ્રી પ્રેમચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં ૧૦ લાખ કેવળજ્ઞાની અને એક અબજ સાધુ સાધ્વીના અધિપતિ શ્રી સીમંધર સ્વામીની ઉપાસના નિમિત્તે અટ્ઠમ તપની આરાધનાનું એક ભવ્ય અનુષ્ઠાન પ્રથમ શ્રા. સુદ. ૧૩,૧૪,૧૫ ના દિવસોમાં થયું. આરાધનામાં નાના ૮ વર્ષના બાળકથી માંડીને ૮૦ વર્ષના વૃદ્ધ સુધીના ભાવુક આત્માઓ જોડાયા હતા. નાના બાળકો-બાલિકાઓની સંખ્યા લગભગ ૧૦૦ જેટલી હતી. સ્નાત્ર મહોત્સવ, દેવવંદન. ખમાસમણા, સામુદાયિક જાપ તથા શ્રી સીમંધર સ્વામીની ભક્તિ વગેરે થતાં હતાં. સવારે, બપોરે વ્યાખ્યાનમાં ભગવાનના જીવનચરિત્રનું સુંદર વર્ણન કરવામાં આવતું હતું. પારણાંને દિવસે વીસ વિહરમાનની પૂજા ભણાવાઈ. પાનાચંદ કસ્તુરચંદ તરફથી રાત્રિ જાગરણ થયું. બપોરે વરઘોડો ચઢ્યો. જેમાં પ્રભુજીનો રથ હાથે ખેંચવામાં આવ્યો હતો. તપસ્વીઓને પારણા છગનલાલ કસ્તુરચંદ તરફથી, પ્રભાવના શાંતિલાલ મણિલાલ શ્રોફ તરફથી તથા પૂર્વે ભક્તિ રમણલાલ વજેચંદ, રતીલાલ ઉમેદચંદ, કેશવલાલ અલીન્દ્રાવાળા તરફથી થઈ હતી.

• **સુરેન્દ્રનગર :** પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ.શ્રીની પ્રેરણાથી નિત્ય આંબેલ સાથે નવલાખ નવકાર મંત્રનાં જાપમાં ૧૭૫ ભાઈ બહેનો જોડાયા. શ્રા.વદિ ૧૦, ૧૨૫ ભાઈ બહેનોને શ્રીમતી ગજરાબેન કાંતિલાલ પીનાંગવાળા તરફથી ખીરનાં એકાસણા સાથે જાપ થયો. શાહ ગુલાબચંદ રાઘવજી તરફથી પંચકલ્યાણક પૂજા ભણાવાઈ. **શ્રી નવ્વાણું અભિષેકની પૂજા** શ્રાવણવદિ ૧૩ રવિવારે બપોરે શ્રી સંઘનાં ભૂતપૂર્વ ઉપપ્રમુખ સ્વ. વકીલ ચુનીલાલ ચત્રભુજનાં શ્રેયાર્થે તેમનાં સુપુત્રો તરફથી ભારે ઠાઠ પૂર્વક શ્રી વાસુપૂજ્ય જિનમિત્ર મંડળે ભણાવી. સવારનાં



વ્યાખ્યાનમાં પૂ. રાજેન્દ્રવિજયજીએ "શત્રુંજયમહાત્મ્ય" ઉપર રોચક અને બોધક પ્રવચન આપ્યું હતું. જેનાં પરિણામે બપોરે પૂજામાં ઘણી ભારે મેદની જામી હતી. પૂજાનાં કપડામાં આવનારની સંખ્યા ૨૫૦ ઉપરાંતની હતી. પેંડાની પ્રભાવના થઈ. આંગી ભાવના સુંદર થયા. પૂ. મુનિમહારાજશ્રી પ્રત્યે એમનાં દૃષ્ટાન્તો યુક્ત આકર્ષક વ્યાખ્યાનો તથા સચ્ચારિત્રથી આબાલવૃદ્ધ એક સરખી રીતે આકર્ષાયું છે. વ્યાખ્યાન શ્રવણમાં ઘણી મોટી હાજરી રહે છે.

• **સિદ્ધપુર :** પરમારાધ્યપાદ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાનાં પુનિત આશીર્વાદથી અત્રે ચાતુર્માસ પધારતા પૂજ્ય મુનિરાજશ્રી કીર્તિસેન-વિજયજી મહારાજાદિ ઠાણા-૩ ની નિશ્રામાં શેઠ શ્રી રતિલાલ ત્રિભોવનદાસ તેનીવાડાવાલા તરફથી **નમસ્કાર મહામંત્રનાં** સામુદાયિક એકાસણાં કરવામાં આવેલા, જેમાં ૨૨૫ આરાધકોએ ભાગ લીધેલો તથા **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનાં તથા અભિગ્રહોનાં અઠ્ઠમ ૪૦** જેટલા થયેલા. જેનાં ઉત્તર પારણાં તથા પારણાં શેઠ શ્રી રતિલાલ ત્રિભોવનદાસ તરફથી કરાવવામાં આવેલા તથા ઉપાશ્રયમાંથી તપસ્વીઓ તથા મુનિરાજોને શ્રી સંઘ સાથે વાજતે ગાજતે પોતાને ઘરે લઈ જઈ, વ્યાખ્યાન બાદ પતાસાની પ્રભાવના થયેલી. તપસ્વી ભાઈ-બહેનોને પારણાં કરાવ્યાં બાદ કંકુનો ચાંલ્લો કરી, ફૂલની માળા પહેરાવી, શ્રીફળ તથા રૂપિયા પાંચની પ્રભાવના કરી, તપસ્વીઓનું ખૂબ જ બહુમાન કરેલ. જૈનસંઘમાં અઠ્ઠમ તપનો મહિમા જાણીતો જ છે. સિદ્ધપુરના ૪૦ ઘરમાં આટલા સામુદાયિક અઠ્ઠમ થયા તે ખરેખર જૈન શાસનની બલિહારી છે ! સંઘના ધન્ય ભાગ્ય જ ગણાય !

શેઠ શ્રી દોલતરામ વેણીચંદભાઈ તરફથી અઠ્ઠમના તપસ્વીઓને શ્રીફળ તથા રૂપિયા ૧)ની પ્રભાવના થયેલ. વ્યાખ્યાન દરરોજ ચાલુ છે. વ્યાખ્યાનમાં પ્રભાવના નિયમિત ચાલુ છે ! અઠ્ઠમતપવાલાને શેઠ રતિલાલ ચુનીલાલ તરફથી ગ્લાસ તથા શેઠ જમનાદાસ મોહનલાલ પટવા તરફથી ડબીની પ્રભાવના કરવામાં આવી છે.

અત્રે બિરાજતા પૂજ્ય બાળ મુનિરાજશ્રી નયસેન વિજયજી મ.શ્રીએ વર્ધમાન તપની ઓળીનો પાયો નાંખ્યો છે. ભણવાનું તથા વૈયાવચ્ચનું કાર્ય ઘણું જ સુંદર કરી રહ્યા છે. વંદન હો બાળ દીક્ષાર્થીને...

• **વાવ :** પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજય મ.શ્રીની નિશ્રામાં નવ દિવસ નવકાર મંત્રનો જાપ થતાં ૧૧૫ આરાધકોએ ૨૧ લાખનો જાપ કર્યો હતો. નવે દિવસ આંગી તથા ભાવના રાખવામાં આવેલ. સંઘમાં ઉલ્લાસ ઘણો આવેલ છે.

• **અમદાવાદ :** અત્રે દશાપોરવાડ સોસાયટી સંઘમાં સામુદાયિક વર્ધમાન તપના પાયાના પારણાંનો પ્રસંગ ભવ્ય રીતે ઉજવાયો. પારણાનો લાભ શેઠ રમણલાલ ચીમનલાલ કોલસાવાળાનાં ધર્મપત્નીને પોતાને પણ પાયો સુખરૂપ નખાયો તેથી એમના તરફથી લાભ લેવાયો. તથા તેમના તરફથી આગલા દિવસે શ્રા.સુ.૮ ના અત્રે દેરાસરજીમાં (૧૨૦૦૦) ફૂલોના નાવની રચના સાથે દેરાસર સુંદર શણગારી દેવાયું હતું. દર્શન-જ્ઞાન-ચારિત્રના આ નાવમાં શ્રી સંઘને પ્રભુજી સુકાની તરીકે લઈ જઈ રહ્યા છે એવું દૃશ્ય હતું. શહેરમાંથી અને દૂર સોસાયટીઓમાંથી હજારો ભવ્ય જીવોએ આવી આવીને દર્શનનો લાભ લીધો હતો. મંડપમાં બહેનોની પૂજા પણ ભણાવવામાં આવી હતી. રાતના ભાવના પણ રખાઈ હતી. એમના તરફથી જ પેંડાની પ્રભાવના કરાવવામાં આવી હતી. અત્રે પૂ. આચાર્યદેવશ્રીનું ચાલુ સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. વૈદ્યની દવા ચાલુ છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૫,અંક-૨,તા.૧૦-૯-૧૯૬૬**

• **માલેગામ :** અત્રે વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરિજી મ. તથા પૂ.પં.શ્રી ત્રિલોચનવિજય મ.ના ચાતુર્માસથી ધર્મરંગની છોળો ઉછળી રહી છે. તપશ્ચર્યાઓ-વ્રતનિયમો, નવલાખ નવકારની પ્રભાવના વગેરે વગેરે અદ્ભુત ચાલી રહ્યું છે. વિશેષમાં નવો યુવક વર્ગ ધર્મ તરફ જે આકર્ષાયો છે તે છેલ્લાં પચીસ વર્ષમાં એક રેકર્ડ છે. આચારબદ્ધ ત્યાગી-વિરાગી શ્રમણ ભગવંતોની બલિહારી છે.

• **સુરત :** અત્રે છાપરીયા શેરી-સુતરીયા ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી ધનપાલવિજયજી મ. આદિ ચાતુર્માસાર્થે પધારેલ છે. વ્યાખ્યાનમાં શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી સમરાદિત્યકેવલી ચરિત્ર વંચાય છે. સ્વ. શેઠ મણિલાલ મગનલાલની સ્વર્ગતિથિ દિવસે તેમના પુત્રો તરફથી ખીરના એકાસણા સહિત 'અરિહંત' પદનો જાપ કરાવતાં ૨૨૫ આરાધકોએ આરાધના કરી.

• **દેસુરી :** પૂ. મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ. આદિ અત્રે ચાતુર્માસાર્થે પધારતાં સંઘમાં ઘણો જ ઉલ્લાસ વધેલ છે. ખીરના એકાસણા સહિત ૯ લાખ નવકાર મંત્રનો જાપ થયો. ૧૪ પૂર્વના તપમાં ૧૨૫ આરાધકો તથા અઠ્ઠમમાં ૧૬૦ આરાધકોએ લાભ લીધેલ. તેમજ વર્ધમાન તપના પાયા પણ નંખાયેલ છે.

• **નવસારી :** અત્રે પૂ. મુનિરાજશ્રી લલિતશેખરવિજય મ.શ્રીની નિશ્રામાં અઠ્ઠમતપની આરાધના થતાં ૧૫૫ આરાધકો જોડાયેલ. ચરવળા તથા બીજી ૧૩



પ્રભાવનાઓ થયેલ. ત્રણે દિવસો અખંડ જાપ ચાલુ હતો.

• **આમોદ :** અત્રે પૂ. સાધ્વીજી શ્રી હર્ષયશાશ્રીજી મ.શ્રી ની **માસખમણ** તપની પૂર્ણાહુતી નિમિત્તે પાંચ દિવસનો ઉત્સવ તથા વરઘોડો સુંદર નીકળેલ. તારાચંદભાઈ તરફથી સાધર્મિક-ભક્તિ રખાયેલ.

• **સરીયદ :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રપ્રભવિજયજી મ.ની પ્રેરણાથી ત્રણ દિવસ ખીરના એકાસણા સહિત 'અરિહંત' પદનો જાપ સારી સંખ્યામાં થયો. સંઘમાં વિવિધ તપશ્ચર્યાદિ સારા ચાલે છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૫,અંક-૫,તા.૮-૧૦-૧૯૬૬**

• **અમદાવાદ :** અત્રે દશા પોરવાડ સોસાયટીમાં સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પર્યુષણાની ભવ્ય આરાધના થઈ. અઠ્ઠાઈઓ વગેરે તપસ્યા સારી થઈ. અત્રેથી પૂ. મુનિરાજોને મોકલીને શાહપુર ચુનારાના ખાંચે, દરવાજાના ખાંચે, માકુભાઈના બંગલે, સૈજપુર, નરોડા, રાજપુર, વિશ્વનંદીકર સંઘ વગેરે સ્થળોએ પર્યુષણની આરાધના સુંદર કરાવી. શાંતિનગર સોસાયટી સંઘના ઉત્સવ પર આગ્રહભરી વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી ત્યાં ૪ દિન માટે પધાર્યા હતા. ત્યાંથી પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજની નરમ તબીયત જાણી સાબરમતી શાતા પૂછવા પધારેલ. પાછા અત્રે સુદ ૧૨ પધારી ગયા છે. પરંતુ શ્રમ લાગેલ છે. એઓશ્રીને ૩ માસથી બોચીની બંને બાજુની નસ પર ગળું વાળતાં દુખાવો થાય છે. ઉપચાર ચાલે છે, પણ ફરક નથી. બાકી બીજી તબીયત ઠીક છે. અત્રે શહેરમાં ચાર રજાઓમાં યોજાયેલ ૪૦૦ વિદ્યાર્થીની શિબિરની ધાર્મિક શિક્ષણની રવિવાર તા. ૨૫ મીએ લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. ૧૭૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી.

• **જુનાગઢ :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના ઘણી સુંદર થઈ. તે નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિસ્નાત્ર સહિત ઉજવાઈ રહ્યો છે. છ સ્વામીવાત્સલ્ય તેમજ ત્રણ રથયાત્રાના વરઘોડા નીકળેલ. ૩૦ લાખ અરિહંતનો જાપ સારી રીતે થયેલ.

• **પાટણ :** અત્રે પૂ.આ.શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મહાપર્વની સુંદર આરાધના થઈ, કનાસાના પાડાવાળા બચુભાઈના ચિ. ગૌતમે (ઉં. વર્ષ ૪) પૂર્વે છૂટા ૩ આંબેલ કરેલા, આ વખતે પર્યુષણમાં ૨ એકાસણાં ને

૩ બેસણાં કરેલા.

• **હિંમતનગર** : અત્રે પૂ.અશોકવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં સંઘમાં ઘણા ઉલ્લાસપૂર્વક પર્યુષણ પર્વની આરાધના થઈ. બાળકોએ ચોસઠ પહોરી પૌષધ સારી સંખ્યામાં કરેલ.

• **હિંમતનગર** : પૂ. મુનિરાજશ્રી અશોકવિજય મ.શ્રીની નિશ્રામાં પર્યુષણ પર્વ ઘણી જ સુંદર રીતે ઉજવાયા. જૈનબોર્ડિંગ તથા પાઠશાળાના વિદ્યાર્થીઓએ ચોસઠ પહોરી પૌષધ સારી સંખ્યામાં કરેલ. તપસ્યાનો વરઘોડો અપૂર્વ નિકળેલ.

• **આમોદ** : અત્રે પર્યુષણ પર્વની આરાધના સુંદર થઈ. એક સાધ્વી મ.શ્રી તથા એક શ્રાવિકાને માસખમણની તપશ્ચર્યા તેમજ ૧૭ અઠ્ઠાઈ થયેલ.

• **ગોધરા** : પૂ.મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં મુનિશ્રી ચંદનવિજયજી મ. માસખમણની તપસ્યા નિર્વિઘ્ન પૂર્ણ કરી. સંઘમાં અનેરા ઉલ્લાસથી પર્યુષણ પર્વ ઉજવાયા.

• **અમદાવાદ** : દશા પોરવાડ સોસાયટીમાં સિદ્ધાન્ત મહોદધિ પૂ.આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં સંઘને પર્યુષણા મહાપર્વની સુંદર આરાધના થઈ તેની અનુમોદના અને સ્વ.પૂ.**મુનિરાજશ્રી જયવર્ધનવિજયજી** મહારાજની સુંદર આરાધના-સમાધિની અનુમોદના નિમિત્તે સંઘ તરફથી અત્રે ભાદરવા સુદ ૧૧થી ભાદરવા વદ ૩ સુધીમાં અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો. વદ ૩ શાન્તિસ્નાત્રમાં લાભ લેવા માટે ઉછામણીઓ બહુ ઉત્સાહથી બોલાઈ. છેલ્લી બે રાત્રે ભાવનામાં પ્રસિદ્ધ ગવૈયા દેવેન્દ્રભાઈએ પ્રભુભક્તિ અને વૈરાગ્યના સુંદર ગીતોની રમઝટ મચાવી.

પૂજ્યપાદ આચાર્યદેવશ્રીની તબીયત ઠીક ચાલે છે, કર્મસાહિત્ય વાંચન-શોધન કરે છે. એઓશ્રીની નિશ્રામાં નવા તૈયાર થયેલ કર્મસાહિત્યના બે મોટા ગ્રંથોના પ્રકાશનનો જાહેર સમારોહ આ.સુદ ૧૫, વદ ૧ તા. ૨૯, ૩૦ ઓક્ટોમ્બર શનિ-રવિએ ભવ્ય રૂપમાં ઉજવવાની તૈયારી એની સમિતિ તરફથી ચાલી રહી છે.

• **સરીયાદ** : અત્રે પૂ. મુનિરાજો શ્રી ચંદ્રપ્રભવિજયજી મ., શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના સારી થઈ. 'નમોજિણાણં જિઅભયાંણ' પદનો જાપ આયંબિલ સાથે સારી સંખ્યામાં થયેલ.

• **વાડાસિનોર** : અત્રે પ.પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણ સુંદર ઉજવાયા. કલ્પસૂત્ર સ્વપ્ના વગેરેની બોલીઓ સારી થઈ. ગણધરવાર સુંદર સમજાવાયો. તપસ્યાઓ પ્રભાવનાઓ વરઘોડો સુંદર થયા. પૂ.મુ.શ્રી પ્રિયંકરવિજયજી



મહારાજે અઠ્ઠાઈ કરેલી. અઠ્ઠાઈ મહોત્સવ પણ સુંદર થયો. ઝવેરાતની બે દિવસ આંગી રચાઈ હતી. રંગોળી સુંદર પૂરેલ.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** **વર્ષ-૧૫,અંક-૭,તા.૨૨-૧૦-૧૯૬૬**

• **નિપાણી** : અત્રે અમલનેરવાળા ભાઈશ્રી રીખવચંદ હાથીચંદ પર્યુષણાની આરાધના કરાવવા આવેલા, એમ સંઘને શ્રી જ્ઞાનવિમળસૂરિજીની પર્યુષણાની ઢાળો સારી ગવરાવીને ભગવાનના ચરિત્ર વગેરેમાં એવા સુંદર ભાવમાં ઝીલાવ્યો કે ધર્મરંગ વધતાં તપસ્યાઓ સારી થઈ, દેવદ્રવ્યાદિની ઉપજ પણ સરસ બની, તેમજ અમુક ભાઈઓ તરફથી પ્રભુજીનો રથ બનાવવા ચાંદી આપવાનું તથા એકભાઈ તરફથી ભગવાનની સુંદર પાલખી બનાવવા રૂા. દસ હજાર સુધીની રકમ આપવાનું નક્કી થયું. વળી દેરાસરજીમાં વિશેષ રોનક લાવવાનું તથા બાવન જિનાલયના બધા પ્રભુજીને નવા ચક્ષુ, તેમજ આંગી માટે ચાંદીની ટીકીઓ વગેરે બનાવવાનું નક્કી થયું.

• **આણંદ** : અત્રે વિદ્યાનગરની કોલેજોમાં પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના જાહેર વ્યાખ્યાનો સુંદર થયા. શિક્ષિત વર્ગ પર જૈન ધર્મની ભવ્ય વાતોથી સારો પ્રભાવ પડ્યો.

• **અમદાવાદ** : અત્રે પૂ. સિદ્ધાન્તમહોદધિ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. એઓશ્રી સુદ ૪ જ્ઞાનમંદિર પધાર્યા છે. કર્મ-સાહિત્ય પ્રકાશન સમારોહ તા. ૩૦-૧૦-૬૬ સુધી ત્યાં રોકવા સંભવ છે.

• **અમદાવાદ** : અત્રે રાજનગર ધાર્મિક શિક્ષણ શિબિર સમિતિ તરફથી તા. ૨૫-૧૦-૬૬ થી તા. ૪-૧૧-૬૬ સુધી માટે ૧૫૦ નવા વિદ્યાર્થીઓ ૯-૧૦-૧૧મી કલાસના તથા કોલેજના ધાર્મિક શિક્ષા અને સંસ્કરણ અર્થે શિબિર યોજવાનું નક્કી કર્યું છે. સ્થળ મહાવીર વિદ્યાલય બોર્ડિંગનું રાખ્યું છે. પ્રવચનકાર પં.શ્રી ભાનુવિજયજી મહારાજ છે.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** **વર્ષ-૧૫,અંક-૯,તા.૫-૧૧-૧૯૬૬**

## કર્મસિદ્ધાન્તના બે મહાન ગ્રંથોનો પ્રકાશન-સમારોહ

વિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાન્તમહોદધિ પૂ.આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી**

**મહારાજ** સાહેબના સાનિધ્યમાં એઓશ્રીની પ્રેરણા-નિરીક્ષણ હેઠળ તૈયાર થયેલ **'ખવગસેઢી'** અને **'ઠિઈબંધો'** નામના કર્મસિદ્ધાન્તના બે મહાકાય ગ્રંથોને પ્રકાશિત કરવાનો ભવ્ય સમારોહ તા. ૨૯-૩૦ ઓક્ટોબરે અમદાવાદ પ્રકાશ હાઈસ્કુલના મોટા પટાંગણમાં દબદબાભરી રીતે ઉજવાઈ ગયો. પહેલા ક્ષપકશ્રેણીના ગ્રંથની પ્રાકૃત ગાથાઓ તથા સંસ્કૃત વિવેચન ૭૦૦ પાનાનું પૂ.મુ.શ્રી ગુણરત્નવિજયજી મહારાજે લખેલ. બીજા સ્થિતિ બંધ ગ્રંથની પ્રાકૃત ગાથાઓ પૂ.મુ.શ્રી વીરશેખર-વિજયજી મહારાજે અને ગ્રંથ વિવેચન પૂ.મુ.શ્રી જગચ્ચન્દ્રવિજયજી મહારાજે લખેલ. કર્મના વિષયમાં એક પ્રકરણ **'બંધવિધાન'**ના આવા પંદરેક ગ્રંથોના સર્જન થવા વકી છે. એનાં મુદ્રણ આદિ માટે **'શ્રી ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશક સમિતિ'** કામ કરી રહી છે.

ઊક્ત ગ્રંથોના પ્રકાશન સમારોહ નિમિત્તે અત્રે શેઠ શ્રી રમણલાલ વજેચંદની આગેવાની નીચે શ્રી શ્રુતભક્તિ મહોત્સવ સમિતિ નીમાઈ હતી, અને ગ્રંથ પરિચય, કર્મસાહિત્ય પ્રકાશનની વિરાટ યોજના, જૈનધર્મમાં કર્મવિજ્ઞાન દર્શનોમાં કર્મવાદ વગેરે સાહિત્ય તથા આમંત્રણ પત્રિકા ભારતભરમાં પ્રસારવામાં આવેલ.

આ પ્રસંગે કર્મસાહિત્ય પ્રદર્શન યોજવા ધારેલ. પરંતુ પ્રકાશ હાઈસ્કુલના પ્રિન્સીપાલ શ્રી જેઠાભાઈની ઈચ્છા અને સહકારથી **જૈન સાહિત્ય પ્રદર્શન** યોજવામાં આવેલ. એમાં આગમ-દર્શન-પ્રકરણ-અધ્યાત્મ-યોગ-ધ્યાન-ઈતિહાસ-આચાર-ચારિત્ર-શબ્દશાસ્ત્ર-કર્મસિદ્ધાન્ત વગેરેના શાસ્ત્રોને સ્કૂલના ૧૨ શણગારેલા ઓરડાઓમાં ગોઠવવામાં આવેલ. એમાં કેટલાકના પરિચય બોર્ડ, સુવાક્યો, વિષય પરિચય વગેરેના બોર્ડ, ચિત્રો, નકશા, પ્રાચીન સોનેરી પ્રતો વગેરે મૂકવામાં આવેલ. હજારો નર-નારીઓ દર્શન કરવા ઉલટ્યા હતા. ઓરડે ઓરડે ખાસ નિયુક્ત યુવકો આની સમજ પણ આપતા. કેટલાય જૈનોને પોતાના ધર્મમાં આટલું બધું અગાધ જ્ઞાન છે, એનું આથી જ્ઞાત થતાં આશ્ચર્ય થયેલા. જૈનેતરો પણ જૈનધર્મનો આ ખજાનો જોઈ જૈન ધર્મ પ્રત્યે મુગ્ધ ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી શ્રીમતી ઈન્દુમતીબેન પણ દર્શનાર્થે આવેલ અને પ્રદર્શન બહુ સુંદર એવો અભિપ્રાય વ્યક્ત કરેલ.

સમારોહના પ્રથમ દિવસે શહેરના પ્રસિદ્ધ વક્તા મુનિઓનાં પ્રવચનમાં વિશાળ હાજરી હતી. બાદ શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશીના હસ્તે પ્રદર્શનનું ઉદ્‌ઘાટન થયેલ. રાતના સભા મળી હતી તેમાં વિદ્વાન વક્તાઓનાં ભાષણો થયેલ. શિબિરના વિદ્યાર્થીઓ પૈકી શ્રી જયપ્રકાશના ધારાબદ્ધ અંગ્રેજી ભાષણે ખૂબ પ્રભાવ પાડ્યો. બાદ સંગીતકાર શ્રી દેવેન્દ્રવિજય ભાવનામાં ભક્તિ વૈરાગ્યની રેગરેલ રેલાવેલી.

સમારોહના બીજે દિવસે મસ્કતી મારકીટથી શ્રી ખૂબચંદજી તરફથી ભવ્ય વરઘોડો નીકળ્યો. એમાં હાથી ઉપર ગ્રંથ લેવામાં આવેલ. શહેરના બધા ઉપાશ્રયોએથી પધારેલ મુનિમહારાજો, નગરના અગ્રગણ્યો, અનેક નગરથી આવેલ મહેમાનો, સાબેલા. બેન્ડ બોર્ડો વગેરેથી વરઘોડો ખૂબ જ દબદબા ભર્યો બનેલ, રસ્તાઓ પર દર્શનાર્થીઓની મેદની ચિકાર હતી. વરઘોડો પ્રકાશ હાઈસ્કૂલે ઉતરતાં મહા વિશાળ પટાંગણમાં પણ લોક સમાતું નહોતું. પૂ.આચાર્યદેવશ્રીની આજુબાજુ પૂ.મુનિરાજશ્રી પુણ્યવિજય મ., પૂ.મુ.શ્રી અશોકચંદ્રવિજયજી મ., પૂ.શ્રી ભદ્રંકરવિજયજી મ., પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ. વગેરે શ્રમણ ભગવંતોનો વિશાળ સમુદાય બિરાજમાન હતો. પર્ષદામાં રાજનગરના અને મુંબઈ વગેરેના બહારગામના અનેક સંભવિત ગૃહસ્થો ઉપસ્થિત થયેલ.

મંગળાચરણ બાદ બંને ગ્રંથોના ૫ પૂજનની ઉછામણી લગભગ ૧૫ હજાર થયેલ. ગુરુપૂજનના રૂા. ૨૫૦૦ થયેલ. ખવગસેઢી છપાવવામાં રૂા. ૧૦ હજાર આપનાર શ્રી ખૂબચંદજી પિંડવાડાવાળાએ, તથા ઠિઈબંધો છપાવનાક શ્રી પિંડવાડા સંઘ જ્ઞાનખાતાવતી રૂા. ૨ હજારની બોલીથી આદેશ લેનાર શ્રી ભૂરમલજીએ પૂજ્યશ્રીને બંને ગ્રંથો વહોરાવ્યા પછી પૂજનો થયા બાદ ગૃહસ્થોના કર્મ સાહિત્ય આદિને અંજલિ આપતા પ્રવચનો થયા. બાદ પૂ. મુનિરાજશ્રી પુણ્યવિજયજીએ પ્રવચન કરતાં 'કષાયપ્રાભુત' ગ્રંથ ચૂર્ણી શ્વેતાંબર કૃતિ હોવા પર સુંદર પ્રકાશ પાડ્યો. લગભગ ૧। વાગે સર્વમંગળ થયું.

આ કાર્યમાં શેઠશ્રી રમણલાલ વજેચંદ અને શ્રી ભાણાભાઈ અને શ્રી ચતુરદાસ, શ્રી રસિકલાલ, શ્રી બાબુભાઈ પ્રેસવાળા, શ્રી પુરુષોત્તમદાસ અને બીજા શ્રુતભક્તિ મહોત્સવ સમિતિના ભાઈઓ તથા અમદાવાદના શિબિર વિદ્યાર્થીઓ તેમજ પ્રીન્સીપાલ શ્રી જેઠાભાઈ અને એમના સ્ટાફની અથાગ મહેનત હતી. વડોદરાના તથા મુંબઈના શિબિર વિદ્યાર્થીઓએ ખૂબ જ સેવા આપી. પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મહારાજ તથા અન્ય મુનિરાજોએ પણ ખૂબ ભોગ આપેલો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૧૧,તા.૨૬-૧૧-૧૯૬૬

● **અમદાવાદ :** અત્રે શ્રી ચંદ્રકાન્ત સી. મશરૂવાળા, શ્રી સુબોધચંદ્ર લાલભાઈ તથા શ્રી ચંદુલાલ જીવાભાઈના પ્રયત્નથી લગભગ ૧૧૦ વિદ્યાર્થીઓની ધાર્મિક શિક્ષા-સંસ્કરણ અર્થે શિબિર તા. ૨૫-૧૦-૬૬ થી ૪-૧૧-૬૬ સુધી યોજાઈ ગઈ. શ્રી મહાવીર વિદ્યાલયના મકાનમાં એના કાર્યવાહકોના સૌજન્યથી શિબિર રખાઈ હોવાથી ગૃહપતિ પ્રો. શ્રી દામુભાઈ તથા બાબુભાઈએ દેખરેખ સુંદર રાખી. ખાવડના

ભાઈશ્રી ઓચ્છવલાલે અને અત્રે પાંજરાપોળના ભાઈ શ્રી સુરેશ સી. શાહે વિદ્યાર્થીઓની વૈયાવચ્ચ ખડે પગે કરી. શિબિરમાં સવારે સામાયિકમાં આવશ્યક સૂત્ર રહસ્યની વાચના ચાલતી. પછી વાચનાદાતા પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ને ૪-૫ દિન વ્યાખ્યાન આપવા જવું પડતું હોવાથી વિદ્યાર્થીઓ સ્નાત્ર મહોત્સવ ઉજવતા. બપોરે ૧ાા-૨ વાગ્યાથી ૪ાા સુધી વાચનાઓ ચાલતી. શહેરમાં કર્મસાહિત્ય પ્રકાશન સમારોહ પત્યા પછી તો અત્રે સવારે ૯ વાગેથી ૧૧ લગભગ બે વાચના અને બપોરે બે વાચના ચાલતી એમાં વિશ્વ - આત્માનો સંબંધ નવ તત્ત્વ મોક્ષમાર્ગ સમક્તિનો ૬૭ વ્યવહાર, શ્રાવક દિનકૃત્ય, મંદિરવિધિ વગેરે વિષયોનાં વ્યાખ્યાન રહેતાં. તા. ૯મીએ પરીક્ષા લેવાઈ. અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને સુખશાતા સારી છે. ત્રણ દિવસથી દેરાસર ચાલીને પધારેલ.

● **અમદાવાદ** - અત્રે સિદ્ધાન્તમહોદધિ પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. રોજ દેરાસર ચાલીને જાય છે. પ્રતિક્રમણ પણ ઊભા ઊભા કરે છે. સુદ ૫ નો ઉપવાસ કરેલો. અત્રે યોજાયેલ ઓક્ટોબર શિબિરના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાયેલી હવે એનો ઈનામી મેળાવડો રવિવાર તા. ૪-૧૨-૬૬ ના રોજે રાખવામાં આવ્યો છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૧૩,તા.૧૦-૧૨-૧૯૬૬

● **અમદાવાદ** : સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી 'મહારાજ** સાહેબનો સપરિવાર ચાતુર્માસ પરિવર્તન શેઠ શ્રી રમણલાલ ચીમનલાલ કોલસાવાળાના, અતિ આગ્રહથી આંબાવાડી એમના બંગલે બહુ ઠાઠથી કરાવવામાં આવ્યું. આ પ્રસંગે તથા બીજે દિવસે વ્યાખ્યાન અને પૂજામાં શહેરનાં અગ્રણી ગૃહસ્થોની હાજરી સારી હતી; પૂજ્યશ્રી એમના બંગલે પધારીને વ્યાખ્યાન થયા બાદ આવેલ સાધર્મિક ભાઈ-બહેનોનું વાત્સલ્ય કરવામાં આવ્યું. લગભગ ૭૦૦ ભાવિકોનો લાભ શેઠશ્રી રમણભાઈને મળ્યો. બીજના દિવસે શાસ્ત્રીનગર સંઘ તરફથી પૂજ્યશ્રીની ત્યાં પધરામણી થઈ. વ્યાખ્યાન-પૂજા-સાધર્મિક વાત્સલ્ય વગેરેમાં સંઘે સારો લાભ લીધો. અત્રે એક વર્ષમાં દેરાસરનું નક્કી ન થાય ત્યાં સુધી આગેવાન ભાઈએ મિષ્ટાન્ન ત્યાગની પ્રતિજ્ઞા લીધી. ત્યારબાદ શેઠશ્રી રમણલાલ વજેચંદના અતિઆગ્રહથી પૂજ્ય આચાર્યદેવશ્રી સપરિવાર એમના બંગલે પધાર્યા; અને વદ ૯ સુધી અત્રે સ્થિરતા કરી વ્યાખ્યાન એમના બંગલાની અગાશીમાં શણગારેલા મંડપમાં બેસતું અને ખાસ શાંત સુધારસની વિનયવિજયજી ઉપાધ્યાયનાં સંસ્કૃત કાવ્ય ઉપર થતું. વચમાં કા.વ.૬ પૂ. આચાર્યદેવશ્રીનો ૬૭મો દીક્ષા દિવસ આવ્યો. તે દિવસે શેઠ શ્રી રમણભાઈ તરફથી પૂજા-પ્રભાવના વગેરે થયું. કા.વ.૧૦ નગીના પોળમાં પ્રભુની પ્રતિષ્ઠા પ્રસંગે ખાસ આગ્રહભરી વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી આદિ ઝવેરીવાડ-ઉજમફઈની ધર્મશાળાએ પધારવાના છે અને મા.સુ.૩ સુધી ત્યાં રોકાવવાના છે.

● **સુરેન્દ્રનગર** : પૂ. મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. તથા રાજેન્દ્રવિજય મ.શ્રીની નિશ્રામાં અત્રેની પાઠશાળાનો મેળાવડો કા.સુ.૧૪નાં ખૂબ સારી રીતે થયો. કારતક સુદ ૧૫ના વિનોદરાય મણિલાલને ત્યાં ચાતુર્માસ પરિવર્તન થયું. બપોરે પૂજા-પ્રભાવના સુંદર થયા. સવારે ત્યાંથી અમદાવાદ તરફ વિહાર કરવાનો હોઈ રાજપર મુકામ સુધી સંઘના ૪૦૦-૫૦૦ ભાઈબહેનો આવ્યા હતા. ત્યાં વ્યાખ્યાન પૂજાદિ થયા.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૧૫,તા.૨૪-૧૨-૧૯૬૬

● **અમદાવાદ** : સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલે છે. આખો દિવસ કર્મ-સાહિત્ય તપાસી રહ્યા છે. નગીનાપોળમાં ભાઈશ્રી નાનુભાઈ જેશીંગભાઈ અને એમના ધર્મપત્ની શ્રીમતી કલાબેન તરફથી શ્રી આદીશ્વર પ્રભુજીના સુંદર બિંબ પ્રતિષ્ઠિત કરવાના હોવાથી એમણે યોજેલા મહોત્સવ પર કા.વ.૧૦ ઉજમફઈની ધર્મશાળે પૂ. આચાર્યદેવેશની સપરિવાર પધરામણી કરાવી. રોજ વ્યાખ્યાનમાં ભરચક મેદની રહેતી. માગશર સુદ ૩ પૂ. આચાર્યદેવના સાંનિધ્યમાં ધામધુમપૂર્વક પ્રતિષ્ઠા થઈ. બાદ શ્રીયુત કલ્યાણભાઈ મણિભાઈ દલાલના ધર્મપત્ની સરસ્વતીબેનની કેટલાય વખતથી પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં જિનેન્દ્રભક્તિ મહોત્સવ કરવાની ઈચ્છા હોવાથી પૂજ્યશ્રીને વિનંતી કરી શેખના પાડે પધરામણી કરાવી. વચમાં ચોકમાં મોટો મંડપ ઊભો કરવામાં આવ્યો. શ્રી અજિતનાથ પ્રભુના દેરાસરમાં સુદ ત્રીજથી ઉત્સવ ચાલુ થયો. સુદ ૬ રવિવારે શ્રી ચતુરભાઈની આગેવાની નીચે શ્રી જૈનધર્મ આરાધક મંડળે અષ્ટાપદજીની પૂજા ભણાવી. જનસંખ્યા ઘણી. વ્યાખ્યાન મંડપમાં જ રહેતું. પર્ષદા ચિક્કાર ભરાતી. સુદ ૧૦ સુધી અત્રે સ્થિરતા છે. આંબલીપોળનાં ઉપાશ્રયે પધારવાની શેઠશ્રી કેશવલાલ લલ્લુભાઈ વગેરેની આગ્રહભરી વિનંતી હોઈ પૂ. આચાર્યદેવશ્રી મૌન અગિયારસે સપરિવાર ત્યાં પધારશે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૧૬,તા.૩૧-૧૨-૧૯૬૬

• **અમદાવાદ** - પૂ.સિદ્ધાન્ત મહોદધિ આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબે શેઠ શ્રી કલ્યાણભાઈ મણિભાઈ દલાલ તરફથી ઉત્સવ પ્રસંગે શેખના પાડે સ્થિરતા કરેલી. જનતા એટલી મોટી સંખ્યામાં લાભ લેતી હતી કે પૂ. આચાર્યદેવશ્રીને માગશર સુદ ૧૦ ઉત્સવ પૂર્ણાહુતિ બાદ ત્યાં વધુ રોકવાની એમની ઇચ્છા હોવા છતાં શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ વગેરેનો અતિ આગ્રહ થવાથી પૂજ્યશ્રી સપરિવાર માગશર સુદ ૧૧ મોટા સામૈયા સાથે આંબલીપોળના ઉપાશ્રયે પધાર્યા. સુદ ૧૨, ૧૩ પણ ત્યાં જ સ્થિરતા કરી. અહીં પણ વિશાળ જનસંખ્યા ધર્મનો લાભ લેતી જોઈ આગેવાન કાર્યકર ભાઈશ્રી લાલભાઈ વગેરેએ પૂજ્યશ્રીને રોકવા ગદ્ગદ વિનંતી કરી. પરંતુ ઉજમફઈની ધર્મશાળાવાળાની આગ્રહભરી વિજ્ઞપ્તિ પહેલાં સ્વીકારાઈ ગઈ હોવાથી સુદ ૧૩ વ્યાખ્યાન બાદ પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર ઉત્સાહભર્યા સ્વાગતપૂર્વક ઉજમફઈ ધર્મશાળાએ પધાર્યા. હાલ અત્રે સ્થિરતા છે. પૂજ્ય આચાર્યદેવશ્રીને જુનો વાનો દુઃખાવો મૃદુરૂપમાં શરૂ થયો હોવાથી સામાન્ય શિથિલતા રહે છે. પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.નો મુંબઈ તરફનો વિહાર હાલ મુલત્વી રહ્યો છે.

• **ખંભાત** - અત્રે જૈન શાળામાં ભાઈશ્રી વિક્રમકુમારની દીક્ષાનો અભિનંદન મેળાવડો શેઠશ્રી રમણભાઈ વજેચંદના પ્રમુખપણે યોજાયો હતો. શેઠ શ્રી ભાણાભાઈએ નવકારની સુંદર ધૂન લેવડાવ્યા બાદ શ્રી રમણલાલ વગેરેનાં ત્યાગધર્મનાં મહત્ત્વનાં સુંદર ભાષણો થયા. માગશર સુદ ૩ દીક્ષા વિધિ ધામધૂમથી ઉજવાઈ. વિક્રમકુમાર પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ. ના શિષ્ય થયા. સંઘનો ઉલ્લાસ ઘણો, દીક્ષાનો વરઘોડો શેઠશ્રી રતનલાલ જીવાભાઈને ત્યાંથી ચડ્યો હતો.

• **નડિયાદ** - અત્રે પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી આદિના ચાતુર્માસથી સંઘમાં ધર્મરંગ સારો આવ્યો. શા શનાભાઈ હીરાચંદે પોતાને ત્યાં ધામધૂમથી એમનું ચોમાસું બદલાવ્યું. કા.વ.૧૧ થી પ્રભુજીને અઢાર અભિષેક નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. સંઘના અતિઆગ્રહથી પૂ.પં.શ્રી હિમાંશુવિજય મહારાજ આદિ અત્રે પધાર્યા. સંગીતકાર હરજીવનદાસે પૂજા-ભાવનાઓમાં લોકોને પ્રભુભક્તિમાં ખૂબ ઝીલાવ્યા. સુદ ૩ ના શાંતિસ્નાત્ર ઉજવાયું. જૈનેતરોમાં પણ શાસન પ્રભાવના સારી થઈ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજે ચોમાસામાં શ્રાવિકા સંઘમાં કેટલાય વર્ષોમાં નહિ જોયેલી એવી ધર્મ જાગૃતિ આણી. ઉપાશ્રયમાં નિયમ રાખ્યો હતો કે બહેનો, સામાયિક-સ્વાધ્યાય-ધર્મશ્રવણ કરે. વાતો ન કરે. કેટલીય બહેનોએ ભવ



આલોચના કરી; તપસ્યાઓ પણ ખૂબ થઈ; આખું ચોમાસું પજુસણ જેવું ગયું.

• **માલેગામ :** વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ તથા પૂ.પં.શ્રી ત્રિલોચન વિજય મ.ના અત્રેના ચોમાસાએ સંઘમાં અભૂતપૂર્વ ધર્મજાગૃતિ આણી. જેના એક ફળરૂપે અત્રે ઉપધાનમાં ડોક્ટર અને વકીલ જેવા પણ ચાલુ હજારો રૂા.ની પ્રેક્ટીસનો ધંધો સ્થગિત કરીને જોડાયા. બીજા પણ યુવાનોએ આરાધના કરી. પૂ. આચાર્યદેવશ્રીએ ૯ લાખ નવકાર, ૧૪ નિયમ અને બીજા નિયમો તથા ભવઆલોચનાની સુંદર પ્રભાવના કરી. માળારોપણ મહોત્સવ પ્રસંગ અદ્ભુત ઉજવાયો સાથે 'નૂતન જ્ઞાનમંદિર અને પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વર જ્ઞાન ભંડાર'નો ઉદ્ઘાટન-સમારોહ પણ દબદબાભર્યો ઉજવાઈ ગયો. પૂજ્યશ્રીના પ્રભાવક ઉપદેશ અને પ્રયત્નથી **ચાંદવડમાં** દેવદ્રવ્યની રકમ વ્યવસ્થિત થઈ જવાની આશા છે. **બોરકુંડમાં** પ્રાચીન મંદિર છતાં બધા સ્થાનકવાસી થઈ ગયેલ, પરંતુ મહારાષ્ટ્રના પ્રખર શાસન કાર્યકર ભાઈશ્રી રીખવચંદ હાથીચંદની ભારે મહેનતથી ત્યાં જીર્ણોદ્ધાર થઈ પ્રતિષ્ઠા પો.સુ.૧૨ પૂ. આચાર્યદેવના વરદહસ્તે કરાવવાનું ત્યાંના લોકોએ જ નક્કી કર્યું છે. **જુન્નર** સંઘે પણ પૂ. આચાર્યદેવશ્રીને મહા સુ.૧૦ કાર્ય કરવા પધારવા અત્યંત આગ્રહ કર્યો છે. અને પૂજ્યશ્રીના પગલાંથી ગામમાં મતભેદ મીટવા આશા છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૧૮,તા.૧૪-૧-૧૯૬૭

• **અમદાવાદ** - સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** અત્રે ઉજમફઈની ધર્મશાળાએ સપરિવાર બિરાજે છે. એઓશ્રીને ચાલુ થયેલ જુના વાના દુઃખાવામાં રાહત આવતી જાય છે. પંન્યાસજી મહારાજની આંબેલ ૯૮ મી ઓળીની નિર્વિઘ્ન પૂર્ણાહુતિ નિમિત્તે કાળુશીની પોળના સંઘની આગ્રહભરી વિનંતીથી વ્યાખ્યાન-પૂજાના કાર્યક્રમ પર પૂજ્ય આચાર્યદેવશ્રી સપરિવાર પો.સુ.૩ ત્યાં પધારશે; અને અત્રેના સુદ ૫ 'નમો અરિહંતાણં' ના ૫ ક્રોડ સમુહ જાપના કાર્યક્રમ અંગે અત્રે ધર્મશાળાએ પાછા પધારશે.

• **નડિયાદ** - અત્રેના શ્રી જૈન સંઘ તરફથી દીક્ષાર્થી ઉષાબેનને અભિનંદનનો મેળાવડો શ્રી રાયચંદભાઈના પ્રમુખપદે તા. ૧-૧-૬૭ યોજાયો હતો. પાઠશાળાને રૂા. ૫૧) તથા મુમુક્ષુના પિતાશ્રી કાન્તિલાલ મુળચંદ તરફથી પાઠશાળાને રૂા. ૫૧) ભેટ આપવામાં આવ્યા. દીક્ષા પો. સુ.૨ અમદાવાદ ગીરધરનગર થશે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૧૯,તા.૨૧-૧-૧૯૬૭

● **અમદાવાદ** - સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** કાળુશીની પોળના સંઘનાં આગ્રહથી પો.સુ.૩ ત્યાંના ઉપાશ્રયે પધાર્યા હતા. પૂજા, વ્યાખ્યાન વગેરેમાં લોકોએ સારો લાભ લીધો. વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરના ટ્રસ્ટી મંડળની ઘણાં વખતથી વિનંતી હોઈ પૂ. આચાર્યદેવશ્રી પો.સુ.૬ જ્ઞાનમંદિરે પધાર્યા છે. હાલ અત્રે સ્થિરતા થવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૨૧,તા.૪-૨-૧૯૬૭

● **અમદાવાદ :** સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબને જુનો વાનો દુઃખાવો અવરનવર રહ્યા કરે છે. સાણંદમાં પ્રભુપ્રતિષ્ઠા નિમિત્તે પોષ વદ ૪ થી વદ ૧૧ સુધી અટ્ઠાઈ મહોત્સવ અંગે અતિ આગ્રહભરી વિનંતી હોઈ પૂ. આચાર્ય પ્રેમચંદના શ્રેયો નિમિત્તે અટ્ઠાઈ મહોત્સવ પર એમના સુપુત્રો તથા શેઠ ત્રિકમલાલ ડાહ્યાભાઈ વગેરેના આગ્રહથી પૂજ્યશ્રી અરુણ સોસાયટીમાં પોષ વદ ૧/૨ સુધી રોકાયા છે. વદ ૫ સાણંદમાં પ્રવેશ છે.

● **ભેટ :** વર્તમાન શાસનમાન્ય પૂ. આચાર્યાદિ મહારાજોના અભિપ્રાય મેળવી મુનિશ્રી ત્રિલોક્યસાગરજી મહારાજે સંપાદિત કરેલ **'સ્વપ્નદ્રવ્ય'** માર્ગદર્શિકા પુસ્તિકા ૫ પૈસાની ટિકિટ બીડી મંગાવી લો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૬૭

● **અમદાવાદ** - સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ ભાઈશ્રી કેવળદાસ નરસીદાસની આગ્રહભરી વિનંતીથી સાણંદ પધારેલા. ત્યાં ૧૯માં શ્રી મુનિસુવ્રતસ્વામીની પ્રતિષ્ઠાનો મહોત્સવ ઠાઠ પૂર્વક ઉજવાયો. વિરમગામથી પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજ પણ પૂજ્યશ્રીની સેવામાં પધાર્યા હતા. હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓને એમણે સુંદર પ્રવચન આપ્યું. પાછા અમદાવાદ ફરતાં શેઠશ્રી ભોગીલાલ સુતરિયાની વિનંતીથી પૂ. આચાર્યદેવે ખુશાલ ભુવનમાં ૫-૬ દિવસ સ્થિરતા કરી. મહા સુદ ૨ ત્યાં અને જ્ઞાનમંદિરમાં પરમ ગુરુદેવ સકલાગમરહસ્યવેદી સ્વ.પૂ.આ.શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજના



સ્વર્ગારોહણ દિન નિમિત્તે એઓશ્રીના ગુણાનુવાદ થયા. બાદ જ્ઞાનમંદિરમાં શ્રી નવપદજીની પૂજા શ્રી જૈન ધર્મ આરાધક મંડળે ભણાવી. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી મહા સુદ ૩ સાંજે જ્ઞાનમંદિર પધાર્યા છે. શેઠશ્રી જીવતલાલ પરતાપશીભાઈના આગ્રહથી પાલીતાણા શ્રાવિકાશ્રમ-જિનમંદિરની વૈ. સુદ ૩ પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રી સપરિવાર પધારવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૨૪,તા.૨૫-૨-૧૯૬૭

● **અમદાવાદથી મુંબઈ તરફ વિહાર :** સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજશ્રી**ને મલાડ સંઘના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી દલીચંદભાઈ અને એમના સુપુત્ર રજનીકાન્તની દીક્ષા પ્રસંગે પધારવા એમના ભાઈશ્રી રાયચંદભાઈ તથા શ્રી જેઠાભાઈ ચુનીલાલ ઘીવાળા પૂ. આચાર્યમહારાજ સાહેબને વિનંતી કરવા આવેલા. પૂ. આચાર્યદેવશ્રીની આજ્ઞાથી પૂ. પંન્યાસજી મહારાજે મહા સુદ ૧૧ મુંબઈ તરફ વિહાર કર્યો છે. મહા વદ ૬ લગભગ વડોદરા પધારવા વકી છે. પૂ. આચાર્યદેવશ્રી સુખશાતામાં વિરાજે છે.

● **મહેસાણા** - પૂ. તપસ્વી પં.શ્રી રાજવિજયજી મ.શ્રીની નિશ્રામાં ઉપધાન તપની સુંદર આરાધના થયેલ. ૨૦૦ આરાધકોએ લાભ લીધેલ. ૧૨૦ માળ હતી. માળની ઉપજ રૂા. ૩૬૦૦૦) લગભગ થયેલ. વરઘોડો, નવકારશી આદિ સુંદર થયું.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૨૬,તા.૧૧-૩-૧૯૬૭

● વડોદરા - પૂજ્ય ગુરુદેવ પ્રાતઃસ્મરણીય પંન્યાસ શ્રી ભાનુવિજયજી **મહારાજ સાહેબના અત્રે પધારવાના સમાચાર જાણી શ્રી સંઘમાં તથા શિબિરના વિદ્યાર્થીઓમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું હતું. સંઘના ભાઈઓ તથા વિદ્યાર્થીઓ તેમના આગમનની ઉત્સુકતામાં સવારથી જ વડોદરા શહેરથી દૂર રસ્તા પર ચાતકના ડોળે રાહ જોતા ઊભા હતા. પૂજ્યશ્રી પધારતાં જ સંઘના ભાઈઓએ તથા શિબિર વિદ્યાર્થી બિપીને 'વંદેવીરમ્' ને 'જિન શાસન દેવ કી જય' ના બુલંદ સ્વરોથી વાતાવરણ ગજવી દીધું હતું. શ્રાવિકાઓએ ઠેર ઠેર ગહુંલીઓ કાઢી હતી. સાજનમાં સંઘના અગ્રણી કાર્યકરો શ્રી કેશરીચંદ વકીલ, શ્રી આશાભાઈ પટેલ, શ્રી લાલચંદ**

**પંડિત, શ્રી જેચંદભાઈ ધ્રુવ, શ્રી નગીનભાઈ, શ્રી જેઠમલ ફોજમલ, શ્રી હીરાભાઈ, વિદ્યાર્થીઓ તથા શ્રાવિકાઓ હતા.**

પૂજ્યશ્રી જાની શેરીમાં પધારતાં જ ત્યાં રહેતા શ્રાવકો ઉત્સુક્તાથી વંદન કરતા હતા. પૂજ્ય મહારાજ સાહેબો આત્માનંદ જૈન ઉપાશ્રયે પધારતાં જ પૂ.પંન્યાસ શ્રી નેમવિજયજી મ.સા. તથા પંન્યાસ શ્રી ચંદનવિજયજી મ.સા. તથા મુનિશ્રી ચંદ્રોદયવિજયે આનંદ વ્યક્ત કર્યો હતો. વ્યાખ્યાનનો સમય થતાં જ પર્ષદા ચિક્કાર ભરાઈ ગઈ હતી. પૂજ્યશ્રીએ **"જિનેન્દ્ર ભક્તિ"** ઉપરના વ્યાખ્યાન પર અમીધારા છોડતા શ્રોતાઓના દિલ ગદ્ગદ થઈ ગયા હતા. ત્યારપછી પૂ. મુનિશ્રી ચંદ્રોદય મ.સા.એ અનુમોદનાના સુંદર શબ્દો કહ્યા હતા.

બપોરના જ્ઞાનગોષ્ઠી માટે પણ મહાવીર જૈન વિદ્યાલયમાંથી વિદ્યાર્થીઓ તથા શ્રાવકો-શ્રાવિકાઓએ લાભ સારો લીધો હતો. શિબિર વિદ્યાર્થી પી.સી.શાહે શ્રી હસમુખે તથા શ્રી જયપ્રકાશે પ્રશ્નો કરતાં પૂજ્યશ્રીએ સુંદર છણાવટો કરી જવાબ વાળ્યા હતા. પ્રસંગ તાત્ત્વિક વ્યાખ્યાન જેવો બની ગયો હતો.

રાતના ૮.૩૦ કલાકે પણ સંઘના ભાઈઓની હાજરીથી હોલ ચિક્કાર ભરાઈ ગયો હતો. સાડાદસ થવા છતાં ભાઈઓ પૂજ્યશ્રીના મુખેથી વિવિધ રાગોમાં સજ્ઝાય સાંભળવા ખૂબ આતુર હતા. પૂજ્યશ્રીએ **"ધન્ના અણગાર"** ની સજ્ઝાયની કડીઓ વિવિધ દેશીઓમાં બોલતાં એના ઉપર રોચક વિવેચન કરી આખું પ્રસંગ-ચિત્ર ખડું કરી દીધું હતું. સૌ ભાઈઓ ધન્ના અણગારનાં ત્યાગ અને તપ ઉપર ઓવારી ગયા હતા.

બીજે દિવસે મહા વદ આઠમના શુભ પ્રભાતે શિબિર વિદ્યાર્થીઓએ પૂજ્યશ્રીની સાથે શહેરના દૂર-દૂર દહેરાસરોએ ચૈત્રપરિપાટી કરી હતી. ત્યારબાદ વ્યાખ્યાનનો સમય થતાં જ સંઘના અગ્રણી કાર્યકરો શ્રી રમણભાઈ ઝવેરી, શ્રી ભાઈચંદભાઈ પટવા, શ્રી ભુવનકુમાર સુતરીયા, શ્રી ભીખમચંદજી, શ્રી જેઠમલ, શ્રી પોખરાજજી, શ્રી કાન્તીલાલ, શ્રી લાલચંદ પંડિત, શ્રી શાંતીલાલ ડભોઈવાળા તથા જાનીશેરી ઉપાશ્રયના ટ્રસ્ટીઓ સહિત પૂજ્ય સાધ્વીજી મ.સા. તથા શ્રાવકો-શ્રાવિકાઓથી પર્ષદા ચિક્કાર હતી. પૂજ્યશ્રીના શ્રીમુખેથી સુલસા શ્રાવિકાની ભગવંત શ્રી મહાવીર પ્રત્યેની અડગ શ્રદ્ધા ઉપર ગદ્ગદ વિવેચન સાંભળી શ્રોતાઓના હૃદય ભીનાં થઈ ગયા હતા. ત્યારબાદ સૌ પતાસાની પ્રભાવના લઈ છૂટા પડ્યા હતા.

બપોરના જ્ઞાન-ગોષ્ઠીમાં પૂજ્યશ્રીએ એક ભાઈ પરના પ્રશ્ન ઉપર વિરતિનું મહત્ત્વ તર્કસિદ્ધ સમજાવ્યું. પછી શ્રોતાઓની સજ્ઝાય સાંભળવાની ખૂબ માંગણી



થતા પૂજ્યશ્રીએ વચમાં વચમાં આકર્ષક વિવેચન સાથે પૃથ્વીચંદ્ર ગુણસાગરની સજ્ઝાય સંભળાવી હતી.

સાંજના સાડાચાર વાગે પૂજ્યશ્રીનો વિહાર હોઈ સૌ ભાઈ બહેનો અશ્રુભીની અંજલીએ વિહારમાં જોડાયા હતા. ત્યારબાદ પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવતા સૌ વિખરાયા હતા. શિબિર વિદ્યાર્થીઓ પૂજ્યશ્રી સાથે મકરપૂરા અને ઠેઠ પોરગામ સુધી આવી વિલાપ હૃદયે છૂટા પડ્યા હતા.

● **ગોવિંદગઢ** - (જિ.અજમેર) સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની પરમ કૃપાથી એઓશ્રીના પ્રશિષ્યરત્ન પૂ.મુનિશ્રી ભદ્રગુપ્ત વિ. મહારાજની નિશ્રામાં અહીં પ્રતિષ્ઠા મહોત્સવ સારી રીતે ઉજવાઈ ગયો. નવ રચનાઓ (હાલતી ચાલતી) લગાવેલી. દેરાસરની અંદર બહાર રોશની આઠે દિવસ કરવામાં આવેલી. વ્યાખ્યાન પૂજા ભક્તિ માટે અલગ મોટો મંડપ ઊભો કરાયેલો. જૈન જૈનેતરો મોટી સંખ્યામાં લાભ લેતા. ઉછામણી લગભગ પંદર હજાર રૂપિયાની થઈ. સ્થાનકવાસી વર્ગ આ રીતે ઘણો જોડાયો. દર્શન પૂજનના નિયમો ઘણાંએ લીધા. ગોવિંદગઢના મહારાજા કરણસિંહજી (ભૂતપૂર્વ રાજા) મુનિશ્રીના પ્રવેશના દિવસે સામે આવેલા વ્યાખ્યાનમાં પણ બેઠા. પ્રતિષ્ઠાના દિવસે પણ પધારેલા. શાન્તિસ્નાત્રમાં એક કલાક બેઠેલા. રાજસ્થાનના સ્વાસ્થ્ય મંત્રી શ્રીમતી પ્રભા મિશ્રા પણ વ્યાખ્યાનમાં દોઢ કલાક બેઠેલા. પાંચ મિનિટ બોલેલા ને આવા મહોત્સવની ખૂબ પ્રશંસા કરેલી. બ્યાવર, પાલી, જેતારણ, ધીણોજ, કલકત્તા, બિહાર, બંગાલથી ઘણાં ભાવિક જીવો આવેલા.

દેરાસરનો જિર્ણોદ્ધાર પણ સારો થઈ ગયો છે. સંગીતકાર હરજીવનભાઈએ સારું જમાવેલું. પાલી-આરાધકમંડળે પણ ભાવનામાં સારું આકર્ષણ કરેલું. સ્થાનિક આગેવાનો નથમલજી, મદનલાલજી તથા શાન્તિલાલજીએ તન-મન-ધનથી ખૂબ લાભ લીધો. પીસાંગનના આગેવાન શ્રાવકોએ પણ ખૂબ સહયોગ આપ્યો.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૨૭,તા.૧૮-૩-૧૯૬૭

● **સુરત - પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** આદિ ઠા.૧૫ અમદાવાદથી વડોદરા પધાર્યા. વડોદરાથી વિહાર કરતા કરતા **કરજણ** પધાર્યા. બપોરે વ્યાખ્યાન થતાં શ્રોતાઓએ ૯ લાખ નવકાર તથા મહિનામાં અમુક દિવસ આયંબિલ ને ઘી ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધેલ. પાલેજ સંઘે અત્રે આવી **પાલેજ** પધારવા વિનંતી

કરી, પરંતુ વચમાં શેઠશ્રી ઝવેરભાઈની આગ્રહભરી વિનંતીથી **મિયાગામ** પધારતા વ્યાખ્યાન થયું. આંબેલ આદિના નિયમો લેવાયા. પછી પૂ. પંન્યાસજી મહારાજ **પાલેજ** પધારતા સંઘે ભરૂચથી સુપ્રસિદ્ધ બેન્ડ લાવી ભવ્ય સામૈયું કર્યું પ્રવચન થયાં. સંઘની આગ્રહભરી વિનંતી થતાં જાહેર પ્રવચન રાખેલ. તેજ દિવસે મુંબઈથી મુમુક્ષુ ભાઈશ્રી રજનીકાન્ત પૂ.મહારાજશ્રીને વંદનાર્થે આવેલ તેથી સંઘમાં ઉલ્લાસ અનેરો વધતાં મુમુક્ષુ ભાઈશ્રી રજનીકાન્તને માનપત્ર આપવાનો મેળાવડો થયો. સંઘના પ્રમુખશ્રી મુલચંદભાઈ, શ્રી ચીમનલાલ છોટાલાલ, રતિભાઈએ સંયમના ગુણ ગાયા હતા. શ્રી રજનીકાન્તભાઈએ પણ પોતાની ભાવના શાથી થઈ, મનુષ્ય જીવન શા માટે ? એના પર સુંદર બોલ્યા. એમને ફૂલહાર થયા. ત્યાંથી પૂજ્યશ્રી વિહાર કરી ભરૂચ પધાર્યા. વ્યાખ્યાનમાં સંઘે સારો લાભ લીધેલ. અંકલેશ્વર સંઘ દિવસોથી રાહ જોઈ રહેલ. **ભરૂચ** આવી નક્કી કરી ગયા. સવારે ૮।। વાગ્યાથી શહેરથી દૂર લેવા માટે આવ્યા પરંતુ ધુમ્મસ શરૂ થયું હોવાથી પૂ. પંન્યાસજી આદિ ભરૂચ-કબીરપુરા રોકાઈ ગયેલ. લગભગ ૯ વાગે ધુમ્મસ બંધ થતાં વિહાર કર્યો, **અંકલેશ્વર** ૧૧ વાગે પધારતાં સંઘે ઉત્સાહભેર સ્વાગત કર્યું. અહીં ઉપાશ્રય દેવદ્રવ્યખાતાનો હોઈ પૂજ્યશ્રીએ શ્રાવક પાસે ભાડાની રકમ ભંડારમાં નખાવી. વ્યાખ્યાનમાં ઉપદેશ આપતાં ટ્રસ્ટીઓએ ઉપાશ્રયની ટીપ કરી સાધારણનો કરાવી લેવા તથા સ્વપ્નદ્રવ્ય સોળે સોળ આની દેવદ્રવ્યમાં લઈ જવા વિચારણા કરી નિર્ણય લેવા ઠરાવ્યું. સુરતથી નેમુભાઈની વાડીના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ, રતનચંદ બી. નાણાવટી, નવિનભાઈ વગેરે વિનંતી અર્થે આવેલા તેથી વાડીએ ઉતરવાનું માન્ય કરાયું. આગળના મુકામે સુરત વડા ચૌટાસંઘ વિનંતી કરવા આવેલ તેથી એક દિવસ એમને આપવાનું નક્કી થયું. પૂજ્યશ્રી સુરત પધારતાં છાપરીયા શેરી સંઘે સ્ટેશન ધર્મશાળેથી સામૈયું કરી વાજતે ગાજતે મુનિમંડળને છાપરીયા શેરી ઉપાશ્રયે પધરાવ્યા. ૦।। કલાક વ્યાખ્યાન થયું. પછી લગભગ ૮।।। વાગતા ગોપીપુરા સંઘ તરફથી સામૈયું થયું. સુરતના પ્રસિદ્ધ સંગીતમય બેન્ડના ગગનવ્યાપી સૂરો સાથે સામૈયું સુરતના પ્રસિદ્ધ રાજમાર્ગોએ ફરી નેમુભાઈની વાડીએ ૧૦।।। વાગે ઉતર્યું. તે પહેલાં વાડીનો વિશાળ ઉપાશ્રય ચિક્કાર ભરાઈ ગયો હતો. ઋષભદેવ પ્રભુના સંવત્સર તપ અને વીરપ્રભુના છ માસી તપને આશ્રીને રોચક વ્યાખ્યાનધારા ચાલી. શ્રોતાઓની જિજ્ઞાસાથી રાતના વ્યાખ્યાન રખાયું. પૃથ્વીચંદ્ર ગુણસાગરના ગુણ ગવાયા. અત્રે સ્વ. ભાઈશ્રી જીવરાજભાઈ કે જેઓએ કેન્સરની તીવ્ર વેદનામાં પણ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની ભવ્ય પ્રેરણા અને એઓશ્રીએ મોકલેલ મુનિરાજશ્રી મહાબલવિજયજી મ.ની નિર્યામણા વગેરેથી ઠેઠ સુધી સુંદર



સમાધિ જાળવેલ. કુટુંબીઓને રોકકળનો નિષેધ કરેલ. ૭ ક્ષેત્રમાં દાનાદિ, એમના સ્વર્ગવાસ નિમિત્તે અઠ્ઠાઈ ઓચ્છવ શાંતિસ્નાત્ર રાખવામાં આવેલ. એમના કુટુંબીઓએ ખાસ વિનંતી કરી. પૂ.આ. વિજય ભુવનતિલકસૂરિ મહારાજે લાભ આપ્યો. વળી પૂ. પંન્યાસજી મહારાજ અર્થે ખાસ વિહાર લંબાવેલ. પંન્યાસશ્રી આવી પહોંચતા એકમ બપોરે અષ્ટાપદજી પૂજા રખાઈ. પૂજાના સુંદર ભાવો સાંભળવા મેદની ઠઠ ભરાયેલી. ઉત્સવમાં હરખચંદ, ઉમેદચંદ, વીરચંદભાઈ તથા તેમના પુત્રો ચંપકલાલ, સુરેશ, જયંતીલાલ, શાંતીલાલ વગેરેએ ખૂબ ઉત્સાહથી કામ કર્યું. સાંજે સ્વ. જીવરાજભાઈના ઘરે પૂજ્યશ્રીના પગલાં કરાવાયા. ઉપદેશ અપાયો. મુંબઈ વગેરેથી આવેલ સ્વર્ગસ્થના સગાંસ્નેહીઓએ ત્યાગ તપસ્યા, સિનેમા બંધ, પૂજા વગેરેનાં સુંદર નિયમો કર્યા.

બીજે દિવસે ૮।। વાગે વડાચૌટા સંઘ બેન્ડ સાથે પૂજ્યશ્રીને લેવા માટે આવ્યો. ભવ્ય સામૈયા સાથે વડાચૌટા પહોંચવાનું થયું. વ્યાખ્યાન શ્રી સુયગડાંગસૂત્રની પહેલી ગાથા લઈ માનવજીવનમાં સમજદારીના ખાસ કર્તવ્ય તરીકે આહારાદિ સંજ્ઞાઓ, કષાયો વગેરેના બંધનો તોડવાના વિષય પર થયું. સંઘના આગ્રહથી રાતના પુરુષોની ચિક્કાર મેદની વચ્ચે સમ્યગ્દર્શનના ઉપાયો પર પ્રેરક વ્યાખ્યાન થયું. વાડીના સંઘની વિનંતીથી ફા.સુ.૩ વાડીમાં સ્થિરતા નક્કી થઈ હતી અને સાંજે વિહાર હતો પણ નવાપુરા સંઘ તરફથી એમને ત્યાંના નવા ઉપાશ્રયમાં પધારવા ખૂબ આગ્રહ થતાં એક દિવસ વિહાર લંબાવાયો. સુદ ૩ વાડીમાં 'આત્માનું દમન કરવું એજ એક સુખનો ઉપાય છે,' એ વિષય પર વ્યાખ્યાન થયું. પૂજ્યશ્રી હવે નવાપુરા ઉપાશ્રયે પધારશે ત્યાંથી વિહાર કરી ફા.સુ.૧૨ વાપી પધારવા વકી છે. મુંબઈ અગાશી તીર્થે ફા.વ.૮ રવિવારે પધારવાની ગણતરી છે.

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૧૫,અંક-૨૮,તા.૨૫-૩-૧૯૬૭**

● **વિસલપુર** - પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજશ્રીના શિષ્યરત્ન તપસ્વી પૂ.**મુનિ શ્રી ચંદ્રયશવિજયજી** મહારાજશ્રીની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે અત્રે ફા.સુ.૧૧ થી ચૈ.વદ ૪ સુધી અષ્ટાન્હિકા મહોત્સવ તથા બૃહત્ સિદ્ધચક્રપૂજન રાખવામાં આવેલ છે. પૂ.તપસ્વીએ વિ.સં. ૧૯૯૯ ની સાલમાં વર્ધમાનતપનો પાયો નાખી, વિ.સં. ૨૦૨૩ ના કા.સુ.૧૪ ના ૧૦૦મી ઓળી પૂર્ણ કરેલ છે. આ વર્ધમાન તપની સાથે નીચે મુજબ અનુમોદનીય તપ કરેલ

છે. વિ.સં. ૨૦૦૩ ચાલુ વર્ષીતપમાં ૧૩ ઉપવાસ અને ૧૦ ઉપવાસ વિ.સં. ૨૦૦૫-૪૦૦ લાગટ આયંબિલમાં બે વખત ૧૬-૧૬ ઉપવાસ, વિ.સં. ૨૦૦૮ સિદ્ધિતપ (સિદ્ધિતપમાં જ માસક્ષમણ) વિ.સં. ૨૦૧૩-૧૬ ઉપવાસથી પ્રારંભ કરી એના પર ૧૦૦૮ લાગટ આયંબિલ. વિ.સં. ૨૦૨૨-૯૮ મી ઓળીમાં વચ્ચે ૯-૧૨-૧૬ ઉપવાસ, વિ.સં. ૨૦૨૩-૧૦૦મી ઓળી મા.સુ.૩ના શરૂ કરેલ છે. પૂ.મુનિશ્રીએ છેલ્લી ૩ ઓળી શત્રુંજય ગિરિરાજની ૩ વખત દાદાની ૯૯ યાત્રા પૂર્વક કરી છે. આ ઉપરાંત પણ તેમને પોતાના જીવનમાં અનેકવાર અઠ્ઠાઈઓ આદિ તપશ્ચર્યા કરેલ છે.

● **અમદાવાદ (શાંતિનગર) :** પૂ.સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજ શાંતિનગર સોસાયટી સંઘના આગ્રહથી અત્રે પધાર્યા છે. ફા.વ.૫ ના પાલીતાણા તરફ વિહાર કરવા વકી છે. વાનો દુઃખાવો જે હતો તેમાં રાહત છે.

● ઉદવાડા : **પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય સુરત નવાપુરા સંઘના અતિઆગ્રહથી ફા.સુ.૪ ના ભવ્ય સામૈયા સહિત સુરત નવાપુરા ઉપાશ્રયે પધાર્યા. સેસન્સજજ એ.કે.શાહ સહિત અગ્રણીઓ અને સંઘે વ્યાખ્યાનમાં સારો લાભ લીધો ત્યાંથી પૂજ્યશ્રીએ સાંજના વિહાર કરી ભેસ્તાનમાં ખત્રી ફૂલચંદભાઈની ખાસ વિનંતીથી એમની બંગલીમાં મુકામ કર્યો. ત્યાંથી સાયણ, મરોલી વગેરે તરફ વિહાર લંબાયો. મરોલી સાંજનો મુકામ હોઈ રાતના સંઘે વ્યાખ્યાનમાં સારો લાભ લીધો. નવસારી સંઘના અતિ આગ્રહથી સવારે રાતે વ્યાખ્યાન થયા. સીસોદરામાં દેવચંદભાઈ વગેરે સંઘે સ્વાગત કર્યું. વ્યાખ્યાનમાં પાંચતિથિ ઘી ત્યાગ આંબેલ વગેરે નિયમો લેવાયા. રાત મુકામ સારેજમાં ઈતરના મંદિરમાં થયો. ત્યાં દેસાઈ યુવકોએ રાતના પ્રવચનનો લાભ લીધો અને સાંભળીને જૈન ધર્મ તરફ આકર્ષિત થયા. સવારે ગણદેવી દર્શનાર્થે પૂજ્યશ્રી પધાર્યા. ત્યાં લોકોની બહુ વિનંતીથી માત્ર ૦।।। કલાક વ્યાખ્યાન થયું. એક ભાઈએ સજોડે જીવનભરનું બ્રહ્મચર્યવ્રત અને બીજાઓએ તિથિએ ઘી ત્યાગ વગેરે નિયમો લીધા. બિલિમોરા, વલસાડ વગેરે થઈ ઉદવાડા પધાર્યા. વ્યાખ્યાનમાં ૯ લાખ નવકાર, તિથિએ ઘી ત્યાગ બ્રહ્મચર્ય વગેરે નિયમો ઉપરાંત વિશેષ લાભ એ થયો કે અત્રે અમુક ભાઈઓને પરસ્પરમાં મનોભેદ હતો તે ઉપદેશ સાંભળી એમણે પરસ્પર મિચ્છામિ દુક્કડં કરી લીધા અને સંઘે બપોરે આનંદભેર નવપદજીની પૂજા ભણાવી. અત્રેથી દમણ, વાપી વગેરે થઈ પૂજ્યશ્રી ફા.વદ ૭ શનિવાર વિહાર અને વદ ૮ રવિવાર અગાસી પધારવા વકી છે.**





● **બોરડી : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ**શ્રી આદિ ઉદવાડાથી બપોરે વિહાર કરી બગવાડા પધારતા શ્રી સંઘે તથા બોર્ડિંગના ગૃહપતિ શાંતિલાલ તથા વિદ્યાર્થીઓ સાથે વ્યાખ્યાનમાં આવેલા. બીજે દિવસે બોર્ડિંગના ૫ વિદ્યાર્થીઓ દમણ સુધી પૂજ્યશ્રી સાથે ચાલ્યા. મુંબઈથી દમણ નિવાસી હર્ષદકુમાર સોભાચંદ વગેરે પણ આવી પહોંચ્યા હતા. સવારે ૮।। વાગે ભવ્ય સામૈયાપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો. ઠેર ઠેર ગહુંલીઓથી વધાવ્યા. સામૈયા બાદ વ્યાખ્યાન થયું. બપોરે પૂજા રાખતા પૂજામાં પૂ.પંન્યાસજી મહારાજ સાહેબે પૂજાના ભાવો સમજાવ્યા હતા. પૂજ્યશ્રીને સાંજે વિહાર કરવાનો હતો છતાં રાત્રે વ્યાખ્યાન થયું. સવારે શ્રી સકલ સંઘ વળાવવા માટે ઉપાશ્રયે હાજર થયો હતો. વાસક્ષેપ લઈ સૌએ યથાશક્તિ વ્રત-નિયમ લીધા હતા. ત્યાંથી વાપી તરફ વિહાર થયો. શ્રીયુત છગનભાઈ ઉમેદચંદ વાપીવાળા ઠેઠ સુરત આવી પૂજ્યશ્રી ને વાપી પધારવાનો ખૂબ આગ્રહ કરી ગયેલ. દમણથી વાપી પધારતા વચમાં તેમના નિવાસ સ્થાને પૂજ્યશ્રી આદી મુનિવરોનું ગુરુપૂજન કરેલ. પછી એમના તરફથી શ્રી સંઘ સાથે સામૈયું રોનકદાર બેન્ડ સાથે દબદબાભરી રીતે થયેલ. વ્યાખ્યાન બાદ બપોરે વીરચંદજી પુનમચંદજી તરફથી અષ્ટાપદજી પૂજા અર્થ સહિત સમજાવાશે એની જાહેરાત થતાં સંઘમાં અનેરો ઉલ્લાસ અને સારી ઉપસ્થિતિ થઈ હતી. બપોરે પૂજા નવા ઉપાશ્રયના મોટા હોલમાં શરૂ થતાં હોલ ચિક્કાર ભરાયો હતો. રાત્રે અચ્છારીવાળા શ્રી ખુમચંદ કસ્તુરચંદના પ્રમુખપદે મુમુક્ષુ શ્રી દલીચંદભાઈ મલાડવાળાને દીક્ષા નિમિત્તે માનપત્ર આપવામાં આવેલ. પૂજ્યશ્રી વાપીથી નરોલી પધારવાના હોવાથી અચ્છારી સંઘના ભાઈઓ અચ્છારી પધારવા વિનંતી કરવા વાપી આવેલા. તેથી સવારે અચ્છારી સામૈયા સહિત પધારતા વ્યાખ્યાનનો લાભ આપેલ ત્યાંથી નરોલી પધાર્યા ત્યાં સામૈયુ-વ્યાખ્યાનાદિ થયું. વ્યાખ્યાનમાં રજપૂતભાઈઓએ સારો લાભ લીધેલ. ત્યાંથી બોરડી પધારતા ભવ્ય સામૈયાપૂર્વક પ્રવેશ કરાવેલ. બપોરે અષ્ટાપદજીની પૂજા શ્રી જેચંદભાઈ તરફથી રખાયેલ. અત્રેના બોર્ડિંગના વિદ્યાર્થીઓએ ખાસ પૂજામાં આવી થાળીનૃત્ય, ડાંડીયાગીત આદિથી ભક્તિ કરેલ. ત્યાંથી ઘોલવડ પધારતા વ્યાખ્યાનાદિ થયું પછી દહાણુંરોડ પધારેલ.

● **મલાડ :** પૂ. ગુરુદેવશ્રી **પં. શ્રી ભાનુવિજયજી** ગણિવર્ય આદિ ઠાણા દહેણુરોડ વગેરે સ્થળોએ ધર્મપ્રભાવના કરતા કરતા પાલઘર પધાર્યા. સાંજના વિહાર હતો. પરંતુ સંઘ કહે 'સાહેબ અહીં મુનિમહારાજોનો ધર્મશ્રવણનો લાભ મળતો નથી માટે રાત્રે રોકાઈ જવા કૃપા કરો' તેથી બીજા દિવસે સીધા સફાલાનો વિહાર રાખી કેટલાક મુનિઓને સાંજના જ વિહાર કરાવી રાત રોકાયા. વ્યાખ્યાનમાં ૯ લાખ નવકાર વગેરે નિયમો લેવાયા. ત્યાંથી સફાલા વિહાર થઈ ફા. વ. ૭ ના પૂજ્યશ્રી અગાશી પધાર્યાં. બૃહદ મુંબઈના શિબિરના લગભગ ૭૫ વિદ્યાર્થીઓ મહિનાઓથી જે દિવસની રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવી લાગ્યો હોવાથી વિદ્યાર્થીઓ રાતે આવી ગયા હતા. ફા. વ. ૮ સવારે શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવંતના પ્રભુભક્તિમાં અનેરો ઉલ્લાસ આવ્યો. મુંબઈ, મલાડ, દાદર, અંધેરી, પારલા, વગેરે પરાઓમાંથી ૫૦૦-૭૦૦ ભાવિકો આવેલ. સવારે વ્યાખ્યાનમાં ઉપાશ્રયનો મોટો હોલ ચિકાર ભરાઈ ગયેલ. પૂ. પંન્યાસજી મહારાજે જિનભક્તિની અસંખ્ય જન્મોના કર્મનો નાશ કરવાની અદ્ભુત શક્તિ ઉપર પોતાની વૈરાગ્ય નીતરતી વાણીથી શ્રોતાઓને ગદ્ગદ કર્યા હતા. શ્રી કુમારપાળ મહારાજાના પૂર્વભવના દૃષ્ટાંતથી ભૌતિક હક અને આધ્યાત્મિક હકનો ભેદ સમજાવી પુરુષાર્થ વધારવાનો ઉપદેશ આપ્યો હતો. વ્યાખ્યાન બાદ શ્રી મુમુક્ષુ દલિચંદભાઈ તરફથી પ્રભાવના થયેલ. પછી સંઘરત્ન શ્રી રમણલાલ દલસુખભાઈએ પોતાના સૂરીલા કંઠે સ્નાત્ર પૂજામાં પ્રભુભક્તિમાં સંગીતમય રમઝટ જમાવી. બાદ અગાશીમાં આવેલ મહેમાનો અને શિબિર વિદ્યાર્થીઓની મલાડ નિવાસી મુમુક્ષુ શ્રી દલિચંદભાઈ નાનચંદ તરફથી ભક્તિ કરાઈ હતી. સાંજે પૂજ્યશ્રીનો વિહાર થતાં ભાઈઓ અને વિદ્યાર્થીઓ નાના-સોફાલા સુધી વળાવવા આવેલ. ત્યાંથી પૂજ્યશ્રી વસઈ પધાર્યા. ત્યાંથી સવારે ભાઈંદર જવાનું હતું. પરંતુ રાતના બોરીવલીથી યુવાન ભાઈઓ આવી પહોંચ્યા. ખૂબ આગ્રહ થતાં ૧૧-૧૨ માઈલનો વિહાર કરી પૂજ્યશ્રી બોરીવલી પધાર્યા. બોરીવલી પધારતાં વચમાં શેઠશ્રી હિંમતલાલ કપૂરચંદ ખંભાતવાળાએ પૂજ્યશ્રીના પગલા કરાવી પોતાના પુત્રરત્નને ચારિત્ર માર્ગે ચઢાવવાના, સંસ્કાર નાખવાના અભિગ્રહ કર્યા તેમજ ૫ તિથિ ઘી બંધના નિયમ લીધા. અહીં પૂ. આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરિજી મહારાજ બિરાજમાન છે. એમણે પહેલેથી જ ભાઈઓને પ્રેરણા કરેલી કે પંન્યાસજીને અહીં લાવો. તેથી અત્રે આવતાં એઓશ્રી વ્યાખ્યાનનો આદેશ કરતાં પૂ. પંન્યાસજી મહારાજે **'ત્યાગધર્મની આવશ્યક્તા'** ઉપર પ્રવચન આપેલ. ત્યાંથી સાંજે વિહાર કરી કાંદિવલી પધાર્યા.





● **મલાડ :** કાંદિવલીથી વિહાર કરી મલાડ પ્રવેશ કરવાનો હોઈ કાંદિવલીના ભાઈઓએ સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં રાતના પ્રવચન રાખતા સંઘે સારો લાભ લીધેલ. સવારે વિહાર કરી પૂજ્યશ્રી મલાડ પધારતાં સવારે ૮ વાગે ભવ્ય સામૈયું શ્રી જીવતલાલ ચંદ્રભાણ કોઠારીના ઘર દેરાસરથી શરૂ થયું. અત્રેના શ્રી મલાડ જૈન યુવક મંડળે સામૈયામાં સારો લાભ ઉઠાવેલ. રસ્તામાં ઠેર ઠેર ગહુંલીથી પૂજ્યશ્રીને વધાવ્યા હતા. સામૈયું દેવકરણ મૂળજીભાઈ જૈન વાડીમાં ઉતરતાં વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાઈ ગયેલ. પૂજ્યશ્રી આદિ ચૈત્યવંદન કરી વ્યાખ્યાન હોલમાં પધારતાં જય જયના વિશાળ સૂરોથી હોલ ગાજી ઉઠ્યો હતો. વ્યાખ્યાનમાં મુંબઈ-અંધેરી-દાદર-સાંતાક્રુઝ વગેરે પરાઓમાંથી પણ ઘણાં ભાઈઓ પધારેલ. પૂજ્યશ્રીએ પ્રવચન કરતાં પ્રભાતે નયણા મગજે નવકાર મહામંત્ર ગણવા, રસત્યાગ કરવા અને ક્રોધ ન કરવા પર ઉપદેશ આપેલ. નિયમ અપાયા. શ્રી નાનચંદ મૂળચંદ દેપલાવાલા તરફથી પ્રભાવના થયેલ.

● અત્રે મલાડમાં મે વેકેશનનું ધાર્મિક શિક્ષાયતન ભરાવવાનું નક્કી થયું છે. મેટ્રિક અને કૉલેજના વિદ્યાર્થીઓએ તરત ફોર્મ મંગાવી લેવા. મુંબઈ-૩૫૭, કાલબાદેવી રોડ, મુંબઈ-૨ કાગળ લખવા.



**● પાલીતાણા - સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાલીતાણા શ્રાવિકાશ્રમના ટ્રસ્ટીઓની અતિ આગ્રહભરી વિનંતીથી ત્યાંના નૂતન જિનમંદિરની પ્રતિષ્ઠા અંગે અમદાવાદથી વિશાળ પરિવાર સાથે વિહાર કરતાં ચૈત્ર સુદ ૧૩ પાલીતાણા ગુરુકુળમાં પધાર્યા. વિહારમાં મુનિઓ જ પૂ. આચાર્યદેવશ્રીને સ્ટ્રેચરમાં ઉપાડી ચાલતા હતા તે જોઈને અને વિશાળ સંખ્યામાં મુનિઓના દર્શન કરીને ખૂબ અનુમોદના કરવા સાથે આનંદ અનુભવતા. સુદ ૧૪ ગુરુકુળથી પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેશ-સ્વાગત સમારોહ ઉજવાયો. એમાં પણ પૂ. આચાર્યદેવશ્રીને સ્ટ્રેચરમાં ઊંચકીને ચાલતા મુનિઓનાં દર્શનથી હજારો માણસો જીવનની ધન્યતા અનુભવતા. પૂ. આચાર્યદેવશ્રી જૈન સોસાયટીમાં નિવૃત્તિનિવાસમાં બિરાજે છે.** એઓશ્રીના આગમનથી પૂ.પં.શ્રી માનવિજયજી મહારાજ, પૂ.પં.શ્રી

મલયવિજયજી મ.પૂ.પં.હિમાંશુવિજયજી મ.પૂ.પં.શ્રી રવિવિજયજી મ.પૂ.પં.શ્રી માનતુંગવિજયજી મ. વગેરે સો એક મુનિવરોનો એઓશ્રીનો પરિવાર પણ એકત્રિત થયેલ.

શેઠ શ્રી જીવતલાલ પરતાપશીભાઈનો શ્રાવિકાશ્રમ જિનમંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં ખૂબ દબદબા ભર્યો ઉજવવા માટે અથાગ પ્રયત્ન હતો. કાર્યકર મનસુખભાઈ ગાઢ બિમારીમાં હતા, છતાં મુંબઈથી શેઠ શ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા અત્રે આવી જવાથી ઉત્સવના કાર્યમાં સારી એવી અનુકૂળતા થઈ ગઈ, શ્રાવિકાશ્રમમાં ભવ્ય મંડપ ખડો કરવામાં આવ્યો હતો. જિનમંદિર શિખરબંધી અને વિશાળ રંગમંડપવાળું સુંદર નિર્માણ પામેલું, ઉત્સવ ચાલુ થયો. પ્રતિષ્ઠા દિવસ અક્ષય-તૃતીયાનો હોઈ સહેજે વર્ષીતપના પારણા પર આવેલ યાત્રિકો હજારોની સંખ્યામાં લાભ લેતા. વૈ.સુ ૨ જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો એમાં પૂ. આચાર્યદેવશ્રી સાથે પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ., પૂ.આ.શ્રી વિજયધર્મધુરંધરવિજયજી મ., પૂ.આ.શ્રી કૈલાસસાગર સૂરીશ્વરજી મ., પૂ.મુનિરાજશ્રી પુણ્યવિજય મ. વગેરે વિશાળ મુનિગણ, શેઠશ્રી જીવાભાઈ, શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ, જેઠાભાઈ ઘીવાલા, શેઠશ્રી રમણલાલ વજેચંદ, શેઠશ્રી શાંતિલાલ સોમચંદ, શેઠ શ્રી શાંતિલાલ ચુનીલાલ કપાસી, શેઠ શ્રી ફુલચંદ કારીગર, શેઠ શ્રી લીલાધરભાઈ કલકત્તાવાળા, શેઠ શ્રી અરવિંદભાઈ પનાલાલ, શેઠ શ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદ વગેરે આગેવાનો સહિત વિશાળ સાજન અને બેન્ડ, સાંબેલાથી સુંદર શાસન પ્રભાવના થઈ.

બીજે દિવસે પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પૂ.આ.શ્રી વિજય કૈલાસસાગરસૂરિ મ., પૂ.મુનિરાજશ્રી પુણ્યવિજયજી મ. વગેરે શ્રમણસંઘના સાંનિધ્યે ઘણી મોટી સંઘમેદની વચ્ચે શેઠ શ્રી હિંમતમલજી છોગાલાલના હસ્તે પ્રથમ જિનપતિ શ્રી આદીશ્વર દાદાના ભવ્ય બિંબની પ્રતિષ્ઠા થઈ. સાથે એમના જ હસ્તે ધ્વજાદંડ, તથા બીજા ચાર ભાગ્યશાળીઓના હસ્તે બીજા ચાર જિનબિંબોની પ્રતિષ્ઠા થઈ.

પૂ. આચાર્યદેવશ્રીની અત્રે સ્થિરતા દરમિયાન એઓશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ આરિસાભવનમાં વૈરાગ્ય ભરચક વ્યાખ્યાન આપતા. રોજ ૭૦૦ થી ૮૦૦ શ્રોતાઓ લાભ લેતા.

પૂજ્ય આચાર્યદેવશ્રીને પાલીતાણામાં ચોમાસું કરવા નિવૃત્તિ નિવાસ માટે શેઠ શ્રી જીવતલાલ પરતાપશી તથા મહારાષ્ટ્ર ભવન માટે નાસિકવાળા સુમતિલાલ ચંદુલાલ વગેરેની વિનંતીઓ હતી. ઉપરાંત મારવાડ પાડીવ સંઘની તથા ખંભાત



જૈનશાળા સંઘની વિનંતીઓ થએલી. છેવટે ખંભાત ચોમાસું કરવાની જય બોલાઈ હતી, પૂજ્યશ્રીના વરદ હસ્તે વૈ.સુ.૧૦ દીક્ષા તથા વદ ૨ સંઘની માળ અંગે અત્રે રોકાવાનું થશે તે પછી ખંભાત તરફ વિહારની વકી છે.

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૧૫,અંક-૩૮,તા.૩-૬-૧૯૬૭**

## અમદાવાદમાં જૈન નગરમાં નૂતન જિનાલયનું શીલાસ્થાપન

અત્રેના શ્રી જૈનનગર શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી નૂતન દેરાસર બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેનું ખાત મુહૂર્ત વૈશાખ સુદ ૩ના મંગળ પ્રભાતે શ્રી પોપટલાલ અમથલાલે રૂા. ૧૩૦૧ની ઉછામણી બોલીને કરેલ. ત્યારબાદ શીલાસ્થાપન વૈશાખ વદ ૬ને સોમવારે વિજય મુહૂર્તે બપોરે ૧૨-૨૦ મિનિટે રૂા. ૩૦૦૧થી ઉછામણી બોલનાર શ્રી સંઘના પ્રમુખ શેઠ રમણલાલ વજેચંદના શુભ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી સંઘના સર્વે સભ્યો તથા મહેમાનોની હાજરી ઘણી હતી. શીલાસ્થાપનની મંગલક્રીયા બાદ શેઠ રમણલાલ વજેચંદ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. સહુ આનંદમંય વાતાવરણમાં વીખરાયા હતા.

**''દિવ્ય-દર્શન'' - ''સમાચાર''** **વર્ષ-૧૫,અંક-૩૯,તા.૧૦-૬-૧૯૬૭**

● **પાલીતાણા** : અત્રે સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ પોતાના પરિવાર પૈકી લગભગ ૧૦૦ શ્રમણ ભગવંતો સાથે બિરાજમાન હતા. એઓશ્રીની પાવન નિશ્રામાં શ્રાવિકાશ્રમ-જિનમંદિરમાં પ્રતિષ્ઠા ઉજવાયા બાદ અનેક મુનિઓએ ચોવિહાર છઠ્ઠ કરી ૭ યાત્રા કરી, કેટલાકોએ નવાણું યાત્રા શરૂ કરી, પૂજ્યશ્રીના શુભ હસ્તે એક બેનની દીક્ષા થઈ. બહારથી આવેલ સંઘની તીર્થમાળા થઈ, તેમજ પુનાવાળા શ્રી નથમલજીએ ચારિત્ર લીધું, પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી નિર્વાણવિજયજી બન્યા. પૂ. આચાર્યદેવશ્રીને ચોમાસા અંગે અનેક વિનંતીઓમાંથી ખંભાત સંઘની વિનંતી માન્ય કરાઈ. ભાવનગર થઈને ખંભાત પધારવા માટે ભાવનગરવાળાનો અત્યંત આગ્રહ છતાં વરસાદ જેવું લાગવાથી પૂજ્યશ્રીએ સિહોર પછી વલભીપુર ધંધુકા રસ્તે વિહાર લંબાવ્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૪૨,તા.૧-૭-૧૯૬૭

● **ખંભાત** - વિશાળગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્ય ભગવંત **શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ** અત્રેના જૈનશાળા સંઘની આગ્રહભરી વિનંતી માન્ય કરીને પાલીતાણાથી ચાતુર્માસ અર્થે અત્રે વિશાળ પરિવાર સાથે જેઠ સુદ ૫ નગર બહાર પધારી ગયા. પૂ. આચાર્યદેવશ્રીને મુનિઓ વિહારમાં સ્ટ્રેચરમાં ઊંચકીને ચાલતા હોવાથી ગામે ગામ જૈનેતર વર્ગ ઉપર સારો પ્રભાવ પડતો હતો. ખંભાતનગર પ્રવેશ જે.સુ.૧૦ આવવાની સંઘ આતુર હૃદયે રાહ જોઈ રહ્યો હતો, અને સ્વાગતની સારી તૈયારીમાં હતો. સુદ ૧૦ સવારે ભારે દબદબા સાથે નગરપ્રવેશ થયો. નગરના રસ્તાઓ ઠેર ઠેર ધજા-વાવટા તોરણો કમાનોથી શણગારી દેવાયેલા. સામૈયામાં બેન્ડ, સાબેલાં, ૩૬ સાયક્લિસ્ટો તથા વિશાળ સાજન સહિત મુનિવૃંદ શોભી રહેલ. પૂજ્યશ્રીને માર્ગે અનેક ગહુંલીઓથી વધાવવામાં આવતા. જામનગરથી શેઠશ્રી જીવતલાલ પરતાપશી, અમદાવાદથી શેઠ શ્રી રમણલાલ વજેચંદ, શ્રી ચીનુભાઈ કડીયા, મુંબઈથી શેઠ શ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠ શ્રી શાંતિલાલ ઉજમશી વગેરે સ્વાગત પર ઉપસ્થિત થયેલ. સામૈયું જૈનશાળાએ પધારતાં પૂ. આચાર્યદેવશ્રીએ મંગળાચરણ સંભળાવ્યું. પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજીએ વ્યાખ્યાન આપ્યું. પ્રભાવના થઈ. પૂજ્યશ્રી પધારવાથી શ્રી સંઘમાં આનદમંગળ વર્તી રહ્યો છે. આચાર્યદેવશ્રીને હાલમાં જૂનો ફરતાવાનો દુઃખાવો ઓછો પણ થાય છે. બ્લડપ્રેશર વધી જવાથી અમદાવાદથી સેવાભાવી હોમિયોપેથિક ડૉ. શાંતિલાલ શાહ આવેલ દવા આપી છે, તેથી ઠીક છે. પૂજ્યશ્રી સાથે લગભગ ૪૦ મુનિ મહારાજો બિરાજે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૪૩,તા.૮-૭-૧૯૬૭

● **ખંભાત** - સિદ્ધાન્તમહોદધિ પૂ. **આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબ અત્રે શ્રી સંઘના ભારે ઉત્સાહ અને ભવ્ય સ્વાગત સમારોહ સાથે પધાર્યા પછી એઓશ્રીને છાતી અને પીઠમાં જૂનો ફરતા વાનો દુઃખાવો ચાલુ રહ્યો છે. ઓછો વત્તો થાય છે, પરંતુ દુઃખાવાને લીધે શારીરિક નબળાઈ બહુ આવી ગઈ છે. છતાં ગચ્છચિંતામાં તથા પોતાની આત્મિક આરાધનામાં સુંદર જાગૃતિ રાખી રહ્યા છે. પૂજ્યશ્રીના આરોગ્ય માટે પૂ.મુનિ મહારાજોએ શુદ્ધ આંબેલ તથા જાપ શરૂ કરેલ છે.



● **મુંબઈ - પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ મલાડમાં ધાર્મિક આધ્યાત્મિક શિક્ષાયતન પૂરી થતાં ઘાટકોપર** ગુજરાતી તપગચ્છ ઉપાશ્રયના ટ્રસ્ટીઓની આગ્રહભરી વિનંતીથી ઘાટકોપર પધારવાની વકી હતી. પરંતુ મુંબઈ પાયધુની શ્રી નમિનાથજી જૈન ઉપાશ્રયના ટ્રસ્ટી શ્રી નરભેરામભાઈ વગેરેની પહેલાં મુંબઈ શહેરમાં પધારવાની ખાસ માંગણી થતાં, તે પછી ઘાટકોપર અવશ્ય પધારવાના હિસાબે શ્રી ઘાટકોપર સંઘના અગ્રણીઓ મંજૂર થયા અને પૂ.પંન્યાસજી મહારાજ વચમાં દાદર સંઘને ત્રણ દિવસ લાભ આપી શ્રી નમિનાથજીના ઉપાશ્રયે વૈ.વ.૧૨ રવિવારે પધાર્યા હતા. ઉપાશ્રયની અંદર અને બહાર રસ્તા પર ધજા વાવટા વગેરેનો શણગાર કરાયો હતો. શાન્તિનાથજી દેરાસરથી સામૈયું ચડી ઝવેરી બજાર ફરી ઉપાશ્રયે આવતાં વિશાળ વ્યાખ્યાન હોલ ઠસોઠસ ભરાઈ ગયો હતો. તે પછી ગુરુવાર સુધી અત્રે પ્રવચનમાં મેદની ભરેલી રહેતી અને સંવેગ વૈરાગ્યના રસમાં તરબોળ બનતી. બાદ મરીનડ્રાઈવ શ્રી કાન્તિલાલ મણિલાલ, શ્રી રસીકભાઈ બાપુભાઈ, શ્રી ચંપકલાલ કે. શાહ વગેરેની સાગ્રહ વિનંતીથી ત્રણ દિવસ રોકાણ થયું. અહીં પ્રવચનમાં હિંદી વિદ્યાલયનો વિશાળ લેક્ચર હોલ ભરચક ભરાતો. પછી ચોપાટી જૈન ઉપાશ્રયના સેક્રેટરી શ્રી સુધાકરભાઈ તથા ચીમનભાઈના આગ્રહથી પ્રવચન અપાયું. પ્રવચનથી પ્રભાવિત સંઘે વિશેષ રોકવા ખૂબ આગ્રહ કર્યો તેમજ નમિનાથ ઉપાશ્રયે ફરીથી લાભ આપવા શ્રી નરભેરામભાઈની પણ માગણી હતી, છતાં ઘાટકોપર સંઘની ઘણી આતુરતા સંતોષવામાં હવે વિલંબ ન કરવાના હિસાબે પૂજ્યશ્રી વચમાં શિવના સંઘનો આગ્રહ બે દિવસ સંતોષી ઘાટકોપર જેઠ સુદ ૮ રોજે પધાર્યા. પ્રવચનમાં ગુજરાતી સંઘના ઉપાશ્રયનો વિશાળ હોલ ચિક્કાર ભરાતો. અત્રે ૫-૬ દિનની સ્થિરતામાં વિરતિ ધર્મનાં મહત્ત્વ પર પ્રવચન થતાં શ્રાવકનાં ૧૨ વ્રત સમજાવવામાં આવ્યાં અને ટ્રસ્ટીઓએ જાહેરાત કરી જેઠ સુદ ૧૩ નાણ મંડાવી. નાણ સમક્ષ ૨૮ જણાંએ સમ્યક્ત્વ સહિત બાર વ્રત તથા કેટલાક તપમાંથી યથાશક્તિ સ્વીકાર કર્યો. ત્યાં મુલુંડ સંઘની વારંવારની વિનંતીથી પૂ. પંન્યાસજી મહારાજ જે. વદ ૧ સ્વાગતપૂર્વક મુલુંડ પધાર્યા. અહીં પણ વિશાળ જનતા પર્યુષણાની જેમ રોજ પ્રવચનમાં લાભ લેતી. દરમિયાન ઘાટકોપર કચ્છી સંઘના પ્રમુખ શ્રી વસનજીભાઈ તથા સેક્રેટરી શ્રી માવજીભાઈ કચ્છી ઉપાશ્રયે લાભ આપવા ઠેઠ શિવથી વિનંતી કરતાં કરતાં અત્રે પણ આવી પહોંચ્યા, અને પધારવા જોરદાર માગણી કરી. મુલુંડ સંઘમાંથી ભાવિકો ૧૨ વ્રત ઉચ્ચરે એ શરતે મુલુંડમાં બે દિવસ વધુ રોકાવાનું મંજૂર થયું. વ્રતોની સમજૂતી અપાતાં લોકો તૈયાર પણ થયા. કિન્તુ મુહૂર્ત ન મળવાથી ઘાટકોપર આવી વ્રત લેવા એવું નક્કી થયું. બાદ પૂજ્યશ્રી કચ્છી સંઘના ભારે

ઉલ્લાસ વચ્ચે ઘાટકોપર કચ્છીના ઉપાશ્રયે પધાર્યા. પ્રવચનમાં ભાગ્યે જ આવનાર ભાઈ બેનો પણ અહીં પ્રવચન સાંભળવા આવવા લાગ્યા. વિરતિ ધર્મનું મહત્ત્વ સમજવા **મળતાં બાર વ્રત લેવાની તૈયારી થઈ. અહીંની ૭ દિવસની સ્થિરતામાં ત્રણ વખત નાણ માંડવામાં આવી. પહેલી વખતે જેઠ વ.૪ વાપીમાં દીક્ષિત બે કુમારિકા સાધ્વીજી મહારાજોની વડી દીક્ષા થઈ. બીજી વખત જેઠ વદ ૮, ૫૩ જણાંએ બાર વ્રત તપો સંપૂર્ણ બ્રહ્મચર્ય વગેરેમાંથી સ્વીકાર કર્યો. ત્રીજી વખતે જેઠ વ.૧૦, ૫૦૦ જણાંએ ભવોભવનાં પુદ્‌ગલ વોસિરાવવા તથા જન્મોજન્મનાં દુષ્કૃત્યોના પાપાનુબંધ તોડવાની ભવ્યક્રિયામાં લાભ લીધો.** પૂજ્યશ્રીએ તે પ્રસંગે જીવે મોહવશ કેવાં કેવાં પાપકલેવર અને પાપસાધનો મૂક્યાં છે, ને તે અંગે કેવો સતત કર્મબંધ થયા કરે છે તેનો શાસ્ત્રપાઠ સાથે કરુણ ચિતાર રજૂ કર્યો; તેમજ આઠે કર્મના વિસ્તૃત પાપસ્થાનકો, તથા દેવ-ગુરુ-૨૦ સ્થાનક-૧૬ ભાવના વગેરે પ્રત્યેનાં વિપરીત પાપાચરણો એમ અનેકાનેક દુષ્કૃત્યોના હૃદયદ્રાવક વર્ણન કરી મિચ્છામિ દુક્કડં દેવરાવ્યા. શ્રોતાની આંખ તથા હૃદય આંસુથી ભીંજાઈ જતાં ક્રિયાને અંતે જનતાએ આત્માને પાપાનુબંધોથી હલકો થવાની રાહત અનુભવી. અત્રેના ૭ દિવસની સ્થિરતામાં પર્યુષણા ઉજવાઈ ગયા જેવો ઉત્સાહ પ્રવર્ત્યો. અત્રેથી પૂજ્યશ્રી વિહાર કરી વદ ૧૩ મલાડ ચોમાસાર્થે પ્રવેશ કરશે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૪૪,તા.૧૫-૭-૧૯૬૭

● **કાંદીવલી** - અત્રે સાતવર્ષથી ચાલતી પાઠશાળામાં સતત હાજરી આપી-સેવા કરતા કૉલેજ વિદ્યાર્થી હસમુખલાલ સકરચંદ વોરા કે જેઓ આ વર્ષે મલાડમાં યોજાયેલ શ્રી જૈન આધ્યાત્મિક શિક્ષાયતનમાં જોડાયા હતા, તેઓએ પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્યના પ્રવચનો-શિક્ષણ સંસ્કરણ અને અધ્યયનમાં ખૂબ ચીવટપૂર્વક ભાગ લીધો હતો, તેના યોગે, અત્રે ચાલતી પાઠશાળામાં પણ તે અધ્યયનને લાભ બીજા વિદ્યાર્થીઓને મળે તે માટે તેઓએ સાત દિવસનો નવતત્ત્વ, મોક્ષમાર્ગ વગેરેનાં શિક્ષણ-સંસ્કરણનો નાનો પ્રયોગ આરંભ્યો. તેમાં ૧૦મી ક્લાસ સુધીના ૧૮ વિદ્યાર્થીઓ જોડાયા હતા, તેઓની લેખિત-મૌખિક પરીક્ષાઓ લેવામાં આવેલ અને તેમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓનું બહુમાન કરવામાં આવેલ, ઘણાં વિદ્યાર્થીઓએ માતા-પિતાને રોજ નમસ્કાર, સામાયિક, કંદમૂળ ત્યાગ, વગેરે નિયમો લીધેલા. જૈન ધર્મનો સરળ પરિચય ભા-૧ ના અમુક ભાગનું શિક્ષણ અપાયું હતું.



### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૪૫,તા.૨૨-૭-૧૯૬૭

● **ખંભાત :** સિદ્ધાન્તમહોદધિ પૂ. ગુરુદેવશ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબના વરદ હસ્તે અત્રેના નવયુવાન ભાઈશ્રી નિમેષકુમારનો દીક્ષા મહોત્સવ સુંદર ઉજવાઈ ગયો. જેઠ વદ ૫ વરસીદાનનો વરઘોડો તથા રાત્રે અભિનંદન મેળાવડો ભવ્ય થયો. વદ ૬ દીક્ષા થઈ નામ મુનિશ્રી નિર્મળચંદ્રવિજયજી તે મુનિશ્રી હેમચંદ્રવિજયજીના શિષ્ય તરીકે અપાયું. ખંભાતે ચાલુ વર્ષે આ નવમા યુવાનની દીક્ષા હોઈ રેકોર્ડ સ્થાપ્યો. આ સાથે પિંડવાડામાં દીક્ષિત ભાઈશ્રી કાન્તિલાલ તે મુનિશ્રી કુલચંદ્રવિજયજીની વડી દીક્ષા પણ થઈ. અત્રે અષાઢ સુદ ૨ ખાનદેશથી ઉગ્ર વિહાર કરી પધારેલ વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી યશોદેવસૂરિજી મહારાજનો ભવ્ય પ્રવેશ થયો છે અને પૂ. ગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્યદેવેશની સેવામાં ઉપસ્થિત થયેલ છે.

● **ખંભાત :** અત્રે ગચ્છાધિપતિ સિદ્ધાન્ત મહોદધિ પૂ. આચાર્યદેવ**શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબની સેવામાં ખાનદેશથી વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યશ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ સપરિવાર પધારી ગયા છે. અષાઢ સુદ ૧ બંને પૂ. આચાર્ય મહારાજે ખંભાત બહાર મુકામ રાખ્યો હતો. ગુરુ-શિષ્યના પરસ્પરના મિલનનું દૃશ્ય અપૂર્વ હતું. હર્ષાશ્રુથી આંખ ભીની થઈ ગયેલી. હૃદય ખૂબ ગદ્‌ગદ થવાથી ક્ષણભર શબ્દોચ્ચાર મુશ્કેલ બની ગયેલ. પરસ્પરના ઊછળતા સદ્‌ભાવનો ચમત્કાર એ બની ગયો કે પૂ.ગચ્છપતિ આચાર્યદેવેશને ચાલી આવતા દુઃખાવાને લીધે નિંદ્રા પણ સરખી આવતી નહોતી તે એ રાતે નિંદ્રા ય આવી ગઈ ! અને દુઃખાવો શાંત થઈ ગયો ! પૂ. નાના આચાર્ય મહારાજ પણ અત્રે પધારી ગયાથી સંઘમાં આનંદોત્સાહ વધી ગયો છે. મૂળ અત્રેના જ વતની વૈરાગ્યમૂર્તિ મહાત્મા પૂ.પં.શ્રી ત્રિલોચન વિજયજી મહારાજ રોજ વૈરાગ્યઝરતી વાણી રેલાવી રહ્યા છે; તેથી વળી સંઘમાં ભાવોલ્લાસ વિશેષ ઊછળી રહ્યા છે. અત્રે એક માલેગામના યુવકની દીક્ષા થઈ એમને પૂ. પંન્યાસજી મહારાજના શિષ્ય મુનિશ્રી ઇંદ્રસેન વિજયજી તરીકે સ્થાપ્યા છે. એ પૂર્વે અત્રેના વતની ભાઈ નિમેષકુમારની ધામધૂમથી દીક્ષા થઈ એમને પૂ.મુનિરાજશ્રી હેમચંદ્ર વિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી નિર્મળચંદ્ર વિજયજી નામે કરવામાં આવ્યા છે. પિંડવાડામાં દીક્ષિત પૂ. મુનિરાજશ્રી કુળચંદ્ર વિજયજી મ. પણ અત્રે બિરાજમાન છે. પૂજ્યશ્રીની દેખરેખ નીચે કર્મસાહિત્યનું સર્જન કાર્ય ચાલુ છે.

● **મલાડ :** (મુંબઈ) પૂજ્ય ગુરુદેવશ્રી **પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** અત્રે પધારવાથી સંઘનો ઉલ્લાસ અપૂર્વ વધ્યો છે. અત્રે રવિવાર તા. ૧૬-૭-૬૭ના પૂર્વે જાહેર કર્યા મુજબ ભવોભવના પુદ્ગલ વોસિરાવવાની તથા જન્મ-જન્માંતરના પાપાનુબંધ તોડવાની ભવ્યક્રિયા નાણ સમક્ષ કરાવવામાં આવી હતી. સાથે સમ્યકત્વ, બારવ્રત, બ્રહ્મચર્યવ્રત અને બીજા તપો ઉચ્ચરાવવાની પણ વિધિ થઈ હતી. વ્રતોચ્ચારણમાં લગભગ ૪૦ આરાધકો હતા. આ પ્રસંગે અત્રે **શ્રી ભગવતીજી સૂત્ર** વંચાવવાની સંઘે ઈચ્છા પ્રગટ કરી હતી તે સ્વીકારાયેથી સૂત્ર વહોરાવવાની ઉછામણી બોલાતાં ૫૦૧) મણ ઘીથી આદેશ અપાયો હતો. સાથે **કુવલયમાલા** ચરિત્રની ૧૦૧) મણની બોલી થઈ હતી. સૂત્રના પાંચ પૂજનના રૂા. ૬૦૦) તથા ગુરુપૂજનના રૂા. ૨૧૧) ની ઉછામણી થઈ હતી. અષાઢ વદ ૨-રવિવારે સવારે સૂત્ર-બહુમાનનો વરઘોડો તથા સૂત્ર વાંચનનો પ્રારંભ અને બપોરે પૂજાની જાહેરાત થઈ હતી.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૫,અંક-૪૬,તા.૨૯-૭-૧૯૬૭**

### પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીના સમુદાયના વિ.સં.૨૦૨૩ના ચાતુર્માસની યાદી

### ગુજરાત વિભાગ

| | | |
|---|---|---|
| ૧. | સિદ્ધાંતમહોદધિ પ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ, પ.પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મ. પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મ. આદિ ઠા.૪૨ | ખંભાત |
| ૨. | પૂ.ઉપા.શ્રી કૈવલ્યવિજયજી મ. આદિ ઠા. ૨ | બારેજા |
| ૩. | પૂ.પં.શ્રી કનકવિજયજી મ. આદિ | નવા ડીસા |
| ૪. | પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મ. આદિ ઠા.૮ | રાધનપુર |
| ૫. | પૂ.મુનિરાજશ્રી જયવિજયજી મ. આદિ ઠા.૨ | ખંભાત |
| ૬. | પૂ.મુનિરાજશ્રી પદ્મપ્રભવિજયજી મ. આદિ ઠા.૨ | નરોડા |
| ૭. | પૂ.મુનિરાજશ્રી પૂર્ણાનંદવિજય મ. તથા પૂ. ચંદ્રપ્રભવિજય મ. | જુના ડીસા |
| ૮. | પૂ.મુનિરાજશ્રી રંગવિજયજી મ. આદિ ઠા.૨ | છાણી |
| ૯. | પૂ.મુનિરાજશ્રી મહાભદ્રવિજયજી મ. આદિ ઠા.૪ | ચાણસ્મા |
| ૧૦. | પૂ.મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મ. આદિ ઠા.૨ | પેટલાદ |
| ૧૧. | પૂ.મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મ. આદિ ઠા.૨ | વાપી |
| ૧૨. | પૂ.મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મ. આદિ ઠા.૪ | નડીયાદ |
| ૧૩. | પૂ.મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. તથા પૂ.ભદ્રગુપ્તવિજયજી મ. આદિ ૯ | પાટણ |
| ૧૪. | પૂ.મુનિરાજશ્રી નિરંજનવિજયજી મ. તથા પૂ.અમરેન્દ્રવિજયજી મ. | ધર્મજ |
| ૧૫. | પૂ.મુનિરાજશ્રી જયભદ્રવિજયજી મ. આદિ ઠા.૨ | પાટડી |
| ૧૬. | પૂ.મુનિરાજશ્રી લલીતશેખરવિજયજી મ. આદિ ઠા.૨ | સાણંદ |
| ૧૭. | પૂ.મુનિરાજશ્રી કીર્તિરત્નવિજયજી મ. આદિ ઠા.૨ | સુરત |

### અમદાવાદ (ગુજરાત)

| | | |
|---|---|---|
| ૧૮. | પૂ.પં.શ્રી પુષ્પવિજયજી મ. તથા પૂ.ચરણપ્રભવિ.મ. આદિ ૫ | નવરંગપુરા |
| ૧૯. | પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મ. આદિ ઠા.૩ | દશાપોરવાડ સોસાયટી |
| ૨૦. | પૂ.પં.શ્રી મલયવિજયજી મ. આદિ ઠા.૨ | ગીરધરનગર |
| ૨૧. | પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. આદિ ઠા.૫ | શાંતિનગર |
| ૨૨. | પૂ.મુનિરાજશ્રી લલિતવિજયજી મ. આદિ ઠા.૩ | ખુશાલભુવન |
| ૨૩. | પૂ.મુનિરાજશ્રી માણેકવિજયજી મ. આદિ ઠા.૩ | શાહપુર |
| ૨૪. | પૂ.મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મ. આદિ ઠા.૭ | દાનસૂરિ જ્ઞાનમંદિર |

### સૌરાષ્ટ્ર વિભાગ

| | | |
|---|---|---|
| ૨૫. | પૂ.આ.શ્રી જંબૂસૂરિજી મહારાજ આદિ ઠા. | સાવરકુંડલા |
| ૨૬. | પૂ.પં.શ્રી ભક્તિવિજયજી મ., પૂ.પં.શ્રી માનવિજયજી મ. પૂ.પં.શ્રી રવિવિજયજી મ. આદિ ઠા.૧૧ | રાજકોટ |
| ૨૭. | પૂ.પં.શ્રી જયંતવિજયજી મ. આદિ ઠા.૩ | જામનગર |
| ૨૮. | પૂ.પં.શ્રી હિમાંશુવિજયજી મ. આદિ | વલ્લભીપુર |
| ૨૯. | પૂ.પં.શ્રી માનતુંગવિજયજી મ. આદિ ઠા.૯ | બોટાદ |
| ૩૦. | પૂ.પં.શ્રી રાજવિજયજી મ. આદિ ઠા.૬ | વઢવાણ |
| ૩૧. | પૂ.મુનિરાજશ્રી સુધાંશુવિજયજી મ. આદિ ઠા.૨ | મહુવા |
| ૩૨. | પૂ.મુનિરાજશ્રી પદ્માકરવિજયજી મ. આદિ ઠા.૨ | જામભાણવડ |
| ૩૩. | પૂ.મુનિરાજશ્રી કૈલાસપ્રભવિજયજી મ. આદિ ઠા.૨ | શિવગંજ |
| ૩૪. | પૂ.મુનિરાજશ્રી ધનપાલવિજયજી મ. આદિ ઠા.૩ | ધંધુકા |
| ૩૫. | પૂ.મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મ. આદિ ઠા.૨ | સાવરકુંડલા |
| ૩૬. | પૂ.મુનિરાજશ્રી કીર્તિસેનવિજયજી મ. આદિ ઠા.૨ | ભુજ (કચ્છ) |
| ૩૭. | પૂ.મુનિરાજશ્રી મહાયશવિજયજી મ. આદિ ઠા.૨ | જુનાગઢ |

## મહારાષ્ટ્ર વિભાગ

૩૮. પ.પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. આદિ ઠા.૨૨ લાલબાગ મુંબઈ
૩૯. પૂ.પં.શ્રી મૃગાંકવિજયજી મ. આદિ ઠા.૬ દાદર
૪૦. પૂ.પં.શ્રી, સુદર્શનવિજયજી મ. આદિ ઠા.૩ ગોરેગાંવ
૪૧. પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. આદિ ઠા.૧૨ મલાડ
૪૨. પૂ.મુનિરાજશ્રી ભદ્રાનનવિજયજી મ. આદિ ઠા.૩ અંધેરી
૪૩. પૂ.મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. તથા પૂ.રાજેન્દ્રવિજયજી મ. શિવ
૪૪. પૂ.મુનિરાજશ્રી અમરગુપ્તવિજયજી મ. આદિ ઠા.૪ લશ્કર પુના
૪૫. પૂ.મુનિરાજશ્રી મતિવિજયજી મ. આદિ ઠા.૨ અમલનેર

## રાજસ્થાન વિભાગ

૪૬. પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. આદિ ઠા.૪ લુણાવા
૪૭. પૂ.પં.શ્રી હર્ષવિજયજી મ. આદિ ઠા.૨ જાવાલ
૪૮. પૂ.મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મ. તથા પૂ.વિમલપ્રભવિ.મ. વડગામ
૪૯. પૂ.મુનિરાજશ્રી કુંદકુંદવિજયજી મ. આદિ ઠા.૪ શિવગંજ
૫૦. પૂ.મુનિરાજશ્રી પ્રદ્યોતનવિજયજી મ. આદિ ઠા.૨ સાદડી
૫૧. પૂ.મુનિરાજશ્રી મહાનંદવિજયજી મ. તથા પૂ.કલ્યાણપ્રભવિ.મ. પાડીવ
૫૨. પૂ.મુનિરાજશ્રી જિનપ્રભવિજયજી મ. આદિ ઠા.૩ માલવાડા

● **શિવ** (મુંબઈ)-અત્રે પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજના ચાતુર્માસથી શ્રી સંઘમાં ધર્મઉદ્યોત સારો થયો છે. ૧૧૦ આરાધકોએ નમસ્કાર-મહામંત્રની આરાધના સુંદર વિધિવિધાન સાથે કરી. મહામંત્ર પરના રોજનાં વ્યાખ્યાન નવનવી ધર્મસ્ફુર્તિ લાવતાં. આરાધકોને રોજ નવનવી મીઠાઈના બોક્સની પ્રભાવના અપાતી. અષાઢ સુદ ૧૦ થી શ્રી સમ્યક્ત્વ સપ્તતિકા તથા શ્રી પરિશિષ્ટ પર્વ વંચાવવાની ૧૧૧ ને ૧૧૫ મણની બોલી થઈ, પાંચ પૂજામાં ૩૩૫ મણ ઘી થયું. રાત્રિના રોજ પુરુષોને શ્રી 'જ્ઞાનસાર' પર સમજુતી અપાય છે. પૂ.તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજીને ૧૦૩ મી વર્ધમાન આંબેલ તપની ઓળી ચાલુ છે. એમના આલંબને સંઘમાં નવા વર્ધમાન તપ-પાયા, સાથે ૧ લાખ મંત્રજાપમાં આરાધકો જોડાઈ રહ્યા છે. નમસ્કાર ઉદ્યાપન નિમિત્તે ચાંદીનો પટ્ટ બનાવવા વિચારણા થઈ છે.

● **મલાડ** (મુંબઈ)-અત્રે દેવકરણ મૂલજી જૈનવાડીના ઉપાશ્રયે **શ્રી ભાનુવિજયજી ગણિવર**ના શ્રીમુખે શ્રી ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનનો પ્રારંભ હોઈ



શ્રી સંઘમાં હરખ હરખ ઊછળતો હતો. સવારે સૂત્રનો મોટો વરઘોડો ચડ્યો, શ્રી સેવંતીલાલ મફતલાલ તરફથી ૧૧૧ મણની બોલીથી શ્રી ભગવતી સૂત્ર અને શ્રી કુસુમબેન રતિલાલ તરફથી ૪૫ મણ શ્રી કુવલયમાળા ચરિત્ર ગાડીમાં પધરાવવામાં આવેલ હતા. વરઘોડો ઉપાશ્રયે ઊતરતાં આગળથી જ વ્યાખ્યાન હોલ ઘણો ભરાઈ ગયેલો તે સાજન પ્રવેશતાં ચિક્કાર મેદની થઈ ગયેલી. ૫૦૧ મણ ઘીથી ઉછામણી લેનાર શ્રી જીવરાજ ગોરધનદાસે સૂત્ર વહોરાવ્યું. સહકુટુંબ જ્ઞાનપૂજન કર્યું. પછી શ્રી હિંમતલાલ દીપચંદે ૧૦૧ મણ બોલીથી શ્રી કુવલયમાળા ચરિત્ર વહોરાવ્યું. બાદ શ્રી જીવરાજભાઈ, શ્રી હિંમતલાલ દીપચંદ વગેરેએ રૂા. ૫૦૩ થી પાંચ પૂજન કર્યાં. શ્રી હિંમતલાલ દી. તથા **શ્રી અમૃતલાલ ભોગીલાલે રૂા. ૨૦૧ થી ગુરુપૂજન કર્યું.** આજની કુલ ઉપજ રૂા. ૨૬૦૦ ઉપર થઈ. પછી જ્ઞાનની પૂજા ભણાવવામાં આવી, બાદ બે સૂત્રોનાં સંવેગ-વૈરાગ્ય અને તત્ત્વબોધ ઝરતાં વ્યાખ્યાન શરૂ થયાં.

આજનું આખું ય દૃશ્ય ભવ્ય હતું. શુભ ભાવોની છોળો ઊછળતી હતી. કેટલાય ભાવિકોએ રોજ ૮॥ વાગે વ્યાખ્યાનમાં હાજર રહેવાની પ્રતિજ્ઞા કરી. બપોરના શેઠ શ્રી જીવરાજ ગોરધનદાસ તરફથી પ્રભુજીને સુંદર આંગી સાથે પાર્શ્વદીપક મંડળે ૪૫ આગમની પૂજા ભણાવી. સંગીતમય ભક્તિરસની રેલમ છેલ કરી દીધી. રાતના પણ મંડળે ભાવનામાં ભક્તિરંગ જમાવ્યો. રોજ વ્યાખ્યાન ૮॥ થી ૧૦॥ ચાલુ છે, કેટલાક ભાવિકોને વર્ધમાન આંબેલ તપ પાયા પૂર્ણ થયા. બીજાઓએ શરૂ કર્યાં છે. કેટલાકને આંબેલ ઓળીઓ તથા બીજી તપસ્યા ચાલુ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** **વર્ષ-૧૫,અંક-૪૭,તા.૧૨-૮-૧૯૬૭**

● **વઢવાણ** - અત્રે પૂ.પં.શ્રી રાજવિજયજી ગણિવરની વૈરાગ્યવાણીથી સંઘમાં ઉત્સાહ સુંદર છે. પંન્યાસજીને ૧૦૦ વર્ધમાન આંબેલ ઓળી પૂર્ણ થયા બાદ નવેસરથી ફરી ઓળી ચાલુ કરેલી. હાલ ૭૨ મી ઓળી ચાલે છે. એઓશ્રીની નિશ્રામાં પૂ.મુ.શ્રી નયરત્નવિજયજીને ૨૧ ઉપવાસની તપસ્યા સુખરૂપ પૂર્ણ થઈ.

● **ખંભાત**-સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવેશ **શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ**નું સ્વાસ્થ્ય ઠીક ચાલતું હતું. હમણાં જૂના વાના દુઃખાવાની અસર આવી જાય છે. છતાં પોતાનું કર્મસાહિત્ય વાંચનાદિ કાર્ય કર્યે જાય છે. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજને આમળના દરદમાં હવે સારી રાહત છે. સંમેતશિખરજી આદિ તીર્થ રક્ષા નિમિત્તે સંઘમાં સેંકડો આંબેલ થયા. જ્ઞાન-દર્શન ચારિત્રની આરાધના

નિમિત્તે લગભગ ૪૫૦ અઠ્ઠમ થયા. એમાં ૧૦૦-૧૫૦ નાના કુમાર-કુમારિકાઓનાં હશે.

● **પાટણ** - અત્રે મંડપમાં પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્ત વિજયજી મહારાજના રોચક વ્યાખ્યાનોમાં લોક સારો લાભ લે છે. **'આત્મવાદ'** પર ૪ જાહેર વ્યાખ્યાનો દર રવિવારે થયાં. એમાં પહેલામાં 'આત્માની માન્યતા રાખવા ન રાખવામાં લાભ-નુકસાન' વિચારાયા. બીજામાં પ્રત્યક્ષ-અનુમાનાદિથી આત્માની સિદ્ધિ થઈ. ત્રીજામાં ભારતીય દર્શનોમાંની આત્મ-સ્વરૂપ અંગે લંબાણથી ચર્ચા થઈ. ચોથામાં પશ્ચિમીય દર્શનકારોમાં આત્માની માન્યતા ક્યારથી શરૂ થઈ, કોણે કોણે આત્મા માન્યો...એની લંબાણથી ચર્ચા થઈ. તાત્ત્વિક વિષયને પણ રસમય શૈલીમાં પીરસાતા હોઈ સાંભળવા માટે જૈન-જૈનેતરો મોટી સંખ્યામાં આવે છે. બપોરે 'પ્રશમરતિ'ની વાચનામાં શ્રાવકો પણ જોડાયા છે. રવિવારના જાહેર વ્યાખ્યાન ચાલુ છે. ઉપરાંત કૉલેજ હાઈસ્કૂલોમાં પણ વ્યાખ્યાનો ગોઠવાઈ રહ્યાં છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૫,અંક-૪૮,તા.૨૬-૮-૧૯૬૭

● **મલાડ (મુંબઈ)** : અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી** ગણિવરનાં રોજ શ્રી ભગવતી સૂત્ર અને કુવલયમાળા ચરિત્ર પરનાં ભવ્ય તત્ત્વજ્ઞાન પીરસતા સંવેગ વૈરાગ્ય ભર્યા વ્યાખ્યાનોનું સંઘ ભારે ઊલટ ઊછરંગ સાથે શ્રવણ કરી રહ્યો છે, અને તેથી ત્યાગ, તપસ્યા તથા બીજી ધર્મસાધના સારી થઈ રહી છે, વિશેષ આરાધના રૂપે મોટા તથા નાના કુમાર કુમારિકાએ પણ વર્ધમાન આંબેલ તપના પાયા નાંખ્યા. કેટલાક યુવકોને ચોમાસું એકાસણાં શરૂ કર્યા છે એમાં એક શિબિર વિદ્યાર્થી મેટ્રિક ભણતાને પણ એકાસણ ચાલુ છે. નવકાર મંત્રના તપની આરાધના લગભગ ૩૦૦ જણાએ કરી`માં ૭ વર્ષની ઉંમરના 'ચેતન' નામના બાળ સુધીના પણ આરાધક હતા, પછી શ્રાવણ સુદ ૮-૯-૧૦ આ અવસર્પિણીમાં પહેલવહેલો ધર્મપ્રકાશ આપનાર આદ્યકેવળજ્ઞાનની આરાધના રૂપે અઠ્ઠમની તપસ્યા થઈ, એમાં ૭/૮ વર્ષની બાળિકાઓ સાથે ૫૩૦ જણાએ અઠ્ઠમ કર્યા. શ્રી પાર્શ્વદીપક મંડળે અંતરપારણા નિમિત્તે ૦ા-૦ા કીલો મીઠાઈ ભાર વહેંચ્યો; અને આઠમ તથા દરશમે શ્રી અષ્ટપદજી તથા શ્રી અંતરાયકર્મ નિવારણની પૂજાઓ સંગીતની ભારે રમઝટ સાથે ભણાવી. પૂજાઓ વિશાળ વ્યાખ્યાન હોલમાં ભણાતી. માણસ ચિક્કાર રહેતું. નોમના દિવસે મહિલા મંડળે શ્રી નવાણું પ્રકારી પૂજા ભણાવી. ત્રણે દિવસ રાતના મંડળે ભાવનામાં ભક્તિરસની રંગરેલ વહેવડાવી. ત્યારે પૂ.પંન્યાસજી મહારાજે વ્યાખ્યાનમાં પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ ભગવાનના ૧૩ ભવનું રોમાંચક વર્ણન કર્યું, જે સાંભળતા શ્રોતાઓએ ગદ્ગદ થવા સાથે પ્રભુના ગુણો, સાધનાઓ અને ઉપકારનાં સુકૃતોની અનુમોદના કરતાં શુભ અધ્યવસાયોની લહેરીઓ અનુભવી, તપસ્વીઓને શ્રી સંઘ તરફથી પારણા કરાવાયાં અને ચાંદીની વાટકીની પ્રભાવના કરવામાં આવી. વિશેષમાં બાળક બાળિકાઓને ૧૧-૧૧ રૂપિયાની પહેરામણી કરાઈ. ત્રણ દિવસ પર્યુષણા જેવો રંગ જામ્યો. અત્રે ચતુર્વિધ સંઘની ઈચ્છાથી બપોરે પણ ૨ થી ૨ાા વાગે શ્રી ઉપદેશમાળા પર વ્યાખ્યાન શરૂ થઈ ગયા છે અને રાતના ૯ાા થી ૧૦ાા વાગે પુરુષોને ચૈત્યવંદન ભાષ્યના પદાર્થ પર વિવેચન અપાય છે. ચોમાસી નિયમોનકાર્ડ તથા ૧૪ નિયમની સમજ સાથે ૧૨૦ કલ્યાણકોનાં કાર્ડ પ્રગટ કરાયા છે. તે પરથી ભાગ્યશાળીઓ વ્રતનિયમમાં સારા જોડાયા છે. વ્યાખ્યાનમાં ૫ રંગ આળતાં નિયમ પણ સારા લેવાય છે. દા.ત. (૧) ચૈત્યવંદનમાં શાસ્ત્રે કહ્યા મુજબ ડાબા ઢીંચણ પર હાથ ન ટેકાવતાં અલગ હાથ બે જોડી, કોણી પેટ પર અને અંજલિ મુખ આગળ રાખવી. (૨) ૨૪ તીર્થંકરદેવના વાર્ષિક ૧૨૦ કલ્યાણકનો જાપ તે તે કલ્યાણક દિવસે કરવો... શ્રાવણ સુદ ૧૪ વ્યાખ્યાનમાં શિવથી શ્રી છગનભાઈ આંબાવાળાના ૧૧ અને ૧૩ વર્ષની ઉંમરના બે બાળકો જેમણે વર્ધમાન આંબેલ તપના પાયા નાખેલા તે આવેલા. સભા વચ્ચે બંનેને ઊભા કરી પરિચય આપતા સંઘે અને જુદા જુદા ભાઈઓએ રૂા. ૧૧-૧૧-૫-૨-૨ વગેરેની પહેરામણી કરી. ત્યારે એ બાળકો ઊભા થઈ કહ્યું કે 'આ તો પૂર્વની સીધે કે આડે હાથે થયેલ ધર્મની આરાધનાથી અહીં મનુષ્યભવની મોટી તક મળી છે. એને સાધી લેવાની છે.' એમ કહી મલાડ સંઘને સાધારણ ખાતે એણે રૂા.૧૬ ભેટ કર્યાં.

● **શિવ** : અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં સંઘમાં નવકાર મંત્ર તપની આરાધના પછી વર્ધમાન આંબેલતપના ત્રીસેક પાયા નંખાયા. એમાં બે નાના બાળક તથા એક બાળકીએ પણ પાયો નાખ્યો.

વર્ધમાન તપ પાયાવાળાને કામળી તથા બાળ તપસ્વીઓને રૂા. ૫૦નો પૂજાનો ચાંદીનો સેટની પ્રભાવના અપાશે. એક બેને ચત્તારિ અઠ્ઠના ઉપવાસ કરતાં પારણે સંઘને તેડી સંઘપૂજા કરી દરેકને ૧-૧ રૂા. આપી તિલક કર્યા. સંઘમાં એક દિવસ એક લાખ નવકારની તપ સાથે આરાધના થઈ. વ્યાખ્યાનમાં અઠ્ઠમની પ્રેરણા થતાં કેટલાકે ચાલુ ઓળીમાં સુદ ૧૩થી અઠ્ઠમ શરૂ કર્યા; બીજા સુદ ૧૪ થી શરૂ કરશે તેમજ શ્રાવણ સુદ ૪-૫-૬ પણ અઠ્ઠમો થવા સંભવ છે.

• **ખંભાત :** સિદ્ધાન્ત મહોદધિ પૂ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં સંઘમાં ચડતી આરાધના રહે છે. વાદીવેતાલ શ્રી શાંતિસૂરિજી મહારાજ રચિત શ્રી અર્હદ્ અભિષેકનું ભવ્ય અનુષ્ઠાન ઉજવાયું તેમાં સંઘે અદ્ભુત અર્હદ્ભક્તિનો ઉલ્લાસ અનુભવ્યો. અત્રે પૂજ્યશ્રીના વિશાળ પરિવારમાં જ્ઞાનધ્યાનનો સારો રંગ વર્તી રહ્યો છે. પૂજ્ય આચાર્યદેવશ્રી સુખશાતામાં વિરાજે છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૧,તા.૨-૯-૧૯૬૭

**તંત્રી સ્થાનેથી :**

## નૂતન વર્ષના મંગળ પ્રારંભે

જણાવતાં અતિ આનંદ થાય છે કે 'દિવ્ય દર્શન' સાપ્તાહિક પત્ર ત્રિભુવનગુરુ વીતરાગ સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માનાં વચનને અનુસરી ૧૫ વર્ષથી એકધારું ધાર્મિક તથા આધ્યાત્મિક તત્ત્વોનું દિવ્ય-દર્શન કરાવતું વીર સંવત ૨૪૯૩ ના અંગ્રેજી સપ્ટેમ્બર માસથી **૧૬ મા વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે.** માનવગણની આ લોકોત્તર સેવા કરી શકવા પાછળ અચિંત્યપ્રભાવી સુરાસુરેન્દ્રપૂજિત શ્રી અરિહંતદેવની અને કર્મસાહિત્ય નિષ્ણાત સિદ્ધાંતમહોદધિ પૂ. ગુરુદેવ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજની પરમકૃપા જ કામ કરી રહી છે. આજના ભયાનક ભૌતિક ભૂતાવળમાં નિશ્ચેતન બનતી આર્ય પ્રજાને ભવ્ય આધ્યાત્મિક ચૈતન્ય સ્ફુરાયમાન રાખવાની અમારી કલ્યાણ મંજિલમાં ભાવિ પ્રયાણ પણ એ તારક દેવાધિદેવ અને ગુરુદેવની કૃપાએ અસ્ખલિતપણે વિશિષ્ટ તત્ત્વપ્રકાશ પીરસતું રહો એ અમારી નમ્ર પ્રાર્થના છે.

ગત વર્ષમાં 'દિવ્ય-દર્શન' પત્રે મુખ્યપણે **'જીવનમાં ધર્મ કેમ અને કેવો આરાધ્ય'**નો વિષય આપી અવાંતરમાં અનેક આધ્યાત્મિક હિતકર વિષયો તર્ક અને દૃષ્ટાંતો સાથે પીરસ્યા છે, જે વાંચીને અનેક વાચકોએ આજના કાળની મહા વિષમતા વચ્ચે તન-મન-વચનની અશુદ્ધિ ઘટાડવા સાથે સુંદર આત્મિક આનંદ અને સ્ફૂર્તિનો તથા ધર્મશ્રદ્ધા વૃદ્ધિનો અનુભવ કર્યો છે. ઉપરાંત 'દિવ્ય-દર્શન'માં પ્રગટ થતાં અગ્રલેખોએ તો તત્ત્વરુચિ જીવોને એવું કામણ કર્યું છે કે એમને એની ભારે આતુરતા રહે છે, અને એ વાંચતાં નવીન સંવેગમય સંવેદન અનુભવે છે. અમારી પાસે એવી માગણી પણ આવે છે કે **'આ અગ્રલેખોનું એક પુસ્તક પ્રગટ કરો;** કેમ કે આવું તત્ત્વમાર્ગ-દર્શન અમને બીજે ક્યાંય મળતું નથી. તે સળંગ એક સાથે જો વાંચવા મળે તો આવા પડતા કાળે અદ્ભુત પ્રકાશ અને સ્થૈર્ય-ધૈર્ય આદિ અનેક ગુણો તથા જીવનઉત્થાનની ચાવીઓનો લાભ મળે.'

હવે નવા વર્ષમાં પ્રવચનકાર પૂ. પંન્યાસજી મહારાજના શ્રીમુખે અમદાવાદ દશા પોરવાડ સોસાયટીના ગત ચોમાસામાં વંચાયેલ તથા આ વખતના મલાડ-ચોમાસામાં વંચાઈ રહેલ શ્રી કુવલયમાળા ચરિત્રનાં વિવેચન આપવા ધારીએ છીએ. જૈન વાઙ્મયનો આ એક અદ્ભુત અદ્વિતીય કથાગ્રંથ છે, ને એ મહાન તત્ત્વો તથા ઉપદેશોથી ભરેલો છે. **હ્રીં દેવીના આદેશથી એ રચાયેલો છે.** એના પર વળી શ્રી પંન્યાસજી મહારાજની ગ્રંથકારનાં વચનોનાં રહસ્યો પ્રગટ કરવાની વિવેચનશૈલી એટલે તો એ શ્રોતા યા વાંચકને ભૌતિક ધરતી પરથી ઉઠાવી ઊંચા આધ્યાત્મિક આસમાનમાં વિહરતા કરી દે છે. એમનું એકેક વાક્ય ચિંતનસભર હોય છે.

માટે જ 'દિવ્ય-દર્શન'ના સભ્યોને એકેક અંક વારંવાર વાંચવા અમારી નમ્ર વિનંતી છે, જેથી નવનવો પ્રકાશ પ્રગટે અને તત્ત્વ હૃદયમાં સ્થિર થાય; તેથી આજની ચિંતા-સંતાપો શમી સાચું ચૈતન્ય ઝગમગતું બને. ઉપરાંત એ પણ ખાસ ભલામણ છે કે કુટુંબના પ્રત્યેક જણને તથા સગા-સ્નેહીને આનું વાંચન ખાસ કરાવો. આમ કર્યાના સુંદર પરિણામ અમારી જાણમાં આવે છે ત્યારે અમને ય આશ્ચર્ય થાય છે કે 'અહો ! **દિવ્ય-દર્શન કયા અજાણ પ્રદેશોએ પહોંચી કેવું સુંદર કાર્ય કરી રહેલ છે !'**

એ પણ એક ગૌરવનો વિષય છે કે 'દિવ્ય-દર્શન'નું વાંચન સ્થાનકવાસી ભાઈબેનો તથા સાધ્વીજી મહારાજો તેમજ જૈનેતર ભાઈઓ પણ ખૂબ જિજ્ઞાસાથી કરે છે.

આજના કેળવણીયુગમાં નવી પ્રજામાં સમજશક્તિ અને વાંચનનો રસ વધ્યો છે. એવા અવસરે એમને મળતા સ્કૂલ-કૉલેજ-છાપા-રેડિયો વગેરેના એકલા ભૌતિક ઝેરી સિંચન પર અમૃતના છંટકાવ તુલ્ય આ દિવ્ય-દર્શનનું વાંચન અવશ્ય કરાવવા અમારું દરેક ધર્મપ્રેમીને આગ્રહભર્યું નિવેદન છે. પોતાના તેમજ પાડોશના કે સ્નેહીના કુમાર-કુમારીકાઓને આનું વાંચન જરૂર કરાવો, એવી અમો આશા રાખીએ છીએ.

'દિવ્ય-દર્શન' પત્રથી આજસુધી વાંચકોને જે અનુપમ અમૂલ્ય આત્મિક લાભ પરલોકમાં જવાબ આપે એવો મળ્યો છે, એની કૃતજ્ઞતા અદા કરવાના એક માર્ગરૂપે અમે ચાહીએ છીએ કે દરેક વાંચક પોતાના લાગતા-વળગતામાંથી શક્ય એટલા વાર્ષિક સભ્ય કરી મોકલશે. એથી પત્રના ખર્ચમાં ઘટાડો થવાથી ખોટનો પ્રતિકાર થશે.

• • •

● **શિવ :** પૂ. તપસ્વી ૧૦૩મી ઓળીના આરાધક **મુનિવર શ્રી મણિપ્રભ વિજયજી મ.ના** તપના આલંબને સંઘમાં વર્ધમાન તપ શત્રુંજય મોદકતપ, ચંદનબાળા અઠ્ઠમ, ૧૦ પચ્ચક્ખાણ તેમજ નવા વર્ધમાન તપના પાયા નખાયા. તેમાં શ્રી છગનલાલ આંબાવાળાના ત્રણ બાળકો જયસુખલાલ (ઉં.વ. ૧૪) મહેશકુમાર (વર્ષ ૧૦) સરલાબેને (ઉં.વ. ૧૨) પણ નિશાળનાં ચાલુ અભ્યાસ દરમિયાનમાં વર્ધમાન તપના પાયા નાખેલ. આયંબિલ ધીરજબેનની ઉદારતાથી તેમના નિવાસસ્થાને સંઘ તરફથી કરાવાતાં શ્રા.સુ. ૮ ના સામુદાયિક ૨૦૦ આયંબિલ સાથે લક્ષ નવકાર મંત્રનો જાપ થયેલ. આયંબિલ શેઠ શ્રી રતિભાઈ તરફથી થયેલ. શ્રા.સુ. ૧૩-૧૪-૧૫ના અઠ્ઠમ તપની આરાધના થયેલ. શ્રા.સુ. ૧૫ ના તપસ્વીઓનું બહુમાન કરવાના મનોરથ થતાં સવારે સામુદાયિક સ્નાત્ર ભવ્ય ઉજવાયું. જેમાં ૧૦૦ ઉપરાંત બાળકોએ પણ લાભ લીધેલ. અંતે ૬ પ્રભાવના થયેલ. ત્યારબાદ વ્યાખ્યાન થયું. પછી શ્રીયુત હીરાભાઈના હસ્તકે તપસ્વીઓનું બહુમાન થયેલ. જેમાં વર્ધમાન તપના પાયા નાખનાર ત્રણ બાળકોને દરેકને રૂા. ૧૫૧/- ચાંદીની થાળી-વાટકી-કળશ દીવી વગેરે પૂજાના ઉપકરણો અને કામળીથી શ્રી શિવસંઘ તરફથી ભક્તિ કરી હતી. તેમજ પૂ. ગુરુદેવશ્રી પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્યની નિશ્રામાં ૫૨૭ અઠ્ઠમની અપૂર્વ આરાધના થયેલ તેમાં ત્રણ નાના બાળકો નરેન્દ્રકુમાર વગેરેએ અઠ્ઠમ તપ કરેલ તેમને દરેકને રૂા. ૧૦૧/- અને કામળની ભક્તિ કરેલ. એક નાના બાળકે પણ ૩ એકાસણાથી તપ કરેલ તેને રૂા. ૫૧/- તથા કામળી આપેલ. શીવના તપસ્વી ત્રણ બાળકોએ પણ અત્રેના સાધારણ ખાતામાં રૂા. ૧૦૧/- આપેલ અને મલાડના તપસ્વી બાળકોએ પણ અત્રેના સાધારણ ખાતામાં રૂા. ૧૦૧/- ભરાવેલ. બીજા તપસ્વીઓને પણ જુદી જુદી ૧૨ પ્રભાવના તથા બહુમાન કરેલ. બપોરના નવપદજીની પૂજા જૈન શ્રેયસ્કર મંડળે ભણાવ્યા બાદ લાડુની પ્રભાવના થયેલ. શ્રા. વ. ૧ના તપસ્વી ભાઈ-બહેનોને પારણા શેઠશ્રી રતિલાલ જેઠાભાઈએ કરાવેલા. દરેકને રૂા. ૧) અને શ્રીફળની પ્રભાવના થયેલ અને નૂતન જિનમંદિરમાં રૂા. ૨૫૧) લખાવ્યા હતા.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૬,અંક-૨,તા.૧૬-૯-૧૯૬૭

● **મલાડ :** અત્રે શ્રી સંઘમાં **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજની** નિશ્રામાં પર્વાધિરાજની ઉજવણી અભૂતપૂર્વ થઈ. અત્રેની વિશેષતાઓમાં શ્રી સંઘની કમિટી, શ્રી પાર્શ્વદીપક સ્નાત્ર મંડળ, શ્રી મલાડ જૈન યુવક મંડળ તથા અન્ય અગ્રણી કાર્યકર્તાઓએ એકસંપીથી કાર્યો કરી ધર્મની રંગરેલ વહેવડાવી. સ્વ. સાધ્વીજી શ્રી દર્શનશ્રીજી મહારાજના શિષ્યાઓ પૂ.સાધ્વીજી શ્રી જયકીર્તિશ્રીજી મ. તથા શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મહારાજે શ્રાવિકાઓમાં અજબ ધર્મચૈતન્ય રેડ્યું. સાધ્વીજીશ્રી હર્ષરેખાશ્રીજી મહારાજને માસક્ષમણની ઉગ્ર તપસ્યા હતી. પૂ. મુનિરાજશ્રી જગવલ્લભ વિજયજી મ. ને વર્ષીતપમાં ૧૬ ઉપવાસ, તથા શ્રી સંઘમાં ૧૬-૧૧-૯-૮-૭-૫ વગેરે ઉપવાસો ઘણા થયા. અઠ્ઠાઈઓ લગભગ ૧૦૦, ચોસઠપહોરી પૌષધ આશરે ૮૦, સેંકડો છઠ્ઠ અઠ્ઠમ ઉપવાસ થયા. કેટલાય કુમાર-કુમારિકાઓને અઠ્ઠાઈ તથા ૧ ઉપ. માંડ કરનારા પણ ૮-૪ ઉપવાસમાં જોડાયા. એકંદરે તપસ્યાનો સુંદર રંગ જામ્યો. વાર્ષિક સાધારણની તિથિઓ, વર્ધમાન આંબેલ ખાતું, પાઠશાળા ખાતું, સાધર્મિક ભક્તિ ખાતું, સાધારણ જનરલ ટીપ, જીવદયા ખાતું, વગેરેમાં તથા સ્વપ્ન બોલી અને કલ્પસૂત્ર-બારસા અને વરઘોડા અંગેની બોલીઓમાં સારી ઉપજ થઈ. આઠે દિવસ વ્યાખ્યાનો ૩-૩, ૪-૪ કલાકનાં પણ વિશાળ મેદનીએ સ્થિરતાથી સાંભળી નવો ધર્મોલ્લાસ અનુભવ્યો. ભા.સુદ પાંચમે ૮ થી ૯ હજાર માણસોનું સ્વામીવાત્સલ્ય થયું. તપસ્યાદિ નિમિત્તે પ્રાયઃ ભા.વ. ૧૨ થી આસો સુદ ૫ સુધીનો એક ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ યોજાવાની તૈયારી ચાલે છે. રવિવારે **‘આત્માનું પતન અને ઉત્થાન’** એ વિષય પર રાજા રુકમીના જીવન પ્રસંગો લઈ જાહેર પ્રવચનો ચાલશે.

અત્રેના ભાઈ અરુણકુમારે માસક્ષમણ તથા રજવંતીબેને ૧૬ ઉપવાસ અને બીજી બે કુમારીકાઓએ અઠ્ઠાઈઓ કરેલી તે શિબિરમાં પૂ. ગુરુદેવશ્રી પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યની ૯૯મી ઓળીના પારણા નિમિત્તે બોલેલી ઉછામણીના હિસાબે કરી હતી. વળી સાંવત્સરિક પ્રતિક્રમણ એટલું શાંતિથી થયું કે લોકો કહેતા કે ૨૦) વર્ષમાં આવું લેશ માત્ર ગડબડ વિના આ પ્રતિક્રમણ પહેલવહેલું જોયું. એકંદરે ઘણી તપસ્યાઓ ત્યાગ, દાનાદિ સુકૃતો તથા જિનવાણી શ્રવણ વગેરેથી ચોથો આરો વરતાઈ રહેવાનું લોકોમાં કહેવાય છે.

પૂ. ગુરુદેવશ્રી પંન્યાસજી મહારાજના આદેશથી કાંદીવલીમાં પહેલીવાર મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજે મહાપર્વની આરાધના કરાવી. લોકોએ આઠે દિવસ સારી હાજરીથી વ્યાખ્યાન સાંભળ્યા. તપસ્યાઓ પણ સુંદર થઈ તેમજ બોલીઓ પણ ઉત્સાહપ્રેરક બની. સંઘને મંદિર-ઉપાશ્રય કરવા માટે સારો ઉછરંગ આવ્યો. પર્યુષણ બાદ રવિવાર સવારે આરંભ-સમારંભની ભયાનકતા પર વ્યાખ્યાન

એવું થયું કે શ્રોતાઓ ગળગળા થઈ ગયા. બપોરના સુંદર વરઘોડો નીકળ્યો.

● **ભાઈંદર**માં પૂ.મુનિરાજશ્રી જયતિલક વિજયજીને જુવાનોના બહુ આગ્રહથી પર્યુષણ કરાવવા મોકલવામાં આવેલ. ત્યાં પણ વ્યાખ્યાન શ્રવણ-તપસ્યાઓ-ઉપજ વગેરે એવું સુંદર થયું કે લોકો કહે કે અમારી જિંદગીમાં આવી આરાધના પહેલ પહેલી કરીએ છીએ.

● **વેલાણી એસ્ટેટ**માં મુનિરાજશ્રી વિદ્યાનંદવિજયજી મહારાજને મોકલાયેલા, ત્યાં પણ ચોસઠ પહોરી પૌષધ, તપસ્યાઓ, બોલીઓ વગેરે સુંદર થવાથી સંઘને ઘણો ઉલ્લાસ રહ્યો.

● **દેવચંદ નગર**માં પૂ. મુનિરાજશ્રી ચિરંજયવિજયજી મ. ને શેઠશ્રી દેવચંદભાઈ વગેરેના ખૂબ જ આગ્રહથી મોકલવામાં આવેલ. એમણે કરાવેલ આરાધનાથી ત્યાં પણ સંઘને સારો સંતોષ થયો.

● **શિવ :** પૂ.પંન્યાસજી મહારાજના આદેશથી પૂ.મણિપ્રભવિજયજી મ. તથા પૂ. રાજેન્દ્રવિજયજી મહારાજ અત્રે ચોમાસું બિરાજે છે તેમની નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના અદ્ભુત થઈ. પૂ. મુનિશ્રીના રોચક અને તત્ત્વ બોધક વ્યાખ્યાનોથી સંઘમાં ધર્મ-રંગ સારો જામ્યો. તપસ્યાઓ સુંદર થઈ. સંઘના સાધારણ ખર્ચની રૂા. ૨૨૦૦૦) ની ટીપ એકજ બેઠકે ભરાઈ ગઈ. સ્વપ્ન વગેરે ઉછામણીનો શિવનો રેકર્ડ પ્રાયઃ મુંબઈ અને પરાઓમાં પહેલે નંબરે આવ્યો. પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ. ને ૧૦૩ મી ઓળીનું પારણું સુખરૂપ થયેલ.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૬,અંક-૩,તા.૨૩-૯-૧૯૬૭**

● **અમદાવાદ :** અત્રે વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં ટ્રસ્ટીઓની ખાસ વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રીએ પોતાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજને ચોમાસું મોકલ્યાથી શ્રી સંઘમાં ધર્મની નવી જાગૃતિ વર્તાઈ રહી છે. પૂ.મુનિશ્રી આજના કુમતો સામે જોરદાર જોશીલી ભાષામાં પ્રતિકાર કરી રહ્યા છે. આચાર્ય તુલસીના શિષ્યો ચર્ચાર્થે જ્ઞાનમંદિરમાં આવેલા, પણ ચર્ચા કરતાં આ યુવાન મુનિરત્નના વિદ્વત્તાભર્યા પ્રભાવક ઉત્તરોથી નિરુત્તર બનેલા. દર રવિવારે 'શાંતિનો માર્ગ' એ વિષય પર જાહેર વ્યાખ્યાનો થતા. શ્રોતામેદની સમય પહેલેથી ચિક્કાર ભરાતી. નવી પ્રજાના ઉત્થાન માટે શ્રી વિદ્યાર્થી સંઘની સ્થાપના થઈ. એઓશ્રીની નિશ્રામાં દર રવિવારે તત્ત્વજ્ઞાનનું દાન થઈ રહ્યું છે. પર્યુષણામાં



અસાધારણ ભીડ થતી. ગણધરવાદ વૈજ્ઞાનિક દાખલાઓથી સુંદર વંચાયો. તપસ્યાઓ વગેરે પણ ભરપૂર થયું.

● **દશાપોરવાડ સોસાયટીમાં** પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણા સારા ઉજવાયા. માસક્ષમણ અટ્ઠાઈ વગેરે તપસ્યાઓ થઈ. ઘીની ઉપજ ઘણી થઈ.

● **ખારા કૂવાની પોળના ઉપાશ્રયે** પૂ. સંઘસ્થવિર પૂ.સિદ્ધિસૂરીશ્વરજી મ.ના. પ્રશિષ્ય પૂ.પં.શ્રી ભદંકર વિજયજી મહારાજના આજ્ઞાવર્તી પ્રવર્તિની સાધ્વીજી શ્રી વિજયાશ્રીજીના પ્રશિષ્યા સાધ્વીજી શ્રી પદ્મયશાશ્રીજી તથા શ્રી જ્યોતિરેખાશ્રીજી મહારાજ (પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી જયતિલક વિજયજી મહારાજના અનુક્રમે સાંસારિક બેન તથા પત્ની) માસક્ષમણની મહાન તપસ્યા સુંદર આરાધના કરતાં, શ્રાવિકાસંઘમાં પણ તપસ્યાઓ સારા ઉત્સાહભેર ઘણી થઈ.

● **સાણંદ** - અત્રે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિશ્રી લલિતશેખર વિજય મ. અત્રે ચોમાસું છે. પર્યુષણામાં તપસ્યાઓ ૧૬, ૧૧, ૧૦, ૮, ૭, વગેરે સુંદર થઈ. બે નાની બાળાઓ (ઉં.૧૨) એ પણ અટ્ઠાઈ કરેલી. બાકી ચોસઠપહોરી પૌષધમાં નાના બાળકોની પણ સંખ્યા સારી હતી. સંઘને આરાધના તથા દેવદ્રવ્યાદિ ઉપજ સમયાનુસાર સારી થઈ છે.

● **રાધનપુર** - અત્રે પ્રખર વ્યાખ્યાતા પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણાપર્વની આરાધના શાનદાર ઉજવાઈ. પૂજ્યશ્રીના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી વિચક્ષણ વિજયજી મહારાજે મૃત્યુંજય-માસક્ષમણની ભીષ્મ તપસ્યા કરી હતી. બીજી પણ તપસ્યાઓ સુંદર થઈ. વ્યાખ્યાનોનો રંગ નવો જ હતો.

● **વઢવાણ** - પૂ.પં.શ્રી રાજવિજયજી મહારાજે અત્રે શ્રી સંઘમાં નવીન ધર્મજાગૃતિ આણી. એઓશ્રીએ ૧૦૦ વર્ધમાન આંબેલ તપ ઓળી પૂર્ણ કરવા ઉપર પુનઃ નવો પાયો નાખી આગળ વધતાં હમણાં ૭૨મી ઓળી કરી. ઓળીઓ ઠામ ચોવિહાર કરે છે. શ્રી સંઘમાં ૨ માસક્ષમણ તથા બીજી તપસ્યાઓ સુંદર થઈ.

● **ધર્મજ** - અત્રે પૂ. આચાર્યદેવશ્રીની આજ્ઞાથી ખંભાતથી પૂ. મુનિરાજશ્રી અમરેન્દ્રવિજયજી ચોમાસું પધારેલા છે. એઓશ્રીની ધર્મદેશનાથી અત્રે ૨૦-૨૨ ઘરના ગામમાં ૧૪-૧૫ વર્ધમાન તપના પાયા નંખાયા. તે વખતે સંઘમાં પણ છૂટા ૫૦૦ આંબેલ થયા. પર્યુષણાની આરાધના સારી થઈ.

● **શિવ** (મુંબઈ) - પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.

ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્ર વિજયજી મ.ની સંવેગ વૈરાગ્ય નિતરતી વાણીથી શ્રી સંઘમાં ધર્મ આરાધનાનો રસ ઉત્તરોત્તર વૃદ્ધિ પામ્યો છે. બીજીવારના અઠ્ઠમ તપના પારણાનો લાભ શ્રી બાબુભાઈ પોપટલાલે વ્યાખ્યાન, લાડુની પ્રભાવના તથા ઉપાશ્રય ખાતે રૂા. ૨૫૦) આપી લાભ લીધો હતો. સાયન વસતા ઘોઘારી ભાઈઓ તરફથી ચુનાભઠ્ઠીના દેરાસરે પૂજા સાધર્મિક ભક્તિ તથા વ્યાખ્યાનમાં સારો લાભ લીધેલ. શિવમાં જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પંચકલ્યાણક પૂજા, બાલ તપસ્વીઓનું બહુમાન, તથા મંડળના સભ્યો-મહેમાનોનું અલ્પાહારથી ભક્તિ કરવા સાથે રૂા.૧૦૦૧) ઉપાશ્રય ખાતે મંડળ તરફથી અપાયેલ.

પર્યુષણપર્વની આરાધના સુંદર રીતે થઈ છે. તપસ્યામાં ૧૫-૧૦-૯-૮-૭-૬-૫-૪ વગેરે ઉપવાસો સારા પ્રમાણમાં થયા. અત્રેની સાર્વજનિક હાઈસ્કૂલની અગાશીમાં ભવ્ય વિશાલ મંડપ બાંધી આઠે દિવસ વ્યાખ્યાનાદિ આરાધના થયેલા. દેવદ્રવ્યમાં ૧૪) હજાર મણ ઘી, કલ્પસૂત્ર-બારસા-સૂત્રનું ૨૪૦૦) મણ ઘી જિનમંદિરોમાં વપરાતી સઘળી ચીજો, મુનિમ-પાઠશાળા વિ.ખર્ચને પહોંચી વળવા સાધારણ ખાતાની ૨૨) હજારની ટીપ, જીવદયા ઉપાશ્રયાદિની ટીપો સારી રીતે થયેલ છે. દાદરથી પૂ.મુનિરાજશ્રી હેમભૂષણ વિજયજી પધારતાં સ્તવન સજ્ઝાયાદિ કહેતાં આરાધનાનો રંગ વૃદ્ધિ પામ્યો હતો. **દિવ્ય દર્શન પત્ર** અંગે શ્રીયુત્ ચંદુભાઈ માસ્તરે દિલના ગદ્ગદ ભર્યા શબ્દોથી જણાવ્યું હતું કે તાત્ત્વિક સાત્ત્વિક જીવન સુધારે એવું વાંચન આ કાળે નાના બાળથી માંડી મોટા સુધી સર્વેને ખૂબજ જરૂરી છે. ચારેકોર ભૌતિક દાવાનલ ફેલાઈ રહ્યો છે તેની માઠી અસરોથી જીવનમાં શાન્તિ દૂર થઈ છે, મનના વિચારો ઘણાં બગડતા ચાલ્યા છે, કોઈ કોઈની સાચી કાળજી કરી શકતું નથી માટે આ કાળે આવા તપસ્વી-જ્ઞાની ગુરુભગવંતોના અમૃતરસ ભરેલા ગણધરભગવંતના સૂત્રના રહસ્યોને સમજાવતાં જિન-વચનો મળવા ઘણા ઘણા દુર્લભ છે. ૧૫ વર્ષથી સતત અમીરસનું પાન કરાવતું, ઉચ્ચ-વિચાર-આચારબળનું પ્રેરક 'દિવ્ય દર્શન' પત્રનું ૧૬મું વર્ષ શરૂ થાય છે, તેના માટે આજીવન સભ્ય રૂા. ૧૦૧) થી તથા વાર્ષિક સભ્ય રૂા. ૬) ભરી થવા મારી સૌને ભલામણ છે. આથી દિવ્ય દર્શન પત્રના ૧૧ આજીવન સભ્યો તથા ૮૦ જેટલા વાર્ષિક સભ્યો થયા છે. ધારાવી ખાતે ૨૧ સભ્યો નોંધાયા છે. ધારાવીમાં સ્વપ્નદ્રવ્યની આવક સારી થયેલ. પૂ. તપસ્વી મ.શ્રીએ જન્મ વાંચન કરેલ. **ભા.સુ.૭** ના રવિવારનાં ચૈત્યપરિપાટી-તીર્થયાત્રાર્થે ચેમ્બુર વાજતે ગાજતે સકલસંઘ સાથે ગયેલ, ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો, નવસારીના ગવૈયા શ્રી નટવરલાલે સ્નાત્રમાં અનેરો ભક્તિરંગ જમાવ્યો હતો. જેથી સૌના હૈયા ભક્તિભાવથી આનંદિત બની ગયા હતા. સુશ્રાવકો તરફથી



સાધર્મિકભક્તિ રખાતા ૧૨૦૦ જેટલા ભાવિકોએ લાભ આપેલ.

ભા.સુ.૧૦ ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળેલ. માટુંગાથી ચૈત્યપરિપાટીએ પધારેલા પ.પૂ.આ.શ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મ. આદિને વિનંતી કરતાં રથયાત્રામાં માટુંગા સુધી પધારેલા ઇન્દ્રધજા-સાંબેલા-વિશાળ બેન્ડવાજા-ભવ્ય ચાંદીનો રથ-વિશાળસંઘ સમુદાયથી શોભતો વરઘોડો માટુંગા વાસુપૂજ્ય-જિનપ્રાસાદે દર્શન કરી પાછો ફરેલ. ભા.સુ.૮ થી **'સમ્યકત્વ સપ્તતિકા'** ગ્રંથનું વ્યાખ્યાન તથા **જ્ઞાનસારની** વાચના શરૂ થયેલ છે. અનેક ભાવિકો સારો લાભ ઉઠાવી રહ્યા છે.

● **ખંભાત - ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં અત્રે શ્રી સંઘને તપગચ્છ અમર જૈનશાળામાં પર્યુષણાની આરાધના અદ્ભુત થઈ. મુંબઈથી શેઠશ્રી** બાબુભાઈ છગનલાલ, શેઠશ્રી રમણલાલ દલસુખભાઈ, શેઠશ્રી શાન્તિલાલ ઉજમશી, શ્રી ચંપકભાઈ, શ્રી અશ્વિનભાઈ શાન્તિલાલ, વગેરે પણ આવી ગયા હતા. પૂજ્યશ્રીના વિશાળ પરિવારમાંથી પૂ.પં. શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ આદિ જુદા જુદા વિદ્વાન મુનિમહારાજોએ વ્યાખ્યાનો વાંચ્યા. લોકોને નવનવી વાનગી મળતી ગઈ. તપસ્યાઓ પણ ભરપૂર થઈ. પૂ.મુનિરાજોમાં ૧૧-૧૦-૯-૮ વગેરે ઉપવાસો તથા શ્રાવક સંઘમાં ૧૦૦ અઠ્ઠાઈ અને બીજી તપસ્યા ઘણી હતી, દેવદ્રવ્યાદિની ઉપજો તથા ટીપો પણ સુંદર થઈ. પૂજ્યશ્રીના અજબ પુણ્ય પ્રભાવે સંઘમાં નાના મોટા દરેકનો ધર્મ-ઉછરંગ ભારે ઉછળતો હતો.

પૂજ્યશ્રીની નિશ્રામાં આરાધના કરવા માટે ખડકી (પુના પાસે)થી શેઠશ્રી દલીચંદ, દાંતરાઈવાળા શેઠશ્રી હંસરાજજી, વગેરે અનેક મહાનુભાવો આવેલા. શેઠશ્રી દલીચંદભાઈ શ્રી જીરાવલાજી મહાન તીર્થના ટ્રસ્ટી હોઈ એમણે ટ્રસ્ટીમંડળ વતી પૂજ્યશ્રીને જીરાવલાજી પધારવા આગ્રહભરી વિનંતી કરી અને કહ્યું કે આપશ્રી પધારો તો ત્યાં ઉપધાન રાખીએ જેથી તીર્થનો પ્રભાવ વિશેષ પ્રચાર પામે. આ સિવાય પિંડવાડા શ્રી પુખરાજ ધરમચંદની પેઢીવાળા ભાઈશ્રી કાળીદાસ સહકુટુંબ દીક્ષા લેવાના અભિલાષી હોઈ એમણે પણ પૂજ્યશ્રીને પિંડવાડા પધારવા પાલીતાણામાં ખૂબ આગ્રહથી વિનંતી કરેલી, અને અત્રે પણ વિનંતી ચાલુ છે.

પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની આરાધના અદ્ભુત છે. હાર્ટ દરદ તથા ૮૪ વર્ષની ઉંમર છતાં શ્રીમદે આ પર્યુષણામાં છૂટા છૂટા ત્રણ ઉપવાસ તથા એકાસણા કરેલા. સાંવત્સરિક પ્રતિક્રમણ શ્રી સંઘે એઓશ્રીની સાથે જ કર્યું. એકંદરે પૂજ્યશ્રીનું સ્વાસ્થ્ય સારું છે.

**“દિવ્ય-દર્શન” - “સમાચાર”** વર્ષ-૧૬,અંક-૪,તા.૩૦-૯-૧૯૬૭

● **વડોદરા :** અત્રે શિબિર વિદ્યાર્થીઓ શ્રી જયપ્રકાશ, શ્રી હસમુખ, શ્રી રજનીકાન્ત, શ્રી બિપિનચંદ્ર વગેરેએ શ્રુતોપાસક ગણ ઊભો કરી ધર્મ પ્રવૃત્તિ સારી કરવા માંડી છે. ચોમાસામાં ૫-૬ કૉલેજિયન વિદ્યાર્થીઓ તો ઓછામાં ઓછું રોજ બિયાસણનું પચ્ચક્ખાણ કરે છે. પજુસણ સમૂહથી સુંદર ઉજવણી કરી. નગરમાં ૯૦ અઠ્ઠાઈઓ પણ થયેલી. દર રવિવારે બાર વ્રત પછી હવે ૧૨ ભાવના પર ભાષણો સાંભળે છે. એકવાર રાતના ૫-૬ વિદ્યાર્થીઓ ધાર્મિક પ્રવૃત્તિ અંગે ધોતી પહેરીને જતા હતા. તે જોઈ એક જૈનેતર ભાઈએ દૈનિક પત્ર **‘લોકસત્તા’**માં આપેલ અહેવાલ નીચે મુજબ છે.

## કોલેજિયનોનું એ આવકારદાયક પગલું

રવિવારના રાતના ઘડીયાળીપોળમાં આવેલ રણછોડજીના મંદિર પાસે મુંબઈથી આવેલ રેડીયો સ્ટારના હું ભજનો સાંભળવા ગયો હતો. સારા પ્રમાણમાં સંખ્યા હતી. શ્રોતાજનો પણ ભજનોમાં તરબોળ હતાં. ત્યાં કેટલાક પાંચથી છ કૉલેજિયન વિદ્યાર્થીઓ ઉપર કેટલાક શ્રોતાજનો આકર્ષાયા. મારી નજર પણ ત્યાં ગઈ જોયું તો તે કૉલેજિયનો ધોતીના વેશમાં સજ્જ હતા. ધોતીની ઉપર બધાએ એક જ સરખા બુશર્ટ પહેરેલ હતા. તેમની ધોતી ઉપરનો વેશ (બુશર્ટ) કૉલેજિયન હોવાનો પડકાર કરતો હતો. આમ આજના કૉલેજિયનોને આર્યવેશમાં સજ્જ થતાં જોઈ મારું હૈયું આનંદિત બની ગયું. તે વિદ્યાર્થીઓમાં ધોતી અપનાવ્યા બદલ આર્યવેશ પ્રત્યે ગૌરવ દેખાતું હતું. આ પ્રસંગ જોતા મને વિચાર આવ્યો આજે આપણે ફેશનના નામે આપણે આપણા પૂર્વજોના મેળવેલા ઘણાં વારસાને નવ પરિવર્તન કરી શકીએ. તેમ છીએ. અન્ય કૉલેજિયન વિદ્યાર્થીઓ પણ સમૂહમાં પોતાના મિત્ર વર્તુળ સામે ધોતીનો વેશ અપનાવે તો ઘણું જ જરૂરી પગલું કહેવાશે. આજે પાશ્ચાત્ય અનુકરણમાં અંધ બનેલી આપણી ભાવિ પેઢીએ વેશમાં મર્યાદા મુકી છે. આવા સમયે આ કૉલેજિયન વિદ્યાર્થીઓનાં પગલાંને કોણ નહીં આવકારે ?

**ચંદ્રશંકર એસ. પંડ્યા - વડોદરા.**

**“દિવ્ય-દર્શન” - “સમાચાર”** વર્ષ-૧૬,અંક-૭,તા.૨૧-૧૦-૧૯૬૭

● **પાટણ :** અત્રે મંડપમાં ચોમાસું રહેલ પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી



મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિના ચાતુર્માસથી પર્યુષણા ભવ્ય રીતે ઉજવાયા. સંઘમાં ધર્મઉત્સાહ હજી પણ સુંદર ચાલી રહ્યો છે; વિશેષે નવી પ્રજાને ધર્મ-અમૃતનું સુંદર પાન કરાઈ રહ્યું છે. પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.નું આર્ટસ કૉલેજમાં **‘જીવન અને વિજ્ઞાન’** એ વિષય પર સુંદર પ્રવચન થયું. બી.એમ. હાઈસ્કૂલમાં ૭૦૦-૮૦૦ વિદ્યાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન થયું. ત્યાં ૫૦૦ વિદ્યાર્થીઓએ છ માસ સુધી સિનેમા નહીં જોવાની પ્રતિજ્ઞા કરી. વી.કે.ભુલા હાઈસ્કૂલમાં ૮૦૦-૯૦૦ વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન થતાં ૪૦૦-૫૦૦ જણે એવી જ સિનેમા ન જોવાની તથા માતાપિતાને રોજ પ્રણામ કરવાની પ્રતિજ્ઞા લીધી. બી.ડી. હાઈસ્કૂલમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓને પ્રવચન અપાયું. ત્યાં ફલોધિના રમેશે (ઉં.વ.૫) શાન્તિના શ્લોકો સંભળાવતાં શિક્ષકો પણ પ્રભાવિત થયા. મંડપમાં પાટણની બધી પાઠશાળાઓના વિદ્યાર્થીઓને બે શનિવાર સમૂહ સામાયિક કરાવાયું તેમાં મેઘકુમાર અને અઈમુત્તાના કથાનક દ્વારા દયા-દાન તથા ત્યાગ ધર્મનો ઉપદેશ અપાયો. રોજ સવારે તત્ત્વજ્ઞાન વર્ગ ચાલે છે એમાં યુવાનો પણ સારી સંખ્યામાં લાભ લે છે. તા. ૨૨ થી ૩૧ જ્ઞાનસત્રની યોજના નક્કી થઈ છે. તેમાં જ્ઞાન, દર્શનશુદ્ધિ અર્થે ચૈત્યપરિપાટી, જપ ધ્યાન વગેરેનો કાર્યક્રમ રહેશે.

● **ખંભાત :** પૂ. સિદ્ધાંતમહોદધિ વિશાલગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબનું સ્વાસ્થ્ય સુંદર ચાલી રહ્યું છે. હમણાંથી પ્રભુ-દર્શનાર્થે રોજ ચાલીને પધારે છે. દાદરથી સ્પેશિયલ બસમાં જ્ઞાન-મંદિર શ્રી સંઘવાળા લગભગ ૧૨૫ જણ બંને પૂજ્ય આચાર્ય દેવાદિ શ્રમણ ભગવંતોના દર્શનાર્થે આવતાં અત્રે સંઘમાં ઉલ્લાસ વધ્યો હતો. વ્યાખ્યાનમાં લગભગ બે ત્રણ હજાર ભાવિકોએ લાભ લીધો. દાદરવાળા તરફથી શ્રીફળની અને બીજે દિવસ ૧૦-૧૦ પૈસાની પ્રભાવના થઈ. પૂ. વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી વ્યાખ્યાન પાટ પર પધારતાં સૌને ખૂબ આનંદ થયો. પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મ. વગેરેનાં પ્રવચન થયાં.

**“દિવ્ય-દર્શન” - “સમાચાર”** વર્ષ-૧૬,અંક-૮,તા.૨૮-૧૦-૧૯૬૭

● **અમદાવાદ :** ‘શ્રી રાજનગર જૈન શ્વે.મૂ.ધાર્મિક ઈનામી પરીક્ષા’ ની સંસ્થા (વિદ્યાશાળા) તરફથી ધાર્મિક અધ્યયનની નીચે મુજબ પરીક્ષાઓ લેવાશે.

**મૌખિક પરીક્ષા :** સંવત ૨૦૨૪ માગશર સુ.૧૫ શનિવાર તા. ૧૬-૧૨-૬૭

**લેખિત પરીક્ષા :** સં. ૨૦૨૪ માગશર વદ ૧ રવિવાર તા. ૧૭-૧૨-૬૭

પરીક્ષામાં બેસવાના ફોર્મ લેવાની છેલ્લી તારીખ ૨૭-૧૧-૬૭

**ફોર્મ મોકલવાનું સ્થળ**

**ચંદ્રકાન્તભાઈ ચુનીલાલ મશરૂવાળા**

**૨૩૩૯, માણેકચોક, અમદાવાદ.**

● **અમદાવાદ** - અત્રે જ્ઞાનમંદિરમાં પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજનાં વ્યાખ્યાનોનો વિશાળ જનતા લાભ ઉઠાવી રહી છે. એમની નિશ્રામાં દયા દાનનો વિરોધ કરનારાઓનો સચોટ પ્રતિકાર ચાલી રહ્યો છે. લોકજાગૃતિ સુંદર આવી છે.

● **મુંબઈ-મલાડ - અત્રે પૂ. પંન્યાસજી શ્રીભાનુવિજયજી મ.ની નિશ્રામાં આસો વદ ૫ તા. ૨૩-૧૦-૬૭ થી આધ્યાત્મિક શિક્ષણ સત્ર શરૂ થયું છે. બપોરે ૧ થી ૪ ના સમયમાં જીવનમાં ધ્યાનનું સ્થાન ('ધ્યાનશતક' શાસ્ત્રના આધારે) અને ગૃહસ્થ ધર્મ (યોગશાસ્ત્રના આધારે) એ વિષયોનાં પ્રવચન, તથા વચમાં નવકારમંત્રનો જાપ, પરમેષ્ઠિ ધ્યાન તથા યોગની સમજુતી ચિત્ર સાથે આપી જાપ ધ્યાનની તાલીમ, એ દ્વારા શિક્ષણ-સંસ્કરણ આપવામાં આવે છે. પ્રથમ દિવસે જ વિદ્યાર્થીઓને સારો રસ પડ્યો. એમને અલ્પાહાર પણ આપવામાં આવ્યો હતો. તથા જિનભક્તિનાં સ્તવન બોલવાની ઢબ પણ બતાવવામાં આવી હતી. ૯૦ વિદ્યાર્થીઓ પહેલે દિવસે જોડાયા છે. હજી બીજાઓ જોડાવા સંભવ છે.**

● **નડિયાદ** - અત્રે સંઘમાં કંઈક મતભેદ હતા. તે અંગે અત્રે ચોમાસું બિરાજમાન પૂ. મુનિરાજો શ્રી મિત્રાનંદ વિજયજી મ., શ્રી નંદીવર્ધન વિજયજી મ.ના શુભ પ્રયત્ન થવાથી સંઘના ભાઈઓએ ઉદારતાથી સમાધાન કર્યું અને ૮ જણની કમિટી નીમી ઉપાશ્રયના જીર્ણોદ્ધાર અંગે રૂા. ૪૧૦૦૦) ની ટીપ કરી. હજી એમાં ફાળો વધવા સંભવ છે. સાતક્ષેત્ર અંગે પૂ. મુનિશ્રીએ સમજ આપીને જરૂરી યોગ્ય હવાલા નંખાવ્યા અને શાસ્ત્રોક્ત રીતે વ્યવસ્થા કરવાનું નક્કી થયું. પૂ. મુનિરાજશ્રી નંદીવર્ધન વિજયજી મ.ને ગળે સોજાની તથા બેચેનીની તકલીફ છે. ડાક્ટરી તપાસ ચાલે છે. મુંબઈથી સેવાભાવી ડૉ. હરિભાઈ શાહ અત્રે ખાસ પધાર્યા. તપાસી યોગ્ય સૂચનો ને ઉપચાર બતાવી ગયા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૧૩,તા.૯-૧૨-૧૯૬૭

● **શિવ (મુંબઈ)** : પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી મ.



તથા વ્યાખ્યાતા પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. શ્રીનો ચાતુર્માસ યોગ પામીને શ્રી સંઘનો અનેકવિધ તપ-જપ-અરિહંતભક્તિ, 'સમ્યક્ત્વ સપ્તતિ'ના વ્યાખ્યાન-જ્ઞાનસારની વાચનાદિ સુંદર લાભ થયા છે. પર્યુષણપર્વની આરાધના તથા દેવદ્રવ્ય સાધારણદ્રવ્યાદિકની સારી એવી વૃદ્ધિ થઈ છે. ચેમ્બુરતીર્થની ચૈત્યપરિપાટી તથા આસો માસની ઓળીની આરાધના વિશાળ સંખ્યામાં ઉલ્લાસભેર થઈ હતી. વળી એઓશ્રીના નિશ્રામાં આસો વદ ૮ ના શ્રી સંઘના નૂતન નિર્માણ થતા શ્રી અભિનંદન સ્વામિ જિન-પ્રાસાદના ગર્ભદ્વારનું સ્થાપન હોઈ શ્રી સંઘમાં સામુદાયિક આયંબિલ તપ-જપ-અપૂર્વ સ્નાત્રભક્તિ થયેલ. મુખ્ય ગર્ભદ્વારનું સ્થાપન શ્રી રતિલાલ વાડીલાલભાઈએ ૨૧૦૦, મણ ઘીથી, જમણી બાજુ શ્રી હસમુખલાલ ઓધવજીભાઈએ ૧૨૫૦ મણ ઘી ની ઊછામણી લઈને કરેલ શ્રી જિનાલયના નિર્માણમાં શ્રી છોટાભાઈએ સારી એવી સેવા આપેલ, તથા આ મંગલ પ્રસંગે નવગ્રહાદિ લઘુ પૂજન થયેલ. દાદરથી આવી શ્રી મનુભાઈ, વેલજીભાઈ વગેરે મંડળના ભાઈઓએ ભક્તિ રંગ જમાવ્યો હતો. કા.સુ. ૫ જ્ઞાનપંચમીના પોષધો થતાં સામુદાયિક અતિથિ વિભાગ તથા તપસ્વીઓના પારણા શ્રી હરસુખલાલ ઓધવજીભાઈ તરફથી થયેલ. કા.સુ. ૧૧ના શ્રી જૈન પાઠશાળાનો ઈનામી મેળાવડો તથા ૧૨॥ હજાર અરિહંત પદનો જાપ સાથે સામુહિક ખીરનું એકાશન શેઠ શ્રી અંબાલાલ દલછારામ તરફથી થયેલ અને તેઓના વરદ્ હસ્તે બાળકોને ઈનામ અપાયેલ. તથા ઉદ્બોધનમાં જણાવેલ કે હવે ઈનામો તો પ્રૌઢોને લેવાની જરૂર છે. પાઠશાળાના વિકાસ માટે ૨૫૦ રૂા. અર્પણ કરેલ કા.સુ. ૧૫ના પૂ. ગુરુદેવોનું ચાતુર્માસ પરિવર્તન શ્રી રતિલાલ એસ. કાપડીઆના નિવાસસ્થાને થતા ત્યાં મંડપમાં તીર્થયાત્રાનો મહિમા અને સત્કુલાદિ પંચસકારની દુર્લભતા પર પ્રેરક પ્રવચન થયેલ, આમ પૂ. મુનિરાજો પધાર્યાથી લઈને ચાતુર્માસ પસાર થયું તેમાં લોકોના દિલમાં ધર્મનો પમરાટ મધમધી રહ્યો અને ધર્મપ્રભાવના થતી રહી.

કા.વ. ૨ ના વિહાર થતા દાદર ટી.ટી. રહેતા શ્રી પુનમચંદ નગીનચંદ્ર બાબુના નિવાસસ્થાને પૂ. મુનિ રાજેન્દ્રવિજયનું પ્રેરક પ્રવચન થયેલ. ત્યારબાદ બાબુએ શ્રી શિવ સંઘ આદિ સર્વેનું તિલક અને ૧રૂા. થી બહુમાન કરેલ.

## પૂ. મુનિશ્રી નંદિવર્ધન વિ. મ. નું ઓપરેશન

પૂ. મુનિરાજશ્રીને છેલ્લા ૩ માસથી ગળાની બંને બાજુ 'થાઈરોઈડ'ની ગાંઠ થયેલી. તેને કારણે ખોરાકની અરૂચિ, બેચેની, તાવ વગેરે રહેતું હતું. આ દર્દમાં ડૉક્ટરો પાંચ ટકા કેન્સરની આશંકા રાખે છે. ગાંઠ-ઓગાળવા ઘણા ઉપચારો કર્યા

પણ છેવટે બધા જ ડૉક્ટરો ઓપરેશનના નિર્ણય ઉપર આવ્યા. ઓપરેશન-બાયપાસ થાય તો જ કેન્સરની ખબર પડે. નડિયાદના સકલ સંઘે ખૂબ જ ભક્તિ કરી. નડીયાદના ડૉ. જયંત શાહ, ડૉ. પી.એન. મહેતા તથા ડૉ. વિનોદભાઈ અમીને તથા મુંબઈથી આવી ડૉ. હરિભાઈએ પણ સુંદર સેવાઓ આપી. પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિ. મ. આદિ ઠા. ૪ નડીયાદથી વિહાર કરી અમદાવાદ આવ્યા. તેજ દિવસે સીવીલ હૉસ્પિટલમાં દાખલ થયા. ગિરધરનગરવાળા સુશ્રાવક હીરાભાઈ મણીલાલ જેઓ પોતાનો ઘણો સમય ખાસ કરીને પૂ. સાધુસાધ્વીજીની વૈયાવચ્ચમાં ગાળે છે. તેઓ બે વાર નડીયાદ આવી ગયેલા. એકવાર ડૉ. આર.સી. શાહને સાથે લાવેલા. તેમણે સીવીલમાં સ્પેશ્યલ રૂમ લઈ રાખેલી. જૈન સર્જન ડૉ. પનાલાલ શાહ સાથે વાતચીત કરી રાખેલી. તેઓની ભક્તિ સાધુપુરુષો પ્રત્યે ખરેખર પ્રશંસનીય છે. જૈનત્વના અને સાધુતાના આચારો પ્રત્યે તેઓને ખૂબ માન છે. તેથી મુનિઓને હૉસ્પિટલમાં તે આચારો શક્ય તેટલા પાળવામાં તેઓ સહકાર આપે છે. તેમણે મુનિશ્રીને તપસ્યા બલ્ડ-યુરીન-સ્ટુલ વગેરેનો ટેસ્ટ કરાવી સ્કીનીંગ કર્યું, ગળાના સ્પેશ્યાલીસ્ટ બાલગેએ જોયું અને તા. ૨૪-૧૧-૬૭ના રોજ ડૉ. પી. એલ. શાહે થાઈરોઈડ ગાંઠનું ઓપરેશન કર્યું. મહત્ત્વની વાત એ હતી કે ઓપરેશન વખતે તેઓએ નર્સોને બદલે ડૉક્ટરોની ગોઠવણ કરી હતી.

મુનિશ્રીએ ઓપરેશન પહેલા પંચમહાવ્રતનું ઉચ્ચારણ સર્વ જીવો સાથે ક્ષમાપનાદિ કરી શુદ્ધિ ન આવે ત્યાં સુધી બધું વોસિરાવી દીધું હતું. અરિહંતની રટના તેમને ચાલુ હતી. આ ઓપરેશન ભારે ગણાય છતાં ડૉ. સાહેબની કુશળતાથી ખૂબ સરસ રીતે થયું. ચતુર્વિધસંઘની હાજરી સારા પ્રમાણમાં હતી. માંગલિક નિમિત્તે મુંબઈથી આવેલા મુનિશ્રીના સંસારી બંધુ શ્રી તલકચંદભાઈ વગેરેએ તથા પૂ. મુનિરાજશ્રી મલયચંદ્ર વિ.મ. આયંબિલ કરેલું. નડીયાદથી આ પ્રસંગે ૭-૮ ભાઈઓ આવ્યા હતા. ઓપરેશન દરમ્યાન નીકળેલી ગાંઠનો ટેસ્ટ કેન્સરની એમ.પી. હૉસ્પિટલમાં કરાતા કેન્સર નથી એવી આનંદજનક જાહેરાત થઈ.

● **મલાડ : પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** આદિ અત્રે પધારી અગાશી તરફ વિહાર કરેલ, ત્યાં સાયન સંઘ-મલાડ સંઘ આવેલા બીજા પરાઓમાંથી પણ સેંકડો ભાઈબહેનો આવેલા. બીજા દિવસે દાદર સંઘ પધારેલ. બંને દિવસોએ પૂજા-આંગી આદિ પ્રભુભક્તિનો સારો લાભ લીધેલ. તેમજ વ્યાખ્યાનમાં વિશાળ હોલ ચિકાર ભરાઈ ગયેલ. ગુજરાત તરફના વિહારને લીધે બધાના હૈયા ગદ્‌ગદ હતા.

અગાશી પૂર્વે **ભાઈંદર**માં ગુજરાતી-મારવાડી કાર્યકરો વચ્ચેના મતભેદનું સારું સમાધાન કરવામાં આવ્યું અને નવા ટ્રસ્ટીઓ ઉમેરવામાં આવ્યા. મંદિરમાં રીપેરીંગ, બહેનો માટે ઉપાશ્રય, પાઠશાળામાં સેવાભાવી કામ કરતા શિક્ષિકા બહેનને સારો પુરસ્કાર તથા છોકરાઓને પ્રભાવના, યાત્રાટૂર, વગેરે અંગે સારી યોજનાઓ નક્કી કરવામાં આવી. આ બધાની ટ્રસ્ટની મિનિટ બુકમાં ટ્રસ્ટીઓની સહી સાથે નોંધ કરવામાં આવી.

સાંતાક્રૂઝ સંઘના પ્રમુખ શ્રી ઠાકોરભાઈ સાંતાક્રૂઝના નવા વિશાળ ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવશ્રીને બહોળા પરિવાર સાથે પધારવાની વિનંતી કરવા પૂ.પંન્યાસજી મહારાજને ખૂબ ભારપૂર્વક ભલામણ કરી. મલાડ સંઘ પણ ખૂબ ઈચ્છી રહ્યો છે કે પૂજ્યશ્રી પધારે અને અમારે ઉપધાન કરાવવા.

● **ખંભાત :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય ભગવંત શ્રી **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ** સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલતું હતું. પરંતુ છેલ્લા ૨-૩ સપ્તાહથી એઓશ્રીને છાતીમાં જુનો ફરતા વાયુનો દુ:ખાવો શરૂ થયો. દુખાવો વિશેષ રૂપનો રહેવાથી પૂ.આ. શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજની પ્રેરણાથી મુનિઓએ વારાફરતી રોજ શુદ્ધ આંબેલ અને સાડા બાર હજાર નમો જિણાણં જિયભયાણં નો જાપ શરૂ કર્યો. આ દુખાવામાંય પૂજ્યશ્રીની સહિષ્ણુતા અને સમાધિ અનુમોદનીય રહે છે. છતાં દુખાવાના લીધે ખોરાકની રૂચિ જ મરી જવાથી શરીરને જરૂરી પોષણ લઈ શકાતું નથી. તેથી અશક્તિ વધે છે. બીજી બાજુ એઓશ્રીને પોસ્ટેટ ગ્લેન્ડની તકલીફથી કબજિયાત રહેવાથી અશક્તિના લીધે જોર કરવા જતાં હાર્ટ પર અસર થાય છે. અત્રેના સંઘ તથા શેઠકુટુંબ તથા અમદાવાદ નિવાસી શેઠ શ્રી રમણલાલ વજેચંદ ડૉક્ટર વૈદ્યના ઉપચાર કરાવવામાં ખડે પગે રહે છે. મુંબઈ સમાચાર જતાં શેઠ શ્રી ભાણાભાઈ પણ વૈદ્ય ડૉક્ટરને લઈ ખંભાત ગયા છે. બીજી બાજુ પૂ.પં. શ્રી ભાનુવિજય મહારાજે તો પૂર્વે ધાર્યા મુજબ ખંભાત તરફ વિહારનું પ્રયાણ આદરી દીધું છે, ઉપરાંત પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજે પણ દક્ષિણના વિહારનો કાર્યક્રમ રદ કરી પૂ. ગુરુદેવશ્રીની સેવામાં જવા માટે ગુજરાતના વિહારનું નક્કી કર્યું છે, અને હાલ એઓશ્રીના નિશ્રામાં ચાલતી ચૈત્યપરિપાટી પૂર્ણ થતાં માગશર સુદ ૬ ગુજરાત તરફ વિહાર કરવા વકી છે.

પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજને બે પગે જુના ખરજવાનો વ્યાધિએ પાછું જોર કર્યું છે. એઓશ્રીની નિશ્રામાં કા.વ. ૬ પૂ. ગચ્છપતિ આચાર્ય ભગવંતના ૬૮મા દીક્ષા વર્ષનો પ્રારંભ હાઈ વ્યાખ્યાનમાં એઓશ્રીના ૨॥ કલાક ગુણ ગવાયા. પૂ. આચાર્ય શ્રી વિજયયશોદેવસૂરિજી મ. તથા પૂ.પં.શ્રી ત્રિલોચન વિજયજી મહારાજ આદિ ૧૦-૧૨ મુનિઓએ રોચક ગુણાનુવાદ કરતાં સૌનાં હૃદય ગદ્‌ગદ થયા. બપોરે વિશાળ મુનિમંડળે પૂ.ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી પાસે હિતશિક્ષાની માગણી

કરતાં એઓશ્રીમદે ફરમાવ્યું કે વિષય-કષાયની પરિણતિ ઓછી કરો. અને ચારિત્રશુદ્ધિ માટે આલોચના શુદ્ધિમાં ખાસ જાગ્રત રહો. બે દિવસથી વાના દુઃખાવામાં રાહત છે.

● **મલાડ (મુંબઈ) :** અત્રે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજનું ચાતુર્માસ-પરિવર્તન ભાઈશ્રી **અમૃતલાલ ભોગીલાલ લોદ્રાવાળાના** અતિ આગ્રહથી એમના નિવાસસ્થાને કરાવવામાં આવ્યું. શેઠશ્રી દલીચંદ નાનચંદનો પણ અતિ આગ્રહ હોઈ પૂજ્યશ્રીની પધરામણી પહેલી એમને ત્યાં કરાવવામાં આવી. ભાઈ શ્રી અમૃતલાલને ત્યાં વહેલી સવારે પણ ૧૫૦૦ માણસોએ વિશાળ મંડપમાં વ્યાખ્યાન શ્રવણનો લાભ લીધો. લાડુની પ્રભાવના થઈ. રાતના શ્રી પાર્શ્વદીપક સ્નાત્ર મંડળે ત્યાં જ ભક્તિ-સંગીત ભરી ભાવના કરી. વ્યાખ્યાન વાચસ્પતિ પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજને વંદન તથા સાંવત્સરિક ક્ષમાપના કરવા અર્થે કા.વ. ૧ સૂર્યોદય પહેલાં પૂ. પંન્યાસજી મહારાજે અત્રેથી શિષ્ય પરિવાર ઠા. ૧૧ સાથે મુંબઈ લાલબાગ તરફ વિહાર કર્યો. મુંબઈમાં લાલબાગ સંઘના મુખ્ય કાર્યકર તથા મુંબઈ વર્ધમાન તપ આંબેલ ખાતાના સેક્રેટરી શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ તરફથી એમની ધર્મપત્ની હીરાબેનના સળંગ ૫૦૦ આંબેલની પૂર્ણાહૂતિ નિમિત્તે કા. વદ ૧ થી વદ ૮ સુધી ઉદ્યાપન મહોત્સવ તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન પ્રસંગે જલદી પધારવાની અતિ આગ્રહભરી વિનંતી હોઈ પૂ.પંન્યાસજી મ. અંધેરી કરમચંદ હોલના ટ્રસ્ટીઓ શ્રી સાકરચંદભાઈ વગેરેના આગ્રહથી વ્યાખ્યાન તથા ગોચરીનો લાભ આપી ઘાટકોપર કચ્છી સંઘના પ્રમુખ શેઠ શ્રી વસનજીભાઈની આગ્રહભરી વિનંતીથી સાંજના વિલા પારલા એમના પિતાશ્રી તથા ભાઈઓના બંગલે પધાર્યા. રાતના કચ્છી તથા ગુજરાતી ભાઈઓએ વ્યાખ્યાનનો સારો લાભ લીધો તથા દિવસના ભોજનના અમુક અમુક ટંકના અભિગ્રહ કર્યા. મલાડના દીક્ષિત પૂ. મુનિરાજશ્રી દેવસુંદરવિજયજી મ. ના સંસારી પુત્ર પ્રતાપભાઈ તથા સંઘના અતિ આગ્રહથી બીજ સવારે પૂજ્યશ્રી સાંતાક્રૂઝ પધાર્યા. અહીં પણ વ્યાખ્યાનમાં સારા નિયમ લેવાયા. બપોરે પ્રતાપભાઈ તરફથી પૂજા પ્રભાવના થઈ. સાંજના પૂજ્યશ્રી દાદર પધાર્યા ત્યાં પૂ.પં.શ્રી મૃગાંકવિજયજી મહારાજ લોહીમાં ડાયાબીટીસ, પ્રોસ્ટેટ ગ્લેન્ડ, ગેસ વગેરે વ્યાધિઓ સમતા ભાવે સહન કરી રહ્યા છે. એઓશ્રીને વંદના કરી સુખશાતા પછી રાતના મનની એકાગ્રતા, ક્રિયામાં ધ્યાન યોગનું મિશ્રણ વગેરે અંગે વાતચીત થઈ, બાદ શ્રાવકસંઘને ધર્મશ્રવણ કરાવાયું. વદ ૩ સવારે વિહાર કરી પૂ. પંન્યાસજી મહારાજે મુંબઈ સેન્ડહર્સ્ટ રોડથી પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરિજી મ. સાથે શેઠશ્રી જેઠાભાઈ ઘીવાળા તરફથી આયોજિત સામૈયાપૂર્વક લાલબાગમાં પ્રવેશ કર્યો.



શ્રી જેઠાભાઈએ પોતાના નિવાસસ્થાને પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ.પંન્યાસજી મહારાજ આદિ સંઘને પધરાવી ગુરુપૂજન તથા સંઘ પૂજા કરી. બાદ એમના વદ ૬ પૂ. ગુરુદેવ ગચ્છાધિપતિ આચાર્યદેવની દીક્ષાતિથિ હોઈ વ્યાખ્યાનમાં બંને પૂજ્યોએ વ્યાખ્યાનમાં પૂ. ગુરુદેવશ્રીનાં ગુણગાન કર્યાં. શ્રી જેઠાભાઈનો રોકવા માટે અતિ આગ્રહ છતાં વદ ૬ ખંભાત વિહારનું સારું મુહૂર્ત હોઈ વિજય મુહૂર્તે પ્રયાણ થયું. શેઠશ્રી બાબુભાઈ એરોવાળાના અતિ આગ્રહથી વિનંતી માન્ય કરી એમને ત્યાં સામૈયા સાથે પધાર્યા મધ્યાહ્ન છતાં સામૈયામાં મુંબઈના બધા પક્ષના ૭૦ લગભગ અગ્રણીઓ મળી અંદાજ ૪૫૦ માણસ હતું. બાબુભાઈએ સંઘપૂજા કરી. રાતના વ્યાખ્યાનમાં લોકોએ સારી સંખ્યામાં લાભ લીધો. મુંબઈ ચોપાટી સંઘના પ્રમુખ શ્રી મનસુખભાઈ તથા સેક્રેટરી શ્રી સુધાકરભાઈ અને ચીમનભાઈની વિનંતીથી બે દિવસ ત્યાં મુકામ થયો. શેઠ સોભાગ્યચંદભાઈ દમણવાળા તથા હસમુખભાઈની વિનંતીથી તેમના પોત-પોતાના નિવાસસ્થાને સંઘપૂજનનો લાભ લેવામાં આવેલ. બીજા દિવસે સાંજે દાદર, પછી સાયણ, પારલા, ગોરેગામ વગેરેની આગ્રહભરી વિનંતીઓને માન આપતાં આપતાં માગશર સુદ ૧ અગાસી પધારશે. સાયણમાં એમની નિશ્રામાં ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી બૃહદ્ મુંબઈની પાઠશાળાઓના ધાર્મિક શિક્ષકોનું સંમેલન થયું. પૂજ્યશ્રીએ શિક્ષકો તથા કાર્યકરોનું કર્તવ્ય અને શિક્ષણ પદ્ધતિ અંગે માર્ગદર્શક પ્રવચન આપ્યું.

## ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૬,અંક-૧૪,તા.૧૬-૧૨-૧૯૬૭

● **વાપી :** માગશર સુદ ૧૦ અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજે** સંઘના ઉલ્લાસભેર સ્વાગત સાથે પ્રવેશ કર્યો. અત્રેથી મૌન અગિયારસ કરી વલસાડ ગણદેવી નવસારી થઈ સુરત માગશર વદ ૪-૫ પહોંચવા વકી છે.

● **ખંભાત :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય દેવેશ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજને જુના ફરતા વાનો દુખાવો હજી ચાલ્યા કરે છે. સ્વાસ્થ્ય બરાબર ચાલતું નથી. છતાં પૂજ્યશ્રી ખૂબ શાંતિથી સહન કરે છે.

## ''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૬,અંક-૧૬,તા.૩૦-૧૨-૧૯૬૭

● **ખંભાત :** સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી

મહારાજને એક બાજુ પ્રોસ્ટેટની વધેલી ગાંઠ તથા બીજી બાજુ છાતીમાં ફરતા વાયુના દુખાવાની તકલીફ ચાલતી હતી. સ્થાનિક ડૉક્ટર સેવા આપી રહ્યા હતા. ખંભાતનો સંઘ વૈયાવચ્ચમાં સાવધાન હોઈ દરદ વધતાં બહારથી નિષ્ણાત વૈદ ડૉક્ટરો લાવવામાં આવ્યા. પૂજ્યશ્રીના પુણ્ય પ્રભાવે એ બધા સેવાભાવથી જ સેવા આપવા આવ્યા. એમાં વડોદરાથી નિષ્ણાત વયોવૃદ્ધ વૈદ્યરાજ બારોટ આવ્યા. એમણે તો વડોદરાથી નીકળતાં જ સંકલ્પ કર્યો કે આવા મહર્ષિની સેવાનો અપૂર્વ લાભ મળે છે તો મારે એ મહાત્માનાં દર્શન થયા વિના મુખમાં પાણી પણ ન નાખવું. વૈદ્ય આવ્યા પૂજ્યશ્રીની સંયમ બ્રહ્મચર્યથી દીપતી ભવ્ય મુદ્રા નિહાળી અપૂર્વ આનંદ અનુભવ્યો. ભાવભર્યું વંદન કર્યું, અને પૂજ્યશ્રીનું પુણ્ય શરીર તપાસ્યું. નાડી પરથી વ્યાધિનું નિદાન કરી દવા-ઉપચાર આપ્યા. વૈદ્ય વડોદરા ગયા. અહીં લાભ દેખાયો, પણ પછીથી વળી તકલીફ ઊભી થઈ. સ્થાનિક કમ્મપયડીના અભ્યાસી વ્રત-નિયમધારી વૈદ્યરાજ શ્રી મોહનભાઈ તો સેવા આપતા જ રહ્યા છે. તેથી એમણે ઉપચાર આપ્યા. વડોદરાથી વૈદે પણ ઉપચાર-ફેરફાર આપ્યો. રાહત જણાઈ. પરંતુ વિધિની વિચિત્રતા કે દુખાવો માત્ર રાત્રિના રહેતો, તે દિવસે પણ શરૂ થયો. વૈદ રહ્યા દૂર વડોદરામાં અને અહીં બેઠે તબિયતમાં ફેરફાર થાય... યોગ્ય ઉપચાર તત્કાળ મળવાની મુશ્કેલી; તેથી શેઠશ્રી ભાણાભાઈ મુંબઈથી હાર્ટના સ્પેશિયાલિસ્ટ સેવાભાવી ડૉ. શાંતિલાલ શાહને લઈ આવ્યા. ડૉક્ટરે હાર્ટ તપાસ્યું કાર્ડિયોગ્રામ લીધો, કહ્યું કે હાર્ટમાં કોઈ વાંધો ઊભો નથી થયો. પછીથી સેવાભાવી ડૉ. પ્રતાપ શ્રોફને મુંબઈથી સોમચંદ લાલચંદવાળા શેઠશ્રી કેશવલાલ મોતીલાલ લઈ આવ્યા. ડૉક્ટરે પ્રોસ્ટેટ તપાસી અભિપ્રાય આપ્યો કે 'ગાંઠ વધી છે.' પૂજ્યશ્રીને વિનંતી કરી કે મુંબઈ પધારો આપશ્રીને હાર્ટ સારું છે, બ્લડપ્રેશર નથી, શરીરમાં મેદ નથી, તેથી હું ઓપરેશન કરી આપીશ અને તે સફળ થવાની ખાત્રી આપું છું. આપને પછીથી વર્ષો સુધી આરોગ્ય સારું રહેશે. ઓપરેશન જેટલું જલદી કરાવો તેટલું ઇચ્છવાયોગ્ય છે.' ડૉ. ને શ્રી ભાણાભાઈએ કહ્યું 'તમને પ્લેનમાં અહીં લઈ આવીએ ઓપરેશન અહીં કરો.' પરંતુ ડૉક્ટર કહે 'ઓપરેશનમાં સાથે ક્લોરોફોર્મ તથા બ્લડ આપવા વગેરેના સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરો સાથે રાખવાનો છું. તેથી મુંબઈમાં જ ફાવે.'

• **પૂજ્યશ્રીની સેવામાં મુંબઈથી** પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ તથા **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. અત્રે પધારી રહ્યા છે.** મુંબઈથી પૂ. આચાર્ય મહારાજ મા.વ.૧૪-૦)) અગાસી પો.સુ.૬ ગોલવડ બોરડી કરી આગળ વિહાર કરતાં પોષ વદ ૧૩ લગભગ ખંભાત પહોંચવા ધારે છે. પૂ.પં.શ્રી



ભદ્રંકરવિજયજી મ.,પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મ.વગેરેએ પણ ખંભાત તરફ વિહાર કર્યો છે.

• **સુરત - પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજે** મૌન ૧૧ વાપીમાં કરી. સંઘે પર્વની ઉજવણી ખૂબ ઉત્સાહથી કરી. પૂજ્યશ્રી વલસાડ પધારતાં તેરાપંથી આચાર્ય તુલસીનો ભેટો થયો સારી ચર્ચા થઈ. તેરાપંથ મતના આર્ય દેશને અમાન્ય સિદ્ધાંતો જે શ્રી તુલસીજી છૂપાવતા હતા તે એમનાં મુખેથી બહાર આવ્યા અને જૈનધર્મથી કેવા એ વિરુદ્ધ છે તે જનતાને જાણવા મળ્યું. વ્યાખ્યાનમાં સંઘને તેરાપંથમતના 'દયા દાન-દેવપૂજાના' વિરોધ સામે જોરદાર પ્રવચન સાંભળવા મળ્યું. તેથી સંઘ વિશેષ સજાગ થયો. પંન્યાસજી મહારાજે શ્રી તુલસીને દલીલ પુરસ્સર મોંઢામોંઢ સમજાવ્યું કે તમે ખ્રિસ્તી ધર્મનો જ પ્રચાર કરી રહ્યા છો, તેમજ આજના જૈનોમાં પણ પ્રવેશેલા ભૌતિકવાદ વિલાસવાદ વગેરેના મૂળ કારણને તમે સમજતા નથી, અને અનીતિ-અપ્રમાણિકતા વગેરેને મૂળ કારણ સમજવાની ભ્રાન્તિમાં તણાઓ છો. પણ મૂળ કારણ આજે વધી ગયેલ સાધનસગવડોથી વિકસેલી વિષયલોલુપતા છે. એથી જ પછી યેનકેન પૈસા લાવવા જોઈએ, અનીતિ પણ થાય વગેરે ચાલ્યું છે માટે ઉપદેશ વિષયલોલુપતા ઘટાડવાનો અને પરલોક પુણ્ય પાપ વગેરે ઠસાવવાનો દેવો જોઈએ. બાકી પાયાના સમ્યગ્દર્શન વિના તો એકલા અણુવ્રત પણ શું કરી શકે ? વગેરે ઘણી વિચારણા થઈ. પૂ. પંન્યાસજી મ. ગણદેવી પધાર્યા. સંઘે પ્રવચન શ્રવણ તથા વ્રતનિયમોનો સારો લાભ લીધો. તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠના પ્રણેતા પૂ.મુ.શ્રી જિતેન્દ્ર વિજયજી મ. તથા શેઠશ્રી દેવચંદ ગુલાબચંદના ખાસ આગ્રહથી સીસોદરા પધાર્યા. અત્રે કાલિયાવાડીનો સંઘ પણ આવેલો તે ખાસ રોકાયો. પૂજા ભણાવાઈ. પૂ.મુ.શ્રી જિતેન્દ્રવિજયજી મ. સાથે ધાર્મિક શિક્ષણ અંગે સારી વિચારણા થઈ. પંન્યાસજી મહારાજે કિંમતી સૂચનો આપ્યાં. ત્યાંથી વિહાર કરતાં સુરત પાસે ઉધનામાં સ્વ. શેઠ શ્રી કાન્તિલાલ વિજળીવાળાના સુપુત્રોની વિનંતીથી એમની ફેક્ટરીમાં પધાર્યા. એમણે સ્ટાફ સહિત જિનવાણી શ્રવણનો લાભ લીધો. પછી શેઠશ્રી રતનચંદ બાલુભાઈ વગેરેએ વિહારમાં વાપી વગેરે ત્રણ સ્થાને આવી ખાસ વિનંતી કરી હોવાથી સુરત નેમુભાઈની વાડીએ બેન્ડ ગહુંલીઓ વગેરેના સ્વાગત સાથે પધાર્યા. સામૈયું કલાક ઉપર ફર્યું. વ્યાખ્યાનમાં મેદની ચિક્કાર. લોકોની બહુ માગણીથી એકલા પુરુષો માટે રાતના પણ વ્યાખ્યાન રખાયું. વિશાળ ઉપાશ્રય માત્ર પુરુષોથી ભરચક ભરાયો. વડાચૌટા, છાપરીયા શેરી તથા નવા પરાના સંઘો તરફથી ભારે આગ્રહ હોઈ દરેકને ૧-૧ દિવસ અપાયો. દરેક સ્થળે પુરૂષોને રાતના પણ વ્યાખ્યાન અપાયું. મેદની વિશાળ રહેતી. અત્રેથી વદ ૮ વિહાર કરી ઝઘડીયા

ડભોઈ વડોદરા રસ્તે ખંભાત પહોંચવાની ધારણા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૧૯,તા.૨૦-૧-૧૯૬૮

● **ખંભાત : પૂ.ગુરુદેવશ્રી પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** પોતાના શિષ્ય-પરિવાર સહિત છાણી-વાસદ-બોરસદ પધાર્યા. ત્યાં વ્યાખ્યાનાદિ થયું. ત્યાંથી ધર્મજ પધારતા રવિવારે જાહેર પ્રવચન થયેલ. ત્યાંથી પૂ. પરમારાધ્યપાદ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીના ચરણમાં આજરોજ ખંભાત પધાર્યા છે. પૂ. આચાર્યદેવશ્રીની તબિયત હાલ સુધારા ઉપર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૦,તા.૨૭-૧-૧૯૬૮

● **દશાવાડા** - અત્રે પૂ.મુનિરાજોના આગમન અને શ્રી જોરાભાઈ દેસાઈની સતત પ્રેરણાથી શ્રી જીવદયા પ્રચારક સમિતિની સ્થાપના થયેલ છે. તેને લીધે ગામમાં અન્ય પ્રજાએ પણ દારૂ-માંસ હિંસાદિનો ત્યાગ કરેલ છે અને ગ્રામપંચાયતના સરપંચ શ્રી ઠાકોર ભગવાનજી ભેમાજીએ જીવદયાને ટેકો આપવાનું સર્વાનુમતે ઠરાવ કરેલ છે. પૂર્વે પૂ.સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ વિશાળ મુનિગણ સાથે અત્રે પધારેલા અને તેથી જનતા પર ખૂબ છાયા પડી અને જીવદયાનું કાર્ય પ્રગતિમાં ચાલ્યું. આ વર્ષે પૂ.મુનિરાજશ્રી કાંતિવિજયજી મ. તથા પછીથી પૂ.આ.વિ.અશોકચંદ્રસૂરિજી મ.પધારતાં પ્રવચન થયાં અને ઘરદીઠ પ્રભાવના થઈ. એક ભાઈ કસાઈને ઢોર વેચીને કમાઈ કરતા એમને તે બંધ કર્યું અને પોતાના બે ઘેટાં પાંજરાપોળે મૂકી દીધા. આગળ વિશેષ કાર્ય માટે મુનિશ્રી ચન્દ્રપ્રભ-વિજયજીની પ્રેરણાથી ૧૩ની કમિટી નીમાઈ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૧,તા.૩-૨-૧૯૬૮

● **ખંભાત :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય દેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલી રહેલ છે. આખો દિવસ કર્મસાહિત્યનું નવું સર્જાતું લખાણ તપાસે છે. રાતના જૂનો ફરતા વાયુનો દુખાવો છાતીમાં આવ્યા કરે છે, પરંતુ હવે એઓશ્રી શાંતિથી સહન કરવાના ઉદ્દેશથી શેક કે તેલ લગાડવા દેતા



નથી. જીવનમાં સ્થળે સ્થળે ફરસેલ તીર્થો અને દેરાસરોનાં સ્મરણ કરી કરી માનસિક પ્રભુ દર્શન કરે છે. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મ. ને ખરજવાના 'દરદમાં સારી રાહત છે.' તા. ૨૮ પૂજ્યશ્રીના દર્શનાર્થે માલેગામવાળા શ્રી મોતીલાલ વીરચંદ આવેલા. એમણે **પૂ.પંન્યાસજી મ.ના 'આજનો યુગ' એ વિષય પરના જાહેર પ્રવચન પછી વિશાળ મેદનીને શ્રી અંતરીક્ષજી તીર્થ પર દિગંબરોએ કરેલ અન્યાયી આક્રમણના જુલ્મનો ખ્યાલ આપ્યો હતો.** અને એની સામે મુંબઈમાં નવી સ્થપાયેલ તીર્થરક્ષા કમિટીની કાર્યવાહી સમજાવતાં પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજના તીર્થરક્ષા અંગેના જોરદાર વ્યાખ્યાન વખતે તીર્થરક્ષા માટે થયેલ મોટા ફંડ વગેરેની હકીકત કહી હતી. ભાઈ શ્રી મોતીભાઈ, શ્રી કાંતિલાલ વીરચંદ તથા શ્રી હરખચંદભાઈ અંતરીક્ષજી તીર્થ પરના ઉપદ્રવને હટાવવા કેટલાય વખતથી રાજ્ય-પ્રધાનોને મળવું વગેરે ખૂબ પ્રવૃત્તિ કરી રહ્યા છે. એમાં હવે શેઠશ્રી જીવતલાલ પરતાપશીના નેતૃત્વ નીચેની તીર્થરક્ષા કમિટીથી વિશેષ વેગ આવ્યો છે. પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. અત્રે મહા સુદ ૧૩ પધારવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૩,તા.૧૭-૨-૧૯૬૮

● **ખંભાત : પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય** ઠીક ચાલે છે; પણ અશક્તિ બહુ રહે છે. પૂજ્યશ્રીની સેવામાં પૂ.પં.શ્રી ચિદાનંદવિજયજી મ., પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ., પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મ., પૂ.પં.શ્રી હિમાંશુવિજયજી મ., પૂ.મુ.શ્રી મિત્રાનંદવિજયજી મ., પૂ.મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મ. આદિ સપરિવાર પધારી ગયા હતા. **પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરિજી મહારાજ મહા સુદ ૧૨ ખંભાત નગરની બહાર શેઠ કેશવલાલ વજેચંદના બંગલે પધાર્યા હતા. ત્યાં પાસેના જીમખાનાના કંપાઉન્ડમાં વિશાળ મંડપ બાંધી પ્રવચન રખાયેલું. એમાં લગભગ ૧૫૦૦-૨૦૦૦ માણસોની હાજરી હતી. સુદ ૧૩ સવારે પૂજ્યશ્રીએ અભૂતપૂર્વ સામૈયાપૂર્વક નગર પ્રવેશ કર્યો. મુંબઈવાળા શેઠશ્રી બાબુભાઈ એરોવાળાએ આ પ્રસંગે પોતાના તરફથી ૪૫ આગમ વહોરાવવા માટે દરેક આગમ સુંદર મખમલના જેકેટમાં શણગારી સામૈયામાં હાથી ઉપર પધરાવેલ હતા.**

**ખંભાતની હર્ષઘેલી જનતાએ એટલી બધી ભીડભીડ કરી હતી કે રસ્તાઓ પર ઘસારો અસાધારણ હતો. ૯ વાગે ચડેલું સામૈયું ૧૧ા વાગે જૈનશાળાએ આવી**

**પહોંચ્યું હતું. પૂ.આચાર્ય મહારાજ શ્રી વિજય રામચંદ્રસૂરિજીએ જૈનશાળામાં પધારી ત્યાં બિરાજમાન પૂ. ગુરુદેવશ્રીને વંદના કરી એ વખતે ગુરુ-શિષ્યનાં સુભગ મિલનનાં દશ્યે વિશાળ મેદનીનાં હૃદયના તાર ઝણઝણાવી મૂક્યા હતા. પછી બંને પૂજ્યશ્રી પ્રવચન પીઠ ઉપર પધાર્યા હતા.** શેઠ બાબુભાઈ એરોવાળાએ આગમો સાથે ૪૫ કાંબળો વહોરાવી હતી. લગભગ ૧૨। વાગે મંગળ પ્રવચન શરૂ થયું. પૂ.વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવશ્રીએ સંસારસુખની સામગ્રી ભૂંડી લાગે છે ?' એ ઉપર રોચક વાગ્ધારા વહાવી હતી. અતિ વિશાળ જૈનશાળાના હોલમાં પણ માણસ સમાતું નહોતું. મુંબઈ અમદાવાદ વગેરેથી સેંકડો ભાવિકો આ પ્રસંગે ઉપસ્થિત થયેલ. અત્રે ૧૨૫ મુનિભગવંતો પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની સેવામાં ઉપસ્થિત છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૪,તા.૨૪-૨-૧૯૬૮

● **વડોદરા :** અત્રે શિબિર વિદ્યાર્થીઓ અને બીજાઓના બનેલ શ્રી શ્રુતોપાસક વિદ્યાર્થીગણે મુમુક્ષુ રોહિતકુમારનો બહુમાન મેળાવડો યોજ્યો હતો. ચારિત્ર શું ચીજ છે અને સંસાર કયા કારણોએ અસાર છે, ઇત્યાદિ પર જયપ્રકાશ, રાજેન્દ્ર, પ્રકાશ, યોગેશ વગેરેએ સુંદર બોલતાં સૌ છક થઈ ગયા હતા; અને શિબિર શું કામ કરે છે એની લોકો પર અસર પડી હતી. સભાના પ્રમુખ શેઠ શ્રી કેશરીમલજી હીરાચંદના હસ્તે વિદ્યાર્થીગણ તરફથી મુમુક્ષુને પૂ.પં.ભાનુવિજયજી મ.નો લખેલ 'પરમતેજ ભા.૧' મહાગ્રંથ તથા વરખની થોકડી ને શ્રીફળ અર્પણ કરાયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૫,તા.૨-૩-૧૯૬૮

● **ખંભાત :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલી રહ્યું છે. એઓશ્રીના સાંનિધ્યમાં બિરાજતા વ્યા.વા.પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરિજી મ., પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મ. આદિ સવાસો શિષ્ય-પ્રશિષ્યનો પરિવાર અને ૫૦-૬૦ જિનમંદિરોથી શોભતું ખંભાતનગર એટલે સ્થાવર-જંગમ તીર્થનાં દર્શનવંદનાદિ અર્થે બહારગામથી રોજ બરોજ અનેક ભાવિકો આવી લાભ લે છે; અને રવિવાર જેવા દિવસે તો આવનાર ભાવિકોનો મેળો જામે છે, ગત શનિવારે મલાડથી પાર્શ્વદીપક સ્નાત્ર મંડળના



ત્રીસેક ભાઈઓએ આવી વિશાલ મેદની વચ્ચે અત્રે શ્રી નવાણું પ્રકારી પૂજા-ભાવના ઠાઠથી ભણાવી. વ્યાખ્યાન-પૂજામાં પ્રભાવના કરી. રવિવારે ઘીમટીમાં શ્રી ચંદુલાલ કસ્તુરચંદે પોતાના ઘરઆંગણે વ્યાખ્યાન પૂજા રાખ્યા. પ્રભાવના કરી. જનમેદની અસાધારણ હતી. ચોમાસાની વિનંતી માટે પિંડવાડા સંઘના ૬૦ ભાઈઓ આવેલા, સાબરમતી સંઘના પચ્ચીસેકભાઈ, શ્રી પાલેજ સંઘના દસેક ભાઈ, અમદાવાદ, ઉસ્માનપુરા સંઘના પંદરેક ભાઈઓ આવેલા. પૂ. આચાર્યદેવશ્રીના વ્યાખ્યાનો મિથ્યાત્વની ઓળખાણ પર જોરદાર ચાલી રહ્યા છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૭,તા.૧૬-૩-૧૯૬૮

● **ખંભાત :** પૂ.આચાર્ય દેવેશ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબનું સ્વાસ્થ્ય ઠીક ચાલી રહ્યું છે. સાબરમતી સંઘે ફરીથી આવીને એઓશ્રીને ચોમાસું ત્યાં પધારવા વિનંતી કરી હતી. એઓશ્રીએ મુનિઓનું સંયમ સચવાય એ દષ્ટિએ પોતાની ત્યાંની રુચિ દર્શાવી હતી. પણ હજી વિહારને અનુકૂળ સ્વાસ્થ્ય આદિ પર આધાર. અમદાવાદ ઉસ્માનપુરા સંઘના આગ્રહથી પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજનું ચોમાસું ત્યાંનું નક્કી થયું. તેમજ નવસારી સંઘના આગ્રહથી પૂ.મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ.નું ચોમાસું ત્યાંનું નક્કી થયું.

● **બોડેલી** - અત્રેના આસપાસના પરમાર ક્ષત્રિય વર્ગમાં પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ના શિષ્ય પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજી મ. વિચરીને ઉપદેશ આપી રહ્યા છે. સાથે પક્ષ પ્રચારક સભાના કાર્યકરો તથા પાલનપુરના શા.કાન્તિલાલ ઉજમલાલ પણ ફરી રહ્યા છે. પૂ.મુનિરાજશ્રી જૈન ધર્મ સમજાવે છે. એથી બહુ સારી અસર પડે છે. ૩૭ ગામના ૧૭૫ કુટુંબમાંથી ૧૮ દિવસમાં ૧૧૧૯ માણસોએ વિધિપૂર્વક જૈન ધર્મ સ્વીકાર્યો. ૩૧ ગામના ગુરુ કબીરપંથીએ વ્યાખ્યાન સભામાં ઊભા થઈ જાહેર કર્યું કે, **'જૈન ધર્મ સાચો છે અને આ ખરા ત્યાગી સાધુઓને શરણે આપણે જવું જોઈએ.'** મહા વદ ૧૨ રાતના કાર્યક્રમમાં આજુબાજુના ગામો માંથી ૮૦૦ થી ૧૦૦૦ માણસ ભેગું થયેલું. એમાંથી ૩૦૦ જણાએ જૈન ધર્મ સ્વીકાર્યો. કેટલાક લોકો તો ઉપદેશ સાંભળતાં સાંભળતાં ધ્રુસકે ધ્રુસકે રુએ છે. કહે છે કે અમે આવા સાધુ જોયા નથી. આવો ઉપદેશ સાંભળ્યો નથી. કેટલાય ભીલો કોળીઓ માંસાહાર-દારૂ-જીવહિંસાનો ત્યાગ કરે છે. **જૈન ધર્મનો સંક્ષિપ્ત પરિચય** પુસ્તક વહેંચવામાં આવે છે. પૂ.મુનિશ્રીનો કા.વ.૫ પછી પાવાગઢ લાઈનના ૩૦-

૪૦ ગામોમાં વિચરવાનો કાર્યક્રમ છે. આ સ્થળોમાં પાઠશાળાની બહુ જરૂર છે. દાન કરનારનો ૧-૧ રૂપિયો ઊગી નીકળે એવો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૮,તા.૨૩-૩-૧૯૬૮

● **બોડેલી** : અત્રેના આસપાસનાં પ્રદેશમાં પરમાર ક્ષત્રિયોને જૈન ધર્મ સમજાવવા પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્ત વિજયજીના પરિશ્રમથી ૧૫-૨૦ દિનમાં વિધિપૂર્વક ૧૫૦૦ જણે જૈનધર્મ સ્વીકાર્યો. એ બધાનું એક સંમેલન પાલનપુરવાળા કાન્તિલાલ ઉજમલાલ, ચીમનભાઈ, અમદાવાદવાળા ચીનુભાઈ તથા કાર્યકર જેઠાભાઈના આત્મભોગથી અત્રે યોજવામાં આવ્યું. ધર્મનો ભારે ઉલ્લાસ વર્ત્યો. કબીરપંથીઓના ગુરુએ ૩૫ વર્ષની યુવાન વયે સજોડે જીવનભરનું બ્રહ્મચર્યવ્રત ઉચ્ચર્યું. મુનિશ્રી હવે બીજી બાજુએ ધર્મપ્રચાર અર્થે ફરવાનું ઠર્યું છે. એક પરમારભાઈએ પોતાના પુત્રને ત્યાગમાર્ગે જોડવાની ભાવના વ્યક્ત કરી અને પોતે આજીવન બ્રહ્મચર્ય સ્વીકાર્યું.

● **જલસણ** - અત્રે પટેલોની વસ્તી બહુ. થોડા શ્રાવકોના ઘરવાળાએ ઘરદેરાસર સ્થાપવા નક્કી કર્યું. પટેલોએ પણ એના ઉત્સવમાં સાથ પૂર્યો. મંડપ બંધાયો. ૪૦૦-૫૦૦ માણસ ભેગું થયું. ચઢાવાનું લગભગ ૧૦૦૦ મણ ઘી થયું. એક દિગંબર ભાઈ મોડા પડ્યા તેથી સારી રકમ આપવા નક્કી કર્યું. ખંભાતથી પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય પૂ.મુનિરાજશ્રી અક્ષયવિજયજી મ.આદિને લાવવામાં આવેલા. એમનો પ્રભાવ સારો પડ્યો. ૫૦ પટેલોએ રોજ પ્રભુદર્શનના નિયમ લીધા. બોરસદથી ૮-૧૦ ની મંડળી અને ખંભાતથી ૪-૫ ની મંડળી આવતાં ભક્તિરંગ સારો જામ્યો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૨૯,તા.૩૦-૩-૧૯૬૮

● **ખંભાત** : અત્રેના સંઘના અતિ આગ્રહથી ગચ્છાધિપતિ પૂ. આચાર્ય દેવેશ શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ** તથા પૂ. આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ચોમાસું ખંભાત જૈન શાળામાં કરવાનું નક્કી થયું છે. તેવા કોઈ શારીરિકાદિ ખાસ કારણનો અપવાદ રખાયો છે. બાકી મુંબઈ, નડિયાદ, આણંદ, પૂના, નાસિક, વિરમગામ, રાધનપુર, પાટણ, નવા ડીસા વગેરે



સંઘોની ચોમાસા માટે મુનિઓ મોકલવાની જોરદાર વિનંતીઓ થઈ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૩૦,તા.૬-૪-૧૯૬૮

● **બોડેલી** : પૂ.મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજ હવે ફા.વ.૫ થી પાવાગઢ બાજુએ જૈન ધર્મના પ્રચાર અર્થે નીકળ્યા છે. પરમાર ક્ષત્રિય જૈન ધર્મ પ્રચારક સભાના મંત્રી જેઠાભાઈ, પાલનપુરવાળા ભાઈશ્રી કાન્તિલાલ ઉજમલાલ, શ્રી ચીમનભાઈ, અમદાવાદવાળા શ્રી ચીનુભાઈ વગેરેની મંડળી સાથે છે. જૈન ધર્મનાં તત્ત્વો તથા શુદ્ધ દેવ-ગુરુ-ધર્મ અને આત્માનું સ્વરૂપ સાંભળી સાંભળીને કેટલાય ભાઈઓ વિધિપૂર્વક જૈન ધર્મનો સ્વીકાર કરે છે. ૩૭ ગામના એક રામાનંદ-પંથી ગુરુએ એક અલૌકિક નિધાન મળ્યું માની ખૂબ ઉલ્લાસથી જૈન ધર્મ સ્વીકાર્યો. પોતે બાલબ્રહ્મચારી છે. એમણે જાહેર કર્યું કે હવે હું જગતમાં જૈન ધર્મનો ઝંડો લઈને ફરીશ.' પૂ. મહારાજશ્રીનો જ્યાં જ્યાં મુકામ થાય છે ત્યાં ત્યાં આજુબાજુથી કેટલાય લોકો જોવા સાંભળવા આવે છે. દારૂ માંસ ને હિંસાના ત્યાગની પ્રતિજ્ઞાઓ કરે છે.

● **ખંભાત** - **ગચ્છાધિપતિ સિદ્ધાંત મહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય-પ્રેમસૂરીશ્વરજી મહારાજ સપરિવાર સુખશાતામાં બિરાજે છે. પૂજ્યશ્રીને ક્યારેક જૂનો ફરતા વાનો દુખાવો થઈ આવે છે. પરંતુ છેલ્લાં ૩ દિવસથી આરામ છે. પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ પૂ. ગુરુદેવની આજ્ઞાથી અમદાવાદ તરફ વિહાર કરવાના હતા, એટલે ખંભાતનો સંઘ પૂ.આચાર્યદેવને આગ્રહભરી વિનંતી કરવા આવ્યો કે એમની આંબેલ વર્ધમાન તપની ૧૦૦મી ઓળીનું પારણું ખંભાતના આંગણે રખાય અને સંઘને એ ઉજવવાનો લાભ મળે. પરંતુ પૂ.પંન્યાસજી મહારાજની ભાવના પારણું નહિ કરવાની હોવાથી હાલ કાંઈ કહી શકાય નહિ, એવો પૂ. આચાર્યદેવશ્રી તરફથી ઉત્તર અપાયો. પંન્યાસજી મહારાજ વિહાર કરી અમદાવાદ જ્ઞાનમંદિરે ચૈત્ર સુ.૬ ગુરુવારે પધારવા વકી છે. એઓની નિશ્રામાં ધાર્મિક શિક્ષાયતન ૧લી મે થી શરૂ થવાનું આયોજન અમદાવાદ ખાતે ચાલી રહ્યું છે.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૩૨,તા.૨૦-૪-૧૯૬૮

● **દાદર** : સ્વ.પૂ.પં. શ્રી પ્રવીણવિજયજી મહારાજના કાળધર્મ નિમિત્તે શ્રી

લ.સૂ.જ્ઞાનમંદિરમાં શ્રી દાદર જૈન આરાધક મંડળ તથા ભક્તિમંડળ તરફથી પૂ. મુનિરાજશ્રી ભદ્રાનંદવિજયજી મ. ની નિશ્રામાં સભા યોજાઈ તેમાં પૂ. મહારાજશ્રી તથા પ્રમુખ શાંતિભાઈ, તલકચંદભાઈ, નટુભાઈ, વેલજીભાઈએ સ્વર્ગસ્થના સુંદર ગુણાનુવાદ કર્યા બાદ મોટી પૂજા ભણાવાઈ આંગી ભાવના થયા.

● **ખંભાત :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજને હમણાં હમણાં અવારનવાર છાતીમાં સ્પાઝમના હુમલા આવે છે. પરંતુ ઉપચારથી શાંતિ થઈ જાય છે. બાકી તબિયત ઠીક ચાલે છે. મુંબઈથી શેઠ શ્રી રતિભાઈના ચિ. ડૉક્ટર જેઓ અમેરિકા જઈ અનુભવ લઈ આવેલા છે. તેઓ પૂ. બંને આચાર્યદેવોના દર્શનાર્થે આવેલા, એમણે પૂજ્યશ્રીની પ્રોસ્ટેટ ગાંઠ તપાસી એવો અભિપ્રાય આપ્યો કે કદાચ હાલ નહિ તો પછી પણ એનું ઓપરેશન કરાવી લેવું અનિવાર્ય છે તે હું સારી રીતે કરી દઈશ. પૂ.પં.હિમાંશુવિજયજી મ.નું વિરમગામ ખાતે ચોમાસું કરવાનું નક્કી થયું છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૬,અંક-૩૩,તા.૨૭-૪-૧૯૬૮**

● **ખંભાત :** ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને ચૈ. વદ ૮ ની રાતે શ્વાસની તકલીફ વિશેષ રહી. વદ ૯ બપોરે પણ કાંઈક તકલીફ ઉપડેલી. ડૉક્ટરી ઉપચાર લેવામાં આવતાં કાંઈક રાહત છે. એઓશ્રીની નાદુરસ્ત તબીયતના કારણે અમદાવાદ પં. શ્રી ભાનુવિજયજી મ.ની ૧૦૦ મી ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે પધારી શકે એમ નહિ હોવાથી, તેમજ પંન્યાસજી મ. ની પોતાની તબીયત પણ સાંજના તાપના વિહારની લૂ વગેરેથી કાંઈક નરમ પડી હોવાથી પૂ. ગચ્છાપતિ આચાર્યદેવશ્રી તથા પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની ઈચ્છાનુસાર **પં. શ્રી ભાનુવિજયજી મહારાજે ૭૩ આંબેલે પારણું કર્યું છે.** અમદાવાદ કાળુશીની પોળના સંઘે ખંભાત જઈ પૂજ્યશ્રીને હવે નવેસરથી ૧૦૦મી ઓળી શરૂ થાય ત્યારે પારણાની ઉજવણી પોતાના આંગણે કરવાની પ્રબળ ભાવના બતાવી હતી.

પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રીને વદ ૯ રાતના શ્વાસનો હુમલો જોરદાર હતો તેથી મુંબઈથી શેઠ બાબુભાઈ શ્રોફ વગેરે તથા અમદાવાદથી શેઠ રમણલાલ વજેચંદ વગેરે વદ ૧૦ અત્રે ઉપસ્થિત થયેલ. મુંબઈથી સેવાભાઈ ડૉ. હરિભાઈ પણ આવી ગયેલ. ટ્રીટમેન્ટ આપી તે મુજબ ઉપચાર થતા હવે તકલીફમાં સારી



રાહત આવી છે. આ તકલીફને લીધે પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ અમદાવાદ તરફના વિહારમાંના નાર ગામથી પાછા ખંભાત પધાર્યા છે. ડૉક્ટરે કહ્યું છે કે ચાર દિવસ પૂર્ણ આરામ વગેરેથી સાચવી લેશો. ચિંતા કરવા જેવી નથી.

● **બોડેલી :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજના અહીં આસપાસના પ્રદેશમાં વિહાર અને ઉપદેશથી આજસુધી ૯૨ ગામમાં ૨૨૦૦ માણસોએ જૈન ધર્મનો વિધિપૂર્વક સ્વીકાર કર્યો છે. કબીરપંથી અને રામાનંદપંથી અનેક ગામોના બે ગુરુઓના પણ હૃદય પરિવર્તન થયાં, અને એમણે જાહેરમાં જૈન ધર્મ જ સાચો ધર્મ અને ત્યાગી સાધુઓ એજ સાચા ગુરુ હોવાનું જાહેર કર્યું; તેમજ બંનેએ આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કર્યું. મહાન સેવાઓ આપતા મંત્રીઓ જેઠાભાઈના કાળધર્મથી સંસ્થાને ભારે ખોટ પડી છે.

● **ચાણસ્મા :** પૂ. ઉપા. શ્રી ધર્મસાગરજી મ. ની પ્રેરણાથી અત્રે વૈ. સુદ ૬, સુદ ૭ શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાનું અધિવેશન ભરાવાનું નક્કી થયું છે. એમાં (૧) વિપરીત સાહિત્ય રોકવા અંગે, (૨) તીર્થો પર દીગંબરોના અયોગ્ય હુમલા અંગે (૩) ભારતમાં મત્સ્ય ઉદ્યોગ ને કત્લખાનાઓની યોજનાઓ અંગે, (૪) શાસનશિસ્ત વિરુદ્ધ પ્રરૂપણા અને શિથિલાચાર રોકવા ચતુર્વિધ સંઘકેન્દ્ર સ્થાપવા અંગે, (૫) મહાવીર પ્રભુના નિર્વાણના ૨૫૦૦ વર્ષની ભાવી ઉજવણી અંગે, તથા (૬) પાવાપુરી રાજગૃહી શિખરજી આદિ તીર્થો સામે બિહાર ટ્રસ્ટ એક્ટ અનુસાર જૈ. શ્વે. બોર્ડના અનુચિત હસ્તક્ષેપ અંગે વિચારણા થવાની છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૬,અંક-૩૫,તા.૧૧-૫-૧૯૬૮**

● **ખંભાત :** સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને હવે તબિયતમાં સુધારો છે. તાવ ઉતરી નોર્મલ ટેંપરેચર આવી ગયો છે. શ્વાસની પણ તકલીફ ઓછી થઈ ગઈ છે. પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજને એક દિવસ શ્રમ અને ગરમીના કારણે તબિયત અસ્વસ્થ બનેલી. પરંતુ પછીથી સુધારો છે. પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરિજી મહારાજ પૂ.પં. શ્રી ત્રિલોચનવિજયજી મ.પૂ. મુનિરાજશ્રી ગુણાનંદવિજયજી મ.આદિનું ચાતુર્માસ મુંબઈ લાલબાગ ખાતે થવાનું નક્કી થયું છે. તે તરફ એઓશ્રીનો વિહાર વૈ.સુ. ૧૩નો નક્કી થયો છે.

● **અમદાવાદ :** સાધ્વીજીશ્રી હંસકીર્તિશ્રીજી મહારાજનાં શિષ્યા સાધ્વીજીશ્રી

પદ્મલત્તાશ્રીજી મહારાજના ૫૦૦ આંબેલનું પારણું અત્રે સારું ઉજવાયું. દશાપોરવાડ સોસાયટીની બહેનો તરફથી શહેરમાં રીચીરોડ ઉપરના શ્રી મહાવીરસ્વામી દેરાસરમાં બહેનોએ ભવ્ય પૂજા ભણાવી. મેદની વિશાળ હતી. રંગ સારો આવ્યો. સાધ્વીજીના સંસારી સંબંધી તરફથી શ્રી રાજનગર સોસાયટીમાં પારણાંની ઉજવણી સુંદર થઈ. ઘણાંઓએ તપ-વ્રત-નિયમો લીધા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૬,અંક-૩૬,તા.૨૫-૫-૧૯૬૮**

• **ખંભાત :** પૂ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવેશ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબને ફરીથી શ્વાસની તકલીફ ઉપડેલી, પરંતુ પછી ઉપચારો લેવાતાં હવે એમાં રાહત છે. બાકી અશક્તિ વિશેષ જણાય છે, છતાં કર્મ-સાહિત્યનું સંશોધન કરી રહ્યા છે. વ્યાખ્યાનવાચસ્પતિ પૂ.આ.શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ સાહેબનાં 'પંચસૂત્ર' પર જોરદાર વ્યાખ્યાન તથા મુનિમહારાજોને સૂત્રવાચના ચાલુ છે. પૂ.આ.શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજે મુંબઈ-લાલબાગ ચોમાસાનાં હિસાબે સપરિવાર વિહાર કર્યો છે, ને વૈ.વ. ૧૩ લગભગ સુરત પહોંચવા ધારણા છે.

• **અમદાવાદ :** અત્રે શ્વે. જૈ. મૂ. બોર્ડિંગમાં શ્રી આધ્યાત્મિક શિક્ષાયતનનું કાર્ય સુંદર ચાલી રહેલ છે. વિદ્યાર્થીઓ ૧૫૦ લગભગ છે. સૂત્ર રહસ્યો, ધ્યાન અને જીવન, તત્ત્વજ્ઞાન, મોક્ષમાર્ગ અને જૈન રામાયણના વિષયોનાં પ્રવચન ચાલે છે. પં.શ્રી ભાનુવિજયજી મહારાજને કમળાની વ્યાધિ થતાં બે વિષયો પર પૂ.મૂ.શ્રી રાજેન્દ્રવિજયજી પ્રવચન આપે છે. વિદ્યાર્થીઓમાં સામાયિકો, ઉપવાસ, આંબેલ, એકાશના, બેસણાં, વર્ધમાન તપ વગેરે પણ સરસ થઈ રહ્યું છે. તા. ૨૪ સુધી પ્રવચનો છે, પછી પરીક્ષાઓ તથા તા. ૨૮ મૌખિક પરીક્ષા તા. ૨૯ અરિહંત જાપ અને તા. ૩૦ શિક્ષાયતન સમિતિની વિનંતીથી શેઠશ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈના શુભ હસ્તે ઈનામો વહેંચાવા વગેરેનો અંતિમ મેળાવડો છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૬,અંક-૩૯,તા.૧૫-૬-૧૯૬૮**

• **ચાણસ્મા :** અત્રે ભરાયેલ શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભાના ૯ મા અધિવેશનમાં (૧) દેવદ્રવ્ય-સાત ક્ષેત્ર સંઘસત્તા અંગેના શાસ્ત્રપાઠોની મૂળ પ્રતો મેળવવી અને તેના ફોટો લઈ અંગ્રેજી અનુવાદ છપાવવા; (૨) પ્રગટ થતા સાહિત્યમાં જૈનધર્મ વિરુદ્ધ જે પ્રગટ થાય તેનો પ્રતિકાર કરવાના પગલાં ભરવાં; (૩) તીર્થોની સક્રિય રક્ષા માટે આ. x ક. પેઢીને વિનંતી કરવી અને રક્ષા કરતી સંસ્થા-વ્યક્તિઓને સહકાર આપવો; (૪) તીર્થંકર દેવો તથા મુનિરાજોના નાટક, પ્લાસ્ટર ઑફ પેરિસના સ્ટેચ્યુ, ફિલ્મ, નવકાર રેકર્ડ વગેરે ધર્મની હેલનાકારી પ્રવૃત્તિથી સંઘે દૂર રહેવું; (૫) પ્રભુ શ્રી મહાવીર દેવની ૨૫૦૦ વર્ષની ઉજવણી શાસન ધોરણે કરવી, અને શાસનમર્યાદા-વિરુદ્ધ પ્રવૃત્તિ-ઉજવણી-સાહિત્યથી દૂર રહેવું; (૬) મહારાષ્ટ્ર સરકાર પૂનામાં મોટા પાયા પર મરઘાનું કત્લખાનું ચલાવવા તૈયારી કરે છે તેની વિરુદ્ધ કાયદેસર વગેરે પગલાં લેવા; આ ૬ નિર્ણય લેવાયા હતા. આ અંગે શ્રી હીરાલાલ દલાલ બેરિસ્ટર, શ્રી પુખરાજજી સિંઘી, શેઠ જીવતલાલ પરતાપશી, જોધપુરના શ્રી તારાચંદજી ભંડારી, શ્રી લાલભાઈ પરીખ, શ્રી મફતલાલ ઝ. પંડિત, શ્રી અનુભાઈ ચીમનલાલ, શ્રી સુરજમલ વકીલ, શ્રી રાયચંદ મગનલાલ, શ્રી પ્રકાશ જૈન, શ્રી બાબુભાઈ એરોવાલા, વગેરે તરફથી જુદા જુદા ઠરાવો મૂકાયેલા. અધિવેશન સારું ઉજવાયેલ. નિર્ણયો અમલમાં આવે એમ ઈચ્છીએ.

• **અમદાવાદ :** પૂજ્ય ગુરુદેવશ્રી પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્યને કમળો તથા લીવરનો સોજો થયેલ. તેમાં શિક્ષાયતનના શ્રમ વગેરે કારણે વ્યાધિ લંબાઈ ડૉક્ટરોને વધુ તપાસ કરવાનું જરૂરી લાગવાથી ચાર દિવસ વી.એસ. હૉસ્પિટલમાં રાખી બધી તપાસ કરી. રિપોર્ટમાં ચિંતા કરવા જેવું કંઈ નથી. ૧।। માસ આરામ લેવાની ડૉક્ટરોએ ખાસ ભલામણ કરેલ છે. હાલ ઉસમાનપુરા (આશ્રમ રોડ-અમદાવાદ-૧૩) જૈન ઉપાશ્રયે બિરાજમાન છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૬,અંક-૪૧,તા.૨૨-૬-૧૯૬૮**

• **માંડવી :** પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂ. પં. શ્રી વર્ધમાનવિજયજી મ. આંગીઆમાં શાશ્વતી ઓળીનો લાભ આપી, નખત્રાણામાં શાનદાર શતાબ્દિ મહોત્સવ ઉજવ્યા બાદ, તેરા, નલીઆ, જખૌ, કોઠારા, સુથરી પંચતીર્થીની યાત્રા કરતાં સુંદર ધર્મપ્રભાવના કરી હતી, એઓશ્રીએ ગુરુદેવ પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા ખંભાત મુકામે વૈ. વ. ૧૧ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા સાંભળી એમના વિયોગથી અકથનીય હૃદયવેદના અનુભવી, તેમજ કચ્છના અનેક સ્થળોએ ભારે શોકની લાગણી ફેલાઈ હતી. માંડવી-ભુજ-નખત્રાણા-આંગીઆ વગેરે સ્થળે સ્થળે બજારો બંધ રહ્યા

હતા તથા ગુણાનુવાદની સભાઓ યોજવામાં આવી હતી. માંડવીમાં પૂ. આચાર્યદેવશ્રીની નિશ્રામાં ગુણાનુવાદની સભા યોજાઈ હતી. જેમાં ખરતર ગચ્છના પૂ. પ્રેમમુનિજી આદિ મુનિરાજો પણ બિરાજ્યા હતા. મણિલાલ જેવતભાઈ ચાવાલા તરફથી પૂજા-આંગી-પ્રભાવનાદિ થયેલ. પૂજ્યશ્રી માંડવીથી વિહાર કરી ભદ્રેશ્વરજી તરફ પધારી રહ્યા છે. અને ત્યાંથી પ્રાયઃ અષાઢ સુદ બીજે ચાતુર્માસાર્થે ભુજ પધારશે.

● **અમદાવાદ** : સ્વ. પૂ. આચાર્યદેવ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના અપાર ગુણોની અનુમોદનાર્થે શ્રી જૈન ધર્મ આરાધક મંડળ તરફથી તા. ૯-૬-૬૮ ને રવિવારે સવારના ૮-૪૫ વાગે રીચીરોડના શ્રી મહાવીર સ્વામીજીના મોટા દેરાસરે શ્રી નવપદજીની પૂજા રાખવામાં આવી હતી. શ્રી પ્રભુજીને ભવ્ય અંગરચના કરવામાં આવી હતી. સવારથી જ કોઈ મહોત્સવ જેવું વાતાવરણ ખડું થયું હતું. અમદાવાદ-પ્રભુભક્તિના મંડળો જેવા કે શ્રી રાજનગર સંયુક્ત મંડળ, શ્રી મહાવીર મંડળ, શ્રી જૈન પ્રભાવક મંડળ તથા શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ વગેરે, શ્રી અજીતભાઈ, શ્રી રસીકલાલ વગેરેએ અનેરી પ્રભુભક્તિની જમાવટ કરી હતી. શહેરના પ્રમુખ આગેવાનો ઉપરાંત હજારો ભાવિક ભાઈ બહેનોએ પૂજા તથા દર્શનનો લાભ લીધો હતો. પૂજા એક મહોત્સવ જેવી બની હતી.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૪૩,તા.૬-૭-૧૯૬૮

## પાલડી-અમદાવાદ, દશાપોરવાડ સોસાયટી

**પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** આદિએ અષાઢ સુદ-૫ ના સંઘની આગ્રહભરી વિનંતીથી અત્રે ચાતુર્માસ પ્રવેશ કરેલ છે. પૂ.પંન્યાસજી મહારાજની તબિયત હવે સુધારા ઉપર છે. શ્રમના કારણે સામાન્ય શ્વાસ ચઢે. લીવરમાં હજી સોજો છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૪૫,તા.૨૦-૭-૧૯૬૮

● **મધ્યપ્રદેશ મહાકોશલ જૈન શ્વે.મૂ. સંઘ** તથા શિબિર વ્યવસ્થાપકો વગેરેની સંમિલિત સભા જણાવે છે કે જૈન ગગનમંડળના જાજ્વલ્યમાન નક્ષત્રસમ વિશાળ ગચ્છાધિપતિ તથા જૈન આગમરહસ્ય પારદર્શી પ.પૂ.જૈનાચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના દુઃખદ વિરહ પર હાર્દિક શોક અનુભવ્યો છે. પૂ.



જૈનાચાર્ય વર્યે જે સંઘસેવા ધર્મપ્રભાવના તથા સાહિત્યસર્જનનો કીર્તિ સ્તંભ સ્થાપિત કર્યો એ સદા ગૌરવપૂર્ણ ભાવો સાથે સ્મરણ કરાતો રહેશે.

● **વડોદરા** - સ્વ. સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ પ્રાતઃ સ્મરણીય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના સમાધિપૂર્વક સ્વર્ગવાસ નિમિત્તે અત્રે અષાઢ સુદ ૫ શ્રી શત્રુંજય તીર્થાવતાર પ્રાસાદે પીસ્તાળીસ આગમની પૂજા સંગીતરત્ન શ્રી દીનાનાથ તથા આદિજિન મંડળે ભક્તિભાવથી ભણાવી હતી. જેમાં આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ. આદિ ચતુર્વિધ સંઘે ઉલ્લાસપૂર્વક હાજરી આપી હતી. જિનાલયના રંગમંડપને ભવ્ય શણગાર તથા પ્રત્યેક જિનબિંબોને ભવ્ય અંગરચના થઈ હતી. અ.સુ.છઠ્ઠે શ્રી જૈન વીશાપોરવાડ મહિલા મંડળે પણ બારવ્રતની પૂજા સ્વર્ગસ્થશ્રીના નિમિત્તે ભણાવી હતી.

અમદાવાદ શિબિરમાંથી આવ્યા પછી અત્રેના વિદ્યાર્થી અશોક ભોગીલાલે ૨૪ ભગવાનના એકાસણા શરૂ કર્યા છે. કૉલેજનો સવારનો સમય હોવા છતાં છઠ્ઠા ભગવાનના એકાસણા વિધિ સહિત ચાલુ છે. તેમજ બીજા કેટલાક શિબિર વિદ્યાર્થીઓએ ચાતુર્માસમાં બિયાસણા કરવા શરૂ કરેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૪૬,તા.૨૭-૭-૧૯૬૮

● **પાદરલી** : (રાજસ્થાન) પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સાહેબના સ્વર્ગવાસ નિમિત્તે એઓશ્રીના પ્રશિષ્યો પૂ.મુનિરાજશ્રી જિતેન્દ્ર વિજયજી મ. તથા ગુણરત્નવિજયજી (ખવગસેઢી ગ્રંથના લેખક) ના સંસારી પિતાશ્રી શા.હીરાચન્દજી જેરૂપજી તરફથી અત્રે અષાઢ સુદ ૧૫ થી ૩ દિવસ સુધી પૂજા આંગી પ્રભાવના કરવામાં આવી હતી. તેમજ છેલ્લે ગામના સમસ્ત (૧૫૦) જૈન કુટુંબોમાં ૦।।-૦।। શેર મીઠાઈ વહેંચી.

● **ખંભાત** : વ્યા.વા.પૂ.આચાર્યદેવશ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં યોગશાસ્ત્ર પર પ્રભાવક પ્રવચનો તથા મુનિ મહારાજોને શ્રી ષોડશક શાસ્ત્ર પર વાચના સુંદર ચાલી રહેલ છે. સ્વ.પૂ. પરમગુરુદેવ આચાર્યદેવશ્રીના પરમ સેવક પૂ. મુનિરાજશ્રી જયસોમવિજયજી મ. ને ૩૨ ઉપવાસની ભાવનાથી તથા પૂ.મુનિરાજશ્રી દિવ્યાનંદવિજયજી મ.ને માસક્ષમણની ભાવનાથી તપસ્યા ચાલુ છે. લગભગ ૨૪ ઉપવાસ થયા છે.

પૂ.મુ.શ્રી જયસોમવિજયજી મહારાજે અષાઢ વદ ૧૩ બીજા ૮ ઉપવાસનું

પચ્ચક્ખાણ કરી ૩૨ ઉપવાસ સુધી આગળ વધ્યા છે. હજી પણ વધારવાની ભાવના રાખે છે. સાધુક્રિયા, સ્વાધ્યાય, જાપ વગેરે પણ સુંદર ચાલે છે. સ્વ. પૂ.ગુરુદેવશ્રીની પરમ કૃપા વરસી રહ્યા પર ખૂબ કૃતજ્ઞતા અનુભવે છે.

● **રાજપિપળા :** અત્રે પૂ.પં.શ્રી જયંતવિજયજી મહારાજના ચાતુર્માસથી સંઘને વિવિધ ધર્મપ્રવૃત્તિથી સુંદર લાભ થઈ રહ્યો છે. ધાર્મિક પાઠશાળા શરૂ થઈ છોકરાઓને રવિવારે સામાયિક, ધાર્મિક બોધ અને પરીક્ષા ઈનામો, શંખેશ્વર પાર્શ્વનાથના સામૂહિક અઠ્ઠમો, બાળકોમાં પ્રભુ-પૂજા, નવકારશી, રાત્રિભોજન ત્યાગ વગેરે તથા શિબિરના કોલેજિયન વિદ્યાર્થીઓની ધર્મ-પ્રવૃત્તિથી વાતાવરણ ધર્મમય બન્યું છે.

● **જામનગર :** શાન્તિભવનમાં પૂ.પં.શ્રી રાજેન્દ્ર વિ.મ.તથા મુનિરાજશ્રી પદ્માકરવિ.મ.ની નિશ્રામાં પૂ. સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે ભવ્ય મહોત્સવ, વરઘોડો શાંતિસ્નાત્ર વગેરે ઉજવાયું, તથા ઓસવાળ જ્ઞાતિનું સાધર્મિક વાત્સલ્ય થયું.

● **લીંબડી :** પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મ.ના દર રવિવારે જૈન રામાયણ પર જાહેર પ્રવચનો થાય છે. રોજ યોગશાસ્ત્ર પરમયોગની સરળ ભૂમિકા યોગીઓનાં પરિચય, ભોગથી થતી બરબાદી વગેરે પર પ્રવચનો તથા બાળકો માટે દર બુધવારે સાંજે બોર્ડિંગમાં પ્રવચનો ચાલુ છે. શ્રોતામેદની ખૂબ તા. ૧૪મી રવિવારે શેઠશ્રી જીવતલાલ પરતાપશી તરફથી ૧-૧ રૂા. થી સંઘપૂજા અને સુરેન્દ્રનગર પ્રમુખ શેઠશ્રી મનસુખલાલ ચુનીલાલ તરફથી મીઠાઈની પ્રભાવના થયેલી. લગભગ ૮૦૦ ઉપર મેદની હતી.

● **સાબરમતી :** અત્રે પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં રવિવાર તા. ૨૧મીએ ૧૨૦૦ ભાવિકોએ એકાસણાં કરી અરિહંત જાપની ભવ્ય આરાધના કરી. એકાસણાંનો લાભ શેઠ શ્રી રાયચંદજી બેડાવાળાએ લીધો.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૪૭,તા.૩-૮-૧૯૬૮

## સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમુદાયની ચાતુર્માસ-યાદી

### ગુજરાત વિભાગ

| | | |
|---|---|---|
| ૧. **ખંભાત** | : | પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ આદિ ૬૪ |
| ૨. **વડનગર** | : | પૂ. ઉ. શ્રી કેવળવિજયજી મ. આદિ ૨ |
| ૩. **રાધનપુર** | : | પૂ. પં. શ્રી મલયવિજયજી મ. આદિ ૫ |
| ૪. **પાલેજ** | : | પૂ. પં. શ્રી સુદર્શનવિજયજી મ. આદિ ૩ |
| ૫. **રાજપિંપળા** | : | પૂ. પં. શ્રી જયંતવિજયજી મ. આદિ ૩ |
| ૬. **વિરમગામ** | : | પૂ. પં. શ્રી હિમાંશુવિજયજી મ. આદિ ૪ |
| ૭. **બાવળા** | : | પૂ. મુનિશ્રી અશોકવિજયજી મ. આદિ. ૨ |
| ૮. **નડીયાદ** | : | પૂ. મુનિશ્રી લલિતવિજયજી મ. આદિ ૩ |
| ૯. **સિદ્ધપુર** | : | પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી મ. આદિ ૨ |
| ૧૦. **ધંધુકા** | : | પૂ. મુનિશ્રી સુધાંશુવિજયજી મ. આદિ ૨ |
| ૧૧. **સાણંદ** | : | પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી મ. આદિ ૨ |
| ૧૨. **નવસારી** | : | પૂ. મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મ. આદિ ૩ |
| ૧૩. **સાબરમતી** | : | પૂ. મુનિશ્રી હેમચંદ્રવિજયજી મ. આદિ ૮ |
| ૧૪. **પાટણ** | : | પૂ. મુનિશ્રી લલીતશેખરવિજયજી મ. આદિ ૫ |
| ૧૫. **આણંદ** | : | પૂ. મુનિશ્રી કીર્તિરત્નવિજયજી મ. આદિ ૨ |

### સૌરાષ્ટ્ર કચ્છ વિભાગ

| | | |
|---|---|---|
| ૧૬. **ભૂજ** | : | પૂ. આ દેવશ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. આદિ ૮ |
| ૧૭. **પાલીતાણા** | : | પૂ. પં. શ્રી ભક્તિવિજયજી મ. આદિ ૩ |
| ૧૮. **ઝીંઝુવાડા** | : | પૂ. પં. શ્રી કનકવિજયજી મ. આદિ ૫ |
| ૧૯. **સુરેન્દ્રનગર** | : | પૂ. પં. શ્રી રાજવિજયજી મ. આદિ ૨ |
| ૨૦. **વાંકાનેર** | : | પૂ. મુનિશ્રી માણેકવિજયજી મ. આદિ ૨ |
| ૨૧. **જામનગર** | : | પૂ. મુનિશ્રી પદ્માકરવિજયજી મ. આદિ ૨ |
| ૨૨. **વઢવાણ** | : | પૂ. મુનિશ્રી પૂર્ણાનંદવિજયજી મ. આદિ ૨ |
| ૨૩. **ધ્રાંગધ્રા** | : | પૂ. મુનિશ્રી મણિપ્રભવિજયજી મ. આદિ ૩ |
| ૨૪. **લીંબડી** | : | પૂ. મુનિશ્રી ચંદ્રશેખરવિજયજી મ. આદિ ૫ |
| ૨૫. **સિહોર** | : | પૂ. મુનિશ્રી કીર્તિસેનવિજયજી મ. આદિ ૨ |
| ૨૬. **ગોઈજ** | : | પૂ. મુનિશ્રી તત્ત્વજ્ઞવિજયજી મ. આદિ ૨ |

### મહારાષ્ટ્ર - મધ્યપ્રદેશ

| | | |
|---|---|---|
| ૨૭. **મુંબઈ**(લાલબાગ) | : | પૂ. આ દેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. આદિ ૮ |
| ૨૮. **માટુંગા** | : | પૂ પં. શ્રી મૃગાંકવિજયજી મ. આદિ ૬ |
| ૨૯. **સાયન**(શિવ) | : | પૂ. મુનિશ્રી ગુણચંદ્રવિજયજી મ. આદિ ૨ |
| ૩૦. **રતલામ** | : | પૂ. મુનિશ્રી મતિવિજયજી મ. આદિ |

૩૧. **પુના(કેમ્પ)** : પૂ. મુનિશ્રી ભદ્રાનનવિજયજી મ. આદિ ૨
૩૨. **નાસિક** : પૂ. મુનિશ્રી ધનપાલવિજયજી મ. આદિ ૨
૩૩. **ભાયખલા** : પૂ. મુનિશ્રી તત્ત્વાનંદવિજયજી મ. આદિ ૨

**રાજસ્થાન**

૩૪. **ગઢસિવાણા** : પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ. આદિ ૬
૩૫. **જોધપુર** : પૂ. પં. શ્રી હર્ષવિજયજી મ. આદિ ૪
૩૬. **નોવી** : પૂ. મુનિશ્રી પુણ્યોદયવિજયજી મ. આદિ ૨
૩૭. **વિસલપુર** : પૂ. મુનિશ્રી પ્રદ્યોતનવિજયજી મ. આદિ ૩
૩૮. **લુણાવા** : પૂ. મુનિશ્રી મહાભદ્રવિજયજી મ. આદિ ૪
૩૯. **જાલોર** : પૂ. મુનિશ્રી જિનપ્રભવિજયજી મ. આદિ ૩
૪૦. **જયપુર** : પૂ. મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મ. આદિ ૪

**અમદાવાદ વિભાગ**

૪૨. **શાંતિનગર** : પૂ. પં. શ્રી પુષ્પવિજયજી મ. આદિ ૩
૪૩. **ઉસ્માનપુરા** : પૂ. પં. શ્રી મુક્તિવિજયજી મ. આદિ ૧૦
૪૪. **દશાપોરવાડ સોસાયટી** : પૂ. પં. શ્રી ભાનુવિજયજી મ. આદિ ૧૧
૪૫. **દાનસૂરિ જ્ઞાનમંદિર** : પૂ. પં. શ્રી માનતુંગવિજયજી મ. આદિ ૧૦
૪૬. **શાહપુર** : પૂ. મુનિશ્રી પદ્મપ્રભવિજયજી મ. આદિ ૨
૪૭. **ગીરધરનગર** : પૂ. મુનિશ્રી મહાયશવિજયજી મ. આદિ ૨

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૬,અંક-૪૮(વધારો,)તા.૩૧-૮-૧૯૬૮

● **ઘાટકોપર** : શિબિર વિદ્યાર્થી કિશોર કાન્તિલાલે અત્રે બે પાઠશાળાઓમાં અને માટુંગા પાઠશાળામાં ૧૦ દિવસના જૈન "તત્ત્વજ્ઞાન" ના વર્ગો ચલાવેલા. આ વર્ગોમાં સચિત્ર બાળપોથીના ૧ થી ૧૪ પાઠો સાથે રાત્રિભોજન, સિનેમા વગેરેનાં ગેરફાયદાઓ તથા તપ અને સમ્યગ્જ્ઞાન મેળવવાના ફાયદાઓ સમજાવેલા. આ વર્ગની પરીક્ષા આપનાર પાર્વતીબાઈ પાઠશાળાના વિદ્યાર્થીઓને કુલ રૂા. ૫૧) જૈન યુવક મંડળ પાઠશાળાને રૂા. ૭૫) અને માટુંગા પાઠશાળામાં રૂા. ૧૭૫) ના ઈનામો પૂજાની જોડ, પેટીઓ ગરમ શાલ, પ્રતિમાઓ, ચરવળા, કટાસણા વિ. આપેલા. માટુંગા પાઠશાળાના મેળાવડામાં પ.પૂ.પં.શ્રી મૃગાંકવિજય મ.ની નિશ્રામાં જૈન તત્ત્વજ્ઞાન વર્ગના બે જણે શિબિરથી થતા ફાયદા વિષે સુંદર પ્રવચન કરેલું. આ વર્ગો દરમ્યાન માટુંગામાં ૬ જણાએ ભગવાનના એકાસણા અને એક જણે વર્ધમાન તપ આયંબિલ તપનો પાયો નાંખેલ. ઘાટકોપર પાઠશાળામાં બે જણે ભગવાનના એકાસણાં અને ૧૮ જણે નવકાર તપ કરેલ. રોજ પૂજા કરવી, કંદમૂળ ન ખાવા, સિનેમા ન જોવા વગેરે અનેક બાધાઓ લીધેલ. પરિણામે શિબિરના આ કાર્યથી ઘાટકોપર તથા માટુંગાનો સંઘ ઘણો ખુશી થયો.

● **રાજપીપળા** : અત્રે પૂ.પં.શ્રી જયંતવિજયજી ગણિવર્યની નિશ્રામાં પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ સુવિશાલ મુનિગણનેતા પૂ.આ.શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના સમાધિમય સ્વર્ગારોહણ નિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ સુંદર રીતે ઉજવાયો. પાલેજથી સંગીતકાર ચંદુભાઈની મંડળી તથા ડભોઈથી સંગીતકાર અમૃતભાઈની મંડળી બોલાવવામાં આવતાં પૂજા-ભાવનામાં પ્રભુભક્તિનો સંઘને અપૂર્વ-અદ્ભુત લાભ મળ્યો. પૂજાઓમાં એક નવ્વાણું અભિષેકની પૂજા સિનોરવાળા ગુરુભક્ત શા.પ્રેમચંદ બેચરભાઈ તરફથી ભણાવાઈ. આજુબાજુના ગામોથી મહેમાનો સારી સંખ્યામાં આવેલ. શ્રા.સુ.૮, ૧૨૫૦૦ અરિહંત જાપ સાથે ૩૫ ઘરમાં ૧૨૫ આંબેલ થયા.

● **નવસારી** : આ બાજુના પ્રદેશમાં નદીના પુરે ભયંકર વિનાશ સર્જ્યો છે. પણ અત્રે ચમત્કાર એ થયો કે રેલ આવવાના દિવસે જ પૂ.મુનિશ્રી ધર્મગુપ્તવિજયજી મહારાજે સંઘમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના ૧૮૦ અઠ્ઠમ શરૂ કરાવેલ. એટલે આ તપ અને જપના પ્રભાવે નવસારી નગર આબાદ બચી ગયું છે. બાકી સ્ટેશન તરફ ૫૦૦ જેટલાં ઝુંપડા તણાઈ ગયાં છે. સ્ટેશન ઉપર શ્રાવકોના ઘરોમાં પાણી ભરાઈ ગયેલાં. સ્ટેશનના દહેરાસરમાં ભગવાનની નાસિકા સુધી પાણી આવી ગયેલાં. દહેરાસરનો દરવાજો ભાંગી પડ્યો છે. એક આખી દીવાલ પણ પડી ગઈ છે. બીજા ઘણાં કુટુંબોના આખાને આખા બંગલા પાણીમાં ડૂબી ગયેલા પણ બધાને બચાવી લીધેલા. શ્રી ગોસાઈભાઈ માસક્ષમણની તપસ્યા સાથે રોજ ૫૦૦ નવકારવાળી અરિહંતપદની ગણે છે.

● **જયપુર** : પૂ.મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજય મ.ના ચાતુર્માસથી ધર્મસાધનાની અપૂર્વ લહેરી ફેલાઈ ગઈ છે. સામુદાયિક આયંબીલ કરાયા પછી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના અઠ્ઠમની આરાધના આશરે ૧૪૦ આરાધકો જોડાયા. એમાં ૧૧ થી ૧૨ વર્ષના દસ બાળકો હતા. લગભગ ૧૬ લાખ જાપ થયો.

## નૂતન વર્ષના મંગળ પ્રારંભે

‘દિવ્યદર્શન’ સાપ્તાહિક પત્ર આ સપ્ટેમ્બર માસથી ૧૭મા વર્ષમાં પ્રવેશ કરે છે. પત્રે નવ નવા વાંચકોને આકર્ષ્યા છે એ બતાવી રહ્યું છે કે આજે ભવ્યાત્માઓને આધ્યાત્મિક અને તાત્ત્વિક તેમજ રચનાત્મક નક્કર ઉન્નતિમાર્ગના વાંચનની કેટલી બધી ભૂખ છે. વાંચક કહે છે કે ‘હું દિવ્યદર્શન વર્ષોથી વાંચું છું. એણે તો મારા હૃદયમાં ભાવ પલ્ટી નાખ્યા છે, મારું જીવન ફેરવી નાખ્યું છે. આખી વિચારસરણી અને ચિત્તપરિણતિ કોમળ બની ગઈ છે, કષાયોથી ડરતી થઈ ગઈ છે...’ દિવ્યદર્શને દર્શન દિવ્ય બનાવ્યાનો આ એક નમૂનો છે.

ગત વર્ષમાં ‘કુવલયમાળા’ની કથા પરનાં પ્રવચનોએ કથા સાથે જે જીવનપ્રેરક પદાર્થ પીરસ્યા એણે, મળેલા અનુભવ પ્રમાણે, વાંચકોને સારી ઊંડી અસર કરી. હવે નવા વર્ષમાં પણ આ જ કથા પરના આગળનાં પ્રવચન ચાલુ રહે, કિન્તું કેટલાય વખતથી કેટલાકોની ધાર્મિક શિક્ષણ શિબિરનાં પ્રવચન દિવ્યદર્શનમાં આવે એવી ઇચ્છા હોઈ, શિબિરમાં વર્ણવાયેલા **‘ધ્યાન અને જીવન’** એવિષય પરનાં પ્રવચન આપવાનું શરુ કરવામાં આવે છે. આમાં ‘ધ્યાન’ અંગે જૈન દર્શનની અદ્દ્ભુત સાથે વ્યવહારુ વિચારણા જાણવા મળશે.

પૂર્વે પ્રેસમેનોના મીનીમમ પગાર સરકારી કાયદાથી બંધાવા પર દિવ્યદર્શનનો છપાઈ વગેરેનો ખર્ચ વધી ગયો હતો. એમાં પછીથી છાપાઓ પરનો પોસ્ટેજ ચાર્જ ૨ નં. પૈ. માંથી ૫ ન. પૈ. થઈ ગયો. એણે વળી એકેક ગ્રાહકના ૪૮ અંક પર રૂા. ૧-૪૪ ન. પૈ. ખર્ચ વધાર્યો. એથી આ વર્ષથી દિવ્યદર્શનનું લવાજમ ૧॥ રૂા. વધારવું પડ્યું છે. દિવ્યદર્શનથી મળતાં આધ્યાત્મિક ઉચ્ચ કોટિના માર્ગદર્શનનું મૂલ્યાંકન કરનાર વાચકો આને ઉચિત જ સમજશે. હૃદયના ભાવોની વિશુદ્ધિ પર જીવન જીતવાનું છે. પોતાને અને પોતાના સગા-સ્નેહીજનોને ‘દિવ્યદર્શન’થી ઘેરબેઠા મળતી આ મહામૂલ્યવતી ભાવોની વિશુદ્ધિ આગળ વાર્ષિક રૂા. ૭-૫૦ ન. પૈસાનો ખર્ચ શી વિસાતમાં છે ? આશા છે કે માનવતા વાંચકો આ વધાવી લેવા ઉપરાંત, હવેથી શરુ થનાર ‘ધ્યાન અને જીવન’ના અદ્દ્ભુત વિષયના નવા વાંચકો પણ ઊભા થશે.





● **સિદ્ધપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજની નિશ્રામાં પર્યુષણાની આરાધના અપૂર્વ થઈ. શ્રી દોલતરામ વેણીચંદે સંઘને ઘરે આમંત્રી ગુરુપૂજન જ્ઞાનપૂજન તથા ૧ રૂા. શ્રીફળથી સંઘપૂજા કરી. એમના તરફથી તપસ્વીઓને વાહનમાં તેડી લાવી પારણાં કરાવ્યાં. ૨૦ અઠ્ઠાઈવાળા હતા એમને દરેકને ચાંદીની ૧૦ તોલાની થાળી વાટકીની પ્રભાવના કરી. બીજાઓ તરફથી પણ ચરવળા કટાસણાં પૂજાની પેટી વગેરે વહેંચાયું. વરઘોડો ઉપજ વગેરે સુંદર થયું.

● **જયપુર :** પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં એમના નાની ઉંમરના શિષ્ય મુનિશ્રી પદ્મરત્ન વિજયજીએ માસખમણની મહાન તપસ્યા કરી. બીજા પણ ૫-૬ માસખમણ તથા નીચેની તપસ્યાઓ ઘણી થઈ. પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનો તથા શ્રી હીરાચંદ વૈદ્યનાં આયોજનોથી અપૂર્વ ધર્મરંગ જામ્યો છે.

● **સાબરમતી :** અત્રે પૂ.પં.શ્રી હેમચંદ્રવિજયજી મ. ની નિશ્રામાં કોઈ વરસે નહિ એવી જ્વલંત આરાધના થઈ. લગભગ ૨૫૦ અઠ્ઠાઈઓ અને બીજી તપસ્યાઓ, દર વખત કરતાં ૨॥-૩ ઘણી ઉપજ, અને પહેલી જ વાર એક જ મંડપમાં ૨૫૦૦ જણનું શાંતિથી પ્રતિક્રમણ થયું.

● **નવસારી :** પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં પર્વ સુંદર ઉજવાયા. એમની પાસે ધાર્મિક અભ્યાસ કરતાં ૬ પરમાર ભાઈઓમાંથી એકે માસખમણ તથા બીજા નાનાએ અઠ્ઠાઈ ખૂબ સમતાથી આરાધી. નગરના પટેલોએ તપસ્યાનું સુંદર બહુમાન કર્યું. સંઘમાં પણ તપસ્યાદિ સુંદર થયું.

● **મદ્રાસ :** પૂ. આચાર્યદેવશ્રી વિજય જયંતસૂરીશ્વરજી મ. તથા શ્રી વિજય વિક્રમસૂરીશ્વરજી મ. ના સન્માર્ગના જોરદાર ઉપદેશથી આચાર્ય તુલસીજીની ધારણા સફળ ન થઈ. બે દોઢ માસી ૬-૭ માસખમણો, ૮૦૦ અઠ્ઠાઈઓ વગેરે તપસ્યા ઘણી થઈ. એક દોઢ માસી તપવાળા સાધ્વીજી સ્વર્ગવાસ પામતાં ભવ્ય સ્મશાનયાત્રા અને રૂા. દોઢ લાખની ઉપજ થયાનું જાણવા મળ્યું છે.

● **પિંડવાડા :** છેલ્લા પાંચેક વરસથી સતત અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરતા પૂ.મુ.શ્રી જીતેન્દ્રવિજયજી મ. ની ભારે તપસ્યા અને પ્રેરક વ્યાખ્યાનોથી અત્રે તપસ્યાઓ વગેરેથી મહાપર્વ શાનદાર ઉજવાયા. સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્ય-દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના જીવન પ્રસંગોના મોટા કોતરેલા પટો સાથે ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠિત કરવાનું આયોજન ચાલે છે.

● **આણંદ :** પૂ.મુનિરાજશ્રી કીર્તિરત્નવિજયજી મ.શ્રીની નિશ્રામાં આ વખતના પર્યુષણ પર્વ સંપથી થવાથી આરાધના સુંદર થઈ છે. વરઘોડા ઉપજ વગેરે સુંદર થયું.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૭,અંક-૩,તા.૨૧-૯-૧૯૬૮**

● **મુંબઈ :** બોટાદના વતની હાલ મુંબઈ ઘાટકોપર નિવાસી કરીયાણાના દલાલ ભાઈશ્રી કાન્તિલાલ જગજીવનદાસ (સવા પનાવાળા) પોતાના સુપુત્ર ભાઈશ્રી કિશોરકુમારની દીક્ષા બોટાદ મુકામે માગશર સુદ ૯ ની કરાવવાની તીવ્ર ઉત્કંઠાવાળા હોઈ એમને પૂ.આચાર્યદેવશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મ. પાસે મુહુર્ત કઢાવી અને અમદાવાદથી પૂ. પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્યને બોટાદ લઈ જવા માટે આગ્રહભરી વિનંતી કરી છે. મુમુક્ષુ ભાઈશ્રી કિશોરકુમારે કૉલેજનો અભ્યાસ છોડી મે માસની ધાર્મિક શિબિરોમાં સારી કેળવણી લીધેલી અને ત્રણ વર્ષની પૂ.પંન્યાસજી મહારાજની નિશ્રામાં જ્ઞાનાભ્યાસ વગેરે સંસ્કરણ લઇ રહ્યા છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૭,અંક-૫,તા.૫-૧૦-૧૯૬૮**

● **જૈનનગર (અમદાવાદ)** માં નવા સ્થપાયેલા સંઘમાં દેરાસર તથા ઉપાશ્રય બાંધવા માટે લગભગ દોઢ લાખની ટીપ થઈ છે. દેરાસર બાંધવાનું કામ ચાલુ થયેલું છે. **સંઘની ઈચ્છાથી પહેલી જ વાર પર્યુષણા પર્વની સમૂહ આરાધના સંઘના પ્રમુખ શેઠશ્રી રમણલાલ વજેચંદના બંગલે થઈ. પૂ. પંન્યાસજી ભાનુવિજયજી ગણિવરના શિષ્ય આરાધના કરાવવા સંઘ સામૈયા સાથે પધાર્યા હતા.** શ્રી જયંતીલાલ મફતલાલ રૂવાળા બોલી બોલી કલ્પસૂત્ર ઘરે લઈ ગયા. રાત્રી જગો કર્યો. વાજતે ગાજતે શ્રી કલ્પસૂત્ર ઉપાશ્રયે લાવી વહોરાવ્યું. જન્મ વાંચનના દિવસે સવારથી શ્રી સંઘમાં ઘણો ઉત્સાહ, સુપનની ઉછામણી ૩૨૦૦ મણ થઈ. સાધારણ ખાતે, જીવદયા તથા સુરત રેલ રાહતની ટીપો પણ સારી થઈ. શ્રી જયંતીલાલ આત્મારામ રૂવાળાએ દરેકને રૂપિયો અને શ્રીફળ આપી શ્રી સંઘપૂજા કરી. પારણું શેઠ શ્રી શંકરલાલ છોટાલાલે લઈ જઈ બહેનોનો રાત્રી જગો કર્યો. પૂ. મહારાજશ્રી તથા સંઘના કાર્યકર્તાઓ શ્રી હસમુખલાલ વાડીલાલ, પોપટલાલ મગનલાલ, રસિક્લાલ પોપટલાલ, બાબુભાઈ ચીમનલાલ વગેરેએ ખૂબ મહેનત ઉઠાવી પર્યુષણા દીપાવ્યા. બધી આરાધના સંઘના પ્રમુખ શેઠશ્રી રમણલાલ વજેચંદભાઈના બંગલે થઈ અને એમણે



તથા તેમના બે સુપુત્રો શ્રી અશોકભાઈ તથા શ્રી હેમેન્દ્રભાઈએ અનુમોદનીય સેવા આપી.

● **ભૂજ : સ્વ.પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજશ્રીની** અજોડ સંયમ આરાધનાની તથા તે નિમિત્તે થયેલ માસક્ષમણાદિ વિવિધ તપશ્ચર્યાદિની અનુમોદનાર્થે પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મહારજશ્રીની નિશ્રામાં ભા.સુ. ૯થી અષ્ટોત્તરી બૃહત્સ્નાત્ર સહ અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. પૂજા-ભાવનામાં સંગીતકાર શ્રી હરજીવનભાઈએ સારો ભક્તિરસ જમાવ્યો શ્રી અષ્ટાપદજી અને નંદીશ્વરદ્વીપની ભવ્ય માંડલાની રચનાપૂર્વક નંદીશ્વરદ્વીપ આદિની પૂજા ભણાવાઈ.

● **અમદાવાદ :** શ્રી રાજનગર જૈન શ્વે.મૂ.ધાર્મિક ઈનામી પરીક્ષાની સંસ્થા તરફથી તા. ૭-૧૨-૬૮ના મૌખિક તથા તા. ૮-૧૨-૬૮ના લેખીત પરીક્ષા બપોરે ૧ થી ૪, ધી ન્યૂ હાઈસ્કૂલ રતનપોળમાં લેવાશે. ફોર્મ તા. ૫-૧૧-૬૮ સુધી સ્વીકારશે. ફોર્મ ચંદ્રકાંત સી. મશરૂવાળા ૨૩૩૯, માણેકચોક, અમદાવાદથી મંગાવી લેવા.

● **શાહપુર (અમદાવાદ) :** સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સમાધિ પૂર્ણ સ્વર્ગવાસ નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** આદિમુનિ ભગવંતોની નિશ્રામાં ઉજવાયો.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૭,અંક-૬,તા.૧૨-૧૦-૧૯૬૮**

● **સાબરમતી :** અત્રે પૂ.મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મહારાજની જોરદાર ધર્મદેશનાથી સંઘમાં કઈ રંગની ભરતીઓ ચઢી. પર્યુષણમાં ૧૫૦ ઉપર તો અઠ્ઠાઈઓ થઈ, બોલીઓ પૂર્વ વર્ષો કરતાં અઢી ગુણા જેવી. આસો ઓળીમાં આયંબિલો પણ પૂર્વે કરતાં સારા વધારે થયા. સ્વ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના ગુણ-સુકૃતોના અનુમોદન રૂપે સંઘ આલીશાન ઉત્સવ ઉજવ્યો. વરઘોડો, સિદ્ધચક્ર પૂજન, અષ્ટોત્તરી સ્નાત્ર, ભવ્ય અષ્ટાપદજી રચના, પાવાપુરીની તથા પૂ. આચાર્યદેવશ્રીની રંગોળી રચના વગેરે અદ્ભુત થયું. ઉછામણીઓ પણ સુંદર થઈ. એકલી અષ્ટાપદજી પર ૨૪ પ્રભુજી બિરાજમાન કરવાની જ રૂા. ૪૧૦૦ થઈ એ ઉપરાંત બીજી અનેક બોલીઓ સારી થયેલી. ઉત્સવ પ્રસંગે પૂ.પં.શ્રી મુક્તિવિજયજી મહારાજ તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.

પધારેલા. પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. નું ૯૭મી વર્ધમાન આંબેલ ઓળીનું પારણું સારું ઉજવાયું. નવા ૨૫ પાયા નક્કી થયા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૮,તા.૨-૧૧-૧૯૬૮

● **મુંબઈ (લાલબાગ)** : અત્રે સ્વ. પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના ઉત્તમગુણો અને અખંડ વિશુદ્ધ સંયમપાલન આદિની અનુમોદનાર્થે પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ તથા પૂ.પં.શ્રી ત્રિલોચનવિજયજી મહારાજ આદિ મુનિગણની નિશ્રામાં સર્વોત્તમકોટિનો અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવાયો. એમાં ઘણી ઘણી અદ્ભુત વિશેષતાઓ હતી. દા.ત. સ્વર્ગસ્થ પૂ. આચાર્યભગવંતના જીવન પ્રસંગો દર્શાવતા પાંચ ભવ્ય જરીયાન છોડ સાથેનું ઉદ્યાપન, શ્રીમદ્ના વિવિધ જીવન પ્રસંગની ભવ્ય તસ્વીરો,

(૧) શ્રી સિદ્ધગિરિ તીર્થ ઉપર પૂ.સ્વ.આચાર્યદેવશ્રીને સ્ટ્રેચરમાં ઉપાડીને ચાલતા મુનિઓ, (૨) સ્વ.પૂજ્યશ્રીથી મુનિઓ પાસે રચાવાતા કર્મસાહિત્ય. (૩) પૂ. આચાર્યદેવશ્રીની 'વીર, વીર' 'ખમાવું છું' ની અંતિમ આરાધના. આમ ત્રણ ભવ્ય રંગોળી રચનાઓ વગેરે અદ્ભુત દૃશ્યોનું નિર્માણ થયું હતું. ઉપરાંત શીરો-પુરી વગેરે ફરતા ફરતી વાનગીઓથી ભૂખ્યાઓને જમાડવારૂપે અનુકંપા દાન રોજ થતું હતું. આસો સુદ ૧૫ અમદાવાદના શેઠશ્રી હીરાભાઈ મણિલાલ ગીરધરનગર વાળાએ સુંદર સમજુતિ સાથે બૃહત્ શ્રી સિદ્ધચક્ર પૂજનની વિધિ કરાવી. વદ-૩ના રોજે ખાનદેશ પાંચોરાવાળાએ ભવ્ય અર્હદ્ અભિષેક વિધિ કરાવી. વદ ચોથે સામુદાયિક ખીરના એકાસણાં સાથે 'અરિહંત' જાપ કરાવાયો અને પ્રભુજીને ૮૪ હજાર ફૂલની સમવસરણ દર્શક અંગ રચના થઈ. વદ ૬ ભારે ધામધૂમ સાથે જળયાત્રાનો વરઘોડો ચડ્યો એમાં બોટાદના વતની ભાઈશ્રી કિશોર કાંતિલાલ વરઘોડામાં વાર્ષિકદાન ઉછાળ્યાં. વદ ૭ રવિવારે હિરાભાઈ ડભોઈવાળાના વિધિ વિધાન સાથે ભવ્ય અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવાયું. વ્યાખ્યાનોમાં પૂજ્યશ્રીનાં ગુણાનુવાદ સુંદર ગવાયા. વચલા દિવસોમાં પૂજાઓ અને ભાવનાઓ વિવિધ સંગીતકારો અને મંડળોએ ભક્તિ-સંગીતની રમઝટ મચાવી. મુંબઈ એટલે ધર્મની ઝાહો-ઝલાલી. એમાં વળી ૧૮ કરોડ નવકાર મંત્ર જાપના આરાધક વૈરાગ્ય વારિધિ પૂ.આ.દેવશ્રીનું સાનિધ્ય એટલે વિશેષ રંગ જામ્યો. કા.સુ. ૫થી જ્ઞાનની આરાધનાનો પંચાહ્નિકા ઉત્સવ શરૂ થયો, જરીયાન છોડ બંધાવી ૪૫ આગમ પધરાવ્યા. રોજ બે વખત ઘીના દીપ-ધૂપ વગેરે તથા આંગી-પૂજા-ભાવનાનું સુંદર આયોજન થયું. વિશેષત સ્વર્ગસ્થ પૂજ્યશ્રીના ૮૫ વર્ષના પવિત્ર જીવનના સ્મરણમાં ૮૫ કરોડ, ૮૫ લાખ,૮૫ હજાર, ૮૫૧ નવકાર જાપ સારુ પ્રેરણા કરી તે નામો નોંધાતા તે પણ લગભગ પૂરાં થવા આવ્યાં. આ સમગ્ર ઉત્સવોમાં ભાઈશ્રી જેઠાભાઈ ચુનીલાલ ઘીવાળા તથા ભાઈશ્રી શાંતિલાલ સોમચંદ (ભાણાભાઈ) વગેરેની અથાગ મહેનત હતી.

● **લીંબડી** : સ્વ.પૂ.આ.શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણ નિમિત્તે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો, પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મ. ના જોશીલા ધર્મપ્રવચનોથી જાગી ઉઠેલ જૈન-જૈનેતર જનતાએ આસો ૧૫ સિદ્ધચક્ર પૂજનમાં શ્રી ચીનુભાઈ લલ્લુભાઈની અથાગ પ્રેરણા થતાં ૬૦૦ ગાયોને અભયદાન આપવાનો ફાળો છલકાવી દીધો.

● **અમદાવાદ** : અત્રે પૂ.મુ.શ્રી ચંદ્રશેખરવિજયજી મ. થી પ્રેરિત 'મુક્તિપંથ' શુભ બેન્કની પેટીમાંથી એકત્રિત કરેલ રૂા. ૫૦૦૧માં અંતરીક્ષજી તીર્થરક્ષા કમિટી વતી શેઠ શ્રી જીવતલાલ પરતાપશીને અર્પણ કરવાનો ભવ્ય સમારોહ શ્રી શ્રમણોપાસક સંઘના ઉપક્રમે જ્ઞાનમંદિરમાં પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. તથા પૂ.પં.શ્રી માનતુંગવિજયજી મ.ની નિશ્રામાં ઉજવાયો. પૂ. પંન્યાસજી મહારાજે 'દિવ્ય સમૃદ્ધિ' પર ચિંતનાત્મક પ્રવચન આપ્યા પછી શ્રી રસિકલાલ ભોગીલાલે સંસ્થા અંગે ઉદ્બોધન કર્યું. શ્રી સંઘના કાર્યવાહક શ્રી મહેન્દ્ર રસિકલાલે સંસ્થાનો અહેવાલ આપ્યો. શેઠશ્રી રમણલાલ વજેચંદના શુભ હસ્તે શેઠશ્રી જીવાભાઈને રકમની અર્પણ વિધિ થઈ. વિશેષમાં શેઠશ્રી લાલચંદ રાજમલ તરફથી રૂા. ૫૦૧નો ચેક અર્પણ થતાં ત્યાં જ બીજી રૂા. ૨૦૦૦ની રકમ અર્પણ થઈ, જીવાભાઈએ તીર્થ અંગે સચોટ ચિતાર રજૂ કર્યો.

**પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજને** બોટાદમાં મુમુક્ષુઓ શ્રી કિશોરભાઈ તથા શ્રી જિતેન્દ્રભાઈની **માગશર સુદ ૯ દીક્ષા** કરવા અંગે શ્રી કિશોરભાઈના પિતાશ્રી કાંતિલાલ અને શ્રી બોટાદ સંઘ વિનંતી કરવા આવી ગયા. સંઘ સમસ્તમાં ખૂબ જ ઉત્સાહ હોવાથી બોટાદમાં દીક્ષા કરવાનું નક્કી થયું. ભાઈશ્રી કાંતિલાલ ખંભાત વ્યા.વા. શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને વિનંતી કરવા ગયેલા. તેમજ મુંબઈમાં પૂ.આ.શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. પાસે દીક્ષાનું મુહુર્ત કઢાવેલું. બંને પૂ. આચાર્યદેવશ્રીના સારા આશીર્વાદ મળ્યા. ખંભાતમાં પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજ આદિ મુનિગણને વિનંતી થતાં એઓશ્રી બોટાદ પધારવા વકી છે. અમદાવાદથી પૂ.પંન્યાસજી મહારાજ કા.વ. ૪ વિહાર

કરી ધંધુકા થઈ બોટાદ માગશર સુદ ૩ પહોંચવા ધારે છે.

● **ધ્રાંગધ્રા :** (૧) આ ક્ષેત્ર ઉપર કૃપા કરનાર પરમોપકારી સ્વ.આ.ભ. શ્રી **વિજયપ્રેમસૂરીશ્વરજી** મ.સા. ગુણગણની અનુમોદનાર્થે તથા (૨) તેઓશ્રીની આજ્ઞાથી ચાતુર્માસ બિરાજિત પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભ વિજય મ. શ્રીની વર્ધમાન તપની ૧૦૫મી ઓળી, તથા (૩) પૂ.મુનિશ્રી રાજેન્દ્રવિજયજીના પ્રેરક પ્રવચનોથી શ્રી સંઘમાં થયેલ નવકાર મંત્ર તપ-છટ્ઠ-અઠ્ઠમતપ-પર્યુષણા પર્વમાં ૧૭-૧૬-૮ વિ. પાયા તથા ઓળીઓની અનુમોદનાર્થે બૃહદ્ સિદ્ધચક્રપૂજન સહ જિનભક્તિ મહોત્સવ શ્રી જૈન તપાગચ્છ જૈન સંઘ તરફથી ઉજવાયેલ છે. આસો પુનમના પાયાવાળા ૨૨ ભાઈ-બહેનોનું ૨૪ જેટલા ભાગ્યવાનોએ રૂા. ૨ અને ૧।-૧ અને શ્રીફળથી બહુમાન કરેલ. ચોમાસાના પાયાવાળા તથા નવપદની ઓળીવાળાનું શ્રી દીપચંદ વખતચંદ તરફથી સાધર્મિક ભક્તિ તથા તિલક રૂા.થી બહુમાન કરવામાં આવેલ. મુંબઈ રહેતા શ્રી બાબુ પુનમચંદ ન. ઝવેરી તરફથી પાયાવાળાને રેશમી કપડાનો પીસ-બટવો અપાયેલ, શા. પોપટલાલ મગનલાલ તરફથી આંગી-પૂજા બે વખત પ્રભાવના, તપગચ્છના ઊઘાડા ઘરદીઠ શેર-શેર મીઠાઈ અપાઈ.

પંચાહ્નિકા મહોત્સવમાં શ્રી રસીકભાઈ અમૃતલાલભાઈ તથા જગજીવનભાઈ વિ. તથા અજિત-જિનભક્તિ મંડળે ઉત્સવને દિપાવવામાં સારી જહેમત ઉઠાવી. આસો વદ ૬ના તપની અનુમોદના નિમિત્તે ભવ્ય વરઘોડો નીકળેલ. સ્વામી વાત્સલ્ય થયેલ. આસો વદ ૭ના શ્રી સિદ્ધચક્રપૂજન વિધિકુશળ શ્રી હીરાભાઈ મણીલાલે કરાવતાં રહસ્યો સારી રીતે સમજાવેલ. સંગીતકાર હરજીવનદાસે તથા જૈન ભક્તિ મંડળે ભક્તિરંગ સુંદર જમાવેલ. પર્યુષણ જેવો રંગ બની ગયો.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૧૦,તા.૧૬-૧૧-૧૯૬૮

● **ખંભાત :** અત્રેથી પૂ.પંન્યાસ હેમંતવિજયજી મહારાજ બોટાદ દીક્ષાઓ ઉપર પધારવા માટે કા.વ. ૪ વિહાર કરેલો અને બંગલે પધારેલા પરંતુ પૂ.મુનિરાજશ્રી મતિધનવિજયજી મહારાજને અચાનક છાતીમાં દુઃખાવો થતાં ડૉક્ટરને બતાવ્યું કાર્ડીયોગ્રામ લીધો અને ડૉક્ટરે હાર્ટ ઉપરની અસરથી ૬ અઠવાડિયા આરામ લેવા જણાવ્યું. તેથી પૂ. પંન્યાસજી મહારાજ એમને લઈને પાછા ખંભાત પધાર્યા છે. અને વિહાર બંધ રહ્યો છે.

● **અમદાવાદ :** અત્રે શેઠ કલ્યાણભાઈ મણિભાઈ રાવની વિનંતીથી પૂ.પં.શ્રી



મુક્તિવિજયજી મહારાજ તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજશ્રી અશ્વીન સોસાયટી તેમના બંગલે પધારેલ. મર્ચંટ સોસાયટીમાં વ્યાખ્યાન તથા પૂજા રાખવામાં આવેલ. પૂજા જૈનધર્મ આરાધક મંડળે ભણાવેલ પૂ.પંન્યાસજી ભાનુવિજયજી મહારાજે અત્રેથી વિહાર કરી કા.વ. ૭ બાવળા થઈ કા.વ. ૧૨-૧૩ ધંધુકા અને માગશર સુદ ૩ બોટાદ પધારવાના છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૧૨,તા.૩૦-૧૧-૧૯૬૮

● **મુંબઈ : કું. શિલ્પાનું શિલ્પ** - સુરતના પ્રસિદ્ધ ધર્મપ્રેમી શ્રી સુરચંદભાઈ હીરાચંદ ઝવેરીની સુપુત્રી કુમારી શિલ્પા જે ખંભાતમાં વ્યા. વા. શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે માગશર સુદ ૬ના ચારિત્ર અંગીકાર કરે છે, એણે માત્ર ૨૦ વર્ષની ઉંમરમાં ચારિત્રની અદ્ભુત તૈયારી કરી. માત્ર ૪।। વર્ષની વયથી એણે વિધિસહિત નવપદની આયંબિલ ઓળી શરૂ કરીને ૪।। વર્ષમાં નવે ઓળી પૂર્ણ કરેલી. મેટ્રિક સુધીનો અભ્યાસ કરવા છતાં પર્વ તિથિઓના તપ, અઠ્ઠાઈ તપ, સિદ્ધિતપ ( ૧ ઉપવાસથી ૮ ઉપ. સુધી એકેક પારણે ચડવાનું) શ્રેણીતપ, ક્ષીરસમુદ્ર તપ, વર્ધમાન આંબેલ તપ ૧૭ ઓળી અને માસખમણ સુધીના તપ કર્યા. તથા ૪૭ દિવસના ઉપધાન તપ કરી માળા પહેરી, સમગ્યજ્ઞાનાભ્યાસમાં પણ ૫ પ્રતિક્રમણ, ૪ પ્રકરણ, ૩ ભાષ્ય, ૩ કર્મગ્રંથ અર્થ સહિત શીખી. સંસ્કૃત બંને બુકનું પણ શિક્ષણ લીધું. સુખી ઘરમાં જન્મવા છતાં રંગરાગમાં ન પડતાં શિલ્પાએ પોતાના આત્મા પર ધર્મનું અદ્ભુત શિલ્પ રચ્યું.

● **નડિયાદ :** અત્રે પૂ. મુનિરાજશ્રી લલિતવિજયજી મહારાજ અને પૂ. સાધ્વીજી શ્રી હંસકીર્તિવિજયજી મહારાજ ચોમાસું કરીને ધર્મપ્રભાવનાની ગુલાબની સુવાસ મુકી ગયા. એમના વિહાર વખતે સંઘ ગળગળો થઈ ગયેલ, અત્રે થોડા વખતમાં નવા ઉપાશ્રયનું ખાતમુહૂર્ત થવા વકી છે. ટ્રસ્ટીઓ શાંતિલાલ શાહ, નવનીતલાલ, ફુલચંદભાઈ વગેરે ઉત્સાહથી કામ કરી રહેલ છે.

### "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૧૫,તા.૨૧-૧૧-૧૯૬૮

● **ઘોટી (જિ. નાસિક) :** અત્રે મહા સુદ ૬ પૂ. આચાર્યદેવશ્રી વિજયયશોદેવ

સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે ભાઈશ્રી સુરસિંગ અને ઈશ્વરલાલની દીક્ષા ધામધૂમ પૂર્વક થઈ એમને પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ.ના શિષ્ય તરીકે સ્થાયી મુનિશ્રી સુશીલવિજયજી તથા ઈન્દ્રવિજયજી નામ અપાયા. પૂજ્ય આચાર્યદેવશ્રીની નિશ્રામાં શાહપુર (જિ. થાણા) મહા સુદ ૬થી ઉપધાન શરૂ થવાના છે.

● **આમોદ :** અત્રે પાલેજથી પધારેલ પૂ.પં.સુદર્શનવિજયજી મ.ની નિશ્રામાં સ્વ. ગચ્છાધિપતિ પૂ.આ.શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની શાસન-આરાધના-રક્ષા-પ્રભાવના નિમિત્તે જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ સુંદર ઉજવ્યો.

● **પાલીતાણા : અત્રે પૂ.પં.ભાનુવિજયજી મહારાજ** ૨૨ ઠાણા સાથે પધારેલ. પાંચ મુનિઓએ ચોવિહાર છઠ્ઠ સાથે ૭ યાત્રા કરી. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી દેપલા મહુવા ભાવનગર થઈ ખંભાત મહા સુદ ૬ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પર પધારનાર છે. મહુવા પોષ સુદ ૪-૫, તળાજા સુદ-૮, ભાવનગર સુદ ૧૩-૧૪-૧૫ થવા સંભવ છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૭,અંક-૧૬,તા.૨૮-૧૨-૧૯૬૮

● **દેપલા :** મલાડમાં દીક્ષિત પૂ. મુનિરાજશ્રી દેવસુંદર વિજયજી મ. તથા શ્રી રત્નસુંદરવિજયજી મ. મૂળ અત્રેના વતની હોઈ એમને લઈને અત્રે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. પધારતાં એમનાં સંસારી કુટુંબીઓ તરફથી બે દિવસ અને અત્રેના સંઘ તરફથી ૧ દિવસ સંઘજમણ થયાં, પૂજાઓ ભણાવાઈ, જાહેર વ્યાખ્યાન થયાં. વ્યાખ્યાન સાંભળી એક ગરાસિયાએ ૫-૬ બોકડા દેવીને ભોગ આપવા રાખેલા, તે બંધ રાખી સંઘને આપી દીધા. પૂજ્યશ્રી જેસર મહુવા પધારતાં સંઘનો ખૂબ આગ્રહ છતાં ખંભાત જવાનું હોઈ રોકાઈ શકાયું નહિ. પોષ સુદ ૧૪ ભાવનગર થવા ધારણા છે.

“દિવ્ય-દર્શન” - **“સમાચાર”** વર્ષ-૧૭,અંક-૧૯,તા.૧૮-૧-૧૯૬૯

## યુવાન મુમુક્ષુ સુરેન્દ્રકુમારનો અમદાવાદ ખાતે ઉજવાયેલો ભવ્ય દીક્ષા મહોત્સવ

મેટ્રીકનો અભ્યાસપૂર્ણ કર્યા બાદ પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિ.મ.ના સમાગમથી વિરાગી બનેલા સુરેન્દ્રકુમારે (ઉં.વ. ૨૧) છેલ્લા બે-અઢી વર્ષથી



ચારિત્રધર્મનાં સ્વીકારની સઘળી પૂર્વ તૈયારી કરી લીધી હતી. તેમના ધર્મપ્રિય માતા-પિતાને પણ પોતાના વિનીત અને અત્યંત લાડકવાયા પુત્રને ઘરને આંગણે મહોત્સવ દીક્ષા અપાવવાનો થનગનાટ હતો. એમણે ગત માગશર સુદ ૯ના જે ઉમંગ અને ઉછરંગથી પોતાના કુલદીપકને દીક્ષા અપાવી તે પ્રત્યક્ષ જોનાર સહુને તેમના જિનશાસન પ્રત્યેના અદ્‌ભુત પ્રેમની પ્રતીતિ કરાવી જતો હતો. દીક્ષાર્થીના પિતા નેમચંદભાઈ તરફથી આ પ્રસંગે સિદ્ધચક્રપૂજન સહ પંચાહ્નિકા મહોત્સવ રાખવામાં આવ્યો હતો. પૂજા, ભાવના તથા સિદ્ધચક્રમહાપૂજનમાં જૈન આરાધક મંડળ, મહાવીર મંડળ, જૈન પ્રાચ્યવિદ્યા મહિલા મંડળ, સંગીતકાર ભૂરાભાઈ તથા કીશનભાઈની મંડળીએ તથા વિધિકારક ચીનુભાઈએ જિનભક્તિથી સહુને રસભીના કરી નાખ્યા હતા. પૂ.પં.શ્રી હિમાંશુવિજયજી મ.; પૂ.પં.શ્રી માનતુંગવિજયજી મ.ના પ્રભાવશાળી પ્રવચનો થયા. વ્યાખ્યાન, પૂજા, ભાવનાઓ તથા પ્રભાવના સારી થઈ. સુરેન્દ્રકુમારના સર્વત્યાગના આ મંગળ પ્રસંગે તેના માતા-પિતાએ જીવન પર્યંતનું બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું હતું.

વિશ્વનંદિકર સંઘે, આદીશ્વર જૈન સંઘે, વિરમગામ જૈનસંઘે તથા વિરમગામ મિત્રમંડળે ભાવભર્યા સન્માન સમારંભો યોજી સુરેન્દ્રકુમારનું બહુમાન કર્યું હતું. દીક્ષા બાદ સંઘજમણમાં શીખંડ-પુરી આદિ વિશિષ્ટ દ્રવ્યોથી સંઘભક્તિ કરવામાં આવી હતી. ચારિત્રધર્મની ગૌરવગાથાને ગાતા પટો, બોર્ડો પડદાઓથી દીક્ષામંડપ દર્શનીય બન્યો હતો. આ પ્રસંગને અનુલક્ષીને છપાયેલી ‘સંયમના સૌંદર્ય’ પુસ્તક તથા તેમાં છપાયેલા બે ગીતોએ એક નવો જ ઉત્સાહ પ્રગટાવ્યો હતો. દીક્ષાવિધિને અંતે સુરેન્દ્રભાઈનું નામ **મુનિશ્રી રાજરત્ન વિજયજી** રાખી પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કરાયા હતા. સોસાયટી વિભાગમાં ઉજવાયેલી આ દીક્ષા એક અનેરું ધર્મચૈતન્ય પ્રગટાવી ગઈ, સહુના દિલમાં ત્યાગ ધર્મનું ગૌરવ સ્થાપિત કરતી ગઈ.

● **ભોરલ :** અત્રે પૂ. સાધ્વીજી શ્રી હર્ષલતાશ્રીજી મ. ને ૫૦૦ સતત આંબેલનું પારણું સારું ઉજવાયું. સંઘ તરફથી ઓચ્છવ તથા સાધર્મિવાત્સલ્ય, ને સંસારી પુત્ર ભોગીલાલ વગેરે તરફથી સિદ્ધચક્રપૂજન થયું. પારણાના ચડાવામાં ૨૭૦૦ સામાયિક, ૧,૧૧,૦૦૦ નવકારજાપ, ૮૦૦ નવી ગાથા, ૧૦૧ એકાસણાં, ૫૦૦ બેસણાં, ૧૨૮ લાખ સ્વાધ્યાય, ૨૧૮૦ કલાક મૌન વગેરે થયું.

● **ખંભાત :** અત્રે પૂ. સાધ્વીજી શ્રી જયાનંદાશ્રીજી મ. તથા શ્રી ચંદ્રશીલાશ્રીજી મ. ને સતત ૫૦૦ આંબેલનાં પારણાંની ઉજવણી પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર

સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સુંદર થઈ. ભાઈશ્રી જયંતીલાલ શિવલાલ ધનાબાદવાળા તરફથી ૫ દિનનો ઓચ્છવ શાંતિસ્નાત્ર થયું. દમણવાળા શ્રી સોભાગચંદ નવલચંદ તરફથી પૂજા હતી. પોષ વદ ૧ પૂ. આચાર્યદેવશ્રીના વ્યાખ્યાન વખતે શ્રી ભાણાભાઈએ પૂ. સાધ્વીજી જયાનંદાશ્રીજી મ.નો પરિચય આપતાં જણાવ્યું કે 'પૂ. સાધ્વીજી મહારાજે ૧૧ વર્ષની ઉંમરે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના હસ્તે પોતાના મોટા ભાઈ હાલ પૂ. મુનિરાજશ્રી ધર્માનંદવિજયજી મ. તથા મોટી બહેન હાલ પૂ. સાધ્વીજીશ્રી નયાનંદાશ્રીજી મ. સાથે દીક્ષા લીધેલી; પૂ.સાધ્વીજી શ્રી ચંદ્રોદયાશ્રીજી મ. ના પ્રશિષ્યા બનેલા. પછી તો એમના બીજા મોટાભાઈ હાલ પૂ.મુ.શ્રી જયશેખરવિજયજી મ. તથા માતાજી અને બાકીની બે મોટી બેનોએ પણ દીક્ષા લીધેલી. કુટુંબમાં આ સૌથી નાના સાધ્વીજી મહારાજે ચારિત્રજીવનમાં ચત્તારિ અટ્ઠ તપ, સિદ્ધિ તપ, વરસી તપ, ૫૭ વર્ધમાન આંબેલ ઓળી, એમાં ૩૧મી ઓળીમાં માસખમણ, વીસ સ્થાનક તપ, વગેરે તપસ્યા કરેલી. અધ્યયનમાં સિદ્ધહેમ-વ્યાકરણ, પ્રાકૃત વ્યાકરણ, કાવ્યો, પ્રકરણો, ઉત્તરાધ્યયન, કર્મગ્રંથ, ન્યાય, વિશેષાવશ્યક વગેરે કરેલ. પૂ.સાધ્વીજી ચંદ્રશીલાશ્રીજી મ. નો પરિચય આપતાં જણાવ્યું કે 'એમની દીક્ષા ગોંડલમાં પૂ.આ.શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે થયેલી. એમણે પણ ઉપર મુજબ તપસ્યાઓ કરેલી.' વગેરે બંને પૂ. સાધ્વીજી મહારાજોના સંસારી કુટુંબીઓએ હાજર રહી સારી ભક્તિ કરેલી.

• **ખંભાત : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** મહુવા, તળાજા, ઘોઘા, ભાવનગર, શિહોર, વળા વગેરે થઈ અત્રે પોષ વદ ૧૩ પધારી ગયા છે. વિહારમાં સ્થળે સ્થળે પ્રવચનોનો વધુ લાભ આપવા રોકવાની વિનંતીઓ આગ્રહભરી; પરંતુ પૂ. સ્વ. ગુરુદેવની મૂર્તિની મહા સુદ ૫ ખંભાતમાં પ્રતિષ્ઠા હોઈ પૂ.પં.મ. ને ઝડપી વિહાર કરી આવવાનું હોવાથી વધુ રોકાણ થઈ શક્યા નહિ. ભાવનગરના વડવા, કૃષ્ણનગર વગેરેમાં સેંકડો ભાવિકોએ લાભ લીધો. દાદાસાહેબ ઉપાશ્રયમાં પ્રવચનમાં શહેરમાંથી પણ ઘણું લોક આવેલું. લોક કહેતા હતા કે 'આવા વ્યાખ્યાન તો શહેરમાં રાખવા જોઈએ.' પરંતુ સમય હતો નહિ. મિલમાલિક શેઠશ્રી ભોગીલાલ મગનલાલ તથા એમના સુપુત્ર શ્રી બકુભાઈ, શેઠશ્રી છોટાલાલ નાનચંદ વગેરેએ ખૂબ લાભ લીધો. કૃષ્ણનગરના એક ભાઈએ પોતાના ખર્ચે મે વેકેશનમાં ધાર્મિક શિક્ષણ શિબિર અત્રે કરાવવા ઈચ્છા બતાવી. શિહોરમાં પણ સંઘનો ઉલ્લાસ ભારે, શેઠશ્રી પ્રાગજીભાઈ ઝવેરચંદે ખૂબ લાભ લીધો; પંન્યાસજી મહારાજને શિબિર અને ચોમાસું અત્રે કરવા ખૂબ જ આગ્રહભરી વિનંતી કરી.





• **ખંભાત :** અત્રે પરમ શાસન પ્રભાવક વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ૮૫૦ આરાધકોનો ઉપધાનતપ સુંદર રીતે પૂર્ણ થયો, અને માળારોપણ મહોત્સવ અદ્ભુત ઉજવાયો. સાથે અત્રેના શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુના મંદિર પાસે બે નવનિર્મિત દેરીમાં સ્વ. કવિકુલકિરીટ પૂ. આચાર્યદેવશ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજની તથા સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની ભવ્ય મૂર્તિઓ અનુક્રમે રૂા. ૨૬૦૦૦૦) તથા રૂા. ૩૨૦૦૦ ની બોલીથી પ્રતિષ્ઠિત કરવામાં આવી. આ પ્રસંગે પૂ. આચાર્યદેવશ્રી ઉપરાંત પૂ.આ.શ્રી વિજય જંબુસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મ. આદિ લગભગ ૧૬૫ મુનિવરો, સેંકડો સાધ્વીજી મહારાજ તથા શ્રાવક-શ્રાવિકા સંઘ ઉપસ્થિત હતો.

અત્રે મહા સુદ ૨ સાદડીવાળા શ્રી હમીરમલજી તથા ધંધુકાવાળા કુમાર શ્રી કનૈયાલાલ અમીચંદની વર્ષીદાન વરઘોડા પૂર્વક ધામધૂમથી દીક્ષા થઈ, ભાઈશ્રી હમીરમલજીને પૂ.મુ.શ્રી ગુણવર્ધન વિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી હેમસુંદર વિજય તરીકે તથા ભાઈશ્રી કનુને પૂ. મુનિરાજશ્રી ચિરંતનવિજયજી મ.ના શિષ્ય મુનિશ્રી વિશ્વભૂષણવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા. મહા સુદ ૬ બોટાદ-અમદાવાદમાં દીક્ષિત ત્રણ પૂ. મુનિરાજોની વડીદીક્ષા થઈ, એમાં પૂ. મુનિશ્રી કનકસુંદર વિ. ને પૂ.મુ.શ્રી જગચ્ચન્દ્ર વિજયજીના શિષ્ય તરીકે તથા પૂ.મુ.શ્રી રાજરત્ન વિજયજીને પૂ.મુ. શ્રી મિત્રાનંદ વિજયજીના શિષ્ય તરીકે અને પૂ.મુ.શ્રી જયસુંદર વિ. ને પૂ.મુ.શ્રી જયઘોષ વિજયજી મ. ના શિષ્ય તરીકે જાહેર કરવામાં આવ્યા.

**અત્રે પ.પૂ.શ્રી ભાનુવિજયજી મહારાજને** કલકત્તા ભવાનીપુર જૈન સંઘ ત્યાં વિ.સં. ૨૦૨૬માં રૂા. ૬ લાખના ખર્ચે બંધાતા જિનમંદિરમાં પ્રભુજીની પ્રતિષ્ઠા કરવાના પ્રસંગે પધારવા અને રતલામના જૈન સંઘ ચાતુર્માસ અર્થે પધારવા વિનંતી કરવા આવેલ હતા. પૂ. આચાર્યદેવશ્રીની સમક્ષમાં વિનંતી થતાં કલકત્તા સંઘને તે દિશામાં વિહાર થવાનું કહેવામાં આવ્યું. વિહાર પ્રાયઃ મહા સુદ ૧૪ના થશે તથા રતલામ ચોમાસું પૂ.પં.શ્રી સુદર્શન વિજયજી મ.નું નક્કી કરવામાં આવ્યું.

• **ખંભાત :** પૂ.પં.શ્રી જયંતવિજયજી ગણિવરશ્રીને છેલ્લા ૨॥ વર્ષથી ૫૦૦ એકાંતર આયંબિલ તપ ચાલુ હતો. વાગરા મુકામે નિર્વિઘ્ન તપ પૂર્ણ થતાં શ્રી સંઘ તરફથી ૯૯ અભિષેકની મહાપૂજા ભણાવાઈ જીવદયા તથા પૂજાની ઊછામણી

સારી થઈ. આમોદ સંઘે બે દિવસ પૂજા-આંગી પ્રભાવનાનો લાભ લીધો. ખંભાત પધારતા પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ.આ. શ્રી વિજયજંબૂસૂરીશ્વરજી મ. આદિ વિશાળ મુનિગણના સાનિધ્યમાં ૫૦૮ આયંબિલ તપની અનુમોદના સહ સુખરૂપ પારણું થયેલ છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૨૨,તા.૮-૨-૧૯૬૯

● **ખંભાત :** અત્રેથી વ્યાખ્યાન-વાચસ્પતિ પૂ. અચાર્યદેવશ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં મુંબઈવાળા શેઠશ્રી ગોવિંદજી ખોના તરફથી મહા સુદ ૧૩ થી સિદ્ધગિરિજી તરફ સંઘયાત્રાનું ભવ્ય પ્રયાણ થયું. મુંબઈ અને બીજેથી સુખી શ્રાવકો પણ છ'રી પાળતા આ સંઘમાં જોડાયા છે. ગોવિંદજીભાઈએ વિધિસર જિનબિંબ ભરાવેલાં; ભવ્ય મહોત્સવ સાથે માટુંગામાં એની અજંનશલાકા પોતાના તરફથી ઉજવાયેલી; અને હવે શ્રી સિદ્ધગિરિ પર પોતાના તરફથી તૈયાર થઈ રહેલ નૂતન મંદિરમાં બિરાજમાન કરવા માટે આ જિનબિંબોને આ સંઘયાત્રા સાથે લઈ જવાઈ રહ્યા છે.

પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજ તથા પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ. ને પિંડવાડા સંઘે અત્રે આવી પિંડવાડે પધારવા વિનંતી કરવા આવ્યો. ત્યાં પધારી પૂ. સ્વ. સિદ્ધાંતમહોદધિ આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની વિશાળ સ્મૃતિ મંદિરમાં એઓશ્રીની ભવ્ય મૂર્તિનું તથા પૂજ્યશ્રીના જીવન પ્રસંગોના પટ, શ્રી પ્રભુથી પાટપરંપરાના આચાર્યોનો મૂર્તિપટ, પૂજ્યશ્રીનું વિશાળ વશવૃક્ષ તથા ભારતના તીર્થાધિપતિઓનો ચિત્રપટ, વગેરેનું નિર્માણ કરવામાં માર્ગદર્શન આપવા રહેવા વિનંતી કરી; સાથે આવતી મે વેકેશનમાં પિંડવાડે મેટ્રિક કૉલેજના વિદ્યાર્થીઓનું ધાર્મિક શિક્ષાયત ભરાથ તો એ માટેનો લાભ લેવા નક્કી કર્યું. અત્રેથી બંને પૂ. પંન્યાસજી મહારાજનો મહા વદ ૩ સવારે પિંડવાડા તરફ વિહાર છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૨૬,તા.૮-૩-૧૯૬૯

● **હિંમતનગર :** પૂ. ગુરુદેવશ્રી **પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય** દહેગામથી ધારિસણ પધારતાં ત્યાંના વતની હાલ-અમદાવાદ ઉસ્માનપુરામાં રહેતા શ્રી કાંતીલાલ લીલાચંદ, રમણલાલ વગેરેએ ભવ્ય સ્વાગત કર્યું. બે પ્રવચનો થયેલ. ત્યાંથી પ્રાંતીજ



પધાર્યા. ત્યાં પ્રવચન થયું. પી એન્ડ આર હાઈસ્કૂલમાં બપોરે પ્રવચન થતાં સેંકડો વિદ્યાર્થીઓ તથા શિક્ષકો પ્રભાવિત થયા. ત્યાંથી હિંમતનગર જૈન સંઘની વિનંતીને માન આપી તા. ૨૮-૨-૬૯ના પૂ. ગુરુદેવશ્રી પં.શ્રી ભાનુવિજયજી ગણિવર્ય આદિ હિંમતનગર પધારતાં જૈન-જૈનેતરમાં આનંદ આનંદ વર્તી ગયો. વાજતે ગાજતે જાહેર રસ્તાઓ ઉપર થઈ કેટલીએ ગહુંલીઓના સ્વાગત સાથે નવિન ઉપાશ્રયમાં પધાર્યા. શિબિરના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને શ્રી જૈન સંઘ મારફત નક્કી કરેલ. કાર્યક્રમ મુજબ બે દિનની જ્ઞાન શિબિર યોજવામાં આવેલ. પ્રથમ પ્રવચન **'સુખની શોધ'** પર થયું. બપોરે સ્વ. મણીલાલ કોલસાવાળાના સ્મરણાર્થે રાગ-રાગીણીમાં પૂજા ભણાવતા સંઘના હૈયા હેલે ચડ્યાં. રાત્રે **'કર્મના સિદ્ધાંત'** પર પ્રવચનમાં ભાઈઓની ભરપૂર હાજરી. બીજી સવારે શ્રી હિંમત હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને અનુલક્ષી **'વિદ્યા અને પ્રાર્થનાનું મહત્ત્વ'**, બપોરે જાહેર જનતા માટે **'અહિંસા પરમો ધર્મ'** રાત્રે **'દુ:ખ નિવારણ અને સદ્‌ગુરુની શોધ'** એ વિષયો પર પ્રવચનો થયા. માનનીય કલેકટર સા.શ્રી. ડી.એસ.પી., મા. પ્રોફેસરો, વન અધિકારી, ડૉક્ટરો, વકીલો તથા અન્ય ઓફીસરો, વેપારી વર્ગ અને જાહેર જનતાએ ઉલટભેર લાભ લીધો. અનેક વ્રત પચ્ચક્ખાણ લેવાયા. શાળાના સેંકડો વિદ્યાર્થી-વિદ્યાર્થીઓએ માતા-પિતાને પ્રભાતે પગે લાગવાનો નિયમ લેતાં હેડમાસ્ટર તથા મા-બાપ પ્રભાવિત થયા. પૂજ્યશ્રીના જ્ઞાન તથા વ્યાખ્યાન શૈલીથી આકર્ષાઈ શ્રીરામ થીયોસોફીસ્ટ સોસાયટીના પ્રમુખશ્રી તથા કાર્યકરોએ વિનંતી કરતાં એને માન આપી રવિવારે સવારે **'જીવનનો વિકાસ'** અને બપોરે વિહાર થતાં ૧-૧ાા માઈલ દૂર મહેતાપુરા પરામાં રામજીમંદિરમાં **'શાંતિનો માર્ગ આત્માને ઓળખો'** એ વિષય પર એમ બે પ્રવચન થયા. રોચક જિનવાણીના અખંડ પ્રવાહથી ખેંચાઈ લોક દૂર સુધી આવેલ. છેલ્લું જાહેર પ્રવચન ૬ માઈલ દૂર વકતાપૂર ગામે શ્રી જૈન સંઘની વિનંતીથી રખાયેલ. ત્યાંના કોઠારી શેઠ તરફથી હિંમતનગરથી આવેલાઓને જમવાની તથા રાત્રે હિંમતનગર પહોંચાડવાની વ્યવસ્થા કરાયેલ. પૂજ્યશ્રી વકતાપુરથી ૧૨ માઈલ સળંગ વિહાર કરી ઈડર પધારેલ. સંઘે સ્વાગત કર્યું. તા. ૪ના પૂ. મુનિરાજશ્રી યોગિન્દ્રવિજયજી મ. ને વર્ધમાન આંબેલતપ ૯૮મી ઓળીનું પારણું સુખરૂપ થયું. દહેગામ તથા હિંમતનગર જૈન સંઘના ભાઈઓ આવેલ. મારવાડથી તેમના સંસારી પુત્ર-પૌત્ર પણ ઉપસ્થિત થયેલ. ગઢની યાત્રા કરી બપોરે પૂજ્યશ્રીનું જૈન વાડીમાં **'આત્માની ઓળખ'** એ વિષય પર જાહેર પ્રવચન થયેલ. ઓફીસરો-વેપારીઓ-જીલ્લા પંચાયત પ્રમુખ તથા વિરાટ મેદની એકત્રીત થયેલ. વદ-૧ સવારે હાઈસ્કૂલના

પટાંગણમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા બીજા ભાઈ-બેનોની સમક્ષ પ્રવચનમાં **'માનવ મનનું અને વિદ્યાનું મહત્ત્વ'** દૃષ્ટાંત દલીલોથી સમજાવાયું. સેંકડો વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ પ્રભાતે માતા-પિતાને પગે લાગવાનો નિયમ કરેલ. બપોરે અષ્ટાપદજીની ભવ્ય પૂજા રખાયેલ.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૨૭,તા.૧૫-૩-૧૯૬૯

● **પાલીતાણા :** વ્યા.વા. પરમ શાસન પ્રભાવક પૂ. આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શેઠશ્રી ગોવિંદજી ખોનાનો યાત્રિક સંઘ ખંભાતથી ગામે ગામ સુંદર શાસન પ્રભાવના કરતો પાલીતાણા ફા.સુ. ૫ પહોંચ્યો. રસ્તામાં વલભીપુરમાં શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ તરફથી ૫ પકવાન્નનું સુંદર સંઘજમણ અપાયેલું. ભાવનગર શિહોર વગેરેથી પણ સારું માણસ આવેલું. પાલીતાણામાં ભવ્ય પ્રવેશ થયો. સંઘ યાત્રિકો તરફથી પણ ગામેગામ સુકૃત લાભ લેવા અર્થે રૂા. ૩૫ હજારની ટીપ થયેલી. દરેક ગામે સંઘવી તરફથી તેમજ આ ટીપમાંથી અપાતી છતાં જીર્ણોદ્ધાર ઉપાશ્રય આદિમાં માંગ હોવાથી પૂ. આચાર્યદેવશ્રીએ ઉપદેશ કરતાં નવી રૂા. ૪૦ હજાર જેટલી ટીપ થઈ. માળ વખતે પૂ. આચાર્યદેવશ્રી ચાલીને ગિરિરાજ ઉપર પધાર્યા હતા. રૂા. ૩૪૦૦ તથા રૂા. ૧૭૫૧ની બોલીથી સંઘવીને માળારોપણ થયું. સંઘવી તરફથી દરેક યાત્રિકના દૂધે પગ ધોઈ રૂા. ૧૧ની પહેરામણી થઈ. સાદડીવાળા શ્રી કપૂરચંદજી તરફથી તળાજામાં નવપદજી ઓળી પર પધારવા પૂજ્યશ્રીને વિનંતી તથા તે સ્વીકારાઈ હતી. તે પછી પ્રાયઃ એમના તરફથી પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધાચલજીનો સંઘ લઈ આવવા વિચારણા છે. ફા. ચોમાસી વ્યાખ્યાન વખતે કલકત્તાવાળા કાંકરિયા હરખચંદજીએ આગામી ચાતુર્માસ પાલીતાણામાં કરવા પૂજ્ય આચાર્યદેવશ્રીને વિનંતી કરી. પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'અત્યારે સંયોગો એવા જ છે. ખાસ કોઈ શાસનનું વિશિષ્ટ કાર્ય નહિ હોય તો રહીશું.' આ રીતે જય બોલાઈ. ફા.વ. ૮ પછી તળાજા તરફ વિહાર થવા વકી છે. પૂ. આચાર્યદેવના પગે તકલીફ હોઈ ફોટો લેવાતાં પગના બંને ભાગમાં હાડકી વધવાનું નિદાન થયું છે.

● **ઈડર :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** પધારતા સંઘે સારો લાભ લીધો. હાઈસ્કૂલમાં પણ વ્યાખ્યાન થયું. દહેગામથી શ્રી રતિભાઈ વગેરેએ આવી, પૂ. પંન્યાસજી મહારાજે દહેગામમાં સુચવ્યા મુજબ, કાનજીપંથના મંદિરની સામે આપણું **ભવ્ય જિનમંદિર બંધાવવાનો નિર્ણય દર્શાવ્યો.** અને એ અંગે વિશેષ માર્ગદર્શન લેવા પિંડવાડા આવવાનું કહી ગયા. પૂજ્યશ્રી વિહાર કરી વડાલી પધારતાં ત્યાં



મુંબઈથી ખેતાજી ધનાજીની કુ.વાળા શેઠ ચુનીલાલજી તરફથી વરકાણા પાસે પોતાના વતન દાદાઈમાં ગ્રીષ્મની ધાર્મિક શિક્ષણ શિબિર ભરવા માગણી આવી. પૂજ્યશ્રી ત્યાંથી ખેડબ્રહ્મા થઈ ખેરોજ પધારતાં સંઘે પૂજા વ્યાખ્યાન શ્રવણનો સારો લાભ લીધો. ૯ લાખ નવકાર અને ૫૦૦ આંબેલના નિયમો લીધા. પૂજ્યશ્રી મોટા પોશીનાજી થઈ પિંડવાડા ફા.વ.૧૩ લગભગ પધારવા વકી છે.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૨૮,તા.૨૨-૩-૧૯૬૯

● **પિંડવાડા : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજનો** અત્રે ફા.વ. ૧૩ સંઘના સ્વાગત સાથે પ્રવેશ થયો. ચૈત્રી ઓળી સિદ્ધચક્ર પૂજન અઠ્ઠાઈ મહોત્સવ વગેરે અંગે સંઘની વિનંતી હોઈ એઓશ્રી અત્રે ૨૨ ઠાણા સાથે બિરાજમાન છે. અમદાવાદથી ઇડરના રસ્તે અત્રે પધારતાં પૂ.પંન્યાસજી મહારાજને એવો અનુભવ થયો કે દહેગામ હિંમતનગર પ્રાંતીજ ઇડર વડાલી ખેડબ્રહ્મા વગેરે મોટા તથા બીજા ધારીસણા, ધડકણ, સલ્કી, ખેરોજ, લાંબોડિયા વગેરે નાના ગામોમાં લોકોમાં ધર્મની ભૂખ સારી; જૈન જૈનેતરો ધર્મશ્રવણ ખૂબ પ્રેમથી કરે; હાઈસ્કૂલોમાં વિદ્યાર્થીઓ પણ નૈતિકતા અને ધાર્મિકતા પર સારું સાંભળે; પરંતુ આ પ્રદેશમાં મુનિઓના વિહાર ઓછા તેથી બિચારા ધર્મપાનથી વંચિત રહે છે. બાકી મારવાડ જવા માટે પણ વિહારનો આ રસ્તો સારો અને સગવડભર્યો છે. ઇડરથી આગળ મોટા પોશીના આવે છે, ત્યાંથી જંગલના પહાડના રસ્તે વીસેક માઈલથી સીધું રાજસ્થાન રોહિડા અવાય છે. અથવા મોટા પોશીનાથી ૧૭ માઈલે કુંભારિયાજી અને ત્યાંથી ૧૪ માઈલે આબુરોડ-ખરેડી અવાય. રસ્તો ડામરી સડકનો છે. મોટા પોશીના એક અદ્ભુત તીર્થ છે. ચાર શિખરબંધી ભવ્ય દેરાસરોમાં પ્રભુશ્રી પાર્શ્વનાથ વગેરેના મોટા અલૌકિક પ્રાચીન ભવ્ય બિંબો છે. દરેકની વિશિષ્ટ મુખાકૃતિ છે. એકેક પ્રભુ પાસે દિવસો સુધી કલાકોના કલાકો બેસી ભક્તિધૂન અને ધ્યાન મચાવીએ એમ થયા કરે, અત્રેનો નાનો ૧૬ ઘરનો પણ સંઘ વાર્ષિક રૂા. ૪૦૦૦ નો ખર્ચ નભાવી સુંદર વ્યવસ્થા બજાવે છે. લાભના અર્થીઓએ અત્રે લાભ લેવા જેવો.

પૂ.પંન્યાસજી મહારાજની સાથે પાંચ વર્ષથી રહેતા ભાઈશ્રી શાંતિલાલને હવે દીક્ષા આપવા માટે એમના પિતાશ્રી ભૂરમલજીએ તથા માતાએ અત્રે આવી સંઘ વચ્ચે પૂ.પંન્યાસજી મ. ને વિનંતી કરી, અને એ માટે પોતાના ગામ ખોડ (પાલી પાસે) પધારવા આગ્રહ કર્યો. મે વેકેશનની ધાર્મિક શિક્ષણ શિબિર પિંડવાડા

સંઘે તા. ૨૫-૪-૬૯ થી ૧૫-૫-૬૯ સુધી અત્રે કરવા નક્કી કરેલ છે.

• **શિવગંજ :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને આમવાત મંદાગ્નિના પ્રબળ પ્રકોપને લીધે વિસલપુરમાં તબીયત ગંભીર બનેલી. દવા પાણી વગેરે જે લેવાય તે અદ્ધર રહે. પરંતુ ત્યાંના અનુભવી શ્રાવક વૈદ્યના ઉપચારથી મળશુદ્ધિ થતાં હવે સુધારા ઉપર છે. અશક્તિ બહુ છે. હાલમાં અત્રે જ સ્થિરતા કરશે.

• • •

## જૈન સાધુ

**મુમુક્ષુ કિશોરભાઈ તથા મુમુક્ષુ જિતેન્દ્રભાઈની દીક્ષાના દિવસે સૌ પ્રથમ ગવાયેલું ગીત- બોટાદ. રચનાકાર- પ્રવિણભાઈ દેસાઈ, વિ.સ. ૨૦૨૫**

**(રાગ : જહાં ડાલ ડાલ પર સોનેકી ચીડીયાં...સિકંદરે આઝમ)**

**જેના રોમરોમથી ત્યાગ** અને સંયમની વિલસે ધારા,
આ છે અણગાર અમારા...

**"अज्ञान तिमिरान्धानां, ज्ञानांजन शलाकया,**
**नेत्रं उन्मीलितं येन, तस्मै श्री गुरुवे नमः ।"**

જેના રોમ રોમથી...
દુનિયામાં જેની જોડ જડે ના એવું જીવન જીવનારા,
**આ છે અણગાર અમારા** (૨)
સામગ્રી સુખની લાખ હતી, સ્વેચ્છાએ એણે ત્યાગી,
સંગાથ સ્વજનનો છોડીને, સંયમની ભિક્ષા માગી, (૨)
દીક્ષાની સાથે પાંચ મહાવ્રત અંતરમાં ધરનારા. આ છે૦...
ના પંખો, વીંઝે ગરમીમાં, ના ઠંડીમાં કદિ તાપે,
ના કાચા જળનો સ્પર્શ કરે, ના લીલોતરીને ચાંપે, (૨)
નાનામાં નાના જીવતણું પણ, સંરક્ષણ કરનારા, આ છે૦...
જૂઠું બોલીને પ્રિય થવાનો વિચાર પણ ના લાવે,
યા માન રહે, યા સત્ય કહે, પરિણામ ગમે તે આવે, (૨)
જાતે ના લે કોઈ ચીજ કદિ જો આપો તો લેનારા, આ છે૦...
ના સંગ કરે કદિ નારીનો, ના અંગોપાંગ નિહાળે,
જો જરૂર પડે તો વાત કરે પણ, નયનો નીચાં ઢાળે, (૨)
મનથી વાણીથી કાયાથી વ્રતનું પાલન કરનારા, આ છે૦...
ના સંગ્રહ એને કપડાનો, ના બીજા દિવસનું ખાણું,
ના પૈસા એની ઝોળીમાં, ના એના નામે થાણું, (૨)
ઓછામાં ઓછા સાધનમાં સંતોષ ધરી રહેનારા, આ છે૦...
ના છત્ર ધરે કદિ તડકામાં, ના ફરે કદિ વાહનમાં,
મારગ હો ચાહે કાંટાળો, પહેરે ના કાંઈ પગમાં, (૨)
હાથેથી સઘળા વાળ ચૂંટી માથે લૂંચન કરનારા, આ છે૦...
કલ્યાણ જીવોનું કરવા કાજે વિચરે દેશવિદેશે,
ના રાય-રાક, ના ઊંચ-નીચ, સરખા સૌને ઉપદેશે, (૨)
અપમાન કરો યા સન્માનો, સમતા ભાવે રહેનારા, આ છે૦...
ના દેહતણી દરકાર કરે, અઘરા તપને આચરતા,
અભ્યાસ ક્રિયા ને ભક્તિથી, આતમને ઉન્નત કરતા, (૨)
આરાધનામાં આયુષ્ય વિતાવી ઉચ્ચગતિ વરનારા, આ છે૦...

• • •

**જૈન યુવાનોને વેકેશનમાં તત્ત્વજ્ઞાનની કમાણીનો અવસર...**
**તા. ૨૫-૪-૬૯ થી ૧૫-૫-૬૯ સુધી.**

## શ્રી પિંડવાડા જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ

પત્રવ્યવહાર
કુમારપાળ વિ. શાહ ૬૮, ગુલાલવાડી, ત્રીજે માળે, મુંબઈ-૪

માનવ જીવનમાં ધાર્મિક શિક્ષણનું ઘણું મહત્ત્વ છે. આપણી ઉન્નતિની આધાર-શિલા સમ્યક્ શિક્ષણ છે. આજે ચોતરફ શિક્ષણ માટે સંસ્થાઓ અને સાધન સામગ્રી તથા ખર્ચમાત્રા વધી રહ્યા છે, પરંતુ વ્યક્તિ સમાજ યા રાષ્ટ્રનું વ્યક્તિગત અને સમષ્ટિગત નૈતિક અને આધ્યાત્મિક પતન થઈ રહ્યું છે. એનું કોઈ મુખ્ય કારણ હોય તો સમ્યગ્ જ્ઞાનનો અભાવ છે. ભૌતિકવાદની ઈંદ્રજાળમાં ફસાતા યુવાન વર્ગને ઉગારી લેવા માટે અને એમનામાં આત્મા-પરમાત્મા અને ધર્મની શ્રદ્ધા, આચાર ઘડતર, ચારિત્ર ઘડતર તથા બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન જરૂરી છે. એ માટે છેલ્લાં સાત વર્ષથી સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર **પંન્યાસ શ્રી**

**ભાનુવિજયજી ગણિવરના** સાંનિધ્યમાં મે વેકેશનમાં ધાર્મિક શિક્ષાયતનો યોજાતા રહ્યા છે. જેથી ગામો ગામના મેટ્રિક કોલેજના વિદ્યાર્થીઓમાં સુંદર પરિણામો જણાયાં છે. વિદ્યાર્થીઓ માતા-પિતાના ભક્ત દેવગુરુના સેવક તથા ધર્મના આરાધક બન્યા છે.

આ વર્ષે પણ તા. ૨૫-૪-૬૯ થી તા. ૧૫-૫-૬૯ સુધી એવા પ્રકારનું ધાર્મિક શિક્ષાયતન રાજસ્થાનના પિંડવાડા નગરે (સ્ટે. સિરોહીરોડ) યોજવાનું નક્કી કર્યું છે. આ શિક્ષાયતનમાં જૈન મેટ્રિક કોલેજના યુવાનોને શ્રદ્ધા યુક્ત ચારિત્ર્ય ઘડતર, આચાર ઘડતર સાથે જૈન તત્ત્વજ્ઞાનના વિષયોનું શિક્ષણ સંગીતમય સમૂહ પ્રાચીન સ્તવન ગીતગાન પૂર્વક રોચક કથા-દૃષ્ટાન્ત-તર્ક દ્વારા મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ આપવામાં આવશે. આ શિક્ષાયતન યુવાનોના હૃદય અને મસ્તિષ્કમાં વિશ્વહિતકર અને અનંત કલ્યાણપ્રદ જૈન સંસ્કૃતિનું ભાન કરાવનાર સફળ પ્રયોગરૂપ છે. જૈન કુળમાં જનમવું, જાણવું અને એ રીતે જીવવું એ કેટલું મોટું સદ્‌ભાગ્ય છે તેનું ભાન આજના યુવાનોને કરાવવાનો હેતુ આ શિક્ષાયતનનો છે.

જૈન સંઘ ધર્મક્ષેત્રોની ભક્તિ કરવામાં હંમેશાં આગળ છે. બાળકો અને યુવાનોને સુસંસ્કારી અને ધર્મશ્રદ્ધા સંપન્ન બનાવવાનું આ કાર્ય ઉત્તમ પ્રકારની શ્રાવક સંઘની ભક્તિ કરવા રૂપે એક મહાન સાધર્મિક વાત્સલ્ય છે. સંઘનો ભાવિક વર્ગ આ પવિત્ર કાર્યની સરળતામાં સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહે છે.

શિક્ષાયતનમાં ભાગ લેવા ઇચ્છતા યુવાનોએ ઉપરોક્ત સ્થાનેથી પ્રવેશ ફોર્મ મંગાવી ભરીને સત્ત્વરે ડીપોઝીટના રૂા. ૫/- સાથે મોકલી આપવું, રહેવા-જમવા આદિની સંપૂર્ણ વ્યવસ્થા સમિતિ તરફથી સાધર્મિક ભક્તિરૂપે કરાશે. વિદ્યાર્થીઓને માથે પ્રવાસ ખર્ચ રહેશે. સવિશેષ માહિતી માટે પત્ર વ્યવહાર કરવો.

**લિ. શ્રી પિંડવાડા જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ.**

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૨૮,તા.૨૨-૩-૧૯૬૯

જૈન યુવાનોને વેકેશનમાં તત્ત્વજ્ઞાનની કમાણીનો અવસર

તા. ૨૫-૪-૬૯ થી ૧૫-૫-૬૯ સુધી

## શ્રી પિંડવાડા જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ

પત્રવ્યવહાર - **કુમારપાળ વિ. શાહ,** ૬૮, ગુલાલવાડી, **મુંબઈ-૪.**

માનવ જીવનમાં ધાર્મિક શિક્ષણનું ઘણું મહત્ત્વ છે. આપણી ઉન્નતિની આધાર



શિલા સમ્યક્ શિક્ષણ છે. આજે ચોતરફ શિક્ષણ માટે સંસ્થાઓ અને સાધન સામગ્રી તથા ખર્ચ માત્ર વધી રહ્યા છે, પરંતુ વ્યક્તિ સમાજ યા રાષ્ટ્રનું વ્યક્તિગત અને સમષ્ટિગત નૈતિક અને આધ્યાત્મિક પતન થઈ રહ્યું છે. એનું કોઈ મુખ્ય કારણ હોય તો સમ્યગ્ જ્ઞાનનો અભાવ છે. ભૌતિકવાદની ઇન્દ્રજાળમાં ફસાતા યુવાન વર્ગને ઉગારી લેવા માટે અને એમનામાં આત્મા-પરમાત્મા અને ધર્મની શ્રદ્ધા, આચાર ઘડતર, ચારિત્ર ઘડતર તથા બૌદ્ધિક, નૈતિક અને આધ્યાત્મિક ઉત્થાન જરૂરી છે. એ માટે છેલ્લા સાત વર્ષથી સિદ્ધાંત મહોદધિ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર **પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવરના** સાંનિધ્યમાં મે વેકેશનમાં ધાર્મિક શિક્ષાયતનો યોજાતા રહ્યા છે. જેથી ગામો ગામના મેટ્રિક કૉલેજના વિદ્યાર્થીઓમાં સુંદર પરિણામો જણાયાં છે. વિદ્યાર્થીઓ માતાપિતાના ભક્ત દેવગુરુના સેવક તથા ધર્મના આરાધક બન્યા છે.

આ વર્ષે પણ તા. ૨૫-૪-૬૯ થી તા. ૧૫-૫-૬૯ સુધી એવા પ્રકારનું ધાર્મિક શિક્ષાયતન રાજસ્થાનના પિંડવાડા નગરે (સ્ટે સિરોહી રોડ) યોજવાનું નક્કી કર્યું છે. આ શિક્ષાયતનમાં જૈન મેટ્રિક કૉલેજના યુવાનોને શ્રદ્ધા યુક્ત ચારિત્ર્ય ઘડતર, આચાર ઘડતર સાથે જૈન તત્ત્વજ્ઞાનના વિષયોનું શિક્ષણ સંગીતમય સમૂહ પ્રાચીન સ્તવન ગીતગાન પૂર્વક રોચક કથા-દૃષ્ટાંત-તર્ક દ્વારા મનોવૈજ્ઞાનિક પદ્ધતિએ આપવામાં આવશે. આ શિક્ષાયતન યુવાનોના હૃદય અને મસ્તિષ્કમાં વિશ્વહિતકર અને અનંત કલ્યાણ પ્રદ, જૈન સંસ્કૃતિનું ભાન કરાવનાર સફળ પ્રયોગરૂપ છે. જૈન કુળમાં જનમવું જાણવું અને એ રીતે જીવવું એ કેટલું મોટું સદ્‌ભાગ્ય છે તેનું ભાન આજના યુવાનોને કરાવવાનો હેતુ આ શિક્ષાયતનનો છે.

જૈન સંઘ ધર્મક્ષેત્રોની ભક્તિ કરવામાં હંમેશાં આગળ છે. બાળકો અને યુવાનોને સુસંસ્કારી અને ધર્મશ્રદ્ધા સંપન્ન બનાવવાનું આ કાર્ય ઉત્તમ પ્રકારની શ્રાવક સંઘની ભક્તિ કરવા રૂપે એક મહાન સાધર્મિક વાત્સલ્ય છે. સંઘનો ભાવિક વર્ગ આ પવિત્ર કાર્યની સફળતામાં સંપૂર્ણ સહયોગ આપવા તત્પર રહે છે.

શિક્ષાયતનમાં ભાગ લેવા ઇચ્છતા યુવાનોએ ઉપરોક્ત સ્થાનેથી પ્રવેશ ફોર્મ મંગાવી ભરીને સત્ત્વરે ડીપોઝીટના રૂા. ૫/- સાથે મોકલી આપવું. રહેવા-જમવા આદિની સંપૂર્ણ વ્યવસ્થા સમિતિ તરફથી સાધર્મિક ભક્તિરૂપે કરાશે. વિદ્યાર્થીઓને માથે પ્રવાસ ખર્ચ રહેશે. સવિશેષ માહિતી માટે પત્ર વ્યવહાર કરવો.

લિ. **શ્રી પિંડવાડા જૈન ધાર્મિક શિક્ષાયતન સમિતિ.**

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૩૧,તા.૧૨-૪-૧૯૬૯

● **પિંડવાડા :** અત્રે ધાર્મિક શિક્ષણ શિક્ષાયતન તા. ૨૫-૪-૬૯થી શરૂ થનાર છે. એ અંગેની તૈયારીઓ ચાલી રહી છે. વિદ્યાર્થીઓની સુંદર સાધર્મિક ભક્તિ થાય, એમને ઊતરવા-રહેવાની સારી સગવડ થાય, બીજી પણ સગવડો સચવાય અને સારી રીતે તત્ત્વજ્ઞાન-મોક્ષમાર્ગ બોધ-યોગ ધ્યાનની તાલિમ વગેરે પામી જાય એ માટે સંઘને ઊછરંગ સારો છે. ખોડવાળા મુમુક્ષુ શાંતિલાલ તથા એમની બેનની દીક્ષા અત્રે થવા સંભવ છે.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૩૨,તા.૧૯-૪-૧૯૬૯

● **શંખેશ્વર :** અત્રે પિંડવાડાવાળા મહેતા શ્રી રીખબદાસજી અમીચંદજી તરફથી ચૈત્રી ઓળીનો અભૂતપૂર્વ ઉત્સવ ઉજવાઈ ગયો. ઓળીના આરાધકો સાડી બારસોની સંખ્યામાં થયા. આરાધના કરાવવા માટે પૂ.પં.શ્રી જયંતવિજયજી મહારાજ, પૂ.પં.શ્રી હિમાંશુવિજયજી મહારાજ, પૂ.પં.શ્રી નરરત્ન વિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજ વગેરેને વિનંતી કરેલી અને તેઓશ્રી પધાર્યા હતા. કુલ સાધુ સાધ્વીજી મહારાજના ૧૨૫ ઠાણા ઉપસ્થિત હતા. એમાં પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજના 'નવપદ' અંગેના જોરદાર વ્યાખ્યાનોથી ધર્મની ખૂબ જ પ્રભાવના થઈ. ઓળી કરાવનાર શેઠશ્રી રીખબાજી મુતાએ ઉદારતા એટલી બધી રાખેલી કે એમણે બેડાવાળા શ્રી લાલચંદજી રાજમલને બધો કારભાર સોંપી દીધેલો અને કહેલું કે 'સારું થાય એવું કરો મને કશું પૂછવાનું રાખશો નહીં.' પ્રારંભ રોજ ૧૦૦-૨૦૦ મહેમાનો, પછી વધતાં વધતાં પૂનમે ૬૦૦૦ મેમાનો થયેલા. એમના માટે મીઠું રસોડું ચાલતું. બહારથી બે યાત્રા સંઘ આવ્યા. એમની તથા લગભગ ૫૦૦ અઠ્ઠમ થયા એમની પણ ભક્તિ સુંદર કરવામાં આવી. રોજ પૂજાઓ ભવ્ય ભણાવાતી, ઉપરાંત રાતના શ્રીપાલ રાસનું વાંચન શ્રી બાબુભાઈ કડીવાળા સુંદર કરતા. એમાં નવસારીવાળા નટવરલાલ ગવૈયાની સંગીત મંડળીના વિવિધ વાદ્યના મધુરનાદો સાથેનું ગીત-વિવેચન શ્રોતાના દિલ ડોલાવતું. એકમના સંઘ જમણમાં ૪૫૦૦ ભવ્યાત્માઓનો લાભ લીધો. ઓળી તેમજ અઠ્ઠમના તપસ્વીઓને રૂા. ૧-૧ની પ્રભાવના કરી અને પોતાના ખર્ચે પિંડવાડા અને પરગણાથી લઈ આવેલા લગભગ ૨૦૦ જણને રૂા.



૨-૨ની વધારાની પ્રભાવના કરી. સાથે તપસ્વીઓને શેઠશ્રી ચુનીલાલજી ગુલાબચંદજી તરફથી રૂા. ૧-૧ની અને ફલોધિવાળા શેઠશ્રી સંપતલાલજી લક્ષ્મીચંદજી તરફથી પણ રૂા. ૧-૧ની પ્રભાવના થઈ.

## "દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૩૬,તા.૧૭-૫-૧૯૬૯

● **પિંડવાડા :** સ્વ. વિશાળગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ.આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની **પ્રથમ સ્વર્ગારોહણસંવત્સરીની** ઉજવણી નિમિત્તે અત્રેના શ્રી સંઘ તરફથી પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ., **પં.શ્રી ભાનુવિજયજી મ.** આદિ ૫૦ મુનિ મંડળની નિશ્રામાં અષ્ટાહ્નિકા મહોત્સવ સહિત શાંતિસ્નાત્રના ભવ્ય સમારોહનું આયોજન કરવામાં આવ્યું. રોજ નવનવી અંગરચનાઓ થવા ઉપરાંત શિક્ષાયતનનાં ૨૦૦ વિદ્યાર્થીઓ પિંડવાડાની શેરીએ શેરીએ પૂજ્યશ્રીના ગુણગાન કરતા. પ્રભાતે ફેરીરૂપે ફરતા. વૈ.વ.૯ના રોજે ભવ્ય વરઘોડો નીકળ્યો. ઈન્દ્રધજા, અલંકૃત ઘોડાઓ, સાબેલા, કુમારિકાઓના મસ્તકે ચાંદીના સ્વપ્ન, ગગનગજાવતું બેન્ડ, ૫૦ મુનિવરો સહિત વિશાળ સાજન, પછી મોટર પર પૂ. આચાર્યદેવશ્રીની મોટી પ્રકૃતિની પાછળ શિબિર વિદ્યાર્થીઓની રાસડારૂપે ગુણગાન-ધૂન એ પછી વિપુલ નારી સમુદાય વગેરેથી ખૂબ શોભિત બનેલ. વરઘોડાને નિરખવા પિંડવાડાની જનતા ઊમટી પડી હતી. પૂજ્યશ્રીના ગુણાનુવાદ માટે ત્રણ જાહેર સભાઓ થઈ. એમાં ગૃહસ્થો તથા મુનિ મહારાજોએ સ્વર્ગસ્થ પૂજ્યશ્રીને અનુપમ ગુણભંડાર અનન્ય સંયમસાધક, પરમ સંઘવાત્સલ્યધારક, યથાર્થ વિશાળ ગચ્છનેતા તથા અદ્ભુત ઉપકારક તરીકે અંજલી આપી. વૈ.વ.૧૧ શિક્ષાયતનના ઘણા વિદ્યાર્થીઓએ પણ સ્વ. પૂજ્યશ્રીના નિમિત્તે ઉપવાસાદિ તપસ્યાઓ કરી. બપોરે શાંતિસ્નાત્ર થયું. શ્રી ધાર્મિક શિક્ષાયતન સુંદર ચાલી રહ્યું છે. વચમાં બે વખત પરીક્ષા લેવાઈ વિસ્તૃત અહેવાલ હવે પછી આવશે.

● **મુંબઈ :** અત્રે પણ સ્વ.પૂ.ની વાર્ષિક તિથિના નિમિત્તે લાલબાગ ઉપાશ્રયમાં પાંચ દિવસનો ઉત્સવ પૂ.મુનિરાજશ્રી લાવણ્યવિજયજી મ. ની નિશ્રામાં ઉજવાયો. પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી રોજ વ્યાખ્યાનમાં સ્વ. પૂજ્યશ્રીના સુંદર ગુણાનુવાદ કરતા.

● **અમદાવાદ :** અત્રે પણ ઉજમફઈની ધર્મશાળાએ પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભ

વિજયજી મ. ની નિશ્રામાં સ્વ.પૂ. આચાર્યદેવશ્રીના નિમિત્તે ત્રણ દિવસ પૂજાઓ તથા વ્યાખ્યાનમાં ગુણાનુવાદનો પ્રસંગ સુંદર ઉજવાયો.

• **ખંભાત :** અત્રે પણ પૂ.પં. કનકવિજયજી મ. ની નિશ્રામાં સ્વ.પૂ. આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ની વૈ.વ.૧૧ની વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ અંગે અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો. શેઠશ્રી રમણલાલ વજેચંદના પ્રયત્નથી જૈન ધર્મ આરાધક મંડળવાળા શ્રી ચતુરભાઈએ પધારી અષ્ટાપદજી પૂજા સુંદર ભણાવી. પૂ.પંન્યાસજી મહારાજે વ્યાખ્યાનમાં સ્વ. પૂ.શ્રીના રોચક અને પ્રેરક ગુણાનુવાદ કર્યા.

"દિવ્ય-દર્શન" - **"સમાચાર"** વર્ષ-૧૭,અંક-૩૭,તા.૭-૬-૧૯૬૯

## સ્વ. સિદ્ધાંતમહોદધિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રથમ સ્વર્ગારોહણ તિથિની ઠેર ઠેર થયેલી ઉજવણી.

• **અમદાવાદ : ઉજમફઈની ધર્મશાળા** - સ્વ.સિદ્ધાંત મહોદધિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ.મુનિરાજશ્રી ચરણપ્રભવિજયજી મ. ની નિશ્રામાં વૈશાખ વદી ૧૧ના દિવસે પૂજ્યશ્રીની પ્રથમ વાર્ષિક તિથિની વિશેષ આરાધના અને ગૌરવભરી ઉજવણી થાય એ અંગે સામુદાયિક ઉજવણી કરવાનું નક્કી કર્યું. ઉપરોક્ત વિચારણામાં શેઠ રમણલાલ વજેચંદ અને શેઠ કાંતિલાલ ચીમનલાલ કોલસાવાળાએ શ્રી સંઘને બધો સહકાર આપવાની ઈચ્છા વ્યક્ત કરી જેથી શ્રી સંઘમાં ઉલ્લાસ વધી ગયો. ઉજમફઈ ધર્મશાળાના મકાનને ધજાપતાકા તથા સુંદર બોર્ડોથી શણગારવામાં આવ્યું. વૈશાખ વદ ૯ને સવારે ૮-૪૫ વાગે વ્યાખ્યાનની શરૂઆત થઈ. આમંત્રણો મોકલવામાં આવ્યા હતા. જેથી શ્રી ચતુર્વિધ સંઘની વિશેષ હાજરી હતી. સ્વ. પૂજ્ય આચાર્યદેવના ગુણાનુવાદની શરૂઆતમાં ખાસ કરીને આજે કલ્યાણ માસિક સ્મૃતિ ગ્રંથમાં છપાયેલ લેખોમાંથી પ.પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરીશ્વરજીએ વર્ણવેલા પ્રસંગોની સુંદર રજૂઆત થઈ. સ્વ. પૂ. આચાર્યદેવની નિસ્પૃહતા, વાત્સલ્ય, ઉદારતા તેમજ વિશાલ દિલનું સુંદર બ્યાન થયું. વ્યાખ્યાન બાદ ૧૩ અઠ્ઠમ તથા ૨૨૫ જેટલા ભાઈ બહેનોએ ત્રણ દિવસના આયંબિલ તથા ત્રણ દિવસ એકાસણાનો તપ કરવાના પચ્ચખ્ખાણ કર્યા. વૈશાખ વદ ૧૦ રવિવાર સવારે ૮-૪૫ વાગે વ્યાખ્યાનનો પ્રારંભ થયો. સ્વ. પૂ. આચાર્યદેવે અત્યંત પરિશ્રમ લઈ તૈયાર કરેલ અનેક મહાત્માઓનાં



પૂજ્યશ્રી સાથેના સંબંધોનું વર્ણન થયું. અત્યંત રોચક શૈલીમાં પ્રસંગો રજૂ કર્યાથી શ્રોતાઓ મુગ્ધ બની જતા. બપોરના શ્રી પંચકલ્યાણકની પૂજા વાઘણપોળમાં શ્રી વિજય ચિંતામણિ પાર્શ્વનાથજીના દેરાસર રાખવામાં આવી હતી. પૂજામાં શ્રી જૈન ધર્મ આરાધક મંડળ આવ્યું હતું. મહારાજ સાહેબે પૂજામાં ભાવાર્થ સમજાવ્યો હતો. વૈશાખ વદ ૧૧ સવારે ૮-૩૦ વાગ્યાથી મેદની ચિક્કાર થઈ ગઈ હતી. સામુદાયિક ગીત ગવાયું. બરાબર ૯-૦૦ વાગે મહારાજ સાહેબે વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો. સ્વ. પૂ. આચાર્યદેવે ૧૭ વર્ષની યુવાનવયે પાલીતાણામાં દીક્ષા લીધી. ત્યારથી માંડીને ખંભાત મુકામે વૈશાખ વદ ૧૧ના દિવસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા ત્યાં સુધી સમગ્ર જીવનનું સુંદર બ્યાન કર્યું અને વર્તમાનકાળે પૂજ્ય આચાર્યદેવનો સાધુ સમુદાય કેવો છે ? શાસનને કેવા કેવા રત્નો અર્પણ કર્યા છે ? વગેરે સર્વ માહિતીથી શ્રોતાજનોને વાકેફ કર્યા. અંતમાં પૂ. આચાર્યદેવના વિરહથી ચતુર્વિધ શ્રી સંઘને કેવી ખોટ પડી તેની યોગ્ય રજૂઆત કરી. ત્રણે દિવસની આરાધનામાં તપસ્યા, પ્રભાવના પ્રભુજીને અંગરચના તથા પૂજાના પ્રસંગો થયા. વદ ૧૧ના દિવસે ૧૦૦ ઉપરાંત આયંબીલની તપસ્યા થઈ. વ્યાખ્યાનમાં પેંડાની પ્રભાવના થઈ. બપોરે ૨ વાગે શ્રી વિજય દાનસૂરીશ્વરજી જ્ઞાનમંદિરમાં સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવી હતી.

• **ખંભાત :** પૂ. સ્વ. આચાર્યદેવશ્રી પ્રથમ વાર્ષિક તિથિ-નિમિત્તે વૈશાખ વદ ૪ના દિવસથી શ્રી સીમંધર સ્વામિજીના દેરાસરે અઠ્ઠાઈ મહોત્સવ થયો. રોજ પૂજા તથા સુંદર અંગરચના થતી. વૈશાખ વદ ૧૧ની સવારે ૬-૩૦ વાગે શ્રી ચતુર્વિધ સંઘ વાજતે ગાજતે બજારમાં આવેલા શ્રી ચિંતામણીજીના દેરાસરે પૂજ્ય આચાર્ય ભગવંતની મૂર્તિના દર્શનાર્થે ગયો હતો. ત્યારબાદ ૯-૧૫ વાગે પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબ શ્રી કનકવિજયજી મ. ની નિશ્રામાં પૂજ્યપાદના જીવનના અનુપમ પ્રસંગોનું વર્ણન કર્યું હતું. ત્યારબાદ પૂજ્ય પંન્યાસજી મહારાજ સાહેબે સતત એક કલાક સુધી હૃદય સ્પર્શી પ્રવચન કરતા કહ્યું કે, 'વર્તમાન કાળે આવા મહાપુરુષ થવા અતિ દુર્લભ છે.' પૂ. આચાર્યદેવનું વર્ણન કરતા તેઓશ્રી ગદ્ગદ થઈ ગયા હતા. બપોરના ૨ વાગે જૈન શાળામાં શ્રી અષ્ટાપદજીની મહાપૂજા રાખવામાં આવી હતી. એમાં અમદાવાદથી શ્રી આરાધક મંડળના ભાઈઓ તથા પટનાથી તાબડતોડ શેઠ રમણલાલ દલસુખભાઈ બપોરે ૨ વાગે આવી પહોંચ્યા હતા. જેથી પૂજામાં ભક્તિ સંગીતની રમઝટ ખૂબ આવી.

• **લુણાવા :** અત્રે પ.પૂ.મુનિરાજશ્રી પુણ્યોદયવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી વિમલપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં ચાલતા અઠ્ઠાઈ મહોત્સવમાં

વૈશાખ વદ ૧૧ના સ્વ. પૂજ્ય આચાર્યદેવશ્રીની પ્રથમ વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ હોઈ, પૂજ્યપાદશ્રીના ગુણાનુવાદ નિમિત્તે ખાસ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. એ પ્રસંગે સંઘ સારી સંખ્યામાં એકત્રિત થયેલ. વદ ૧૩ના શાંતિસ્નાત્ર ભણાવાયું પૂ. મુનિશ્રી ચાતુર્માસ માટે પોસાલીયા તરફ વિહાર કરશે.

● **પિંડવાડા :** શિક્ષાયતનના વિદ્યાર્થીઓ સાથે અત્રેથી **પ.પૂ.પં.શ્રી ભાનુવિજયજી** ગણિવરે ઠાણા ૧૮ રાણકપુર તરફ વિહાર કર્યો. જે.સુ. ૫ શિવગંજમાં મુનિશ્રી ચૈતન્ય વિજયજી મ.ની વડીદીક્ષા છે. જેઠ સુદ ૮-૯-૧૦ રાણકપુર સ્થિરતા છે. ત્યાં ગુજરાત લાડોલથી શાહ ચીમનલાલ હીરાચંદ (સ્ટેઈનલેસ સ્ટીલ કંપનીવાળા) ૬૦૦ માણસોનો સંઘ લઈ આવનાર છે. જેઠ સુદ ૯ પ.પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના હસ્તે તીર્થમાળા થશે ત્યારબાદ જયપુર તરફ વિહાર થશે.

● **પિંડવાડા :** અત્રે વૈ.સુદ ૭ની દીક્ષાઓ થયેલ તેના સમાચારમાં નૂતન દીક્ષિતોનાં નામ આપવા રહી ગયેલ તે આ પ્રમાણે - ભાઈશ્રી કાળીદાસનું નામ મુનિશ્રી કમળરત્નવિજયજી. એમના ગુરુ મુનિરાજશ્રી જિતેન્દ્રવિજયજી મ., ભાઈશ્રી દિનેશકુમારનું નામ મુનિશ્રી દિવાકર વિજયજી, તથા ભાઈશ્રી વીરેન્દ્રકુમારનું નામ મુનિશ્રી વિમળાનંદવિજયજી બંનેના ગુરુ મુનિરાજશ્રી કમળરત્નવિજયજી મ.

અત્રે સ્વ. સુવિશાળ ગચ્છાધિપતિ સિદ્ધાંતમહોદધિ પૂ. અચાર્ય ભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રથમ વાર્ષિક સ્વર્ગતિથિ નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર ઊજવાયો. સ્વર્ગસ્થ પૂજ્યશ્રીની મોટી પ્રતિકૃતિ સાથે વરઘોડો ભવ્ય નીકળ્યો. શિબિર વિદ્યાર્થીઓ રસ્તામાં સ્વ. ના ગુણગીતની ધૂન મચાવતા વૈ.વદ ૯ તથા વદ ૧૧ વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીના ગુણાનુવાદ શ્રાવકો તથા પૂ. મુનિરાજોએ સુંદર ગાયા. રાતની જાહેર સભામાં પ્રમુખશ્રી દેવીચંદજીએ ગુણ ગાતાં ગાતાં સ્વ.પૂ.શ્રીની પ્રેરણાંને અનુસરી બે વર્ષમાં દીક્ષા ન લેવાય તો પછીથી દીક્ષા લેવા સુધી આંબેલ કરવાનો અભિગ્રહ જાહેર કર્યો.

● **પીપળી :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.ના ૧॥ કલાકના પ્રવચનથી ૬૦ મુસ્લીમ કુટુંબોએ માંસાહાર ત્યાગની પ્રતિજ્ઞા કરી હતી. આ પૂર્વે ઝીંઝુવાડામાં ૧૦૦ જણાએ માંસ-મદિરા-જુગાર અને પરસ્ત્રીનો ત્યાગ કરેલો.

● **ઘોડનદી :** વૈરાગ્યવારિધિ પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ શહાપુરમાં ભવ્ય રીતે ૧૩૫ જણને ઉપધાન તપ કરાવ્યા, માળની ઉપજ રૂા. ૬૦ હજાર થઈ. પછી પૂજ્યશ્રી અત્રે પધાર્યા. અત્રેના સ્થાનકવાસી ભાઈઓએ મંદિર પ્રતિષ્ઠામાં પૂરો ભોગ આપ્યો. સ્થાનકમાં શ્રી સિદ્ધચક્રપૂજન ભણાવાયું પૂજાઓ ભણાવાઈ. મંડપમાં ર દીક્ષાઓ થઈ રૂા. ૮૦ હજાર જેવી



ઉત્પન્ન થઈ. ઉપધાન અને અત્રે પ્રતિષ્ઠા મહોત્સવમાં શાસનસુભટ ભાઈશ્રી રીખવચંદ હાથીચંદે સુંદર વ્યવસ્થા કરેલી. અત્રેથી પૂ. આચાર્યદેવશ્રી અહમદનગર પધાર્યા.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૭,અંક-૩૯,તા.૨૧-૬-૧૯૬૯**

● **દાદાઈ : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.**ની નિશ્રામાં રાણકપુર લાડોલ (ગુજરાત થી શ્રી ચીમનલાલ હીરાચંદ તરફથી આવેલ ૮૦૦ માણસોના સંઘને આરાધના સુંદર થઈ. જે.વ. ૯ માળારોપણ એમના ભાઈ તથા સાળાએ રૂા. રહજારના નકરાથી કર્યું, શ્રી ચીમનભાઈ તરફથી વ્યાખ્યાનમાં સંઘપૂજન થયું. અત્રે ઘાણેરાવ સંઘ તરફથી બહુ આગ્રહપૂર્વક વિનંતી થતાં પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. નું ચોમાસું ઘાણેરાવનું નક્કી થયું, એમને હાલ વર્ધમાન આંબેલ તપની ૯૯મી ઓળી ચાલે છે. પંન્યાસજી મહારાજ દાદાઈ પધારતાં દાદાઈમાં શેઠશ્રી કેસરીમલજી તથા ઘીસુલાલજી તરફથી બે દિવસ વ્યાખ્યાન નવકારશી જમણ, પૂજા આદિ સુંદર થયું. ત્યાંથી વરકાણા-તીર્થ પધારતાં શેઠ શ્રી ચુનીલાલજી દાદાઈવાળા તરફથી પૂજા સાથે નવકારશી જમણ થતાં ૭૦૦ માણસ જમ્યું. દેરાસરમાં ચાંદીના પાવાપુરીનો પ્રવેશ રૂા. ૮૦૦ ની ઉછામણીથી થયો. અત્રેથી નૂતનદીક્ષિત બાળમુનિશ્રી ચૈતન્ય વિજયજીના સંસારી ગામ ખોડ પધારતાં, સંઘમાં સારો ધર્મઉત્સાહ આવ્યો. મુનિશ્રીના સંસારી પિતા તથા કાકા તરફથી પૂજા પ્રભાવનાદિ થયું. અત્રે ધર્મશાળામાં દેવદ્રવ્ય વપરાયું હોવાથી તે ભરપાઈ કરવા ઉપદેશ અપાયો. સંઘે નક્કી કર્યું કે રૂા. ૨૦ હજાર આપે એના નામની તકતી લગાડવી, ને **દેવદ્રવ્ય ભરપાઈ કરવું.** અત્રેથી પંન્યાસજી મહારાજ પાલી સંઘના બહુ આગ્રહથી પાલી પધારતાં જન-ઉત્સાહ બહુ. રાતના પણ ધર્મકથામાં પુરુષો મોટી સંખ્યામાં આવે છે. અત્રેથી પૂજ્યશ્રી વિહાર કરી પ્ર. અષાઢ સુદ ૨-૩ સોજત તથા સુદ ૭-૮ બ્યાવર પધારવા વકી છે.

● **બોડેલી :** પાલનપુરના ધા. શિક્ષક શ્રી દલપતભાઈએ શ્રી કુમારપાળ વિ. શાહ સાથે પિંડવાડા શિબિરમાં સારી તાલીમ લીધા પછી અત્રે પરમાર ક્ષત્રિય વિદ્યાર્થીઓની ૭ દિવસની શિબિર ચલાવી. શ્રી કાંતિભાઈ ઉજમલાલે પ્રોત્સાહન સારું આપ્યું. પ્રતિજ્ઞાઓ લેવાઈ, માસ્ટરજીને આ જોતાં દરેક સ્થળે શિબિરની જરૂર લાગી.

● **જયપુર :** અત્રેના સંઘની આગ્રહભરી વિનંતીથી **પૂ.પં.શ્રી ભાનુવિજયજી ગણી** આદિ ઠાણા-૧૦ ગ્રીષ્મઋતુની કડક ગરમીમાં પણ વિહાર કરીને લાંબેથી અત્રે પધાર્યા. આની પૂર્વે અજમેરમાં પધારતાં અજમેર સંઘે સારું સ્વાગત કરેલું. વ્યાખ્યાનનો લાભ પણ સારા સારા માણસોએ ય સુંદર લીધો. જયપુર ચોમાસું નક્કી થયું હોવાથી પંન્યાસજી મહારાજને અત્રે જ રોકી લેવા ઘણી ઈચ્છા છતાં આગ્રહ કરી શક્યા નહિ; કિન્તુ મુનિરાજો આપવા બહુ આગ્રહ કર્યો. પરંતુ સાથેના મુનિઓમાંથી છૂટા પાડી શકાય એમ નહિ હોવાથી મુનિઓ મળી શક્યા નહિ. અજમેર પછી શિવગઢ સુધી અજમેર સંઘે ભક્તિ કરી. પછીના ૬-૭ મુકામોમાં આપણી વસ્તી નહિ હોવાથી જયપુરથી મુનિમજી વગેરે તો સાથે જ રહેલા. અને વારાફરતી બીજા ભાઈઓ રોજ ભક્તિ અર્થે આવતા છતાં સ્થાનકવાસીઓ દિગંબરો તથા જૈનેતર ઘરોમાંથી ગોચરી મળી જતી. જયપુરમાં ચાતુર્માસ પ્રવેશ ખૂબ ઠાઠથી થયો. સ્વાગત વરઘોડાના પ્રારંભે જ શ્રી લક્ષ્મીચંદભાઈએ યુવક મંડળ સાથે માઈક પેટી ઢોલક વગેરે વાજિંત્રના નાદમિશ્રિત બુલંદ મધુરા સંગીતમય અવાજે ગુરુ સ્તુતિ ગાઈને ગગન ગજાવી મૂક્યું. પછી વિશાળ સાજન તથા બેન્ડ સાથે પૂજ્યશ્રીનો સ્વાગત વરઘોડો રાજમાર્ગ પર આગળ વધ્યો. રસ્તામાં પણ ૩-૪ સ્થાને એ પ્રમાણે ગીત ગવાયાં, ગહુંલીઓ થઈ. આત્માનંદ જૈન સભા ભવને (ઘીવાલોકા રસ્તા પર) પ્રવેશ થયો. સંઘમંત્રી શ્રી હીરાચંદજી વૈદ્યે પૂજ્યશ્રીનો પરિચય આપતાં સ્વ.પૂ. આચાર્યદેવશ્રીનાં ગદ્ગદ સ્વરે ગુણગાન કર્યાં, અને જયપુર સંઘ પર એઓશ્રીનો અનુપમ ઉપકાર વ્યક્ત કર્યો. બાદ મંગળ પ્રવચન થયું. વ્યાખ્યાન રોજ સવારે ૬॥ થી ૭॥ વાગે હોવાથી ઉપસ્થિતિ સારી રહે છે. મુનિઓમાં વર્ધમાન આંબેલ તપ ઓળીઓ ચાલે છે. મુનિશ્રી જયસોમવિજયજી મ. ને ૫૫મી ઓળીમાં અઠ્ઠાઈ સારી થઈ.

● **શિવગંજ :** પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકર મહારાજશ્રીની તબીયત સુધારા પર હતી. પરંતુ કંઈક શ્રમથી ફરી પાછો ઉથલો આવ્યો લાગે છે. ડૉકટરી તપાસમાં મોટા આંતરડા પર સોજાનું નિદાન કરે છે. એ માટે પૂર્ણ આરામ સાથે ઈંજેક્શનોનો કોર્સ લેવો પડે. એથી સારું થઈ જશે. એમ ડૉક્ટરનું કહેવું છે.

● **પિંડવાડા :** પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. ની નિશ્રામાં અત્રે ૨૯ મુનિ મહારાજોમાં વર્ધમાન આંબેલ તપ, કર્મસાહિત્યનું કામકાજ, શાસ્ત્રવાચનાઓ વગેરે સુંદર ચાલી રહ્યું છે.





● **અંતરીક્ષજી :** અત્રે વૈરાગ્ય વારિધિ પ.પૂ.આચાર્યદેવશ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ચાતુર્માસાર્થે પ્રવેશ દ્વિ.અ.સુ. ૭ના ધામધૂમથી થયો હતો. મુંબઈથી આ પ્રસંગે શેઠશ્રી જીવતલાલ પ્રતાપશી, શેઠશ્રી જેઠાભાઈ ચુનીલાલ ઘીવાળા, શેઠશ્રી ભાણાભાઈ વગેરે આગેવાનો તથા અમલનેરથી શાસન કાર્યકર શ્રી રીખવચંદભાઈ તથા નેમિચંદ વગેરે ધુળિયાથી એક ભાઈ દસ બસમાં લગભગ ૬૦૦ માણસ લઈ રવિવારે રાતના આવ્યા હતા. અને પ્રવેશ બાદ પૂજ્ય આચાર્યદેવશ્રીના હાથે ઘરના પાંચ જણે માળ પહેરી હતી અને તેની લગભગ ૬૦૦૦ રૂપિયા ઉછામણીની આવક થઈ હતી. સુદ ૭ના સંઘવી તરફથી સંઘજમણ રાખવામાં આવ્યું હતું. એમાં લગભગ ૮૦૦ માણસ જમ્યું હતું. પૂ. આચાર્યદેવશ્રીના ઉપદેશથી ભાનસહીવરામાં દેરાસરજીનો જીર્ણોદ્ધાર થયેલ એમાં એઓશ્રીની નિશ્રામાં પ્રતિષ્ઠા થયેલ એ માટે શ્રી રીખવચંદભાઈએ અગાઉથી જઈ મહાન ઉત્સવની તૈયારી કરેલી વિધિ માટે શ્રી નેમિચંદ આવેલ. જૈનોનાં ૪૦ ઘર છતાં રૂા. ૧૫હજારની આવક થઈ. પૂજ્યશ્રી ત્યાંથી નેવાસા પધારેલા. વ્યાખ્યાનથી લોકોના ધર્મના ભાવ સારા જાગ્યા, એમાં શ્રી રીખવચંદે સ્નાત્ર-પૂજામાં મૂર્તિ પૂજાના જોરદાર મંડન સહિત ભાવાર્થ બતાવેલ.

● **અમદાવાદ :** અત્રે પગથિયાના ઉપાશ્રયે પૂ. મુનિરાજશ્રી ચરણપ્રભ-વિજયજી મહારાજે સારી ધર્મજ્યોત જગાડી છે. સુદ ૫-૬-૭ સો. અઠ્ઠમ થયા. નવપદના એકાસણામાં ૨૦૦ જણ જોડાયા છે. સવારે વ્યાખ્યાનમાં બહુ મેદની રહે છે. બપોરે ૨॥ થી ૪ પણ તત્ત્વ-વ્યાખ્યાન ચાલે છે. રાતના ૮ થી ૮॥ ૫૦ કોલેજિયન તથા વિદ્યાર્થીઓ સમક્ષ અને ૯ થી ૧૦ પ્રૌઢોને તત્ત્વશિક્ષણ આપે છે. દશવૈકાલિક, રામાયણ નરકનો અધિકાર વગેરે બહુ રસમય શ્રવણ આપે છે.

● **શિવગંજ :** પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને દીક્ષાના પ્રસંગે શ્રમ પડવાના લીધે તબીયત નરમ થયેલી, પરંતુ હવે ઉપચાર અને આરામથી સુધારો છે.

● **દાદર :** અત્રે શ્રી તપગચ્છ જૈન શ્વે.મૂ. સંઘના આરાધક ભાઈઓએ જ્ઞાનમંદિર ગલીના નાકા ઉપર આરાધનાની સગવડ માટે એક વિશાળ ઉપાશ્રયનું આયોજન કર્યું. એનું ઉદ્ઘાટન દાનવીર શેઠ શ્રી ગોવિંદજીભાઈ ખોનાના શુભ હસ્તે થયું.આ પ્રસંગે સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજે પૂ. મુનિરાજો શ્રી ધર્મગુપ્ત વિજયજી મહારાજ આદિ

ઠાણા ૫ ને ચોમાસું મોકલવાની કૃપા કરી. એમનો પ્રવેશ-સ્વાગત-સમારોહ પણ મોટા વરઘોડા સાથે ઉજવાયો અને એઓશ્રીની નિશ્રામાં ઉદ્ઘાટન થયું. પૂ. મહારાજશ્રીનાં વ્યાખ્યાન જોરદાર અધ્યાત્મ અને તત્ત્વભર્યાં ચાલી રહ્યા છે. સંઘનો ઉત્સાહ ખૂબ છે. શ્રોતાઓની હાજરી સારી રહે છે. ચોમાસામાં રોજની પ્રભાવનાઓ નોંધાઈ ગઈ છે.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૭,અંક-૪૭,તા.૨૩-૮-૧૯૬૯

● **ભુજ :** અત્રે પૂ. તપસ્વી મુનિરાજશ્રીમણિપ્રભવિજયજી મહારાજ આદિ ચોમાસું બિરાજમાન છે. પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. ના ઉપદેશથી અત્રે ૭ સૌખ્ય મોક્ષતપમાં ૨૦૮ આરાધક હતા. એમાં ૮ વર્ષના બાળકો પણ હતા. રવિવારે સમૂહ સ્નાત્રમાં દાદરવાળા વેલજીભાઈએ જબ્બર રંગ જમાવ્યો. રોજ પ્રતિક્રમણમાં ૫૦ ઉપર વિદ્યાર્થીઓ આવે છે. એમને સભામાં સ્તુતિ વંદિત્તુનું વગેરે બોલતાં ઇનામ અપાય છે તેથી ઉત્સાહ વધે છે. રવિવારે વંડામાં જાહેર પ્રવચનમાં જૈનેતરો પણ ખૂબ લાભ લે છે 'જૈનમિત્ર' પત્ર પ્રવચનનો સાર છાપે છે.

● **ઘાણેરાવ :** અત્રે પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. ને ૯૯મી વર્ધમાન આંબેલ તપ ઓળી સુખરૂપ પૂર્ણ થઈ. આ પ્રસંગે એમના તપ અંગેના જોરદાર વ્યાખ્યાનોથી વર્ધમાન તપના ૫૦ લગભગ પાયા નખાયા. બીજી ઓળીઓ વગેરે સારું થયું. બેનોની પાઠશાળા ચાલુ કરાઈ. સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજે નાની મોટી બેનોને ધર્મપ્રવૃત્તિ તથા ધાર્મિક અધ્યયનમાં સારા જોડ્યા છે. મુંબઈની નાની ૧૦ વર્ષની વયના મનીષાબેને પણ વર્ધમાન તપ પાયો નાખ્યો.

● **સેવાડી :** અત્રે પૂ. આગમપ્રજ્ઞ આચાર્યદેવશ્રી વિજય જંબૂસૂરીશ્વરજી મ.ની સ્થિરતાથી ગામમાં ઝાકઝમાળ ઉલ્લાસ પ્રગટ્યો છે. વડી દીક્ષા વગેરે સુંદર ઉજવાયા પછી શ્રી ભગવતી સૂત્રનું વાંચન ભવ્ય વરઘોડો, પૂજન, બોલીઓ વગેરેથી સુંદર શરૂ થયું. તપસ્યાઓ પણ સારી ચાલી રહી છે.

● **આંગિયા :** અત્રે શેષકાળમાં પૂ.મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. પ્રેરણા કરી જવાથી શ્રુત સ્વાધ્યાય અર્થે શ્રી સંઘમાં બપોરે ૪૦-૪૫ ભાઈઓ તથા ૬૦-૭૦ બેનો ઉપાશ્રયે રોજ સામાયિક કરી જાય છે. એમાં નવા પણ જોડાયા છે. શિબિર વિદ્યાર્થીઓ અશ્વિનકુમાર વીરસેન શાંતિલાલ સારા પ્રેરક બને છે.

● **ભીલવાડા :** અત્રે પૂ.મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ. આદિઠાણા ૩



પધારવાથી સંઘમાં ઉલ્લાસ આવી ગયો છે. એમના ઉપદેશથી અષાઢ વદ ૧૩-૧૪-૦)) પૂજા ભાવના સાથે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના ૪૦ અઠ્ઠમ થયા. પારણા ઉત્તરપારણા શ્રી રાજમલજી બોરદિયાને ત્યાં હોઈ સંઘને વાજતે ગાજતે લઈ આવેલ. શ્રા.સુ.૪થી તેજમલજી સુરાના તરફથી સમૂહ આંબેલ થયા.

''દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૧,તા.૬-૯-૧૯૬૯

## નૂતન વર્ષના પ્રારંભે - અગ્રલેખ

'દિવ્ય-દર્શન' સાપ્તાહિક પત્ર આ અંકથી ૧૮ મા વર્ષની મંગળ મંજીલ શરૂ કરે છે. એ જણાવતાં અમને હર્ષ થાય છે. આ પ્રસંગે અમારી એ મંગળ કામના પાઠવીએ છીએ કે 'દિવ્ય-દર્શન' પોતાના આધ્યાત્મિક તાત્ત્વિક પ્રવચનો અને અગ્રલેખો દ્વારા પૂર્વ કરતાં પણ વિશેષ રૂપે શુભ ભાવોનાં ઉત્થાન અને વૃદ્ધિમાં તથા તે દ્વારા શુભ પ્રવૃત્તિમાં નિમિત્ત બનો.

આજના યુગની ભૌતિકતા, ઉદ્ભટ વિલાસ, અતૃપ્તિભરી જરૂરિયાતો, તથા મદ-તૃષ્ણા-ઈર્ષ્યાદિ, તેમજ નિઃસીમ મોંઘવારી, લાંચરિશ્વત અને વિવિધ સ્ફોટક ઘટનાઓ, ઇત્યાદિની વચ્ચે રહેતા માણસને દિલમાં નિર્મળ શુભ ભાવ રમતા રાખવાનું મહા કઠિન બની ગયું છે. ત્યારે જો જીવનમાં મૂળમાં હૈયાના ભાવ જ મલિન અને કષાયભર્યા ચાલ્યા કરે તો આત્માને એના જેવું બીજું નુકસાન કયું છે ?

'દિવ્ય-દર્શન' પત્રે આની સામે ભવ્યાત્માઓને હૈયામાં ભાવોની નિર્મળતાનું સંપાદન કરવામાં ચોક્કસ પ્રકારનો ફાળો આપ્યો છે. તેના હજારો વાંચકોના અનુભવ છે કે જીવનમાંથી ઘેરી વિષમતાઓ અને પરાપૂર્વના કુસંસ્કારોને લીધે દિલમાં ભભૂકતા રહેતા કષાયોના જ્વાળામુખી પર **'દિવ્ય-દર્શન'**નું વાંચન-મનન અમૃતવર્ષા વરસાવી રહ્યું છે. એટલે તો દર સપ્તાહે વાંચકવર્ગ રાહ જુએ છે કે દિવ્ય-દર્શનનો નવો અંક ક્યારે આવે ?

વાંચકોને શુભ ભાવોલ્લાસ અને ચિત્તની નિર્મળતા કરવામાં દિવ્ય-દર્શનનાં તાત્ત્વિક આધ્યાત્મિક પ્રવચન તથા અગ્રલેખ ખૂબ પ્રેરક બની એક પ્રકારનું કામણ કરે છે. એનાં ૧-૨ દૃષ્ટાંતમાં એક મહાનુભાવ તરફથી ગત વર્ષના 'ધ્યાન અને જીવન' એ વિષય પરનાં અતિ રોચક-બોધક પ્રવચનો તથા અગ્રલેખોનું સળંગ પુસ્તક તૈયાર કરી આપવાની માગણી અમારી પાસે આવી છે. ત્યારે બીજા એક ભાગ્યશાળીને એમ લાગ્યું કે આવું વાંચન માત્ર ૬ પેજ મળે એ ઓછું છે તેથી

એમના તરફથી દિવ્ય-દર્શનમાં બીજા ૨ પેજ વધારવાની તથા એમાં વાર્ષિક વધતા ખર્ચ પેટે રૂા. ૧૦૦૦ નો લાભ પોતે લેવાની માગણી આવી છે.

દિવ્ય-દર્શન પત્રે સંસારી જીવો ઉપરાંત સંયમી આત્માઓને પણ આધ્યાત્મિક અનેરું બળ અર્પ્યું છે. ગ્રાહકબંધુઓ તરફથી આવતા અભિપ્રાયો ધ્યાનમાં લેતા ચોક્કસ લાગે છે કે **પૂજ્ય પંન્યાસજી ગણિવરનાં પ્રવચન પ્રગટ કરવાની અમારી મહેનત સફળ થઈ છે.** જેઓશ્રી રાતદિવસ તાત્ત્વિક ધ્યાન, ચિંતન, તેમજ સંયમ-સ્વાધ્યાયાદિમાં રક્ત રહે છે, એક ઘડી પણ જેઓની પ્રમાદમાં જતી નથી, જેઓશ્રી કેવળ ભવ્યજીવો પ્રત્યેના ઉપકારને જ ધ્યાનમાં રાખી પોતાની અમૂલ્ય શક્તિઓને કાર્યાન્વિત કરી રહ્યા છે, જેઓના અંતરમાં કેવળ કરુણાભાવ છલાછલ ભર્યો છે, એવા મહાપુરુષની એ વિશેષતા પ્રવચનોમાં ઊતરીને દિવ્ય-દર્શનના વાંચકોને અજોડ લાભ આપી રહી છે. વાંચકોનું અંતર તેના વાંચનથી વલોવાઈ જાય છે. દિલને એમ થાય છે કે 'મારું જીવન ક્યારે પવિત્ર થશે ? સંસારનાં ઊંડા ખાડામાંથી હું ક્યારે બહાર આવીશ ?' પ્રભુએ બતાવેલ ચારિત્ર માર્ગની આરાધના ક્યારે થશે ?' આવો એકરાર અંતર્ગત થઈ જાય છે તેમાં સહેજ પણ શંકા નથી.

આ લખવાનું પ્રયોજન એટલું જ છે કે 'દિવ્ય-દર્શનના અંકો માત્ર એક વાર વાંચીને 'બસ' કરવા જેવા નહિ, પરંતુ વારંવાર વાંચવા-ચિંતવવા જેવા છે; તેમજ વાંચનને જીવનમાં ઉતારવા જેવું છે. તથા લાગતા વળગતાઓને આનું વાંચન કરવા પ્રેરણા કરવા જેવી છે,' એનો અમારા વાંચકોને ખ્યાલ આવે.

'ધ્યાન અને જીવન'ના વિષયમાં હજી સુધી ધ્યાનના પહેલા પ્રકાર 'આર્તધ્યાન' ઉપરની વિચારણા થઈ છે, અને નવા વર્ષમાં ૨-૩ અંકે આ વિચારણા પૂરી થશે. પછી 'ધર્મધ્યાન' ઉપર વિસ્તૃત અને બહુ સુંદર બોધક-પ્રેરક વિચારણા છે. તેથી એનાં પ્રવચન પ્રકાશિત કરવાનું ચાલુ કરવા જેવું લાગે, પરંતુ 'દિવ્ય-દર્શન'ના ૧૬મા વર્ષમાં અપાયેલ 'કુવલયમાળા ચરિત્ર' પરનાં અદ્ભુત પ્રવચનો વાંચી એનાં જ આગળનાં પ્રવચન પ્રકાશિત થાય એવો વિચાર મળ્યો. સાચે જ આ ચરિત્ર-પ્રવચનો પણ રોમાંચક ધર્મકથા સાથે તત્ત્વજ્ઞાન-અધ્યાત્મને પીરસતા હોઈ બાળજીવોને ય સારું આકર્ષણ રહે એ હેતુથી આ વર્ષે એનાં આગળનાં પ્રવચન પ્રસિદ્ધ કરવા ધારીએ છીએ.

પ્રાંતે, ભવ્યાત્માઓનાં દિલમાં **'દિવ્ય-દર્શન'** પત્ર જિનશાસનને વધુ ને વધુ એકરસ કરાવે અને શુભ ભાવોને જાગતા-વધતા રાખે એ જ અમારા અંતરની મંગળ કામના.

- દિવ્ય-દર્શન તંત્રીમંડળ



● **અંતરીક્ષજી તીર્થ :** જ્યાં શ્વેતાંબર જૈનનું એક પણ ઘર નથી એવા આ તીર્થમાં પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજ ઠા. ૭ સાથે ચોમાસું રહ્યા છે. ઈતર ઊંચા કુળોમાં તથા દિગંબરોને ત્યાં ગોચરી જવાય છે. આ ખાનદેશ કેસરી, ૨૫ ક્રોડ નવકારમંત્ર જાપના આરાધક, શાસનસાધના-રક્ષા-પ્રભાવનાની મૂર્તિ સમા પૂ. સૂરીશ્વરજીના અત્રે પાવન પગલે રોજ ૫૦-૬૦-૧૦૦ ભાવિકો બહારથી અહીં ઉપસ્થિત હોય છે. અમલનેરવાળા શ્રી નેમિચંદજીભાઈએ અષાઢ સુદ ૧૫થી ૦)) સુધી અને પાંચોરા શ્રીસંઘે શ્રા. સુદ ૧ થી ૧૫ સુધી મહાન સાધાર્મિકભક્તિનો લાભ લીધો. રોજ નવનવી મીઠાઈઓ, પારણાં એકાસણાંની ભરપૂર વ્યવસ્થા, પૂ. મુનિરાજશ્રી ધનપાલવિજયજી મ. ને અટ્ઠમ પારણે અટ્ઠમ ઉપરાંત બીજા પણ અટ્ઠમો વગેરે સુંદર ચાલ્યું. શ્રી નેમિચંદજી તથા શ્રી મિશ્રીમલજી બે ભાઈઓ યુવાવસ્થામાં ચતુર્થ વ્રતધારી, મેમાનોની જાતે ભક્તિ કરતા. રોજ અખંડ જાપ-અટ્ઠમ આંબેલ-સ્નાત્ર તથા અવરનવર પૂજાઓ પ્રભાવના સુંદર ચાલી. શ્રી રીખવચંદભાઈ પૂજામાં વૈરાગ્ય ભક્તિવાળા સ્તવનો ગાઈ અર્થ સમજાવી ભક્તિ-વૈરાગ્યની રેલમ છેલ કરતા. પૂ. આચાર્યદેવશ્રીની પ્રેરણાથી શ્રી અંતરિક્ષજીતીર્થ કમિટી, શ્રી તીર્થરક્ષા કમિટી તથા શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખો તરફથી શ્રી અંતરીક્ષ પાર્શ્વપ્રભુની આરાધના નિમિત્તે શ્રા.વ. ૩-૪-૫ અટ્ઠમ સાથે આરાધનાનો એલાન ભારત ભરમાં પાઠવવામાં આવ્યો છે.

શ્રાવણ વદ ૩-૪-૫ સમૂહ અટ્ઠમની આરાધના સાથે વિશેષ કાર્યક્રમ રૂપે મુંબઈવાળા શેઠશ્રી જેઠાલાલ ચુનીલાલ ઘીવાળા તરફથી શ્રી અર્હદ્ મહાપૂજન તથા અભિષેકનું અનુષ્ઠાન કરાવેલ. શ્રી જેઠાભાઈ અત્રે ૧૫ દિવસ રહી ગયેલ.

● **દાદર :** અત્રે આરાધક ભાઈઓ તરફથી નવનિર્મિત આરાધના ભવનમાં પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. ને પધરાવી નિર્વિઘ્ન ભવ્ય આરાધનાઓ થવા માંડી છે. પૂજ્યશ્રીનાં તાત્ત્વિક જાહેર વ્યાખ્યાનોએ રવિવારને તો મુંબઈ પરાવાસીઓ માટે યાત્રાધામ બનાવી દીધું છે. રોજ 'ષોડશક' પર અધ્યાત્મપૂર્ણ વ્યાખ્યાનો સાંભળવા ચિકાર મેદની રહે છે. રાતના '૩ ભાષ્ય'ની ધર્મકથામાં ૫૦-૬૦ પુરુષો લાભ લે છે. સંઘમાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ પ્રભુના અટ્ઠમો જાપ સાથે થયા. પૂ. મુનિઓમાં પણ આંબેલ ઓળીઓ સ્વાધ્યાય સુંદર ચાલે છે.

● **ઉદેપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજના ચાતુર્માસથી અભૂતપૂર્વ શુભ સર્જન થઈ રહ્યા છે. પક્ષપેદ ભૂલી સૌ ભવ્ય લાભ ઊઠાવી રહ્યા છે. રોજ વ્યાખ્યાનમાં ૭૦૦-૮૦૦ શ્રોતા, તથા રવિવારે ૨-૩ હજારની મેદની થાય છે. ચાલુ ઉપાશ્રય સાંકડો પડવાથી વિશાળ ઓસવાલ ભવનમાં વ્યાખ્યાનો

રાખવા પડ્યા. વિદ્યાર્થીઓની શિબિર પણ સુંદર ચાલે છે. ૪૦૦ આરાધકોએ નવ દિવસમાં એકાસણાં સાથે ૧ ક્રોડ નવકારમંત્ર-જાપની આરાધના કરી તે દૃશ્ય અદ્ભુત હતું.

● **રાજકોટ** : અત્રે પૂ.મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજે જૈનેતરોને પણ જબ્બર કામણ કર્યું છે. વ્યાખ્યાનમાં રોજ ૧૦૦૦-૧૫૦૦ શ્રોતા અને રવિવારે તો ૮-૮॥ હજાર સુધીની શ્રોતા સંખ્યા પહોંચી ગઈ છે. બહારગામથી ય ખૂબ માણસો આવે છે. રાજકોટ આખામાં ધર્મનો નવો જુવાળ ચડ્યો છે.

● **પિંડવાડા** : અત્રે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી હેમચંદ્રવિજયજી મ.ના ઉપદેશથી ૭૦૦ જણે અરિહંત પદની ઉપાસના કરી. શ્રી સીમંધર પ્રભુની આરાધના અઠ્ઠમ આદિથી ૩૨૫ જણે કરી. તથા અંતરીક્ષજી નિમિત્તે ૩૦ અઠ્ઠમ તથા ૩૫૦ જણના ૩-૩ આયંબીલ થયા. બધામાં ભવ્ય સમારોહ થયા. શાસન રક્ષા નિમિત્તે ૧ વર્ષ સુધી 'નમો જિણાણં જિય ભયાણં ! જાપ રોજ ૬૦૦ માળા સંઘમાં ગણવાની નક્કી થઈ.'

● **ઘાણેરાવ** : અત્રે પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. સંઘના અતિ આગ્રહથી ચોમાસું રહ્યા પછી ધર્મનો જય જયકાર થઈ રહ્યો છે. પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી મૂછાળા મહાવીરજીના મંદિર પર ધ્વજાદંડ શાનદાર મહોત્સવથી ચડાવાયો.

શ્રી ભભૂતમલજી કાવેડિયા, શ્રી સાવંતરાજજી ભીમરાજ, શ્રી કનકરાજ, જવેરીલાલ તથા શ્રી હીરાલાલજી જતનરાજ તરફથી પૂજાઓ અને શ્રી જસરાજજી અનોપચંદજી તરફથી નવકારશી થઈ. ધ્વજ બાબુલાલ સરદારમલજી ખીચીયા તરફથી ચડાવાયો. વરઘોડો ભવ્ય ચડેલો અને તપસ્યાઓ છેલ્લા ૫૦ વર્ષમાં નહિ એવી થઈ રહી છે. વ્યાખ્યાનમાં પણ એમજ રોજ ૩૦૦-૪૦૦ ભાઈ-બહેન લાભ લે છે. ૫૦-૬૦ નવા આંબેલ વર્ધમાન તપના પાયા નંખાયા.

એમના પારણા માટે ખેંચાખેંચ થવાથી રૂા. ૫૦૧ ચડાવો બોલી શ્રી પુખરાજજી જસરાજજીએ લહાવો લીધો. શ્રાવિકાઓમાં તો આજ સુધીમાં નહિ જોયેલ ધર્મઆરાધનાને જુસ્સો પ્રગટ્યો છે. પૂ. મહારાજશ્રીની દેશના ઉપરાંત અત્રે બિરાજમાન પૂ. વિદુષી સાધ્વીજી શ્રી હંસકીર્તિશ્રીજી મહારાજે ખૂબ ઉત્સાહ જગાવ્યો છે. એઓશ્રી બપોરે શ્રાવિકાઓને ઉપદેશમાળા સંભળાવે છે. તે સાંભળવા બેનો પહેલેથી કટાસણા પાથરી રીઝર્વેશન કરી લે છે, અને સાંજે પ્રતિક્રમણમાં પૂજ્ય સાધ્વીજી મ. રોજ નવા નવા સ્તવન સજ્ઝાય એવી અદ્ભુત ઢબથી મધુર સ્વરે બોલે છે કે શ્રાવિકાઓ પ્રતિક્રમણમાં ઊમટી પડે છે અને રોજ એના ચડાવા બોલે



છે. ઘાણેરાવમાં કદી નહિ જોયેલ એવો ધર્મરંગ શ્રાવિકાઓમાં જગાવી દીધો છે. પૂ. મહારાજશ્રીને ૯૯મી ઓળીનું પારણું ભવ્ય ઉજવાયું એમનાં સંસારી પુત્રી તરફથી બેનોની જિનેન્દ્ર પૂજા રખાતાં પૂ.સાધ્વીજી મહારાજે પૂજા એવી ભણાવી કે આમ તો પ્રભાવના ચાલુ થતાં બેનો જવા માંડે, પરંતુ આમાં તો કોઈ ઊઠે જ નહિ. સંઘમાં વ્રત નિયમો વગેરે સારું થઈ રહ્યું છે. બેનોની પાઠશાળા પણ ચાલુ થઈ છે.

● **નાગોર** : અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ. પિંડવાડાના નવદીક્ષિતો સાથે ચોમાસું હોઈ સંઘમાં સારો ધર્મ ઉલ્લાસ પ્રવર્તે છે. અરિહંતની આરાધના ખીરનાં એકાસણાથી ૭૦૦ જણે કરી. આમાં ખરતર પાયચંદ ગચ્છવાળા પણ જોડાયા. વળી અઠ્ઠાઈવાળા તરફથી બે સ્વામિવાત્સલ્ય ઉપરાંત આલિશાન વરઘોડો નીકળ્યો. એમાં બે ભજનમંડળી, બેન્ડ, વિશાળ સાજન, શ્રીફળની પ્રભાવના, વગેરે ઉત્સાહ જોઈ સ્થાનકવાસી ભાઈઓએ પણ ગાડીમાં ભગવાનના ફોટા સાથે વરઘોડો કાઢ્યો. માસખમણી ભાઈ ફોટો લઈ બેઠેલા, અને વચમાં મંદિર-ઉપાશ્રય આવ્યા ત્યાં વંદન કર્યા.

**દિવ્ય-દર્શન'' - "સમાચાર"** **વર્ષ-૧૮,અંક-૪,તા.૨૭-૯-૧૯૬૯**

● **ઉદયપુર** : અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ની નિશ્રામાં અભૂતપૂર્વ પર્યુષણા-આરાધના થઈ. ૨૩૭ અઠ્ઠાઈ અને ઉપરની તપસ્યા, અઠ્ઠાઈથી નીચેની ૨૫૦ તપસ્યા. ૧૪૦ ચોસઠ પહોરી પૌષધ તથા ધર્મ ખાતાઓમાં ઉપજો વગેરે સુંદર થયું. પૂર્વે ૪૦૦ જણે ૧ ક્રોડ નવકાર ગણ્યા તેની ઉજવણી વરઘોડો શાનદાર થયેલા.

● **ઘાણેરાવ** : પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મહારાજની નિશ્રામાં મહા પર્વ સુંદર ઉજવાયા. સાધ્વીજી શ્રી મૃગાવતીશ્રીજીના ૧૬ ઉપવાસની ભવ્ય તપસ્યાનું પારણું ૬૧ મણની ઉછામણીથી સારું ઉજવાયું. પૂ. મહારાજશ્રીના સંસારીપુત્ર શ્રી જવેરીલાલજીએ ૨૧૧ મણ બોલી ભગવાનના પારણાનો સમારોહ ઠાઠથી ઉજવ્યો.

● **ભીલવાડા** : પૂ.મુનિરાજશ્રી યશોભદ્રવિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણ પર્વ સુંદર ઉજવાયા. પૂર્વે ૫૦ ઘરમાં પણ શંખેશ્વરના અઠ્ઠમ ૪૧, તથા રોજના ૧ લાખ નવકાર સાથે ૯ એકાસણા ૪૧ જણે કરેલ. પૂ. મુનિશ્રી હેમસુંદરવિજયજી મ. ની ૬૪મી ઓળીના પારણા નિમિત્તે શ્રી રાજમલજી વકીલે ૨૭૫ મણની બોલીથી સંઘ સાથે ઘરે પગલાં કરાવ્યાં, સાથે તપસ્વીઓને પારણા કરાવ્યાં, પૂર્વે એમણે

રાણકપુરજીનો છ'રી પાળતો સંઘ કાઢેલો એ કોઈ પણ ખોટો યા બનાવટી કેસ, ગમે તેટલી મોટી ફી મળતી હોય છતાં, હાથમાં ન લેવો એવા નેકીવાળા છે.

● **ભુજ :** પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ. નાં રસિક વ્યાખ્યાનોથી અત્રે બધા ગચ્છવાળા પ્રસન્ન છે. શ્રી શંખેશ્વર અઠ્ઠમો ૧૨૫, પૂજા-ભાવના-જાપ સાથે સુંદર ઉજવાયા મહાપર્વમાં અક્ષયનિધિ, માસખમણ સુધીની સુંદર તપસ્યાઓ, ૬૪ પહોરીમાં ૨૨ બાળકો, અતિચાર બોલનાર વિદ્યાર્થીને રૂા. ૩૭, મોટી શાંતિ બોલનારને રૂા. ૨ વગેરે પહેરામણી, દેવદ્રવ્યાદિની સારી ઉપજ, કલ્પસૂત્ર 'કચ્છમિત્ર' ના મેનેજર જે.પી. વોરાને ત્યાં, ને પારણું શ્રી નગીનદાસ જસાણીને ત્યાં રાત્રિ-જગા ભવ્ય વરઘોડા સાથે, સુદ ૬ વિશાળ રથયાત્રા વરઘોડો, સ્વામિવાત્સલ્ય વગેરે સુંદર થયું. પૂ. તપસ્વી મુ.શ્રી મણિપ્રભ વિ. મ. ને ૧૦૦ ઓળી પૂર્ણ ઉપર નવા પાયાથી ચડતાં ૩૬-૩૭મી ઓળી સાથે ચાલી.

● **આણંદ :** પૂ.મુ.શ્રી મિત્રાનંદવિજયજી મ. ની નિશ્રામાં ૨ સિદ્ધિતપ, ૬ ઉપવાસ થી માસખમણ સુધીના ૩૦-૩૫ તપ, વરઘોડો નવકારશી, દેવદ્રવ્યાદિની સારી ઉપજ થઈ. એક ભાઈએ ૩ વર્ષ કા. પૂનમે ૫ટ વખતે ભાતુ આપવાનું નક્કી કર્યું. બીજા એક ભાઈએ ઉપાશ્રયનો નવો હોલ બંધાવી આપવાનો આદેશ લીધો.

● **દાદર :** અત્રે આરાધના ભવનમાં પૂ. મુનિરાજશ્રી ધર્મગુપ્તવિજયજી મ. ની નિશ્રામાં મહાપર્વ ભવ્ય રીતે ઉજવાયા. લગભગ આરાધક વર્ગ બધો અહીં જોડાયો. ૧ માસખમણ, ૩૦ અઠ્ઠાઈ થઈ. બાળમુનિ તથા બાળકોએ પણ અઠ્ઠાઈ કરેલ. ઉપજ પ્રભાવનાઓ, વરઘોડો તથા સાધર્મિક-વાત્સલ્યે રેકાર્ડ કરેલ. ભાઈશ્રી શાંતિલાલ મણિલાલ તરફથી અમદાવાદની ઢબે પારણાં કરાવાયા.

● **જયપુર :** અત્રે **પં.શ્રી ભાનુવિજયજી મ.** ની દેશનાથી પર્યુષણામાં આઠે દિવસ પ્રભુજીને ભવ્ય આંગીઓ, સંઘને તપની નક્કર અનુમોદનાર્થે કશું કરવા ઉપદેશ, દ્રવ્યાદિની વિશેષ ઉપજ, તપસ્યાઓ વગેરે સુંદર આરાધના થઈ. શહેરમાં એક ૫૧ ઉપવાસ, ૮-૯ માસખમણ ઘણી અઠ્ઠાઈઓ હતી. અહીં રિવાજ મુજબ તપસ્વીઓ વાજતે ગાજતે ઉપાશ્રયે ગહુંલી કરવા આવતા ત્યારે સાથેના અપાતાં આંબેલ ઓળી પાયો, દર મહિને આંબેલ, એકાસણ, તિથિએ ઘીત્યાગ વગેરે નિયમો થતા.

● **પિંડવાડા :** અત્રે પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ.ની નિશ્રામાં પૂ.મુ.શ્રી હેમચંદ્રવિજયજી મ. ના ઉપદેશથી સીમંધર પ્રભુના ૩૦૦ અઠ્ઠમ ધામધૂમથી ઉજવાયા,



મહાપર્વમાં રોજ રૂા. ૪૦૦/૫૦૦ ની આંગી તથા સંવત્સરીને દિવસે રૂા. ૧૦૦૦ની આંગી રચાઈ. તપસ્યાઓ, ઉપજ વગેરે ભવ્ય થયું.

● **પેશ્વા :** અત્રે પિંડવાડાથી પૂ.મુ.શ્રી ધર્માનંદવિજયજી મ. આદિ પર્યુષણા કરાવવા પધાર્યા. વ્યાખ્યાનો તપસ્યા આંગી-પ્રભાવના સારા થયાં.

● **રોહિડા :** અહીં પિંડવાડાથી પૂ.મુ.શ્રી ગુણભદ્રવિજયજી મ. આદિ પર્યુષણા કરાવવા પધારેલ. છેલ્લા કેટલાક વર્ષોમાં નહિ થયેલ આરાધના થઈ, એમ લોકો કહે છે. પૂ.મુ.શ્રી કીર્તિચંદ્ર વિ.મ.આદિએ વ્યાખ્યાનો સુંદર સંભળાવ્યા. સ્થવિરાવલિના વ્યાખ્યાનમાં પૂ.મુ.શ્રી જિનચંદ્રવિજયજી મહારાજે વિશેષમાં ઠેઠ અત્યાર સુધીની ૭૫ આચાર્ય પાટપરંપરા વર્ણવતાં ૭૬મી પાટે પૂ.સ્વ.આચાર્યદેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ અંગે બોલતાં કહ્યું, 'આ આઠ દિવસમાં જે કાંઈ પણ આત્માનંદ આપણે અનુભવ્યો એમાં બધો પ્રભાવ આ પરમ ગુરુદેવશ્રીનો છે. આમાં અમારી કોઈ હોશિયારી આવડત શક્તિ નથી, માત્ર એઓશ્રીની જ બધી કૃપા છે.' એમ કહી પૂ. આચાર્યદેવશ્રીએ ૬૫ વર્ષની નિર્મળ ચારિત્ર સાધનામાં મૂંગા રહીને શું શું કામ કર્યું અને ૩૦૦ મુનિઓનું સર્જન કરી શાસનની કેવી અનુપમ સેવા કરી, તેમજ એ માટે કેવો કેવો ભોગ આપ્યો, વગેરેનો તાદશ ચિતાર ખડો કર્યો. અંતે 'તમારે આ બધો ય જશ અમને નહિ પણ પૂ. સ્વ. પરમ ગુરુદેવશ્રીને જ આપવો જોઈએ...' ઈત્યાદિ કહેતાં કહેતાં મુનિશ્રી એટલા બધા લાગણીવશ થઈ ગયા કે પાટ ઉપર જ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા, સાથે બેઠેલ મુનિશ્રી તથા આખોય સંઘ પણ ચોધાર આંસુએ રડવા લાગ્યો. સુધરેલા ગણાય તેવા જુવાનિયાઓની આંખોમાં ય દડદડ આંસુ વહ્યા.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** **વર્ષ-૧૮,અંક-૫,તા.૪-૧૦-૧૯૬૯**

● **રાજકોટ :** અત્રે પૂ.મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજીના ચોમાસાથી અભૂતપૂર્વ ધર્મકાર્યો થઈ રહ્યા છે. છેલ્લા ૪૦ વર્ષથી કલેશોના કારણે કોર્ટ અને ચેરીટી કમીશનરને ત્યાં કેસો દાખલ થયેલા, પરંતુ પૂ. મુનિરાજશ્રીનો સંઘ પર એવો પ્રભાવ પડ્યો કે તે તમામ કેસો રદ બાતલ થઈ સુંદર સમાધાન થયું. વિશેષમાં પર્યુષણના બધા જ વ્યાખ્યાનો પૂજ્યશ્રીએ જ વાંચ્યાથી સૌને જીવનમાં નવો જ ધર્મરંગ ચડ્યો. રૂા. ૨૫ હજારની સાધારણની તથા બીજી રૂા. ૪૦ હજારની ઉપજ થઈ. ૧૦૦ જેટલી મોટી તપસ્યાઓ તથા ભવ્ય ચૈત્યપરિપાટી થઈ.

● **નાગોર :** પૂ. મુનિવર્ય શ્રી ગુણરત્નવિજયજી મ. ની નિશ્રામાં મહાપર્વમાં સુંદર તપસ્યાઓ થઈ. ૫૫/૫૬ ચોસઠ પહોરી પોષધ, એકેકને ૪૮-૪૮ પ્રભાવના, સાધર્મિક વાત્સલ્યાદિ સારું થયું.

● **પાલી :** પૂ. મુનિરાજશ્રી કલ્યાણપ્રભવિજયજી મ. જેમને ૮૮મી આંબેલ ઓળી ચાલે છે. એમના અત્રે ચોમાસાથી સંઘમાં અનેરો ઉલ્લાસ રહ્યો. છેલ્લા કેટલાય વરસોમાં નહિ એવી ઉપજો થઈ. ૨૫ અઠ્ઠાઈ, ૨૦ ચોસઠ પહોરી, બીજી તપસ્યાઓ સુંદર થઈ. દરેકને ૧। લાખ નવકાર પ્રથમ પદના જાપમાં સમુદાય સારો જોડાયો.

● **અમદાવાદ :** અત્રે શાહપુર દરવાજાના ખાંચે પૂ. મુનિરાજશ્રી પ્રભાકર-વિજયજી મ. ના ચોમાસામાં જાહેર વ્યાખ્યાનો, મહાપર્વમાં ૨ માસખમણ, ૧૭-૧૦-૯ અઠ્ઠાઈ ૧૩ વગેરે તપસ્યાઓ થઈ. નાનો ખાંચો છતાં ૧૮ ચોસઠ પહોરી થયા. ઉપજો, પારણાં આદિ સુંદર થયું.

● **શિહોર :** અત્રે પૂ. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજની નિશ્રામાં ૧૭-૧૬-ઉપવાસ વગેરે તપસ્યાઓ, ૬૪ પહોરી પૌષધ, અક્ષય નિધિ સુંદર થયા. પારણાં ને ૧૫ એકાસણાં શેઠ શ્રી પ્રાગજીભાઈ તરફથી થયાં, ૩ સાધર્મિક વાત્સલ્ય, વરઘોડો, ભવ્ય નીકળેલ. પૂ. શ્રીને ૮૧મી આંબેલ ઓળી થઈ.

● **તખતગઢ :** પૂ.પં.શ્રી હર્ષવિજયજી મ. ની નિશ્રામાં પૂ. મુનિરાજશ્રી પુંડરીકવિજયજી મ.નાં વ્યાખ્યાનોથી પર્વારાધના ભવ્ય થઈ. એક ૪૫ ઉપવાસ; ૪ માસખમણ, ૧૬/૧ ૧૫/૫ ૧૪/૧ ૧૧/૧૭ ૯/૧ અઠ્ઠાઈ ૩૩ વગેરે ઘણી તપસ્યાઓ, ૩ સિદ્ધિતપ, ૨ નવકારશી તથા ઉપજો સારી થઈ.

● **ઉદયપુર :** અત્રે પૂ.મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ના ગણધરવાદના વ્યાખ્યાનમાં M.P. થી માંડી પ્રોફેસરો વકીલો, આગેવાનો વગેરે ૨-૩ હજારની મેદની હતી. ૪ કલાક પ્રવચન ચાલ્યુ. સૌ ખૂબ પ્રભાવિત થયા. આવાં જાહેર તાત્ત્વિક વ્યાખ્યાનોની માગણી થઈ. ભાદરવા વદ ૯-૧૦-૧૧-૧૦૦૮ અઠ્ઠમની યોજના ચાલે છે. ઘણા નવા જિજ્ઞાસુઓ પ્રવચન તથા શંકા સમાધાનથી ધર્મશ્રદ્ધાળુ બનતા જાય છે.

● **અંતરીક્ષજી :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ. નું ચાતુર્માસ હોવાથી બહારથી પર્યુષણ કરવા ભાવિકો સારી સંખ્યામાં આવેલ. ૩૦ ઉપર અઠ્ઠાઈઓ, ૬૪ પહોરી, વગેરે સુંદર થયેલ. વરઘોડો શાનદાર નીકળ્યો.



કારતકમાં અત્રે ઉપધાન થવા વકી છે.

**"દિવ્ય-દર્શન" - "સમાચાર"** **વર્ષ-૧૮,અંક-૬,તા.૧૮-૧૦-૧૯૬૯**

● **અમદાવાદ :** અત્રે જૈનનગરમાં શેઠશ્રી રમણલાલ વજેચંદના ધર્મપત્ની **અ.સૌ. મંગુબેને સિદ્ધિતપ કર્યો.** સાતમી બારીના પારણે તબીયત નરમ છતાં પોતાની મક્કમતાથી તપ પૂરો કર્યો. અને પારણું શ્રાવણ વદી ૧ના દિવસે ખૂબ શાંતીથી થયું. આ નિમિત્તે શાંતિસ્નાત્ર સહીત ભક્તિ મહોત્સવ બંગલાના ગુરુમંદિરમાં શ્રાવણ વદી ૯થી વદ ૧૧ ભવ્ય ઉજવાયો. શેઠજીની વિનંતીથી આ પ્રસંગે જ્ઞાનમંદિરથી પૂ. પંન્યાસજી શ્રી મુક્તિવિજયજી મહારાજ પધારેલા. શહેરના સંભવિત ગૃહસ્થોના સાજન સાથે શ્રાવણ વદ ૯ની સવારે સંજીવ બાગથી પૂ.શ્રીનું વાજતે ગાજતે વિશાળ સામૈયું થયું. બંગલામાં મંગળપ્રવચન થયું. કુંભસ્થાપના અઢાર અભિષેક, બહેનોની શ્રી પંચકલ્યાણ પૂજા વગેરે સુંદર થયું. શ્રાવણ વદ ૧૦ રોચક પ્રવચન. નવગ્રહાદિ પૂજન અને રાત્રે ભાવના, બાદ શ્રી જૈનનગરનાં સંઘ તરફથી અ.સૌ. મંગુબેનનું બહુમાન કરવાનો સમારંભ યોજાયો. સંઘના મંત્રી હસમુખભાઈએ સૌ. મંગુબેનનો પરિચય આપ્યો અને તેમના તપની અનુમોદના કરી. મુંબઈથી આવેલા શ્રી ભણાભાઈએ મંગુબેનનો પરિચય આપ્યો અને તેમના તપની અનુમોદના કરી. મુંબઈથી આવેલા શ્રી ભાણાભાઈએ મંગુબેનમાં રહેલા ઉત્તમગુણો તથા તેમના કુટુંબીજનોમાં રહેલી ધર્મ ભાવનાનું વર્ણન કર્યું. તપની અનુમોદના કરી. શ્રી સંઘને આ પ્રસંગ યોજ્યા બદલ ધન્યવાદ આપ્યા, અન્ય વક્તાઓ શેઠ શ્રી ચંદ્રકાન્ત બકુભાઈ, ચંદ્રકાન્ત છોટાલાલ ગાંધી વગેરેએ સુંદર વક્તવ્યો કર્યા. પ્રમુખસ્થાનેથી સંઘના ઉપપ્રમુખ શેઠ શંકરલાલ છોટાલાલે જણાવ્યું કે જૈનનગરને આંગણે અનુપમ અવસર છે. શેઠ રમણભાઈ અત્રે આવ્યા બાદ ધર્મની મોસમ ચાલુ થઈ છે બે વરસથી તેમના જ બંગલામાં અનેક આરાધનાઓ થઈ છે. નૂતન જિનમંદિરનું કામ પણ તેઓ સંભાળે છે. વળી નૂતન ઉપાશ્રયની યોજના નક્કી થઈ છે તે પ્રમાણે જલદીથી આ બંને કામ પૂરા કરાવવા તેમને વિનંતી કરું છું. મંગુબેનના તપની અનુમોદના કરી. તેઓશ્રીના હસ્તે ચાંદીનું કાસ્કેટ તપસ્વી મંગુબેનને હારતોરા સાથે અર્પણ કરવામાં આવ્યું. વળી નૂતન ઉપાશ્રય બાંધવા માટે પ્લોટ અર્પણ કરવા બદલ શેઠ ચીમનલાલ પોપટલાલ રાણા તથા તેમના ધર્મપત્નીનું સંઘના પ્રમુખ શેઠશ્રી રમણભાઈના હસ્તે બહુમાન કરવામાં આવ્યું. અ.સૌ.મંગુબેનની વતી

સન્માનનો ઉત્તર આપતા. સૌ. કૈલાસબેને જણાવ્યું કે શ્રી સંઘે જે બહુમાન કર્યું છે તેનો અંતઃકરણપૂર્વક આભાર માનુ છું. દેવગુરુની સહાયથી જ મારો તપ નિર્વિઘ્ને પૂર્ણ થયો છે. ત્યારબાદ શેઠશ્રી રમણભાઈએ અત્યંત રોચક પ્રવચન કર્યું. શ્રી સંઘનો આભાર માન્યો. નૂતન જિનમંદિરના કામ અંગે બોલતાં જણાવ્યું કે આવા કાર્યો આપ સૌના સહકારથી જ થાય છે. આપની ધગશ અને મારા પ્રત્યેનો પ્રેમ કાર્યને સફળ બનાવે છે મને આશા છે કે નૂતન ઉપાશ્રય આવતા પર્યુષણા સુધીમાં કદાચ તૈયાર કરી શકીશું. છેલ્લે શ્રી જયંતીલાલ આત્મારામે આભારવિધિ કરી. શ્રાવણ વદ ૧૧ વિજયમુહૂર્તે શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું. જીવદયાની ટીપ રૂા. ૨૫૦૦ની થઈ અને શ્રીફળની પ્રભાવના કરવામાં આવી. સાંજના જમણવાર રાખવામાં આવેલ હતો. જેમાં લગભગ ૭૦૦ માણસની હાજરી હતી.

● **પૂનાકેમ્પ :** અત્રે પ.પૂ. પંન્યાસપ્રવર શ્રી ચરણવિજયજી મહારાજની નિશ્રામાં મહાપર્વની આરાધના ખૂબ જ ઉલ્લાસપૂર્વક થઈ હતી. ૧/૩, ૯/૧૮, ૮/૪૪ આદિ તપશ્ચર્યા થયેલી. ચોસઠ પહોરી પૌષધવાળાની સંખ્યા ૭૧ ની હતી. તે દરેકને રૂા. ૩૬ ની પ્રભાવના તેમજ છ ઉપવાસથી ઉપરના તપસ્વીઓને રૂા. ૬૦ ની પ્રભાવના થયેલી. સિદ્ધિતપ કરનાર ૧૩ તપસ્વીઓને એક ભાઈ તરફથી ૫૧ રૂા.ની પ્રભાવના-બીજા એક ભાઈ તરફથી સોનાની વીંટીની પ્રભાવના-ત્રીજા ભાઈ તરફથી રૂા. ૩૧ તથા ચાંદીની વાટકી વગેરેની પ્રભાવના થતાં એકેકને રૂા. ૬૦૦ ની પ્રભાવના થઈ હતી. કુલ ૧૬થી ૧૭ હજારની પ્રભાવના તથા દેવદ્રવ્ય જ્ઞાનદ્રવ્યમાં લગભગ ૨૨-૨૩ હજારની ઊપજ થઈ.

● **અમદાવાદ :** શ્રી રાજનગર જૈન શ્વે.મૂ.પૂ.ધા.ઈ.પ. ની સંસ્થા તરફથી લેવાતી વાર્ષિક પરીક્ષા સં. ૨૦૨૬ ના માગશર સુદ ૧૨ શનિવાર તા. ૨૦-૧૨-૬૯ ના રોજ મૌખિક તથા માગશર સુદ ૧૩ રવિવાર તા. ૨૧-૧૨-૬૯ ના રોજ લેખિત પરીક્ષા લેવાની રાખેલ છે. તો પ્રવેશફોર્મ તથા અભ્યાસક્રમ, ચંદ્રકાંતભાઈ સી. મશરૂવાળા ઠે. રૂપાસૂરચંદની પોળ, માણેકચોક એ સરનામેથી મંગાવી તેજ સરનામે ભરી મોકલી આપવા.

● **રતલામ :** પૂ.પં. શ્રી સુદર્શનવિજયજી મ. ના અત્રેના ચોમાસાથી સારો ધર્મઉત્સાહ વર્તે છે. દર ચૌદશે ઘણા પૌષધ, પ્રભાવના થાય છે. ૨૦૦ જણને યોગશુદ્ધિ તપ થયો, પારણાં તથા પુસ્તક પ્રભાવના થઈ. ૨૩ ચંદનબાળાના તથા શંખેશ્વરજીના અઠ્ઠમ થયા, પારણા પ્રભાવના સુંદર થયું. ૭ા વર્ષના બાળ નિર્મળકુમાર શાંતિલાલે પણ અઠ્ઠમ કરેલ. એનું રૂા. ૮૦ ની શાલ વગેરેથી બહુમાન થયું.



પર્યુષણામાં ૬૪ પહોરી પૌષધ આ બાળ સાથે ૧૫૦ જણને, દેવદ્રવ્યાદિ ઊપજ સારી, આઠે દિન અનુકંપાદાન, પ્રભુજીને નવનવી આંગીઓ, ૩ પૂજા, અઠ્ઠાઈ ઉપરની તપસ્યાઓ ૫૧ આદિ ભવ્ય થયું. ભા.સુ. ૧૦ વરઘોડામાં ૪ બેંડ, ૨ ઈન્દ્રધજા, ૨ રથ, હાથી પર વરસીદાન, શણગારેલ ખટારાઓમાં વીરપ્રભુનો ફોટો, સંગીત, રચનાઓ, કલ્પસૂત્રની ગાડીઓ, મોટરો ટેમ્પો વગેરે રોનક અદ્ભુત હતી. અંતે ગાડીમાં બુંદીના લાડુનું દાન ચાલુ હતું. સ્થાનકવાસી અને જૈનેતરો કહેતા કે આવો વરઘોડો પહેલી જ વાર જોયો. કાલુરામ સેવારામજીને ત્યાં અઠ્ઠાઈઓમાં ૧૦ વર્ષના બાળ પુખરાજને પણ અઠ્ઠાઈ હોઈ પૂ. પંન્યાસજી મ. આદિ સંઘ વાજતે ગાજતે ગયેલ.

● **ઉદયપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ની નિશ્રામાં ૧૦૦૮ ઉપર શ્રી શંખેશ્વરજીના અઠ્ઠમની રેકોર્ડ આરાધના થઈ, સમૂહમાં પ્રતિક્રમણ દેવવંદન સ્નાત્રાદિ ક્રિયાઓ, ૧૨૦ માળા જાપ, પાર્શ્વ પ્રભુ તથા ધન્ના અણગારના જીવન પર વ્યાખ્યાન, પૂજા વગેરેનો ઠાઠ અભૂતપૂર્વ રહ્યો. પારણા ટીપમાં લાભ લેવા એટલો બધો ધસારો થયો કે દિવાળી-શિબિર માટે લાભ આપવાનું આશ્વાસન આપવું પડ્યું. પારણાં પાલીતાણા-વર્ષીતપના પારણા જેવા દબદબાથી એક ખાસ ઊભા કરેલા મંડપમાં બધાને સમયસર એક સાથે ગાદી તકિયે બેસાડીને કરાવવામાં આવ્યા. પંથ ભેદ ભૂલીને આખું ઉદયપુર નગર આ અદ્વિતીય દૃશ્ય જોવા ઊમટેલું. અલૌકિક વિશેષતામાં ૯ વર્ષથી માંડી ૧૫ વર્ષવાળા ૨૫૦ બાળકોએ આરાધના કરેલી. 'જય શંખેશ્વર' પુસ્તકની સંઘપ્રભાવના થઈ, તથા શંખેશ્વર ભગવાનના ફોટાની પ્રભાવના પૂ. પં. શ્રી પદ્મરત્ન વિ.મ. ના સંસારી ભાઈઓ તરફથી થઈ.

● **'પદ્મપરિમલ' :** સ્વ. પૂ. પં. શ્રી પદ્મવિજયજી મહારાજે મુનિઓને લખેલ સંયમપ્રેરક પત્રોનો સંગ્રહ 'પદ્મપરિમલ' નામથી પ્રકાશિત થયો છે. એમાં ચારિત્રશુદ્ધિ-જ્ઞાન-ધ્યાન-તપ-ગુરુભક્તિ વગેરેની ભવ્ય પ્રેરણાઓ છે. શાહ વિનોચંદ શાંતિલાલ (૨૭૦૮, નીશાપોળ નાકે, રીલીફ રોડ, અમદાવાદ) પાસેથી રૂા. ૧ાા ની કિંમતે મળી શકશે.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૮,તા.૧-૧૧-૧૯૬૯

● **આદોની :** શાસન પ્રભાવક પૂ.આ.શ્રી ભુવનતિલકસૂરીશ્વર મ. ની નિશ્રામાં અત્રે ધર્મરંગની રેલમછેલ ચાલી રહી છે. મહાપર્વમાં ૧૬ ઉપવાસ સુધીની

અનેક તપસ્યા થઈ. મહાવીર પારણામાં ૨૦૦૧ મણ, સકલ સંઘ પારણાનાં રૂા. ૨૪૦૧ વગેરે ઉપજ તથા ૪ જમણ થયા.

● **પૂના કેમ્પ :** અત્રે પૂ.પં.શ્રી ચરણ વિજયજી મ. ના ઉપદેશથી સુંદર ધર્મપ્રભાવના થઈ રહી છે. અત્રે ૧૩ સિદ્ધિતપ થયા એમને જુદા જુદા ભાઈઓ તરફથી રૂા. ૫૧ અને રૂા. ૫૦ ની સોનાની વીંટી, રૂા. ૩૧। તથા ચાંદીની વાટકી વગેરે થઈ એકેકને રૂા. ૬૦૦ લગભગની પ્રભાવના વહેંચાઈ. પર્યુષણમાં ૭૫. ૧૬-૩ને, ૧૫-૧ને, ૧૧-૧ને, ૧૦-૨ને ૯-૧૧ને, અઠ્ઠાઈ ૪૪ને વગેરે તપસ્યાઓ થઈ. દરેકને રૂા. ૬૦ની તથા ચોસઠપહોરી ૭૧ને રૂા. ૩૬-૩૬ની પ્રભાવના થઈ. પ્રભાવનામાં ૧૬-૧૭ હજાર રૂા. જીવદયામાં ૩૭ હજાર રૂા., દેવદ્રવ્યમાં લગભગ રૂ. ૨૫ હજાર થયા.

● **બેંગ્લોર :** પૂ. આચાર્યદેવો શ્રી વિજય જયંતસૂરીશ્વરજી તથા શ્રી વિક્રમસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્વાધિરાજ શાનદાર ઉજવાયા. ઉપવાસ ૩૨, ૩૧, ૨૧ વગેરે તપસ્યાઓ સાથે ૨૦૦ અઠ્ઠાઈ થઈ. દેવદ્રવ્યાદિ ઉપજ, વરઘોડો, પ્રભાવક પ્રવચનો વગેરે સુંદર થયું.

● **ઉદયપુર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં થયેલ ૧૦૦૮ અટ્ઠમની શાનદાર આરાધનાના નિમિત્તે રવિવારે રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો. ત્રણ મોટા બેન્ડ, શણગારેલી જીપકારમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો મોટો પટ, બીજી જીપમાં નવકાર મંત્રનો ભવ્યપટ, ત્રીજીમાં કર્મવિજ્ઞાનની ૫x૮ ફૂટની કાષ્ઠ રચના, બાદ પાઠશાળાના ૩૦૦ છાત્ર-છાત્રાઓ, જીપમાં સુંદર ચાંદીની નાણ પર રત્નના ભવ્ય પ્રતિમા, ભજનમંડળી, રથમાં ભગવાન, હાથી પર નાથદ્વારમાં બનાવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનો મનોહર પટ્ટ, વિશાળ સાજનમાં ચતુર્વિધ સંઘ, વગેરેથી વરઘોડો લગભગ ૧ માઈલ લાંબો અને એટલો બધો આકર્ષક બનેલો કે હજારો માનવોએ નિહાળી અદ્ભુત અનુમોદના કરી... અહીં તા. ૨૬-૧૦-૬૯થી ૧૧દિવસનું શિબિરનું આયોજન થઈ રહ્યું છે. ૯મી કલાસથી ઉપરના સ્થાનિક ૧૦૦ અને બહારના ૫૦ વિદ્યાર્થી લેવાની ગણતરી છે... અત્રે સવારે ૬॥ થી ૭॥ ચાલતો તત્ત્વજ્ઞાનવર્ગ એક આકર્ષણ બની ગયો છે. અન્ય સમાજના લોકો પણ જોવા સાંભળવા આવે છે. ૩ માઈલ દૂર **'સવીનાખેડા'** યાત્રાએ જતાં ત્યાં પણ તત્ત્વજ્ઞાન વર્ગ લેવાયો. વ્યાખ્યાન પૂજા જમણ ધર્મ ચર્ચાપણ થઈ.





● **ઉદયપુર :** અત્રે પૂ.મુ. શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજની નિશ્રામાં જ્ઞાનસત્ર સુંદર ઉજવાયું. તા. ૨૬-૧૦-૬૯ પ્રભાતે ઓસવાલ ભુવન ઉપર પંચપરમેષ્ઠિ ભગવંતનો ધ્વજ શ્રીયુત હરનાથસિંહ મહેતા (રીટાયર્ડ કલેક્ટર) ના હાથે ચઢાવવામાં આવ્યો. બાદ જ્ઞાનસત્રના ૧૨૬ વિદ્યાર્થીઓએ સ્નાત્ર મહોત્સવ ઉજવ્યો. નવ વાગતાં પાંચ હજાર સ્ત્રીપુરુષોની વચ્ચે મેવાડ નરેશ શ્રી ભગવતસિંહજીએ જ્ઞાનજ્યોત પ્રગટાવી જ્ઞાનસત્રનો પ્રારંભ જાહેર કર્યો. મહારાણાએ આયોજનની ખૂબ પ્રશંસા કરી, પૂજ્ય ગુરુદેવના ફોટાઓના દર્શન કરી ભગવંત પાર્શ્વનાથજીના દર્શન કર્યા. સંઘે અલ્પાહારનો કાર્યક્રમ રાખેલો.

તા. ૨૯-૧૦-૬૯ના દિવસે રાજસ્થાનના મુખ્યમંત્રી શ્રી સુખડિયા આવ્યા. તેમણે પણ વિદ્યાર્થીઓને સારું ઉદ્બોધન કર્યું. 'જૈન રામાયણ'ના બીજા ભાગ **અંજના** (હિંદી)નું પ્રકાશન કર્યું, જ્ઞાનપૂજન કરી વાસક્ષેપ લીધો.

તા. ૫-૧૧-૬૯ પૂર્ણાહૂતિનો દિન હતો. ૪-૧૧-૬૯ના દિવસે વિદ્યાર્થીઓની મૌખિક પરીક્ષાઓ લેવામાં આવી. કૉલેજ વિભાગનું ૭૫% પરિણામ આવ્યું. હાઈસ્કૂલ વિભાગનું ૮૫% પરિણામ આવ્યું. વિદ્યાર્થીઓને કુલ ૮૦૦ રૂા. નાં ઈનામો વહેંચવામાં આવ્યાં. (તેમાં રૂા. ૫૦૧ મુંબઈ શ્રીપાલ નગર તરફથી ને રૂા. ૩૦૦ શ્રી સંઘ તરફથી.) પૂર્ણાહુતિ સમારોહમાં ઉદયપુર યુનિવર્સિટીના ઉપકુલપતિ ડૉ. મહાજની અતિથિ વિશેષ તરીકે આવેલા. વિદ્યાર્થીઓએ દસ દિવસમાં સાંધેલી પ્રગતિથી પ્રભાવિત થયા. આ પ્રસંગે ઉદયપુર યુનિવર્સિટીને સ્વ. પરમ ગુરુદેવશ્રી દ્વારા સંપાદિત કર્મ સાહિત્યના ચાર ભાગ શ્રી મયાભાઈ કાપડિયા અમદાવાદ તરફથી ભેટ આપવામાં આવ્યા.

ત્યારબાદ શિબિરના સર્વે વિદ્યાર્થીઓને સંઘ તરફથી શીખંડ-પુરીનું ભોજન આપવામાં આવ્યું. રાત્રે વિદ્યાર્થીઓ ભેગા થયા તેમને અમદાવાદથી પધારેલા શાંતિલાલ સાંઠબાકરે શિબિર પછી કેમ જીવશો ? એ વિષય પર સરસ ભાષણ આપ્યું. ત્યારબાદ પ્રેરણા કરતા વિદ્યાર્થીઓએ ત્રણ નિયમ ગ્રહણ કરવા રૂપ ગુરુદક્ષિણા આપી ! એક વર્ષ માટે (૧) સિનેમા ત્યાગ, (૨) કંદમૂળ ત્યાગ, (૩) રોજ ૧૦૮ નવકાર જાપ, તદુપરાંત (૧) બીડી, સીગારેટનો ત્યાગ (૨) રોજ પ્રભુદર્શન (૩) માતપિતાને પ્રણામ... વગેરે અનેક અભિગ્રહ ધારણ કર્યા. શિબિરનું કુશળતાપૂર્વક સંચાલન અહીંના હાઈસ્કૂલના અધ્યાપક શ્રીયુત વીરચંદજી મહેતાએ

કર્યું. વિદ્યાર્થીઓની સેવા-ભક્તિ શ્રી બોતલાલજી ધુપ્યાએ કરી. આખા ઉદેપુરમાં અને મેવાડમાં જ્ઞાનસત્રની સુવાસ ફેલાઈ ગઈ.

● **રાજકોટ :** અત્રે પૂ. મુનિરાજશ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ પાસે ભુજથી શ્રી જસુભાઈ આચાર્ય આવ્યા, કચ્છમાં પડેલા દુષ્કાળની કરુણ કથની કહી. પૂજ્યશ્રીનું હૈયું કંપી ઉઠ્યું, અને એજ દિવસે રવિવારે ૨૮-૯-૬૯ આઠ હજારની જંગી મેદની સમક્ષ પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે, "દુકાળને પહોંચી વળવા માટે તો પાંચ લાખ રૂપિયા ઓછા પડે તેમ છે, પરંતુ તમારા હૈયાનો ભાવ કૂણો રહે તે માટે પણ સંપત્તિની મૂર્ચ્છાનો ત્યાગ કરી જેટલું પશુધન બચાવાય તેટલું સત્વર બચાવવું જોઈએ."

રાષ્ટ્ર ઉપર જ્યારે આક્રમણો આવ્યા ત્યારે આ આર્ય દેશમાં ભામાશાહો પાક્યા હતા ને ? અને જ્યારે દુકાળના ઓળા ઉતરી આવ્યા ત્યારે જગડુશાહો પણ પાક્યા હતા ને ? ક્યાં ગઈ આજે જગડુશાહ અને ભામાશાહો બનવાની ભાવનાઓ ?

કચ્છના ગામડાઓમાં લોકો પોતાનું વહાલું પશુધન ભગવાન ભરોસે તજી દે છે. ત્યજાયેલ ઢોરો સૌરાષ્ટ્રમાં મોકલાય છે. આ રીતે પશુઓને તજી કચ્છના લોકો આંસુ સારતાં ચાલ્યા જાય છે. સંપત્તિમાનો જો તેમની ધન મૂર્ચ્છાથી ત્યાગ નહિ કરે તો એ ધન જ એક દી' એમનો ત્યાગ કરીને ચાલ્યું જવાનું છે. કચ્છમાંથી બહાર લઈ જતા ઢોરો પૈસાના અભાવે રસ્તામાં તરફડીયા મારીને અંતે મરી જાય છે. દિમાગવાળાનું દિમાગ કંપાવી નાંખે, હૈયાવાળાનું હૈયું હલબલાવી નાંખે તેવી ભયાનક પરિસ્થિતિ ઊભી થઈ છે. ભૂખના દુઃખેથી પશુઓના મડદાઓ જ્યાં ત્યાં પડ્યા હોય છે તે કેટલું બિહામણું દૃશ્ય છે ? પશુઓ પ્રત્યે પણ દયા નહિ રાખનારો ઈન્સાન ઈન્સાન નથી પણ હેવાન છે. જો તમે છતી શક્તિએ તમારી ફરજની ઉપેક્ષા કરશો તો જીવોની મૂક વેદના તમને ભરખી નહિ જાય શું ?

આ બહેનો પોતાનાં ઘરેણાં ટપોટપ કાઢવા માંડે. જ્યારે પશુઓ મરવા પડ્યા હોય ત્યારે તમારા અંગો ઉપર ઘરેણાં શોભે છે શું ? તમારી આંગળીઓ ઉપર રહેલી વીંટીઓ જલદી કાઢી નાખો. હજાર હજાર રૂપિયા સહુ જલદી લખાવી દે તો જ આ કામ પૂર્ણ થાય તેવું છે. છેવટે ઓછી શક્તિવાળાએ ૫૦૦-૫૦૦ અને ૧૦૦-૧૦૦ રૂા. લખાવીને પણ પોતાની ફરજ બજાવે."

પૂજ્યશ્રીની દિલવેધક દેશના સાંભળીને રૂા. ૧૦૦૦-૫૦૦-૧૦૦ એમ ટપોટપ રૂપિયાઓ નોંધાવા લાગ્યા. બીજી બાજુ બહેનોએ પોતાની આંગળીઓ ઉપર રહેલી વીંટીઓ કાઢીને ઉતારવા માંડી. કેટલીક બહેનોએ અછોડાઓ પણ કાઢી ધરી દીધા. માત્ર દસ જ મિનિટમાં ચૌદ હજાર રૂા. નો ફાળો નોંધાઈ ગયો. ત્યારબાદ અત્યાર



સુધીમાં ફાળો કુલ રૂા. ત્રીસ હજારનો થઈ ગયો છે અને કચ્છના પશુધનને બચાવવા માટે રૂા. પચાસ હજારનો ફાળો એકત્ર કરવાનું સહુનું લક્ષ્યાંક છે. શ્રી જયંતીલાલ લક્ષ્મીચંદ શાહ તથા કચ્છ-ભુજથી આવેલ શ્રી જસુભાઈ આચાર્ય ફંડ એકત્ર કરવા અનન્ય મહેનત કરી રહ્યા છે. પૂ. મુનિશ્રીના અત્રેના ચાતુર્માસથી અનેકોનાં જીવન પલટાયાં છે.

● **બેંગ્લોર :** 'ઇંડિયન એક્ષપ્રેસ'ના ૪થી ઓગષ્ટના અંકમાં તેરાપંથી આચાર્ય તુલસીની મુલાકાતનો અહેવાલ છાપવામાં આવેલો એમાં એમણે એવું કહ્યાનું બતાવાયેલું કે 'જૈનધર્મ સંકુચિત તથા જાતિવાદ અને અંધશ્રદ્ધાથી પૂર્ણ છે. જ્યારે અણુવ્રત સર્વવ્યાપી છે... મૂર્તિ પૂજા પાછળથી દાખલ થયેલ એક ભ્રષ્ટતા છે...' પૂ.આ.શ્રી વિજય જયંતસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.શ્રી વિક્રમસૂરીશ્વરજી મ. દ્વારા આ અઘટિત આક્ષેપનો વિરોધ કરવા વ્યાખ્યાનમાં ખૂબ ઊહાપોહ જગાવાયો, તેથી સંઘનું પ્રતિનિધિ મંડળ તેરાપંથી આચાર્ય પાસે એનો જવાબ લેવા ગયું. બરાબર જવાબ ન મળવાથી શ્રીસંઘે જૈન સિદ્ધાંત પ્રચારક સમિતિ સ્થાપી એના દ્વારા જાહેર સભા યોજાઈ. શિક્ષણ અધિકારી, પ્રો., વકીલો, વગેરે તથા સ્થાનકવાસી, દિગંબરભાઈઓએ પણ ભાગ લીધો. વિરોધનો ઠરાવ પસાર થયો, ગામે ગામના સંઘોને જણાવાયું. ચારે બાજુથી વિરોધપત્રો આવી રહ્યા છે. દરેક સંઘ આ વિરોધ મોકલે; અત્રે એક પ્રેસ કોન્ફરન્સ બોલાવતા પત્રકારોને પણ વાકેફ કરી દીધા છે. કાયદાની દૃષ્ટિએ તુલસીજીનો આક્ષેપ ગેરકાનૂની હોઈ કેસ થઈ શકે એવો અભિપ્રાય મળે છે તો એના અનુભવની સલાહ આપશે એવી સમિતિ વિનંતી કરે છે.

● **ભુજ :** અત્રે પૂ. મુનિરાજશ્રી રાજેન્દ્રવિજયજી મ. ની નિશ્રામાં ઓક્ટોમ્બર વેકેશનમાં વિદ્યાર્થીઓનું ધાર્મિક શિક્ષણસત્ર યોજાયું. એમાં ભૂ.પૂ. શિબિર વિદ્યાર્થીઓ શ્રી નગીનભાઈ જસાણી, શ્રી ભૂપેન્દ્ર વગેરેએ સારા વર્ગો લીધા. પૂ. મહારાજશ્રીએ મોટાઓ પણ લાભ લઈ શકે એ રીતે વ્યાખ્યાનમાં તાત્ત્વિક વિષય રાખ્યો. વિદ્યાર્થીઓને સૂત્રો, ક્રિયારુચિ, તત્ત્વજ્ઞાન, મનઃસ્થૈર્ય વગેરે અંગે સારું શિખવાયું. નિયમો પણ થયાં. અંતે સુંદર પ્રશ્નોથી લેખિત પરીક્ષા પણ લેવાઈ. ઈનામો વહેંચાયા.

દિવ્ય-દર્શન'' - **"સમાચાર"** વર્ષ-૧૮,અંક-૧૨,તા.૧૩-૧૨-૧૯૬૯

● **જયપુર :** અત્રે અતિ પ્રાચીન અને અદ્ભુત જિનબિંબોની મૂળ મંદિરના નવનિર્મિત માળ પરના મંદિરમાં ભવ્ય વેદિકા પર પ્રતિષ્ઠા કા.વ.૪ના થઈ. ઉત્સવ

ભવ્ય ઉજવાયો. રોજ નવનવી પૂજાઓ ભણાવાતી. કા.વ.૩ અભૂતપૂર્વ જળયાત્રાનો વરઘોડો નીકળ્યો. એમાં વિવિધ રચનાઓ ઉપરાંત પ્રભુજીનો વેદિકાસહિત મોટો ચિત્રપટ પણ હતો. વરઘોડામાં અને પૂજા ભાવનાઓમાં શ્રી નવયુવક મંડળ તથા ગવૈયા ગોપાળપ્રસાદ વગેરેએ સંગીતની ભારે રમઝટ જમાવી. વિધિ વિધાન અમદાવાદ જ્ઞાનમંદિરના ભાઈશ્રી રમણલાલ કેશવલાલની મંડળીએ કરાવ્યાં. ભવ્ય આંગીઓ અમદાવાદના મનસુખભાઈની પોળના દેરાસરના પૂજારી પરસોત્તમે સુંદર બનાવી. પ્રભુજી પધરાવવામાં **૬૩'' ઈંચના શ્રી મહાવીર સ્વામીના** બિંબને લખનૌવાળા બાબુ પૂનમચંદ નગીનચંદે તથા બીજા બિંબોને સ્થાનિક ગૃહસ્થોએ પધરાવ્યા. પ્રતિષ્ઠા બાદ કા.વ. ૬ રવિવારે સાધર્મિક વાત્સલ્ય ભવ્ય ઉજવાયું. લગભગ ૪/૫ હજાર જણ જમ્યું. અત્રેથી કા.વ. ૧૦નો પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ આદિઠાણા ૧૦નો આગ્રા તરફ વિહાર થયો. જયપુર સંઘને ભારે ખેદ રહ્યો. પૂજ્યશ્રી માગશર સુદ ૬ ભરતપુર અને સુદ ૧૦ આગ્રા પહોંચવા વકી છે. જયપુરમાં એક મહાન કાર્ય આવશ્યક સૂત્રના ૫૬-૫૬ વાર ગાથાવાર સુંદર ચિત્રો તૈયાર કરાવવાનું થયું. હવે એનાં ૪ કલરમાં બ્લોક બની છપાઈ આલ્બમ બનશે. આમાં સામાયિક ચૈત્યવંદન પ્રતિક્રમણનાં સૂત્રોના ભાવ આબેહૂબ ચિત્રરૂપે રજૂ થયા છે, જે જોતાં શ્રી ચતુર્વિધ સંઘમાં નવીન ભાવોલ્લાસ જાગૃત થશે.

• **ઉદયપુર** : અત્રે પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ.ના બાળમુનિ શિષ્યના સંસારી માતાપિતા વિરકત બની માગશર સુદ ૪ દીક્ષા લેવાનું નક્કી થયું છે.

• **પિંડવાડા** : અત્રેના શ્રાવક ચુનીલાલજી ઈંદોરવાળાની કા.વ. ૧૨ દીક્ષા પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજના વરદ હસ્તે થવાની છે તેનો ઉત્સવ ચાલુ છે.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૧૪,તા.૨૭-૧૨-૧૯૬૯

• **આગ્રા : પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** સપરિવાર જયપુરથી કા.વ.૧૦ વિહાર કરી માગશર સુદ ૧૦ અત્રે પધાર્યા. વચમાં ભરતપુર સુદ ૬ના પધારતાં અત્રેના સંઘને ખૂબ આનંદ થયો. શ્વે. મૂર્તિપૂર્જક સંઘના સેક્રેટરી શ્રી રોશનલાલ વગેરે પાંચ માઈલ સુધી સામે ગયેલ. ભરતપુરનો મંત્રીનો અહેવાલ જુદો છાપ્યો છે. જયપુરથી આગળ પૂર્વ દેશ તરફ વિહાર-પ્રદેશોમાં અજૈન ભાઈઓનો સાધુભક્તિનો રંગ સારો દેખાયો. બાસીમાં એક બ્રાહ્મણભાઈના ઘરેથી વહોર્યા વિના મુનિરાજ પાછા ફરતાં એ ભાઈ દુઃખી થઈ કહે, 'મહારાજ ! આપ જેવા



અતિથિ અમારે આંગણેથી કાંઈ લીધા વિના એમજ પાછા જાય. એથી તો અમને પાપ લાગે, માટે કાંઈ પણ લેવાની કૃપા કરો.' પછી થોડું દૂધ લેવું પડ્યું. કેટલીક સ્કૂલોમાં હેડમાસ્ટર સંતો પાસેથી વિદ્યાર્થીઓને ઉપદેશ અપાવવાની હોંશ સારી, જટવાડામાં વ્યાખ્યાન બાદ હેડમાસ્ટર કહે, 'આમાં તો માસ્ટરોને પણ શીખવાનું મળ્યું.' સંવેગી મુનિઓનો આ બાજુ વિહાર નહિ અને મૂર્તિપૂજા વિરોધી સાધુઓનો વિહાર અવરનવર ચાલુ તેથી કેટલાક જૈનો તો એમ જ સમજે કે સાધુ આવા જ હોય; વળી અનંત જીવમય બટાટા વગેરે કંદમૂળના શાક એ સાધુ વહારે એટલે લોક એમ સમજે કે 'આ ખાવામાં દોષ નહિ,' તેથી છૂટથી એનો ઉપયોગ કરે છે. વચમાં મહુવા ગામે શ્વે.મૂ.ના ૬ ઘર પરંતુ ત્યાંના એક લાગણીવાળા ભાઈ કહે 'સાહેબ ! અહીં મૂર્તિપૂજા વિરોધી સાધુઓના સંસર્ગથી આપણા ભાઈઓ ભગવાનનાં દર્શન પૂજનની શ્રદ્ધા-ગુમાવી રહ્યા છે. કેટલાકને પ્રભુનાં દર્શન ન કરવાની બાધા કરાવે છે. મંદિરમાં પૂજનસામગ્રીની શી જરૂર છે વગેરે આગ્રહ પકડે છે. આપ ઉપદેશ કરો.' પછી રાતના ભાઈઓ આગળ વ્યાખ્યાન અપાયું. એક માસ્ટર કહે, 'અમને પેલાઓ એમ સમજાવે, આપ આમ સમજાવો અમારે શું સમજવું ?' પૂજ્યશ્રીએ કહ્યું, 'તમને શાસ્ત્રપાઠો અને યુક્તિઓથી આટલું બધું સમજાવ્યું છે. તમને ય વિચારવા જેવું લાગ્યું છે તો વિચાર કરો શું યોગ્ય છે. હજારો લાખો વર્ષ પૂર્વના તીર્થો છે, મંદિરો છે, મૂર્તિ છે, મોહન-જો-દરો વગેરેનાં અવશેષ જિનમૂર્તિના નીકળે છે, તો મૂર્તિ ક્યારથી પૂજ્ય મનાઈ આવીને એની પાછળ કરોડો રૂા. ના ખર્ચ કરાય છે. એ બધું વિચારો, શ્રી મહાવીર ભગવાનને તો માનો છો ને ? એમની સંઘ પરંપરા શું માનતી-પૂજતી-બોલતી આવી છે એ દેખો. મૂર્તિની અવગણના કરનારનો પંથ કોઈ પૂર્વાચાર્યની પરંપરા વિનાનો ૩૦૦-૪૦૦ વરસથી ચાલ્યો એનું શું મૂલ્ય એ વિચારો.' ઈત્યાદિ સમજાવતાં ભાવિકો વિચારમાં પડ્યા. એક ભાઈએ પૂજાની પ્રતિજ્ઞા લીધી.

એક ભાઈએ કહ્યું આપણું સાહિત્ય અહીં જોવા મળતું નથી. વિરૂદ્ધનું જોવા મળે છે તેથી પણ સંસ્કારો બગડે છે. ખરી રીતે અહીં ભરતપુરમાં ધર્મસાહિત્ય ધર્મમાહિતી વગેરે વહેંચાવી જોઈએ. એક ધાર્મિક ભણેલા ભાઈ કહે, 'અહીં વરસ બે વરસ બહારથી યોજાયેલ માસ્તર ધાર્મિક ભણાવે તો બાઈઓ છોકરાઓ વગેરેમાં સારી અસર થાય...' વગેરે.

આગ્રામાં બહાર દાદાવાડીમાં સુંદર જિનમંદિર છે. વાડીને સ્થાનકવાસીના કબજામાંથી કાયદેસર છોડાવી તો લીધી, પરંતુ આંતરિક ખેંચપકડમાં વાડીની લાખોની જમીન તથા જિનમંદિરનું બગડતું હતું. પૂ.પંન્યાસજી મહારાજે ઉપદેશ આપતાં

આગેવાનો વ્યવસ્થિત કમિટી નીમી બરાબર વ્યવસ્થા કરાવવા વિચારી રહ્યા છે. બીજું આ પ્રદેશોમાં ઉપાશ્રયની જગામાં સામાજિક સ્કૂલો ચાલુ થઈ ગઈ છે. ધાર્મિક શિક્ષાનો ઉપદેશ અપાતાં આગેવાનો કહે, 'સંસ્કારનો પ્રતિબંધ આડે આવે છે.' ત્યારે ધર્મ ખાતાની મિલકતનો ઉપયોગ શું સંસારપોષણ માટે ? છતાં પૂજ્યશ્રીએ કહ્યું, 'એવાં પ્રલોભન ઊભા કરી સ્કૂલ સમયની બહાર ધાર્મિક શિક્ષા આપી શકાય...' વગેરે. સારાંશ પૂર્વ દેશની કથળેલી ધાર્મિકસ્થિતિ એવી છે કે એના પર પશ્ચિમ ભાગના ધર્મી જૈનોએ ધ્યાન દેવા જેવું છે.

● **ભરતપુર :** અત્રેના શ્રી જૈન શ્વે.મૂર્તિપૂજક સંઘના મંત્રીશ્રી રોશનલાલ લખી જણાવે છે કે અત્રે જૈનોના લગભગ ૧૨૫ ઘર છે. જેમાં લગભગ ૬૦-૮૦ ઘર પલ્લીવાલ જૈન છે. અહીં આગળ શ્વેતાંબર ચાર દેરાસર છે. મંદિરો ભવ્ય છે, પણ તેઓની ઘણી જ દયાજનક સ્થિતિ છે. દેરાસરોમાં પૂજા પ્રક્ષાલાદિ માટે જરાય વ્યવસ્થા નથી. પૂજા પણ ઢંગધડા વગરની થાય છે. પૂજાના સંપૂર્ણ વાસણો નથી અને જે છે એય ટૂટેલી ફૂટેલી દશામાં. કહેવાનો મતલબ આ છે કે અહીંનાં પલીવાલ સમાજમાં હવે સ્થાનકવાસી રીતરિવાજ ઘૂસતા જાય છે અહીંનો મોટો ભાગ સ્થાનકવાસી સમાજમાં પલટાઈ ગયો છે. આજથી કેટલાક વર્ષ પૂર્વે એ જ સમાજ કટ્ટર મૂર્તિપૂજક હતો અને તેઓના હાથમાં જ મંદિરનો વહિવટ હતો અને હાલમાં પણ તેઓ જબરજસ્તીથી મંદિરનો વહિવટ હાથમાં લીધો છે, અને દિન પ્રતિદિન મંદિરોની હાલત ખરાબ બનાવતા જાય છે, સત્યમાર્ગને ભૂલીને મિથ્યામાર્ગ તરફ દોટ લગાવે છે આ વાતથી પરસ્પર સંઘર્ષ થાય છે. ભરતપુરની આ દયાજનક દશા જોઈને અમારા ઉપર ભગવાને અસીમ કૃપા કરી, અને અમારા નગરમાં શ્રીમાન્ પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ આદિ ઠાણા સહિત પધાર્યા. એમણે મંદિરોના દર્શન કર્યા. મંદિરોની દયાજનક સ્થિતિથી એમને ઘણું જ દુઃખ થયું. એમણે પ્રવચનો આપી અમારી અંધ દશા મિટાવી, આંખો ઉઘાડી. એમના પ્રવચનોથી અમારા ઉપર ઘણો જ ઉપકાર થયો, પરંતુ એટલાથી કાંઈ કામ પતી જતું નથી, અમારે ત્યાં સાધુ મુનિરાજો અવસરે અવસરે અત્રે પધારી માર્ગદર્શન આપે અને સાથે ચોમાસા પણ અત્રે કરે તો અમારા સંઘમાં જાગૃતી આવે. અમારી પાસેના નાના ગામોમાં પલીવાલ સમાજના ઘરો રહેલા છે. એમાંના ઘણાઓએ તો શ્વેતાંબર સાધુઓના દર્શન પણ અત્યાર સુધી કર્યા નથી. પૂ. ગુરુદેવશ્રી પં.ભાનુવિજયજી મ. જ્યારે અમારે ત્યાં પધાર્યા ત્યારે ગામડામાંથી આવેલા પલીવાલ ભાઈઓએ ઉદ્ગાર કાઢ્યા કે આવા મહાત્માઓ તો અમે આજે જ જોયા આ પરિસ્થિતિ સાધુ ભગવંતોના અહીં તરફ ન વિચરવાના કારણે બની છે. આ તરફ જ નહિ પરંતુ આખા પૂર્વ



દેશમાં સર્જાઈ છે. અમારી સકલ શ્વે.મૂર્તિપૂજક સાધુ સમુદાયને અરજ છે કે અમારા તરફ કૃપા કરી, દયા લાવી આ તરફ પધારે ને અમારા ઉપર ઉપકાર કરે, પં.શ્રી ભાનુવિજયજી મહારાજના અમે ઘણા ઋણી છીએ કે અમને સારું માર્ગદર્શન આપ્યું. એમના પ્રવચનોથી અમારો તથા સ્થાનકવાસીઓનો સમાજ પણ આકર્ષાયો હતો.

● **પાલીતાણા :** અત્રે પરમ શાસન પ્રભાવક પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે અમદાવાદ વિદ્યાશાળાની પ્રતિષ્ઠાદિ વિધિકારક મંડળીવાળા શ્રી વેલચંદભાઈની તથા પૂનાના ભાઈશ્રી સુમતિલાલ હીરાચંદની કા.વદ ૪ ભાગવતી દીક્ષા ખૂબ ધામધૂમપૂર્વક થઈ નામ મુનિશ્રી વિશ્વકીર્તિ-વિજયજી તથા શ્રી અનંતયશવિજયજી રખાયા.

● **પિંડવાડા :** અત્રે મહોત્સવપૂર્વક પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજના વરદ હસ્તે ઇંદોરવાળાભાઈ શ્રી ચુનીલાલજીની પૂ. મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ.ના શિષ્ય તરીકે ભાગવતી દીક્ષા ઉજવાઈ નામ મુનિશ્રી ચરણગુણવિજયજી રખાયું.

● **ઉદયપુર :** અત્રે ખૂબ ધામધૂમથી પૂ. મુનિરાજશ્રી ભદ્રગુપ્તવિજયજી મ. ના શુભ હસ્તે એમના શિષ્ય પાલીવાળા બાળમુનિના સંસારી પિતા ભાઈશ્રી પુખરાજજી તથા માતાની ભાગવતી દીક્ષા ઉજવાઈ. પિતાનું નામ મુનિશ્રી ધર્મબાહુવિજયજી રાખવામાં આવ્યું.

દિવ્ય-દર્શન'' - **''સમાચાર''** વર્ષ-૧૮,અંક-૧૭,તા.૧૭-૧-૧૯૭૦

● **અંતરીક્ષજી :** અત્રે પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં માગશર સુદ ૪થી ઉપધાન તપ સુંદર ચાલી રહ્યો છે. અમલનેરવાળા ભાઈ શ્રી રીખવચંદ તથા નેમિચંદ વગેરે સેવા-વ્યવસ્થા સુંદર બજાવી રહ્યા છે. ૧૪૦ ભાઈ-બેનો આરાધનામાં છે. પ્રારંભે ૨૭ બેનોએ અઠ્ઠમ કરેલા. પો. વદ ૬ની માળ છે. પૂ. આચાર્યદેવશ્રીના વરદ્ હસ્તે જિનબિંબોની અંજનશલાકા ફાગણ સુદમાં થવાની છે; કા.વ.૧૦ ભાઈ શ્રી બંડુભાઈની દીક્ષા થઈ, નામ મુનિશ્રી જિનેન્દ્ર વિજયજી રાખવામાં આવ્યું.

● **ઘાણેરાવ :** અત્રે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. ને પોષ સુદ ૮ શ્રી વર્ધમાન આંબેલ તપની ૧૦૦મી ઓળી પૂર્ણ થાય છે. એ નિમિત્તે અત્રેના શ્રી સંઘ તરફથી ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ શ્રી સિદ્ધચક્રપૂજન વગેરેનું આયોજન થયું છે. પૂ. તપસ્વી મુનિરાજ તથા

શ્રી સંઘની આગ્રહભરી વિનંતીથી પૂ.આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ, પૂ.પં.શ્રી હેમંતવિજયજી મ. આદિ વિશાળ મુનિમંડળ પારણાં ઉત્સવ પર પધારનાર છે.

**દિવ્ય-દર્શન'' - "સમાચાર"** **વર્ષ-૧૮,અંક-૧૮,તા.૨૪-૧-૧૯૭૦**

• **ફરુખાબાદ** : (ઉ.પ્ર.) પં.શ્રી ભાનુવિજયજી મહારાજ આદિઠાણા ૮ ભરતપુરથી આગળ વિહાર કરતાં આગ્રા પધાર્યા. આગ્રામાં ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુનું સુંદર મંદિર છે. લોકોએ વ્યાખ્યાનમાં સારો લાભ લીધો. સ્થાનકવાસી ભાઈઓની વિનંતીથી સ્થાનકમાં પણ **'માનવ જીવનમાં ઉત્થાન'** અંગે વ્યાખ્યાન અપાયું. એમના તરફથી પણ વધુ રોકાઈ જવા માટે આગ્રહ થયો. અત્રે શ્વે.મૂ.સંઘના આગેવાન શેઠ કરોડીમલજીએ પૂજ્યશ્રીના ઉપદેશથી શહેર બહારની દાદાવાડીની વ્યવસ્થા માટે કમિટી નીમી. યુવકનેતા ભાઈ શ્રી જવાહિરલાલજીએ કાર્ય સંભાળવા આગેવાની સ્વીકારી. વાડીમાં પ્રાચીન જિનમંદિરમાં ભોંયરામાં બહુ જુની મહાવીર સ્વામીજીની સુંદર પ્રતિમા છે. મંદિર જીર્ણોદ્ધાર માગે છે. પાસે જગદ્ગુરુ આ.શ્રી વિજય હીરજીસૂરીશ્વરજી મ.ની પાદુકાની સુંદર દેરી છે. પૂ. પંન્યાસજી મ. આગળ વિહાર કરતાં ફિરોજાબાદ પધાર્યા. અહીં બે જિનમંદિર છે, પરંતુ પાષાણના જિનબિંબ નથી. બંને પક્ષોને શહેરની મધ્યમાં એક સુંદર ભવ્ય જિનમંદિર માટે ઉપદેશ આપ્યો. વિચારણા થઈ. મારવાડી ભાઈઓએ ત્રણ થોઈવાળાને મંદિર બનાવવામાં પૂરો સહકાર આપવા કબૂલ કર્યું. પૂ.શ્રી ત્યાંથી વિહાર કરી શૌરીપુર તીર્થ પધાર્યા અત્રે શ્રી નેમિનાથ પ્રભુનાં ચ્યવન અને જન્મના બે કલ્યાણકની ભૂમિ હોઈ સુંદર જિનમંદિર છે. પ્રભુની શ્યામ ભવ્ય પ્રતિમા છે. આગ્રાના શેઠ કરોડીમલજી વહીવટ સંભાળે છે, અને યાત્રિક સંઘો આવતા પોતે આગ્રાથી અત્રે આવી વ્યવસ્થા જાળવે છે. બગીચામાં કલ્યાણકના પગલા દેરી છે. પૂજ્યશ્રી અત્રે પધારતાં સિરોહી જિલ્લાનો ૬૦૦ માણસોનો સંઘ આવેલ. વ્યાખ્યાન અપાયું. મુંબઈવાળાની બસ પણ આવેલ. પૂજ્યશ્રી ત્યાંથી વિહાર કરી શિરોહાબાદ મૈનપુરી થઈ કંપીલપુર તીર્થે પધાર્યા. આ તીર્થમાં શ્રી વિમળનાથ પ્રભુના કેવળજ્ઞાન સુધીના ચાર કલ્યાણકની ભૂમિ છે, પ્રભુજીની મૂર્તિ પ્રભાવક છે. પૂર્વે અત્રે એક સંઘ આવેલ એમાં એક ભાઈને જીવલેણ હાર્ટ એટેક આવેલ, તદ્દન બેભાન થતાં મંદિર પાછળના પીરના સાધકને બોલાવતા પીરે કહ્યું વિમળનાથ પ્રભુનું ન્હવણજળ શરીરે લગાવો. ભાન આવશે. તેમ કરવામાં આવતાં એ ભાઈ ભાનમાં આવીને બોલ્યા. તીર્થમાં મુનિમજી શ્રી



વિજયકુમારજી ડાંગી સારી વ્યવસ્થા જાળવે છે, બહારથી યાત્રિકો કેટલાક ન જાણવાથી અત્રે આવતા નથી પરંતુ તીર્થ રમણીય અને ભાવપ્રેરક છે. કંપીલા તરીકે પ્રસિદ્ધ છે. ફરુખાબાદથી પણ કાયમગંજ થઈ અત્રે બસ આવે છે. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી ક્રમશઃ ફરુખાબાદ પધાર્યા. અત્રે શ્રી ધર્મનાથ ભગવાનનું મંદિર છે, પણ જીર્ણ છે. પ્રભુજી પ્રભાવક છે. બ્રાહ્મણ પૂજારી કહે મારા પિતાજીએ આ નિરંજન નિરાકાર પ્રભુજીની ૮૦ વરસ સેવા બજાવી જીવન અજવાળ્યું. હસ્તિનાપુર જૈન મહાસભા અત્રેનો જીર્ણોદ્ધાર કપિલાના જિનમંદિરના જીર્ણોદ્ધાર પછી કરવા ધારે છે; એમાં એને વર્ષો જોઈએ. શ્રી આણંદજી કલ્યાણજી પેઢી હાથમાં લે તો જલદી કાર્ય થાય. નગર મોટું, વેપારનું ધામ છે. અમદાવાદના શેઠ શ્રી મયાભાઈ લક્ષ્મીચંદના સૂચનથી અત્રેના જૈનેતર વેપારીઓએ સત્સંગનો લાભ લીધો. તથા દિલ્હીથી શ્રી નંદકિશોરજીએ આવી ખૂબ સેવા ઉઠાવી. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી કાનપુર પો.સુદ ૮ પહોંચવા ધારે છે. ત્યાંથી લખનૌ સુદ ૧૪-૧૫ થવા વકી છે.

(C/o, અમીચંદજી અમુલખજી નાહર, ચૂડીવાળી ગલી, ચૌક, લખનૌ)

**દિવ્ય-દર્શન'' - "સમાચાર"** **વર્ષ-૧૮,અંક-૧૯,તા.૭-૨-૧૯૭૦**

• **બોડેલી** : અત્રે પ્રદેશના પરમાર ક્ષત્રિઓમાં જૈન ધર્મની શ્રદ્ધા અને આરાધના થવા માંડી છે. આ અંગેની કમિટીના ટ્રસ્ટીઓની નવેસરથી ચૂંટણી થઈ, અને મંત્રીઓ તરીકે શ્રી કાંતીલાલ ઉજમલાલ શ્રી ચીનુભાઈ અને શિબિરવાળા ભાઈ શ્રી કુમારપાળને મંજૂર કર્યા છે. શ્રી કુમારપાળે અહીંના ૪૦ મોટા છોકરાઓને શંખેશ્વર આદિની યાત્રામાં સારી દોરવણી આપી અઠ્ઠમ ને ૩ આંબેલથી આરાધના કરાવેલી વળી એમણે નાના નાના ગામોમાં દર ચૌદસે પૌષધ, રાસનું વાંચન વગેરે પણ થાય એવી ગોઠવણ કરી છે.

• **વિથોણ** (કચ્છ) : અત્રે પૂ. તપસ્વી મુનિરાજશ્રી મણિપ્રભવિજયજી તથા વ્યાખ્યાતા પૂ.મુ.શ્રી રાજેન્દ્રવિજયજી મ. સારી ધર્મભાવના સાથે ભુજ ચોમાસું પૂર્ણ કરી અત્રે પધાર્યા. વચમાં આંગિયામાં એમના ઉપદેશથી માત્ર ૩૦ ઘરમાં ૧૦૪ જણે ખીરનાં એકાસણા સાથે અરિહંત જાપની આરાધના કરી. ભવ્ય સ્નાત્ર મહોત્સવ ઉજવાયો. અત્રે એક બેને ૧૬ ઉપ. કર્યા જિનભક્તિ ઉત્સવ થયો. પાઠશાળા માટે ૧૨ માસ ઉપરની ટીપ થઈ. મહારાજશ્રીના વ્યાખ્યાનોથી કચ્છના ગામડાઓમા સારી ધર્મભાવના થાય છે.

● **કાનપુર : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** કાનપુર પધારતાં કાનપુરના સંઘે પ્રવેશ સ્વાગત ધામધૂમથી બેન્ડવાજા સાથે કર્યું. પહેલા જ વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં લોકોએ મહિનામાં ૪ તિથિ તપ, ઘી ત્યાગ વગેરેના અભિગ્રહ લીધા. અત્રે કાચનું સુંદર શ્રી ધર્મનાથ પ્રભુનું મંદિર છે. મૂર્તિ આલ્હાદકારી ગુજરાતી ભાઈઓએ પરમશાસન પ્રભાવક વ્યા.વા. પૂ.આચાર્યદેવશ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનો ઉપદેશ પામી અત્રે ભવ્ય ઉપાશ્રય-ધર્મશાળાનું નિર્માણ કર્યું છે. એમાં મંદિર પણ રાખ્યું છે. એને હવે સંગેમરમરનું કરવાના છે. એમાં શ્રી મુનિસુવ્રત-સ્વામીની કસોટીની પ્રભાવક પ્રતિમા છે. પ્રભુજી અત્રે પધાર્યા પછી સંઘમાં આબાદી તથા ધર્મભાવના વધી છે. સંઘના આગ્રહથી પૂ.પંન્યાસજી મ. બે દિવસ વધુ રોકાયા. એમાં શનિવારે શ્રી અષ્ટાપદજીની પૂજા ભણાવાઈ. અર્થ વિવેચનથી લોકોને જીવનમાં પહેલીવાર નવો જ ધર્મપ્રકાશ અને અર્હદ્‌ભક્તિભાવ મળ્યો. રવિવારે સવારે આંબેલ સાથે નાણ સમક્ષ ભવોભવના પુદ્‌ગલ વોસિરાવવાની તથા પાપના અનુબંધ તોડવાની ભવ્ય ક્રિયા થઈ. ક્રિયા કરનારનાં દિલ પાપગર્હા અને ધર્મસંવેગથી ગદ્‌ગદ થઈ ગયા. બપોરના ગુજરાતી સ્કૂલના વિશાળ હોલમાં **'આંતર દૃષ્ટિ'**એ વિષય પર જાહેર પ્રવચન થયું. પત્રિકાઓ કઢાવામાં આવેલી, તેથી સ્થાનકવાસી તથા જૈનેતર ભાઈઓ પણ મોટી સંખ્યામાં આવેલા. વિશાલ માનવમેદની મંત્રમુગ્ધ બની સાંભળતી હતી. માણસને બાહ્યદર્શન કેવું ભૂલાવી અનેકવિધ આધિ-વ્યાધિ-ઉપાધિમાં જકડે છે, આંતરદર્શનના જીવન દ્વારા એ આપદાઓથી બચી કેવા મહાન લાભ પામે છે. કેવી શાંતિ-સ્ફૂર્તિ અને શુદ્ધ આનંદ અનુભવે છે એનું રસમય દૃષ્ટાંત આદિ સાથે સંવેગ વૈરાગ્ય ભર્યું પ્રવચન થયું. સોમવારે વિહાર થયો સંઘ ત્રણ માઈલ સુધી વળાવવા આવ્યો.

● **ઘાણેરાવ :** અત્રે પૂ.પં.શ્રી ભાનુવિજયજી મ.ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મહારાજની વર્ધમાન આયંબિલ તપની ૧૦૦મી ઓળીના પારણાં નિમિત્તે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાયો. પૂ. તપસ્વી મુનિરાજ સંસારી પણે અત્રેના વતની, મુંબઈમાં જુહારમલ મોતીલાલના નામના મોટી પેઢીના ભાગીદાર, શ્રી કનકરાજજી વગેરે પાંચ પુત્ર રત્નોના પિતા; એ બધો વૈભવી સંસાર છોડી એમણે યુવાવસ્થામાં ભવ્ય ધામધૂમથી વિ.સં. ૨૦૦૮માં અલબેલી મુંબઈમાં દીક્ષા લીધેલી. મારવાડના વતની, તેવો જ્ઞાનાભ્યાસ નહિ, પણ ચારિત્ર લઈને સૂત્રો ઉપરાંત સંસ્કૃત ભાષાનું અધ્યયન કર્યું. એક બાળકની જેમ રોજ કલાકો સુધી ગોખે. મહેનત શું કામ ન કરે ? 'વિદ્યા પરિશ્રમાધીના.' સાથે આંબેલની તપસ્યાનું જોર રાખ્યું. પિંડવાડા ડીસા ઘાણેરાવમાં એમના ચોમાસાએ સંઘમાં કેટલાય નવા આંબેલ



ઓળી પાયા નખાયા ઓળીઓ થઈ તથા બ્રહ્મચર્યાદિ વ્રતનિયમ ખૂબ થયા. ૧૦૦મી ઓળીના પારણા નિમિત્તે સંઘે વિનંતીઓ કરતાં આગમપ્રજ્ઞ પૂ. આચાર્યદેવશ્રી વિજય જંબુસૂરીશ્વરજી મહારાજ પૂ.પં.શ્રી હેમંતવિજયજી મહારાજ આદિ લગભગ ૪૫ મુનિઠાણા અત્રે પધાર્યા. સાધ્વીજી શ્રી હસકીર્તિશ્રીજી મહારાજ આદિ પણ પધાર્યા. સંઘે ભવ્ય અઠ્ઠાઈ મહોત્સવ કર્યો, શ્રી સિદ્ધચક્રપૂજન તથા શાંતિસ્નાત્ર થયું. સાબરમતી મંડળ તથા અમદાવાદ શ્રી જૈનધર્મ આરાધક મંડળને નિમંત્રવામાં આવેલા. બીજા સંગીતકાર પણ બોલાવાયેલ. પ્રભુભક્તિની રમઝટ જામી. વરઘોડામાં શ્રી ચતુરભાઈ વગેરે આરાધક મંડળે ભારે સંગીતમય ભક્તિરંગ જમાવ્યો. સ્વામિવાત્સલ્ય થયું. શ્રી કનકરાજજી જવેરીલાલ વગેરે તરફથી પણ આઠે દિવસ બહારના મહેમાનોની સુંદર ભક્તિ કરવામાં આવી. પૂ. તપસ્વીનાં પારણા નિમિત્તે ઉછામણી બોલતાં પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી મ. ના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી ચંદ્રયશવિજયજીએ ૧૦ વર્ષમાં ૩૬ લાખ સ્વાધ્યાય તથા પૂ.મુ.શ્રી મિત્ર વિજયજી મહારાજે ૧૦ વર્ષમાં ૩૦૦૦ આંબેલનું નક્કી કર્યું. દાદાઈવાળા શેઠ શ્રી કેસરીમલજી શ્રી ચુનીલાલે રૂા. ૧૫૦૦ બોલી પૂ. આચાર્યદેવશ્રી તથા પૂ. તપસ્વી મહારાજ આદિનાં પગલાં કરાવી પહેલાં વહોરાવવાનો લાભ લીધો.

● **લખનૌ :** અત્રે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** કાનપુર પછી પોષ સુદ ૧૫ પધાર્યા, અત્રે પણ સંઘના આગ્રહથી બેને બદલે ચાર દિન સ્થિરતા થઈ. રોજ બે વ્યાખ્યાન થતા મુંબઈથી બાબુ પુનમચંદજી કુટુંબ સાથે આવી પહોંચેલા. એમના તરફથી શનિવારે દાદાવાડી દેરાસરમાં નવપદજી પૂજા તથા સાધર્મિક વાત્સલ્ય રખાયું. પૂજા પછી નવપદ પર પ્રવચન થતાં લોકોએ નિયમો લીધા. રવિવારે સવારે-બપોરે-રાત્રે ત્રણ વ્યાખ્યાન થયાં. અત્રેના જૈન ડૉક્ટર શ્રી રતનચંદજી કહે 'સાહેબ ! ચાર દિવસમાં તો લોકોમાં નવી ચેતના આવી. સાંભળીને જઈએ એટલે મંથન ચાલે છે.' બાબુ લોકોમાં એકાસણ-વિગઈ ત્યાગ-પૂજા-બ્રહ્મચર્યના નિયમ થયા. અત્રે જૈનોના માત્ર ૪૦ ઘર છતાં ૧૩-૧૪ જિનમંદિરો સંભાળે છે. મંદિરો અરિસા જેવી સફાઈવાળા, જિનબિંબો મનોહર. દાદાવાડીમાં બગીચાઓની વચ્ચે ભવ્ય પાંચ દેરાસર છે. ચાર વર્ષથી જીર્ણોદ્ધાર થતાં એ સુંદર બની ગયા છે. ડૉક્ટર તથા શ્રી રાજાબાબુની દેખરેખ નીચે કામ સારું ચાલી રહ્યું છે. શહેરમાં એક નવી ધર્મશાળાનું નિર્માણ પણ શરૂ થઈ રહ્યું છે. પૂજ્યશ્રીને કલકત્તાથી પાછા પધારતાં અત્રે વિશેષ લાભ આપવા કાનપુરની જેમ ખૂબ જ દર્દભરી વિનંતી થઈ. પૂજ્યશ્રી અત્રેથી વિહાર કરી રત્નપુરી અયોધ્યા થઈ બનારસ મહા સુદ ૫ લગભગ પધારવા વકી છે. રત્નપુરીમાં શ્રી ધર્મનાથ પ્રભુજીનાં ૪ કલ્યાણક છે. મંદિરમાં મૂળનાયક

પાર્શ્વપ્રભુની ડાબી બાજુ શ્રી ધર્મનાથપ્રભુજી છે. સાથે બીજા સુંદર મંદિરમાં શ્રી આદિનાથ પ્રભુની પ્રાચીન મનોહર પ્રતિમા છે. અયોધ્યામાં શ્રી ઋષભદેવ પ્રભુનાં ચ્યવન જન્મ દીક્ષા ૩ કલ્યાણક તથા શ્રી અજિતનાથ પ્રભુ, શ્રી અભિનંદનસ્વામી, શ્રી સુમતીનાથ પ્રભુ અને શ્રી અનંતનાથ પ્રભુના ૪-૪ કલ્યાણક એમ ૧૯ કલ્યાણકની સ્થાપના છે. વિશાળ મંદિર અમદાવાદની કાળુસીની પોળવાળા શેઠ શનાભાઈની ધર્મપત્ની વીજકોરબેનની દેખરેખ નીચેના જીર્ણોદ્ધારથી સુંદર બન્યું છે.

● **બિકાનેર :** અત્રે પૂ. મુનિરાજશ્રી ગુણરત્ન વિજયજી મ. સંઘના આગ્રહથી પધારવાથી વ્યાખ્યાન તથા નૂતન બાળ મુનિઓ વગેરેની તપ-સંયમ-સ્વાધ્યાય ચર્યાથી સંઘમા પહેલાં ક્યારે ય નહિ એવો ઉત્સાહ આવ્યો. ૧૫ જણને બાર વ્રતના નિયમો ઉચ્ચારાવાયા. સંઘે ચોમાસા માટે આગ્રહ સાથે હાલ વિશેષ સ્થિરતાનો આગ્રહ કર્યો. વિહાર વખતે ૪૦૦-૫૦૦ જણ વળાવવા આવ્યા એમની આંખો આંસુભરી બની. આવા પ્રદેશમાં સંયમી મુનિઓની ખૂબ અસર પડે છે.

**દિવ્ય-દર્શન'' - "સમાચાર" વર્ષ-૧૮,અંક-૨૧,તા.૨૧-૨-૧૯૭૦**

● **નડીયાદ :** પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદવિજયજી મહારાજશ્રીના ઉપદેશથી અત્રે સંઘે નૂતન ઉપાશ્રયની જે ભાવના હતી તે વિશેષ વૃદ્ધિ પામવાથી એના ખર્ચ માટે લગભગ રૂા. ૧ લાખની નોંધ કરી છે. એમાં કાંતીભાઈ સુતરીયા લક્ષ્મી સિનેમાવાળા-એ પોતાના પિતાશ્રીનું ઉપાશ્રય પર નામ ખાતે સુતરીયા ઝવેરભાઈ છોટાભાઈએ ધર્મગણધર વ્યાખ્યાન હોલ ખાતે, પૂ.આ.વિ. **પ્રેમસૂરીશ્વરજી ગુરુમંદિર,** સુતરીયા ચંપકલાલ ઝવેરભાઈ, ડૉ. જયંતશાહ તથા વાડીલાલ નાથાલાલ શાહ, પૂ.પં.શ્રી **ભાનુવિજયજી ગણિવર જૈન આગમ મંદિર** હોલના, પૂ.પં.શ્રી **પદ્મવિજયજી ગણિવર સ્વાધ્યાય મંદિર**ના સુતરીયા નવનીતલાલ છોટાલાલ શાહ, બાપુલાલ મોતીલાલ, શા. રમણલાલ ડાહ્યાલાલ, શા. કનુભાઈ હીરાલાલ, નાગરદાસ ખેતસીભાઈ, શનાભાઈ હીરાચંદ, ધરમચંદ માધવજી, લાલબાગ જૈન સંઘ, ચંદુલાલ મગનલાલ ગાંધી, ચીમનલાલ માતરવાળા આદિએ લાભ લીધેલ.

**દિવ્ય-દર્શન'' - "સમાચાર" વર્ષ-૧૮,અંક-૨૫,તા.૨૧-૩-૧૯૭૦**

● **શિખરજી : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** સપરિવાર ઉગ્ર વિહાર



કરતા અત્રે મહા વદ ૧૨ના પધાર્યા. બનારસથી નીકળતા સંઘે પૂ.શ્રીને વળતાં ચોમાસાનો લાભ આપવા ખૂબ આગ્રહ કર્યો; વિવિધ વિદ્યા-સંસ્થાઓમાં પ્રવચનોનો લાભ આપવાની આવશ્યકતા પણ બતાવી. ત્યાંથી વિહારમાં જૈનોની વસ્તીવાળા ગામ નહિ, પરંતુ સમયાદિની અનુકૂળતાએ નિશાળમાં પ્રવચન હતું. બરાકનગરમાં ટ્રેનિંગ કૉલેજમાં ઉતારો હતો. કુલપતિની વિનંતીથી ૨૦૦ શિક્ષકો સમક્ષ પ્રવચન થયું. એમાં માનવજીવન એ સંસાર સમુદ્રની સપાટી પરનું જીવન હોઈ આ જીવનની પછી ફરી નીચે ડૂબવાનું ન થાય એ માટે શું કરવું જોઈએ, પરલોક દૃષ્ટિ, ધર્મનું મહત્ત્વ, જૈનધર્મનું સૂક્ષ્મ જીવવિજ્ઞાન તથા આત્માની ઉત્ક્રાન્તિનો માર્ગ વગેરે સમજાવાયું અને શિક્ષક તરીકે વિદ્યાર્થીઓના જીવનઘડતરની જવાબદારી, એમાં દયા-ઈશ્વરભક્તિ-પરોપકાર તથા સદ્ગુણોનાં શિક્ષણની આવશ્યકતા, ઈત્યાદિ માટે રોચક પ્રેરણા અપાઈ. કુલપતિએ વિદાય આપતાં ગદ્ગદ શબ્દોમાં પૂજ્યશ્રીને કહ્યું કે આપે તો અમને પણ સુંદર બોધ આપ્યો અને પાછાં વળતાં ફરીથી અહીં અવશ્ય લાભ આપશો. પૂ. મુનિરાજો સમ્મેત શિખર પહાડ પર નિમિયાઘાટના રસ્તે ચડ્યા. રસ્તો કાંકરા પાથરેલો. પરંતુ ઉપર પારસનાથ ભગવાનના નિર્વાણ અનશન સ્થાનની સાથે ઊંચી ટૂંકની ફરસના કરતાં અપૂર્વ આનંદમાં વિહારની બધી કઠિનતા વિસરાઈ ગઈ. પછી બીજી ટૂંકોની યાત્રા થઈ. અસંખ્ય વર્ષમાં થયેલ વીસ તીર્થંકર ભગવાનની એક જ નિર્વાણભૂમિ શિખરજી મહાતીર્થ; એની ફરસના એટલે જીવનમાં એક અનન્ય લહાવો; દિલમાં સંવેગ-વૈરાગ્ય-પરમાત્મભક્તિ વગેરેના અપૂર્વ સંવેદનો ઊછળે. અત્રે આજ સમયે મારવાડ જોજાવરથી હીરાચંદજી ચાંદમલજી ગાદિયા ૭૦૦ યાત્રિકોનો સંઘ લઈને આવેલ, તેથી સંઘે પૂ.પંન્યાસજી મહારાજના પ્રવચનોનો લાભ સારો લીધો તેમજ સંઘવીને ફા.સુ.૩ માળારોપણની વિધિ સુંદર થઈ. અત્રેથી પૂજ્યશ્રી ફા.સુ.૫ વિહાર કરી ઝરિયા ધનબાદ થઈ પ્રાયઃ ફા.સુ. ૧૪ આસનસોલ કરશે. ત્યાંથી કલકત્તા ફાગણ વદ ૮ લગભગ પહોંચવા વકી છે. (ભવાનીપુર જૈન શ્વે. સંઘ ૧૧ એ હેશામ રોડ, કલકત્તા-૨૦)

● **અંતરિક્ષજી તીર્થ :** અત્રે ક્રોડ નમસ્કારમંત્ર જાપના આરાધક પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજનું ચાતુર્માસ અને તે પછી એઓશ્રીની નિશ્રામાં અત્રે લગભગ ૧૫૦ આરાધકોના ઉપધાન અદ્ભુત થયાં. છેલ્લા ૧૦૦-૨૦૦ વર્ષમાં કદાચ પહેલી જ વર એક મહાન આચાર્ય ભગવંતનું જ્વલંત ચોમાસું અને ઉપધાન થયા હશે. ઉપધાનમાં ૧લી માળ રૂા. ૧૭૫૧૧ માં શાંતિલાલ ડાહ્યાભાઈ નંદરબારવાળાએ બોલી હર્ષદકુમારે પહેરી. ચોમાસામાં રૂા. ૧ લાખ જેવી આવક થઈ. ઉપધાનની રૂા. ૧ લાખ ૧૫ હજારની ટીપ થઈ. ૫૦૦ અટ્ઠમો થયા. ૧૬-૧૧-૧૦-૯-૮ વગેરે ઉપવાસ ૫૦ જણાએ કરેલ. અમલનેરવાળા

રીખવચંદભાઈ બધે વિધિમાં તથા ઉત્સાહ જગાવવામાં ખૂબ પ્રેરક બન્યા. ઉપધાનમાં હજારો ગાથાઓ લાખો જાપ ક્રોડો ખમાસમણાના ચઢાવા થતા મુંબઈવાળા શેઠ જેઠાભાઈ ઘીવાળાના પ્રયાસથી અખંડ દીવાની ૨૦૦ મિતિઓ ભરાઈ. એ તથા શેઠશ્રી ભાણાભાઈના પ્રયત્નથી મુંબઈમાંથી ઉપધાન અંગે મોટી ટીપ ભરાઈ. શ્રી ભાણાભાઈ તીર્થરક્ષા માટે તનતોડ પ્રયત્ન કરી રહ્યા છે. અમલનેરવાળા શ્રી નેમિચંદભાઈના કુટુંબના ૧૦ જણ ઉપધાનમાં હતા તેમાં ૮-૮ વર્ષના કિશોર-કલ્પના પણ હતા.

પૂ. આચાર્યદેવશ્રી ત્યાંથી વિહાર કરી આકોલા પધાર્યા. સેંકડો ભાઈબેનોએ ભવ-આલોચના કરી પ્રાયશ્ચિત્તમાં દીર્ઘકાળના તપ જપ લીધા. વ્રતોચ્ચારણ પણ થયા. પૂ. મુનિરાજો શ્રી જિનેન્દ્ર વિજયજી (નેરવાળા) તથા શ્રી ગૌતમવિજયજી (મુંબઈવાળા)મ. ની વડીદીક્ષા સુંદર ઉજવાઈ, પૂ. આચાર્યદેવશ્રી વિહાર કરી મંદિર પ્રતિષ્ઠા અર્થે શેગાંવ પધાર્યા. અત્રે કલકત્તા ભવાનીપુર સંઘના આગ્રહથી એમના ભવ્ય જિનબિંબોની અંજનશલાકા ફા. સુદ ૧૧ના રોજે થવાની છે. ત્યાંથી પૂ. આચાર્યદેવશ્રી ફા.વ. ૫ એદલાબાદ પ્રતિષ્ઠા અર્થે પધારશે; ને ત્યારબાદ અમલનેર વૈશાખ માસમાં શ્રી નેમિચંદ મિશ્રીમલ કોઠારીના કુટુંબના ૪ કુમારિકા બેનોની દીક્ષા તથા અંજનશલાકા ઉત્સવ અંગે પધારશે. ખાનદેશ-મહારાષ્ટ્રમાં પૂ. આચાર્યદેવશ્રી ધર્મ ઉપકારનો ધોધ વરસાવી રહ્યા છે. સંઘો પર એઓશ્રીનો જબરદસ્ત પ્રભાવ છે.

• **અંજનશલાકા જાહેરાત :** પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે **અમલનેરમાં** વૈશાખ માસમાં જિનબિંબોને અંજનશલાકા થનાર છે. જેમને આરસ યા પંચધાતુના જિનબિંબો સિદ્ધચક્રજી અષ્ટમંગળ પાટલી અધિષ્ઠાયક દેવ-દેવી વગેરે અંજનમાં મુકવા હોય એમણે ચૈ.સુ. ૧ સુધીમાં નીચેના સ્થળે ખબર આપવી અને ચૈ. સુદ ૧૫ સુધીમાં મૂર્તિઓ મોકલી આપવી. તો જ અંજનમાં મૂકી શકાશે.

• **ધાર્મિક શિક્ષાયતન (શિબિર) જાહેરાત :** કલકત્તા ભવાનીપુરમાં જૈનમંદિરની વૈ.સુ. ૬ પ્રતિષ્ઠાની સાથે **પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજની** નિશ્રામાં હાઈસ્કૂલ કૉલેજના માત્ર ૧૦૦ વિદ્યાર્થીઓનું ધાર્મિક શિક્ષાયતન થવાનું નક્કી થયું છે. એ માટેના પ્રવેશ ફોર્મ કુમારપાળ વિ. શાહ પાસેથી મંગાવી તરત ભરી મોકલવા.

• **સંમેતશિખર :** અત્રે **પં.શ્રી ભાનુવિજયજી મ. ના હસ્તે** મારવાડ જોજાવરથી આવેલ ૮૦૦ માણસના સંઘમાં સંઘવી શ્રી હીરાચંદજી તથા એમના સુપુત્રો શ્રી ચાંદમલજી વગેરેનાં તીર્થમાળ સુંદર ઉજવાઈ. માળની બોલી રૂા. ૫૨ હજાર થઈ. એને અત્રે જીર્ણોદ્ધારમાં ખર્ચવાનું નક્કી થયું. તીર્થમાળ વખતે અનેક દંપતીઓએ



તથા બે નવયુવકોએ જીવનભરના બ્રહ્મચર્ય ઉચ્ચર્યા. બીજાઓએ અનેક વ્રત નિયમ લીધા. પંન્યાસજી મહારાજ અત્રેથી વિહાર કરી ઝરિયા ધનબાદ વગેરે થઈ કલકત્તા વૈ.સુદમાં પહોંચવા વકી છે.

• **ફર્ટિલાઈઝર નગર :** છાણીથી ૨ માઈલ દૂર અત્રેના નગરમાં સરકારી ખાતરના કારખાનામાંના ઓફિસરો તથા કામદારો માટે ૧૩૦૦ કવાર્ટર્સ બાંધેલા છે. એમાં વસતાં જૈનોના આગ્રહથી પૂ. મુનિરાજશ્રી મિત્રાનંદ વિજયજી મ. અત્રે પધાર્યા. જૈનો જૈનેતર ઓફિસરો તેમજ છાણીથી આવેલ ૪૦-૫૦ ભાઈઓ સમક્ષ સુંદર પ્રવચન થયું. તત્ત્વ પ્રશ્નોત્તરી સારી થઈ. ખાસ માગણીથી બીજું પ્રવચન સવારે ૭ાા થી ૮ાા થયું. તેમજ અત્રેવાળાએ પૂ.શ્રીને છાણી ચોમાસું રહેવા આગ્રહ કર્યો જેથી લાભ લઈ શકે. એક વિહારમાં સાથે રહેવાની ઈચ્છા દર્શાવી. પૂ.શ્રી ફા.સુ. ૨ નડીયાદ ભવ્ય ઉપાશ્રયના ખાતમુહૂર્ત પર તથા નાંદેજ સુ. ૭ પ્રભુજીના પરિકર અંજન પ્રતિષ્ઠા પર પધારવાનું નક્કી થયું છે.

• **કેનેડા :** અત્રે વસતા જૈન શ્રી બાલચંદ કુરિયા તથા કુમારી છાયા કેશવલાલની અખબાર-પ્રતિનિધિએ મુલાકાત લઈ અખબારમાં સુંદર અહેવાલ પ્રગટ કર્યો છે. એમાં બતાવ્યું છે કે મનુષ્યના જીવનમાં જૈન ધર્મ પ્રમાણે અહિંસા સૌથી અગત્યની વસ્તુ છે. એટલા માટે મુનિ જીવનમાં તો સર્વાંશે સૂક્ષ્મ અહિંસાનું પાલન હોય છે. અને ગૃહસ્થજીવનમાં સ્થૂલ અહિંસાદિ વ્રતો, પરિગ્રહ-પરિણામ, સદાચાર, તથા રાત્રિભોજન ત્યાગ, કંદમૂળ ત્યાગ અને બીજા અનેક વ્રત-નિયમ-તપશ્ચર્યાનાં વિધાન છે. જૈન ધર્મમાં કડક આચાર બતાવ્યા છે અને વનસ્પતિ જેવા સૂક્ષ્મ પ્રાણીની પણ હિંસા ત્યાજ્ય બતાવી છે. તેથી માંસ-મચ્છી-ઈંડા તો અભક્ષ્ય છે જ, પરંતુ લીલા શાક ફળનો પણ મર્યાદિત ઉપયોગ કરાય છે. સાયન્સ જ્યારે સૂક્ષ્મ સેલને પણ સચેતન માને છે તો પછી માંસ ભક્ષણ કે યાવત્ શાકાહારમાં પણ હિંસા કેમ નહિ ? છતાં ગૃહસ્થો સંપૂર્ણ હિંસા પાળી શકે નહિ, તેથી બહુ થોડા શાકાહાર વગેરેથી ચલાવવું પડે છે. તો પણ એટલીય હિંસાનું એને દુઃખ હોય છે. ગૃહસ્થના નિત્ય જીવનમાં પરમાત્માની પૂજા પ્રાર્થના વગેરે કરવાની હોય છે. જૈન ધર્મમાં બીજા આર્ય ધર્મોની જેમ પરલોકગમન માનેલું છે અને ધાર્મિક જીવનથી સારી સદ્ગતિ મળવાનું કહ્યું છે. જૈન ધર્મ તો ત્યાં સુધી કહે છે કે મનુષ્ય ઉચ્ચ જીવનથી પરમાત્મા થઈ શકે છે. જૈન ધર્મમાં અહિંસાની જેમ ક્ષમા યાચના અને પાપગર્હાનુ ઊંચુ મૂલ્ય છે, યાવત્ જીવનભરનો પાપી અંતકાળે પણ જો હૃદયથી પાપગર્હા અને ક્ષમા અપનાવે તો એ આત્મોત્થાન કરી શકે છે. કુમારી છાયાએ જણાવ્યું કે પોતાના આત્મા અને ઇન્દ્રિયો તથા મન પર વિજય મેળવે એ જિન છે, એ અરિહંત, અર્હન્, સર્વજ્ઞ, તીર્થંકર, પણ કહેવાય છે. એમના અનુયાયીને જૈન

કહેવાય છે. અહિંસા અંગે કહ્યું કે મનુષ્યે પોતાને મળેલ અસાધારણ શક્તિથી સર્વ જીવોને અભયદાન દેવું જોઈએ. કેમકે પ્રાણી માત્રને જીવવાનો અધિકાર છે, માટે મૂક જીવોને મારવા એ અન્યાય છે... ઇત્યાદિ.

દિવ્ય-દર્શન'' - **"સમાચાર"** વર્ષ-૧૮,અંક-૨૮,તા.૧૧-૪-૧૯૭૦

• **ઝરિયા : પૂ.પં.શ્રી ભાનુવિજયજી મહારાજ** ઠા. ૮ શિખરજીથી વિહાર કરતાં કતરાસ પધાર્યા, ત્યાં સ્થાનકવાસી ભાઈઓએ પણ પ્રવચનનો સારો લાભ લીધો. ત્યાંથી અત્રે ઝરિયા પધારતાં સંઘમાં ભારે ઉત્સાહ આવી ગયો. રોજ ત્રણ વાર વ્યાખ્યાન ચાલતાં. રાતના એકલા ભાઈઓ માટે જ ધર્મકથા રહેતી, પરંતુ નોકરિયાત વગેરે જે દિવસનો લાભ લઈ શકતા નહિ તેમને શ્રવણની સારી તક મળતી. દૂર દેશમાં કવચિત્ આવો અવસર મળે, તેથી ધર્મ શ્રવણની ભૂખ સારી, એટલે ત્રણ ટંક શ્રોતાની સંખ્યા પજુસણ જેવી રહેતી. નવકારજાપ, તપ, તિથિએ વિગઈત્યાગ, બ્રહ્મચર્ય વગેરે નિયમો સારા થયા. સંઘના ઉલ્લાસે ત્રણ કાર્યક્રમ હેંડબીલથી જાહેરાત પૂર્વક રખાયા.

ફા.સુ. ૧૩ શ્રી અષ્ટાપદજીની ભવ્યપૂજા ભાવાર્થ-સમજુતી સાથે ભણાવાઈ, સુદ ૧૪ સુદ સવારે સમ્યક્ત્વ, ૧૨ વ્રત, બ્રહ્મચર્ય તથા વીસસ્થાનકાદિ તપ ઉચ્ચરાવવાનો અને ભવોભવના પુદ્ગલ વોસિરાવવાનો નાણ સમક્ષ વિધિ થયો. નાના મોટા ભાઈબેનોએ શક્ય વ્રતો ઉચ્ચર્યાં. બે ભાઈઓ તરફથી એમને રૂા. ૨-૨ની પ્રભાવના અપાઈ. બાળ સહિત ૯૦ જણને સામુદાયિક આયંબિલ કરાવાયા. ફા.સુ. ૧૫ સામૂહિક ખીરનાં એકાસણાં સહિત 'અરિહંત' પદના ૫૦,૦૦૦ (પચાસ હજાર) જાપનો કાર્યક્રમ પણ સુંદર ઉજવાયો. આ દેશમાં હોળી રંગ છાંટવાનો વિશેષ ઉપદ્રવ, છતાં એકાસણા તથા વ્યાખ્યાનમાં સારી સંખ્યા થઈ, સંઘ તરફથી ચોમાસા માટે બે મુનિમહારાજો આપવા આગ્રહભરી વિનંતી થઈ, કા.વદ ૧ વિહાર થતાં સંઘ દુઃખ સાથે દૂર સુધી વળાવવા આવ્યો. કેટલાક ભાઈઓ અને છોકરાઓ તો ૫ માઈલ દૂર ધનબાદ સુધી સાથે ચાલ્યા. ત્યાં એમનું સાધર્મિકવાત્સલ્ય કરવામાં આવ્યું. અત્રે બપોરના વ્યાખ્યાનમાં પણ હાજરી સારી રહી પૂજ્યશ્રીએ અત્રેથી કલકત્તા તરફ વિહાર કર્યો છે. ચૈત્ર સુદ ૬ કલકત્તા ભવાનીપુરમાં પ્રવેશની ધારણા છે.

• • •